JAYANTA BHAṬṬA'S

# NYĀYAMAÑJARĪ

[CATURTHA-PAÑCAMA ĀHNIKA]

WITH GUJARATI TRANSLATION

L. D. SERIES 108

GENERAL EDITORS

Y. S. SHASTRI

R. S. BETAI

EDITED AND TRANSLATED BY

NAGIN J. SHAH

READER IN SANSKRIT

L. D. INSTITUTE OF INDOLOGY

AHMEDABAD-9

L. D. INSTITUTE OF INDOLOGY, AHMEDABAD-9

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

JAYANTA BHATTA'S

# NYĀYAMAÑJARĪ

[CATURTHA-PAÑCAMA ĀHNIKA]

WITH GUJARATI TRANSLATION

L. D. SERIES 108

GENERAL EDITORS

Y. S. SHASTRI

R. S. BETAI

EDITED AND TRANSLATED BY

NAGIN J. SHAH

READER IN SANSKRIT

L. D. INSTITUTE OF INDOLOGY

AHMEDABAD-9

L. D. INSTITUTE OF INDOLOGY, AHMEDABAD-9

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Printed by
Pitamber J. Mishra
Tirhut Printers
41, Meghnath Society
Ranip,
Ahmedabad-382480
Published by
Y. S. Shastri
Acting Director
L.D. Institute of Indology
Ahmedabad-380009.

FIRST EDITION
May 1989

PRICE RUPEES 120/-
Revised
Price Rs 2 2 5
L. D. Indology

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जयन्तभट्टविरचिता

# न्यायमञ्जरी

## [चतुर्थ–पञ्चम आह्निक]

गूर्जरभाषानुवादसहिता

संपादक—अनुवादक
**नगीन जी. शाह**

प्रकाशक
**लालभाई दलपतभाई भारतीय संस्कृति विद्यामंदिर अहमदाबाद—९.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# FOREWORD

Jayanta Bhaṭṭa is one of the first rank thinkers in the history of Indian Logic. His work Nyāyamañjarī occupies a unique place among the Nyāya works on account of its intellectual height and ornamental style of its language. The entire ancient Nyāya system is in fact a development of the sūtra philosophy of Gotama through a process of attack, counter-attack and defence among the Naiyāyikas and their hard critics. Well-known works on Nyāya school of thought, viz. Vātsyāyana's Nyāyabhāṣya, Uddyotakara's Nyāyavārtika, Vācaspati Miśra's Nyāyavārtikatātparyaṭīkā, Udayana's Nyāyavārtikatātparyapariśuddhi and Kusumāñjali, and Nyāyamañjarī of Jayanta explain and develop the ideas contained in the Nyāya-sūtra of Gotama and also defend them against the attacks of hostile critics Jayanta who was wellversed in various branches of learning launches an attack against the various schools, especially against Mīmāṁsaka and Buddhist schools of thought. He reviews two well-known theories of Mīmāṁsakas in connection with verbal knowledge, viz. Abhihitānvayavāda and Anvitābhidhānavāda. He completely refutes the second theory and making certain amendment of the first theory establishes the doctrine of Tātparya. He also refutes the doctrines of almost all the major schools of Buddhism, viz. Vaibhāṣika, Sautrāntika (Hīnayāna schools) and Mādhyamika and Yogācāra. He vehemently attacks the doctrines of Kṣaṇabhaṅgavāda, Apoha, Īśvarabhaṅga and Śruti-aprāmāṇya of Buddhists. All this was possible because Jayanta came on the Indian philosophical scene when Mīmāṁsā and Buddhist systems were well established. He must have flourished in the end of 10th century A.D. He is quoted by Vādi Devasūri (10th A.D.) and Ratnaprabhasūri. So, certainly Jayanta is earlier than these two.

L. D. Series has already published critically edited with Gujarati translation of Nyāyamañjarī containing three Āhnikas, by the same editor. The present volume consists of 4th and 5th Āhnikas.

In the first Āhnika Jayanta gives definition of pramāṇa and their numbers; discusses about postulation (arithāpatti) and non-perception or non-existence (abhāva). The second Āhnika is completely devoted to the discussion of perception inference and analogy. The third Āhnika deals with verbal testimony, theory of error, problem of God and eternality of word in detail.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

This present volume contains 4th and 5th Āhnikas. In the 4th Āhnika Jayanta refutes Mīmāṁsaka's doctrine of impersonal nature (apauruṣeyatva) of the Vedas. He also discusses about relation between words and their meanings. It is important to note that in this Āhnika Jayanta defends authoritativeness of Atharvaveda and proves the supremacy of it among the four Vedas, with remarkable clarity. He also defends the authoritativeness of all kinds of Āgamas i. e. Bauddha, Jaina, Śaiva and so on. The fifth Āhnika deals with Jāti, Ākṛti, padārtha, vākyārtha and so on, which are very important from the point of view of linguistics.

It is a well-known fact that translation of any Sanskrit philosophical text into regional language is indeed very difficult task. But our present translator, Dr. N. J. Shah has achieved remarkable success in this direction. Dr. Shah tried to maintain original spirit at all cost.

L. D. Institute feels great pleasure in bringing out this edition. We hope this might be of help to students and scholars of Gujarat who are interested in Indian Philosophy.

L. D. Institute of Indology
Ahmedabad 38009
1 May 1989

**Y. S. Shastri**
Acting Director

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પ્રાસ્તાવિક

કાશ્મીરના રાજા શંકરવર્માના રાજ્યકાળમા ( ઈ. સ. ૮૮૫-૯૦૨ ) થઈ ગયેલા કાશ્મીરી પંડિત જયંતની ન્યાયમંજરી સંસ્કૃત દાર્શનિક સાહિત્યનું એક અણમોલ રત્ન છે. તે પ્રૌઢ કૃતિ છે. તેમાં મુખ્યત્વે મીમાંસા અને બૌદ્ધ સિદ્ધાન્તોની આલોચના કરી નૈયાયિક સિદ્ધાન્તોની સ્થાપના કરવામાં આવી છે. તેની શૈલી વિશદ અને પ્રસન્ન છે. તેને વાંચતાં જાણે કોઈ સાહિત્યિક કૃતિ વાંચતા હોઈએ એવો આહ્લાદ થાય છે.

આ પૂર્વે અમે ગુજરાતી અનુવાદ સહિત ત્રણ આહ્નિકો ત્રણ અલગ અલગ પુસ્તકોમાં પ્રકાશિત કર્યાં છે. પ્રસ્તુત ચોથા પુસ્તકમાં ચોથા અને પાંચમા એમ બે આહ્નિકોને ગુજરાતી અનુવાદ સાથે પ્રકાશિત કરવામાં આવે છે.

પ્રથમ આહ્નિકમાં પ્રમાણનું લક્ષણ, પ્રમાણની સંખ્યા, અર્થાપત્તિ અને અભાવની ચર્ચા પ્રધાનપણે છે. દ્વિતીય આહ્નિકમાં પ્રત્યક્ષ, અનુમાન અને ઉપમાન એ ત્રણ પ્રમાણોનું પ્રતિપાદન છે. તૃતીય આહ્નિકમાં શબ્દપ્રમાણ, ખ્યાતિવાદ, ઈશ્વર અને શબ્દનિત્યત્વની વિચારણા છે.

જે બે આહ્નિકોનો સમાવેશ પ્રસ્તુત પુસ્તકમાં છે તેમનામાં ચર્ચિત દાર્શનિક સમસ્યાઓની ઝાંખી નીચે પ્રમાણે છે. ચોથા આહ્નિકમાં સૌપ્રથમ વેદાપૌરુષેયત્વ વિરુદ્ધ વેદકર્તૃત્વની વિસ્તૃત ચર્ચા છે. પ્રસ્તુત ચર્ચા પ્રસંગે શબ્દ-અર્થસંબંધની પણ વિચારણા કરવામાં આવી છે. ત્યાર પછી જયંતે બહુ જ મજા પડે એ રીતે અથર્વવેદના પ્રામાણ્યની સ્થાપના કરી છે અને તારવ્યું છે કે અથર્વવેદ ચાર વેદોમાં શ્રેષ્ઠ છે. તે પછી બધી જ દર્શનશાખાઓના અને વિવિધ ધર્મસંપ્રદાયોના અનુયાયીઓએ અવશ્ય વાંચવા જેવો ભાગ આવે છે. અહીં ધર્મશાસ્ત્રો, શૈવાગમો, બૌદ્ધાગમો, જૈનાગમો, સંસારમોચકાગમો, વગેરેના પ્રામાણ્યની સ્થાપના કરવામાં આવી છે. જયંત કહે છે, "બધાં આગમોમાં ઉપેય (= સાધ્ય) તરીકે મોક્ષનો નિર્દેશ છે. તેના ઉપાય તરીકે બધાં આગમોમાં જ્ઞાનનો ઉપદેશ દેવાયો છે. અલબત્ત, જ્ઞાનના વિષય પરત્વે આગમોમાં વિવાદ છે. તે બાબતે પણ જ્ઞાનનો વિષય આત્મા છે એમાં ઘણાને વિવાદ નથી. પ્રકૃતિ-પુરુષ વિવેકજ્ઞાનના સાંખ્ય પક્ષમાં પ્રકૃતિથી વિવિક્તરૂપે પુરુષ જ જ્ઞેય છે. નૈરાત્મ્યવાદી બૌદ્ધો આત્મગ્રહ (= અહંકારગ્રન્થિ) શિથિલ કરવા માટે 'આત્મા નથી' એવો ઉપદેશ આપે છે પરંતુ સ્વચ્છ જ્ઞાનતત્ત્વ જે તેઓ સ્વીકારે છે, તે સ્વતંત્ર છે, અનાશ્રિત છે એ કારણે આત્મા જેવું જ છે. કેવળ કૂટસ્થનિત્યતા અને પ્રવાહનિત્યતાની બાબતમાં જ ભિન્નતા છે. [ વૈદિક શાસ્ત્રોને માન્ય આત્મા કૂટસ્થનિત્ય છે, જ્યારે બૌદ્ધોને માન્ય આત્મા પ્રવાહનિત્ય છે. ] આમ મુખ્ય ઉપાય અને ઉપેયની બાબતમાં બધાં આગમોને કોઈ વિવાદ નથી. ક્રિયા ભલે પ્રતિ આગમ ભિન્ન ભિન્ન હો. ભસ્મ લગાવો કે જટા ધારણ કરો, દંડો પકડો કે કમંડળ પકડો, લાલ લૂગડું પહેરો કે નગ્ન રહો — એમાં શો વિરોધ છે ? વેદમાં પણ સ્વર્ગના, જુદી જુદી ઇતિકર્તવ્યતાથી સભર ઉપાયો શું ઓછા ઉપદેશાયા છે ? એટલે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આગમોમાં પરસ્પર વિરોધ હોવા છતાં તેમના પ્રામાણ્યમાં વિરોધ નથી. તેથી, 'જો કપિલમુનિ સર્વજ્ઞ હોય તો સુગત સર્વજ્ઞ નથી એમાં શું પ્રમાણ ? અને જો બન્ને સર્વજ્ઞ હોય તો તેમની વચ્ચે મતભેદ અર્થાત્ વિરોધ કેમ ?' એમ જે કહેવામાં આવે છે તેનો નિરાસ ઉપર થઈ ગયો છે, કારણ કે જ્યારે મુખ્ય વિષયની વાત હોય છે ત્યારે તેમની વચ્ચે મતભેદ હોતો નથી અને ક્યારેક મતભેદ હોય તો પણ તેમના પ્રામાણ્યમાં તેથી વિરોધ આવતો નથી... કેટલાક માને છે કે બધાં જ આગમોનો પ્રણેતા ઈશ્વર છે, કારણ કે સકળ પ્રાણીઓના અનેકવિધ કર્મવિપાકોને દેખતા તેમ જ કરુણાથી તેમનો અનુગ્રહ કરવા માટે મોક્ષપ્રાપ્તિના અનેકવિધ માર્ગને દેખતા તે ઈશ્વર આશયાનુસાર ક્યારેક કેટલાંક પ્રાણીઓની અમુક કર્મમાં યોગ્યતા જાણીને તે તે ઉપાય તેમને ઉપદેશે છે. પોતાની વિભૂતિના મહિમાથી અનેક શરીરો ધારણ કર્યાં હોવાને કારણે તે ઈશ્વર જ 'અર્હત્', 'કપિલ', 'સુગત' વગેરે જુદાં જુદાં નામો પામે છે એમ માનવું ઉચિત છે કારણ કે અનેક સર્વજ્ઞો માનવામાં યત્નની અને ગૌરવની આપત્તિ આવે છે.'' સર્વમતસમન્વય, ઉપાયકૌશલ અને અવતારવાદ એ ત્રણેના સ્વારસ્યનું દર્શન અહીં આપણને થાય છે. તદનન્તર વેદ ઉપર થયેલા અપ્રામાણ્યના આક્ષેપો જણાવી તેમનો સમુચિત પરિહાર કરવામાં આવ્યો છે. છેવટે, વેદનું પ્રામાણ્ય શેમાં છે ?– કાર્યાર્થમાં કે સિદ્ધાર્થમાં કે બન્નેમાં ? એ પ્રશ્નની ચર્ચા કરી નિષ્કર્ષ કાઢયો છે કે વેદનું પ્રામાણ્ય બન્નેમાં છે. આમ ચોથું આહ્નિક અનેક દૃષ્ટિએ મહત્ત્વનું છે. પાંચમું આહ્નિક અપોહવાદ-જાતિવાદના વિવાદથી શરૂ થાય છે. અહીં જાતિની સ્થાપના કરવામાં આવી છે. આ ચર્ચા અતિ વિસ્તૃત છે. ત્યાર પછી શબ્દ શું આકૃતિનો વાચક છે કે વ્યક્તિનો કે જાતિનો ?— આ પ્રશ્નને લઈને વિચારણા કરી છે. અહીં આકૃતિ અને જાતિ બન્ને એક જ છે કે પૃથક્ તેની વિચારણા પણ કરી છે તે પછી વાકયાર્થ શો છે એની ચર્ચા વિસ્તારથી કરી છે. વાકયાર્થ વાસ્તવિક છે એ સ્થાપી વ્યવચ્છેદ, સંસર્ગ, ક્રિયા, ફળ, પુરુષ, ભાવના, વિધિ, નિયોગ, ઉદ્યોગ અને પ્રતિભાને વાકયાર્થ માનનારના મતોની સમાલોચના કરી છે. છેલ્લે નૈયાયિક મતની સ્થાપના કરી છે કે સંસૃષ્ટ પદાર્થો જ વાકયાર્થ છે. જેમ અવયવોરૂપ તંતુઓથી અવયવીરૂપ પટ જુદો છે તેમ પદાર્થોથી વાકયાર્થ જુદો નથી, વાકયાર્થ અવયવી નથી આમ આ પાંચમું આહ્નિક ભાષાશાસ્ત્રીઓને રસ પડે એવું અને ઉપયોગી છે.

ગુજરાતી અનુવાદમાં મૂળ ગ્રંથનો અર્થ બરાબર ઊતરી આવે અને અનુવાદ ક્લિષ્ટ ન બની જાય એનું સતત ધ્યાન રાખ્યું છે.

ભારતીય તત્ત્વજ્ઞાનના ગુજરાતીભાષી અભ્યાસીઓને આ અનુવાદ ઉપયોગી બની રહેશે એમ હું માનું છું.

લા. દ. ભા. સં. વિદ્યામંદિર
અમદાવાદ ૩૮૦૦૦૯
૧ મે ૧૯૮૯

**નગીન જી. શાહ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# વિષયનિર્દેશ


**ચતુર્થ આહ્નિક** — ૧–૧૪૪

**વેદાપૌરુષેયત્વવાદી મીમાંસક અને વેદકર્તૃત્વવાદી નૈયાયિક વચ્ચે વિવાદ** — ૧–૪૫

વેદના કર્તાને પુરવાર કરવા આપેલો 'રચનાત્વ' હેતુ સદ્હેતુ છે — ૨
અનાદિતા સિદ્ધ કરવા મીમાંસકે આપેલ 'ગુરુઅધ્યયનપૂર્વકત્વ' હેતુની પરીક્ષા — ૩
અનાદિતા સિદ્ધ કરવા મીમાંસકે આપેલ 'અસ્મર્યમાણકર્તૃક' હેતુની સમીક્ષા — ૪
વેદના કર્તાની સ્મૃતિ અશક્ય છે એ મીમાંસક મત — ૫
મીમાંસકના 'અસ્મર્યમાણકર્તૃકત્વ' હેતુની સમીક્ષા — ૬ ૭
'રચનાત્વ' હેતુમાં મીમાંસકદર્શિત દોષનો પરિહાર — ૮
વેદની રચના વિલક્ષણ તો તેનો કર્તા પણ વિલક્ષણ — ૯
લોકપ્રસિદ્ધ નહિ એવા રૂપને આધારે કર્તાનો અભાવ ન મનાય — ૧૦
'કર્તૃઅસ્મરણ' હેતુ અપ્રયોજક — ૧૧
કર્તૃઅસ્મરણથી કર્તાની અનુપલબ્ધિ ઘટતી નથી — ૧૨
વેદકર્તા નિયત શરીર ધારણ કરતા ન હોવાથી તેમનું અસ્મરણ — ૧૩
વેદકર્તા પુરુષને જાણવા પ્રત્યક્ષ અને અનુમાન મૂળપ્રમાણ છે — ૧૪
પૃથિવ્યાદિનો કર્તા અને વેદનો કર્તા એક જ છે — ૧૫
વેદોનો કર્તા એક છે — ૧૬
કાવ્યસમસ્યાપૂરણમાં પણ એકકર્તૃત્વ — ૧૭
શબ્દ–અર્થનો સંકેત ઈશ્વરકૃત છે — ૧૮
શબ્દ–અર્થ વચ્ચેનો સંબંધ કયો ? — ૧૯
સમયસંબંધનું મીમાંસકકૃત ખંડન — ૨૦–૨૨
નિત્યસંબંધ હોય તો અર્થવ્યભિચાર ન સંભવે એ આક્ષેપનો મીમાંસકનો ઉત્તર — ૨૩
શબ્દ-અર્થ વચ્ચેના મીમાંસકમાન્ય શક્તિરૂપ સંબંધનું નૈયાયિકકૃત ખંડન — ૨૪
સમયસંબંધમાં અવ્યવસ્થાના આક્ષેપનો પરિહાર — ૨૫
શબ્દની અર્થપ્રત્યાયક શક્તિ સ્વાભાવિક નથી — ૨૬
શાબ્દ બોધ સમયાધીન હોવા છતાં શબ્દ જ શાબ્દ બોધનું કારણ — ૨૭
અર્થસંદેહનું કારણ ગત્વાદિ વર્ણસામાન્ય છે, પદોની સર્વશક્તિમત્તા નથી — ૨૮
સર્ગની આદિમાં એક જ વાર સમય કરવામાં આવે છે — ૨૯
મીમાંસક અને નૈયાયિક મતોની તુલના — ૩૦
ઈશ્વરકૃત સંકેતસંબંધમાં અનવસ્થાદોષનો પરિહાર — ૩૧
વેદપ્રામાણ્યનું કારણ આપ્તપ્રણીતત્વ છે, નિત્યત્વ નથી — ૩૨


Jain Education International — For Private & Personal Use Only — www.jainelibrary.org

| | |
|---|---|
| આપ્તોકતત્વહેતુની પક્ષધર્મતાનો નિશ્ચય | ૩૩ |
| આપ્તોકતત્વહેતુની પ્રમાણતા સાથેની વ્યાપ્તિનું ગ્રહણ | ૩૪ |
| આયુર્વેદવાકયોનું પ્રામાણ્ય અન્વયવ્યતિરેકમૂલક છે એ મીમાંસક મત | ૩૫ |
| આયુર્વેદવાકયોનું પ્રામાણ્ય આપ્તોકતત્વમૂલક છે એ નૈયાયિક મત | ૩૬ |
| આયુર્વેદસ્મૃતિ અનાદિ છે એ મીમાંસક પક્ષ | ૩૭ |
| આયુર્વેદ સર્વજ્ઞપ્રણીત છે એ નૈયાયિક પક્ષ | ૩૮ |
| વ્યભિચારનું કારણ કર્મકર્તૃસાધનવૈગુણ્ય છે, એટલે વ્યભિચારને લીધે શાસ્ત્ર અપ્રમાણ નથી | ૩૯ |
| આપ્તોકતત્વહેતુ સદ્હેતુનાં પાંચે લક્ષણોથી યુકત છે | ૪૦ |
| આપ્તવચનો હોવાથી વેદ પ્રમાણ છે એ નૈયાયિક સ્થાપના | ૪૧ |
| મીમાંસક મતે વેદપ્રામાણ્યસ્થાપનાની અન્ય રીતિ | ૪૨–૪૩ |
| સંસાર અનાદિ છતાં વેદ ઈશ્વરકર્તૃક છે એ નૈયાયિક મત | ૪૪ |
| સર્ગની આદિમાં ઈશ્વર નવા વેદો રચે છે એ નૈયાયિક પક્ષ | ૪૫ |
| **અથર્વવેદના પ્રામાણ્યની સ્થાપના** | **૪૬–૬૫** |
| અથર્વવેદ ત્રયીબાહ્ય છે એ પક્ષ | ૪૬ |
| અથર્વવેદ ત્રયીબાહ્ય છે એ મતને સ્મૃતિનું સમર્થન | ૪૭ |
| ચારે વેદો સમકક્ષ છે એ જયંતનો પક્ષ | ૪૮ |
| અથર્વવેદ ગૌણવેદ નથી | ૪૯ |
| ઉપનિષદો, બ્રાહ્મણો, મન્ત્રો અથર્વવેદને અન્ય વેદોની સમકક્ષ ગણે છે | ૫૦ |
| સ્મૃતિઓ પણ અથર્વવેદને અન્ય વેદોની સમકક્ષ ગણે છે | ૫૧ |
| અથર્વવેદ ત્રયીબાહ્ય નથી | [illegible] |
| અથર્વવેદ ત્ર્યાત્મક છે | ૫૫ |
| અથર્વવેદ ત્રયીનું શુક્ર છે | ૫૬ |
| અથર્વવેદ જ બ્રહ્મવેદ છે | ૫૭ |
| અથર્વવેદમાં ત્રિવિધ મન્ત્રજાતિ છે | ૫૮ |
| વ્યવહારમાં અથર્વવેદનું વેદપણું સ્વીકૃત છે | ૫૯ |
| શ્રૌત બ્રહ્મયજ્ઞવિધિ ચારે વેદોને સમાનપણે સ્પર્શે છે | ૬૦ |
| ચાર વેદોમાં અથર્વવેદ શ્રેષ્ઠ | ૬૧ |
| અથર્વવેદૈકદેશપાઠીને શ્રાદ્ધભોજનનો અધિકાર | ૬૨ |
| અથર્વવેદ યજ્ઞોપયોગી છે | ૬૩ |
| ચારે વેદોનો યોગક્ષેમ સમાન છે | ૬૪ |
| **અન્ય આગમોના પ્રામાણ્યનું સમર્થન** | **૬૫–૮૬** |
| અન્ય આગમો પ્રમાણ છે ? | ૬૫ |
| ધર્મશાસ્ત્રો પ્રમાણ છે અને તેમનું પ્રામાણ્ય વેદમૂલક છે એ કુમારિલ મત | ૬૬ |
| શ્રુતિ સ્મૃતિના વિરોધ વખતે શ્રુતિનું પ્રાબલ્ય | ૬૭ |
| શ્રુતિસ્મૃતિના વિરોધે વિકલ્પ સ્વીકારવો કારણ કે સ્મૃતિ અનુમીયમાન વેદ છે | ૬૮ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| સ્મૃતિ યોગિપ્રત્યક્ષમૂલક હોઇ પ્રમાણ છે એ નૈયાયિક મત | ૬૯ |
| વેદની જેમ ધર્મશાસ્ત્રોનું પ્રામાણ્ય આપ્તપ્રત્યક્ષમૂલક છે | ૭૦ |
| ચૌદ વિદ્યાસ્થાનો પ્રમાણ છે | ૭૧ |
| શૈવાગમોના પ્રામાણ્યની સિદ્ધિ | ૭૨–૭૩ |
| પંચરાત્રાગમના પ્રામાણ્યની સિદ્ધિ | ૭૩ |
| બૌદ્ધોનાં અને સંસારમોચકોનાં આગમો ઉપર અપ્રામાણ્યનો આક્ષેપ | ૭૪ |
| જ્યાં આપ્તપ્રણીતત્વ હોય ત્યાં મહાજન પ્રસિદ્ધિ–અનુગ્રહ હોય જ | ૭૪ |
| મહાજન કોણ ? | ૭૫ |
| બૌદ્ધ આદિ આગમોમાં મહાજનપ્રસિદ્ધિ ન હોવાથી ત્યાં આપ્તપ્રણીતત્વ નથી | ૭૬ |
| બૌદ્ધ આદિ સહિત બધાં આગમોના પ્રામાણ્યની સિદ્ધિ | ૭૭ |
| મુખ્ય ઉપાય અને ઉપેયની બાબતમાં બધાં આગમોનું ઐકમત્ય | ૭૮ |
| હિંસોપદેશ સંસારમોચકાદિનાં આગમોના અપ્રામાણ્યનો હેતુ નથી | ૭૯ |
| નિષિદ્ધકર્મોપદેશ બૌદ્ધ આદિ આગમોના અપ્રામાણ્યનો હેતુ નથી | ૮૦ |
| સર્વ આગમોનો કર્તા ઈશ્વર છે એ મત | ૮૧ |
| વેદ અને આગમોનો કર્તા ઈશ્વર હોય તો તેમની વચ્ચે વિરોધ કેમ ? | ૮૨ |
| બૌદ્ધ આદિ આગમો વેદમૂલક છે એ મત | ૮૩–૮૪ |
| લોકાયતાગમ પૂર્વપક્ષમૂલક હોઈ અપ્રમાણ | ૮૫ |
| ગમે તે પુસ્તક આગમ નથી | ૮૬ |
| **વેદ ઉપર અપ્રામાણ્યનો આક્ષેપ અને તેનો પરિહાર** | **૮૭–૧૨૯** |
| વેદ ઉપર અપ્રામાણ્યનો આક્ષેપ | ૮૭ |
| વેદ ઉપર અસંવાદનો આક્ષેપ | ૮૮ |
| વેદોમાં વિસંવાદદોષનો આક્ષેપ | ૮૯ |
| વેદોમાં વ્યાઘાતદોષનો આક્ષેપ | ૯૦ |
| વેદમાં દર્શાવવામાં આવેલ દોષોનો પરિહાર | ૯૧ |
| અવિગુણ કર્મનું ફળ ન દેખાવાનું કારણ પ્રતિબંધક અભુક્ત કર્મ | ૯૨ |
| વિસંવાદ દોષનું નિવારણ | ૯૩ |
| ક્રિયાફલ અને વિધિફલનો ભેદ | ૯૪ |
| જે કર્મોનાં ફળ આ જન્મમાં નથી મળતાં તે કર્મોનાં ફળ જન્માન્તરમાં મળે છે એ મત | ૯૫ |
| કર્મના ત્રણ પ્રકારો | ૯૬ |
| પૂર્વજન્મકૃત ચિત્રાકર્મથી આ જન્મમાં પશુલાભ | ૯૭ |
| કર્મોનું ત્રૈવિધ્ય નિષ્પ્રમાણક | ૯૮ |
| ચિત્રા–કારીરીનાં ફળોના ઐહિકત્વ–પારલૌકિકત્વની ચર્ચા | ૯૯–૧૦૦ |
| કારીરીયજ્ઞનું ફળ પણ જન્માન્તરમાં સંભવે છે | ૧૦૧ |
| કર્મે આત્મામાં પાડેલો સંસ્કાર ફલોત્પત્તિ સુધી ટકે છે | ૧૦૨ |
| પુણ્યપુદ્ગલ વગેરે પક્ષોનું ખંડન | ૧૦૩ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| યત્નાયુધિવાક્યમાં દર્શાવેલ વિસંવાદનો પરિહાર | ૧૦૪ |
| પુનરુક્તિદોષનો પરિહાર | ૧૦૫ |
| અર્થવાદ વાક્યો ઉપર અપ્રામાણ્યનો આક્ષેપ અને તેનો પરિહાર | ૧૦૬–૧૧૭ |
| મન્ત્રવાક્યોની વિચારણા | ૧૧૮ |
| મન્ત્રવાક્યો ઉપર અપ્રામાણ્યનો આક્ષેપ | ૧૧૯–૧૨૦ |
| મન્ત્રવાક્યોના પ્રામાણ્યની સ્થાપના | ૧૨૧–૧૨૫ |
| નામધેયપ્રામાણ્યપરીક્ષા | ૧૨૬–૧૨૯ |
| **વેદનું પ્રામાણ્ય શેમાં ? કાર્યાર્થમાં કે સિદ્ધાર્થમાં કે બન્નેમાં ?** | **૧૩૦–૧૪૪** |
| વેદ કાર્યાર્થમાં જ પ્રમાણ છે ? | ૧૩૦ |
| વેદ કાર્યાર્થમાં જ પ્રમાણ છે એ મીમાંસક મત | ૧૩૧ |
| વેદ સિદ્ધ અર્થમાં પણ પ્રમાણ છે એ નૈયાયિક મત | ૧૩૨–૧૩૩ |
| લૌકિક વાક્યોનું કાર્યપરત્વ અસંભવ | ૧૩૪ |
| સિદ્ધાર્થાભિધાયી લૌકિક વાક્યોની બાબતમાં વિધિની કલ્પના અયોગ્ય | ૧૩૫ |
| પૌરુષેય વચનોનો અર્થ વિવક્ષા નથી | ૧૩૬ |
| સર્વત્ર શબ્દ કાર્યપરક નથી | ૧૩૭ |
| શબ્દ સિદ્ધાર્થ પ્રતિપાદક જ છે એ વેદાન્તમત | ૧૩૮ |
| શબ્દ કાર્યાર્થપ્રતિપાદક છે એ મીમાંસક મત | ૧૩૯ |
| પરસ્પર સંબંધનું કારણ કાર્યાકાંક્ષા નથી | ૧૪૦ |
| સિદ્ધને સાધ્યને માટે કહેવામાં આવે છે એ મીમાંસક મતનું ખંડન | ૧૪૧ |
| 'આત્મા જાણવો જોઈએ' એ વાક્ય સિદ્ધાર્થપરક છે | ૧૪૨ |
| સિદ્ધ અર્થમાં જ વેદની પ્રમાણતા છે એ વેદાન્તીમત | ૧૪૩ |
| વાણીની પ્રમાણતા સિદ્ધ અને કાર્ય અર્થમાં સમાનપણે છે એ નૈયાયિક મત | ૧૪૪ |
| **પંચમ આહ્નિક** | **૧૪૫–૩૧૨** |
| **જાતિવાદ–અપોહવાદ વિવાદ અને જાતિસ્થાપના** | **૧૪૫–૧૬૪** |
| શબ્દપ્રકાર અને પદપ્રકાર | ૧૪૫ |
| જાતિશબ્દોનો વાચ્યાર્થ જાતિવિશિષ્ટ વ્યક્તિમાત્ર છે એ નૈયાયિક મત | ૧૪૬ |
| કોઈ પ્રમાણથી જાતિ પુરવાર થતી નથી એ બૌદ્ધ મત | ૧૪૭ |
| જાતિનું વ્યક્તિમાં રહેવું કોઈ રીતે ઘટતું નથી એ બૌદ્ધ મત | ૧૪૮ |
| જાતિ અને વ્યક્તિ વચ્ચે કોઈ સંબંધ ઘટતો નથી એ બૌદ્ધ મત | ૧૪૯–૧૫૦ |
| સામાન્ય સર્વસર્વગત છે કે સ્વવ્યક્તિસર્વગત છે ? | ૧૫૧ |
| સર્વસર્વગતપક્ષ અને સ્વવ્યક્તિસર્વગતપક્ષનું ખંડન | ૧૫૨ |
| પ્રત્યેક વસ્તુ સામાન્ય–વિશેષાત્મક છે એ કુમારિલમત | ૧૫૩ |
| વસ્તુ સામાન્ય–વિશેષાત્મક છે એ મતનું બૌદ્ધ ખંડન | ૧૫૪ |
| સામાન્ય–વિશેષાત્મક વસ્તુ નિર્વિકલ્પ પ્રત્યક્ષનો વિષય નથી એ બૌદ્ધ મત | ૧૫૫ |
| એકાકાર અનુવૃત્તપ્રત્યય ઔપાધિક છે એ બૌદ્ધ મત | ૧૫૬ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સામાન્ય વિના શબ્દ–અનુમાનની પ્રવૃત્તિ ન ઘટે એ નૈયાયિક મત ૧૫૭
સામાન્યને માન્યા વિના શબ્દ–અનુમાનની પ્રવૃત્તિ ઘટે છે એ બૌદ્ધ મત ૧૫૮
શબ્દ–અનુમાનનો વિષય અન્યાપોહ છે એ બૌદ્ધ મત ૧૫૯
નૈયાયિકે કરેલું અપોહવાદનું ખંડન ૧૬૦
ગોસ્વલક્ષણોનો સમુદાય પણ અગોવ્યાવૃત્તિનો આશ્રય નથી ૧૬૧
શબ્દોને અપોહવાચક માનતાં બધા શબ્દો પર્યાય બની જાય ૧૬૨
અપોહ્યભેદે અપોહભેદ ઘટતો નથી ૧૬૩
અપોહ્યો અનંત હોઈ તેમનું ગ્રહણ અશક્ય છે ૧૬૪
અશ્વાદિનું અપોહ્ય હોવું સંભવિત નથી ૧૬૫
'નીલોત્પલ' શબ્દનો અપોહરૂપ વાચ્યાર્થ ઘટતો નથી ૧૬૬
નઞ્ વગેરે પદોનો વાચ્યાર્થ અપોહ ઘટતો નથી ૧૬૭
શબ્દનો અર્થ પરમાર્થતઃ અસ્તિત્વ ધરાવતો નથી એ બૌદ્ધ મત ૧૬૮
વિકલ્પનો વિષય વ્યાવૃત્તિ અવસ્તુ છે ૧૬૯
વિકલ્પમાં વિજાતીયવ્યાવૃત્તાકારનો જ ઉલ્લેખ સંવેદાય છે ૧૭૦
વિકલ્પવિષય અર્થ અને બાહ્ય વસ્તુ વચ્ચેનો ભેદ ૧૭૧
વિકલ્પનો વિષય અવસ્તુ હોય તો વિકલ્પ થતાં લોકો પ્રવૃત્તિ કેમ કરે છે ? ૧૭૨
દૃશ્ય અને વિકલ્પ્યના ભેદના અગ્રહણને કારણે પ્રવૃત્તિ થાય છે ૧૭૩
અપોહવાદોપસંહાર ૧૭૪
જાતિ વગેરે સત્ છે ૧૭૫
નિર્વિકલ્પ પ્રત્યક્ષનો વિષય સામાન્ય પણ છે ૧૭૬
પ્રત્યભિજ્ઞાનો વિષય સામાન્ય છે ૧૭૭
નિર્વિકલ્પ પ્રત્યક્ષ સામાન્યને ગ્રહે છે ૧૭૮
સામાન્ય–વિશેષ બે રૂપો એક વસ્તુમાં ઘટે છે ૧૭૯–૧૮૦
જાતિ વ્યકિતમાં સમવાયસંબંધથી રહે છે ૧૮૧
વ્યકિત અને સામાન્યના ભેદની સ્થાપના પ્રતીતિ ભેદને આધારે ૧૮૨
જાતિ સર્વસર્વગત છે એ પક્ષ ૧૮૩
જાતિ સ્વવ્યકિતસર્વગત છે એ પક્ષ ૧૮૪
વિશેષની જેમ સામાન્ય પ્રત્યક્ષ છે ૧૮૫
વિષયાતિશય વિના જ્ઞાનાતિશય સંભવતો નથી ૧૮૬
સામાન્યોમાં થતી અનુવૃત્તિબુદ્ધિ ઔપાધિક, ગોવ્યકિતઓમાં થતી ગોત્વવિષયક ૧૮૭
વિકલ્પોનું એકત્વ ગ્રહે છે કોણ ? ૧૮૮
એકકાર્યકારિતા એકાકારબુદ્ધિનો ખુલાસો ન કરી શકે ૧૮૯
વિકલ્પોનો વિષય અન્યાપોહ છે એ બૌદ્ધમતનું ખંડન ૧૯૦
વિકલ્પનો વિષય આરોપિતાકાર નથી ૧૯૧
વ્યાવૃત્તિની વાસ્તવિકતાની વિચારણા ૧૯૨


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| 'છે' 'નથી' પદોથી વાચ્ય ભાવ-અભાવ સાથે સામાન્યનો સંબંધ | ૧૯૩ |
| દૃશ્ય અને વિકલ્પ્યના એકીકરણનું ખંડન | ૧૯૪ |
| **શબ્દ શું આકૃતિનો વાચક છે કે વ્યક્તિનો કે જાતિનો ?** | **૧૯૪–૨૧૭** |
| મીમાંસક મતે આકૃતિ જ જાતિ, નૈયાયિક મતે આકૃતિથી પૃથક્ જાતિ | ૧૯૫ |
| આકૃતિ વાચ્યાર્થ છે એ મત અને તેનું ખંડન | ૧૯૬ |
| આકૃતિ વાચ્યાર્થ છે એ મતનું ખંડન | ૧૯૭ |
| વ્યક્તિ વાચ્યાર્થ છે એ પક્ષ | ૧૯૮ |
| વ્યક્તિ વાચ્યાર્થ છે એ પક્ષનું મીમાંસકે કરેલું ખંડન | ૧૯૯–૨૦૪ |
| વ્યક્તિ વાચ્યાર્થ છે એ પક્ષ | ૨૦૫ |
| વ્યક્તિ વાચ્યાર્થ છે એ પક્ષનું મીમાંસકે કરેલું ખંડન | ૨૦૬ |
| તદ્વત્ વાચ્યાર્થ છે નૈયાયિક પક્ષ | ૨૦૭–૨૧૨ |
| દ્રવ્યશબ્દો અને ગુણશબ્દોનો વાચ્યાર્થ | ૨૧૩ |
| ક્રિયાશબ્દોનો વાચ્યાર્થ | ૨૧૪–૨૧૫ |
| ઉપસર્ગોનો વાચ્યાર્થ | ૨૧૬ |
| નિપાત અને કર્મપ્રવચનીયના અર્થ વિશે | ૨૧૭ |
| **વાક્યાર્થ શો છે એની વિચારણા** | **૨૧૮–૩૧૩** |
| વાક્યાર્થ વિશે ભિન્ન મતો | ૨૧૮–૨૧૯ |
| વાક્યાર્થ વાસ્તવિક નથી એ મત | ૨૨૦ |
| વ્યવચ્છેદ વાક્યાર્થ છે એ મતનો નિરાસ | ૨૨૧ |
| સંસર્ગ વાક્યાર્થ છે એ મતનું ખંડન | ૨૨૨ |
| પદાર્થથી જુદો વાક્યાર્થ છે અને વાસ્તવિક પણ છે | ૨૨૩ |
| ક્રિયા વાક્યાર્થ છે એ મત | ૨૨૪–૨૨૬ |
| ક્રિયાપ્રાધાન્યવાદી અને ફળપ્રાધાન્યવાદી વચ્ચેનો વિવાદ | ૨૨૭–૨૩૨ |
| પુરુષ વાક્યાર્થ છે એ મતનો નિરાસ | ૨૩૩ |
| વાક્યાર્થ ભાવના છે એ મત | ૨૩૪–૨૬૦ |
| વાક્યાર્થ ભાવના છે એ મતનું ખંડન | ૨૬૧–૨૬૨ |
| વાક્યાર્થ વિધિ છે એ મત | ૨૬૩ |
| વાક્યાર્થ નિયોગ છે એ મત | ૨૬૪–૨૮૮ |
| ફલપ્રવર્તકત્વવાદી અને નિયોગવાક્યાર્થવાદી વચ્ચે વિવાદ | ૨૮૯–૩૦૩ |
| ફલ જ પ્રેરક છે એ નૈયાયિક મત | ૩૦૪ |
| નૈયાયિક મતે વાક્યાર્થ | ૩૦૫–૩૦૭ |
| સંસૃષ્ટ પદાર્થોનો સમુદાય વાક્યાર્થ છે એ નૈયાયિક મત | ૩૦૮ |
| ફલ વાક્યાર્થ છે એ નૈયાયિક મત | ૩૦૯–૩૧૦ |
| ઉદ્યોગ વાક્યાર્થ છે એ મતની પરીક્ષા | ૩૧૧ |
| પ્રતિભા વાક્યાર્થ છે એ મતની પરીક્ષા | ૩૧૨–૩૧૩ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ન્યા ય મં જ રી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# जयंतभट्टविरचित

# न्यायमंजरी

## चतुर्थमाह्निकम्

1. एवं कृतकत्वे वर्णानां साधिते सति वर्णात्मनः पदात् प्रभृति सर्वत्र पुरुषस्य स्वातन्त्र्यं सिद्धं भवति ।

पदनित्यत्वपक्षेऽपि वाक्ये तद्रचनात्मके ।
कर्तृत्वसम्भवात् पुंसो वेदः कथमकृत्रिमः ॥

तथा च वैदिक्यो रचनाः कर्तृपूर्विकाः, रचनात्वात्, लौकिकरचनावत् । एष च पञ्चलक्षणो हेतुः प्रयोजकश्चेति गमक एव, न हेत्वाभासः ।

# જયંતભટ્ટવિરચિત

# ન્યાયમંજરી

## ચતુર્થ આહ્નિક

1. નૈયાયિક—આમ વર્ણો ઉત્પાદ્ય છે એ પુરવાર થતાં વર્ણાત્મક પદથી માંડી સર્વત્ર [વાક્ય આદિમાં] પુરુષની સ્વતંત્રતા પુરવાર થાય છે.

[વર્ણો અને] પદો નિત્ય છે એ પક્ષમાં પણ પદરચનાત્મક વાક્યનો કર્તા પુરુષ સંભવતો હોઈ, વેદનો કોઈ કર્તા ન હોય એ કેમ બને ? અને [વેદનો કર્તા કોઈ છે એ પુરવાર કરતો આ રહ્યો અનુમાનપ્રયોગ—] વેદની પદરચનાઓ કર્તૃપૂર્વક છે કારણ કે રચના છે, લૌકિક પદરચનાની જેમ. આ હેતુ [સદ્હેતુનાં] પાંચે લક્ષણો ધરાવે છે અને પ્રયોજક પણ છે, એટલે તે સદ્હેતુ જ છે, હેત્વાભાસ નથી.

2. न तावदयमसिद्धो हेतुः, 'शन्नो देवीरभिष्टये' [अथर्ववेद १.६.१] इत्यादिषु वेदवाक्यसन्दर्भेषु पदरचनायाः स्वरक्रमादिविशेषवत्याः प्रत्यक्षत्वेन पक्षे हेतोः वर्तमानत्वात् । नापि विरुद्धः, कर्तृपूर्वकत्ववति सपक्षे कुमारसम्भवादौ रचनात्वस्य विद्यमानत्वात् । नाप्यनैकान्तिकः, कर्तृरहितेषु गगनादिषु गगनकुसुमादिषु वा रचनाया अदृष्टत्वात् । नापि कालात्ययापदिष्टः, प्रत्यक्षेणागमेन वा वेदे वक्त्रभावनिश्चयानुत्पादात् ।

2. આ હેતુ અસિદ્ધ નથી, કારણ કે 'શન્નો દેવીરભિષ્ટયે' [અથર્વવેદ ૧.૬.૧] વગેરે વેદવાક્યોમાં સ્વર, ક્રમ, વગેરે વિશેષતાઓવાળી પદરચના પ્રત્યક્ષ દેખાતી હોઈ, પક્ષમાં હેતુનું અસ્તિત્વ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ હેતુ વિરુદ્ધ પણ નથી, કારણ કે કર્તૃપૂર્વકત્વ ધર્મવાળા કુમારસંભવ આદિ સપક્ષમાં રચનાત્વધર્મ અસ્તિત્વ ધરાવે છે.

આ હેતુ અનૈકાન્તિક પણ નથી કારણ કે જેનો કોઈ કર્તા નથી એવા ગગન વગેરેમાં કે આકાશકુસુમ વગેરેમાં રચના દેખાતી નથી.

આ હેતુ કાલાત્યયાપદિષ્ટ પણ નથી કારણ કે પ્રત્યક્ષથી કે આગમથી વક્તાના [અર્થાત્ વેદના કર્તાના] અભાવનો નિશ્ચય ઉત્પન્ન થતો નથી.

3. नापि सत्प्रतिपक्षः, प्रकरणचिन्ताहेतोः स्थाणुपुरुषविशेषानुपलब्धेरिव हेतुत्वेनानभिधानात् । नापि परमाण्वनित्यतायामिव मूर्तत्वमप्रयोजकमिदं साधनं, रचनाविशेषाणां कर्तृव्यापारसाध्यत्वावधारणात्, यथा धूमस्य ज्वलनाधीन आत्मलाभः, ज्ञप्तिस्तु धूमादग्नेः तथेह कर्त्रधीना रचनानामभिनिर्वृत्तिः, प्रतीतिस्तु ताभ्यः कर्तुरिति । तस्मात् प्रयोजक एवायं हेतुः ।

3. આ હેતુ સત્પ્રતિપક્ષ પણ નથી, કારણ કે સ્થાણુ અને પુરુષના વિશેષધર્મોની અનુપલબ્ધિની જેમ પક્ષની બાબતમાં જે સંશયનું કારણ બને છે તેને હેતુ તરીકે [અહીં] કહેવામાં આવેલ નથી.

પરમાણુની અનિત્યતા સિદ્ધ કરવા આપવામાં આવેલ 'કારણ કે મૂર્ત છે' એ હેતુ જેમ અપ્રયોજક છે તેમ આ હેતુ અપ્રયોજક પણ નથી, કારણ કે વૈયક્તિક રચનાઓ કર્તાના વ્યાપારથી જ સાધ્ય છે એવો નિશ્ચય છે. જેમ ધૂમની ઉત્પત્તિ અગ્નિને અધીન છે પણ અગ્નિની જ્ઞપ્તિ ધૂમ ઉપરથી થાય છે અર્થાત્ ધૂમને અધીન છે, તેમ રચનાઓની ઉત્પત્તિ કર્તાને અધીન છે પરંતુ કર્તાની પ્રતીતિ(=જ્ઞપ્તિ) રચનાઓ ઉપરથી થાય છે અર્થાત્ રચનાને અધીન છે. તેથી આ હેતુ પ્રયોજક જ છે.

4. ननु सत्प्रतिपक्षत्वे विवदन्ते । तथा च मीमांसकैः प्रतिहेतुरिह गीयते ।

वेदस्याध्ययनं सर्वं गुर्वध्ययनपूर्वकम् ।

वेदाध्ययनवाच्यत्वादधुनाऽध्ययनं यथा ॥ इति । [श्लो०वा० वाक्याधि० ३६६]

नैतद्युक्तम्, एवंप्रायाणां प्रयोगाणामप्रयोजकत्वात् । न हि तच्छब्दवाच्यत्वकृतमनादित्वमुपपद्यते । अनैकान्तिकश्चायं हेतुः, भारतेऽप्येवमभिधातुं शक्यत्वात्; भारताध्ययनं सर्वं गुर्वध्ययनपूर्वकम्, भारताध्ययनवाच्यत्वात्, इदानींतनभारताध्ययनवदिति ।

4. શંકા–સત્પ્રતિપક્ષત્વની બાબતમાં વિવાદ છે. મીમાંસકો વિરોધી સાધ્ય(=વેદનું અકર્તૃત્વ) સિદ્ધ કરતો સમબલ હેતુ અહીં જણાવે છે. "બધું જ વેદાધ્યયન ગુરુ પાસે અધ્યયન કરવાથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ થયેલ છે. [અર્થાત્ ગુરુશિષ્યપરંપરાથી અનાદિ છે] કારણ કે તે 'વેદાધ્યયન'શબ્દવાચ્ય છે, અત્યારના વેદાધ્યયનની જેમ". [શ્લો. વા૦ વાક્યાધિ૦ ૩૬૬]

નૈયાયિક—આ વાત યોગ્ય નથી, કારણ કે આવાં અનુમાનો અપ્રયોજક છે. 'વેદાધ્યયન'-શબ્દવાચ્યત્વને કારણે અનાદિત્વ ઘટતું નથી. વળી, આ હેતુ અનૈકાન્તિક છે, કારણ કે મહાભારતની બાબતમાં આમ જ કહેવું શક્ય છે. "બધું મહાભારતનું અધ્યયન પણ ગુરુ પાસે અધ્યયન કરવાથી જ થાય છે, કારણ કે તે 'મહાભારતાધ્યયન'શબ્દવાચ્ય છે, અત્યારે થતા મહાભારતના અધ્યયનની જેમ".

5. ननु भारते कर्तृस्मृतिरविगीता विद्यते । यद्येवं वेदेऽपि प्रजापतिः कर्ता स्मर्यते एव । अथ वैदिकमन्त्रार्थवादमूलेयं प्रजापतिकर्तृत्वस्मृतिः, 'प्रजापतिना चत्वारो वेदा असृज्यन्त चत्वारो वर्णाश्चत्वार आश्रमाः' इति तत्र पाठादिति ।

उच्यते, हन्त तर्हि भारतेऽपि तत्रत्यवचनमूलैव पाराशर्यस्मृतिरिति शक्यते वक्तुम् ।

5. મીમાંસક—મહાભારતની બાબતમાં તેના કર્તાની સ્મૃતિ વિવાદરહિત છે.

નૈયાયિક—જો એમ હોય તો વેદની બાબતમાં પણ તેના કર્તા પ્રજાપતિ છે એવી સ્મૃતિ છે જ.

મીમાંસક—આ પ્રજાપતિના કર્તૃત્વની સ્મૃતિ તો વૈદિકમન્ત્રાર્થવાદમૂલક છે, કારણ કે 'પ્રજાપતિએ ચાર વેદોનું સર્જન કર્યું', ચાર વર્ણોનું સર્જન કર્યું, ચાર આશ્રમોનું સર્જન કર્યું" એવો વેદમાં પાઠ છે. [અર્થાત્ પ્રજાપતિના વેદકર્તૃત્વની સ્મૃતિનો જે વૈદિક વાક્ય આધાર છે તે તો કેવળ પ્રશંસાવાક્ય છે. એટલે એ સ્મૃતિ પ્રજાપતિનું વેદકર્તૃત્વ સિદ્ધ ન કરી શકે.]

નૈયાયિક—અરે ! તો તો મહાભારતની બાબતમાં પણ મહાભારતવચનમૂલા જ પારાશર્યની સ્મૃતિ છે એમ કહી શકાય. [અર્થાત્ મહાભારતમાં વ્યાસને મહાભારતના કર્તા જણાવ્યા છે તે પણ પ્રશંસાવચનો જ ઠરે. એટલે પારાશર્યની સ્મૃતિ તે પ્રશંસાવચનોને આધારે વ્યાસને મહાભારતના કર્તા ગણે તે યોગ્ય ન કહેવાય. અને આમ વ્યાસ મહાભારતના કર્તા ન ઠરે. પરંતુ આવું તારણ તો તમને મીમાંસકોને પણ સ્વીકાર્ય નથી.]

6. यथा प्रजापतिर्वेदे तत्र तत्र प्रशस्यते ।
भारतेऽपि तथा व्यासस्तत्र तत्र प्रशस्यते ॥
अथ प्रणेता वेदस्य न दृष्टः केनचित् क्वचित् ।
द्वैपायनोऽपि किं दृष्टो भवत्पितृपितामहैः ॥
सर्वेषामविगीता चेत् स्मृतिः सत्यवतीसुते ।
प्रजापतिरपि स्रष्टा लोके सर्वत्र गीयते ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

6. જેમ વેદમાં તે તે સ્થાને પ્રજાપતિની પ્રશંસા કરવામાં આવી છે, તેમ મહાભારતમાં પણ તે તે સ્થાને વ્યાસની પ્રશંસા કરવામાં આવી છે. [જો વેદગત પ્રશંસાવચનોને આધારે પ્રજાપતિને વેદના કર્તા તરીકે ન સ્વીકારાય તો મહાભારતગત પ્રશંસાવચનોને આધારે વ્યાસને પણ મહાભારતના કર્તા તરીકે ન સ્વીકારાય.]

મીમાંસક— વેદના પ્રણેતાને કોઈએ કદી દેખ્યો નથી [એટલે પ્રજાપતિ વેદના પ્રણેતા નથી.]

નૈયાયિક—શું આપના બાપદાદા યા વડદાદાઓએ વ્યાસને જોયા છે ?

મીમાંસક—[ના, પરંતુ] બધાંની અબાધિત સ્મૃતિ સત્યવતીપુત્ર વ્યાસની બાબતમાં છે.

નૈયાયિક—લોકમાં સર્વત્ર પ્રજાપતિને પણ [વેદના] સ્રષ્ટા કહેવામાં આવે છે.

7. आः किमिति सदसद्विवेकविकलशाकटिकादिप्रवादविप्रलब्ध एवं भ्राम्यसि ? किल स्वल्पमपि कर्म पित्रा मात्रा वोपदिश्यमानं तद्वचनप्रत्ययादनुष्ठीयते । तदयमियाननेकक्लेशवित्तव्ययादिनिर्वर्त्यो वैदिकः कर्मकलाप एवमेव तदुपदेशिनमाप्तमस्मृत्वैव क्रियते इति महान् प्रमादः । एवं च सति उच्चावचकविरचितजरत्पुस्तकलिखितकाव्यवत् अस्मर्यमाणकर्तृकेण वेदेन व्यवहारानुपपत्तेरवश्यस्मरणीयस्तत्र कर्ता स्यात् । न च कदाचन वेदेषु व्यवहारविच्छेदः संभाव्यते येन तत्कृतं जरत्कूपारामादिष्विव तेषु कर्त्रस्मरणं स्यात् । तस्मादवश्यं स्मर्येत कर्ता ।

7. મીમાંસક—સાચાખોટાનો વિવેક ન ધરાવતા, ગાડું હાંકનાર વગેરે જેવા, પામર માણસોમાં પ્રચલિત માન્યતાથી આપ છેતરાયેલા હો એવા કેમ ભમો છો ?

નૈયાયિક— માબાપે ચીંધેલું નાનું પણ કામ તેમનાં વચનમાં વિશ્વાસ હોવાથી બાળકો કરે છે. તો પછી ઘણા બધા ક્લેશ અને ધનવ્યયથી પાર પડતાં આટલાં મોટાં વૈદિક યજ્ઞકર્મો, તેમનો ઉપદેશ આપનાર આપ્તનું (=વિશ્વસનીય વ્યક્તિનું) સ્મરણ કર્યા વિના એમ જ, આપણે કરીએ તો મોટો પ્રમાદ (=ભૂલ) આપણે કર્યો કહેવાય. આમ હોઈ, નાનામોટા કવિઓએ રચેલાં, જૂનાં પુસ્તકોમાં લખેલાં કાવ્યોની જેમ જેના કર્તાનું સ્મરણ કરાતું ના હોય એવા વેદ વડે કર્મવ્યવહાર ઘટતો ન હોવાથી ત્યાં [વેદની બાબતમાં તેના] કર્તાનું સ્મરણ અવશ્ય કરવું જ જોઈએ એવું ફલિત થાય છે. વેદની બાબતમાં વેદોપદિષ્ટ કર્મના વ્યવહારનો વિચ્છેદ કદી સંભવતો નથી જેથી જૂના કૂવા, બાગ, વગેરેની જેમ વેદોની બાબતમાં વ્યહારોચ્છેદને પરિણામે કર્તાનું અસ્મરણ થાય. તેથી વેદના કર્તાનું સ્મરણ અવશ્ય કરવું જોઈએ.

8. न च संस्मर्यते स्मर्तुं शक्यते वा । स्मृतिर्हि भवन्ती तदनुभवमूला भवति । न च मूलेऽपि कर्त्रनुभवः कस्यचिज्जातः सर्गादेरभावात् । भावे वा कर्तुरशरीरत्वेन दर्शनयोग्यत्वाभावात् ।

सशरीरत्वपक्षे वा पुरुषः कोऽपि तादृशः ।
तदानीं दृश्यमानोऽपि वेदं कुर्वन्न दृश्यते ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अधीयमाने दृष्टेऽस्मिँस्तदा संशेरते जनाः ।
किमेष रचयेद् वेदमुत वाऽन्यकृतं पठेत् ? ॥
यत्कृतं वा पठेदेष तस्मिन्नपि हि संशयः ।
भङ्ग्या चेदमनादित्वमुन्मीलदिव दृश्यते ॥
असत्यादिप्रमाणे च कर्तृताऽनुभवं प्रति ।
स्मृतिः प्रबन्धसिद्धाऽपि स्पृशत्यन्धपरम्पराम् ॥
योगिभिर्ग्रहणं कर्तुरित्येतदपि दुर्वचम् ।
कर्तृता हृदि दुर्बोधा कथं गृह्येत तैरपि ? ॥
योगिभिः सा गृहीतेति वयमेतन्न मन्महे ।
अमन्वानाश्च गच्छेम विस्रब्धास्तत्पथं कथम् ?॥
वेदात् कर्त्रवबोधे तु स्पष्टमन्योन्यसंश्रयम् ।
ततो वेदप्रमाणत्वं वेदात् कर्तुश्च निश्चयः ॥

**8**. મીમાંસક — વેદના કર્તાનું સ્મરણ કરાતું નથી તેમ જ તેનું સ્મરણ કરવું શક્ય પણ નથી, કારણ કે સ્મૃતિ થાય છે ત્યારે તેના મૂળમાં જેની સ્મૃતિ હોય તેનો અનુભવ રહેલો હોય છે અને અહીં તો મૂળમાંય કર્તાનો અનુભવ કોઈને થયો નથી. [કર્તાનો અનુભવ કોઈનેય નથી થયો] કારણ કે સર્ગને આદિ જ નથી, અથવા સર્ગને આદિ હોય તો પણ તેનો કર્તા અશરીરી હોઈ દર્શનયોગ્ય નથી.

વેદનો કર્તા સશરીરી છે એ પક્ષમાં તેવો [સશરીરી] કોઈક પુરુષ તે વખતે [સર્ગની શરૂઆતમાં] હોવા છતાં વેદને કરતો (=રચતો) દેખાતો નથી. તે [સશરીરી] પુરુષને વેદનું અધ્યયન કરતો દેખવા છતાં તે વખતે [સર્ગની શરૂઆતમાં] લોકો તેની બાબતમાં શંકા સેવે છે કે શું એ વેદની રચના કરે છે કે પછી અન્યે રચેલા વેદનું પઠન કરે છે ? જેણે રચેલા વેદનું આ પઠન કરે છે તેની બાબતમાં પણ સંશય થાય છે [ કે તેણે પણ પોતે વેદ રચ્યો હશે કે બીજાએ રચેલાનું તેણે પઠન જ કર્યું હશે.] અને આ રીતે તો વેદનું અનાદિત્વ જાણે સ્ફુટ થતું દેખાય છે. કર્તૃતાના અનુભવરૂપ આદિ પ્રમાણ ના હોય તો, સ્મૃતિ ભલેને વંશપરંપરાથી ચાલી આવતી હોય તો પણ અંધપરંપરા (જેમાં એક અંધ બીજા અંધને દોરે છે) જેવી જ છે. વેદના કર્તાનું ગ્રહણ યોગીઓ કરે છે એમ કહેવું પણ કઠિન છે કારણ કે જે કર્તૃતાને મનથી જાણવી મુશ્કેલ છે તેને તેઓ પણ કેવી રીતે ગ્રહણ કરી શકે ? વેદની કર્તૃતા યોગીઓએ જાણેલી છે એ મતને અમે મીમાંસકો માનતા નથી. એને ન માનનારા અમે વિશ્વાસપૂર્વક નૈયાયિકના માર્ગે કેવી રીતે જઈશકીએ ? વેદમાંથી વેદકર્તાનું જ્ઞાન થાય છે એમ જો કહો તો અન્યોન્યાશ્રયદોષ સ્પષ્ટ છે. વેદના કર્તાને કારણે વેદ પ્રમાણ છે અને વેદમાંથી કર્તાનો નિશ્ચય થાય છે; [અર્થાત્ વેદ પ્રમાણ છે કારણ કે તેનો કર્તા (આપ્ત પુરુષ) છે. (આપ્ત પુરુષ) વેદનો કર્તા છે કારણ કે પ્રમાણભૂત વેદ કહે છે.]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

9. तस्मात् पौर्वापर्यपर्यालोचनारहितयथाश्रुतमन्त्रार्थवादमूला भ्रान्तिरेषा,न पुनः परमार्थतः कश्चित् कञ्चिद् वेदस्य कर्त्तारं स्मरति । तस्मादकृतका वेदाः, अवश्यस्मरणीयस्यापि कर्तुरस्मरणात् । न च व्यधिकरणो हेतुः, अस्मर्यमाणकर्तृकत्वादित्येवं साधनप्रयोगात् ।

**9.** તેથી પૌર્વાપર્યના વિવેકવિચાર વિના, જેવા સાંભળ્યા તેવા મન્ત્રાર્થવાદ આ ભ્રાન્તિના (=વેદકર્તાની સ્મૃતિના)મૂળમાં છે; પરમાર્થતઃ વેદના કોઈ પણ કર્તાનું સ્મરણ કોઈને થતું નથી. તેથી, વેદ અકર્તૃક છે [= કરાયેલો નથી, રચાયેલો નથી], કારણ કે જેનું સ્મરણ અવશ્ય થવું જોઈએ તે વેદકર્તાનું સ્મરણ થતું નથી. ['કારણ કે જેનું સ્મરણ અવશ્ય થવું જોઈએ તે વેદકર્તાનું સ્મરણ થતું નથી'—] આ હેતુનું અધિકરણ ['અકૃતકત્વ' એ] સાધ્યના અધિકરણથી જુદું નથી. [કોઈ કહે કે અકૃતકત્વરૂપ સાધ્ય વેદમાં છે, જ્યારે કર્તૃસ્મરણાભાવરૂપ હેતુ વેદમાં નથી પણ મનુષ્યમાં છે; આમ સાધ્ય અને હેતુના અધિકરણો જુદાં છે. આવી શંકાના સમાધાનમાં કહેવું પડયું છે કે ના, એવું નથી] કારણ કે અહીં હેતુ છે અસ્મર્યમાણકર્તૃકત્વ [અર્થાત્ જેનું સ્મરણ ન કરાતું હોય એવા કર્તા વડે રચાયેલ હોવાપણું, અને નહિ કે વેદકર્તા-વિષયક સ્મરણનો અભાવ.]

10. अत्रोच्यते । अपि तद् गुर्वध्ययनपूर्वकत्वं साधनमुपेक्षितं याज्ञिकैः अयमभिनवो हेतुरस्मर्यमाणकर्तृकत्वादिति प्रयुक्तः । तस्मादस्तु नाम । नैनान् हेत्वन्तरोपन्यासिनो निगृह्णीमः । अक्षुद्रकथेयं प्रस्तुता ! अयमपि त्वस्मर्यमाणकर्तृकत्वादिति हेतुः किं स्वतन्त्र एवाकर्तृकत्वसिद्धये प्रयुज्यते उतास्मदुपरचितरचनात्वप्रतिघातायेति । तत्र न तावदनुमानमनुमानान्तरपरिपन्थि कथयितुमुचितम् ; प्रत्यक्षागमवदनुमानस्याप्यनुमानबाधकत्वानुपपत्तेः । न हि तुल्यबलयोरनुमानयोर्बाध्यबाधकभावस्तुल्यबलत्वादेव । अतुल्यबलत्वे तु यत्कृतमन्यतरस्य दौर्बल्यं तत एव तदप्रामाण्यसिद्धेः किमनुमानबाधया ।

**10.** નૈયાયિક— અહીં અમે ઉત્તર આપીએ છીએ: વેદ અનાદિ છે એ પુરવાર કરવા પોતે આપેલ 'ગુરુઅધ્યયનપૂર્વકત્વ' હેતુની મીમાંસકો ઉપેક્ષા કરે છે અને આ નવો 'અસ્મર્યમાણકર્તૃકત્વ' હેતુ આપે છે. તો ભલે આ હેતુ હો. બીજો હેતુ આપનાર મીમાંસકોને અમે નિગ્રહસ્થાનમાં નાખીશું નહિ. તેમણે બહુ મોટી વાત કરી ! 'અસ્મર્યમાણકર્તૃક હોવાથી' એવો આ હેતુ પણ શું અકર્તૃકત્વ પુરવાર કરવા સ્વતંત્ર જ પ્રયોજવામાં આવે છે કે અમે આપેલ 'રચનારૂપ હોવાથી' એ હેતુનો પ્રતિઘાત કરવા પ્રયોજવામાં આવે છે ? તેમાં [બીજા વિકલ્પને અનુલક્ષી કહેવું જોઈએ કે] બીજા અનુમાનનું વિરોધી અનુમાન કહેવું ઉચિત નથી, કારણ કે જેમ પ્રત્યક્ષ અને આગમમાં અનુમાનબાધકત્વ ઘટે છે તેમ અનુમાનમાં અનુમાન-બાધકત્વ ઘટતું નથી; [અર્થાત્ પ્રત્યક્ષ અને આગમ અનુમાનના બાધક હોઈ શકે છે, પરંતુ અનુમાન અનુમાનનું બાધક હોઈ શકે નહિ. ] તુલ્યબળવાળાં બે અનુમાનો વચ્ચે બાધ્યબાધક-ભાવ નથી કારણ કે તે તુલ્યબળવાળાં છે. જો બે અનુમાનો તુલ્યબળવાળાં ન હોય તો જેને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કારણે બેમાંથી એક અનુમાનનું દૌર્બલ્ય હોય તેને લઈને એ અનુમાનનું અપ્રામાણ્ય પુરવાર થઈ જતું હોઈ [પેલા બીજા] અનુમાન વડે આ અનુમાનના બાધની જરૂર જ ક્યાં રહે છે ?

11. तद्विडम्बनार्थं तदभिधानमिति चेत् तदप्ययुक्तम्, एकत्र धर्मिणि युगपदितरेतरविरोधिधर्मद्वयप्रयोजकहेतुद्वयोपनिपातायोगात् । न हि द्व्यात्मकानि वस्तूनि भवितुमर्हन्ति इत्यवश्यमन्यतरस्तत्राप्रयोजकहेतुः । अप्रयोजकत्वादेव तस्यागमकत्वे किं विडम्बनार्थेन हेत्वन्तरेण प्रयुक्तेन । विरुद्धाव्यभिचार्यपि नाम न कश्चिद्धेत्वाभास इति वक्ष्यामः । प्रकरणसमोऽपि न यः कश्चित् सत्प्रतिपक्षो हेतुरिष्यते, अपि तु संशयबीजभूतोऽन्यतरविशेषानुपलम्भो भ्रान्त्या हेतुत्वेन प्रयुज्यमानस्तथोच्यते इति दर्शयिष्यामः । तस्मात् परोदीरितं हेतुं निराचिकीर्षता वादिना तद्गतपक्षवृत्तितादिधर्मपरीक्षणे मनः खेदनीयम् । न हि प्रतिहेत्वन्वेषिणा वृथाऽटाट्या कर्तव्या ।

11. 'રચનારૂપ હોવાથી' એ હેતુના વિડંબન માટે એને કહેવામાં આવ્યો છે એમ તમે મીમાંસકો કહેતા હો તો તે પણ યોગ્ય નથી, કારણ કે એક ધર્મીમાં એકબીજાના વિરોધી બે ધર્મોના પ્રયોજક બે હેતુઓનું સમકાળે સાથે થવું ઘટતું નથી. બે સ્વભાવવાળી વસ્તુઓ હોવી શક્ય નથી એટલે બેમાંથી એક હેતુ ત્યાં અવશ્ય અપ્રયોજક છે. અપ્રયોજક હોવાને કારણે જ્યારે તે અગમક છે ત્યારે વિડંબનાર્થ બીજો હેતુ આપવાનો શો અર્થ ? વિરુદ્ધાવ્યભિચારી નામનો કોઈ હેત્વાભાસ પણ નથી એ અમે [અગીઆરમા આહ્નિકમાં] જણાવીશું. [ વિરુદ્ધાવ્યભિચારી હેત્વાભાસ દિઙ્નાગ સ્વીકારે છે હેતુબિંદુટીકામાં પૃ૦ ૭૦ ઉપર અર્ચટ કહે છે કે 'પ્રમાણસમુચ્ચય ગ્રંથમાં પરાર્થાનુમાન પરિચ્છેદમાં દિઙ્નાગે આ વિરુદ્ધાવ્યભિચારી હેત્વાભાસનું નિરૂપણ કર્યું છે. સદ્હેતુનાં લક્ષણોથી યુક્ત બે હેતુઓ એક ધર્મીમાં વિરોધી સાથે થતાં વિરુદ્ધાવ્યભિચારી હેત્વાભાસ થાય છે'. પરંતુ ધર્મકીર્તિ આ હેત્વાભાસ સ્વીકારતા નથી (ન્યાયબિંદુ ૩.૧૧૦–૧૧૨).] [ અહીં જયંતે જે કહ્યું છે તે ઉપરથી તો એ સ્પષ્ટ થાય છે કે જેને નૈયાયિકો પ્રકરણસમ હેત્વાભાસ ગણે છે અને જેનું બીજું નામ સત્પ્રતિપક્ષ છે તેને જયંત સ્વીકારતા નથી. એટલે જ તે આગળ કહે છે કે ] જે કોઈ હેત્વાભાસને સત્પ્રતિપક્ષ હેત્વાભાસ તરીકે નૈયાયિકોએ ઇચ્છયો છે તે પ્રકરણસમ હેત્વાભાસ પણ સંભવતો નથી. પરંતુ બેમાંથી એક વિશેષનું સંશયબીજભૂત અગ્રહણ જ ભ્રાન્તિને લીધે હેતુ તરીકે પ્રયોજાતાં પ્રકરણસમ કહેવાય છે એ અમે [અગીઆરમા આહ્નિકમાં] દર્શાવીશું. તેથી, બીજાએ આપેલા હેતુનું ખંડન કરવાની ઇચ્છા ધરાવતા વાદીએ એ હેતુગત પક્ષવૃત્તિ વગેરે ધર્મોની પરીક્ષા કરવામાં મનને પરિશ્રમ આપવો જોઈએ, પ્રતિહેતુ શોધવામાં વૃથા ભટકવું જોઈએ નહિ.

12. ननु कतरदनयोः साधनयोरप्रयोजकं रचनात्वादस्मर्यमाणकर्तृकत्वादिति च । उच्यते । रचनात्वमेव प्रयोजकम्, न हि पुरुषमन्तरेण क्वचिदक्षरविन्यासो दृष्टः ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

भो भगवन्तः सभ्याः ! क्वेदं दृष्टं क्व वा श्रुतं लोके ।
यद्वाक्येषु पदानां रचना नैसर्गिकी भवति ॥
यदि स्वभाविकी वेदे पदानां रचना भवेत् ।
पटे हि हन्त तन्तूनां कथं नैसर्गिकी न सा ॥

'शन्नो देवीरभिष्टये,' [अथर्व० १.६.१] 'नारायणं नमस्कृत्य,' [म. भा. आ० १.१], 'अस्त्युत्तरस्यां दशि देवतात्मा' [कुमारसं० १.१] इति तुल्ये रचनात्वे क्वचित् कर्तृपूर्वकत्वमपरत्र तद्विपर्यय इति महान् व्यामोहः । एवं धूमोऽपि कश्चिदनग्निक इत्यपि स्यात् ।

12. મીમાંસક— 'રચનારૂપ હોવાને કારણે' 'અસ્મયંમાણકર્તૃક હોવાને કારણે' આ એમાંથી કયો હેતુ અપ્રયોજક છે ?

નૈયાયિક—અમે ઉત્તર આપીએ છીએ. 'રચનારૂપ હોવાથી' એ હેતુ જ પ્રયોજક છે કારણ કે પુરુષ વિના ક્યારેય અક્ષરવિન્યાસ જોયો નથી. હે પૂજ્ય સભ્યો ! લોકમાં તમે ક્યાં જોયું કે સાંભળ્યું કે વાક્યગત પદોની રચના નૈસર્ગિકપણે [અર્થાત્ પુરુષની અપેક્ષા વિના] થાય છે ? જો વેદમાં પદોની રચના સ્વાભાવિક [અર્થાત્ પુરુષનિરપેક્ષ] હોય તો પટમાં તંતુઓની રચના કેમ સ્વાભાવિક નથી ? 'शन्नो देवीरभिष्टये' [અથર્વ૦ ૧.૬.૧], 'नारायणं नमस्कृत्य' [મહાભા૦ આ૦૧.૧], 'अस्त्युत्तरस्यां दिशि देवतात्मा' [કુમારસં૦૧.૧] એમાં રચનાપણું તુલ્ય હોવા છતાં ક્યાંક તે કર્તૃપૂર્વક છે અને બીજે એનાથી ઊલટું [અર્થાત્ કર્તૃનિરપેક્ષ] છે એમ માનવું મોટી ભ્રાન્તિ છે. આ રીતે તો કોઈક ધૂમ અનગ્નિક છે એમ કહેવાનું થાય.

13. किमिदानीं कुमारसम्भवतुल्योऽसौ वेदः सम्पन्नः? । अहो ! सर्वास्तिकधुर्येण वेदप्रामाण्यं साधितं नैयायिकेन ! अलमुपहासेन । रचनामात्रमेव तुल्यं वेदस्य कुमारसम्भवेन, नान्यत् । न चेयतोपहसितुं युक्तम् । किमस्य शब्दत्वसामान्यं शङ्खशब्दसाधारणं नास्ति, सत्तासामान्यं वा सर्वसाधारणमिति ? ।

13. મીમાંસક— શું તો હવે આ વેદ કુમારસંભવતુલ્ય બની ગયો ? અહો ! સૌ આસ્તિકોમાં અગ્રેસર એવા નૈયાયિકે વેદપ્રામાણ્ય સિદ્ધ કર્યું !

નૈયાયિક— ઉપહાસ રહેવા દો. કુમારસંભવ સાથે વેદની કેવળ રચના જ સમાન છે, બીજું કંઈ સમાન નથી; અને આટલા માત્રથી ઉપહાસ કરવો યોગ્ય નથી. શું વેદગત શબ્દત્વસામાન્ય શંખશબ્દમાં પણ સમાનપણે નથી ? શું વેદગત સત્તા સામાન્ય બધામાં સમાનપણે નથી ?

14. ननु याः कालिदासादिरचनाः कर्तृपूर्विकाः ।
ताभ्यो विलक्षणैवेयं रचना भाति वैदिकी ॥
इहाध्ययनवेलायां रूपादेव प्रतीयते ।
अकृत्रिमत्वं वेदस्य भेदैस्तैस्तैरनन्यगैः ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

नामाख्यातोपसर्गादिप्रयोगगतयो नवाः ।
स्तुतिनिन्दापुराकल्पपरकृत्यादिगीतयः ।
शाखान्तरोक्तिसापेक्षविक्षिप्तार्थोपवर्णना ।
इत्यादयो न दृश्यन्ते लौकिके सन्निबन्धने ॥
तेनाध्येतृगणाः सर्वे रूपाद् वेदमकृत्रिमम् ।
मन्यन्त एव लोके तु पीतं मीमांसकैर्यशः ॥
वेदा न पठिता यैस्तु त्वादृशैः कुण्ठबुद्धिभिः ।
कार्यत्वं ब्रुवते तेऽस्य रचनासाम्यमोहिताः ॥

14. મીમાંસક— કાલિદાસ વગેરેની રચનાઓ જે કર્તૃપૂર્વક છે, તેમનાથી વિલક્ષણ આ વૈદિકી રચના જણાય છે. અહીં વેદનું અધ્યયન કરતી વખતે રૂપ દ્વારા જ [રચનાગત] વિલક્ષણતાની પ્રતીતિ થાય છે. બીજી કોઈ રચનામાં ન મળતા એવા તે તે ભેદો (= વિશેષો) દ્વારા વેદનું અકૃત્રિમપણું (= નિત્યત્વ, અપૌરુષેયત્વ) પ્રતીત થાય છે. નામ, ક્રિયાપદ, ઉપસર્ગ વગેરેના નવીન પ્રયોગો; સ્તુતિ, નિન્દા, પુરાકલ્પ, પરકૃતિ વગેરે ગીતિઓ; અન્ય વેદશાખાના વચનને આધારે વિશિષ્ટપણે ક્ષિપ્ત અર્થનું વિસ્તૃત વર્ણન; વગેરે લૌકિક રચનામાં દેખાતાં નથી. તેથી વેદના બધા અધ્યેતાઓ રૂપ ઉપરથી વેદને અકૃત્રિમ માને છે જ; પરંતુ [વેદને અકૃત્રિમ માનવાનો] યશ તો લોકમાં મીમાંસકો જ પીએ છે. વેદનું અધ્યયન ન કરનાર તમારા જેવા કુંઠિતબુદ્ધિવાળા રચનાસામ્યથી છેતરાઈ વેદને કાર્ય [= પૌરુષેય, અનિત્ય] કહે છે.

15. उच्यते । मीमांसका यशः पिबन्तु, पयो वा पिबन्तु, बुद्धिजाड्यापनयनाय ब्राह्मीघृतं वा पिबन्तु, वेदस्तु पुरुषप्रणीत एव, नात्र भ्रान्तिः ।

यथा घटादिसंस्थानाद् भिन्नमप्यचलादिषु ।
संस्थानं कर्तृमत् सिद्धं वेदेऽपि रचना तथा ॥

यच्चात्र किञ्चिद् वक्तव्यं तत् पूर्वमेव सविस्तरमुक्तम् । अपि च यद्विलक्षणेयं रचना तद्विलक्षण एव कर्ताऽनुमीयताम्, न पुनस्तदपलापो युक्त इत्यप्युक्तम् ।

15. નૈયાયિક—અમે ઉત્તર આપીએ છીએ. મીમાંસકો યશ પીઓ, કે દૂધ પીઓ, કે બુદ્ધિની જડતા દૂર કરવા બ્રાહ્મી ઘી પીઓ, વેદ તો પુરુષપ્રણીત જ છે, એમાં કોઈ ભ્રાન્તિ નથી. જેમ ઘટના સંસ્થાનથી પર્વત આદિનું સંસ્થાન વિલક્ષણ હોવા છતાં તે વિલક્ષણ સંસ્થાન કર્તૃમત્ છે એ અમે પુરવાર કર્યું છે તેમ કાલિદાસ વગેરેની રચનાથી વેદની રચના વિલક્ષણ હોવા છતાં તે વિલક્ષણ વેદરચના પણ કર્તૃમત્ છે એ પુરવાર થાય છે. જે કંઈ અહીં કહેવું જોઈએ તે અમે પહેલાં જ સવિસ્તર કહી દીધું છે. વળી, જેવી વિલક્ષણ આ રચના છે તેવા વિલક્ષણ જ તેના કર્તાનું અનુમાન કરો; પણ તેનો અપલાપ કરવો યોગ્ય નથી એ પણ અમે કહ્યું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

16. याश्चैता निर्विवादसिद्धकर्तृकाः कालिदासादिरचनाः चमत्कारिण्यः तासामन्योन्यविसदृशं रूपमुपलभ्यते एव ।

अमृतेनेव संसिक्ताश्चन्दनेनेव चर्चिताः ।
चन्द्रांशुभिरिवोन्मृष्टाः कालिदासस्य सूक्तयः ॥

प्रकटरसानुगुणविकटाक्षररचनाचमत्कारितसकलकविकुला बाणस्य वाचः । प्रतिकाव्यं च तानि तानि वैचित्र्याणि दृश्यन्ते एव । नामाख्यातादिवैचित्र्यमात्रेण कर्त्रभावो वेदे रूपादेव प्रतीयते इति नूतनेयं वाचोयुक्तिः ।

16. નિર્વિવાદપણે જેના કર્તાઓ સિદ્ધ છે એવી કાલિદાસ વગેરેની આ જે ચમત્કારી રચનાઓ છે તેમનામાં એકબીજાથી વિસદૃશ રૂપ દેખાય છે જ. કાલિદાસની સૂક્તિઓ જાણે અમૃતથી સીંચાયેલી છે, જાણે ચંદનથી લિપ્ત છે અને જાણે ચંદ્રકિરણોથી સંમાર્જિત છે. પ્રકટ રસને સહાયક ચારુ અક્ષરરચનાવાળી બાણની વાણી સૌ કવિઓને આશ્ચર્યચકિત કરે છે. કાવ્યે કાવ્યે તે તે વિલક્ષણતાઓ દેખાય છે જ. નામ, ક્રિયાપદ આદિની વિલક્ષણતામાત્રના આધારે રૂપ દ્વારા કર્તાનો અભાવ વેદની બાબતમાં જણાય છે એવી મીમાંસકોની આ વાચોયુક્તિ નવીન છે.

17 अपि च यदि रूपे समाश्वसिति भवतो मनः तदा आदिमदर्थाभिधानमपि वेदस्य रूपं कथं न परीक्षसे । 'बबरः प्रावाहणिरकामयत' [तै.सं.७.१.१०], 'कुसुरविन्दः औद्दालकिः अकामयत' [तै.सं. ७.२.२], 'पुरूरवो मा मृथा' [ऋग्वेद१०.९५.१५] इति । प्रतिसर्गं पुनस्तेषां भावादनादित्वमिति चेत् प्रतिसर्गं तर्हि वेदान्यत्वमपि भविष्यति, यथोक्तम्—"प्रतिमन्वन्तरं चैषा श्रुतिरन्याऽभिधीयते" इति—

रूपादकृत्रिमत्वं च कल्पना कल्पितैव सा ।
आदिमद्वस्तुबुद्धिस्तु वाचकैरक्षरैः स्फुटैः ॥

तेषामन्यथा व्याख्यानं तु व्याख्यानमेव । पठन्त एव त्वध्येतारस्तत आदिमतोऽर्थान् बहूनवगच्छन्तीति नानादिर्वेदः । तस्मान्न रचनात्वमप्रयोजकम् ।

17. વેદના રૂપમાં તમારું ચિત્ત વિશ્વાસ ધરાવતું હોય તો સાદિ અર્થોનું અભિધાન કરતું વેદનું રૂપ કેમ પરીક્ષતા નથી ? [સાદિ અર્થોનું અભિધાન કરતાં વેદવાક્યો આ રહ્યાં —]'પ્રવહણના પુત્ર બબરે કામના કરી' [તૈ૦ સં૦ ૭.૧.૧૦], 'ઉદ્દાલકના પુત્ર કુસુરવિન્દે કામના કરી' [તૈ૦સં૦ ૭.૨.૨], 'હે પુરૂરવસ્ ! મર નહિ [અર્થાત્ આપઘાત કર મા]' [ઋગ્વેદ ૧૦.૯૫.૧૫]. [અહીં બબર, કુસુરવિન્દ અને પુરૂરવસ્ અનિત્ય છે, આદિમાન્ છે, જેમની વાત વેદમાં કરવામાં આવી છે. જે વેદવચન અનિત્ય વસ્તુની વાત કરતું હોય તે પોતે નિત્ય ક્યાંથી હોઈ શકે ? ] જો તમે મીમાંસકો કહેતા હો કે પ્રત્યેક સર્ગમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેઓનું અસ્તિત્વ હોવાથી તેમનું અનાદિત્વ છે તો પ્રતિસર્ગ વેદ પણ જુદો બનશે; જેમકે કહ્યું છે કે 'પ્રતિમન્વન્તર આ શ્રુતિ જુદી જુદી કહેવાય છે'. રૂપ ઉપરથી અકૃત્રિમતાની (=સ્વાભાવિકતાની=અકર્તૃત્વની =નિત્યત્વની) કલ્પના જ કરવામાં આવી છે જ્યારે સ્પષ્ટ વાચક અક્ષરો દ્વારા તો સાદિ વસ્તુઓનું જ્ઞાન થાય છે. તેમની (અર્થાત્ 'બબર પ્રાવાહણિ' વગેરેની) સમજૂતી બીજી રીતે કરતાં તો તે કેવળ સમજૂતી જ બનશે. વેદનો અભ્યાસ કરનારાઓ તો તેમાંથી અનેક સાદિ અર્થોને જ જાણે છે, એટલે વેદ અનાદિ નથી. તેથી, 'રચનાત્વ' હેતુ અપ્રયોજક નથી.

18. कर्त्रस्मरणमेव त्वप्रयोजकमसिद्धत्वात् । सिद्धमपि वा वेदे कर्त्रस्मरणमन्यथासिद्धं वेदकरणकालस्यातिदवीयस्त्वात्, तत्प्रणेतुश्च पुंसः सकलपुरुषविलक्षणत्वान्नियतशरीरपरिग्रहाभावादिदन्तयाऽस्य पाणिनिपिङ्गलादिवत् स्मरणं नास्ति, न तु स नास्त्येव । अनुमानागमाभ्यां तदवगमात् कथं पक्षधर्मतया ग्रहीतुं शक्यते कर्त्रस्मरणम् ? तद्ध्येकपुरुषसम्बन्धि व्यभिचरति । सर्वपुरुषसम्बन्धि तु दुरवगमम् । सर्वे पुमांसः कर्तारं वेदस्य न स्मरन्तीति कथं जानाति भवान् ? न हि तव सकललोकहृदयानि प्रत्यक्षाणि, सर्वज्ञत्वप्रसङ्गात् । न च यत् त्वं न जानासि तत् अन्योऽपि न जानातीति युक्तम्, अतिप्रसङ्गात् । तस्मादस्मर्यमाणकर्तृकत्वं दुर्बोधमेव ।

18. 'કર્તાનું અસ્મરણ' [ હેતુ ] જ અપ્રયોજક છે, કારણ કે તે અસિદ્ધ છે. સિદ્ધ હોય તો પણ વેદની બાબતમાં કર્તાનું અસ્મરણ અન્યથાસિદ્ધ છે. વેદનો રચનાકાળ અત્યંત દૂર હોઈ અને તેના પ્રણેતા પુરુષ બધા પુરુષોથી વિલક્ષણ હોઈ તેમ જ નિયતશરીરને ધારણ કરતા ન હોઈ એ પુરુષનું 'આ આનો કર્તા છે' એ રીતે, પાણિનિ–પિંગલની જેમ, સ્મરણ થતું નથી; પરંતુ તેનું અસ્તિત્વ જ નથી એમ નહિ. અનુમાન અને આગમ દ્વારા તેનું જ્ઞાન થતું હોઈ કેવી રીતે કર્તૃઅસ્મરણને પક્ષધર્મ તરીકે ગ્રહણ કરવું શક્ય બને ? એક પુરુષને કર્તૃઅસ્મરણ હોય તો વ્યભિચાર દોષ આવે. અને બધા પુરુષોને કર્તૃઅસ્મરણ છે એ જાણવું દુષ્કર છે. વેદના કર્તાનું સ્મરણ બધા પુરુષોને નથી એ આપ કેવી રીતે જાણો છો ? તમને બધા લોકોનાં ચિત્ત તો પ્રત્યક્ષ નથી; જો કહો કે છે, તો સર્વજ્ઞત્વની આપત્તિ આવે. અને જેને તમે નથી જાણતા તેને બીજો પણ નથી જાણતો એમ માનવું યોગ્ય નથી, કારણ કે એમ માનતાં અતિપ્રસંગદોષ આવે છે. તેથી અસ્મર્યમાણકર્તૃકત્વ દુર્બોધ છે.

19. अपि च कर्तुरस्मरणे सति सुतरां वेदार्थानुष्ठानं प्रेक्षावतां शिथिलीभवेत् । न ह्यकर्तृक एवोपदेशः सम्भवति । सम्भवन्नपि वा प्रामाण्यनिश्चयनिमित्ताभावात् कथं विस्रम्भभूमिरसौ भवेत् ? बाधकाभावमात्राच्च न प्रामाण्यनिश्चयो वचसामित्युक्तं प्राक् । तस्मादाप्तप्रत्ययादेव निर्विचिकित्सं वेदार्थानुष्ठानं सप्रतिष्ठानं सम्भवति, नान्यथेति । तस्मान्न कर्त्रस्मरणस्य रचनात्वप्रतिपक्षतयोपन्यास उपपन्नः ।

19. વળી, વેદના કર્તાનું અસ્મરણ હોય તો વેદાર્થના અનુષ્ઠાનમાં બુદ્ધિમાનો શિથિલ બની જાય. તેનું કારણ એ કે અકર્તૃક ઉપદેશ સંભવતો જ નથી, સંભવતો હોય તો પણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રામાણ્યનો નિશ્ચય કરવા માટેનું પછી કોઈ નિમિત્ત ન હોવાથી તે ઉપદેશ વિશ્વાસપાત્ર કેવી રીતે બને ? બાધકના અભાવમાત્રથી વચનોના પ્રામાણ્યનો નિશ્ચય થાય છે એમ કહેવું અયોગ્ય છે એ અમે પહેલાં જણાવી ગયા છીએ. તેથી, તેનો કર્તા આપ્ત છે એવા જ્ઞાનથી નિ:શંક વેદાનુષ્ઠાન સ્થાપિત થાય, અન્યથા ન થાય. તેથી 'રચનાત્વ' હેતુના પ્રતિપક્ષ તરીકે 'કર્તૃઅસ્મરણ'-ની રજૂઆત ઘટતી નથી.

20. नापि स्वतन्त्रमेवेदं कर्त्रभावसाधनं भवितुमर्हति । अनुपलब्धिरियमनेन प्रकारेण किलोच्यते । साऽनुपपन्ना, अनुमानेन कर्तुरुपलम्भात् । अनुमानेनापि यदुपलब्धं तदुपलब्धमेव भवति । ननु कर्त्रभावस्मरणबाधितत्वादनुमानमिदमयुक्तम् । [अनुपलब्धिरप्येषाऽयुक्ता] इतरेतराश्रयप्रसङ्गात्—अनुपलब्धौ सिद्धायामनुमाननिरासः, अनुमाननिरासे च सत्यनुपलब्धिसिद्धिः । अनुमानप्रामाण्येऽपि समानो दोष इति चेत्, न, तस्य प्रतिबन्धमहिम्ना प्रामाण्यसिद्धेः, न हि तस्यानुपलब्धिनिरासापेक्षं प्रामाण्यम् ।

20. ન તો 'કર્તૃઅસ્મરણ' સ્વતંત્રપણે જ કર્તાનો અભાવ પુરવાર કરી શકે છે. ખરેખર તો આ રીતે [અસ્મરણ દ્વારા] કર્તાની અનુપલબ્ધિ જ કહેવામાં આવી છે; તે અનુપલબ્ધિ ઘટતી નથી કારણ કે અનુમાન દ્વારા કર્તાની ઉપલબ્ધિ થાય છે. અનુમાન દ્વારા જે ઉપલબ્ધ થાય તે ઉપલબ્ધ જ ગણાય.

**મીમાંસક**— કર્તાના અભાવના સ્મરણથી બાધિત થતું હોવાથી આ [કર્તૃસાધક] અનુમાન અયોગ્ય છે.

**નૈયાયિક**— [કર્તાની] આ અનુપલબ્ધિ પણ અયોગ્ય છે, કારણ કે તેમાં ઈતરેતરાશ્રયદોષની આપત્તિ આવે છે — [કર્તાની] અનુપલબ્ધિ સિદ્ધ થતાં [કર્તૃસાધક] અનુમાનનો નિરાસ થાય છે અને [કર્તૃસાધક] અનુમાનનો નિરાસ થતાં [કર્તાની] અનુપલબ્ધિ સિદ્ધ થાય છે.

મીમાંસક— [કર્તૃસાધક] અનુમાનના પ્રામાણ્યની બાબતમાં એ જ (ઈતરેતરાશ્રય) દોષ આવે છે.

નૈયાયિક— ના, (તે દોષ નથી આવતો) કારણ કે વ્યાપ્તિના બળે જ તેમાં પ્રામાણ્ય સિદ્ધ થાય છે; તેમાં પ્રામાણ્ય અનુપલબ્ધિનિરાસસાપેક્ષ નથી.

21. तत्रैतत्स्यात् । न वयं कर्त्रभावे प्रामाण्यं ब्रूमः । सकललोकपदार्थव्यवहारिणो हि मीमांसकाः । परं तु वेदस्य पौरुषेयतां ब्रुवाणं प्रमाणं पृच्छामः, तच्चास्य नास्तीति बलादनुपलब्ध्या तदभावनिश्चयो व्यवतिष्ठते इति । स्यादेतदेवं यद्यनुमानं न स्यात्, उक्तं च रचनात्वादित्यनुमानम् ।

21. મીમાંસક — ત્યાં (અર્થાત્ અનુપલબ્ધિની બાબતમાં) આમ થશે. અમે કર્તાના અભાવમાં પ્રમાણ જણાવતા નથી કારણ કે લોકમાન્ય સઘળા પદાર્થોનો વ્યવહાર કરનારા અમે મીમાંસકો છીએ. પરંતુ વેદ પુરુષપ્રણીત છે એમ કહેનારને અમે તે માટેનું પ્રમાણ પૂછીએ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છીએ. અને તે પ્રમાણ તેની પાસે નથી એટલે સામર્થ્યથી અનુપલબ્ધિ દ્વારા તેના અભાવનો નિશ્ચય સ્થાપિત થાય છે.

નૈયાયિક—જો કર્તાનું અનુમાન ન હોય તો આમ થાય. પરંતુ 'કર્તા છે, રચના હોવાથી' એ અનુમાન અમે જણાવ્યું છે.

22. यत्तु पुनरवादि वेदेषु पुरुषस्य कर्तृत्वमशक्यं ग्रहीतुमिति तदप्यसाधु, परोक्षस्य कुविन्दादेरपि अभिनवप्रावरकपटादौ कार्ये कथं कर्तृताऽवगम्यते ?

पटादिरचनां दृष्ट्वा तस्य चेत् साऽनुमीयते ।
वेदेऽपि रचनां दृष्ट्वा कर्तृत्वं तस्य गम्यताम् ॥

22. વળી, તમે જે કહ્યું કે વેદોની બાબતમાં પુરુષનું કર્તૃત્વ જાણવું અશક્ય છે તે પણ બરાબર નથી. અભિનવ પ્રાવરક, પટ વગેરે કાર્યોની બાબતમાં પરોક્ષ વણકર વગેરેનું કર્તૃત્વ કેવી રીતે જણાશે ? પટ વગેરેની રચના દેખીને જો પરોક્ષ વણકર વગેરેની કર્તૃતા અનુમાનથી તમે જાણતા હો તો વેદની બાબતમાં પણ રચના દેખીને પુરુષનું કર્તૃત્વ અનુમાનથી જાણો.

23. शरीरपरिग्रहमन्तरेण प्राणिनामुपदेशस्य कर्तुमशक्यत्वात् कदाचिदीश्वरः शरीरमपि गृह्णीयादिति कल्प्यते । नियतशरीरपरिग्रहाभावाच्च व्यासादिवदसौ न स्मर्यते । ततश्च—

अद्य सद्यः कविः काव्ये यथा कर्तेति मीयते ।
तथा तत्कालजैः पुम्भिः सोऽपि कर्तेति मास्यते ॥
यथा परकृता शङ्का तस्मिन् काव्ये व्यपैति ते ।
वेदेऽप्यन्यकृता शङ्का तथा तेषां व्यपैष्यति ॥

23. શરીર ધારણ કર્યા વિના પ્રાણીઓને ઉપદેશ કરવો અશક્ય હોઈ કેટલીક વાર ઈશ્વર પણ શરીર ધારણ કરે છે એમ કલ્પવામાં આવ્યું છે. નિયત [=દશ્ય] શરીર તે ધારણ કરતા ન હોવાથી વ્યાસ વગેરેની જેમ તેમનું સ્મરણ થતું નથી. વળી જેમ આજ અત્યારે [રચાતા] કાવ્યની બાબતમાં કવિને કર્તા તરીકે [તેના સમકાલીનો] તમે જાણો છો તેમ [તે વખતે રચાયેલા વેદની બાબતમાં પણ] તે વખતે જન્મેલા પુરુષો તેનેય [વેદના] કર્તા તરીકે જાણતા હશે. જેમ પેલા કાવ્યને અનુલક્ષી [તેના કર્તા બાબત] જે શંકા બીજાઓ કરે તે શંકા તમને થતી નથી તેમ વેદને અનુલક્ષી [તેના કર્તા બાબત] જે શંકા બીજાઓ કરે તે શંકા [વેદરચનાસમકાલીન] પેલા પુરુષોને થશે નહિ.

24. परोक्षमनुमानेन यच्च बुद्ध्यामहे वयम् ।
प्रत्यक्षं योगिनां तच्चेत्युक्तं प्रत्यक्षलक्षणे ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प्रत्यक्षमनुमानं च तदेवं कर्तृतामितौ ।
मूलप्रमाणमस्तीति स्मृतौ नान्धपरम्परा ॥
मन्त्रार्थवादमूलत्वं तत एव न तत्स्मृतेः ।
यथोदितानुमानादिप्रमाणान्तरसम्भवात् ॥

24. જે પરોક્ષ વસ્તુને આપણે અનુમાન દ્વારા જાણીએ છીએ તે યોગીઓને પ્રત્યક્ષ છે એમ અમે પ્રત્યક્ષલક્ષણમાં કહ્યું છે. તે જ પ્રમાણે વેદ પુરુષકર્તૃક છે એ જાણવા માટે પ્રત્યક્ષ અને અનુમાન મૂલપ્રમાણ છે, એટલે વેદકર્તૃસ્મરણમાં અંધપરંપરા નથી. તેથી જ વેદના કર્તા વિશેની સ્મૃતિ મંત્રાર્થવાદમૂલક નથી, કારણ કે અગાઉ જણાવી ગયા એ પ્રમાણે અનુમાન વગેરે બીજા પ્રમાણોમાંથી તે સંભવે છે.

25. यदपीतरेतराश्रयमभाषि—पुरुषोक्ते वेदे प्रामाण्यं वेदप्रामाण्यात् पुरुषसिद्धिरिति — तदपि न सम्यक्, पूर्वं परिहृतत्वात् । अनुमानात् प्रसिद्धे कर्तरि वेदवाक्यैस्तत्प्रतीतेरुपोद्वलनमिष्यते, न त्वागमैकशरण एव कर्त्रवगमः । उक्तं च पूर्वमपि पृथिव्यादिना कार्येण कर्तुरनुमानम् ।

25. પુરુષોક્ત હોવાથી વેદનું પ્રામાણ્ય છે અને વેદ પ્રમાણ હોવાથી [ તેનો કર્તા ] પુરુષ સિદ્ધ થાય છે એમ જે ઇતરેતરાશ્રયદોષ તમે આપ્યો તે પણ યોગ્ય નથી, કારણ કે તેનો નિરાસ અમે પહેલાં કરી ગયા છીએ. અનુમાનથી વેદકર્તા પુરવાર થતાં વેદવાક્યો વડે જ્ઞાત થયેલ વેદકર્તાનું સમર્થન જ અમને ઇષ્ટ છે, કેવળ વેદને આધારે જ વેદકર્તાનું જ્ઞાન અમને ઇષ્ટ નથી. પહેલાં પણ અમે જણાવી ગયા છીએ કે પૃથ્વી વગેરે કાર્યો ઉપરથી કર્તાનું અનુમાન થાય છે.

26 किं येनैव कर्त्रा पृथिव्यादि कार्यं निर्मितं तेनैव वैदिक्यो रचना निर्मिता इति चेद् ओमित्युच्यते । किमत्र प्रमाणमिति चेत्—

उच्यते तर्हि सर्वज्ञः स्रष्टुं प्रभवतीदृशम् ।
विचित्रं प्राणिभृत्कर्मफलभोगाश्रयं जगत् ॥
तत्कर्मफलसम्बन्धविदा तदुपदेशिनः ।
तेनैव वेदा रचिता इति नान्यस्य कल्पना ॥
एकेनैव च सिद्धेऽर्थे द्वितीयं कल्पयेम किम् ।
अनेककल्पनाबीजं न हि किञ्चन विद्यते ॥

26. 'શું જે કર્તાએ પૃથ્વી વગેરે કાર્યોનું નિર્માણ કર્યું તેણે જ વેદની રચના કરી ?' —એમ જો તમે મીમાંસકો પૂછતા હો તો અમે નૈયાયિકો કહીએ છીએ કે 'હા'. એમાં પ્રમાણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શું છે ?' એવો તમારો પ્રશ્ન હોય તો અમે ઉત્તર આપીએ છીએ કે પ્રાણીઓને કર્મફળ ભોગવવાના સ્થાનરૂપ વિચિત્ર વિશ્વ સર્જવા સર્વજ્ઞ સમર્થ છે. કર્મફલનો સંબંધ ઉપદેશતા વેદોને તે કર્મફલનો સંબંધ જાણતા તેણે જ રચેલા છે, એટલે બીજાની કલ્પના કરવી વ્યર્થ છે. એકથી જ અર્થ સરતો હોય તો બીજાની કલ્પના શા માટે કરીએ, કારણ કે એકથી વધારેની કલ્પના કરવા માટેનું કોઈ કારણ જ નથી.

27. जगत्सर्गे तावदेक एवेश्वर इष्यते न द्वौ बहवो वा । भिन्नाभिन्नाशयकल्पने एकत्र वैयर्थ्यादितरत्र व्यवहारवैशसप्रसङ्गेन तत एकस्येश्वरत्वविघातात् । तथा हि—

अनेकेश्वरवादो हि नातीव हृदयङ्गमः ।
ते चेत् सदृशसङ्कल्पाः कोऽर्थो बहुभिरीश्वरैः ॥
सङ्कल्पयति यदेकः शुभमशुभं वाऽपि सत्यसङ्कल्पः ।
तत्सिद्ध्यति तद्विभवादित्यपरस्तत्र किं कुर्यात् ॥
भिन्नाभिप्रायतायां तु कार्यविप्रतिषेधतः ।
नूनमेकः स्वसङ्कल्पविहत्याऽनीश्वरो भवेत् ॥
एकस्य किल सङ्कल्पो राजाऽयं क्रियतामिति ।
हन्यतामिति चान्यस्य तौ समाविशतः कथम् ॥
राज्यसङ्कल्पसाफल्ये विहता वधकामना ।
तस्याः सफलतायां वा राज्यसङ्कल्पविप्लवः ॥
तेन चित्रजगत्कार्यसंवाहानुगुणाशयः ।
एक एवेश्वरः स्रष्टा जगतामिति साधितम् ॥

27. જગતના સર્જનમાં એક જ ઈશ્વર ઇચ્છવામાં આવ્યો છે, બે કે બહુ ઇચ્છવામાં આવ્યા નથી. [એકથી વધુ ઈશ્વરો છે એ પક્ષમાં બે વિકલ્પો સંભવે છે–] તે ઈશ્વરોના આશયો કાં તો ભિન્ન હોય કાં તો અભિન્ન. જો અભિન્ન આશય હોય તો એકથી વધુ ઈશ્વરો વ્યર્થ છે જો ભિન્ન આશય હોય તો બીજાના વ્યવહારના નાશના પ્રસંગથી તે બીજાના ઈશ્વરત્વનો વિઘાત થાય. બીજા શબ્દોમાં અનેકેશ્વરવાદ હૃદયંગમ નથી. તે અનેક સરખા સંકલ્પવાળા હોય તો અનેક ઈશ્વરોનું શું પ્રયોજન ? એક સત્યસંકલ્પ ઈશ્વર શુભ કે અશુભનો સંકલ્પ કરે છે અને તે તેની વિભૂતિથી (=ઐશ્વર્યથી) પાર પાડે છે, એટલે બીજો ઈશ્વર એમાં શું કરે ? [કંઈ નહિ. અર્થાત્ બીજા ઈશ્વરની કોઈ આવશ્યકતા નથી.] ભિન્ન આશયો હોય તો એકનો સંકલ્પ બીજાના કાર્યને થવા ના દે એટલે પેલો બીજો પોતાના સંકલ્પના વિઘાતને પરિણામે અનીશ્વર બને. એક સંકલ્પ કરે કે આને રાજા કરો અને બીજો સંકલ્પ કરે કે આ હણાઓ, બંને સંકલ્પો અથડાયા વિના કેમ રહે ? 'આ રાજા થાઓ' એવો સંકલ્પ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સફળ થાય તો તેના વધની કામના ભાંગી પડે અને તે કામના સફળ થાય તો 'રાજા થાઓ' એવો સંકલ્પ ભાંગી પડે. તેથી વિચિત્ર જગતરૂપ કાર્યના માટે અનુરૂપ સંકલ્પવાળો એક જ ઈશ્વર જગતનો સર્જનહાર છે એ પુરવાર થયું.

28. एवं जगत्सर्गवत् स एव वेदानामप्येकः प्रणेता भवितुमर्हति, नानात्वकल्पनायां प्रमाणाभावात् कल्पनागौरवप्रसङ्गाच्च । तेन यदुच्यते—

नन्वेकः सर्वशाखानां कर्तेत्यवगतं कुतः ।
बहवो बहुभिर्ग्रन्थाः कथं न रचिता इमे ॥

इति तत्परिहृतं भवति। अतश्चैककर्तृका वेदाः, यतः परस्परव्यतिषक्तार्थोपदेशिनो दृश्यन्ते । एकमेव हि कर्म वेदचतुष्टयोपदिष्टैः पृथग्भूतैरप्येकार्थसमवायिभिरङ्गैरन्वितं प्रयुज्यते। तत्र हि हौत्रमृग्वेदेन, यजुर्वेदेनाध्वर्यवम्, औद्गात्रं सामवेदेन, ब्रह्मत्वमथर्ववेदेन च क्रियते । पैप्पलादादिशाखाभेदोपदिष्टं च तत्तदङ्गजातं तत्र तत्रापेक्ष्यते । तत्र सर्वशाखाप्रत्ययमेकं कर्मेत्याहुः । एतच्चादूर एवाग्रे निर्णेष्यते ।

एकाभिप्रायबद्धत्वं तेन सर्वत्र गम्यते ।
भवेद्भिन्नाशयानां हि कथमेकार्थमीलनम् ॥

૨૮. આમ જગતના સર્જનની જેમ વેદોનોય પ્રણેતા તે જ એક છે, કારણ કે અનેકની કલ્પના માટે પ્રમાણનો અભાવ છે, તેમ જ કલ્પનાગૌરવની આપત્તિ આવે છે. તેથી, 'બધી જ વેદશાખાઓનો કર્તા એક છે એવું જ્ઞાન ક્યાંથી થયું ? અનેકે આ અનેક ગ્રંથો શા માટે ન રચ્યા ?' એમ જે કહેવામાં આવ્યું છે તેનો નિરાસ થઈ જાય છે. વેદોનો કર્તા એક છે, કારણ કે પરસ્પર સંબદ્ધ અર્થોનો ઉપદેશ વેદોમાં જણાય છે. ચાર વેદોએ ઉપદેશેલા એકાર્થસમવાયી જુદા જુદા અંગો વડે અન્વિત એક જ કર્મ પ્રયોજાય છે. એ મુખ્ય કર્મના અનુષ્ઠાનમાં હોતા પોતાની ફરજો ઋગ્વેદ પ્રમાણે, અધ્વર્યુ પોતાની ફરજો યજુર્વેદ પ્રમાણે, ઉદ્ગાતા પોતાની ફરજો સામવેદ પ્રમાણે અને બ્રહ્મા પોતાની ફરજો અથર્વવેદ પ્રમાણે બજાવે છે. પૈપ્પલાદ આદિ વેદશાખાઓએ ઉપદેશેલા તે તે અંગભૂત કર્મોની તે તે મુખ્ય કર્મોમાં અપેક્ષા રાખવામાં આવે છે. એક કર્મની પ્રતીતિ (યા/અને ઉત્પત્તિ) બધી વેદશાખાઓને અધીન છે એમ તેઓ કહે છે. આ વસ્તુ નજીકમાં જ આગળ ઉપર અમે નિર્ણીત કરીશું. તેથી, સર્વત્ર એકાભિપ્રાયથી બધું સંબદ્ધ જણાય છે; ભિન્ન આશયોવાળા એક અર્થ સાધવામાં સંયોજાય કેવી રીતે ?

29. काव्यसमस्यापूरणे का वार्तेति चेत्—
तत्रापि प्रथमस्यैव कवेस्तद्वस्तुदर्शनात् ।
तदभिप्रायवेदी तु सोऽन्यस्तमनुवर्तते ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अन्यथाऽनन्वितं काव्यं स्याद्विश्ववसुकाव्यवत् ।
अन्वितत्वे तु सा नूनमाद्यस्यैव कवेर्मतिः ॥
इहाप्येकाशयाभिज्ञद्वितीयेश्वरकल्पने ।
एकाभिप्रायतैव स्यात् किं स्यात् तत्कल्पने फलम् ॥

तस्मादेक एव कर्ता सर्वशाखानां, काठकादिव्यपदेशस्तु प्रकृष्टाध्ययननिबन्धनो भविष्यतीति भवद्भिरप्युक्तम् ।

29. મીમાંસક— જો એમ હોય તો કાવ્યસમસ્યાપૂરણની બાબતમાં શું કહેશો ? [ત્યાં તો એક વ્યક્તિ એક પાદ રચે છે અને બાકીનાં પાદો બીજી વ્યક્તિ રચે છે.]

નૈયાયિક—ત્યાં પણ પ્રથમ કવિની જ (અર્થાત્ તેના મનમાં રહેલી) પેલી [પૂરણીય] વસ્તુનું દર્શન થવાને કારણે તેના અભિપ્રાયને જાણનારો તે બીજો (અર્થાત્ પૂર્તિ કરનારો) તેના અભિપ્રાયને અનુસરે છે. અન્યથા, વિશ્વવસુકાવ્યની જેમ કાવ્ય અનન્વિત–અસંબદ્ધ–બની જાય. પ્રથમ પાદના અર્થ સાથે બાકીના પાદોના અર્થો અન્વિત હોય તો કાવ્યસમસ્યાપૂરણ ખરેખર આદ્ય કવિની જ મતિ ગણાય. અહીં પણ એક ઈશ્વરના આશયને જાણનારો બીજો ઈશ્વર કલ્પવામાં આવે તો બધા વેદોમાં પ્રથમ ઈશ્વરનો આશય જ વ્યાપ્ત રહે; વળી તે બીજા ઈશ્વરને કલ્પવાનું ફળ શું ? તેથી બધી વેદશાખાઓનો કર્તા એક જ છે. કાઠક આદિ નામો તો પ્રકૃષ્ટ અધ્યયનને કારણે બનશે એમ આપે પણ કહ્યું છે.

30. अपि च यथा तरोर्विक्षिप्ताः शाखा भवन्ति, न च कृत्स्नं पुष्पफलपत्रमेकस्यां शाखायां सन्निहितं भवति, किन्तु कस्याञ्चित्कस्याञ्चित्, एवं वेदस्यापि शाखाः पृथगङ्गकर्मोपदेशिन्यो विक्षिप्ताश्च ।

तासां च वृक्षशाखानामेकस्माज्जन्म बीजतः ।
तथैव सर्वशाखानामेकस्मात् पुरुषोत्तमात् ॥

30. વળી, જેમ વૃક્ષની શાખાઓ જુદી જુદી દિશાઓમાં ફેલાય છે, અને બધાં પુષ્પો, ફળો અને પત્રો એક શાખામાં જ ભેગાં થઈ જતાં નથી પરંતુ કેટલાંક કોઈ ડાળીમાં તો કેટલાંક કોઈ અન્ય ડાળીમાં હોય છે તેમ વેદની શાખાઓ જુદી જુદી દિશાઓમાં ફેલાયેલી છે અને જુદાં જુદાં અંગ કર્મોનો ઉપદેશ દેનારી છે. જેમ તે બધી વૃક્ષશાખાઓનો જન્મ એક બીજમાંથી થયો છે તેમ બધી વેદશાખાઓનો ઉદ્ભવ એક ઈશ્વરમાંથી થયો છે.

31. कर्ता य एव जगतामखिलात्मवृत्ति-
कर्मप्रपञ्चपरिपाकविचित्रताज्ञः ।
विश्वात्मना तदुपदेशपराः प्रणीता-
स्तेनैव वेदरचना इति युक्तमेतत् ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

आप्तं तमेव भगवन्तमनादिमीश-
　　माश्रित्य विश्वसिति वेदवचस्सु लोकः ।
तेषामकर्तृकतया न हि कश्चिदेवं
　　विस्रम्भमेति मतिमानिति वर्णितं प्राक् ॥

एवं च पदवाक्यरचनादौ तावद् वेदेषु पुरुषापेक्षित्वमुपपादितम् ।

यदपि सम्बन्धकरणे पुरुषानपेक्षत्वमुच्यते, चित्रभानोरिव दहनशक्तिः शब्दस्य नैसर्गिकी वाचकशक्तिः, व्युत्पत्तिस्तु वृद्धेभ्य एव व्यवहरमाणेभ्य उपलभ्यते इति किमत्र पुरुषः करिष्यतीति, तदप्यघटमानम्, पुरुषपरिघटितसमयसम्बन्धव्यतिरेकेण शब्दादर्थप्रत्ययानुत्पत्तेः ।

31. બધા જીવાત્માઓનાં વિવિધ કર્મો અને તે કર્મોનાં વિવિધ ફળોની વિચિત્રતાને જાણનારો જગતોનો જે કર્તા છે તે વિશ્વાત્મા ઈશ્વરે જ પોતાના ઉપદેશપરક વેદોની રચના કરી છે એમ યોગ્ય જ કહેવાયું છે. તે અનાદિ, ભગવાન, આપ્ત ઈશ્વરને કારણે લોકો વેદવચનોમાં વિશ્વાસ કરે છે. વેદો તે ઈશ્વરની કૃતિ ન હોય તો કોઈ બુદ્ધિમાન વેદોમાં વિશ્વાસ કરે નહિ એમ અમે પહેલાં જણાવી ગયા છીએ. આમ, વેદોની પદરચના, વાક્યરચના, વગેરેમાં પુરુષાપેક્ષિતા ઘટાવવામાં આવી. 'શબ્દનો અર્થ સાથે સંબંધ કરવામાં ઈશ્વરની અપેક્ષા નથી, સૂર્યની દહનશક્તિની જેમ શબ્દની વાચકશક્તિ નૈસર્ગિક છે, અમુક શબ્દનો અમુક અર્થ છે એ જ્ઞાન તો વાતચીત કરતા વડીલો પાસેથી પ્રાપ્ત થાય છે, એટલે એમાં ઈશ્વર શું કરશે ?–' એમ જે કહેવામાં આવ્યું તે પણ ઘટતું નથી, કારણ કે ઈશ્વરે કરેલા સંકેતસંબંધ વિના શબ્દમાંથી અર્થનું જ્ઞાન ન થાય.

32. ननु नैव शब्दस्यार्थेन सम्बन्धः कश्चिदस्ति, कस्येदं पुरुषसापेक्षत्वं तन्निरपेक्षत्वं वा चिन्त्यते ? न हि शब्दार्थयोः कुण्डबदरयोरिव संयोगस्वभावः तन्तुपटयोरिव समवायात्मा वा सम्बन्धः प्रत्यक्षमुपलभ्यते । तन्मूलत्वाच्च सम्बन्धान्तराण्यपि न सन्ति । तदुक्तं मुखे शब्दमुपलभामहे भूमावर्थमिति । नाप्यनुमीयते शब्दस्यार्थेन सम्बन्धः, क्षुरमोदकशब्दोच्चारणे मुखस्य पाटनपूरणानुपलम्भात् । न च शब्ददेशे अर्थः सम्भवति, न चार्थदेशे शब्दः, स्थानकरणप्रयत्नानां तद्धेतूनां घटाद्यर्थदेशेऽनुपलम्भात् । व्यापकत्वं तु शब्दस्य प्रतिषिद्धमेव ।

32. શંકા — શબ્દનો અર્થ સાથે કોઈ સંબંધ જ નથી, તો પછી કોની બાબતમાં પુરુષસાપેક્ષતા કે પુરુષનિરપેક્ષતાનો વિચાર કરો છો ? કુંડા અને બોર વચ્ચે સંયોગરૂપ સંબંધ જેમ પ્રત્યક્ષ જ્ઞાત થાય છે તેમ શબ્દ અને અર્થ વચ્ચે સંયોગરૂપ સંબંધ પ્રત્યક્ષ જ્ઞાત થતો નથી. [તેથી શબ્દ અને અર્થ વચ્ચે સંયોગસંબંધ નથી]. તંતુ અને પટ વચ્ચે સમવાયરૂપ સંબંધ પ્રત્યક્ષ જ્ઞાત થાય છે તેમ શબ્દ અને અર્થ વચ્ચે સમવાયરૂપ સંબંધ પ્રત્યક્ષ જ્ઞાત થતો નથી. [ તેથી શબ્દ અને અર્થ વચ્ચે સમવાય સંબંધ પણ નથી. ] બીજા બધા સંબંધો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંયોગ અને સમવાયમૂલક હોવાથી, તે બીજા સંબંધો પણ શબ્દ અને અર્થ વચ્ચે નથી. તેથી કહ્યું છે કે 'આપણને મુખમાં શબ્દનું જ્ઞાન થાય છે અને ભૂમિ ઉપર અર્થનું જ્ઞાન થાય છે.' શબ્દનો અર્થ સાથેનો સંબંધ અનુમાનથી પણ જ્ઞાત થતો નથી, કારણ કે 'અસ્ત્રો' 'લાડુ' એ શબ્દો ઉચ્ચારતાં મુખ [અસ્ત્રાથી] કપાતું કે [લાડુથી] પૂરાતું જણાતું નથી. શબ્દદેશમાં અર્થ સંભવતો નથી અને અર્થદેશમાં શબ્દ સંભવતો નથી, કારણ કે શબ્દના હેતુભૂત સ્થાન, કરણ અને પ્રયત્નો ઘટ આદિ અર્થ જે દેશમાં હોય તે દેશમાં જણાતાં નથી. શબ્દની વ્યાપકતાનું તો તમે નૈયાયિકોએ ખંડન કર્યું છે જ.

33. उच्यते । न संश्लेषलक्षणः शब्दार्थसम्बन्धोऽस्माभिरभ्युपगम्यते ।

तत् किं कार्यकारणनिमित्तनैमित्तिकाश्रयाश्रयिभावादयः शब्दस्यार्थेन सम्बन्धाः ।

एतेऽपि नतराम् ।

न तर्हि तस्य कश्चिदर्थेन सम्बन्धः ।

न नास्ति शब्दस्यार्थेन सम्बन्धः, प्रत्ययनियमहेतुत्वाद् धूमादिवत् ।

तत् किं शब्दार्थयोरविनाभावः सम्बन्धः ।

सोऽपि नास्ति, एवं हि शब्दोऽनुमानमेव स्यात् ।

कस्तर्हि ?

समय इति ब्रूमः ।

कोऽयं समयो नाम ?

अभिधानाभिधेयनियमनियोगः समय उच्यते ।

यद्येवं किमनाशङ्कनीयसंश्लेषपरिचोदनेन तद्दूषणेन च ? ।

उच्यते । शब्दार्थाभेदवादिनां हि वैयाकरणानामेष संश्लेषरूपः सम्बन्धो बलादापतति इति त एव प्रतिक्षेप्यन्ते ।

33. નૈયાયિક—અમે ઉત્તર આપીએ છીએ કે સંશ્લેષરૂપ શબ્દાર્થસંબંધ અમે માનતા નથી.

મીમાંસક—તો શું કાર્યકારણભાવ, નિમિત્તનૈમિત્તિકભાવ, આશ્રયાશ્રયિભાવરૂપ સંબંધો શબ્દ અને અર્થ વચ્ચે માનો છો ?

નૈયાયિક—આ સંબંધો પણ નથી માનતા.

મીમાંસક—તો શું શબ્દનો અર્થ સાથે કોઈ સંબંધ જ નથી ?

નૈયાયિક—શબ્દનો અર્થ સાથે સંબંધ નથી એમ નહિ, કારણ કે જેમ ધૂમ વગેરે [અગ્નિ વગેરેના] જ્ઞાપક હેતુ છે તેમ [અમુક શબ્દ દ્વારા અમુક અર્થનું] જ્ઞાન થવાનો જે નિયમ છે તે શબ્દાર્થસંબંધનો જ્ઞાપક હેતુ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મીમાંસક—તો શું શબ્દ અને અર્થ વચ્ચે અવિનાભાવસંબંધ છે ?

નૈયાયિક— તે પણ નથી કારણ કે એમ હોય તો શબ્દપ્રમાણ અનુમાનપ્રમાણ જ બની જાય.

મીમાંસક—તો પછી કયો સંબંધ છે ?

નૈયયિક— સમયસંબંધ છે એમ કહીએ છીએ.

મીમાંસક—આ સમયસંબંધ એ શું છે ?

નૈયાયિક—'આ અભિધાન છે અને એનું આ અભિધેય છે' એવા નિયમની [ઇચ્છાપૂર્વક] સ્થાપના દ્વારા અમુક શબ્દનું અમુક અર્થ સાથે મનથી કરવામાં આવેલ જોડાણ એ સમય કહેવાય છે.

મીમાંસક—જો એમ હોય તો જેની શંકા ન કરવી જોઈએ એવા સંશ્લેષરૂપ સંબંધની શંકા કરી તે સંબંધના દૂષણ બતાવવાનો શો અર્થ ?

નૈયાયિક—અમે ઉત્તર આપીએ છીએ. શબ્દ અને અર્થનો અભેદ માનનારા વૈયાકરણોની ઉપર સંશ્લેષરૂપ આ સંબંધ, તેમની માન્યતામાંથી ફળબળે ફલિત થતો હોવાથી, આવી પડે છે એટલે તેમનું અમે ખંડન કર્યું છે.

34. आह— यदि वैयाकरणवर्णितो न संश्लेष उपपत्तिमान्, समयोऽप्ययमनुपपन्न एव, स हि पुरुषकृत सङ्केतः । न च पुरुषेच्छया वस्तुनियमोऽवकल्पते, तदिच्छाया अव्याहतप्रसरत्वात् । अर्थोऽपि किमिति वाचको न भवति, शब्दश्च वाच्यः ? न चैवमस्ति—दहनमनिच्छन्नपि पुरुषो धूमान्न तं प्रत्येति, जलं वा तत इच्छन्नपि प्रतिपद्यते । तत्र यथा धूमाग्न्योर्नैसर्गिक एवाविनाभावो नाम सम्बन्धः ज्ञप्तये तु भूयोदर्शनादि निमित्तमाश्रीयते, एवं शब्दार्थयोस्सांसिद्धिक एव शक्त्यात्मा सम्बन्धः तद्व्युत्पत्तये तु वृद्धव्यवहारप्रसिद्धिसमाश्रयणम् ।

34. મીમાંસક—જો વૈયાકરણોએ વર્ણવેલો સંશ્લેષરૂપ સંબંધ ઘટતો ન હોય તો સમયસંબંધ પણ અઘટમાન જ રહે છે, કારણ કે સમયસંબંધ પુરુષકૃત સંકેત છે; અને પુરુષની ઇચ્છા પ્રમાણે વસ્તુનિયમ વર્તતો નથી, કારણ કે પુરુષની ઇચ્છા વ્યાઘાત પામ્યા વિના બધે જ પ્રસરે છે અર્થાત્ ઉચ્છૃંખલ છે. [પુરુષની ઇચ્છા ઉચ્છૃંખલ હોઈ, પુરુષની ઇચ્છા પ્રમાણે] અર્થ પણ કેમ વાચક બનતો નથી અને શબ્દ કેમ વાચ્ય બનતો નથી ? અગ્નિને [ધૂમ ઉપરથી જાણવા] ન ઇચ્છતો હોવા છતાં પુરુષ ધૂમ ઉપરથી અગ્નિને જાણે નહિ એવું બનતું નથી, કે જલને ધૂમ ઉપરથી [જાણવા] ઇચ્છતો હોવા છતાં પુરુષ જલને ધૂમ ઉપરથી જાણે એવું બનતું નથી. ત્યાં જેમ ધૂમ અને અગ્નિ વચ્ચે નૈસર્ગિક અવિનાભાવસંબંધ છે પરંતુ તે સંબંધને જાણવા ભૂયોદર્શન વગેરે નિમિત્તોનો આશ્રય લેવાય છે તેમ શબ્દ અને અર્થ વચ્ચે વાચ્યવાચકશકિતરૂપ સંબંધ નૈસર્ગિક જ છે પરંતુ તેને જાણવા માટે વૃદ્ધવ્યવહાર અને પ્રસિદ્ધિનો આશરો લેવાય છે.

35. स्वाभाविके सम्बन्धे सति दीपादिवत् किं तद्व्युत्पत्त्यपेक्षणेनेति चेत् ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

न, शब्दस्य ज्ञापकत्वात् । ज्ञापकस्य धूमादेरेतद्रूपं यत् सम्बन्धग्रहणापेक्षं स्वज्ञाप्यज्ञापकत्वम् । उद्योतादयस्तु प्रत्यक्षसामग्र्यन्तर्गतत्वान्न व्युत्पत्त्यपेक्षा भवन्ति । शक्तिस्तु नैसर्गिकी यथा रूपप्रकाशिनी दीपादेस्तथा शब्दस्यार्थप्रतिपादने । तस्मात् न समयमात्रादर्थप्रतिपत्तिः ।

35. શબ્દ અને અર્થ વચ્ચે સ્વાભાવિક સંબંધ હોય તો જેમ દીપ વગેરેના જ્ઞાનની અપેક્ષા ઘટાદિ અર્થને જાણવા માટે નથી તેમ શબ્દાર્થસંબંધના જ્ઞાનની અપેક્ષાની પણ અર્થને જાણવા માટે શી જરૂર એમ તમે નૈયાયિકો કહેતા હો તો એ બરાબર નથી કારણ કે શબ્દ જ્ઞાપક છે. જ્ઞાપક ધૂમ વગેરેનો એ સ્વભાવ છે કે સંબંધગ્રહણની અપેક્ષાપૂર્વક જ તે પોતાના જ્ઞાપ્યનું જ્ઞાન કરાવે છે. પ્રકાશ વગેરે પ્રત્યક્ષની કારણસામગ્રીમાં સમાવિષ્ટ હોવાથી તેમના જ્ઞાનની અપેક્ષા રહેતી નથી. જેમ દીપ વગેરેની રૂપને પ્રકાશિત કરવાની શક્તિ નૈસર્ગિક છે તેમ શબ્દની અર્થનું પ્રતિપાદન કરવાની શક્તિ નૈસર્ગિક છે. તેથી કેવળ સમયસંબંધ હોવા માત્રથી અર્થનું જ્ઞાન થાય નહિ, [શબ્દ અને અર્થ વચ્ચે સ્વાભાવિક સંબંધ હોવો અર્થનું જ્ઞાન થવા માટે જરૂરી છે. ]

36. अपि चाभिधानाभिधेयनियमनियोगरूपः समयो ज्ञानमेव, न ततोऽर्थान्तरम् । ज्ञानं चात्मनि वर्तते, न च शब्दार्थयोरिति न तयोः सम्बन्धः स्यात् ।

36. વળી, 'આ અભિધાન છે અને આ એનું અભિધેય છે' એવા નિયમની ઇચ્છાપૂર્વક સ્થાપના દ્વારા અમુક શબ્દનો અમુક અર્થ સાથે મનથી કરવામાં આવેલો જોડાણરૂપ સમયસંબંધ પોતે જ્ઞાન જ છે, જ્ઞાનથી અતિરિક્ત બીજી કોઈ વસ્તુ નથી અને જ્ઞાન તો આત્મામાં હોય છે, શબ્દ અને અર્થમાં હોતું નથી, એટલે શબ્દ અને અર્થનો સમયસંબંધ બનશે નહિ.

37. किञ्च समयः क्रियमाणः प्रत्युच्चारणं वा क्रियते प्रतिपुरुषं वा सर्गादौ वा सकृदीश्वरेणेति ? । प्रत्युच्चारणं प्राक्तन एव क्रियते नूतनो वा ? नवस्य तावत् क्रियमाणस्य कथमर्थप्रत्यायनसामर्थ्यमवगम्यते ? तदवगतौ वा किं तत्करणेन ? पूर्वकृतस्य तु कृतत्वादेव पुनः करणमनुपपन्नम् । एकस्य वस्तुनो ज्ञप्तिरसकृदावर्तते, नोत्पत्तिः ।

37. ઉપરાંત, સમયસંબંધ જ્યારે કરાય છે ત્યારે શબ્દના પ્રત્યેક ઉચ્ચારણે કરાય છે, દરેક પુરુષે કરાય છે કે સર્ગના આદિમાં એક વાર ઈશ્વર વડે કરાય છે ? શબ્દના પ્રત્યેક ઉચ્ચારણે સમયસંબંધ કરાતો હોય તો તે જૂનો ને જૂનો જ ફરી કરાય છે કે નવો કરાય છે ? [જો તે નવો જ કરાતો હોય તો] નવા જ કરાતા સમયસંબંધનું અર્થ જણાવવાનું સામર્થ્ય કેવી રીતે જ્ઞાત થાય છે ? તે સામર્થ્ય [પહેલેથી અર્થાત્ જૂના સમયસંબંધવખતથી જ] અવગત હોય તો પછી [નવો] સમયસંબંધ કરવાની શી જરૂર ? [જૂનો ને જૂનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમયસંબંધ ફરી કરાતો હોય તો] પૂર્વકૃત સમયસંબંધ કરેલો હોઈ તેને જ ફરી કરવાનું ઘટે નહિ; એક વસ્તુની જ્ઞપ્તિ અનેક વાર ફરી ફરી થાય, ઉત્પત્તિ ન થાય.

38. प्रतिपुरुषमपि सम्बन्धो भिन्नोऽभिन्नो वा क्रियते ? भेदपक्षे कथमेकार्थसंज्ञानम् गोशब्दस्य सास्नादिमानर्थः, केसरादिमानश्वशब्दस्येति ? अभेदेऽपि तथैव कृतस्य करणायोगात् ज्ञानमेव सम्बन्धस्य करणम् । सर्गादावपि सकृत्सम्बन्धकरणमयुक्तं तथाविधकालासम्भवादेव, न हि शब्दार्थव्यवहाररहितः कश्चित्काल उपपद्यते । तस्मान्नित्यस्यैव सम्बन्धस्य लोकतो व्युत्पत्तिः, न पुनः करणम् ।

38. દરેક પુરુષે સમયસંબધ કરાતો હોય તો તે સમયસંબંધ પુરુષે પુરુષે જુદો જુદો કરાય છે કે એકનો એક ? જો પુરુષે પુરુષે જુદો જુદો કરાતો હોય તો 'ગો'શબ્દનો અર્થ 'ઘાબળી વગેરે ધરાવતું પ્રાણી', 'અશ્વ'શબ્દનો અર્થ 'કેશવાળી વગેરે ધરાવતું પ્રાણી' એમ [એક શબ્દથી બધાંને] એક અર્થનું જ્ઞાન કેમ થાય ? જો પુરુષે પુરુષે [જુદો નહિ પણ] એકનો એક જ સમયસંબંધ કરાતો હોય તો કરેલાને કરવાનું ઘટતું ન હોઈ સંબંધને કરવો એટલે સંબંધને જાણવો એ જ.

સર્ગના આદિમાં પણ એક વાર સમયસંબંધ કરવાનું તર્કસંગત નથી, કારણ કે તેવા કાળનો સંભવ જ નથી. [તેવા કાળનો સંભવ નથી] કારણ કે શબ્દાર્થવ્યવહાર રહિત કોઈ કાળ જ ઘટતો નથી. તેથી લોકો પાસેથી નિત્ય સંબંધનું જ્ઞાન જ થાય છે, સંબંધની ઉત્પત્તિ થતી નથી.

39. व्युत्पत्तिपक्षं च न करणपक्षाभिहिता दोषाः स्पृशन्ति, प्रत्यक्षसिद्धत्वात् । प्रत्यक्षं हीदमुपलभ्यते । वृद्धानां हि स्वार्थे व्यवहरमाणानामुपश्रृण्वन्तो बालास्ततस्ततः शब्दात्तं तमर्थं प्रतियन्ति । तेऽपि वृद्धा यदा बाला आसंस्तदाऽन्येभ्यो वृद्धेभ्यस्तथैव प्रतिपन्नवन्तस्तेऽप्यन्येभ्य इति नास्त्यादिस्संसारस्येति ।

39. ઉત્પત્તિપક્ષમાં જણાવેલા દોષો જ્ઞાનપક્ષને સ્પર્શતા નથી, કારણ કે જ્ઞાનપક્ષ પ્રત્યક્ષસિદ્ધ છે; તે પ્રત્યક્ષસિદ્ધ છે કારણ કે આ પ્રત્યક્ષ ઉપલભ્ય છે. પોતાના અર્થને જણાવતા વૃદ્ધોને સાંભળતા બાળકો તે તે શબ્દમાંથી તે તે અર્થને સમજે છે. તે વૃદ્ધો પણ જ્યારે બાળકો હતા ત્યારે તેમણે અન્ય વૃદ્ધો પાસેથી તે રીતે જ જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. તે અન્ય વૃદ્ધોએ પણ અન્ય પાસેથી [બાળપણમાં તે જ રીતે જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું.] આમ સંસારને આદિ નથી.

40. अपि च समयमात्रशरणः शक्तिशून्यः शब्दः कथमक्षिनिकोचहस्तसंज्ञादिभ्यो भिद्येत ? स हि तदानीं कशाङ्कुशप्रतोदाभिघातस्थानीय एव भवेत् । तथा च शब्दादर्थं प्रतिपद्यामहे इति लौकिको व्यपदेशो बाध्येत, समयादर्थं प्रतिपद्यामहे

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

इति स्यात् । समयपक्षे च यदृच्छाशब्दतुल्यत्वं सर्वशब्दानां प्राप्नोति । तेन गवाश्वादिशब्दानां नियतविषयत्वं न स्यात् ।

**40**. વળી, જે પોતે શકિતશૂન્ય છે અને કેવળ સમય જ જેનું શરણુ છે તે શબ્દ કેવી રીતે આંખનો મીચકાર, હાથની સંજ્ઞા વગેરેથી જુદો પડે ? કારણ કે ત્યારે તો તે ચાબુક-અંકુશ-આરના ફટકા જેવો જ બને, અને શબ્દ દ્વારા અર્થને અમે જાણીએ છીએ એ લૌકિક વાત બાધિત થાય, સમય દ્વારા અર્થને અમે જાણીએ છીએ એમ કહેવાનું થાય. વળી, સમયપક્ષમાં યદૃચ્છાશબ્દના જેવા બધા શબ્દો બની જાય, પરિણામે 'ગો' 'અશ્વ' આદિ શબ્દોનું નિયતવિષયત્વ ન રહે.

41. यत्पुनरुच्यते 'जातिविशेषे चानियमात्' [न्यायसूत्र २.१.५७] समयरूपः सम्बन्ध इति । जातिशब्देनात्र देशो विवक्षितः । किल क्वचिद्देशविशेषे कश्चिच्छब्दो देशान्तरप्रसिद्धमर्थमुत्सृज्य ततोऽर्थान्तरे वर्तते, यथा चौरशब्दस्तस्करवचन ओदने दाक्षिणात्यैः प्रयुज्यते । एतच्च समयपक्षे युज्यते, नित्ये तु सम्बन्धे कथं तदर्थव्यभिचार इति ? तदप्ययुक्तम्, सर्वशब्दानां सर्वार्थप्रत्यायनशक्तियुक्तत्वात् क्वचिद्देशे केनचिदर्थेन व्यवहारः । अत एव चानवगतसम्बन्धे श्रुते सति सन्देहो भवति 'कमर्थं प्रत्याययितुमनेनायं शब्दः प्रयुक्तः स्यात्' इति । असत्यां हि शक्तौ अकृतसमये निरवलम्बना प्रत्यायकत्वाशङ्केति । अथ वाऽऽर्यदेशप्रसिद्ध एव शब्दानामर्थः इतरस्तु म्लेच्छजनसम्मतो नादरणीय एव । तस्मात् समयपक्षस्यातिदौर्बल्यादकृत्रिम एव शब्दार्थयोः सम्बन्ध इति न तत्र पुरुषस्य प्रभविष्णुता ।

41. વળી, તમે નૈયાયિકો કહો છો કે ભિન્ન ભિન્ન જાતિમાં એકનો એક શબ્દ એકના એક અર્થમાં પ્રયોજાતો ન હોવાથી શબ્દ અને અર્થ વચ્ચેનો સંબંધ [સ્વાભાવિક નથી પણ] સમયરૂપ છે. 'જાતિ' શબ્દથી અહીં પ્રદેશ વિવક્ષિત છે. કહેવાય છે કે કોઈક પ્રદેશમાં અમુક શબ્દ બીજા પ્રદેશમાં તેનો જે પ્રસિદ્ધ અર્થ હોય છે તે છોડી બીજા જ અર્થમાં પ્રયોજાય છે, જેમકે 'ચોર' શબ્દ જે [ઉત્તરમાં] તસ્કરવાચ્ય છે તેને દાક્ષિણાત્યો ભાત (=ચોખા) ના અર્થમાં પ્રયોજે છે. અને આ વસ્તુ સમયપક્ષમાં ઘટે છે; સંબંધ નિત્ય સ્વાભાવિક હોય તો શબ્દનો આ અર્થવ્યભિચાર કેવી રીતે હોય ? [નૈયાયિકોનું આ કહેવું] બરાબર નથી, કારણ કે બધા શબ્દો (અર્થાત્ પ્રત્યેક શબ્દ) બધા અર્થોનું જ્ઞાન કરાવવા શક્તિમાન હોઈ કોઈક દેશમાં કોઈક અર્થમાં પ્રયોજાય છે. તેથી જ સંબંધ અજ્ઞાત હોય છે ત્યારે શબ્દ સાંભળતાં સંદેહ થાય છે કે 'કયો અર્થ જણાવવા તેણે આ શબ્દ પ્રયોજ્યો હશે ? ' શબ્દમાં અર્થ જણાવવાની શકિત ન હોય અને સમયસંબંધ કર્યો ન હોય તો પ્રત્યાયકતાની શંકા નિર્વિષય બની જાય. અથવા, આર્યદેશમાં પ્રસિદ્ધ હોય તે જ અર્થ શબ્દોનો છે, મ્લેચ્છોને સંમત બીજો અર્થ અનાદરણીય જ છે. [આમ અર્થવ્યભિચાર છે જ નહિ એટલે નિત્ય સ્વાભાવિક સંબંધ માનવામાં બાધ આવતો નથી.] નિષ્કર્ષ એ કે સમયપક્ષ અતિ દુર્બલ હોઈ શબ્દાર્થસંબંધ સ્વાભાવિક છે એટલે ત્યાં પુરુષનું પ્રભુત્વ નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

42. अत्रोच्यते । न नित्यः सम्बन्ध उपपद्यते, शब्दवदर्थवच्च तृतीयस्य तस्य प्रत्यक्षादिना प्रमाणेनाप्रतीयमानत्वात् ।

ननु शक्तिरूपः सम्बन्ध इत्युक्तम् । शक्तिश्च तदाश्रितेति कथं धर्म्यन्तरवत् पृथक्तया प्रतीयेत ।

42. નૈયાયિક—આ બાબતમાં અમે જણાવીએ છીએ કે નિત્ય સંબંધ ઘટતો નથી, કારણ કે શબ્દ અને અર્થની જેમ ત્રીજો પેલો નિત્ય સંબંધ પ્રત્યક્ષ આદિ પ્રમાણથી જ્ઞાત થતો નથી.

મીમાંસક—સંબંધ શક્તિરૂપ છે એમ અમે કહ્યું છે. અને શકિત શબ્દાશ્રિત છે, તો પછી જેમ અન્ય ધર્મી શબ્દથી પૃથક્રૂપે જણાય તેમ તે શકિત શબ્દથી પૃથક્રૂપે કેવી રીતે જણાય ?

43. नैतत् साम्प्रतम्, स्वरूपसहकारिव्यतिरिक्तायाः शक्तेः सूक्ष्मायाः प्रागेव विस्तरतः प्रतिक्षिप्तत्वात् । न च शक्तिः प्रत्यक्षगम्या, द्रव्यस्वरूपवदनुपलम्भात् । नानुमेया, कार्याणामन्यथाऽपि घटमानत्वात् । कल्पयित्वा च शक्तिमपरिहार्यः समयः, समयमन्तरेणार्थप्रतिपत्तेरसिद्धेः । सिद्धे च समये तत एवार्थसिद्धेः किं नित्यसम्बन्धाश्रयणेन ।

43. નૈયાયિક—આ યોગ્ય નથી, કારણ કે સ્વરૂપ અને સહકારીથી જુદી સૂક્ષ્મ શકિતનો વિસ્તારથી નિરાસ અમે પહેલાં જ કરી દીધો છે. શકિત પ્રત્યક્ષગમ્ય નથી, કારણ કે તે જેમ દ્રવ્યસ્વરૂપ ઉપલબ્ધ છે તેમ ઉપલબ્ધ નથી. તે અનુમેય પણ નથી, કારણ કે કાર્યો [શકિત વિના] અન્યથા પણ ઘટી શકે છે. વળી શકિતની કલ્પના કરીનેય સમયને તો છોડી શકાય એમ છે જ નહિ, કારણ કે સમય વિના અર્થનું જ્ઞાન અસિદ્ધ રહે. [શકિતની કલ્પના કરીએ તોય, શકિત અતીન્દ્રિય હોઈ 'આ શબ્દ આ અર્થમાં શકત છે' એવો સમય તો માનવો જ પડે, અન્યથા નિયત શબ્દથી નિયત અર્થનું જ્ઞાન થાય નહિ.] એથી ઊલટું સમય સિદ્ધ હોય તો તેમાંથી જ અર્થની સિદ્ધિ થતી હોવાને કારણે નિત્ય [સ્વાભાવિક] સંબંધનો આશ્રય લેવાની શી જરૂર ?

44. यत्तूक्तं समयस्य पुरुषेच्छाधीनत्वात् तस्याश्चाव्याहतप्रसरत्वात् वाच्यवाचकव्यत्ययः स्यादिति, तदयुक्तम्, शक्त्यभावे शब्दस्यैव वाचकत्वे योग्यत्वात् । का पुनः शक्त्यभावे योग्यताऽस्येति चेत्, योऽयं गत्वादिजातियोगः क्रमविशेषोपकृतः । गत्वौत्वादिसामान्यसम्बन्धो हि यस्य भवति स वाचकत्वे योग्य इति इतरस्तु वाच्यत्वे, यथा द्रव्यत्वाद्यविशेषेऽपि वीरणत्वादिसामान्यवतां कटनिष्पत्तौ, तन्तुत्वादिसामान्यवतां च पटनिष्पत्तौ । न च तत्र शक्तिरस्तीत्युक्तम् । न च कारणे

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कार्यं सदिति सांख्यैरिव भवद्भिरिष्यते । तस्यामसत्यामपि शक्तौ सामान्यविशेषसम्बन्धस्य नियामकत्वान्न वाच्यवाचकयोर्व्यत्यय इति न शक्तिरूपः शब्दार्थयोः सम्बन्धः ।

44. સમયસંબંધ પુરુષેચ્છાધીન હોવાથી તેમ જ પુરુષેચ્છા વ્યાઘાત પામ્યા વિના પ્રસરતી હોવાથી વાચ્ય-વાચકનો વ્યત્યય થાય એમ જે તમે કહ્યું તે પણ બરાબર નથી, કારણ કે શક્તિના અભાવમાંય શબ્દ જ વાચક બનવાની યોગ્યતા ધરાવે છે. શક્તિના અભાવમાં વળી શબ્દની યોગ્યતા શી છે એમ જો તમે પૂછો તો અમારો ઉત્તર એ છે કે ક્રમવિશેષથી ઉપકૃત જે આ ગત્વાદિજાતિયોગ છે તે જ શબ્દની યોગ્યતા છે. ગત્વ, ઓત્વ, વગેરે સામાન્યો સાથે જેનો સંબંધ છે તે વાચકપણા માટે યોગ્ય છે, બીજો વાચ્યપણા માટે. ઉદાહરણાર્થ, દ્રવ્યત્વ આદિ [સામાન્યો] સમાનપણે હોવા છતાંય વીરણત્વ આદિ સામાન્યો સાથે જેમનો સંબંધ છે તેઓ જ કટને ઉત્પન્ન કરવાની યોગ્યતા ધરાવે છે, જ્યારે તન્તુત્વ આદિ સામાન્યો સાથે જેમનો સંબંધ છે તેઓ જ પટ ઉત્પન્ન કરવાની યોગ્યતા ધરાવે છે; ત્યાં શક્તિ નથી એ અમે કહ્યું છે. કારણમાં કાર્ય અસ્તિત્વ ધરાવે છે એવું સાંખ્યની જેમ તમે તો માનતા નથી. તે શક્તિનું અસ્તિત્વ ન હોવા છતાંય સામાન્યવિશેષ સાથેનો સંબંધ નિયામક હોઈ વાચ્ય–વાચકનો વ્યત્યય થતો નથી. એટલે શબ્દ–અર્થ વચ્ચેનો સંબંધ શક્તિરૂપ નથી.

45. न च तयोरविनाभावो धूमाग्न्योरिव सम्बन्धः । तत्र हि सम्बन्धः प्रतीयमान एवं प्रतीयते 'धूमोऽग्निं विना न भवति' इति । इह पुनः 'अयमस्मात् प्रतीयते' इति । एतावत्येव व्युत्पत्तिपर्यवसानम् । अत एवावगतिपूर्विकैवावगतिरिहेत्यनुमानाच्छब्दस्य भेद उक्तः ।

45. વળી, ધૂમ અને અગ્નિ વચ્ચે જેમ અવિનાભાવસંબંધ છે તેમ શબ્દ અને અર્થ વચ્ચે અવિનાભાવસંબંધ નથી. ત્યાં તો સંબંધ પ્રતીત થતાં આવા આકારની પ્રતીતિ થાય છે કે 'ધૂમ અગ્નિ વિના હોતો નથી', જ્યારે અહીં 'આ(=અર્થ) આમાંથી (=આ શબ્દમાંથી) પ્રતીત થાય છે' અને આટલામાં જ જ્ઞાનની સમાપ્તિ થાય છે. એટલે જ સમયજ્ઞાનપૂર્વક અર્થજ્ઞાન અહીં છે. આમ અનુમાનથી શબ્દનો ભેદ કહ્યો.

46. प्रकाशकत्वमपि शब्दस्य समयप्रसादोपनतमेव, न स्वाभाविकम् । सांसिद्धिके हि तथात्वे भ्रमित्वादिप्रयुक्तादन्यतो वा यतः कुतश्चिदभिनवादपि दीपादिव शब्दादर्थप्रतीतिः स्यात् ।

46. શબ્દનું પ્રકાશકત્વ પણ સમયસંબંધની સહાયથી જ આવેલું છે, સ્વાભાવિક નથી. શબ્દનું પ્રકાશકત્વ સ્વાભાવિક હોય તો ભૂલથી કે બીજી કોઈ રીતે પ્રયોજાયેલ કોઈક તદ્દન નવા શબ્દથી, દીપથી થાય છે તેમ, અર્થની પ્રતીતિ થાય.

47. यत्तु नैसर्गिकेऽपि प्रकाशकत्वे शब्दस्य धूमादेरिव ज्ञापकत्वात् सम्बन्धग्रहणसापेक्षत्वमुक्तं, स एष विषम उपन्यासः । न हि धूमादेः प्रत्यायकत्वं स्वाभा-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

त्रिकम्, अनलाविनाभावित्वं तु तस्य निजं बलम् । तत्र चागृहीते तस्मिन् प्रतीतिरेव न जायते इति युक्तं तद्ग्रहणं प्रतीत्यर्थम् । इह तु प्रतीतिशक्तिरेव स्वाभाविकी भवताऽभ्युपगम्यते । सा चेत् स्वाभाविकी, किं व्युत्पत्त्यपेक्षणेनेति ।

47. શબ્દનું પ્રકાશકત્વ સ્વાભાવિક હોવા છતાં શબ્દ ધૂમની જેમ જ્ઞાપક હોઈ તેનું પ્રકાશકત્વ [ધૂમની જેમ જ] સંબંધગ્રહણસાપેક્ષ છે એમ જે તમે મીમાંસકોએ કહ્યું તેમાં ધૂમનું દૃષ્ટાન્ત વિષમ છે, કારણ કે ધૂમનું પ્રત્યાયકત્વ (=પ્રકાશકત્વ) સ્વાભાવિક નથી પરંતુ તેનું અગ્નિ સાથેનું અવિનાભાવિત્વ સ્વાભાવિક છે. અગ્નિ સાથેનું ધૂમનું અવિનાભાવિત્વ ગૃહીત ન કર્યું હોય તો અગ્નિની પ્રતીતિ જ ન જન્મે, એ કારણે અગ્નિ સાથેના તેના અવિનાભાવિસંબંધનું ગ્રહણ અગ્નિની પ્રતીતિ માટે જરૂરી છે. અહીં તો અર્થની પ્રતીતિ કરાવવાની શક્તિ જ તમે સ્વાભાવિક સ્વીકારો છો. તે જો સ્વાભાવિક હોય તો પછી સંબંધના જ્ઞાનની અપેક્ષાની જરૂર શી ?

48. यदि चोच्यते "प्रत्यायक इति प्रत्ययं दृष्ट्वाऽवगच्छाम:, न प्रथमश्रवण इति । यावत्कृत्व: श्रुतेन 'इयं संज्ञाऽयं संज्ञी' इत्यवगम्यते तावत्कृत्व: श्रुतादर्थावगम इति" [शाबरभाष्यम् १.१.५], सोऽयं समयोपयोग एव कथितो भवति । संज्ञासंज्ञिसम्बन्धो हि समय एवोच्यते । तदुपयोगमन्तरेण प्रत्यायकत्वानवगमान्न स्वाभाविकी शक्ति: ।

48. [આના ઉત્તરમાં] જો તમે મીમાંસકો કહેશો કે [લોકમાં શબ્દપ્રયોગ પછી તરત જ ઉત્પન્ન થતાં] અર્થજ્ઞાનને [વારંવાર] જોયા પછી શબ્દ અર્થનો પ્રત્યાયક છે એવો [અનુમિતિરૂપ] નિશ્ચય આપણે કરીએ છીએ, પહેલી જ વાર શબ્દને સાંભળી આપણને એવો નિશ્ચય થતો નથી; 'આ સંજ્ઞા છે અને આ સંજ્ઞી છે' એ નિશ્ચય થવા માટે જેટલીવાર શબ્દને સાંભળવો જરૂરી છે તેટલી વાર સાંભળ્યા પછી જ શબ્દને સાંભળતાં અર્થજ્ઞાન થાય છે, તો અમે નૈયાયિકો કહીશું કે આ તો તમે સમયનો ઉપયોગ જ જણાવ્યો કારણ કે સંજ્ઞાસંજ્ઞિસંબંધને જ અમે સમય કહીએ છીએ, તેના ઉપયોગ વિના (અર્થાત્ તેને જાણ્યા વિના) શબ્દનું અર્થપ્રત્યાયકત્વ (=અર્થપ્રકાશકત્વ) અજ્ઞાત રહેતું હોઈ શબ્દની [અર્થપ્રત્યાયકત્વરૂપ] શક્તિ સ્વાભાવિક નથી.

49. यत्त्वभ्यधायि समयस्य ज्ञानात्मकत्वादात्मनि वृत्ति: न शब्दार्थयोरित्येतदप्यचतुरश्रम्, तदाश्रयत्वाभावेऽपि ज्ञानस्य तद्विषयत्वोपपत्ते: ।

49. વળી, તમે મીમાંસકોએ જે કહ્યું કે સમય જ્ઞાનાત્મક હોઈ આત્મામાં રહે છે, શબ્દ અને અર્થમાં રહેતો નથી તે પણ બરાબર નથી કારણ કે જો કે જ્ઞાન શબ્દ કે અર્થમાં રહેતું નથી પરંતુ જ્ઞાનનો શબ્દ અને અર્થ સાથે વિષયતા સંબંધ ઘટે છે.

50. यदप्यभाणि समयमात्रशरणे सृणिप्रतोदनोदननिर्विशेषे शब्दे शब्दादर्थं प्रतिपद्यामहे इति व्यपदेशो न स्यादिति, तदपि न किञ्चित् । नैसर्गिकशक्तिपक्षे-

ऽपि 'शक्तेरर्थं प्रतिपद्यामहे, न शब्दात्' इति व्यपदेशः स्यात्, 'अविनाभावादग्निं प्रतिपद्यामहे न धूमात्' इति स्यात् । तदङ्गत्वादविनाभावादेर्न तथा व्यपदेश इति चेत् तदितरत्रापि समानम् ।

धूमे हि व्याप्तिपूर्वत्वं शब्दे समयपूर्वता ।
नानयोस्तदपेक्षायां करणत्वं विहन्यते ॥

50. ઉપરાંત, જો શબ્દ કેવળ સમય ઉપર આધાર રાખતો હોય તો અંકુશાભિઘાત કે પ્રતોદાભિઘાતથી શબ્દની કોઈ વિશેષતા ન રહેતી હોઈ 'શબ્દથી અર્થનું જ્ઞાન અમને થાય છે,' એમ ન કહી શકાય એમ જે તમે મીમાંસકોએ કહ્યું તે પણ અયોગ્ય છે. શક્તિ સ્વાભાવિક છે એ મીમાંસક પક્ષમાં પણ 'શક્તિથી અર્થ અમે જાણીએ છીએ, શબ્દથી નહિ' એમ કહેવું પ્રાપ્ત થાય; 'અવિનાભાવસંબંધથી અગ્નિને અમે જાણીએ છીએ, ધૂમથી નહિ' એમ કહેવું પ્રાપ્ત થાય. અવિનાભાવ વગેરે ધૂમ વગેરેનાં અંગ હોઈ તે પ્રમાણે આપણે કહેતા નથી એમ જો તમે મીમાંસકો કહેશો તો અમે કહીશું કે બીજે પણ સમાનપણે એ જ લાગુ પડે. ધૂમની બાબતમાં [અર્થાત્ ધૂમ દ્વારા અગ્નિનું જ્ઞાન થવા માટે] ધૂમ–અગ્નિના અવિનાભાવસંબંધનું ગ્રહણ પહેલાં જરૂરી છે, શબ્દની બાબતમાં [અર્થાત્ શબ્દ દ્વારા અર્થનું જ્ઞાન થવા માટે] શબ્દાર્થના સમયનું ગ્રહણ પહેલાં જરૂરી છે. તે તે સંબંધની અપેક્ષા રાખવાને લીધે તે બંનેનું (=ધૂમ અને શબ્દનું) કરણત્વ હાનિ પામતું નથી.

51. अपि च, लौकिको व्यपदेशः समयपक्षसाक्षितामेव भजते । "देवदत्तेनोक्तम् 'अमुतः शब्दादमुमर्थं प्रतिपद्यस्वेति' इत्येवं हि व्यपदिशति लोकः । तस्मात् समय एव । अतश्चैवं देशान्तरे सङ्केतवशेन तत एव शब्दादर्थान्तरप्रतिपत्तिः ।

51. વળી, લોકમાં થતો વાક્યપ્રયોગ સમયપક્ષનું સમર્થન જ કરે છે, કારણ કે 'દેવદત્તે કહ્યું છે કે અમુક શબ્દમાંથી અમુક અર્થ સમજ' આ પ્રમાણે જ લોકો કહે છે. તેથી સમય છે જ. અને એટલે જ સંકેતને લીધે તેના તે જ શબ્દમાંથી બીજા દેશમાં બીજા અર્થનું જ્ઞાન થાય છે.

52. नन्वत्रोक्तं सर्वशब्दाः सर्वार्थप्रत्यायनशक्तियुक्ता इति केनचिदर्थेन कचिद् व्यवहार इति, तदेतदयुक्तम्, शक्तीनां भेदाभेदविकल्पानुपपत्तेः । न शब्दस्वरूपाद्भिन्नाः शक्तयः, तथाऽनवभासात् । अव्यतिरेके चैकस्माच्छब्दादनन्यत्वात् परस्परमव्यतिरेकस्तासां स्यात् । न च भिन्नकार्यानुमेया भिन्नाः शक्तयः, कार्यभेदस्यान्यथाऽप्युपपत्तेः । सर्वशक्तियोगे च सर्वार्थप्रत्ययप्रसङ्गः । समयोपयोगो नियामक इति चेत्, स एवास्तु किं शक्तिभिः ?

52. ઉપરાંત, આ ચર્ચામાં તમે કહ્યું છે કે બધા શબ્દો (અર્થાત્ પ્રત્યેક શબ્દ) બધા અર્થોને જણાવવાની શક્તિ ધરાવે છે એટલે કોઈક વાર શબ્દનો પ્રયોગ કોઈક અર્થમાં થાય છે. તે બરાબર નથી, કારણ કે શક્તિઓ શબ્દથી ભિન્ન છે કે અભિન્ન એ બે વિકલ્પો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઘટતા નથી. શબ્દસ્વરૂપથી શક્તિઓ ભિન્ન નથી, કારણ કે તેવું દેખાતું નથી. અભેદ માનો તો એક શબ્દથી તેની શક્તિઓ અભિન્ન હોઈ, એ બધી શક્તિઓ એકબીજાથી અભિન્ન બની જાય. ભિન્ન કાર્યો ઉપરથી ભિન્ન શક્તિઓનું અનુમાન થાય છે એમ ન કહી શકાય, કારણ કે કાર્યોનો ભેદ બીજી રીતે પણ ઘટી શકે છે. પ્રત્યેક શબ્દમાં બધી શક્તિઓ હોય તો એક શબ્દ સાંભળતાં બધા અર્થોનું જ્ઞાન થવાની આપત્તિ આવે. જો કહો કે [પ્રત્યેક શબ્દમાં બધા અર્થોનું જ્ઞાન કરાવવાની બધી શક્તિઓ હોવા છતાં એક શબ્દ સાંભળતાં બધા અર્થોનું જ્ઞાન થતું નથી કારણ કે] સમયનો ઉપયોગ એમાં નિયામક છે, તો તે સમય જ હો, શક્તિઓની શી જરૂર છે?

53. यदप्यगादि शब्दश्रवणे सति सर्वार्थविषयसन्देहदर्शनात् सर्वत्र तस्य शक्तिः कल्प्यते इति तदप्यसारम् । न हि शक्तिकृतः सन्देहः, किन्तु गत्वादिवर्णसामान्यनिबन्धनः । तथा च गत्वादिजातिमतां वर्णानामर्थे वाचकत्वमवगतम् । 'अमी तज्जातियोगिनो वर्णाः कस्यार्थस्य वाचकाः स्युः' इति भवति सन्देहः ।

53. શબ્દ સાંભળતાં બધા અર્થો વિશે સંદેહ થતો હોઈ બધા અર્થો જણાવવાની શબ્દની શક્તિ કલ્પવામાં આવી છે એમ જે તમે કહ્યું તે પણ બરાબર નથી કારણ કે બધા અર્થોને જણાવવાની તેની શક્તિ હોવાને કારણે સંદેહ ઊભો નથી થતો પરંતુ [શબ્દગત] ગ આદિ વર્ણોના ગત્વ આદિ સામાન્યોને કારણે તે સંદેહ ઊભો થાય છે; અને ગત્વ આદિ સામાન્યોવાળા વર્ણો અર્થના વાચક છે એ તો આપણે જાણીએ છીએ. 'તે તે જાતિવાળા આ વર્ણો કયા અર્થના વાચકો બને?' એવો સંદેહ થાય છે.

54. यत्पुनरवादि स एव शब्दस्यार्थो यत्रैनमार्याः प्रयुञ्जते, न म्लेच्छजनप्रसिद्ध इति, तदेतत् कथमिव शपथमन्तरेण प्रतिपद्येमहि ? न हि म्लेच्छदेशेऽपि तदर्थप्रत्ययो न जायते बाध्यते वा सन्दिग्धो वेति कथं न शब्दार्थः ? आर्यप्रसिद्धिर्बाधिकेति चेद् आर्यप्रसिद्धेरपि म्लेच्छप्रसिद्धिः कथं न बाधिका ? अक्षादिवच्च विकल्प्यमानार्थोपपत्तेः व्यवस्थितविषय एव वृत्तिः भविष्यति । पिकनेमतामरसादिशब्दानां च भवद्भिः म्लेच्छप्रयोगादर्थनिश्चय आश्रित एव । अवेष्ट्यधिकरणे [जै० सू० २.३.३] च राजशब्दमान्ध्रप्रसिद्धेऽर्थे वर्णितवन्तो भवन्त इत्यलमवान्तरचिन्तनेन । तस्मात् समय एव सम्बन्ध इति युक्तम् । तदुक्तं 'जातिविशेषे चानियमात्' इति [न्यायसूत्र २. १.५७] ।

54. વળી, તમે જે કહ્યું કે જે અર્થમાં આર્યો શબ્દનો પ્રયોગ કરે છે તે જ અર્થ શબ્દનો છે, મ્લેચ્છપ્રસિદ્ધ અર્થ નથી જ, તે શપથ સિવાય કેવી રીતે અમે જાણીએ?, કારણ કે મ્લેચ્છદેશમાં પણ શબ્દના અર્થનું જ્ઞાન જન્મે જ છે, તે બાધિત થતું નથી કે સંદિગ્ધ હોતું નથી. તો પછી તે અર્થ શબ્દનો અર્થ કેમ નહિ? જો તમે કહો કે આર્યપ્રસિદ્ધિ તેમાં બાધક છે તો અમે કહીશું કે આર્યપ્રસિદ્ધિની બાધક મ્લેચ્છપ્રસિદ્ધિ કેમ નહિ? 'અક્ષ' વગેરે જેવા શબ્દો વિકલ્પથી (=ક્રમથી) અનેક અર્થમાં ઘટતા હોવાથી [દેશ, પ્રકરણ, વગેરેને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આધારે] અમુક નિયત અર્થમાં જ તેનું વાચકત્વ બનશે. પિક, નેમ, તામરસ આદિ શબ્દોની બાબતમાં આપ મીમાંસકોએ મ્લેચ્છપ્રયોગને આધારે જ અર્થનો નિશ્ચય કર્યો છે. અવેષ્ટિઅધિકરણમાં (જૈમિનિસૂત્ર ૨. ૩. ૩ માં) 'રાજ' શબ્દને આન્ધ્રદેશપ્રસિદ્ધ અર્થમાં આપે સમજાવ્યો છે. વધુ અવાન્તર ચિન્તન રહેવા દઈ એ. નિષ્કર્ષ એ કે સમય એ જ શબ્દ અને અર્થ વચ્ચેનો સંબંધ છે એમ માનવું ઉચિત છે. એટલે જ કહ્યું છે કે "જાતિવિશેષમાં અર્થાત્ અમુક ખાસ પ્રદેશમાં શબ્દનો અન્યથા અર્થ થતો હોઈ [શબ્દ અને અર્થ વચ્ચે સમય સંબંધ છે, સ્વાભાવિક સંબંધ નથી."] [ન્યાયસૂત્ર ૨. ૧. ૫૭].

55. अथ यदुक्तं समयः प्रत्युच्चारणं प्रतिपुरुषं सर्गादौ सकृत् क्रियते ? इति–प्रत्युच्चारणं प्रतिपुरुषं च तत्करणम् अनभ्युपगतमेव दूषितम् । सर्गादौ सकृदेव समयकरणमिति नः पक्षः । अत एव न सर्वशब्दानां यदृच्छाशब्दतुल्यत्वम् । केषाञ्चिदेव शब्दानामस्मदादिभिरद्यत्वे सङ्केतकरणात् तत एव यदृच्छाशब्दा उच्यन्ते । सर्गादिश्च समर्थित एव । ईश्वरसिद्धावप्यविकलमनुमानमुपन्यस्तम् ।

55. સમય પ્રત્યેક ઉચ્ચારણે કરવામાં આવે છે કે પ્રત્યેક પુરુષે કરવામાં આવે છે કે સર્ગના આદિમાં એકવાર જ કરવામાં આવે છે એમ જે તમે મીમાંસકોએ કહ્યું તેમાં પ્રત્યેક ઉચ્ચારણે સમય કરવામાં આવે છે કે પ્રતિ પુરુષ સમય કરવામાં આવે છે એ વસ્તુ તો અમે સ્વીકારી જ નથી જેના દોષ તમે દર્શાવ્યા છે. સર્ગની આદિમાં એક જ વાર સમય કરવામાં આવે છે એ અમારો પક્ષ છે. તેથી, બધા જ શબ્દો યદૃચ્છાશબ્દો જેવા નથી. [કેટલાક શબ્દોનો] સંકેત આપણે આજે કરીએ છીએ એ કારણે જ તે શબ્દો યદૃચ્છાશબ્દો કહેવાય છે. સૃષ્ટિને આદિ છે એનું અમે સમર્થન કર્યું છે જ. ઈશ્વરની સિદ્ધિ કરવા માટે પણ દોષરહિત પૂર્ણ અનુમાન અમે આપ્યું છે.

56 एष एव चावयोर्विशेषो यदेष शब्दार्थसम्बन्धव्यवहारस्तवानादिर्मम तु जगत्सर्गात् प्रभृति प्रवृत्त इति । अद्यत्वे तु शब्दार्थसम्बन्धव्युत्पत्तौ तुल्य एवावयोः पन्थाः । तत्रापि त्वयं विशेषो यत्तव शक्तिपर्यन्ता व्युत्पत्तिर्मम तु तद्वर्जमिति । तथा चेयमियती व्युत्पत्तिः लोके दृश्यते यदयमस्य वाच्योऽयमस्य वाचक इति, न पुनः शक्तिपर्यन्ता व्युत्पत्तिरस्ति । तथा हि यत्र शृङ्गग्राहिकया शब्दमर्थं च निर्दिश्य सम्बन्धः क्रियते तत्रेयन्तमेवैनं क्रियमाणं पश्यामः–अयमस्य वाच्योऽयमस्य वाचक इति । यत्रापि च वृद्धेभ्यो व्यवहरमाणेभ्यो व्युत्पद्यते तत्रापीयदेवासौ जानाति अयमर्थः अमुतः शब्दादनेन प्रतिपन्न इति, न त्वन्याऽस्य काचिच्छक्तिरस्तीति । इयत्यैव च व्युत्पत्त्या शब्दादर्थप्रत्ययोपपत्तेरस्याश्चापरिहार्यत्वादधिककल्पनाबीजाभावाच्च न नित्यः शब्दार्थसम्बन्धः । अत एव च 'सम्बन्धस्त्रिप्रमाणकः' इति [श्लोकवा. सम्ब. परिहार. १४१] यत् त्वयोच्यते तदस्माभिर्न मृष्यते । 'शब्द-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

वृद्धाभिधेयांश्च प्रत्यक्षेणात्र पश्यति' इति [श्लोकवा० सम्ब० परिहार १४०] सत्यम् । 'श्रोतुश्च प्रतिपन्नत्वमनुमानेन चेष्टया" [श्लोकवा० सम्ब० परिहार १४१] इत्येतदपि सत्यम् । "अन्यथाऽनुपपत्त्या तु वेत्ति शक्तिं द्वयाश्रिताम्' [श्लोकवा० सम्ब० परिहार १४१] इत्येतत्तु न सत्यम्, अन्यथाऽप्युपपत्तेरित्युक्तत्वात् । तस्माद् द्विप्रमाणकः सम्बन्धनिश्चयः, न त्रिप्रमाणकः । तदेवं शब्दस्य नैसर्गिकशक्त्यात्मक-सम्बन्धाभावाद् ईश्वरविरचितसमयनिबन्धनः शब्दार्थव्यवहारः, नानादिः ।

56 આ જ આપણા બે વચ્ચે ભેદ છે કે તમારા [મીમાંસક] મતે આ શબ્દ–અર્થ સંબંધને આધારે ચાલતો વ્યવહાર અનાદિ છે, જ્યારે મારા [નૈયાયિક] મતે જગતની ઉત્પત્તિથી માંડી તે શરૂ થયો છે. પરંતુ આજે શબ્દ અર્થસંબંધનું જ્ઞાન કરવાની બાબતમાં આપણા બંનેની રીત તુલ્ય જ છે. તેમ છતાં ત્યાં પણ આ ભેદ તો [આપણા બે વચ્ચે] છે કે તમારા મતે શક્તિ સુધીનું જ્ઞાન થાય છે, જ્યારે મારા મતે શક્તિને છોડી [કેવળ અર્થનું જ] જ્ઞાન થાય છે. અને લોકમાં પણ આટલું જ જ્ઞાન દેખાય છે—આ આનો વાચ્ય છે, આ આનો વાચક છે, પણ શક્તિ સુધી જ્ઞાનપ્રક્રિયા પહોંચતી નથી; જેમકે જ્યાં સીધેસીધી રીતે શબ્દ અને અર્થનો નિર્દેશ કરીને સંકેત કરવામાં આવે છે ત્યાં આટલું જ એની બાબતમાં કરાતું દેખાય છે— આ આનો વાચ્ય છે, આ આનો વાચક છે. અને વાતચીત-કરતા વડીલો દ્વારા જ્યાં શબ્દાર્થનું જ્ઞાન થાય છે ત્યાં પણ આટલું જ તે જાણે છે—આ અર્થ આ શબ્દમાંથી એણે જાણ્યો, પરંતુ તેને એ જ્ઞાન થતું નથી કે શબ્દની તેનાથી જુદી કોઈ શક્તિ છે. આટલા જ જ્ઞાનથી શબ્દમાંથી અર્થનું જ્ઞાન ઘટતું હોઈ અને એ જ્ઞાન અપરિહાર્ય હોઈ તેમ જ અધિક કલ્પના કરવા માટેનું કોઈ કારણ ન હોઈ શબ્દાર્થસંબંધ નિત્ય નથી. અને એટલે જ શબ્દાર્થસંબંધનો નિશ્ચય ત્રણ પ્રમાણથી [—પ્રત્યક્ષ, અનુમાન અને અર્થાપત્તિથી] થય છે એમ જે તમે મીમાંસકો કહો છો તે અમે સ્વીકારતા નથી. 'શબ્દ, વડીલો અને અભિધેય વસ્તુને અહીં પ્રત્યક્ષ પ્રમાણથી ગ્રહણ કરવામાં આવે છે' એમ જે કહેવામાં આવ્યું તે સાચું છે. 'અને શ્રોતા ચેષ્ટા દ્વારા અનુમાનથી જાણે છે કે [સાંભળનાર વડીલ અમુક શબ્દનો] અમુક અર્થ સમજ્યા છે' એમ જે કહેવામાં આવ્યું તે પણ સાચું છે. 'અર્થાપત્તિથી શબ્દ અને અર્થ બંનેમાં રહેતી શક્તિને તે જાણે છે' એમ જે કહેવામાં આવ્યું તે સાચું નથી, કારણ કે [અમુક શબ્દ અમુક અર્થનો વાચક કેમ છે એ વસ્તુ શક્તિની કલ્પના કર્યા વિના] બીજી રીતે ઘટી શકે છે. તેથી શબ્દાર્થસંબંધનો નિશ્ચય બે પ્રમાણથી થાય છે, ત્રણ પ્રમાણથી નહિ. નિષ્કર્ષ એ કે અર્થ સાથે શબ્દનો સ્વાભાવિક શક્ત્યાત્મકસંબંધ ન હોઈ ઈશ્વરે કરેલા સંકેતસમયના આધારે શબ્દ–અર્થનો વ્યવહાર છે, અનાદિ નથી.

57. नन्वीश्वरोऽपि सम्बन्धं कुर्वन्नवश्यं केनचिच्छब्देन करोति, तस्य केन कृतः सम्बन्धः ? शब्दान्तरेण चेत् तस्यापि केन कृतस्तस्यापि केनेति न कश्चिदवधिः । तस्मादवश्यमनेन सम्बन्धं कुर्वता वृद्धव्यवहारसिद्धाः केचिदकृतसम्बन्धा एव शब्दा अभ्युपगन्तव्याः । अस्ति चेत्, व्यवहारसिद्धिः; किमीश्वरेण किं वा तत्कृतेन समयेनेत्यनादिपक्ष एव श्रेयान् ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

57. મીમાંસક—સંકેતસંબંધ કરતો ઈશ્વર પણ તે સંબંધને અવશ્ય કોઈ શબ્દ દ્વારા કરતો હશે ને ? તે શબ્દનો સંકેતસંબંધ શેના દ્વારા તેમણે કર્યો હશે ? બીજા શબ્દ દ્વારા એમ કહો તો તે શબ્દનો ય સંકેતસંબંધ શેના દ્વારા કર્યો હશે ? એ પ્રશ્ન ઊઠશે. [ત્રીજા શબ્દ દ્વારા એમ કહો તો] તે શબ્દ નોય સંકેતસંબંધ તેમણે શેના દ્વારા કર્યો હશે ? એનો એ પ્રશ્ન ફરી ઊઠશે. આમ કોઈ અંત આવશે જ નહિ. તેથી સંકેતસંબંધ કરતા તેણે જેનો સંકેતસંબંધ તેણે કર્યો નથી એવા વૃદ્ધવ્યવહારસિદ્ધ કેટલાક શબ્દો સ્વીકારવા જોઈએ, અને જો આવા વૃદ્ધવ્યવહારસિદ્ધ શબ્દો હોય તો તેમના વડે વ્યવહારની સિદ્ધિ થાય; તો પછી ઈશ્વરની શી જરૂર ? અથવા ઈશ્વરકૃત સંકેતસમયની શી જરૂર ? આમ અનાદિપક્ષ [અર્થાત્ શબ્દાર્થસંબંધ અનાદિ છે, સ્વાભાવિક છે એ પક્ષ] વધુ સારો છે.

58. उच्यते—

अस्त्रमायुष्मता ज्ञातं विषयस्तु न लक्षितः ।
अस्मदादिषु दोषोऽयमीश्वरे तु न युज्यते ॥
नानाकर्मफलस्थानमिच्छयैवेदृशं जगत् ।
स्रष्टुं प्रभवतस्तस्य कौशलं को विकल्पयेत् ॥

इच्छामात्रेण पृथिव्यादेरियतः कार्यस्य करणमस्मदादीनां यन्मनोरथपदवीमपि नाधिरोहति तदपि यतः सम्पद्यते तस्य कियानयं प्रयासः । तदत्रेश्वरसद्भावे परं विप्रतिपत्त्याग्रः । तस्मिंस्तु सिद्धे क एवं विकल्पानामवसरः ? उक्तं च तत्सिद्धौ निरपवादमनुमानम् । वयं तु न कर्तार एव सम्बन्धस्य, यत एवमनुयुज्येमहि ।

58. નૈયાયિક— આનો ઉત્તર અમે આપીએ છીએ. આપે અસ્ત્રનું જ્ઞાન મેળવ્યું પણ એનો પ્રયોગ કોના તરફ કરવાનો છે એ ન જાણ્યું. આ [ઉપર જણાવેલો] દોષ મારા, તમારા, વગેરેમાં આવે પરંતુ ઈશ્વરમાં ન ઘટે. વિવિધ કર્મોનાં ફળોને ભોગવવાના સ્થાનરૂપ આવું જગત પોતાના સંકલ્પમાત્રથી સર્જવાનું સામર્થ્ય ધરાવનાર ઈશ્વરના (શિક્ષા–) કૌશલની કલ્પના કોણ કરી શકે ? પૃથ્વી આદિ આવડા મોટા કાર્યનું કેવળ ઇચ્છામાત્રથી જ સર્જન, જે આપણી કલ્પનામાં પણ આવતું નથી તે, પણ જો તે ઈશ્વર કરતા હોય તો પછી આ [શબ્દ–અર્થનો સંકેતસંબંધ કરવાનો] પ્રયાસની તે શી વીસાત ? ઈશ્વરના અસ્તિત્વની બાબતમાં મતભેદ હોઈ શકે પરંતુ એક વાર તે સિદ્ધ થઈ જાય પછી આ પ્રમાણે [ઈશ્વરકૃત સંકેત બાબતે] વિકલ્પો કરવાનો અવસર જ ક્યાં રહે છે ? અને અમે તો ઈશ્વરના અસ્તિત્વને પુરવાર કરતું અકાટ્ય અનુમાન આપ્યું છે. અમે શબ્દાર્થસંબંધના કરનારા નથી કે જેથી તમે અમને આમ દોષ દો છો.

59. अङ्गुल्यग्रेण निर्दिश्य कञ्चिदर्थं पुरः स्थितम् ।
व्युत्पादयन्तो दृश्यन्ते बालानस्मद्विधा अपि ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तस्मादीश्वरविरचितसम्बन्धाधिगमोपायभूतवृद्धव्यवहारलब्धतद्व्युत्पत्तिसापेक्षः शब्दोऽर्थमवगमयतीति सिद्धम् । न च नित्यसम्बन्धाभावेऽपि शब्दस्यार्थासंस्पर्शित्वं, समयबलेनार्थप्रत्ययस्याबाधितस्य सिद्धेरित्युक्तत्वाद् इत्यलं विस्तरेण ।

तस्मात् पदे च वाक्ये च सम्बन्धे च स्वतन्त्रता ।
पुरुषस्योपपन्नेति वेदानां तत्प्रणीतता ॥

तस्मादाप्तोक्तत्वादेव वेदाः प्रमाणम्, न नित्यत्वात् ।

59. આપણા જેવા માણુસો પણુ સામે રહેલી કોઈ વસ્તુ તરફ આંગળી ચીંધીને બાળકોને શબ્દાર્થસંબંધનું જ્ઞાન કરાવતા દેખાય છે. તેથી એ સિદ્ધ થાય છે કે ઈશ્વરવિરચિત શબ્દાર્થ-સંબંધને જાણુવામાં ઉપાયભૂત વૃદ્ધવ્યવહાર દ્વારા પ્રાપ્ત વ્યુત્પત્તિની (=જાણુકારીની) સહાયથી શબ્દ અર્થનું જ્ઞાન કરાવે છે. શબ્દાર્થસંબંધ નિત્ય ન હોવા છતાં શબ્દ અર્થથી અસ્પૃષ્ટ નથી, કારણુ કે ઈશ્વરકૃત સમયસંબંધના બળે અબાધિત અર્થજ્ઞાન થાય છે એ પુરવાર થઈ ગયું છે. હવે વધુ વિસ્તાર કરવાની જરૂર નથી. નિષ્કર્ષ એ કે પદ, વાક્ય અને શબ્દાર્થ-સંબંધની બાબતમાં પુરુષની (=ઈશ્વરની) સ્વતંત્રતા ઘટતી હોઈ, વેદો પુરુષપ્રણીત છે. પરિણામે, આપ્તપુરુષપ્રણીત હોવાથી વેદો પ્રમાણુ છે, અને નહિ કે નિત્ય હોવાથી.

60. नन्वाप्तोक्तत्वस्य हेतोः पक्षधर्मत्वं कथमवगम्यते ? न प्रत्यक्षेण क्षोणीधरधर्मत्वमिव धूमस्य वेदानामाप्तप्रणीतत्वमवगम्यते, श्रवणयुगलबललब्धजन्मनि प्रत्यये वेदाख्यस्य शब्दराशेरेव प्रतिभासात् , न चोदात्तादिवद्वर्णधर्मत्वेनाप्तोक्तत्वं गृह्यते । नाप्यनुमानमस्मिन्नर्थे सम्भवति लिङ्गाभावात् । प्रामाण्ये हि वेदस्याप्तोक्तत्वं लिङ्गम् । आप्तोक्तत्वानुमितौ तु न लिङ्गान्तरमुपलभामहे इति कुतस्त्यः पक्षधर्मत्वनिश्चयः ।

60. મીમાંસક—'આપ્તોક્તત્વ' હેતુની પક્ષધર્મતા કેવી રીતે જાણુશો ? ધૂમનું પર્વતમાં હોવું એ જેમ પ્રત્યક્ષથી જાણી શકાય છે તેમ આપ્તપ્રણીતત્વનું વેદોમાં હોવું પ્રત્યક્ષથી જાણી શકાતું નથી, કારણુ કે બે કાનના બળે જન્મેલ જ્ઞાનમાં વેદ નામના શબ્દરાશિની જ પ્રતીતિ થાય છે, જેમ [વેદના] વર્ણોના ઉદાત્ત આદિ ધર્મોનું ગ્રહણુ થાય છે તેમ તે વર્ણોના આપ્તોક્તત્વ ધર્મનું ગ્રહણુ થતું નથી. [વેદના આપ્તોક્તત્વરૂપ ધર્મના] વિષયમાં અનુમાન પણુ પ્રવૃત્ત થતું નથી કારણુ કે હેતુનો અભાવ છે. વેદના પ્રામાણ્યને સિદ્ધ કરવા માટેનો હેતુ આપ્તોક્તત્વ છે. પરંતુ વેદના આપ્તોક્તત્વને અનુમાનથી સિદ્ધ કરવા માટેનો કોઈ હેતુ અમને પ્રાપ્ત થતો નથી. તો પછી આપ્તોક્તત્વ હેતુના પક્ષધર્મત્વનો નિશ્ચય ક્યાંથી થાય ?

61. उच्यते । अलं सरस्वतीक्षोदेन । उक्त एव पक्षधर्मत्वनिश्चयोपायः । तथाहि—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

शब्दस्य साधितं तावदनित्यत्वं सविस्तरम् ।
रचनाः कर्तृमत्यश्च रचनात्वादिति स्थितम् ॥
कर्ता सर्वस्य सर्वज्ञः पुरुषोऽस्तीति साधितम् ।
कार्येणानुगुणं कल्प्यं निमित्तमिति च स्थितम् ॥
प्रत्यक्षादिविसंवादो वेदे परिहरिष्यते ।
व्याघातपौनरुक्तयादिदोषाश्च वचनान्तरे ॥
विध्यर्थवादमन्त्राणामुपयोगश्च वक्ष्यते ।
न मात्रामात्रमप्यस्ति वेदे किञ्चिदपार्थकम् ॥
शब्दब्रह्मविवर्तादिकल्पनाश्च पुरोदिताः ।
सर्वाः परिहरिष्यन्ते कार्यत्वस्य विरोधिकाः ॥

इत्थं च स्थिते किमन्यदवशिष्टं वेदेष्वाप्तोक्तत्वनिश्चयस्य ? सोऽयं सकलशास्त्रार्थस्थितौ सत्यां पक्षधर्मत्वनिश्चयः हेतोराप्तोक्तत्वस्य गीयते ।

61. નૈયાયિક—આનો ઉત્તર અમે આપીએ છીએ. તમે વાણીનો વ્યભિચાર રહેવા દો. 'આપ્તોક્તત્વ'હેતુની પક્ષધર્મતા જાણવાનો ઉપાય અમે જણાવ્યો છે જ. તે આ પ્રમાણે—શબ્દની અનિત્યતા અમે વિસ્તારથી પુરવાર કરી છે. (શબ્દ-)રચનાઓને તેમનો કર્તા છે, કારણ કે તે રચના છે એ પણ સિદ્ધ થયું છે. બધાનો કર્તા સર્વજ્ઞ પુરુષ છે એ પણ પુરવાર કર્યું છે. કાર્યને અનુરૂપ નિમિત્ત કલ્પવું જોઈએ એ પણ પુરવાર કર્યું છે. વેદમાં પ્રત્યક્ષ આદિ પ્રમાણો સાથે સંવાદ નથી એ આક્ષેપનો પરિહાર પછી કરીશું. વેદના અન્ય વચનમાં (વિવેચકોએ દર્શાવેલ) વ્યાઘાત, પુનરુક્તિ વગેરે દોષોનો પરિહાર પણ કરીશું. વિધિવાક્યો, અર્થવાદવાક્યો અને મંત્રવાક્યોનો ઉપયોગ પણ અમે જણાવીશું. વેદમાં એક માત્રા પણ નિરર્થક નથી. વેદ કાર્ય છે અર્થાત્ પુરુષે રચેલો છે. એનાથી વિરોધી કલ્પનાઓ જેવી કે વેદ શબ્દબ્રહ્મનો વિવર્ત છે વગેરેનો અમે નિરાસ કરીશું. આ કલ્પનાઓ અમે પહેલાં જણાવી ગયા છીએ. આ બધું જો પુરવાર થયેલું હોય તો વેદોમાં આપ્તોક્તત્વ છે એ નિશ્ચય થવામાં બીજું શું બાકી રહ્યું. જો વેદકથિત સકળ અર્થ અબાધિત અને સાચો પુરવાર થઈ ચૂકયો હોય તો આપ્તોક્તત્વ હેતુની પક્ષધર્મતાનો નિશ્ચય અવશ્ય છે એમ અમે કહીએ છીએ.

62. यत्तु प्रत्यक्षमनुमानं वा तन्निश्चयनिमित्तमिति विकल्पितं तत्र प्रत्यक्षमास्ताम् । अनुमानानि तु यानि रचनात्वादीन्युक्तानि यानि च परदर्शनद्विषि वक्ष्यन्ते तानि सर्वाण्याप्तोक्तताया: पक्षधर्मतासिद्धयौपयिकानीत्यलं विस्तरेण ।

62. આપ્તોક્તત્વ હેતુની પક્ષધર્મતાનો નિશ્ચય પ્રત્યક્ષથી થાય છે કે અનુમાનથી એવો જે વિકલ્પ તમે ઉઠાવ્યો તેના ઉત્તરમાં અમે નૈયાયિકો કહીએ છીએ કે તે નિશ્ચય પ્રત્યક્ષથી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ થાઓ. ['વેદોના કર્તા આપ્તપુરુષ છે], કારણ કે તે વેદો રચનારૂપ છે' વગેરે અનુમાનો અને પરપક્ષને અસંમત જે બીજાં અનુમાનો આપવામાં આવ્યાં છે તે બધાં આપ્તોક્તત્વ હેતુની પક્ષધર્મતાની સિદ્ધિમાં સહાયક છે. આનો વિસ્તાર કરવાની જરૂર નથી.

63. व्याप्तिः पुनरस्य हेतोरायुर्वेदादिवाक्येषु निश्चीयते । पिप्पलीपटोलमूलादेरप्यौषधस्य इत्थमुपयोगादिदमभिमतमासाद्यते । अस्य च क्षीरचुक्रादिविरोध्यशनस्य परिहारादिदमनिष्टमुपशाम्यतीत्यादिष्वायुर्वेदशास्त्रेषु प्रत्यक्षेण तस्यार्थस्य तथा निश्चयादर्थाविसंवादित्वं नाम प्रामाण्यं प्रतिपन्नं, तच्चेदमाप्तवादप्रयुक्तम् । अतो यत्राप्तवादत्वं तत्र प्रामाण्यमिति व्याप्तिर्गृह्यते । तथा मन्त्राणां प्रयोगे वृश्चिकभुजगदष्टस्य भक्षितविषस्य वा निर्विषत्वम्, अपस्मारपिशाचरूपिकागृहीतस्य तदुन्मोचनम्, अतिरभसोज्जिहानेषु दुष्टमेघेषु सस्यरक्षणमित्येवमुपलब्धम् । अतस्तेषां विषभूताशनिशमनकुशलानामाप्ता उपदेष्टार इति तत्रापि तथैव व्याप्तिनिश्चयः ।

63. આપ્તોક્તત્વ હેતુની પ્રમાણતા સાથેની વ્યાપ્તિ આયુર્વેદાદિવાક્યોમાં નિશ્ચિતપણે ગૃહીત થાય છે. પિપ્પલી, પટોલમૂલ, વગેરે ઔષધનો આ રીતે ઉપયોગ કરવાથી આ ઇચ્છિત પ્રાપ્ત થાય છે અને આ ઔષધનો વિરોધી ખોરાક ક્ષીર, ચુક્ર વગેરે નહિ ખાવાથી અનિષ્ટ શમી જાય છે વગેરે વગેરે. આયુર્વેદશાસ્ત્રમાં જે કહ્યું છે તેનો અર્થ બરાબર તેવો જ (અર્થાત્ સાચો) છે એવો નિશ્ચય પ્રત્યક્ષ દ્વારા થતો હોઈ અર્થાવિસંવાદિત્વ નામે પ્રામાણ્ય જ્ઞાત થાય છે; અને તે પ્રામાણ્ય આપ્તોક્તત્વને કારણે છે. તેથી જ્યાં જ્યાં આપ્તોક્તત્વ છે ત્યાં પ્રામાણ્ય છે એ વ્યાપ્તિનું ગ્રહણ થાય છે. વળી જ્યારે મંત્રોનો પ્રયોગ કરવામાં આવે છે ત્યારે વીંછીથી કે સાપથી ડસાયેલી વ્યકિતનું કે ઝેર પી ગયેલ વ્યકિતનુ ઝેર ઊતરી જાય છે. અપસ્માર નામના દુષ્ટ પિશાચે જેને ગ્રહ્યો હોય છે તેનો તેનાથી છૂટકારો થાય છે, અત્યંત ઝડપથી ત્રાટકતા દુષ્ટ મેઘોમાં પાકનું રક્ષણ થાય છે—આ બધું દેખ્યું છે. તેથી વિષ, ભૂત અને વીજળીનું શમન કરવામાં કુશળ લોકોને ઉપદેશ આપનારા આપ્ત પુરુષો છે. આમ ત્યાં (= વેદોની બાબતમાં) પણ તે રીતે જ વ્યાપ્તિનું ગ્રહણ થાય છે.

64. ननु आयुर्वेदादौ प्रामाण्यं प्रत्यक्षादिसंवादात् प्रतिपन्नम्, नाप्तोक्तत्वात् । अतः कथमाप्तोक्तत्वस्य तत्र व्याप्तिग्रहणम्? नैतदेवम्, प्रत्यक्षादिसंवादात् तन्निश्चीयतां नाम प्रामाण्यम् । उत्थितं तु तदाप्तोक्तत्वात् । प्रत्यक्षादावप्यर्थक्रियाज्ञानसंवादात् प्रामाण्यस्य ज्ञप्तिः, उत्पत्तिस्तु गुणवत्कारककृतेत्युक्तम् । नद्यादिवाक्यानि च विप्रलम्भकपुरुषभाषितानि विसंवदन्ति लोके दृश्यन्ते । तेनाप्तप्रणीतत्वमेव तेषां प्रामाण्यकारणम्, कारणशुद्धिमन्तरेण सम्यक्प्रत्ययानुत्पादात् । निश्चयोपायस्तु प्रत्यक्षं भवतु, न तु तत्कृतमेव प्रामाण्यम् । अतः युक्तमाप्तोक्ततया आयुर्वेदादौ व्याप्तिग्रहणम् ।

64. મીમાંસક—આયુર્વેદ વગેરેમાં પ્રામાણ્ય પ્રત્યક્ષ આદિની સાથેના સંવાદને કારણે જ્ઞાત થાય છે અને નહિ કે આપ્તોક્તત્વને કારણે. તેથી આપ્તોક્તત્વના પ્રામાણ્ય સાથેના વ્યાપ્તિસંબંધનું ગ્રહણ કેવી રીતે થાય ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નૈયાયિક--એવું નથી. પ્રત્યક્ષ વગેરે સાથેના સંવાદથી તમે પ્રામાણ્યનો નિશ્ચય ભલે કરો, પરંતુ પ્રામાણ્યની ઉત્પત્તિ તો આપ્તોક્તત્વને કારણે થઈ છે. પ્રત્યક્ષ વગેરેની બાબતમાં પણ અર્થક્રિયાજ્ઞાન સાથેના સંવાદને આધારે પ્રામાણ્યનું જ્ઞાન થાય છે, જ્યારે ઉત્પત્તિ તો ગુણવાળા કારકોથી થાય છે એમ અમે કહ્યું છે.

ઠગ પુરુષે કહેલાં 'નદી તીરે ફળો છે' વગેરે વાક્યો લોકમાં બાધિત થતાં દેખાય છે. તેથી વાક્યોના પ્રામાણ્યનું ઉત્પાદક કારણ આપ્તપ્રણીતત્વ જ છે, કારણ કે કારણશુદ્ધિ વિના સમ્યક્ જ્ઞાન ઉત્પન્ન થતું નથી. પ્રામાણ્યના નિશ્ચયનો ઉપાય પ્રત્યક્ષ ભલે હો, પરંતુ પ્રામાણ્ય પ્રત્યક્ષથી જન્ય નથી જ. તેથી આપ્તોક્તત્વહેતુની પ્રામાણ્ય સાથેની વ્યાપ્તિનું ગ્રહણ આયુર્વેદ વગેરેમાં થાય છે એ બરાબર છે.

65 नन्वेवमपि न युक्तम्, आप्तोक्तत्वस्य तत्र परिच्छेत्तुमशक्यत्वात् । अन्वयव्यतिरेकमूलमेवायुर्वेदवाक्यानां प्रामाण्यम्, नाप्तकृतम् । अन्वयव्यतिरेकौ च यावत्येव दृश्येते तावत्येवार्थे प्रामाण्यम्, यथा हरीतक्यादिवाक्यार्थे । यत्र तु तयोरदर्शनं तत्राप्रामाण्यम् यथा सोमराज्युपयोगे समाः सहस्रं जीव्यते इति । आप्ते तु कल्प्यमानेऽर्धजरतीयं स्यात् । अर्धे तस्याप्तत्वमर्धे च कथमनाप्तत्वमिति ।

65. મીમાંસક—એમ [કહેવું] પણ બરાબર નથી, કારણ કે ત્યાં (= આયુર્વેદવાક્યોમાં) આપ્તોક્તત્વ છે એ જાણવું અશક્ય છે. આયુર્વેદવાક્યોનું પ્રામાણ્ય તો અન્વય વ્યતિરેકમૂલક છે, આપ્તજન્ય નથી. જેટલા અર્થોમાં અન્વય-વ્યતિરેક દેખાય તેટલા અર્થોમાં આયુર્વેદવાક્યોનું પ્રામાણ્ય છે, જેમ કે હરડે વિશેનાં વાક્યોના અર્થની બાબતમાં. પરંતુ જ્યાં અન્વય-વ્યતિરેક ના દેખાય ત્યાં અપ્રામાણ્ય છે, જેમ કે 'સોમરાજીનો ઉપયોગ કરવાથી હજાર વર્ષ જીવાય છે' એ આયુર્વેદવાક્ય. જો આયુર્વેદવાક્યોના કર્તા આપ્ત છે એમ કલ્પીએ તો અર્ધજરતીય થાય (અર્થાત્ અમુક આયુર્વેદવાક્યોને આપ્તકૃત અને અમુકને અનાપ્તકૃત માનવાં પડે). અડધા આયુર્વેદમાં તે કર્તાનું આપ્તત્વ અને અડધામાં તેનું અનાપ્તત્વ એવું કેમ ?

66. तदिदमनुपपन्नम्, अन्वयव्यतिरेकयोर्ग्रहीतुमशक्यत्वात् । तौ हि स्वात्मनि वा ग्रहीतुं शक्येते व्यक्त्यन्तरे वा ? व्यक्त्यन्तरेऽपि सर्वत्र क्वचिदेव वा व्यक्तिविशेषे ? सर्वथा संकटोऽयं पन्थाः । व्याधीनां तन्निदानानां तदुपचयापचयानां तदुपशमोपायानामौषधानां तत्संयोगवियोगविशेषाणां तत्परिमाणानां तद्रसवीर्यविपाकानां देशकालपुरुषदशाभेदेन शक्तिभेदस्य एकेन जन्मना ग्रहीतुमशक्यत्वात्, जन्मान्तरानुभूतानां च भावानामस्मरणात् ।

66. નૈયાયિક--આ ઘટતું નથી, કારણ કે અન્વય-વ્યતિરેકનું ગ્રહણ અશક્ય છે. પોતાની બાબતમાં જ અન્વય-વ્યતિરેકને ગ્રહવા શક્ય છે કે બીજી વ્યક્તિની બાબતમાં પણ ? બીજી વ્યક્તિની બાબતમાં શક્ય હોય તો તે અમુક જ વ્યક્તિની બાબતમાં શક્ય છે કે બધે જ ? બધી રીતે આ માર્ગ સંકટથી ઘેરાયેલો છે, કારણ કે વ્યાધિઓ, વ્યાધિઓનાં કારણો, વ્યાધિઓનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વધારોઘટાડો, વ્યાધિઓના ઉપશમના ઉપાયો ઔષધો, ઔષધોના વિવિધ સંયોગ વિયોગો, ઔષધોની માત્રાઓ, ઔષધોના રસ, વીર્ય અને વિપાકો, અને દેશ–કાળ–પુરુષ–અવસ્થાભેદે ઔષધોના શક્તિભેદો—આ બધાનું ગ્રહણ એક જન્મમાં કરવું અશક્ય છે, અને જન્માન્તરમાં અનુભવેલી વસ્તુઓનું સ્મરણ અશક્ય છે

67. जनोऽनन्तस्तावन्निरवधिरिह व्याधिनिवहो
न संख्यातुं शक्या बहुगुणरसद्रव्यगतयः ।
विचित्राः संयोगाः परिणतिरपूर्वेति च कुतः
चिकित्सायाः पारं तरति युगलक्षैरपि नरः ॥

**67.** માણસો અનંત છે. વ્યાધિઓ અહીં નિરવધિ છે. અનેક ગુણ, રસ અને દ્રવ્યોની અસરો જાણવી શક્ય નથી. ઔષધિના સંયોગો જાતજાતના છે. પરિણતિ (=શરીરની અને ચિત્તની દશા) પણ અપૂર્વ હોય છે. તેથી ચિકિત્સાશાસ્ત્રમાં તરીને પાર જવું લાખો યુગોમાંય માણસ માટે ક્યાંથી શક્ય બને ?

68. यदेव द्रव्यमेकस्य धातोर्भवति शान्तये ।
योगान्तरात्तदेवास्य पुनः कोपाय कल्पते ॥
या द्रव्यशक्तिरेकत्र पुंसि नासौ नरान्तरे ।
हरीतक्याऽपि नोद्भूतवातकुष्टे विरेच्यत ॥
शरद्युद्रिक्तपित्तस्य ज्वराय दधि कल्पते ।
तदेव भुक्तं वर्षासु ज्वरं हन्ति दशान्तरे ॥
न चोपलक्षणं किञ्चिदस्ति तच्छक्तिवेदने ।
येनैकत्र गृहीताऽसौ सर्वत्रावगता भवेत् ॥

यो वा ज्ञातुं प्रभवति पुरुषः तत्सामर्थ्यं निरवधिविषयम् ।
स्यात् सर्वज्ञः स इति न विमतिस्तस्मिन्कार्या स्ववचनकथिते ॥

**68.** જે દ્રવ્ય અમુક ધાતુને શાંત કરે છે તે જ દ્રવ્ય જ્યારે બીજાં દ્રવ્યો સાથે સંયોગ પામે છે ત્યારે તે ધાતુનો ફરી પ્રકોપ કરે છે. એક પુરુષ પ્રત્યે જે દ્રવ્યની શક્તિ કામ કરે છે તે જ દ્રવ્યની શક્તિ બીજા પુરુષ પ્રત્યે કામ કરતી નથી. [કેમ ? પ્રકૃતિભેદને લીધે.] જેને વાયુને કારણે બંધકોષ થયો હોય તેને હરડેથી પણ રેચ થતો નથી. શરદઋતુમાં પિત્તનો પ્રકોપ થતો હોવાથી ત્યારે દહીં ખાવાથી તાવ આવે છે. વર્ષાઋતુમાં બીજી અવસ્થામાં તે જ દહીં ખાવાથી તાવ ઊતરી જાય છે. દ્રવ્યની શક્તિને જાણવાનું કોઈ ચિહ્ન નથી કે જેના વડે એક ઠેકાણે તે શક્તિ જણાતાં તે સર્વત્ર જણાઈ જાય. દ્રવ્યનું નિરવધિ વિષયો (= દરદીઓ) પ્રત્યેનું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સામર્થ્ય જાણવાને જે પુરુષ સમર્થ હોય તે સર્વજ્ઞ હોય. એટલે તેના (= તે પુરુષના) પોતાનાં વચનોથી જે કહેવાયેલું છે તેમાં અવિશ્વાસ કરશો નહિ.

69. अथोच्येत । अनादिरेवैषा चिकित्सकस्मृतिः व्याकरणादिस्मृतिवत्, संक्षेपविस्तरविवक्षयैव चरकादयः कर्तारः, न तु ते सर्वदर्शिनः । न च स्मृतावन्धपरम्परादोषः समूलत्वात् । यथा व्याकरणस्मृतेः शिष्टप्रयोगो मूलमेवमिहान्वयव्यतिरेकौ । शिष्टविरोधे सति यथा मूलविरोधिनी पाणिन्यादिस्मृतिरप्रमाणम्, तथा चाहुः 'इह न भवत्यनभिधानात्' इति । एवं वैद्यस्मृतिरयन्वयव्यतिरेकविरुद्धा न प्रमाणमिति ।

69. મીમાંસક—વ્યાકરણસ્મૃતિની જેમ આયુર્વેદસ્મૃતિ અનાદિ છે; કેવળ તેના સંક્ષેપવિસ્તારની દૃષ્ટિએ જ ચરક વગેરેને તેના કર્તા ગણવામાં આવ્યા છે, પરંતુ તેઓ સર્વજ્ઞ નથી. વળી, સ્મૃતિની બાબતમાં [સાક્ષાત્ દ્રષ્ટાનો અભાવ હોવાથી] અંધપરંપરાનો દોષ આવે છે એવું પણ નથી, કારણ કે તેમનું મૂળ છે. જેમ વ્યાકરણસ્મૃતિનું મૂળ શિષ્ટપ્રયોગ છે તેમ અહીં અન્વય-વ્યતિરેક મૂળ છે. શિષ્ટવિરોધ થતાં મૂલવિરોધિની પાણિનિ આદિ સ્મૃતિ અપ્રમાણ છે, અને [વાર્તિકકાર કાત્યાયને] કહ્યું પણ છે કે અહીં (= વ્યાકરણસ્મૃતિમાં) [એવું રૂપ] થતું નથી, કારણ કે શિષ્ટો એનો પ્રયોગ કરતા નથી.[1] તેવી જ રીતે, આયુર્વેદસ્મૃતિ પણ અન્વય-વ્યતિરેકવિરોધિની જ્યારે હોય ત્યારે પ્રમાણ નથી.

70. तदेतदयुक्तम्, अन्वयव्यतिरेकयोर्यथोक्तनयेन परिच्छेदासम्भवेन तन्मूलत्वानुपपत्तेः । यदि ह्यन्वयव्यतिरेकाभ्यामशेषद्रव्यशक्तीर्निश्चित्य चरकादिभिर्विरचितं शास्त्रमितीदृशमन्वयव्यतिरेकित्वमुच्यते तदप्यपाकृतम् । अद्यत्वे यावन्तावन्वयव्यतिरेकौ वयमुपलब्धुं शक्नुमः तावद्भ्यां ताभ्यामेकदेशसंवादात् प्रामाण्यकल्पनात् तत्र प्रवर्तताम्, न तु तौ तावन्तौ शास्त्रस्य मूलं भवितुमर्हतः, सर्वैरस्मदादिभिस्तादृशशास्त्रप्रणयनप्रसङ्गात् । अनादित्वमपि शास्त्राणां वेदवदनुपपन्नम्, चरकादिकर्तृस्मृतेः कालिदासादिस्मृतिवदविगीतत्वात् । न च चिकित्सास्मरणप्रबन्ध एवायमनादिः, तथात्वे अन्धपरम्परा, कारणानवधारणात् । न च त्वदुक्तं तन्मूलं भवितुमर्हति, व्युदस्तत्वात् । तस्मात् सर्वज्ञप्रणीत एवायुर्वेदः ।

70. નૈયાયિક—આ બધું [મીમાંસકોનું કહેવું] બરાબર નથી, કારણ કે અગાઉ જણાવી ગયા તે પ્રમાણે અન્વય-વ્યતિરેકનું જ્ઞાન સંભવતું ન હોઈ અન્વય-વ્યતિરેક આયુર્વેદનું મૂળ ઘટી શકતું નથી. જો કહો કે અન્વય-વ્યતિરેક દ્વારા બધાં દ્રવ્યોની બધી શક્તિઓને નિશ્ચિતપણે જાણીને ચરક વગેરેએ આયુર્વેદશાસ્ત્ર રચ્યું છે એટલે આ જાતનું અન્વય-વ્યતિરેકિત્વ છે તો કહેવું જોઈએ કે તેનો પણ નીરાસ થઈ ગયો છે. આજે જેટલા અન્વય-વ્યતિરેક આપણે

[1] यथा कुम्भं करोतीति कुम्भकार इत्यत्र 'कर्मण्यण्' [पाणिनि ३.२.१] तथा हिमवन्तं शृणोतीति भव कस्मान्न भवतीति चोदिते सत्याह—'इह न भवति अनभिधानात्' इति ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જાણવા સમર્થ છીએ તેટલા અન્વય–વ્યતિરેક દ્વારા આયુર્વેદશાસ્ત્રના અમુક ભાગનો પ્રત્યક્ષ સાથે સંવાદ દેખી તેને આધારે તે ભાગનું પ્રામાણ્ય કલ્પી તેમાં પ્રવૃત્ત ભલે થાઓ. પરંતુ તેટલા જ અન્વય–વ્યતિરેકો શાસ્ત્રનું મૂળ બનવા યોગ્ય નથી, કારણ કે તેમ હોતાં તો આપણે બધા એવા શાસ્ત્રના રચયિતા બની જવાની આપત્તિ આવે. જેમ વેદ અનાદિ ઘટતા નથી તેમ શાસ્ત્રો પણ અનાદિ ઘટતાં નથી, કારણ કે કાલિદાસ વગેરેના સ્મરણની જેમ ચરક વગેરે કર્તાઓના સ્મરણની બાબતમાં કોઈ વિવાદ નથી. આયુર્વેદશાસ્ત્રના સ્મરણનો પ્રવાહ જ અનાદિ છે એવું નથી, કારણ કે તેમ હોય તો આયુર્વેદશાસ્ત્રના કર્તાના અનવધારણને લીધે અંધપરંપરા-દોષ આવે. [આમ] તમે જણાવેલ આયુર્વેદશાસ્ત્રનું તે મૂળ ઘટતું નથી, કારણ કે તેનો નીરાસ અમે કર્યો છે; એટલે સર્વજ્ઞપ્રણીત જ આયુર્વેદ છે.

71. ननु अविदुषामुपदेशो नावकल्पते इति विद्वांसः चरकादयः कल्प्यन्ताम् । ते तु प्रत्यक्षेणैव सर्वं विदितवन्त इत्यत्र किं मानम् ।

71. મીમાંસક—જાણકાર ન હોય એ ઉપદેશ આપે એ શક્ય નથી એટલે ચરક વગેરેને જાણકાર તમે કલ્પો, પરંતુ તેઓ પ્રત્યક્ષ દ્વારા જ બધું જાણતા હતા એમ માનવામાં શું પ્રમાણ છે ?

72. उच्यते । अन्वयव्यतिरेकयोर्निरासान्नानुमानस्यैष विषयः । वेदमूलत्वमपि मन्वादिस्मृतिवदयुक्तं कल्पयितुं कर्तृसामान्यासम्भवादिति वर्णयिष्यामः । पुरुषान्तरोपदेशपूर्वकत्वे चरकेणैव किमपराद्धम् ? उपमानमनाशङ्कनीयमेवास्मिन्नर्थे । अर्थापत्तिस्तु न प्रमाणान्तरम् । अप्रामाण्यं तु नास्ति, बहुकृत्वः संवाददर्शनात् । अतः परिशेषात् [स्थितं प्रत्यक्षेणैव ते सर्वं विदितवन्तः इति ।] प्रत्यक्षीकृतदेशकालपुरुषदशाभेदानुसारिसमस्तव्यस्तपदार्थसार्थशक्तिनिश्चयाश्चरकादय इति युक्तं कल्पयितुम् ।

72. નૈયાયિક—અમે ઉત્તર આપીએ છીએ. અન્વય-વ્યતિરેકનો નીરાસ કરવામાં આવ્યો હોઈ, અનુમાનનો એ વિષય નથી (અર્થાત્ અનુમાન દ્વારા તેઓ બધું જાણી શકે નહિ.) તે મન્વાદિસ્મૃતિની જેમ વેદમૂલક છે એમ માનવું પણ અયોગ્ય છે અર્થાત્ વેદમૂલક હોવાને કારણે વેદ દ્વારા તેઓ બધું જાણે છે એમ માનવું અયોગ્ય છે, કારણ કે જેમ મનુસ્મૃત્યુપદિષ્ટ કર્મનો અધિકારી કર્તા વેદવિહિત કર્મના અધિકારી કર્તાથી અભિન્ન છે તેમ આયુર્વેદોપદિષ્ટ કર્મનો અધિકારી કર્તા વેદવિહિત કર્મના અધિકારી કર્તાથી અભિન્ન નથી; આ વાત આગળ જણાવીશું. બીજા (વિદ્વાન) પુરુષના ઉપદેશના કારણે ચરક બધું જાણતા હતા એમ જો કોઈ કહે તો અમે કહીશું કે ચરકે શો અપરાધ કર્યો હતો [કે તે પોતે ન જાણી શક્યા જ્યારે પેલો બીજો પુરુષ જાણી શક્યો ?] ઉપમાન દ્વારા બધું જાણવાનો તો પ્રશ્ન જ ઊઠતો નથી અર્થાત્ એની કોઈ સંભાવના જ નથી. અર્થાપત્તિ તો પ્રમાણ જ નથી એટલે એના દ્વારા જાણવાની વાત જ ન હોય. અને આયુર્વેદનું અપ્રામાણ્ય તો છે જ નહિ, કારણ કે અનેક વાર સંવાદ દેખાય છે અર્થાત્ આયુર્વેદે કહ્યા પ્રમાણે પ્રયોગ કરતાં રોગ મટતો દેખાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેથી પરિશેષ દ્વારા એ નિર્ણય થાય છે કે તેઓ પ્રત્યક્ષ દ્વારા જ બધું જાણતા હતા. [અર્થાત્ અનુમાન આદિ પ્રમાણો તે બધાનું જ્ઞાન કરાવવા શક્તિમાન નથી એમ એક પછી એકને લઈ જણાવ્યા પછી બાકી રહેલ પ્રત્યક્ષ જ તેનું જ્ઞાન કરાવી શકે, એ રીતે પરિશેષ દ્વારા નિશ્ચય થાય છે કે તેઓ પ્રત્યક્ષ દ્વારા બધું જાણતા હતા.] પ્રત્યક્ષ કરેલ દેશ, કાલ, પુરુષ, દશા, વગેરે ભેદો અનુસાર સમસ્ત પદાર્થોની અને તેમનાં મિશ્રણોની શકિતનો નિશ્ચય ચરક વગેરેને હતો એમ માનવું યોગ્ય છે.

73. यद्येवं कथं तर्हि सोमराज्यादिवाक्येषु व्यभिचारः ? व्यभिचारे चार्धजरतीयमित्युक्तम् । नैष दोषः, कर्मकर्तृसाधनवैगुण्याद् एषु व्यभिचारो भविष्यति, वैदिकेषु च कर्मसु मीमांसकस्य समानो दोषः ।

कारीर्यादौ का ते वार्ता यस्यां न स्यादिष्टौ वृष्टिः ।
वैगुण्यं चेत् कर्त्रादीनामत्राप्येवं शक्यं वक्तुम् ॥

73. મીમાંસક—જો એમ હોય તો સોમરાજી વગેરે જે રોગને મટાડતા કહેવામાં આવ્યા છે તે રોગને મટાડતા કેમ નથી ? એ ન મટાડતા હોય તો શાસ્ત્રનો અમુક ભાગ સાચો અને અમુક ભાગ ખોટો એવું ઠરે.

નૈયાયિક-- આવો દોષ નથી આવતો. જે રીતે ઔષધિ લેવી જોઈએ તે રીતે ન લેવાઈ હોય, રોગીની દશા જેવી જોઈએ તેવી ન હોય કે ઔષધિના ઘટકોની માત્રા બરાબર ન હોય તો તે ઔષધિ રોગ મટાડે નહિ. વૈદિક કર્મોની બાબતમાં મીમાંસકની સ્થિતિ પણ સમાન છે. જેમનું અનુષ્ઠાન કરવા છતાં વૃષ્ટિ થતી નથી તે કારીરી વગેરે યજ્ઞોને વિશે તમારે શું કહેવાનું છે ? જો [કારીરી યજ્ઞ કરવા છતાં વૃષ્ટિ ન થવાનું કારણ] યજ્ઞ કરનાર, યજ્ઞ કરવાની રીત તેમ જ યજ્ઞનાં સાધનોનો દોષ હોય તો અહીં પણ એ પ્રમાણે કહેવું શકય છે.

74. यदि विधुरमभुक्तं कर्म शास्त्रीयमन्यत्
फलविघटनहेतुः कल्प्यते सोऽपि तुल्यः ।
क्वचिदथ फलसंपद् दृश्यते तत्प्रयोगे
तदिह दृढशरीराः सन्ति दीर्घायुषश्च ॥

74. જો અભુક્ત વૈદિક કર્મનું [કહેવામાં આવેલું] ફળ ન થતું હોય તો તે ફળના ન થવાનું કારણ કંઈક બીજું છે [અર્થાત્ કર્મ, કર્તૃ અને સાધનનું વૈગુણ્ય છે]. ફલાભાવનું કારણ અહીં આયુર્વેદમાં પણ તે જ છે. જો કોઈક વાર વૈદિક કર્મના અનુષ્ઠાનથી ફલસંપત્તિ દેખાય છે તો અહીં આયુર્વેદમાં પણ આયુર્વેદોક્ત કર્મના અનુષ્ઠાનથી લોકો દૃઢ શરીરવાળા અને ચિરાયુ બને છે.

75. आयुर्वेदश्च तस्मादाप्तकृतो नान्यमूल इति सिद्धम् ।
एवं फलवेदादौ प्रकाशमाप्तप्रणीतत्वम् ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

75. નિષ્કર્ષ એ કે આયુર્વેદ આપ્ત પુરુષે રચેલ છે, તેનું અન્ય કોઈ મૂળ નથી એ પુરવાર થયું. આ રીતે જ ફલવેદ (= શસ્યશાસ્ત્ર) વગેરેની આપ્તપ્રણીતતા સ્પષ્ટ થાય છે.

76 तस्मादाप्तोक्तत्वस्य सिद्धमायुर्वेदादौ व्याप्तिग्रहणम् । व्याप्तिप्रदर्शनायैव सूत्रकृता 'स द्विविधो दृष्टादृष्टार्थत्वात्' [न्या. सू. १.१.८] इत्युक्तम् । दृष्टार्थे गृहीताविनाभावमाप्तोक्तत्वम् अदृष्टार्थेऽपि प्रामाण्यं साधयतीति । अत एवोक्तम्, 'मन्त्रायुर्वेदप्रामाण्यवच्च तत्प्रामाण्यमाप्तप्रामाण्यात्' इति [न्यायसूत्र २.१.६९] ।

76. પરિણામે આયુર્વેદ વગેરેમાં આપ્તોક્તત્વની [પ્રામાણ્ય સાથેની] વ્યાપ્તિનું ગ્રહણ સિદ્ધ થયું. વ્યાપ્તિ દર્શાવવા જ સૂત્રકારે કહ્યું છે કે તે (= શબ્દપ્રમાણ) બે પ્રકારનું છે, કારણ કે તેનો વિષય દૃષ્ટ અને અદૃષ્ટ [એમ બે પ્રકારનો] છે. દૃષ્ટાર્થમાં પ્રામાણ્ય સાથે આપ્તોક્તત્વનો ગૃહીત થયેલો વ્યાપ્તિસંબંધ અદૃષ્ટાર્થમાં પણ આપ્તોક્ત શબ્દનું પ્રામાણ્ય સિદ્ધ કરે છે. એટલે જ કહ્યું છે કે મંત્ર અને આયુર્વેદના પ્રામાણ્યની જેમ શબ્દનું પ્રામાણ્ય આપ્ત પુરુષના પ્રામાણ્યને કારણે છે

77. नन्वत्रापि न वैद्यकं विरचयन् दृष्टो मुनिः सर्ववित्  
तद्व्याप्तिग्रहणं जने यदि वृथाऽऽयुर्वेदसङ्कीर्तनम् ।  
सत्यं किन्तु दृढा तथाऽपि चरकाद्याप्तस्मृतिर्वैद्यके  
नासौ चान्यनिबन्धनेति कथिता तस्येह दृष्टान्तता ॥

77. મીમાંસક–અહીં પણ [કોઈએ] સર્વજ્ઞ મુનિને વૈદ્યકશાસ્ત્ર રચતા દેખ્યા નથી. જો આપ્તોક્તત્વ અને પ્રામાણ્ય વચ્ચેની વ્યાપ્તિનું ગ્રહણ લોકોમાં હોય તો પછી આયુર્વેદને દૃષ્ટાન્ત તરીકે જણાવવું વૃથા છે.

નૈયાયિક— સાચું, પરંતુ વૈદ્યકશાસ્ત્રની બાબતમાં તેના રચયિતા તરીકે ચરક વગેરે આપ્ત પુરુષોનું સ્મરણ દૃઢ થયેલું છે, તે સ્મરણ અન્યનિબંધન નથી. એટલે આયુર્વેદને દૃષ્ટાન્ત તરીકે અહીં જણાવેલ છે.

78. इत्यायुर्वेदवाक्यप्रभृतिषु भवति व्याप्तिराप्तोक्ततायाः  
पूर्वोक्तेन क्रमेण स्फुटमकथि तथा पक्षधर्मत्वमस्याः ।  
न प्रत्यक्षागमाभ्यामपहृतविषया नानुमानान्तरेण  
व्याधूता वेति सैषा भजति गमकतां पञ्चरूपोपपत्तेः ॥

78. આયુર્વેદનાં વચનો વગેરેમાં આપ્તોક્તતાની [પ્રામાણ્ય સાથેની] વ્યાપ્તિ પૂર્વોક્ત રીતે બને છે. આપ્તોક્તતા પક્ષનો [અહીં આયુર્વેદવચનો પક્ષ છે] ધર્મ છે એ સ્પષ્ટપણે જણાવ્યું છે. પ્રત્યક્ષ કે આગમથી આપ્તોક્તતા હેતુ બાધિત નથી તેમ જ અન્ય સત્પ્રતિપક્ષ અનુમાનથી તે વ્યાધૂત પણ નથી. એટલે આપ્તોક્તતાહેતુ [સાધ્યનો–પ્રામાણ્યનો] ગમક બને છે, કારણ કે સદ્હેતુનાં પાંચે લક્ષણો તેમાં ઘટે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

79. अनपेक्षतया न वेदवाचां घटते निष्प्रतिमः प्रमाणभावः ।
क्व गिरामयथार्थतानिवृत्तिः पुरुषप्रत्ययमन्तरेण दृष्टा ॥

79. [વક્તાના ગુણની] અપેક્ષા વિના જ વેદવચનોનું પ્રામાણ્ય હોય તો તેવા પ્રામાણ્યનું કોઈ દૃષ્ટાન્ત જ-નહિ મળે અને પરિણામે વેદવચનોનું પ્રામાણ્ય નહિ ઘટે. પુરુષની આપ્તતા વિના વાણીની અયથાર્થતાની નિવૃત્તિ ક્યાં જોઈ ?

80. तत्प्रत्ययाद् बहुतरद्रविणव्ययादि-
साध्येषु कर्मसु तपःसु च वैदिकेषु ।
युक्तं प्रवर्तनमबाधनकेन नैव
तत्सिद्धिरित्यलमसम्मत एष मार्गः ॥

तस्मादाप्तोक्तत्वादेव वेदाः प्रमाणमिति सिद्धम् ।

80. ઘણાં દ્રવ્યનો વ્યય વગેરેથી સાધ્ય વૈદિક કર્મો અને તપોમાં પુરુષની વિશ્વસનીયતાને (=આપ્તતાને) કારણે પ્રવૃત્ત થવું યોગ્ય છે. તે વૈદિક કર્મો અને તપોમાં પ્રવર્તન, વેદવચનોનો બાધક કોઈ જણાતો નથી એટલા માત્રથી ઘટતું નથી. વધુ ચર્ચાની જરૂર નથી. આ માર્ગ (=મીમાંસકોનો મત) અસ્વીકાર્ય છે. તેથી આપ્ત પુરુષનાં વચનો હોવાથી જ વેદો પ્રમાણ છે એ પુરવાર થયું.

81. अन्ये त्वन्यथा वेदप्रामाण्यं वर्णयन्ति । तस्य हि प्रामाण्येऽभ्युपगतपरलोकोऽनभ्युपगतपरलोको वा परो विप्रतिपद्यते ? तत्रानभ्युपगतपरलोकं प्रति तावदात्मनित्यतादिन्यायपूर्वकं परलोकसमर्थनमेव विधेयम् ।

81. પરંતુ બીજાઓ (= મીમાંસકો) બીજી રીતે વેદનું પ્રામાણ્ય પુરવાર કરે છે. પરલોકમાં માનનાર અને નહિ માનનાર એવા વિરોધીઓ વેદના પ્રામાણ્ય બાબત મતભેદ ધરાવે છે. તેમાં જેઓ પરલોક સ્વીકારતા નથી તેમને ઉદ્દેશી આત્મનિત્યતા વગેરેને પુરવાર કરતા તર્કોને આધારે પરલોકનું સમર્થન જ કરવું જોઈએ.

82. परलोकवादिनां तु मते यदेतत् सुखिदुःख्यादिभेदेन जगतो वैचित्र्यं दृश्यते तदवश्यं कर्मवैचित्र्यनिबन्धनमेव । कर्माणि चाननुष्ठितानि नात्मानं लभन्ते, अलब्धात्मनां च नभःकुसुमनिभानां कुतो विचित्रसुखदुःखादिफलसाधनत्वम् ? तस्मादनुष्ठानमेषामेषितव्यम् । अनुष्ठानं च नाविदितस्वरूपाणां कर्मणामुपपन्नम्, अजानन् पुरुषस्तपस्वी किमनुतिष्ठेत् ? तदवश्यं ज्ञात्वाऽनुष्ठेयानि कर्माणि ।

82. પરંતુ જેઓ પરલોકમાં માને છે તેમના મતમાં [અમુક] સુખી, [અમુક] દુઃખી વગેરે ભેદને કારણે જગતમાં જે આ વૈચિત્ર્ય દેખાય છે તે અવશ્ય કર્મવૈચિત્ર્યને કારણે જ છે. અનુષ્ઠાન વિના કર્મો અસ્તિત્વમાં આવતાં નથી. નભઃકુસુમ જેવાં અસ્તિત્વમાં ન આવેલાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કર્મો સુખ, દુઃખ વગેરે વિવિધ ફળો પેદા કેવી રીતે કરી શકે ? તેથી કર્મોનું અનુષ્ઠાન ઇચ્છવું જોઈએ. કર્મોનું સ્વરૂપ અજ્ઞાત હોય તો તેમનું અનુષ્ઠાન ઘટે નહિ. કર્મોનું સ્વરૂપ ન જાણતો બિચારો પુરુષ શેનું અનુષ્ઠાન કરે ? તેથી કર્મોનું સ્વરૂપ જાણીને જ કર્મોનું અનુષ્ઠાન કરવું જોઈએ.

83. तदिदानीं तेषां परिज्ञाने कोऽभ्युपायः ? न प्रत्यक्षमस्मदादीनां स्वर्गाद्यदृष्टपुरुषार्थसाधनानि कर्माणि दर्शयितुं प्रभवति ।

नाप्यनुमानम्, अन्वयव्यतिरेकाभ्यां तृप्तिभोजनयोरिव स्वर्गयागयोः साध्य-साधनसम्बन्धानवधारणात् । नाप्यर्थापत्तिः, जगद्वैचित्र्यान्यथाऽनुपपत्त्या तु विचित्रं कारणमात्रमनुमीयते, न च तावताऽनुष्ठानसिद्धिः । उक्तं च—

अधर्मे धर्मरूपे वाऽप्यविभक्ते फलं प्रति ।
किमप्यस्तीति विज्ञानं नराणां क्वोपयुज्यते ॥ इति [श्लो.वा.प्रत्यक्ष. १०५]

उपमानं त्वत्र शङ्क्यमानमपि न शोभते ।

83. તો હવે કર્મોનાં સ્વરૂપોને જાણવાનો ઉપાય શો છે ? સ્વર્ગ વગેરે અદૃષ્ટ પુરુષાર્થના સાધનભૂત કર્મોને દર્શાવવા આપણું પ્રત્યક્ષ સમર્થ નથી. અનુમાન પણ સમર્થ નથી, કારણ કે જેમ તૃપ્તિ અને ભોજન વચ્ચેનો સાધ્ય–સાધનભાવ અન્વય વ્યતિરેક દ્વારા નિશ્ચિત થાય છે તેમ સ્વર્ગ અને યજ્ઞ વચ્ચેનો સાધ્ય–સાધનભાવ અન્વય વ્યતિરેક દ્વારા નિશ્ચિત થતો નથી. અર્થાપત્તિ પણ સમર્થ નથી, કારણ કે જગદ્વૈચિત્ર્ય અન્યથા ઘટતું ન હોઈ તેના કારણમાત્રનું (અર્થાત્ કર્મસામાન્યનું જ) અનુમાન થાય છે; અને તેટલાથી જ અનુષ્ઠાનની સિદ્ધિ થાય નહિ. [અર્થાત્ કર્મસામાન્યના જ્ઞાનથી અનુષ્ઠાન થઈ શકે નહિ.] અને કહ્યું પણ છે કે કર્મને ધર્મ અને અધર્મમાં વિભક્ત ન કરવામાં આવ્યું હોય ત્યારે [અર્થાત્ પ્રસ્તુત કર્મ ધર્મ છે કે અધર્મ એ જાણ્યું ન હોય ત્યારે] કર્મને વિશેનું 'કંઈક [કર્મ] છે' એવું નિર્વિકલ્પક જ્ઞાન મનુષ્યોને ઇચ્છિત ફળની પ્રાપ્તિમાં ક્યાં ઉપયોગી છે ? [ઇચ્છિત અમુક ફળ પ્રાપ્ત કરવા માટે તે ફળને ઉત્પન્ન કરનાર કયું વિશેષ કર્મ છે એ જાણવું જોઈએ. ગમે તે કર્મ કરવાથી ઇચ્છિત વિશિષ્ટ ફળ ન મળે.] અહીં ઉપમાન કર્મના સ્વરૂપનું જ્ઞાન કરાવવા સમર્થ છે કે કેમ એવી શંકા ઉઠાવવી પણ શોભતી નથી. [અર્થાત્ તે સમર્થ નથી જ.]

84. नापि परस्परमुपदिशन्तो लौकिकाः कर्माणि परलोकफलानि जानीयुरिति वक्तुं युक्तम्, अज्ञात्वा उपपादयतामाप्तत्वायोगात् । ज्ञानं तु लौकिकानां दुर्घटम्, प्रमाणाभावाद् इत्युक्तत्वात् । एवमेव हि पुरुषोपदेशपरम्पराकल्पनायामन्धपरम्परान्यायः स्यात् । तस्मादवश्यमभ्युपगतपरलोकैः परलोकफलानि कर्माणि कुर्वद्भिः शास्त्रात् कर्मावबोधोऽभ्युपगन्तव्यः । शास्त्रं च वेदा एवेति सिद्धं तत्प्रामाण्यम् ।

84. પરસ્પરને ઉપદેશ આપતા લૌકિક જનો [અમુક] કર્મોનું ફળ પરલોક છે એમ જાણી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લે છે એમ કહેવું પણ યોગ્ય નથી, કારણ કે કર્મોનું સ્વરૂપ જાણ્યા વિના કર્મો કરવાનો ઉપદેશ આપનારમાં આપ્તત્વ હોતું નથી. કર્મોના સ્વરૂપનું જ્ઞાન લૌકિક જનોને દુર્બોધ છે, કારણ કે પ્રત્યક્ષ આદિ પ્રમાણોથી તે જ્ઞાન થતું નથી એ અમે જણાવી ગયા છીએ. પુરુષોપદેશપરંપરાની કલ્પના કરવામાં તો આંધળો આંધળાને દોરે એવો ઘાટ થશે. જેઓ પરલોકરૂપ ફળ આપનારાં કર્મો કરે છે તે પરલોકમાં માનનારાઓએ શાસ્ત્ર દ્વારા કર્મનું સ્વરૂપ જ્ઞાત થાય છે એ સ્વીકારવું જોઈએ; અને શાસ્ત્રો વેદો જ છે. એટલે વેદનું પ્રામાણ્ય સિદ્ધ થયું.

85. ननु लोकप्रसिद्धित एव धर्माधर्मसाधनानि कर्माणि ज्ञास्यन्ते, किं शास्त्रेण ? उपकारापकारौ हि धर्माधर्मयोर्लक्षणमिति प्रसिद्धमेवैतत् । तथाऽऽह व्यासः—

इदं पुण्यमिदं पापमित्येतस्मिन् पदद्वये ।
आचण्डालं मनुष्याणामल्पं शास्त्रप्रयोजनम् ॥ इति

85. શંકાકાર—લોકપ્રસિદ્ધિથી જ ધર્મસાધન કર્મો અને અધર્મસાધન કર્મો જ્ઞાત થાય છે; તો શાસ્ત્રની શી જરૂર ? ઉપકાર ધર્મનું લક્ષણ છે અને અપકાર અધર્મનું લક્ષણ છે એ લોકપ્રસિદ્ધિ તો છે જ. અને વ્યાસે [પણ] કહ્યું છે કે 'આ પુણ્ય છે અને આ પાપ છે એમ આ બે પદો [કહેવામાં] ચાંડાલ સુધીના બધા મનુષ્યોને શાસ્ત્રની કોઈ ખાસ આવશ્યકતા નથી.'

86. नैतद्युक्तं, लोकप्रसिद्धेर्निर्मूलाया: प्रमाणत्वानुपपत्तेः । लोकप्रसिद्धिर्नाम लौकिकानामविच्छिन्ना स्मृतिः । स्मृतिश्च प्रभवन्ती प्रमाणान्तरमूला भवति, न स्वतन्त्रेत्यवश्यमस्या मूलमन्वेषणीयम् । तच्च प्रत्यक्षादि नोपपद्यते इति नूनं शास्त्रमूलैव लोकप्रसिद्धिः । विरुद्धानेकप्रकारत्वाच्च लोकप्रसिद्धेर्न तस्यां स्वतन्त्रायां समाश्वसिति लोकः । न चोपकारापकारकमात्रलक्षणावेव धर्माधर्मौ वक्तुं युज्येते, जपशीधुपानादौ तदभावात्, गुरुदारगमनादौ च विपर्ययादित्यवश्यं शास्त्रशरणावेव तावेषितव्यौ ।

अपि चेदमिष्टिसत्रादिकमेवंफलम्, अयमस्मिन्नधिकृत इति, इयमितिकर्तव्यता, एष देशः, एष कालः, इमे ऋत्विजः इत्यादि किं लोकप्रसिद्धेरधिगन्तुं शक्यते ? तस्मादवश्यं शास्त्राधीन एव विशिष्टकर्मावबोध एषितव्यः । शास्त्रं च वेद एवेत्युक्तम् । अतस्तस्य निर्विवादसिद्धमेव प्रामाण्यमिति ।

86. મીમાંસક—આ બરાબર નથી, કારણ કે લોકપ્રસિદ્ધિ નિર્મૂળ હોઈ તેનું પ્રામાણ્ય ઘટતું નથી. લોકપ્રસિદ્ધિ એટલે લૌકિક લોકોની અવિચ્છિન્ન [પેઢી દર પેઢી ચાલતી આવેલી] સ્મૃતિ. અને સ્મૃતિ જ્યારે થાય ત્યારે તેનું મૂળ કોઈ પ્રમાણ હોય, તે સ્વતંત્ર તો થાય જ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નહિ, એટલે એનું મૂળ શોધવું જોઈએ. તે મૂળ પ્રત્યક્ષ વગેરે પ્રમાણો ઘટતાં નથી, એટલે લોકપ્રસિદ્ધિ શાસ્ત્રમૂલક છે [એ પુરવાર થાય છે]. લોકપ્રસિદ્ધિ અનેક પ્રકારની પરસ્પરવિરોધી હોવાથી [શાસ્ત્રમૂલક નહિ એવી] સ્વતંત્ર લોકપ્રસિદ્ધિમાં લોકો વિશ્વાસ મૂકતા નથી. વળી, ધર્મનું લક્ષણ કેવળ ઉપકાર અને અધર્મનું લક્ષણ કેવળ અપકાર છે એમ કહેવું યોગ્ય નથી, કારણ કે જપ અને મદ્યપાન વગેરેમાં ઉપકાર કે અપકારનો અભાવ છે [એટલે તે ધર્મ કે અધર્મ નહિ ગણાય]; વળી ગુરુપત્ની સાથેનો વ્યભિચાર [ઉપકાર કરતો હોઈ અર્થાત્ આનંદ આપતો હોઈ] ધર્મ બની જાય. એટલે ધર્મ અને અધર્મને શાસ્ત્રને આધારે જ નિર્ણીત થતા માનવા જોઈએ. વળી, આ [દર્શપૂર્ણમાસ વગેરે] ઇષ્ટિઓ અને [દ્વાદશાહ વગેરે] સત્રો વગેરેનું આવું ફળ હોય છે, આ કર્માનુષ્ઠાન કરવામાં આનો અધિકાર છે, કર્માનુષ્ઠાનની આ પ્રક્રિયા છે, કર્માનુષ્ઠાન માટે આ દેશ છે અને આ કાળ છે, આ ઋત્વિજો છે વગેરેને શું લોકપ્રસિદ્ધિથી જાણવાં શક્ય છે ? તેથી વિશિષ્ટ પ્રકારના કર્મનું જ્ઞાન શાસ્ત્રાધીન જ છે એમ અવશ્યપણે સ્વીકારવું જોઈએ. અને શાસ્ત્ર એ વેદ જ છે એમ કહેવામાં આવ્યું છે. તેથી વેદનું પ્રામાણ્ય નિર્વિવાદપણે સિદ્ધ જ થયું.

87. एवं तु वर्ण्यमाने संसारानादित्वं तावदुक्तं स्यात् , वेदस्यानादित्वं कर्मज्ञानानादित्वात् । ततश्च मीमांसकवर्त्मनैव प्रमाणता सिद्धयति, नाप्तवादात् । तस्माद्यथोदाहृत एव मार्गः प्रमाणतायामनुवर्तनीयः ।

87. આ પ્રમાણે પ્રતિપાદન કરતાં તો અમે મીમાંસકોએ સંસારનું અનાદિત્વ કહ્યું ગણાય. વેદ અનાદિ છે, કારણ કે વિવિધ કર્મોનું જ્ઞાન અનાદિ છે, અને તેથી અમારી મીમાંસકની રીતે જ વેદની પ્રમાણતા સિદ્ધ થશે અને નહિ કે આપ્તનાં વચનો હોવાને કારણે. પરિણામે અમે [મીમાંસકોએ] જે માર્ગ દર્શાવ્યો છે તે જ વેદની પ્રમાણતા સિદ્ધ કરવા માટે અનુસરવો જોઈએ.

88. वयमपि न न शिष्मोऽनादिसंसारपक्षं
युगपदखिलसर्गध्वंसवादे तु भेदः ।
अकथि च रचनानां कार्यता तेन सर्गात्
प्रभृति भगवतेदं वेदशास्त्रं प्रणीतम् ।।

अनादिरेवेश्वरकर्तृकोऽपि सदैव सर्गप्रलयप्रबन्धः ।
सर्गान्तरेष्वेव च कर्मबोधो वेदान्तरेभ्योऽपि जनस्य सिध्येत् ।।

88. નૈયાયિક—અમે પણ સંસાર અનાદિ છે એ પક્ષ નથી સ્વીકારતા એવું નથી. પરંતુ સર્વ વસ્તુઓના યુગપદ્ સર્જન અને યુગપદ્ ધ્વંસની બાબતે મતભેદ છે. [અમે નૈયાયિકો પણ સંસારને અનાદિ માનીએ છીએ પણ ક્યારેક સર્વની યુગપદ્ સૃષ્ટિ અને સર્વનો યુગપદ્ વિનાશ માનીએ છીએ, જ્યારે તમે મીમાંસકો ક્રમથી સર્જન અને ક્રમથી વિનાશ માનો છો.] તેથી સર્ગથી માંડી રચનાઓનું કાર્યત્વ તેમ જ આ વેદશાસ્ત્રનું ઈશ્વરપ્રણીતત્વ અમે જણાવ્યું છે. સર્ગ અને પ્રલયનો પ્રવાહ ઈશ્વરકર્તૃક હોવા છતાં સદૈવ અનાદિ છે. અન્યાન્ય સર્ગોમાં કર્મોનું જ્ઞાન બીજા વેદોમાંથી લોકોને મળે છે એ સિદ્ધ થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

89. अन्यत्वे किं प्रमाणं ननु तव सुमते किं तदैक्ये प्रमाणं
ध्वस्तं तावत् समस्तं भुवनमिति तदा वेदनाशोऽप्यवश्यम् ।
एकस्त्वीशोऽवशिष्टः स च रचयति वा प्राक्तनं संस्मरेद्वा
वेदे स्वातन्त्र्यमस्मिन्नियतमुभयथाऽप्यस्ति चन्द्रार्धमौलेः ॥
एकस्य तस्य मनसि प्रतिभासमानो
वेदस्तदा हि कृतकान्न विशिष्यतेऽसौ ।
प्रत्यक्षसर्वविषयस्य तु नेश्वरस्य
युक्ता स्मृतिः करणमेव ततोऽनवद्यम् ॥

89. મીમાંસક—[અન્ય સર્ગોમાં વેદો] જુદા હોય છે એમ માનવામાં તમારા તરફથી શું પ્રમાણ છે ?

નૈયાયિક— અરે ઓ સુબુદ્ધિ ! તેઓ એ ા એ જ હોય છે એમ માનવામાંય શું પ્રમાણ છે ? [પ્રલયમાં] સમસ્ત જગતનો નાશ તો થાય છે એટલે તે વખતે વેદોનો નાશ પણ અવશ્ય થાય જ; એકમાત્ર ઈશ્વર જ બાકી રહે છે અને તે કાં તો નવા વેદો રચે છે કાં તો જૂનાને યાદ કરે છે. ઈશ્વરનું વેદમાં આ બાબતે બંને રીતે સ્વાતંત્ર્ય નિયત છે. અદ્વિતીય ઈશ્વરના મનમાં પ્રતિભાસ પામતો એ વેદ તે વખતે કાર્યરૂપ વેદથી જુદો નથી. જેને સર્વ વિષયો પ્રત્યક્ષ છે એવા ઈશ્વરને સ્મૃતિ ઉચિત નથી. તેથી નવા વેદની રચનાનો પક્ષ જ નિર્દોષ છે.

90. तेनाप्तनिर्मिततयैव निरत्ययार्थ-
संप्रत्ययोपजननाय जनस्य वेदे ।
शास्त्रं सुविस्तरमपास्तकुतर्कमूल-
मोहप्रपञ्चमकरोन्मुनिरक्षपादः ॥

90 નિષ્કર્ષ એ કે આપ્તપુરુષરચિત હોવાના આધારે જ વેદમાં અર્થ વિશે લોકોનો અત્યંત વિશ્વાસ પેદા કરવા મુનિ અક્ષપાદે અજ્ઞાનરૂપ વૃક્ષના કુતર્કરૂપ મૂળને જડથી ઉખેડનારું સુવિસ્તૃત ન્યાયશાસ્ત્ર રચ્યું છે.

91. अत्र कश्चिदाह । युक्तमितरेतरव्यतिषक्तार्थोपदेशित्वेनैककर्तृकत्वानुमानद्वारकं त्रिवेद्याः प्रामाण्यम् । अथर्ववेदस्य तु त्रय्याम्नातधर्मोपयोगानुपलब्धेस्त्रयीबाह्यत्वेन न तत्समानयोगक्षेमत्वम् । अनपेक्षत्वलक्षणप्रामाण्यपक्षेऽपि विक्षिप्तशाखान्तरोपदिष्टत्रिशिष्टज्योतिष्टोमाद्यनेककर्मानुप्रविष्टहौत्राध्वर्यवादिव्यापारव्यतिषङ्गदर्शनात् तदर्था त्रय्येव यथा प्रमाणभावभागिनी भवितुमर्हति, न तथा पृथग्व्यवहाराऽऽथर्वणश्रुतिः ।

91. અહીં કોઈ કહે છે—પરસ્પર સંબંધ ધરાવતા અર્થોનો ઉપદેશ આપતા હોવાથી તેમનો (= ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદનો) કર્તા એક છે એવું અનુમાન થાય છે અને એ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનુમાન દ્વારા ત્રણ વેદોનું પ્રામાણ્ય તો બરાબર છે પરંતુ ત્રયીમાં ઉપદેશેલ ધર્મના ઉપયોગનું કંઈ અથર્વવેદમાં મળતું ન હોઈ અથર્વવેદ ત્રયીબાહ્ય છે અને તે ત્રયીબાહ્ય હોવાથી ત્રયીસમાન તેનું સ્થાન નથી, અર્થાત્ તે પ્રમાણ નથી. પ્રામાણ્યને પુરુષગુણની અપેક્ષા નથી એવા મીમાંસકોના પક્ષમાં પણ વિવિધ શાખાઓમાં ઉપદિષ્ટ વિશિષ્ટ પ્રકારના મોટા જ્યોતિષ્ટોમ વગેરે કર્મોમાં સમાવિષ્ટ, હોતા, અધ્વર્યુ વગેરેના વ્યાપારોનો પરસ્પર સંબંધ દેખાતો હોઈ તે અર્થોવાળી ત્રયી જ પ્રમાણભાવ ધરાવવાને જેટલી યોગ્ય છે તેટલી યોગ્ય તે વ્યાપારોથી તદ્દન અસંબદ્ધ વ્યાપારોવાળી આથર્વણશ્રુતિ (= અથર્વવેદ) નથી.

92. तथा च लोके चतस्र इमा विद्याः प्राणिनामनुग्रहाय प्रवृत्ताः — आन्वीक्षिकी त्रयी वार्ता दण्डनीतिरिति प्रसिद्धिः । श्रुतिस्मृती अपि तदनुगुणार्थे एव दृश्येते । श्रुतिस्तावद् 'ऋग्भिः प्रातर्दिवि देव ईयते । यजुर्वेदेन तिष्ठति मध्येऽह्नः । सामवेदेनास्तमेति । वेदैरशून्यस्त्रिभिरेति सूर्यः' [तै० ब्रा० ३.१२.९] इति । तथा 'प्रजापतिरकामयत बहु स्यां प्रजायेयेति । स तपोऽतप्यत । स तपस्तप्त्वेमांस्त्रीँल्लोकानसृजत पृथिवीमन्तरिक्षं दिवमिति । तांल्लोकानभ्यतपत् तेभ्यस्त्रीणि ज्योतींष्यजायन्त । अग्निरेव पृथिव्या अजायत वायुरन्तरिक्षाद्दिव आदित्य इति । तानि ज्योतींष्यभ्यतपत् । तेभ्यस्त्रयो वेदा अजायन्त अग्नेर्ऋग्वेदो वायोर्यजुर्वेद आदित्यात् सामवेदः' [शतपथ ब्रा० ११.४.११]इति । तथा 'सैषा विद्या त्रयी तपति' इति [नारायणोप० १२.२] ।

92. વળી, આન્વીક્ષિકી, ત્રયી, વાર્તા અને દંડનીતિ-આ ચાર વિદ્યાઓ જીવોના અનુગ્રહ માટે પ્રવૃત્ત છે એવું લોકોમાં પ્રસિદ્ધ છે. શ્રુતિ અને સ્મૃતિ પણ તેનું સમર્થન જ કરતાં જણાય છે. 'ઋગ્વેદ સાથે સવારે આકાશમાં દેવ (= સૂર્ય) ચાલે છે. યજુર્વેદ સાથે મધ્યાહ્ને ઊભો રહે છે. સામવેદ સાથે અસ્ત પામે છે. ત્રણ વેદો સહિત સૂર્ય પાછો આવે છે' — આવી શ્રુતિ [તૈ૦બ્રા૦ ૩-૧૨-૯] છે. વળી, 'પ્રજાપતિએ કામના કરી કે હું બહુ થાઉં, [ભૂતાત્મારૂપે] ઉત્પન્ન થાઉં. તેણે તપ કર્યું. તપ કરી તેણે આ [ત્રણ] લોકોનું સર્જન કર્યું—પૃથ્વી, અન્તરિક્ષ અને આકાશ. તેણે તે લોકોને તપાવ્યા. તેમનામાંથી ત્રણ પ્રકાશમાન ચીજો ઉત્પન્ન થઈ. પૃથ્વીમાંથી અગ્નિ જ પેદા થયો, અન્તરિક્ષમાંથી વાયુ પેદા થયો અને આકાશમાંથી સૂર્ય પેદા થયો. તેણે તે ત્રણ પ્રકાશમાન ચીજોને તપાવી. તેમાંથી ત્રણ વેદો જન્મ્યા— અગ્નિમાંથી ઋગ્વેદ, વાયુમાંથી યજુર્વેદ અને સૂર્યમાંથી સામવેદ.' [શતપથ બ્રા૦ ૧૧-૪-૧૧]. વળી, 'આ પેલી વિદ્યાત્રયી તપે છે.' [નારા૦૧૨-૨].

93. स्मृतिरपि मानवी प्रतिवेदं द्वादशवार्षिकब्रह्मचर्योपदेशिनी दृश्यते—'षट्त्रिंशदार्षिकं चर्यं गुरौ त्रैवेदिकं व्रतम्' इति [मनुस्मृ० ३.१] । श्राद्धप्रकरणेऽपि—

यत्नेन भोजयेच्छ्राद्धे बह्वृचं वेदपारगम् ।
शाखान्तगमथाध्वर्युं छन्दोगं वा समाप्तिगम् ॥ इति[मनुस्मृ० ३.१४५]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

त्रिवेदपारगानेव श्राद्धभुजो ब्राह्मणान् दर्शयति, नाथर्ववेदाध्यायिनः । प्रत्युत निषेधः क्वचिदुपदिश्यते—'तस्मादाथर्वणं न प्रवृञ्ज्यात्' इति [कल्पसूत्र] ।

93. મનુએ રચેલી સ્મૃતિ પણ પ્રત્યેક વેદ દીઠ બાર વર્ષના બ્રહ્મચર્યવાસનો ઉપદેશ આપતી દેખાય છે—'ગુરુને ત્યાં છત્રીસ વરસ બ્રહ્મચર્યવાસ એ ત્રૈવેદિક વ્રત છે.' શ્રાદ્ધપ્રકરણમાં પણ [કહ્યું છે કે] 'શ્રાદ્ધમાં ઘણી ઋચાઓને જાણનાર વેદપારંગતને, શાખાઓના અંતને પામનાર અધ્વર્યુને અને છન્દોને જાણનારને કે સમાપ્તિને જાણનારને યત્નપૂર્વક ભોજન કરાવવું.' આમ આ સ્મૃતિ ત્રણ વેદના પારંગત બ્રાહ્મણોને જ શ્રાદ્ધભોજી તરીકે દર્શાવે છે, અથર્વવેદના જાણકારને દર્શાવતી નથી. ઊલટું, ક્યાંક તો નિષેધ ઉપદેશવામાં આવ્યો છે. '[ત્રયીમાં ઉપદેશવામાં આવેલાં કર્મોને] અથર્વવેદોપદિષ્ટ કર્મ સાથે સેળભેળ ન કરવા.' [કલ્પસૂત્ર].

94. एवमाक्षेपे सति केचिदाचक्षते—

यदि यज्ञोपयोगित्वं नेहास्त्याथर्वणश्रुतेः ।
अर्थान्तरे प्रमाणत्वं केनास्याः प्रतिहन्यते ॥
शान्तिपुष्ट्यभिचारार्था एकब्रह्मर्त्विगाश्रिताः ।
क्रियास्तया प्रमीयन्ते त्रय्येवात्मीयगोचरः ॥ इति [तन्त्रवा० १.३.२]

94 આવો આક્ષેપ જ્યારે કરવામાં આવે છે ત્યારે કોઈ કહે છે—જો અથર્વવેદનું અહીં [ત્રયીઉપદિષ્ટ કર્મોમાં] યજ્ઞોપયોગીપણું ન હોય તો પણ અન્ય અર્થમાં (=કર્મોમાં) તેનું પ્રામાણ્ય કોણ હણે છે ? દુષ્ટ ગ્રહોની ખરાબ અસરને શાન્ત કરવા માટે, સમૃદ્ધિને વધારવા માટે અને દુશ્મનનો નાશ કરવા માટે એક જ બ્રહ્મા ઋત્વિજની સૂચના મુજબ કરાતાં કર્મોમાં અથર્વવેદનું પ્રામાણ્ય છે—જેમ ત્રયીનું પ્રામાણ્ય પોતાના વિષયમાં છે તેમ.

95. एतत्तु सर्वं न साध्वभिधीयते । तथा हि 'तत्प्रमाणं बादरायणस्यानपेक्षत्वात्' इति [जै०सू० १.१.५] य एष वेदप्रामाण्याधिगतौ जैमिनिना निरदेशि पन्थाः, यो वाऽक्षपादेन कणादेन च प्रकटितः 'तद्वचनादाम्नायस्य प्रामाण्यम्' इति [वैशे० सू० १०.२.९], 'मन्त्रायुर्वेदप्रामाण्यवच्च तत्प्रमाण्यमाप्तप्रामाण्यात्' इति [न्या०सू० २.१.६९], स चतुर्ष्वपि वेदेषु तुल्यः । तत्र विशेषतुषोऽपि न कश्चिदतिप्रयत्नेनान्विष्यमाणः प्राप्यते । न हि मीमांसकपक्षे एवं वक्तुं शक्यते—त्रय्येवानादिमती, नाथर्वणश्रुतिः, तस्यां कर्तृस्मरणसम्भवादिति । नापि नैयायिकादिपक्षे एवं वक्तुं शक्यम्—आप्तप्रणीतास्त्रयो वेदाः, चतुर्थस्तु नाप्तप्रणीत इति । तेन प्रामाण्याधिगमोपायाविशेषात् समानयोगक्षेमतया चत्वारोऽपि वेदाः प्रमाणम् ।

95. જયંત—આ બધું બરાબર નથી કહેવાયું. 'બાદરાયણને મતે શબ્દ પ્રમાણ છે, કારણ કે તે પોતાના પ્રામાણ્ય માટે બીજા કોઈની અપેક્ષા રાખતો નથી' એમ જૈમિનિએ વેદના પ્રામાણ્યને જાણવા માટે જે માર્ગ નિર્દેશ્યો છે તે, કે અક્ષપાદે અને કણાદે જે પ્રગટ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કર્યો છે—'વેદનું વચન હોવાથી આમ્નાયનું પ્રામાણ્ય છે,' 'મન્ત્ર–આયુર્વેદના પ્રામાણ્યની જેમ વેદનું પ્રામાણ્ય આપ્તના પ્રામાણ્યને કારણે છે'—તે ચારેય વેદોની બાબતમાં એકસરખો છે. અતિ પ્રયત્ન કરી શોધાતો કોઈ તણખલા જેવો તુચ્છ વિશેષ (=ભેદ યા તફાવત) પણ પ્રાપ્ત થતો નથી. મીમાંસકોએ પોતાના પક્ષે આમ કહેવું પણ શક્ય નથી કે 'ત્રયી જ અનાદિ છે, અથર્વવેદ અનાદિ નથી, કારણ કે તેની બાબતમાં તેના કર્તાનું સ્મરણ સંભવે છે'; નૈયાયિકોએ પોતાના પક્ષે આમ કહેવું શક્ય નથી કે 'ત્રણ વેદો જ આપ્તપ્રણીત છે, ચોથો વેદ આપ્તપ્રણીત નથી.' નિષ્કર્ષ એ કે પ્રામાણ્યને જાણવાના ઉપાયોની બાબતમાં કંઈ ભેદ ન હોવાથી સમાન યોગક્ષેમ ધરાવતા હોવાને કારણે ચારેય વેદો પ્રમાણ છે.

96. व्यवहारोऽपि सर्वेषां सारेतरविचारचतुरचेतसां चतुर्भिरपि वेदैश्चतुर्णां वर्णानामाश्रमाणां चतसृषु दिक्षु चतुरब्धिमेखलायामवनौ प्रसिद्ध इति कोऽयमत्रान्यथात्वभ्रमः ?

96. ચાર વર્ણો અને ચાર આશ્રમોમાં સ્થિત, સારાસારનો વિચાર કરવામાં ચતુર મનવાળા સર્વેનો વ્યવહાર ચાર સમુદ્રોથી ઘેરાયેલી સમગ્ર પૃથ્વી ઉપર ચારેય દિશાઓમાં ચારેય વેદો વડે ચાલતો પ્રસિદ્ધ છે, તો પછી અથર્વવેદને વિશે અન્યથાત્વભ્રમ (અર્થાત્ તે વેદ નથી, પ્રમાણ નથી એવો ભ્રમ) કેવો ?

97 श्रुतिस्मृतिमूलश्चार्यावर्तनिवासिनां भवति व्यवहारः । ते च श्रुतिस्मृती चतुरोऽपि वेदान् समानकक्षानभिवदतः । ऋग्यजुःसामवेदेष्वपि अथर्ववेदाशंसीनि भूयांसि वचांसि भवन्ति । तद्यथा शतपथे 'अथ तृतीयेऽहनि' इत्युपक्रम्य अश्वमेधे पारिप्लवाख्याने [१३.४.३.७] 'सोऽयमाथर्वणो वेदः' इति श्रूयते । छान्दोग्योपनिषदि [७.१.४] च "ऋग्वेदो यजुर्वेदः सामवेद आथर्वणः चतुर्थः" इति पठ्यते ।

97. આર્યાવર્તના નિવાસીઓનો વ્યવહાર શ્રુતિસ્મૃતિમૂલક હોય છે. અને તે શ્રુતિ અને સ્મૃતિ બન્ને ચારે વેદોને સમાન કક્ષાના જણાવે છે. ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદમાં અથર્વવેદની અપેક્ષા રાખતાં યા તેને જણાવતાં ઘણાં વચનો છે. ઉદાહરણાર્થ, શતપથમાં 'अथ तृतीयेऽहन्' થી શરૂ કરી અશ્વમેધે પારિપ્લવાખ્યાને 'सोऽयमाथर्वणो वेदः' એમ કહેવામાં આવ્યું છે. વળી, છાંદોગ્ય ઉપનિષદ્માં 'ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને ચોથો અથર્વવેદ' એમ કહેવામાં આવ્યું છે.

98. ननु 'इतिहासपुराणः पञ्चमः' इति (छां०उप०७.१.४) तत्र पठ्यते एव । किं चातः ? किमियताऽऽथर्वणश्चतुर्थो न भवति वेदः ? चतुर्थशब्दोपादानाद् इतिहासादितुल्योऽसौ, न वेदसमानकक्ष इति चेत्, केयं कल्पना ? चतुर्थशब्दोपादानादप्राधान्ये 'त्रयो वेदा असृज्यन्त' [शत० ब्रा०११.४.११] इत्यादौ त्रित्वसंख्योपादानात् तेऽपि न प्रधानतामधिगच्छेयुः । इतिहासादिभिर्वा सह परिगणनमप्राधान्यकारणं यदुच्यते, तदपि सर्ववेदसाधारणमिति यत्किञ्चिदेतत् ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

98. શંકાકાર— 'ઇતિહાસપુરાણ પાંચમો વેદ છે' એમ ત્યાં (=છાંદોગ્ય ઉપનિષદમાં) કહેવામાં આવ્યું છે જ.

જયંત—તેથી શું ? શું એટલા માત્રથી અથર્વવેદ ચોથો વેદ ન બને ?

શંકાકાર—'ચતુર્થ' શબ્દ મૂક્યો હોવાને કારણે ઇતિહાસ વગેરે તુલ્ય એ અથર્વવેદ છે, વેદની સમાન કક્ષાનો નથી.

જયંત—આ કેઈ કલ્પના છે ? 'ચતુર્થ' શબ્દ મૂક્યો હોવાથી ગૌણ વેદ એવો અર્થ થતો હોય તો 'ત્રણ વેદો સર્જ્યા' [શત૦બ્રા૦૧૧.૪.૧૧] વગેરેમાં ત્રિત્વસંખ્યા મૂકી હોવાથી તે ત્રણ વેદો પણ પ્રધાન અર્થમાં વેદ ન ગણાય. ઇતિહાસ વગેરેની સાથે તેની ગણના કરવામાં આવી તે તેના (=અથર્વવેદના) ગૌણ વેદ હોવાનું કારણ જો કહેવાતું હોય તો તે કારણ પણ સર્વવેદ-સાધારણ છે એટલે એનો કોઈ અર્થ નથી.

99. तथा शताध्ययनेऽपि 'ऋचो वै ब्रह्मणः प्राणाः' इत्यभ्युपक्रम्य 'आथर्वणो वै ब्रह्मणः समानः' इति पठ्यते । तथा 'येऽस्य प्राञ्चो रश्मयः ता एवास्य प्राच्यो मधुनाड्यः, ऋच एव पुष्पम्' [छां०उप०३.१.२] इत्युपक्रम्य पठितं 'अथ येऽस्योदञ्चो रश्मयस्ता एवास्योदीच्यो मधुनाड्योऽथर्वाङ्गिरस एव मधुकृतः' इति [छां०उप० ३.४.१] । तथा तैत्तिरीये 'तस्माद्वा एतस्मात् प्राणमयादन्योऽन्तर आत्मा मनोमयः' इति [तै० उप० २.३] प्रस्तुत्य 'तस्य यजुरेव शिरः । ऋग्दक्षिणः पक्षः । सामोत्तरः पक्षः । आदेश आत्मा । अथर्वाङ्गिरसः पुच्छं प्रतिष्ठा' इति पठ्यते । तथान्यत्र 'ऋचां प्राची महती दिगुच्यते, दक्षिणामाहुर्यजुषां, साम्नामुत्तराम्, अथर्वणामङ्गिरसां प्रतीची महती दिगुच्यते' इति [तै० ब्रा० ३.१२.९]। शतपथे ब्रह्मयज्ञविधिप्रक्रमे मध्यमे 'पयआहुतयो ह वा एता देवानां यदृचः' इत्युपक्रम्य 'मेदआहुतयो ह वा एता देवानां यदथर्वाङ्गिरसः स य एवं विद्वानथर्वाङ्गिरसोऽहरहः स्वाध्यायमधीते मेदआहुतिभिरेव देवान् स तर्पयति त एनं तृप्तास्तर्पयन्ति' [शतपथब्रा० ११.५.६.७] इति ।

99. વળી, શતાધ્યયનમાં 'ઋચાઓ બ્રહ્મના પ્રાણ છે' ત્યાંથી શરૂ કરી અંતે 'આથર્વણ બ્રહ્મનો સમાન વાયુ છે' એમ કહેવામાં આવ્યું છે. ઉપરાંત, 'જે આની પ્રાંચ રશ્મિઓ છે તે જ આની પ્રાચ્ય મધુનાડીઓ છે, ઋચાઓ જ પુષ્પ છે' [છાં૦ ઉપ૦ ૩.૧.૨] ત્યાંથી શરૂ કરી અંતે કહેવાયું છે કે 'અને જે આની ઉદંચ રશ્મિઓ છે તે જ આની ઉદીચ્ય મધુનાડીઓ છે, અથર્વાંગિરસ (= અથર્વવેદમંત્રો) જ મધુકૃત છે' [છાં૦ઉપ૦૩.૪.૧]. તથા તૈત્તિરીયમાં 'અથવા આ તે પ્રાણમયથી અન્ય આન્તર આત્મા મનોમય છે' [તૈ૦ઉપ૦ ૨.૩] એમ શરૂ કરી છેવટે કહ્યું છે કે "યજુર્વેદ તેનું શિર છે, ઋગ્વેદ તેની



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દક્ષિણ પાંખ છે, સામવેદ તેની ઉત્તર પાંખ છે. [‘આદિત્ય બ્રહ્મ છે’ એવો રહસ્યવિધિરૂપ અંશવિશેષ જે] આદેશ [કહેવાય છે તે] આત્મા છે. અથર્વાંગિરસ પૂંછડું છે, પ્રતિષ્ઠા છે.” વળી, અન્યત્ર કહ્યું છે, “ઋગ્મંત્રોની મહાદિશા પૂર્વ કહેવાય છે, યજુર્મન્ત્રોની દક્ષિણ કહેવાય છે, સામમન્ત્રોની ઉત્તર [અને] અથર્વમંત્રોની મહાદિશા પશ્ચિમ કહેવાય છે” [તૈ૦બ્રા૦ ૩.૧૨.૯]. શતપથમાં બ્રહ્મયજ્ઞની વિધિના મધ્યમ પ્રક્રમમાં ‘જે ઋચાઓ છે તે દેવો માટેની આ દૂધરૂપ આહુતિઓ છે’ એમ શરૂ કરી અંતે કહ્યું છે કે ‘જે અથર્વમન્ત્ર છે તે દેવો માટેની મેદરૂપ આહુતિઓ છે, જે આમ સમજીને અથર્વમંત્રોનો રોજેરોજ સ્વાધ્યાય કરે છે તે મેદરૂપ આહુતિઓ દ્વારા પેલા દેવોને તૃપ્ત કરે છે અને તૃપ્ત થયેલા તેઓ એને તૃપ્ત કરે છે.’ [શતપથબ્રા૦ ૧૧.૫.૬.૭]

**100.** मन्त्रा अपि तदर्थप्रकाशनपरा अनुश्रूयन्ते ‘त्वामग्ने पुष्कारादध्यथर्वा निरमन्थत’ [तै०सं०३.५.११] इत्यादयः । न चैषामथर्वा नाम कश्चिदृषिरित्येवंप्रकारं व्याख्यानं युक्तम्, अन्यत्राप्यसमाश्वासप्रसङ्गात् । इत्येवंजातीयकास्तावदुदाहृताः श्रुतिवाचः ।

**100.** મન્ત્રો પણ તે અર્થને [અર્થાત્ અથર્વવેદ ત્રયી સમકક્ષ છે એ અર્થને] જણાવનારા સંભળાય છે. ‘હે અગ્નિ ! આધિપત્ય ધરાવતા અથર્વાએ અર્થાત્ અથર્વવિદ્ બ્રહ્માએ તને અરણિમાંથી ઉત્પન્ન કર્યો છે,’ વગેરે મન્ત્રો. ‘અથર્વા નામનો કોઈ ઋષિ’ એવું અર્થઘટન આ મન્ત્રોનું યોગ્ય નથી, કારણ કે બીજે પણ [અર્થાત્ બીજા આવા શબ્દોની બાબતમાં પણ આવો અર્થ કેમ ન હોય એવો] સંશય જાગવાની આપત્તિ આવે. તો આમ આ જાતનાં શ્રુતિવાક્યો ટાંક્યાં.

**101.** स्मृतिवाक्यानि खल्वपि । मनुस्तावत् ‘श्रुतीरथर्वाङ्गिरसीः कुर्यादित्यविचारयन्’ [११.३३] इति श्रुतिशब्देन त्रयीवदिह व्यवहरति । याज्ञवल्क्यः चतुर्दशविद्यास्थानानि गणयन्—

पुराणतर्कमीमांसाधर्मशास्त्राङ्गमिश्रिताः ।
वेदाः स्थानानि विद्यानां धर्मस्य च चतुर्दश ॥ [१.३]

इति चतुर एव वेदानावेदयते । नान्यथा हि चतुर्दशसंख्या पूर्यते । स्मृत्यन्तरे च स्पष्टमेवोक्तम्—

अङ्गानि वेदाश्चत्वारो मीमांसा न्यायविस्तरः ।
पुराणं धर्मशास्त्रं च विद्या ह्येताश्चतुर्दश ॥ इति

अन्यत्राप्युक्तम् ‘पुराणं धर्मशास्त्रं मीमांसा न्यायश्चत्वारो वेदाः षडङ्गानीति चतुर्दश विद्यास्थानानि’ इति ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

101. ખરેખર સ્મૃતિવાક્યો પણ છે. મનુ " વિચાર કરવા અટક્યા વિના અથર્વાંગીરસી શ્રુતિઓ પ્રયોજે " [૧૧.૩૩] એમ કહી 'શ્રુતિ' શબ્દ દ્વારા ત્રયીની જેમ અથર્વવેદનો વ્યવહાર કરે છે. 'પુરાણ, તર્ક, મીમાંસા, ધર્મશાસ્ત્ર, [૭] અંગો સહિત [ચાર] વેદો એમ ચૌદ વિદ્યાઓનાં અને ધર્મનાં સ્થાનો છે, " એમ ચૌદ વિદ્યાસ્થાનોને ગણાવતાં યાજ્ઞવલ્ક્ય ચારેય વેદોને જણાવે છે, કારણ કે અન્યથા ચૌદની સંખ્યા પૂરી થાય નહિ. બીજી સ્મૃતિમાં તો સ્પષ્ટપણે કહ્યું છે કે " [૭] અંગો, ચાર વેદો, મીમાંસા, વિસ્તૃત ન્યાય, પુરાણ અને ધર્મશાસ્ત્ર—આ ચૌદ વિદ્યાઓ છે." બીજે સ્થાને પણ કહેવામાં આવ્યું છે કે " પુરાણ, ધર્મશાસ્ત્ર, મીમાંસા, ન્યાય, ચાર વેદો અને ૭ અંગો એમ ચૌદ વિદ્યાસ્થાનો છે. "

102. शातातपोऽप्याह—

ऋक्सामयजुरङ्गानामथर्वाङ्गिरसामपि ।
अणोरप्यस्य विज्ञानाद् योऽनूचानस्स नो महान् ।। इति

तथाऽन्यत्र 'चत्वारश्चतुर्णां वेदानां पारगा धर्मज्ञाः परिषत्' इत्युक्तम् । शङ्खलिखितौ च 'ऋग्यजुस्सामाथर्वविदः षडङ्गविद् धर्मविद् वाक्यविद् नैयायिको नैष्ठिको ब्रह्मचारी पञ्चाग्निरिति दशावरा परिषत्' इत्यूचतुः । प्राचेतसे 'चत्वारो वेदविदो धर्मशास्त्रविदिति पञ्चावरा परिषत्' इत्युक्तम् ।

102. શાતાતપે પણ કહ્યું છે, " ઋગ્વેદ, સામવેદ, યજુર્વેદ, વેદાંગો અને અથર્વવેદના આ અણુમાત્રનું પણ વિજ્ઞાન હોવાને કારણે જે વિદ્વાન યા વેદવિદ્ [કહેવાય] છે તે અમારે મન મહાન છે. " વળી અન્યત્ર કહ્યું છે કે " ચાર વેદોમાં પારંગત ચાર ધર્મજ્ઞો એ પરિષદ [કહેવાય] છે. " શંખ અને લિખિતે કહ્યું છે કે ' (૧) ઋગ્વેદને જાણનાર (૨) યજુર્વેદને જાણનાર (૩) સામવેદને જાણનાર, (૪) અથર્વવેદને જાણનાર, (૫) ૭ વેદાંગોને જાણનાર, (૬) ધર્મશાસ્ત્રને જાણનાર, (૭) મીમાંસાને જાણનાર, (૮) નૈયાયિક, (૯) નૈષ્ઠિક બ્રહ્મચારી અને (૧૦) પંચાગ્નિ (= દક્ષિણ આદિ પાંચ અગ્નિઓ રાખનાર ગૃહસ્થ અથવા શરીરગત પાંચ અગ્નિઓને જાણનાર) એમ ઓછામાં ઓછા દસની પરિષદ હોય છે." પ્રાચેતસમાં કહ્યું છે કે " [ચાર] વેદના ચાર જાણનારા અને ધર્મશાસ્ત્રને જાણનારો એમ ઓછામાં ઓછા પાંચની પરિષદ હોય છે."

103. तथा च पङ्क्तिपावनप्रस्तावे चतुर्वेदषडङ्गवित् ज्येष्ठसामगोऽथर्वाङ्गिरसोऽप्येते पङ्क्तिपावना गण्यन्ते । तदयमेवमादिवेदचतुष्टयप्रतिष्ठाप्रगुण एव प्राचुर्येण धर्मशास्त्रकाराणां व्यवहारः । अन्येऽपि शास्त्रकारास्तथैव व्यवहरन्तो दृश्यन्ते । तथा च महाभाष्यकारो भगवान् पतञ्जलिरथर्ववेदमेव प्रथममुदाहृतवान् 'शन्नो देवीरभिष्टये' इति । मीमांसाभाष्यकारेणापि वेदाधिकरणे [१.१.८] 'काठकं कालापकं मौद्गलं पैप्पलादकम्' इति यजुर्वेदादिवदथर्ववेदेऽपि पैप्पलादकमुदाजह्रे । सर्वशाखाधिकरणे

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[શા૦ભા૦૨.૪.૮]ऽपि वेदान्तरशाखान्तरवद् मौद्गलपैप्पलादकाख्ये अथर्वशाखे अप्युदाहृत्य विचारः कृतः । तथा च 'प्रथमयज्ञो नाम चतुर्षु वेदेषु न कश्चिदस्ति' इत्यधिकरणान्ते एव लिखितम् । एवं श्रुतिस्मृतिशिष्टाचारव्यवहारविदामत्र विप्रतिपत्तिसम्भावनैव नास्ति ।

**103.** વળી, પંક્તિપાવનની ચર્ચા વખતે ચાર વેદ તથા ષડંગનો જાણકાર, જ્યેષ્ઠ સામગ અને અથર્વાંગિરસ પણ એ [બધા] પંક્તિપાવનો ગણાય છે. ધર્મશાસ્ત્રકારો વેદચતુષ્ટય-ની પ્રતિષ્ઠાનો આ આવો સીધો સ્પષ્ટ વ્યવહાર (ઉલ્લેખ) પ્રચુરપણે કરે છે. બીજા શાસ્ત્રકારોય તે પ્રમાણે જ વ્યવહાર કરતા દેખાય છે. મહાભાષ્યકાર પતંજલિએ અથર્વવેદનું જ પ્રથમ ઉદાહરણ આપ્યું છે—'शन्नो देवीरभिष्टये.' મીમાંસાભાષ્યકારે પણ વેદાધિકરણમાં [૧.૧.૮] "કાઠક, કાલાપક, મૌદ્ગલ [અને] પૈપ્પલાદક', એમ કહી યજુર્વેદ વગેરેની જેમ અથર્વવેદની બાબતમાં પણ પૈપ્પલાદકનું ઉદાહરણ આપ્યું છે. સર્વશાખાધિકરણમાં [શાબર ભા૦ ૨.૪.૮] પણ અન્ય વેદની બીજી શાખાઓની જેમ અથર્વવેદની મૌદ્ગલ અને પૈપ્પલાદક એ નામની બે શાખાઓ પણ જણાવી વિચાર કર્યો છે. વળી અધિકરણાન્તે લખ્યું છે કે "પ્રથમયજ્ઞ નામનો કોઈ યજ્ઞ ચાર વેદોમાં નથી." આમ શ્રુતિ, સ્મૃતિ, શિષ્ટ આચાર અને વ્યવહારના જાણકારોમાં અહીં મતભેદની સંભાવના જ નથી.

**104.** आह—न ब्रूमः अथर्ववेदो न प्रमाणमिति किन्तु त्रयीबाह्य इति । उच्यते । त्र्यपीयमथर्ववेदबाह्यैव । न केवलमेवं, त्र्यामपि परस्परबाह्यत्वमस्त्येव । ऋक्सामबाह्यानि यजूंषि, यजुःसामबाह्या ऋचः, ऋग्यजुर्बाह्यानि सामानीति कियानयं दोषः, सर्वभावानामितरेतरसाङ्कर्यरहितत्वात् । ये हि शब्दात्मानो ग्रन्थसंदर्भस्वभावाः, ये च तदभिधेया अर्थस्वाभावाः, ते सर्वेऽन्योन्यासंमिश्रितात्मान एव । न च परेणात्मानं संमिश्रयन्तोऽपि ते स्वरूपमपहारयन्तीति ।

**104.** શંકાકાર—અથર્વવેદ પ્રમાણ નથી એમ અમે કહેતા નથી, પરંતુ તે ત્રયીબાહ્ય છે [એમ કહીએ છીએ].

જયંત— આ ત્રયી પણ અથર્વવેદબાહ્ય છે. માત્ર એવું જ નથી, ત્રયીમાં પણ પરસ્પર-બાહ્યત્વ છે જ; ઋગ્વેદ-સામવેદથી બાહ્ય યજુર્વેદ છે, યજુર્વેદ-સામવેદથી બાહ્ય ઋગ્વેદ છે, ઋગ્વેદ-યજુર્વેદથી બાહ્ય સામવેદ છે, એટલે આ દોષ કેટલો ? કારણ કે બધી જ વસ્તુઓ ઇતરેતરસાંકર્યરહિત હોય છે [અર્થાત્ એકનો સ્વભાવ બીજી ધારણ કરતી નથી]. જે શબ્દસ્વભાવ ગ્રન્થસંદર્ભો છે અને જે અર્થસ્વભાવ અભિધેયો છે તે બધાં અન્યોન્યાસંમિશ્રિતાત્મ જ છે. [તેઓ સેળભેળ થાય છે, પરંતુ તેમનો સ્વભાવ તેઓ છોડતા નથી કે બીજાનો સ્વભાવ ધારણ કરતા નથી. જે શબ્દસ્વભાવ છે તે શબ્દસ્વભાવ જ રહે છે અને જે અર્થસ્વભાવ છે તે અર્થસ્વભાવ જ રહે છે અર્થાત્] બીજાની સાથે પોતાને મિશ્રિત કરતા હોવા છતાં તેઓ બીજાનું સ્વરૂપ લઈ લેતા નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

105. अथोच्येत नेदृशं त्रयीबाह्यत्वमथर्ववेदे विवक्षितम्, अपि तु यदेष न त्रयीप्रत्ययं कर्मोपदिशति न तत्सम्बद्धं किञ्चिदिति, तदस्य त्रयीबाह्यत्वमिति । एतदपि न साधूपदिष्टम्, इष्टिपश्वेकाहाहीनसत्रादिकर्मणां तत्रोपदेशदर्शनात् । सर्वशाखा-प्रत्ययमेकं कर्मेति न्यायात् त्र्युपदिष्टेऽपि कर्मणि सम्बद्धमथर्ववेदात् किमपि लभ्यत एव ।

105. હવે જો કહેવામાં આવે કે આવું ત્રયીબાહ્યત્વ અથર્વવેદમાં વિવક્ષિત નથી, પરંતુ ત્રયીપ્રતિપાદિત કર્મ તે ઉપદેશતો નથી તેમ જ તે કર્મસંબંધી કંઈ જ તે ઉપદેશતો નથી, આ જે લક્ષણ છે તે જ તેનું ત્રયીબાહ્યત્વ છે, તો એ પણ બરાબર કહ્યું નહિ ગણાય, કારણ કે ઇષ્ટિ, પશુ એકહા, અહીન, સત્ર વગેરે કર્મોનો ત્યાં (= અથર્વવેદમાં) ઉપદેશ દેખાય છે. વળી, 'સર્વશાખાપ્રતિપાદિત એક કર્મ છે' (અર્થાત્ બધા વેદોની બધી શાખાઓ એક કર્માનુષ્ઠાનમાં સરખો મહત્ત્વનો ભાગ ભજવે છે) એ નિયમને કારણે ત્રયીઉપદિષ્ટ કર્મ સાથે સંબદ્ધ એવું કંઈક અથર્વવેદમાંથી પ્રાપ્ત થાય છે જ.

106. ननु भवति सर्वशाखाप्रत्ययमेकं कर्म, तत्पुनः त्रिवेदीसम्बद्धसर्वशाखा-प्रत्ययमेव, नाथर्वशाखाप्रत्ययम्, यतः सोमयागादिकर्मणाम् ऋग्वेदेन हौत्रं, यजुर्वेदेनाध्वर्यवं, सामवेदेनौद्गात्रं क्रियते, नाथर्ववेदेन किञ्चिदिति ।

106. શંકાકાર—સર્વશાખાપ્રતિપાદિત એક કર્મ હોય છે, પરંતુ તે કર્મ કેવળ ત્રણ વેદો સાથે સંબંધ ધરાવતી સર્વશાખાઓ વડે પ્રતિપાદિત, અથર્વવેદની શાખાઓ વડે પ્રતિપાદિત નહિ, કારણ કે સોમયાગ વગેરે કર્મોમાં ઋગ્વેદ હોતાની ફરજો આપે છે, યજુર્વેદ અધ્વર્યુની ફરજો જણાવે છે, સામવેદ ઉદ્ગાતાની ફરજો જણાવે છે, અથર્વવેદ કંઈ જણાવતો નથી.

107. तदयुक्तम्, अथर्ववेदेन ब्रह्मत्वस्य करणात् । तथा च गोपथब्राह्मणम् [२.२४]—'प्रजापतिः सोमेन यक्ष्यमाणो वेदानुवाच कं वो होतारं वृणीयम् इति' इति प्रक्रम्य 'तस्माद् ऋग्विदमेव होतारं वृणीष्व, स हि हौत्रं वेद, यजुर्विदमेवाध्वर्युं वृणीष्व, स हि आध्वर्यवं वेद, सामविदमेवोद्गातारं वृणीष्व, स हि औद्गात्रं वेद, अथर्वाङ्गिरोविदमेव ब्रह्माणं वृणीष्व, स हि ब्रह्मत्वं वेद' इति एवमभिधाय पुनराह 'अथ चेन्नैवंविधं होतारमध्वर्युमुद्गातारं ब्रह्माणं वा वृणुते पुरस्तादेव वैषां यज्ञो रिष्यतीति । तस्मादृग्विदमेव होतारं कुर्यात्, यजुर्विदमेवाध्वर्युं, सामविदमेवोद्गातारम्, अथर्वाङ्गिरसोविदमेव ब्रह्माणम्' इति । तथा 'यदूनं च विरिष्टं च यातयामं च करोति तदथर्वणां तेजसा प्रत्याप्याययेत्' इति [गो० ब्रा० १.२२], 'नर्ते भृग्वङ्गिरोभ्यः सोमः पातव्यः' इति [गो० ब्रा० १.२८] ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**107.** જયંત—તે બરાબર નથી. અથર્વવેદ બ્રહ્માની ફરજો જણાવે છે. "સોમયજ્ઞ કરવાને ઇચ્છતો પ્રજાપતિ વેદોને પૂછે છે—અમારે કોને હોતા તરીકે પસંદ કરવા જોઈએ ?"થી શરૂ કરી છેવટે ગોપથબ્રાહ્મણ [૨.૨૪] કહે છે "તેથી ઋગ્વેદને જાણનારને હોતા તરીકે પસંદ કર, કારણ કે તે હોતાની ફરજો જાણે છે, યજુર્વેદને જાણનારને અધ્વર્યુ તરીકે પસંદ કર, કારણ કે તે અધ્વર્યુની ફરજો જાણે છે, સામવેદને જાણનારને ઉદ્‌ગાતા તરીકે પસંદ કર, કારણ કે તે ઉદ્‌ગાતાની ફરજો જાણે છે, અથર્વવેદને જાણનારને જ બ્રહ્મા તરીકે પસંદ કર કારણ કે તે બ્રહ્માની ફરજો જાણે છે." આમ કહીને વળી તે કહે છે કે "હવે જો આવો હોતા, અધ્વર્યુ, ઉદ્‌ગાતા કે બ્રહ્મા પસંદ કરવામાં ન આવે તો એમની આગળ જ યજ્ઞ નિષ્ફળ જાય છે; ઋગ્વેદને જાણનારને જ હોતા કરવો, યજુર્વેદને જાણનારને જ અધ્વર્યુ કરવો, સામવેદને જાણનારને જ ઉદ્‌ગાતા કરવો અને અથર્વવેદને જાણનારને જ બ્રહ્મા કરવો." [વળી, તે કહે છે,] "[યજ્ઞકર્મમાં] જે અધૂરાપણું, વિશેષ દોષ, નિર્વીર્યતા લાવતું હોય તેને અથર્વમંત્રોના તેજ વડે દૂર કરાય છે" [ગો૰ બ્રા૰ ૧.૨૨]. [પુનઃ તે કહે છે,] "[સોમયજ્ઞ પૂરો કરીને સોમયજ્ઞ કરનાર યજમાને] અથર્વવેદના જાણકાર ભૃગુ અને અંગિરસ વિના સોમરસ પીવો જોઈએ નહિ." [ગો૰ બ્રા૰ ૧ ૨૮]

**108.** नन्वेताः श्रुतीरथर्वाण एवाधीयते, नान्ये त्रयीविदः । ते त्वेवं पठन्ति 'यदृचा हौत्रं क्रियते, यजुषाऽऽध्वर्यवं, साम्ना औद्गात्रम्, अथ केन ब्रह्मत्वं क्रियते इति, त्रय्या विद्ययेति ब्रूयात्' इति । तथा च 'यदृचैव हौत्रमकुर्वत, यजुषाऽऽध्वर्यवं, साम्नौद्गात्रं, यदेव त्रय्यै विद्यायै शुक्रं तेन ब्रह्मत्वम्' इति ।

**108.** શંકાકાર— આ શ્રુતિવચનો અથર્વવેદના જાણકારો જ ભણે છે, બીજા અર્થાત્ ત્રયીને જાણનારા નહિ. તેઓ (= ત્રયીને જાણનારા) તો આવું ભણે છે, "ઋગ્વેદ હોતાની ફરજો જણાવે છે, યજુર્વેદ અધ્વર્યુની ફરજો જણાવે છે, સામવેદ ઉદ્‌ગાતાની ફરજો જણાવે છે. બ્રહ્માની ફરજો કયો વેદ જણાવે છે ? કહેવું જોઈએ કે ત્રયીનું જ્ઞાન [બ્રહ્માની ફરજો જણાવે છે.] વળી, [તેઓ ભણે છે,] "ઋગ્વેદે જ હોતાની ફરજો જણાવી, યજુર્વેદે અધ્વર્યુની ફરજો, સામવેદે ઉદ્‌ગાતાની ફરજો, જે ત્રણ વેદોની વિદ્યાનું સારતત્ત્વ છે તે બ્રહ્માની ફરજો જણાવે છે."

**109.** उच्यते । वयमप्येवमादीनि वाक्यानि न नाधीमहि । किन्तु एषामयमेवार्थः—अथर्वाङ्गिरोविदेव ब्रह्मेति । कथम् ? यतो न त्रयी नाम किमपि वस्त्वन्तरम्, अपि तु त्रयाणां वेदानां समाहार इति । समाहारश्च समाह्रियमाणनिष्ठो भवति । समाह्रियमाणाश्च ऋग्वेदादयस्त्रयो हौत्रादिपरत्वेन चरितार्थाः, न पुनस्तत्र भेदमर्हन्ति । एकैकशः चरितार्थानां समुदायोऽपि चरितार्थ एव । समुदायबुद्धौ हि विभज्यमानायां समुदायिन एव प्रस्फुरन्ति, नावयविवदर्थान्तरम्, ते चान्यान्यक्षेत्रव्यापृताः । किं नु खलु ऋग्वेदादीनां ब्रह्मत्वं कुर्वतामतिभारो न भवति ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

109. જયંત—અમે ઉત્તર આપીએ છીએ. અમે પણ આવાં વાક્યો નથી ભણ્યા એમ નહિ, પરંતુ તેમનો આ અર્થ છે : અથર્વવેદનો જાણકાર જ બ્રહ્મા છે. કેવી રીતે ? કારણ કે ત્રયી નામની કોઈ સ્વતંત્ર વસ્તુ (= વેદ) નથી, પરંતુ ત્રણ વેદોનો સમૂહ જ ત્રયી છે. સમૂહ તો ભેગી કરવામાં આવેલ વસ્તુઓમાં જ રહેલો હોય છે. ભેગા કરવામાં આવતા ઋગ્વેદ વગેરે ત્રણ હોતા વગેરેની ફરજો જણાવવામાં ચરિતાર્થ છે એ બાબતે તેમનામાં જુદાપણું યોગ્ય નથી. જે વેદો એક એક વ્યક્તિશઃ ચરિતાર્થ છે તેમનો સમુદાય પણ ચરિતાર્થ હોય જ. જ્યારે સમુદાયની બુદ્ધિનો વિભાગ કરવામાં આવે છે ત્યારે બુદ્ધિમાં સમુદાયના ઘટકો જ ભાસે છે, અવયવીની જેમ સમુદાય સ્વતંત્ર વસ્તુ નથી, અને તે [ત્રણ વેદો] અન્ય અન્ય ક્ષેત્રમાં વ્યાપાર કરે છે. શું ખરેખર ઋગ્વેદ વગેરેને જ બ્રહ્માની ફરજો જણાવતા માનવામાં આવે તો તેમના ઉપર વધુ પડતો બોજ ન પડે ?

110. न ब्रूमः अतिभार इति । किन्तु त्र्यात्मकत्वेन ब्रह्मत्वकर्तव्यतोपदिश्यते । त्र्यात्मकश्चान्यतमोऽपि तेभ्यो न भवति वेदः । अथर्ववेदस्तु त्र्यात्मक एव । तत्र हि ऋचो यजूंषि सामानि इति त्रीण्यपि सन्ति । तेन ब्रह्मत्वं क्रियमाणं त्रय्या कृतं भवति ।

110. શંકાકાર—અમે કહેતા નથી કે વધુ પડતો બોજ પડે, પરંતુ ત્ર્યાત્મક હોવાથી તેઓ જ બ્રહ્માની ફરજો ઉપદેશે છે. તે ત્રણથી જુદો ત્ર્યાત્મક વેદ પણ નથી.

જયંત— અથર્વવેદ ત્ર્યાત્મક જ છે. તેમાં ઋગ્મંત્રો, યજુર્મંત્રો અને સામમંત્રો ત્રણેય છે, તેથી તેણે જણાવેલી બ્રહ્માની ફરજો ત્રયીએ જણાવેલી ગણાય છે.

111. ननु यस्त्रीन् वेदानधीते, तेन चेद् ब्रह्मत्वं क्रियेत, तत्किं त्रय्या न कृतं भवति ? बाढमित्युच्यते । सोऽपि 'एकस्मै वा कामायान्ये यज्ञक्रतवः समाधीयन्ते' 'सर्वेभ्यो ज्योतिष्टोमः' 'सर्वेभ्यो दर्शपूर्णमासौ' इति श्रुतावपि योगसिद्ध्यधिकरणन्यायेन [जै: सू० ४.३.११] अन्यतममेव बुद्धावादाय विदध्यात्, न समुदायं बुद्धावारोपयितुं शक्नुयात् इत्येकेनैव तत्कृतं भवति, न त्रय्येति ।

111. શંકાકાર—જે ત્રણ વેદોને ભણે છે (અર્થાત્ અધ્યયન કરે છે) તે જો બ્રહ્માની ફરજો જણાવે તો શું ત્રયીએ બ્રહ્માની ફરજો જણાવી ન કહેવાય ?

જયંત—કહેવાય. બરાબર છે એમ અમે કહીએ છીએ, પરંતુ '[જ્યોતિષ્ટોમ, દર્શ અને પૂર્ણમાસથી] અન્ય યજ્ઞો એક જ કામના માટે કરવામાં આવે છે,' 'બધી જ કામનાઓ માટે જ્યોતિષ્ટોમ કરવામાં આવે છે,' 'બધી જ કામનાઓ માટે દર્શ અને પૂર્ણમાસ કરવામાં આવે છે' વગેરે શ્રુતિમાં પણ યોગસિદ્ધ્યધિકરણન્યાયથી અનેક કામનાઓમાંથી એકને જ મનમાં ધારીને યજ્ઞ કરવો જોઈએ, અનેક કામનાઓના સમુદાયને મનમાં લાવવો શક્ય નથી. એટલે એક વેદ જ તે ફરજો જણાવે છે એમ કહેવાય, ત્રણ વેદ નહિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

112. नन्वन्येऽपि त्र्यात्मका वेदाः । यद्येवं सुतरामथर्ववेदो न पृथक्करणीयः, सर्वेषां रूपाविशेषात् । तेषां पृथक्प्रतिष्ठैः स्वैः स्वैः ऋगादिभिरेव व्यपदेश इति न ते समुदायशब्दव्यपदेश्याः ।

112. શંકાકાર—બીજા વેદો પણ ત્ર્યાત્મક છે.

જયંત—જો એમ હોય તો અથર્વવેદને બીજા વેદોથી અલગ ન કરવો જોઈએ, કારણ કે બધા વેદોનું સ્વરૂપ એકસરખું છે. અલગ અલગ પ્રતિષ્ઠાવાળા તેમના પોતાનાં ઋગ્ વગેરે નામો વડે તેઓ ઓળખાય છે એટલે તેઓ સમુદાયવાચક શબ્દથી ઓળખાતા નથી.

113. यत्तु वाक्यान्तरे 'त्रय्यै विद्यायै शुक्रं तेन ब्रह्मत्वम्' इति तत्रेयं चतुर्थी षष्ठ्याः स्थाने प्रयुक्ता । शुक्रमिति सारमाचक्षते । तेन त्रयीविद्यायाः सारेण ब्रह्मत्वं क्रियते इत्युक्तं भवति । न च त्रय्येव त्रय्याः शुक्रं भवति । न चात्यन्तं ततोऽर्थान्तरमेव । तेनेदमथर्ववेदात्मकमेव त्रय्याः शुक्रं इति मन्यामहे । त्र्यात्मकत्वादिति मन्यामहे । त्र्यात्मकत्वादिति शुक्रमिति च गुह्यमाहुः । अथर्वशब्दोऽपि रहस्यवचनः । 'यज्ञाथर्वाणं वै काम्या इष्टयः' इति । तेन त्रयीशुक्ररूपेणाथर्ववेदेन ब्रह्मत्वमितीत्थमथर्ववेदस्य न त्रयीबाह्यत्वम् । इत्थं सर्वशाखा-प्रत्ययमेकं कर्मेति अत्र न सर्वशब्दः सङ्कोचितो भवति ।

113. બીજા એક વાક્યમાં કહ્યું છે કે "**त्रय्यै विद्यायै शुक्रम्, तेन ब्रह्मत्वम्.**" ત્યાં છઠ્ઠીના સ્થાનમાં ચતુર્થીનો પ્રયોગ થયો છે. 'શુક્ર' એટલે સાર કહેવાય છે, તેથી ત્રયીવિદ્યાના શુક્ર (= સાર) દ્વારા બ્રહ્માની ફરજો જણાવાય છે એમ કહ્યું કહેવાય. એનો અર્થ એ નહિ કે ત્રયી જ ત્રયીનું શુક્ર છે. વળી, તે ત્રયીથી અત્યંત જુદી જ વસ્તુ છે એમ પણ નહિ. તેથી ત્રયીનું શુક્ર આ અથર્વવેદાત્મક જ છે એમ અમે માનીએ છીએ, કારણ કે અમે માનીએ છીએ કે તે ત્ર્યાત્મક છે—ત્રયીના સત્ત્વભૂત છે. 'ત્ર્યાત્મક હોવાથી' એમ અને 'શુક્ર છે' એમ કહીને રહસ્યને જણાવ્યું છે. 'અથર્વ' શબ્દનો અર્થ રહસ્ય છે. "અથર્વયજ્ઞો (અર્થાત્ રહસ્યયજ્ઞો) ખરેખર કામ્ય ઇષ્ટિઓ છે." તેથી ત્રયીના શુક્રરૂપ અથર્વવેદથી બ્રહ્મા ફરજો જાણે છે. આમ અથર્વવેદનું ત્રયીબાહ્યત્વ નથી અને આમ 'સર્વશાખાપ્રતિપાદિત એક કર્મ'—આમાં 'સર્વ' શબ્દનો અર્થસંકોચ થતો નથી.

114. अत एव ब्रह्मवेदोऽथर्ववेद इति पूर्वोत्तरब्राह्मणे पठ्यते 'ऋग्वेदो यजुर्वेदः सामवेदः ब्रह्मवेदः' इति [गो० ब्रा० ३.२.१६] तथा च काठकशताध्ययने ब्राह्मणे ब्रह्मौदने श्रूयते 'ब्रह्मवादिनो वदन्ति पुरोधा औद्दालकिरारुणिरुवाच ब्रह्मणे त्वा प्राणाय जुष्टं निर्वपामि ब्रह्मणे त्वा व्यानाय जुष्टं निर्वपामि' इत्युपक्रम्य 'अथर्वाणो वै ब्रह्मणः समानोऽथर्वणमेवैतज्जुष्टं निर्वपति चतुःशरावो भवति चत्वारो हीमे वेदास्तानेव

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

भागिनः करोति मूलं वै ब्रह्मणो वेदाः वेदानामेतन्मूलं यदृत्विजः प्राश्नन्ति तद् ब्रह्मौदनस्य ब्रह्मौदनत्वम्" इति ।

114. તેથી જ "ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને બ્રહ્મવેદ' એમ કહી બ્રહ્મવેદ જ અથર્વવેદ છે એમ પૂર્વોત્તરબ્રાહ્મણમાં સૂચવવામાં આવેલ છે. વળી, કાઠકશતાધ્યયનબ્રાહ્મણમાં બ્રહ્મૌદનમાં "બ્રહ્મવાદીઓ કહે છે કે પુરોહિત ઔદ્દાલકી આરુણિએ કહ્યું—હું બ્રહ્મરૂપ પ્રાણને અભિરુચિત એવા તને જુદો કરી મૂકું છું, હું બ્રહ્મરૂપ વ્યાનને અભિરુચિત એવા તને જુદો કરી મૂકું છું" એમ શરૂ કરી છેવટે કહેવામાં આવ્યું છે, "અથર્વવેદ ખરેખર બ્રહ્મનો સમાન છે, આ અભિરુચિત અથર્વવેદને જ તે જુદો કરી મૂકે છે, [પ્રતિ વેદ એક એક શરાવાપેક્ષાથી] તે ચાર શરાવવાળો બને છે, આ ચાર વેદો છે, તેમને જ તે ભાગી કરે છે, બ્રહ્મનું મૂળ વેદો છે, વેદોનું મૂળ આ છે જે ઋત્વિજો જમે છે, તે બ્રહ્મૌદનનું બ્રહ્મૌદનત્વ છે."

115. तथा सामवेदे पृष्ठ्यस्य चतुर्थेऽहन्यार्भवे पवमाने आथर्वणे साम्नो गानं यत् तद्विधाने श्रूयते 'चतुर्णिधनमाथर्वणं भवति चतूरात्रस्य धृत्यै चतुष्पदानुष्टुभाऽनुष्टुभमेवैतदहर्यश्चतुर्थं भेषजं वाऽऽथर्वणं तद्वि भैषज्यमेव तत्करोत्याथर्वणानि यागभेषजानि' [तां० ब्रा० १२.९.८–१०] इत्येतदालम्बनेयं स्तुतिः । अत एव प्रागुक्तम् 'यज्ञे यदूनं च विरिष्टं च यातायमं च करोति तदथर्वणां तेजसाऽऽप्याययति' इति [गो० ब्रा० १.२२] । तस्मादाथर्वण एव ब्रह्मेति, एतच्च शास्त्रान्तरे विस्तरेणाभियुक्तैर्युक्तिभिरुपपादितमिति नेहात्यन्ताय प्रतायते ।

115 વળી સામવેદમાં પૃષ્ઠ્યના ચોથા દિવસે આર્ભવ પવમાનમાં અથર્વવેદને માટે સામનું જે ગાન કરવામાં આવે છે તે તેના વિધાનમાં સંભળાય છે, "અથર્વવેદના મંત્રો ચાર ગાનભક્તિવિશેષવાળા છે. ચતૂરાત્રની પ્રતિષ્ઠા માટે ચાર પાદવાળો અનુષ્ટુભ છંદ અહીં પ્રયોજાય છે. આ અનુષ્ટુભ જ ચતુર્થ દિવસ છે. અને આથર્વણ ભેષજ છે. તે આથર્વણ ભૈષજ્ય જ છે, તે આથર્વણ યાગભેષજો કરે છે." અથર્વવેદ વિષયક આ સ્તુતિ છે. તેથી જ આ પહેલાં કહ્યું છે કે "યજ્ઞમાં ન્યૂનતા, વિરિષ્ટ (=હાનિ, નુકસાન) અને યાતયામ (નિષ્ફળતા, નિરુપયોગિતા) જે કરે છે તે જ અથર્વમંત્રોના તેજથી પૂર્ણતા લાવે છે." તેથી અથર્વવેદ જ બ્રહ્મ છે. આ વસ્તુ અન્ય શાસ્ત્રોમાં શાસ્ત્રજ્ઞોએ વિસ્તારથી તર્કો દ્વારા ઘટાવી છે, એટલે અહીં એનો વિસ્તાર કરતા નથી.

116. यत्तु 'नाथर्वणेन प्रवृञ्ज्यात्' इति तत् कल्पसूत्रवाक्यत्वाद् वेदविरुद्धमित्यनादृतम् । अथापि श्रौतमिदं वाक्यं तदापि प्रकरणाधीतं चेत् तत्रैव क्वचित्कर्मणि निवेक्ष्यते । अनारभ्यवादपक्षेऽपि पूर्वोक्तवाक्यविसदृशार्थत्वादथर्ववेदस्य च त्रय्यबाह्यत्वेन सम्पर्कपरिहारानर्हत्वान्नियतविषयमेव व्याख्यास्यते ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

116. 'नाथर्वणेन प्रवृञ्ज्यात्' [અર્થાત્ ત્રયીમાં ઉપદેશવામાં આવેલ કર્મોને અથર્વવેદોપદિષ્ટ કર્મ સાથે સેળભેળ ન કરવાં] એમ જે કહેવામાં આવ્યું છે તે તો કલ્પસૂત્રનું વિધાન હોઈ, વેદવિરુદ્ધ છે એટલે તેનો આદર કરવામાં આવતો નથી. જો આ વાક્ય શ્રુતિનું હોત તો પણ પ્રકરણવિશેષમાં તે અધીત હોતાં ત્યાં જ કોઈક યજ્ઞકર્મમાં તેનો નિવેશ કરવામાં આવત. અનારભ્યવાદપક્ષમાં પણ (અર્થાત્ એ કેવળ સામાન્ય કથન છે એવો પક્ષ લેતાં) પૂર્વોક્ત વાક્યથી આ વાક્યનો અર્થ વિસદૃશ (= વિરુદ્ધ) બની જતો હોવાને કારણે તેમ જ અથર્વવેદ ત્રયીબાહ્ય ન હોઈ અથર્વવેદ સાથેનો સંપર્ક દુષ્પરિહર હોવાના કારણે આ નિષેધને અમુક કર્મને અનુલક્ષીને જ સમજાવવામાં આવશે.

117. यदप्युच्यते–'उच्चैर्ऋचा क्रियते उच्चैस्साम्नोपांशु यजुषा' इतिवदथर्ववेधर्मोऽपि न कश्चिदाम्नात इति, तदप्यसारम् , मन्त्रधर्मो ह्ययमुपदिश्यते, न वेदधर्मः । मन्त्रब्राह्मणसमुदायस्वभावा हि चत्वार इमे वेदग्रन्थाः । मन्त्रास्तु वस्तुतो गद्यपद्यभेदाद् द्विविधैव । गद्यबन्धो यजुरुच्यते, पद्यबन्ध ऋगिति, गीतिनिबन्धनं तु भेदान्तरं सामेति । अत एव जैमिनिना मन्त्रविभागं प्रस्तुत्य 'तेषामृग्यत्रार्थवशेन पादव्यवस्था । गीतिषु सामाख्या । शेषे यजुःशब्दः ।' [जै.सू. २.१.३५–३७] इत्थमेव तेषां त्रैविध्यमुपपादितम् । तेषामेव चायमुच्चैस्त्वादिधर्मः, न वेदशब्दवाच्यानां मन्त्रब्राह्मणसमुदायात्मनां ग्रन्थानाम् । अथर्ववेदेऽपीयं त्रिविधैव मन्त्रजातिरिति तत्रापीदं धर्मजातमुपदिष्टं भवति ।

117. 'મોટેથી ઋચાઓ બોલવામાં આવે છે, સામવેદના મંત્રો મોટેથી ગાવામાં આવે છે અને યજુર્વેદના મંત્રો ધીમેથી બોલવામાં આવે છે' આની જેમ અથર્વવેદનો કોઈ ધર્મ જણાવવામાં નથી આવ્યો એમ જે કહેવામાં આવ્યું તે યોગ્ય નથી. [આ વાક્યમાં] મંત્રનો જ ધર્મ ઉપદેશવામાં આવ્યો છે, વેદનો ધર્મ ઉપદેશવામાં આવ્યો નથી. આ ચાર વેદગ્રન્થો મન્ત્ર અને બ્રાહ્મણના સમુદાયરૂપ છે. મંત્રો વસ્તુતઃ ગદ્ય–પદ્ય ભેદે બે પ્રકારના છે. ગદ્યબંધ મન્ત્રો યજુઃ કહેવાય છે અને પદ્યબંધ મન્ત્રો ઋચા કહેવાય છે. ગીતિનિબંધન મન્ત્રો, જે વધારાનો ભેદ છે તે, સામ કહેવાય છે. તેથી જ જૈમિનિએ મન્ત્રવિભાગને અનુલક્ષી 'તેમનું ઋક્ નામ છે જ્યાં અર્થને આધારે પાદની વ્યવસ્થા છે', 'ગીતિઓમાં સામ નામનો પ્રયોગ થાય છે', 'બાકીનામાં યજુઃશબ્દનો પ્રયોગ થાય છે'—આ પ્રમાણે જ તેમનું (=મન્ત્રોનું) ત્રૈવિધ્ય ઘટાવ્યું છે. ઉચ્ચૈસ્ત્વ વગેરે ધર્મ તેમના જ અર્થાત્ મન્ત્રોના જ છે, વેદશબ્દવાચ્ય મન્ત્રબ્રાહ્મણસમુદાયરૂપ ગ્રન્થોના નથી. અથર્વવેદમાં પણ આ ત્રિવિધ મન્ત્રજાતિ છે એટલે તેમની (= અથર્વવેદગત મન્ત્રોની) બાબતમાં પણ આ ધર્મો ઉપદેશાયેલા ગણાય જ

118. मन्त्रविभागकृत एवायं त्रयीव्यपदेश इति । अतश्च 'सैषा त्रयी विद्या तपति' इत्याद्यपि न विरोत्स्यते । एवं ऋग्यजुःसामसमुदायात्मकमन्त्रोपबन्धात् त्रय्यन्तर्गतश्च अथर्ववेदः । पृथग्व्यवस्थितग्रन्थसंदर्भस्वभावत्वाच्च भिन्न इति स्थितम् ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**118.** મન્ત્રના વિભાગને આધારે જ કરાયેલો આ 'ત્રયી' નામનો વ્યવહાર છે. અને એટલે જ 'આ પેલી ત્રયી વિદ્યા તપે છે' વગેરેનો પણ વિરોધ થતો નથી. આમ ઋગ્-યજુઃ-સામના સમુદાયરૂપ મન્ત્રો સાથે સંબંધ હોવાને કારણે ત્રયીમાં અથર્વવેદનો સમાવેશ છે. [અર્થાત્ ઋગ્મન્ત્રો, યજુઃમન્ત્રો અને સામમંત્રો અથર્વવેદમાં હોવાથી અથર્વવેદનો ત્રયીમાં સમાવેશ છે.] અને જુદો વ્યવસ્થિત ગ્રન્થ હોવાને કારણે તેમ જ વિષયસંદર્ભરૂપ સ્વભાવ જુદો હોવાને કારણે અથર્વવેદ જુદો વેદ છે એ સિદ્ધ થયું.

**119.** अन्ये पुनः ऋक्प्रचुरत्वात् प्रविरलयजुर्वाक्यत्वात् अगीयमानसाममन्त्रतावशाच्च ऋग्वेदमेवाथर्ववेदमाचक्षते । अयमपि पक्षोऽस्तु, न कश्चिद्विरोधः ।

**119.** વળી બીજાઓ કહે છે—અથર્વવેદમાં ઘણી બધી ઋચાઓ હોવાને કારણે, ખૂબ જ જૂજ યજુઃમન્ત્રો હોવાને કારણે અને ગીયમાન સામ મન્ત્રો ન હોવાને કારણે અથર્વવેદ ઋગ્વેદ જ છે. આ પક્ષ પણ ભલે હો, એમાં કોઈ વિરોધ નથી. [અર્થાત્ આ પક્ષ અથર્વવેદના વેદપણા અને પ્રમાણપણાનો વિરોધી નથી.]

**120.** यत्पुनरभिधीयते वेदशब्दस्त्रयाणामेव वाचको न चतुर्थस्येति, सोयमत्युत्कटो द्वेषः । वृद्धव्यवहारो ह्यत्र प्रमाणम् । वेदोऽयं ब्राह्मणोऽयमिति तत्र तत्र वेदशब्दे उच्चारिते चत्वारोऽपि प्रतीयन्ते । 'वेदो मयाऽधीतः' इति वदन्तं पृच्छन्ति व्यवहर्तारः 'कतमस्त्वयाऽधीतो वेदः' इति । स आह 'अथर्ववेदः' इति । न तमेवमाक्षिपन्ति 'नासौ वेदः यस्त्वया पठितः' इति ।

**120.** વળી, જે કહેવામાં આવ્યું કે 'વેદ' શબ્દ ત્રણનો જ વાચક છે, ચોથાનો નહિ એ ઉત્કટ દ્વેષ છે, કારણ કે આમાં (અર્થાત્ તે ચોથાનો પણ વાચક છે એમાં) વૃદ્ધવ્યવહાર પ્રમાણ છે. 'આ વેદ છે' 'આ બ્રાહ્મણ છે' એમ જ્યાં જ્યાં 'વેદ' શબ્દ જ્યારે પણ ઉચ્ચારવામાં આવે છે ત્યારે ચારેયની પ્રતીતિ થાય છે. 'હું વેદ ભણ્યો' એમ કહેનારને વિદ્વાનો પૂછે છે, 'કયો વેદ ભણ્યો?' તે કહે છે, 'અથર્વવેદ'. [આ સાંભળી] તેઓ તેના ઉપર આક્ષેપ નથી કરતા કે જે તું ભણ્યો છે એ વેદ નથી.

**121.** सोपपदोऽथर्ववेदे वेदशब्द इति चेद् वेदान्तरेष्वपि तुल्यमेतत्; 'ऋग्वेदो यजुर्वेदः सामवेदः' इति । निरुपपदोऽपि तेषु वेदशब्दः प्रयुज्यते इति चेत् तदितरत्रापि समानमित्युक्तम् । चतुर्वेदाध्यायी भरद्वाज इति च प्रसिद्धमेव । सर्वथा तु सोपपद एवायुर्वेदादिषु वेदशब्द इति न तत्तुल्यकक्षताधिक्षेपक्षेत्रतामथर्ववेदो नेतव्यः ।

**121.** ઉપપદસહિતનો 'વેદ' શબ્દ અથર્વવેદની બાબતમાં વપરાય છે એમ જો કોઈ દલીલ કરે તો અમે કહીશું કે બીજા વેદોની બાબતમાં પણ એમ જ છે—[પ્રથમ] ઋગ્વેદ,

Jain Education International  For Private & Personal Use Only  www.jainelibrary.org

[ દ્વિતીય ] યજુર્વેદ, [ તૃતીય ] સામવેદ.' જો કહેવામાં આવે કે ઉપપદ વિનાનોય 'વેદ' શબ્દ તેમને માટે પ્રયોજાય છે તો કહેવું જોઈએ કે અન્યત્ર (અર્થાત્ અથર્વવેદની બાબતમાં) પણ એમ જ છે. વળી, એ તો પ્રસિદ્ધ જ છે કે ભરદ્વાજે ચાર વેદોનું અધ્યયન કર્યું હતું. આયુર્વેદ વગેરેમાં તો 'વેદ' શબ્દ સર્વથા ઉપપદ સહિત જ પ્રયોજાય છે, એટલે તેની સમાન કક્ષાનો ગણી અધિક્ષેપની ક્ષેત્રતાએ અથર્વવેદને લઈ જવો ન જોઈએ.

122. ब्रह्मयज्ञविधिश्च श्रौतश्चतुर्ष्वप्यविशिष्ट इत्युक्तम् । स्मार्तोऽपि तथाविध एवास्ति; यथाऽऽह याज्ञवल्क्यः—

मेदसा तर्पयेद्देवानथर्वाङ्गिरसः पठन् ।
पितॄँश्च मधुसर्पिर्भ्यामन्वहं शक्तितो द्विजः ।। [याज्ञ.स्मृ.१.४४] इति ।

साम्प्रदायिकमध्यापनाध्ययनादि सर्वमभिन्नमेवेत्यलं प्रसङ्गेन ।

तेन प्रमाणतायां वेदस्वाध्यायशब्दवाच्यत्वे पुरुषार्थसाधनविधावपि चत्वारः समा वेदाः ।

122. બ્રહ્મયજ્ઞ (= વેદાધ્યયન) વિશેનો વેદનો વિધિ (= આદેશ) ચારેય વેદોને સમાનપણે સ્પર્શે છે, એમ કહેવામાં આવ્યું છે. સ્મૃતિ પણ એ જ જણાવે છે, જેમકે યાજ્ઞવલ્કય કહે છે, "દરરોજ શક્તિ પ્રમાણે અથર્વવેદનો પાઠ કરતો દ્વિજ દેવોને મેદથી અને પિતૃઓને મધ અને ઘીથી ખુશ કરે છે". અધ્યાપન અધ્યયન વગેરે બધું જે મૌખિક પરંપરાથી થાય છે તે ચારેય વેદોની બાબતમાં સમાન જ છે; એટલે હવે એની ચર્ચા રહેવા દઈએ. પ્રમાણતાની બાબતમાં, 'વેદસ્વાધ્યાય' શબ્દના વાચ્ય હોવાની બાબતમાં તેમ જ પુરુષાર્થસાધનના વિધિ(= આદેશ)ની બાબતમાં ચારેય વેદો સરખા છે.

123. यदि पुनरौत्तराधर्येण विना न परितुष्यते; तदथर्ववेद एव प्रथमः, ततः परमस्य मन्त्रस्य ब्रह्मणः प्रणवस्याभिव्यक्तेः । तथा च श्रुतिः, 'ब्रह्म ह वा इदमग्र आसीत्' [गो.ब्रा. १.१] इत्युपक्रम्य 'आथर्वणं वेदमभ्यश्राम्यदभ्यतपत् समतपत् तस्माच्छ्रान्तात् तप्तात् सन्तप्तादोमिति मन एवोर्ध्वमक्षरमुदक्रामत्'[गो.ब्रा.१.५] इत्यादि । तथा महाव्याहृतीनां शाखान्तरप्रसिद्धानामप्रसिद्धानां च बृहदित्यादीनां तत एवोत्थानम् ।

123. વળી, જો તમને પહેલો–પછી એવા ક્રમ વિના સંતોષ ન થતો હોય તો [ અમે કહીએ છીએ કે ] અથર્વવેદ જ પ્રથમ છે, કારણ કે તેની પછી જ બ્રહ્મરૂપ આ પરમ મંત્ર પ્રણવની અભિવ્યક્તિ થઈ છે. આવી શ્રુતિ છે—"સૌપ્રથમ આ બ્રહ્મ હતું" ત્યાંથી માંડીને "અથર્વવેદને થકવ્યો, તપાવ્યો, બરાબર તપાવ્યો; થાકેલા, તપેલા તેનામાંથી 'ઓમ્' અર્થાત્ મન જ ઊંચે અક્ષરે વ્યક્ત થયો" વગેરે. તેવી જ રીતે, અન્ય શાખામાં પ્રસિદ્ધ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[ ભૂઃ વગેરે ] મહાવ્યાહૃતિઓનું તેમ જ તેમાં અપ્રસિદ્ધ બૃહત્ વગેરે મહાવ્યાહૃતિઓનું ઉત્થાન તેમાંથી જ (= અથર્વવેદમાંથી જ) થયેલું છે.

124. अथर्ववेदकृतोपनयनसंस्कारस्य वेदान्तराध्ययनमविरुद्धम् । अन्यवेदोपनीयमानस्य तु नाथर्वणोपनयनसंस्कारमप्रापितस्याथर्ववेदाध्ययनेऽधिकारः । तदुक्तम्, 'भृग्वङ्गिरोविदा संस्कृतोऽन्यान् वेदानधीयीत, नान्यत्र संस्कृतो भृग्वङ्गिरसोऽधीयीत' इति [गो.ब्रा. १.२९] । त्र्येकशरणैरपि चैतदवश्याश्रयणीयम् अथर्ववेदविहितं स्वकर्मभ्रंशे प्रायश्चित्तमाचरद्भिरित्यथर्ववेद एव ज्यायान् ।

124. અથર્વવેદ ભણવા માટે ઉપનયન સંસ્કાર પામેલો બીજા વેદોનું અધ્યયન કરે તો એમાં કંઈ વિરોધ નથી. પરંતુ બીજા વેદો ભણવા માટે ઉપનયન સંસ્કાર પામેલો હોય પણ અથર્વવેદ ભણવા માટે ઉપનયન સંસ્કાર પામેલો ન હોય તેને અથર્વવેદ ભણવાનો અધિકાર નથી. એટલે કહેવામાં આવ્યું છે, "અથર્વવેદના જાણકાર દ્વારા ઉપનયન સંસ્કાર પામેલો અન્ય વેદોનું અધ્યયન કરી શકે, પરંતુ અન્યત્ર ઉપનયન સંસ્કાર પામેલો હોય તે અથર્વવેદનું અધ્યયન ન શકે." [ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદ] આ ત્રયીને જ વેદ માની જેઓ એમનું શરણુ સ્વીકારે છે તેઓ પણ જ્યારે સ્વકર્મમાં ભૂલ કરે છે ત્યારે અથર્વવેદવિહિત પ્રાયશ્ચિત્ત આચરે છે. એટલે તેમણે પણ અવશ્ય સ્વીકારવું જોઈએ કે અથર્વવેદ જ શ્રેષ્ઠ છે.

125. यत्तु मानवं वाक्यमुदाहृतं षट्त्रिंशदाब्दिकं, तत् त्रिवेदाध्ययनविषयं वैकल्पिकम् । 'वेदानधीत्य वेदौ वा वेदं वाऽपि यथाक्रमम्' इति [मनुस्मृति ३.२] एकस्मिन् वेदे द्वादशवर्षाणि व्रतं, द्वयोश्चतुर्विंशतिः, त्रयाणां षट्त्रिंशदिति । यस्तु चतुरो वेदानधीते तस्य 'अष्टचत्वारिंशद्वर्षं वेदब्रह्मचर्यमुपासीत' इति स्मृत्यन्तरमस्ति, न च तदार्यैर्नादृतम् । तत्र त्रिवेदाध्यायिनामेव प्रतिवेदं षोडशवर्षाणि व्रतं चरेदिति व्याख्यानमसङ्गतम्, उपक्रमविरोधाद् अनुपयोगाच्च । तेन वेदान्तराध्ययनकृत एवायं विकल्पविधिर्न द्वादशषोडशवर्षापेक्ष इति । अनादरोऽप्यस्यां स्मृतौ 'कृष्णकेशोऽग्नीनादधीत' इति श्रुतिविरोधकृतः, नाथर्ववेदाध्ययननिषेधगर्भ इति ।

125. મનુસ્મૃતિમાંથી ૩૬ વર્ષ બાબતનું જે વાક્ય ટાંકવામાં આવ્યું છે તે તો ત્રણ વેદના અધ્યયન વિશેનું વૈકલ્પિક વાક્ય છે. "વેદોને ભણીને, બે વેદોને ભણીને કે પછી ક્રમાનુસાર એક વેદને ભણીને" એમ એક વેદના અધ્યયનમાં બાર વર્ષનું વ્રત, બે વેદોના અધ્યયનમાં ચોવીસ વર્ષનું વ્રત અને ત્રણ વેદોના અધ્યયનમાં છત્રીસ વર્ષનું વ્રત છે. પરંતુ જે ચાર વેદોનું અધ્યયન કરે છે તેની બાબતમાં અન્ય સ્મૃતિવાક્ય છે કે "૪૮ વર્ષ સુધી વેદાધ્યયન માટે બ્રહ્મચર્ય વ્રત પાળવું", આર્યોએ તેનો અનાદર નથી કર્યો. ત્યાં ત્રણ વેદનું અધ્યયન કરનારાઓ પ્રતિવેદ ૧૬ વર્ષનું વ્રત આચરે એવું વ્યાખ્યાન અસંગત છે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કારણ કે સામાન્યપણે વેદબ્રહ્મચર્યનો ઉપક્રમ સર્વવેદવિષયક છે—કેવળ ત્રણ વેદ વિષયક નથી—એટલે એ ઉપક્રમ સાથે વિરોધ આવે; વળી, આવું વ્યાખ્યાન ઉપયોગી પણ નથી. અન્યાન્ય વેદોના [અર્થાત્ એક, બે, ત્રણ કે ચાર વેદોના] અધ્યયનને લક્ષમાં રાખી કરવામાં આવેલું આ વિકલ્પવિધાન છે અને નહિ કે બાર વર્ષ કે સોળ વર્ષના સમયગાળાને લક્ષમાં રાખીને. તે સ્મૃતિનો અનાદર પણ "તે કૃષ્ણ કેશવાળો અગ્નિહોત્રના અગ્નિઓની સ્થાપના કરે" (અર્થાત્ જેના વાળ ધોળા થવા નથી માંડયા તે (= યુવાન) ગૃહસ્થજીવન શરૂ કરે—પત્ની ગ્રહણ કરે) એ શ્રુતિની વિરોધી હોવાથી કરવામાં આવે છે. [સ્મૃતિ શ્રુતિવિરોધી છે કારણ કે ૪૮ વર્ષ બ્રહ્મચર્ય વ્રત પાળ્યા પછી તેના વાળ કાળા ન હોઈ શકે]. એ સ્મૃતિનો અનાદર અથર્વવેદના અધ્યયનના નિષેધનું સૂચન કરતો નથી.

126. त्रैवेदिकब्रह्मचर्यव्रतस्मृतिरपि चेयम् अथर्ववेदाध्ययनपर्युदासमेव विषयीकरोति, न च वेदान्तराध्ययननिषेधमिति अत्रापि न विशेषहेतुरस्ति । त्रिषु वेदेष्विदं व्रतं, न पुनरेष्वेव त्रिष्विति नियामकं वचनमस्ति ।

126. ત્રણ વેદોના અધ્યયન માટેના બ્રહ્મચર્યવ્રતને વિષેની આ સ્મૃતિ અથર્વવેદથી અન્ય ત્રણ વેદોનું અધ્યયન કરવાનું જણાવે છે પરંતુ અથર્વવેદના અધ્યયનનો નિષેધ તે કરતી નથી. [એ નિષેધ કરવા માટે] અહીં કોઈ ખાસ કારણ પણ નથી. [વળી, કોઈ પણ] ત્રણ વેદોના અધ્યયનને માટેનું આ વ્રત છે. પરંતુ 'આ જ ત્રણ વેદના અધ્યયન માટેનું' એવું નિયામક વચન નથી.

127. यदपि श्राद्धप्रकरणे 'यत्नेन भोजयेत्' इति त्रिवेदपारगपरिकीर्तनं तद् वेदपारगमिति शाखान्तरगमिति समाप्तिगमिति विशेषणपदपर्यालोचनया ऋग्वेदाद्येकदेशाध्यायिनामनधिकारमेव श्राद्धे सूचयति । अथर्वणस्तु अथर्वशिरोऽध्ययनमात्रलब्धपङ्क्तिपावनभावस्यैकदेशपाठिनोऽपि तत्राधिकार उपपद्यते । दर्शितं चाथर्वशिरोऽध्ययनमात्रादपि पङ्क्तपावनत्वम् । पङ्क्तिपावनश्च श्राद्धभोजनेऽनधिकृत इति विप्रतिषिद्धम् ।

127. વળી, શ્રાદ્ધપ્રકરણમાં 'યત્નથી જમાડવા' એ શ્લોકમાં ત્રણ વેદના પારંગતને જણાવ્યા છે એમ તમે કહ્યું. પરંતુ શ્લોકમાં આવેલાં 'વેદપારંગત', 'શાખાન્તગ' અને- 'સમાપ્તિગ' એ ત્રણ વિશેષણરૂપ પદોની પર્યાલોચના દ્વારા ઋગ્વેદાદિના એક ભાગનું અધ્યયન કરનારને શ્રાદ્ધમાં અધિકાર નથી એમ સૂચવવામાં આવ્યું છે. એથી ઊલટું, અથર્વવેદના અધ્યયનની પરિપાટીવાળા બ્રાહ્મણ કુટુંબમાં જન્મેલો અથર્વવેદના અથર્વશિરસ્ તરીકે જાણીતા ભાગના અધ્યયનમાત્રથી પંક્તિપાવનત્વ પામે છે. અને પરિણામે અથર્વવેદના એક ભાગનું અધ્યયન કરનારનેય ત્યાં [શ્રાદ્ધમાં નિમંત્રણ પામવાનો] અધિકાર ઘટે છે. આમ અથર્વવેદના અથર્વશિરસ્ તરીકે જાણીતા ભાગનું અધ્યયન કરવામાત્રથી પંક્તિપાવનત્વ પ્રાપ્ત થાય છે એ જણાવાયું છે. અને પંક્તિપાવન છે અને શ્રાદ્ધભોજનમાં અનધિકારી છે એ બે વસ્તુ તો પરસ્પરવિરોધી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

128. यत्तु 'ज्येष्ठसामगस्त्रिमधुस्त्रिसुपर्णिकः' इति वेदान्तरैकदेशाध्यायिनामपि श्राद्धभोजनाभ्यनुज्ञानं तदनुकल्परूपमिव भाति, प्रथमकल्पेन समग्रवेदाध्ययनोपदेशादिति । तस्मात् नाथर्वनिषेधार्थमेतद्वाक्यमिति ।

128. 'જ્યેષ્ઠસામન્ ને જાણનારો, ત્રિમધુને (અર્થાત્ ઋગ્વેદની ત્રિમધુ તરીકે પ્રસિદ્ધ ત્રણ ઋચાઓને) જાણનારો, ત્રિસુપર્ણને (અર્થાત્ ઋગ્વેદની ત્રિસુપર્ણ તરીકે પ્રસિદ્ધ ઋચાઓને) જાણનારો' એમ કહી કોઈ વેદના એક ભાગનું અધ્યયન કરનારા પણ શ્રાદ્ધભોજન કરી શકે એમ જે સ્વીકારવામાં આવ્યું છે તે મુખ્ય વિકલ્પ પછી આવતો ઓછા બળવાળો ગૌણ વિકલ્પ સમજાય છે, કારણ કે મુખ્ય વિકલ્પમાં તો સમગ્રવેદના અધ્યયનનો ઉપદેશ છે. આ ઉપરથી એ ફલિત થાય છે કે આ વાક્ય અથર્વવેદનો નિષેધ કરવા માટે નથી.

129. तदेवमवस्थिते यद् वार्त्तिककारेण भयादिव द्वेषादिव मोहादिव सानुकम्पमिव वा इदमुच्यते 'यदि यज्ञोपयोगित्वम्' इत्यादि तदहृदयङ्गमम् , अथर्ववेदे पूर्वोत्तरब्राह्मणे विस्पष्टमिष्टिपश्वेकाहाहीनसत्राणामुपदेशात् । वेदान्तरेषु तच्चोदनाभावात् किमथर्ववेदे तदुपदेशेनेति चेत् सुभाषितमिदम् । एवमपि हि वक्तुं शक्यम् अथर्ववेदे तच्चोदनाया दर्शनात् किं वेदान्तरेषु तदुपदेशेनेति । न च जाने कस्यैष पर्यनुयोगः ? किं नित्यस्य वेदस्य किं वा तत्प्रणेतुरीश्वरस्येति ? द्वावपि हि तावपर्यनुयोज्यावित्युक्तम् ।

129. તો જ્યારે આ આમ પુરવાર થઈ સ્થિર થયું છે ત્યારે તન્ત્રવાર્તિકકાર કુમારિલ જાણે કે ભયથી, જાણે કે દ્વેષથી, જાણે કે મોહથી, જાણે કે અનુકમ્પાથી જે આ કહે છે કે 'જો યજ્ઞોપયોગિતા ન હોય તો...' વગેરે તે બુદ્ધિને રુચે એવું નથી, કારણ કે અથર્વવેદના પૂર્વોત્તર બ્રાહ્મણમાં (અર્થાત્ ગોપથના પૂર્વ અને ઉત્તર બ્રાહ્મણમાં) વિશેષ સ્પષ્ટપણે ઇષ્ટિ, પશુ, એકાહ, અહીન અને સત્રનો ઉપદેશ આપવામાં આવેલ છે. બીજા વેદોમાં પણ તેમનો ઉપદેશ હોઈ અથર્વવેદમાં તેમના ઉપદેશનો કોઈ અર્થ નથી એમ જો તમે કહેતા હો તો, તમે ખરેખર બહુ સારું કહ્યું ! એ રીતે તો કહી શકાય કે અથર્વવેદમાં તેમનો ઉપદેશ દેખાતો હોઈ બીજા વેદોમાં તેમના ઉપદેશનું શું પ્રયોજન ? અમને સમજ પડતી નથી કે આ નિંદા તમે મીમાંસકો કોની કરો છો ?—નિત્ય વેદની કે તેના પ્રણેતા ઈશ્વરની ? બંનેય અનિંદ્ય છે એ તો અમે કહ્યું છે.

130. अर्थान्तरशान्तिपुष्ट्यभिचारादि वेदान्तरेष्वपि न न दृश्यते । श्येनो हि सामवेद उत्पन्नः । अद्भुतशान्त्यादयश्च यजुर्वेद इति तदपि समानम् । एकब्रह्मर्त्विगाश्रिता इत्येतदपि न सत्यम् , यत एवं तत्र पठयते द्वे यज्ञवृत्ती भवतो वैहारिकी

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

च पाकयज्ञवृत्तिश्चेति । तत्र वैहारिकी नामानेकर्त्विगाश्रितानामेकक्रियाणामुपदेश: श्रुतौ । एकब्रह्मर्त्विगाश्रितास्तु शान्त्यादिक्रिया: स्मृतावित्यभूमिज्ञोक्तिरेषा ।

130. વળી અર્થાન્તરશાન્તિ, પુષ્ટિ, અભિચાર વગેરે બીજા વેદોમાં નથી દેખાતા એમ નહિ. સામવેદમાં શ્યેનયજ્ઞ ઉપદેશાયો છે [જેના પરિણામે યજમાનના દુશ્મનો નાશ પામે છે]. યજુર્વેદમાં અદ્ભુતશાન્તિ વગેરેનો ઉપદેશ છે. એટલે આ દૃષ્ટિએ અથર્વવેદ અને બીજા વેદો સમાન છે. અથર્વવેદમાં આદિષ્ટ કર્મો એકલા ઋત્વિગ્ બ્રહ્મના નિર્દેશનમાં થાય છે એમ જે કુમારિલે કહ્યું તે સાચું નથી, કારણ કે ત્યાં (અથર્વવેદમાં) આ પ્રમાણે કહેવામાં આવ્યું છે—યજ્ઞના બે પ્રકાર છે : વૈહારિક યજ્ઞ અને પાકયજ્ઞ; વૈહારિક યજ્ઞો તે છે જેમનો ઉપદેશ શ્રુતિમાં છે અને જેઓની એક એક ક્રિયા અનેક ઋત્વિજોના નિદર્શનની અપેક્ષા રાખે છે; શાન્ત્યાદિ ક્રિયાઓ કેવળ એક બ્રહ્મના નિર્દેશનથી થાય છે અને તેમનો ઉપદેશ સ્મૃતિમાં છે. તેથી કુમારિલની ઉક્તિ વિષયને ન જાણનારની ઉક્તિ છે.

131. त्रय्येवात्मीयगोचरा इति एतदपि परममाध्यस्थ्यम्, न ह्यात्मीय: परकीयो वा कश्चिदस्ति वेदार्थ:, सर्वशाखाप्रत्ययत्वादेकस्य कर्मण: । तस्मात् समानयोगक्षेमत्वात् सर्ववेदानामेकस्य तत: पृथक्करणं वेदनिन्दाप्रायश्चित्तनिर्भय-धियामेव चेतसि परिस्फुरति, न साधूनामित्युपरम्यते ।

131. ત્રણ વેદોમાં દરેક વેદ પોતપોતાના કર્મવિષયક ઉપદેશ આપે છે એમ કહેવું તે પણ પરમ માધ્યસ્થ્ય છે ! વેદને પોતાનો પારકો એવો કોઈ અર્થ નથી કારણ કે એક જ કર્મનું કારણ સર્વ શાખાઓ છે. તેથી [એક વેદથી બીજા વેદને જુદો પાડવો યોગ્ય નથી] કારણ કે તેમનો યોગ-ક્ષેમ સમાન છે. એક વેદથી બીજા વેદને જુદા પાડવાનું તો એવાઓને સ્ફુરે કે જેમને વેદનિન્દાપ્રાયશ્ચિત્તનો ભય નથી, સજ્જનોના ચિત્તમાં સ્ફુરે નહિ. આટલાથી વિરમીએ.

132. इति तुल्यप्रभावर्द्धिवर्धमानोचितस्तवा: ।
विबुधाभिमतस्फीतफलसंपादनोद्यता: ॥
चत्वारोऽपि पराक्षेपपरिहारस्थिरस्थितिम् ।
भजन्ति वेदा: प्रामाण्यलक्ष्मीं हरिभुजा इव ॥

132. જેમ એકસરખાં પ્રભાવ અને ઋદ્ધિને કારણે દરરોજ વધતી ઉચિત પ્રશંસા પામેલી, દેવોને ઇચ્છિત મોટાં ફળ સંપાદન કરાવી આપવામાં તત્પર એવી વિષ્ણુની ચાર ભુજાઓ બીજાઓએ કરેલા [ચાંચલ્યના] આક્ષેપને દૂર કરી સ્થિર સ્થિતિને પામેલી લક્ષ્મીને પામે છે તેમ એકસરખાં પ્રભાવ અને ઋદ્ધિને કારણે દરરોજ વધતી ઉચિત પ્રશંસા પામેલા, વિદ્વાનોને [ઉપાય દર્શાવી] ઇચ્છિત મોટાં ફળ સંપાદન કરાવી આપવામાં તત્પર એવા ચાર વેદો બીજાઓએ કરેલા [અપ્રામાણ્યના] આક્ષેપને દૂર કરી સ્થિર સ્થિતિને પામેલી પ્રમાણતાને પામે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

133 चतु:स्कन्धोपेतः प्रथितपृथगर्थैरवयवैः
कृतान्योन्यश्लेषैरुपचितवपुर्वेदविटपी ।
प्रतिस्कन्धं शाखाः फलकुसुमसंदर्भसुभगाः
प्रकाशन्ते तस्य द्विजमुखनिपीतोत्तमरसाः ॥

133. વેદ એક વટવૃક્ષ છે. વડને જેમ ચાર થડ છે તેમ વેદને ચાર સંહિતાઓ છે. જેમ વડનું શરીર પ્રસિદ્ધ જુદા જુદા પ્રયોજનોવાળા પણ પરસ્પર સંબદ્ધ [મૂળ, છાલ, પાન, વગેરે] અવયવોથી પુષ્ટ છે તેમ વેદનું શરીર [વિધિ, અર્થવાદ, નામધેય આદિથી વાક્ય] પ્રસિદ્ધ જુદા જુદા અર્થોવાળા પરસ્પર સંબદ્ધ [પ્રવર્તના, સ્તુતિ, પ્રયોગ આદિ પ્રતિપાદક] અવયવોથી પુષ્ટ છે. જેમ વડના પ્રત્યેક થડને ફળ-ફુલથી યુક્ત અનેક શાખાઓ શોભે છે તેમ વેદની પ્રત્યેક સંહિતાને વાક્ય વાક્યાર્થયુક્ત અનેક શાખાઓ શોભે છે. જેમ વડની શાખાઓ ઉપર પંખીઓ પોતાની ચાંચથી ઉત્તમ રસ આસ્વાદે છે તેમ વેદની શાખાઓમાં બ્રાહ્મણો પોતાના મુખથી ઉત્તમ રસ (=ઉપનિષદર્થ) આસ્વાદે છે.

134 आह—
किमेतदित्थं प्रामाण्यं वेदानामेव साध्यते ।
तन्त्रागमान्तराणां वा सर्वेषामियमेव दिक् ॥
किञ्चातः —
आद्ये पक्षे परेष्वेवं ब्रुवाणेषु किमुत्तरम् ।
उत्तरत्र तु मिथ्या स्युः सर्वेऽन्योन्यविरोधिनः ॥

134. શંકાકાર – શું આ પ્રમાણે તમે નૈયાયિકો વેદોનું જ પ્રામાણ્ય પુરવાર કરો છો કે પછી બીજાં બધાં તન્ત્ર અને આગમોની બાબતમાં આ જ પદ્ધતિ અપનાવો છો ?

નૈયાયિક-એથી શું છે, વળી ?

શંકાકાર–જો તમે પ્રથમ પક્ષ સ્વીકારશો તો જ્યારે વિરોધી વિચારકો આ પ્રમાણે કહેશે [કે અમારા તન્ત્રો અને આગમો પણ ઈશ્વરપ્રણીત હોઈ પ્રમાણ છે] તો તેનો ઉત્તર શો આપશો ? બીજો પક્ષ સ્વીકારતાં તો બધાં જ મિથ્યા બની જશે કારણ કે બધા અન્યોન્ય-વિરોધી છે.

135. कानि पुनरागमान्तराणि चेतसि विधायैवं वत्सः पृच्छति ? पुराणेतिहासधर्मशास्त्राणि वा शैवपाशुपतपञ्चरात्रबौद्धार्हतप्रभृतीनि वा ? तत्र शैवादीनि तावन्निरूपयिष्यामः । मन्वादिप्रणीतानि धर्मशास्त्राणि वेदवत् तदर्थानुप्रविष्टविशिष्टकर्मोपदेशीनि प्रमाणमेव, कस्तेषु विचारः ?

Jain Education International          For Private & Personal Use Only          www.jainelibrary.org

135. નૈયાયિક-ક્યા બીજા આગમોને મનમાં ધારી વત્સ પૂછે છે ? પુરાણ, ઇતિહાસ, ધર્મશાસ્ત્રોને કે શૈવ, પાશુપત, પાંચરાત્ર, બૌદ્ધ, આર્હત વગેરેને ? તેમાં શૈવ વગેરે આગમોનું નિરૂપણ તો અમે પછી કરીશું. મનુ વગેરેએ પ્રણીત કરેલાં ધર્મશાસ્ત્રો અનુષ્ઠેય વેદાર્થ સાથે સંબદ્ધ વિશિષ્ટ કર્મોનો ઉપદેશ વેદની જેમ આપતા હોઈ પ્રમાણ જ છે. તેમની બાબતમાં વિચાર કેવો ?

136. तेषां तु प्रमाणत्वं वेदमूलत्वेनैव केचिदाचक्षते । तथा हि न तावन्मन्वादिदेशना भ्रान्तिमूला: संभाव्यन्ते, बाधकाभावात्, अद्ययावदपरिम्लानादरै-र्वेदविद्भिस्तदर्थानुष्ठानात् । नाप्यनुभवमूला:, प्रत्यक्षस्य त्रिकालानवच्छिन्नकार्यरूप-धर्मपरिच्छेददशासामर्थ्यासंभवात् । न च पुरुषान्तरोपदेशमूला:, पुरुषान्तरस्यापि तदवगमे प्रमाणाभावत् । भावे वा मनुना किमपराद्धम् ? असति हि मूलप्रमाणे पुरुषवचनपरम्परायामेव कल्प्यमानायामन्धपरम्परास्मरणतुल्यत्वं दुर्निवारम् । न च विप्रलम्भका एव भवन्तो मन्वादय एवमुपदिशेयुरिति युक्ता कल्पना, बाधकाभावात् साधुजनपरिग्रहाच्चेत्युक्तम् । तस्मात् पारिशेष्याद् वेदाख्यकारणमूला एव भवितुमर्हन्ति मन्वादिदेशना:, तद्धयनुगुणं समर्थं च कारणमिति । तदाह भट्ट:—

भ्रान्तेरनुभवाद्वापि पुंवाक्याद्विप्रलम्भकात् ।
दृष्टानुगुण्यसामर्थ्याच्चोदनैव लघीयसीति ॥ [तन्त्रवा. १.३.२]

136. કેટલાક, ધર્મશાસ્ત્રોનું પ્રામાણ્ય વેદમૂલત્વને કારણે ગણે છે. તેમનું વેદમૂલત્વ આ પ્રમાણે પુરવાર થાય છે–મનુ વગેરેની દેશનાઓ ભ્રાન્તિમૂલક તો સંભવતી નથી, કારણ કે તેમના બાધક [જ્ઞાન]નો અભાવ છે; વળી, તેમના પ્રતિ જરા પણ ઓછો આદર ન ધરાવતા વેદજ્ઞોએ અત્યાર સુધી તેમના અર્થોનું અનુષ્ઠાન કર્યું છે. તે દેશનાઓ અનુભવમૂલક પણ સંભવતી નથી કારણ કે ત્રણેય કાળથી પર કર્તવ્યરૂપ ધર્મને જાણવાનું સામર્થ્ય પ્રત્યક્ષમાં અર્થાત્ અનુભવમાં નથી. બીજા પુરુષોનો ઉપદેશ તે દેશનાઓના મૂળમાં નથી, કારણ કે તે બીજા પુરુષ પાસે પણ તેને (=ધર્મને) જાણવા માટેનું કોઈ પ્રમાણરૂપ સાધન નથી. તેની પાસે પ્રમાણરૂપ સાધન છે એમ જો માનીએ તો મનુએ શો અપરાધ કર્યો કે તેની પાસે તે નથી એવું આપણે માનીએ ? અને મૂળ પ્રમાણ ન હોય તો પુરુષના વચનોની પરંપરા કલ્પવામાં અંધપરંપરાસ્મરણતુલ્યતાનો દોષ દુર્નિવાર છે વળી, અવશ્યપણે ઠગ એવા મનુ વગેરે આવો ઉપદેશ આપે એવી કલ્પના પણ યોગ્ય નથી, કારણ કે કહેવામાં આવ્યું છે કે તેમના ઉપદેશના બાધક [જ્ઞાન]નો અભાવ છે તેમ જ સાધુજનો તેમના ઉપદેશને સ્વીકારે છે. તેથી [આ બધા] સંભવિત વિકલ્પોમાંથી એક પછી એક દૂર થતાં બાકી રહેલ વિકલ્પને આધારે મનુ વગેરેની દેશનાઓનું મૂળ વેદ નામના કારણમાં હોવું યોગ્ય ઠરે છે, કારણ કે તે જ તે દેશનાઓનું અનુકૂળ અને સમર્થ કારણ છે. એથી જ કુમારિલ ભટ્ટ કહ્યું છે કે "મનુ વગેરેની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેશનાઓના મૂળ તરીકે ભ્રાન્તિ, અનુભવ, પુરુષવાક્ય અને ઠગ આ ચાર કરતાં ચોદનાને (= વેદને) જ સ્વીકારવામાં લાઘવ છે, કારણ કે મનુ વગેરે સ્મૃતિ પ્રમાણોના વેદજ્ઞોના દૃષ્ટ અનુષ્ઠાનોનું સમર્થન કરવાનું સામર્થ્ય ચોદનામાં જ છે." [તંત્રવા૦ ૧.૩.૨]

137. तत्र केचित् परिदृश्यमानमन्त्रार्थवादबलोन्नीतविधिमूलत्वं मन्यन्ते । अन्ये विप्रकीर्णशाखामूलत्वम् । अपरे पुनरुत्सन्नशाखामूलत्वमिति । अनेन च विशेषविवरणेन न नः प्रयोजनम् । सर्वथा यथोपपत्ति वेद एव तत्र मूलं प्रकल्प्यताम्, न मूलान्तरम्, अप्रमाणकत्वात् । वेदमूलत्वपक्षेऽपि चेयमखिलजगद्विदिता स्मृतिसमाख्याऽनुगृहीता भविष्यति । प्रत्यक्षमूलत्वे हि वेदवदत्रापि कः स्मृतिशब्दार्थः ?

137. [જેઓ સ્મૃતિને વેદમૂલક માને છે] તેઓમાં કેટલાક, દેખાતા મંત્રો અને અર્થવાદોના બળે અનુમિત વિધિ તેમનું મૂળ છે એમ માને છે. બીજા કેટલાક જુદે જુદે દેશે વિખરાયેલી શાખાઓને તેમનું મૂળ ગણે છે. [જે શાખાઓ સર્વત્ર પઠિત હોય તે નહિ પરંતુ જે શાખાઓ અમુક અમુક પ્રદેશમાં જ પઠિત હોય તે શાખાઓ તેમનું મૂળ છે.] વળી, બીજા કેટલાક લુપ્ત થઈ ગયેલી શાખાઓને તેમનું મૂળ ગણે છે. આનું વિશેષ વિવરણ કરવાનું આપણને પ્રયોજન નથી. સર્વથા જે રીતે ઘટે તે રીતે વેદ જ તેમનું મૂળ છે એમ માનો; બીજા મૂળને ન માનો કારણ કે તેમ માનવામાં કોઈ પ્રમાણ નથી. વળી, વેદ સ્મૃતિઓનું મૂળ છે એ પક્ષમાં, આખાય જગતમાં જાણીતું 'સ્મૃતિ' નામ યથાર્થ બનશે. જો સ્મૃતિના મૂળ તરીકે પ્રત્યક્ષને માનવામાં આવે તો વેદની જેમ તેમાં પણ 'સ્મૃતિ' શબ્દનો અર્થ ક્યાંથી રહે ? (અર્થાત્ વેદ જેમ સાક્ષાત્ દર્શનરૂપ છે તેમ સ્મૃતિ પણ સાક્ષાત્ દર્શનરૂપ ગણાય, તેનું 'સ્મૃતિ' નામ યથાર્થ ન રહે).

138. किञ्च वेदमूलत्वे सति स्मृतेः श्रुतिविरोधे सति तदतुल्यकक्षत्वाद् बाध्यत्वं सुवचं भवति । क्लृप्तमेकत्र मूलमितरत्र कल्प्यम् । यावदेव भवान् स्मृतेः श्रुतिं कल्पयितुं व्यवस्यति तावदेतद्विरोधिनी प्रत्यक्षश्रुता श्रुतिरवतरति हृदयपथमिति कथं तदा मूलकल्पनायै स्मृतिः प्रभवेत् ? तदाह—

सोऽयमाभाणको लोके यदश्वेन हृतं पुरा ।
तत् पश्चाद् गर्दभः प्राप्तुं केनोपायेन शक्नुयात् ॥ इति [तन्त्रवा. १.३.३]

138. વળી, સ્મૃતિ વેદમૂલક હોતાં, જ્યારે વેદ સાથે સ્મૃતિનો વિરોધ થાય ત્યારે તે તેની સમકક્ષ ન હોવાથી વેદથી તેનું બાધિત થવું યોગ્ય છે એમ કહેવું બરાબર છે. એક ઠેકાણે મૂળ નિશ્ચિત છે જ્યારે બીજે ઠેકાણે તે વિચારીને શોધી કાઢવાનું છે. જેવા આપ સ્મૃતિની મૂલરૂપ શ્રુતિને શોધવાનો નિશ્ચય કરો છો તેવી જ તેની વિરોધી પ્રત્યક્ષ સાંભળેલી શ્રુતિ ચિત્તમાં સ્ફુરે છે, એટલે તે વખતે સ્મૃતિ પોતાનું મૂળ શોધી કઢાવવામાં કેવી રીતે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમર્થ બને ? તેથી કહ્યું છે કે "લોકમાં આ કહેવત પ્રસિદ્ધ છે કે પહેલાં જે ભારને ઘોડો ઉપાડી ગયો હોય તેને પાછળથી પ્રાપ્ત કરવા ગધેડો કયા ઉપાયથી શક્તિમાન બને ?"

139. अपर आह विकल्प एवात्र युक्तः । किल द्विविधो वेदः—श्रूयमाणोऽनुमीयमानश्च । श्रूयमाणश्च श्रुतिरित्युच्यते अनुमीयमानश्च स्मृतिरिति । द्वावपि चैतावनादी इति किं केन बाध्यते । व्यक्ताव्यक्तो हि वेद एवासौ । अत एव न मन्त्रार्थवादादिमूलकत्वकल्पनं युक्तम्, स्मर्यमाणस्य वेदस्यानादित्वात् ।

139. બીજો કહે છે – અહીં [જ્યારે શ્રુતિ અને સ્મૃતિનો વિરોધ જણાય ત્યારે] વિકલ્પ (=એમાંથી ગમે તે એકનો સ્વીકાર) જ યોગ્ય છે. કહેવાય છે કે વેદ બે પ્રકારનો છે –પ્રત્યક્ષ સંભળાતો અને અનુમાનાતો. પ્રત્યક્ષ સંભળાતા વેદને શ્રુતિ કહેવામાં આવે છે, જ્યારે અનુમાનથી જણાતા વેદને સ્મૃતિ કહેવામાં આવે છે. બંનેય અનાદિ છે એટલે કોણ કોનો બાધ કરે ? કારણ કે [શ્રુતિ અને સ્મૃતિ અનુક્રમે] વ્યક્ત અને અવ્યક્ત વેદ જ છે. તેથી જ સ્મૃતિને મન્ત્ર-અર્થવાદાદિમૂલક કલ્પવી યોગ્ય નથી, કારણ કે સ્મરાતો (અર્થાત્ અનુમાનાતો) વેદ અનાદિ છે.

140. नन्वेवं वेदमूलत्वेन प्रामाण्येऽवर्ण्यमाने बाह्यस्मृतिनामपि प्रामाण्यं वदन्तः प्रावादुकाः कथं प्रतिवक्तव्याः ? उच्यते । प्रत्युक्ता एव ते तपस्विनः, उक्तं हि भगवता जैमिनिना 'अपि वा कर्तृसामान्यात् प्रमाणमनुमानं स्यात्' इति [जै. सू. १.३.२] । कर्तृसामान्यादिति कोऽर्थः ? एकाधिकारावगमादिति । य एव वेदार्थानुष्ठानेऽधिकृताः कर्तारस्त एव स्मृत्यर्थानुष्ठाने, आचमनादिस्मार्तपदार्थसंवलिततयैव वेदिस्तरणादिवैदिकपदार्थप्रयोगदर्शनात् । न त्वेवमेकाधिकारावगमो बाह्यस्मृतिषु विद्यते । तस्माद् मन्वादिस्मृतय एव प्रमाणं, न बाह्यस्मृतयः ।

140. શંકા–જો આ પ્રમાણે સ્મૃતિનું પ્રામાણ્ય વેદમૂલક હોવાને કારણે છે એમ ન પ્રતિપાદન કરવામાં આવે તો વેદબાહ્ય સ્મૃતિઓના પ્રામાણ્યનું પ્રતિપાદન કરતા અન્ય મતવાદીઓનો વિરોધ કેવી રીતે કરશો ?

જવાબ આપીએ છીએ-તે બિચારાઓનો પ્રતિષેધ કરવામાં આવ્યો છે જ, કારણ કે ભગવાન જૈમિનિએ કહ્યું છે કે "કર્તૃસામાન્યને કારણે અનુમાનરૂપ વેદ (=સ્મૃતિ) પ્રમાણ બને."

શંકાકાર – 'કર્તૃસામાન્યને કારણે' એમ કહેવાનો શો અર્થ છે ? -

ઉત્તર–'એકાધિકાર જણાવાને કારણે' એ અર્થ. જે વેદવિહિત અર્થ(=કર્મ)ના અનુષ્ઠાનના અધિકારી કર્તાઓ છે તે જ સ્મૃતિઉપદિષ્ટ અર્થ(=કર્મ)ના અનુષ્ઠાનના અધિકારી કર્તાઓ છે, કારણ કે આચમન આદિ સ્મૃતિઉપદિષ્ટ અર્થ(=કર્મ)ની સાથે સંવલિતરૂપે જ 'વેદી ઉપર કુશઘાસ પાથરવું' વગેરે વેદવિહિત અર્થો(=કર્મો)નો પ્રયોગ દેખાય છે. પરંતુ આવો એકાધિકારાવગમ વેદબાહ્યસ્મૃતિઓમાં હોતો નથી. તેથી મનુ વગેરેની સ્મૃતિઓ જ પ્રમાણ છે, વેદબાહ્ય સ્મૃતિઓ પ્રમાણ નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

141. ननु मन्वादिस्मृतयोऽपि वेदमूलत्वात् प्रमाणं, नान्यतः इति । अत्रोच्यते । तदेतद्वेदमूलतया प्रामाण्यं योगिप्रत्यक्षं धर्मग्राहकममृष्यमाणाः किलाचक्षते भवन्तः, एतच्च न युक्तम् । यथा हि भगवानीश्वरः सर्वस्य कर्ता सर्वस्येशिता सर्वदर्शी सर्वानुकम्पी च वेदानां प्रणेता समर्थितः तथा योगिप्रत्यक्षमपि धर्मग्रहणे निपुणमस्मदादिप्रत्यक्षविलक्षणं प्रत्यक्षलक्षणे समर्थितमेव । तस्मात् तन्मूला एव मन्वादिदेशना भवन्तु ।

141. શંકાકાર (= મીમાંસક) – મનુ વગેરેની સ્મૃતિઓ પણ વેદમૂલક હોવાને કારણે પ્રમાણ છે, બીજા કોઈ કારણે નહિ

નૈયાયિક અહીં અમે ઉત્તરમાં જણાવીએ છીએ કે ધર્મના ગ્રાહક તરીકે યોગિપ્રત્યક્ષને ન સહન કરનાર આપ મીમાંસકો વેદમૂલક હોવાને કારણે સ્મૃતિનું પ્રામાણ્ય જણાવો છો પરંતુ આ બરાબર નથી કારણ કે જેમ ભગવાન ઈશ્વર સર્વના કર્તા છે, સર્વના ઈશ છે, સર્વદર્શી છે, સર્વાનુકમ્પી છે અને વેદના પ્રણેતા તરીકે સમર્થિત છે તેમ ધર્મને જાણવા માટે નિપુણ યોગિપ્રત્યક્ષ–આપણું પ્રત્યક્ષથી વિલક્ષણ– પ્રત્યક્ષલક્ષણમાં સમર્થિત છે જ. તેથી મનુ વગેરેની દેશના યોગિપ્રત્યક્ષમૂલક હો

142. यत्तु त्रिकालानवच्छिन्नः कथं प्रत्यक्षगम्यो धर्मः स्यादिति चोदनैव तत्र प्रमाणमुच्यते । प्रतिविहितं तदीश्वरप्रत्यक्षसमर्थनेन । साध्यसाधनसम्बन्धस्य स्वर्गाऽग्निहोत्रादिगतस्य यथा ग्राहकमीश्वरप्रत्यक्षम् एवमष्टकादिगतस्य तस्य ग्राहकं मन्वादिप्रत्यक्षं भविष्यतीति किमत्र त्रिकालानवच्छेदेन तदवच्छेदेन वा कृत्यम् ? ।

142. મીમાંસક–ત્રણેય કાળથી પર એવો ધર્મ પ્રત્યક્ષથી કેવી રીતે જાણી શકાય ? એટલે ધર્મને જાણવામાં વેદ જ પ્રમાણ છે એમ કહેવાયું છે.

નૈયાયિક–તેનો પ્રતિષેધ ઈશ્વરપ્રત્યક્ષના સમર્થન દ્વારા અમે કર્યો છે. સ્વર્ગ અને અગ્નિહોત્ર, વગેરે વચ્ચેના સાધ્યસાધનસંબંધનું ગ્રાહક જેમ ઈશ્વરપ્રત્યક્ષ છે તેમ અષ્ટકા આદિ કર્મો અને તેમનાં ફળો વચ્ચેના સાધ્યસાધનસંબંધનું ગ્રાહક મનુ વગેરેનું પ્રત્યક્ષ બનશે; એમાં અહીં ત્રિકાલાનવચ્છેદે અને ત્રિકાલાવચ્છેદે શું કરવાનું છે ?

143. यद्येवमष्टकादिकर्मणां धर्मत्वाग्रहणात् असर्वज्ञ ईश्वरः स्यात् । ज्ञात्वा वाऽनुपदिशन्नकारुणिको भवेत् । नैष दोषः, सर्वं जानात्येव भगवान् । किञ्चित् स्वयमुपदिशति किञ्चित् परानुपदेशयति । ते हि तस्यानुग्राह्या भगवतः, तेषां च तदनुग्रहकृतैव तथाविधज्ञानप्राप्तिः । मन्वादीनां प्रत्यक्षो धर्म इति वेदेऽपि पठ्यते । 'साक्षात्कृतधर्माण ऋषयो बभूवुः । ते परेभ्योऽसाक्षात्कृतधर्मभ्य उपदेशेन मन्त्रान् संप्रादुः' इति [निरुक्त १.६.२०] वेदेऽपि पठ्यते ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

143. મીમાંસક–જો એમ હોય તો અષ્ટકા વગેરે કર્મોનું ધર્મપણું ગ્રહણ ન કર્યું હોવાને કારણે તમારો ઈશ્વર અસર્વજ્ઞ બની જાય. અથવા, જાણીનેય ઉપદેશ ન આપતો તે અકારુણિક બની જવાની આપત્તિ આવે.

નૈયાયિક–આ દોષ નથી આવતો. ઈશ્વર બધું જ જાણે છે. કેટલુંક પોતે ઉપદેશે છે અને કેટલુંક બીજાઓ પાસે ઉપદેશાવે છે, કારણ કે તે બીજાઓ તે ભગવાનના અનુગ્રાહ્યો છે અને તેના અનુગ્રહને કારણે જ તેમને તથાવિધ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. મનુ વગેરેને ધર્મ પ્રત્યક્ષ છે એમ વેદમાં પણ આપણે વાંચીએ છીએ '[વિશિષ્ટ તપના પ્રભાવે] ધર્મનો સાક્ષાત્કાર કરનારા ઋષિઓ થયા હતા. તેમણે ઉત્તરકાલીન, હીનશક્તિવાળા અને ધર્મનો સાક્ષાત્કાર ન કરનારાઓને મંત્રો – મંત્રોના શબ્દો અને અર્થો બન્ને—ઉપદેશ વડે સાચી રીતે આપ્યા' [નિરુક્ત ૧.૬.૨૦] એમ પણ આપણે વેદમાં વાંચીએ છીએ.

144. नन्वेवं प्रत्यक्षमूलत्वाविशेषात् श्रुतिस्मृत्योर्विरोधे विकल्पः प्राप्नोति बृहद्रथन्तरविध्योरिव, न बाध्यबाधकभावः । न हीश्वरप्रत्यक्षस्य योगिप्रत्यक्षस्य च प्रामाण्ये कश्चिद्विशेषः । नैसर्गिकाहार्यत्वकृतस्तु भविष्यति । किं तेन ? उच्यते । भवतु विकल्पः । को दोषः ? वेदमूलत्ववादिभिरपि कश्चिद्विकल्पो व्याख्यात एव । विषयविभागेन वा विकल्पो व्याख्यास्यते । न च श्रुतिस्मृतिविरोधोदाहरणं किञ्चिदस्तीति स्वाध्यायाभियुक्ताः । तस्मादाप्तप्रत्यक्षमूलत्वेन वेदानामिव धर्मशास्त्राणां प्रामाण्यम् ।

144. મીમાંસક–આમ સમાનપણે પ્રત્યક્ષમૂલક હોવાને કારણે, શ્રુતિ અને સ્મૃતિ વચ્ચે જ્યારે વિરોધ થાય ત્યારે, વિકલ્પ (એમાંથી કોઈ એકનો સ્વીકાર) પ્રાપ્ત થાય, બૃહદ્‌ની અને રથન્તરની બે વિધિઓની જેમ. ['बृहत् पृष्ठं भवति'[1] અને 'रथन्तरं पृष्ठं भवति'[2] એ બે વિધિઓમાંથી એક વિધિનો સ્વીકાર કરવામાં આવે છે.] એમની વચ્ચે બાધ્યબાધકભાવ પ્રાપ્ત ન થાય, કારણ કે ઈશ્વરપ્રત્યક્ષ અને યોગિપ્રત્યક્ષના પ્રામાણ્યમાં કોઈ ભેદ નથી; અલબત, એકનું પ્રામાણ્ય નૈસર્ગિક છે જ્યારે બીજાનું તપના પ્રભાવથી ઉપલબ્ધ થયેલું છે, પરંતુ તેથી શું ?

નૈયાયિક— અમે ઉત્તર આપીએ છીએ કે ભલે (શ્રુતિ અને સ્મૃતિનો વિરોધ હોય ત્યારે) વિકલ્પ હો. એમાં શું દોષ છે? સ્મૃતિના પ્રામાણ્યને વેદમૂલક માનનારાઓએ પણ [શ્રુતિસ્મૃતિનો વિરોધ જણાતાં કોઈક વખત] કોઈક વિકલ્પ સમજાવ્યો છે અથવા વિષયવિભાગ દ્વારા વિકલ્પને સમજાવવામાં આવે છે. સ્વાધ્યાયાભિયુક્તો તો માને છે કે શ્રુતિ અને સ્મૃતિ વચ્ચેના વિરોધનું કોઈ ઉદાહરણ નથી. નિષ્કર્ષ એ કે આપ્તનું પ્રત્યક્ષ મૂળમાં હોવાને કારણે જેમ વેદોનું પ્રામાણ્ય છે તેમ ધર્મશાસ્ત્રોનું પણ પ્રામાણ્ય છે.

145 एतेन इतिहासपुराणप्रामाण्यमपि निर्णीतं वेदितव्यम् । इतिहासपुराणं हि पञ्चमं वेदमाहुः । उक्तं च—

---

૧. બૃહત્ સામથી સાધ્ય પૃષ્ઠસ્તોત્ર થાય છે.

૨. રથન્તર સામથી સાધ્ય પૃષ્ઠસ્તોત્ર થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

इतिहासपुराणाभ्यां वेदं समुपबृंहयेत् ।

बिभेत्यल्पश्रुताद्वेदो मामयं प्रतरिष्यति ॥ इति [महा०भा०आ० १.२६५]

145. આનાથી (= ઉપરની ચર્ચા દ્વારા) ઇતિહાસ અને પુરાણનું પ્રામાણ્ય પણ નિર્ણીત થઈ ગયું એમ સમજી લેવું, કારણ કે ઇતિહાસ-પુરાણને પાંચમો વેદ કહેવામાં આવ્યો છે. [મહાભારતમાં] કહેવામાં આવ્યું છે કે ઇતિહાસ અને પુરાણ વડે વેદની બરાબર પૂર્તિ કરવી જોઈએ. અલ્પજ્ઞથી વેદને ભય છે કે મને તે ઉલ્લંઘશે, મારા પર દોષ આરોપશે.

146. अथ वा किमस्माकं दुरभिनिवेशेन ? वेदमूलत्वात् स्मृतिवत् पुराणानामपि भवतु प्रामाण्यम् । तेषां प्रामाण्ये तावदविवादः । सदाचारस्याप्यनुपनिबद्धस्य वेदमूलत्वादेव भवतु प्रामाण्यम् ।

146. અથવા અમારા ખોટા પક્ષપાતથી શું ? વેદમૂલક હોવાના કારણે સ્મૃતિઓની જેમ પુરાણોનું પણ પ્રામાણ્ય હો. પુરાણોના પ્રામાણ્ય બાબતે કોઈ વિવાદ નથી. સ્મૃતિમાં નોંધાયેલા નહિ એવા સદાચારનું પ્રામાણ્ય વેદમૂલક હોવાને કારણે જ ભલે હો.

147. सर्वथा तावद् वेदाश्चत्वारः पुराणं स्मृतिरिति षडिमानि विद्यास्थानानि साक्षात्पुरुषार्थसाधनोपदेशीनि पूर्वोक्तरीत्या प्रमाणम् । व्याकरणादीनि षडङ्गानि अङ्गत्वेनैव तदुपयोगीनि, न साक्षाद् धर्मोपदेशीनि । कल्पसूत्रेष्वपि विक्षिप्तकर्मक्रमनियमसंग्रहमात्रम्, नापूर्वोपदेशः । मीमांसा वेदवाक्यार्थविचारात्मिका । वेदप्रामाण्यनिश्चयहेतुश्च न्यायविस्तर इत्यामुखे एवोक्तम् । तदिमानि चतुर्दशविद्यास्थानानि प्रमाणम् । कानिचित् साक्षादुपदेशीनि, कानिचित् तदुपयोगीनि इति सिद्धम् ।

147. ચાર વેદ, પુરાણ અને સ્મૃતિ આ છ, પુરુષાર્થના ઉપાયોનો સાક્ષાત્ ઉપદેશ આપનાર વિદ્યાસ્થાનો પૂર્વોક્ત રીતે પ્રમાણ છે. વ્યાકરણ વગેરે છ અંગો અંગ હોવાને કારણે વેદ, પુરાણ અને સ્મૃતિને સમજવા માટે ઉપયોગી છે; તેઓ ધર્મનો સાક્ષાત્ ઉપદેશ આપતા નથી. કલ્પસૂત્રોમાં પણ અપૂર્વનો (ધર્મનો) ઉપદેશ નથી પરંતુ ક્રમ વિના વેદમાં જ્યાં ત્યાં વિહિત કર્મોના યોગ્ય ક્રમનો સંગ્રહ માત્ર છે. મીમાંસા વેદના વાક્યોના અર્થઘટનરૂપ છે. વેદના પ્રામાણ્યની સ્થાપના કરવા માટે ન્યાયશાસ્ત્રનો વિસ્તાર છે એ અમે આમુખમાં જ જણાવી દીધું છે. તેથી આ ચૌદ વિદ્યાસ્થાનો પ્રમાણ છે, કેટલાંક ધર્મનો સાક્ષાત્ ઉપદેશ આપે છે જ્યારે કેટલાંક તેમને સમજવા માટે ઉપયોગી છે, એ પુરવાર થયું.

148. यानि पुनरागमान्तराणि परिदृश्यन्ते तान्यपि द्विविधानि—कानिचित् सर्वात्मना वेदविरोधेनैव प्रवर्तन्ते बौद्धादिवत्, कानिचित् तदविरोधेनैव कल्पितव्रतान्तरोपदेशीनि शैवादिवत् ।

148. જે બીજાં આગમો ચારે બાજુ દેખાય છે તે બે પ્રકારના છે— કેટલાંક સર્વથા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વેદવિરોધ દ્વારા જ પ્રવૃત્ત થાય છે, જેમકે બૌદ્ધાગમ વગેરે; જ્યારે કેટલાંક વેદવિરોધ વિના જ, કલ્પેલાં બીજાં વ્રતોનો ઉપદેશ આપે છે, જેમકે શૈવાગમ વગેરે.

149. तत्र शैवागमानां तावत् प्रामाण्यं ब्रूमहे, तदुपजनितायाः प्रतीतेः संदेह-बाधकारण-कालुष्यकलापस्यानुपलम्भात्, ईश्वरकर्तृकत्वस्य तत्रापि स्मृत्यनुमानाभ्यां सिद्धत्वात्, मूलान्तरस्य लोभमोहादेः कल्पयितुमशक्यत्वात्। न हि तत्रेदं-प्रथमता स्मर्यते। वेदवदेकदेशसंवादाश्च भूम्ना दृश्यन्ते इति कुतो मूलान्तरकल्पनाऽवकाशः। न च वेदप्रतिपक्षतया तेषामवस्थानम्, वेदप्रसिद्धचातुर्वर्ण्यादिव्यवहारापरित्यागात्।

मन्वादिचोदनान्यायः स यद्यपि न विद्यते।
शैवागमे तथाऽप्यस्य न न युक्ता प्रमाणता॥
सर्वोपनिषदामर्था निःश्रेयसपदस्पृशः।
विविच्यमाना दृश्यन्ते ते हि तत्र पदे पदे॥
ये च वेदविदामग्र्याः कृष्णद्वैपायनादयः।
प्रमाणमनुमन्यन्ते तेऽपि शैवादिदर्शनम्॥

149. તેમાં શૈવ આગમોના પ્રામાણ્યનું પ્રતિપાદન કરીએ છીએ, કારણ કે તેમનાથી જન્ય જ્ઞાનની બાબતમાં સંદેહ, બાધક કારણ અને દોષો ઉપલબ્ધ નથી. વળી, સ્મૃતિ અને અનુમાન દ્વારા તેમનુંય ઈશ્વરકર્તૃત્વ સિદ્ધ છે. લોભ, મોહ વગેરે બીજાં મૂળો તેમનાં કલ્પવાં શક્ય નથી. 'આ પ્રથમ છે' એવું એમની બાબતમાં સ્મરણ નથી (અર્થાત્ શૈવ આગમો અનાદિ છે) વેદની જેમ આ આગમોના અમુક ભાગોના, જગતમાં સંવાદો ઘણા દેખાય છે એટલે ઈશ્વર સિવાય બીજા મૂળની કલ્પનાને અવકાશ ક્યાં છે? અને વેદના વિરોધી તરીકે તેઓ અસ્તિત્વ ધરાવતા નથી કારણ કે ચાતુર્વર્ણ્ય વગેરે વ્યવહારોનો તેઓ ત્યાગ કરતા નથી. મનુ વગેરેના ઉપદેશની પ્રમાણતા પુરવાર કરવા આપવામાં આવેલ તર્ક જો કે શૈવાગમમાં લાગુ પડતો નથી તેમ છતાં તેમની પ્રમાણતા નથી એમ નહિ. બધા ઉપનિષદોના, નિઃશ્રેયસ-પદને સ્પર્શતા જે અર્થો છે તે શૈવાગમમાં પદે પદે વિવેચના પામતા દેખાય છે. વળી, વેદવિદોમાં મુખ્ય એવા કૃષ્ણદ્વૈપાયન વગેરે શૈવાદિદર્શનના પ્રામાણ્યને સ્વીકારે છે.

150. पञ्चरात्रेऽपि तेनैव प्रामाण्यमुपवर्णितम्।
अप्रामाण्यनिमित्तं हि नास्ति तत्रापि किञ्चन॥
तत्र च भगवान् विष्णुः प्रणेता कथ्यये, स चेश्वर एव।
एकस्य कस्यचिदशेषजगत्प्रसूति-
हेतोरनादिपुरुषस्य महाविभूतेः।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सृष्टिस्थितिप्रलयकार्यविभागयोगाद्
ब्रह्मेति विष्णुरिति रुद्र इति प्रतीतिः ।।

वेदे च पदे पदे 'एक एव रुद्रोऽवतस्थे न द्वितीयः' [ अथ. ३ ] 'इदं विष्णुर्विचक्रमे ' [ तै. सं १.२.१३ ऋ. सं १.२२.७ ] इति रुद्रो विष्णुश्च पठ्यते । तद्योगाश्च तदाराधनोपाया वेदेऽपि चोदिता एव । शैवपञ्चरात्रयोस्तु तद्योगा एवान्यथोपदिश्यन्ते । न चैष वेदविरोधः, वैकल्पिकत्वादुपायानाम् । अत आप्तप्रणीतत्वाद् वेदाविरुद्धत्वाच्च न तयोरप्रामाण्यम् ।

150. તેમણે જ (=કૃષ્ણદ્વૈપાયને જ) પંચરાત્રાગમનું ય પ્રામાણ્ય વર્ણવ્યું છે, કારણ કે અપ્રામાણ્યનું કંઈ પણ નિમિત્ત તેમાં નથી. વળી, તેના પ્રણેતા ભગવાન વિષ્ણુ છે એમ કહેવામાં આવ્યું છે અને એ જ તો ઈશ્વર છે. સમગ્ર જગતની ઉત્પત્તિના કારણ એવા કોઈ એક મહાવિભૂતિરૂપ અનાદિપુરુષની – ઉત્પત્તિ, સ્થિતિ અને લય એ ત્રણ કાર્યોના વિભાગને આધારે– 'બ્રહ્મા', 'વિષ્ણુ', 'રુદ્ર' એવી પ્રતીતિ થાય છે અને વેદમાં પદે પદે રુદ્ર અને વિષ્ણુના ઉલ્લેખો છે, જેમ કે 'એક જ રુદ્ર હતો, બીજો ન હતો' 'વિષ્ણુ એને ટપી ગયો'. રુદ્ર અને વિષ્ણુના યોગો અર્થાત્ એમને આરાધવાના ઉપાયો વેદમાં પણ ઉપદેશાયા છે જ. શૈવાગમ અને પંચરાત્રાગમમાં તે યોગોનો જ ઉપદેશ બીજી રીતે આપાયો છે અને આ વેદ-વિરોધ નથી કારણ કે ઉપાયોનો વિકલ્પ હોય છે. તેથી ઈશ્વરપ્રણીત હોવાને કારણે તેમ જ વેદવિરુદ્ધ ન હોવાને કારણે તે બંનેનું પ્રામાણ્ય છે.

151. ये तु सौगतसंसारमोचकागमाः पापकाचारोपदेशिनः, कस्तेषु प्रामाण्य-मार्योऽनुमोदते ? ।

बुद्धशास्त्रे हि विस्पष्टा दृश्यते वेदबाह्यता ।
जातिधर्मोचिताचारपरिहारावधारणात् ।
संसारमोचकाः पापाः प्राणिहिंसापरायणाः ।
मोहप्रवृत्ता एवेति न प्रमाणं तदागमः ।।
निषिद्धसेवनप्रायं यत्र कर्मोपदिश्यते ।
प्रामाण्यकथने तस्य कस्य जिह्वा प्रवर्तते ? ।।
ततो यद्यपि सिद्धिः स्यात् कदाचित् कस्यचित् क्वचित् ।
ब्रह्महत्यार्जितग्राम्यभोगवन्नरकाय सा ।।
निषिद्धाचरणोपात्तं दुष्कृतं केन शाम्यति ? ।
अतः कालान्तरेणापि नरके पतनं पुनः ।।



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

151. પરંતુ બૌદ્ધોનાં અને સંસારમોચકોનાં, પાપાચારનો ઉપદેશ દેનારાં આગમોના પ્રામાણ્યનું અનુમોદન કયો આર્ય કરે ? બૌદ્ધ આગમમાં વેદબાહ્યતા (= વેદવિરોધિતા) ખૂબ સ્પષ્ટપણે દેખાય છે, કારણ કે જાતિધર્મ પ્રમાણેના ઉચિત આચારનું ખંડન નિશ્ચિતપણે તેમાં જણાય છે. [અત્યંત પીડા અનુભવતા પ્રાણીને તે પીડામાંથી મુક્ત કરવા પરોપકારબુદ્ધિથી સંસારમોચકો મારી નાખે છે. આમ] સંસારમોચકો પ્રાણિહિંસાપરાયણ પાપીઓ છે, મોહથી જ પ્રેરાયેલી તેમની પ્રવૃત્તિઓ છે. એટલે તેમનું આગમ પ્રમાણ નથી. જે કર્મ કરવાનો નિષેધ હોય તે કર્મ કરવાનો જેમાં ઉપદેશ આપવામાં આવ્યો હોય એ શાસ્ત્ર પ્રમાણ છે એમ કહેવા કોની જીભ ઉપડે ? તેનાથી (= બૌદ્ધાદિ આગમોએ ઉપદેશેલા નિષિદ્ધ કર્મોથી) જો કોઈને ક્યારેય કોઈ સિદ્ધિ પ્રાપ્ત થાય તો પણ બ્રહ્મહત્યાથી પ્રાપ્ત ગ્રામ્યભોગની જેમ તે નરકને માટે છે. નિષિદ્ધ આચરણથી બંધાયેલું કર્મ શેનાથી શમે ? [કશાયથી નહિ.] તેથી કાલાન્તરેય ફરીથી નરકમાં પડવાનું થાય છે.

152. यत्त्वत्र चोदितं परेषु पूर्वोक्तक्रमेण बुद्धाद्याप्तकल्पनां कुर्वत्सु किं प्रतिविधेयमिति ? तत्रोच्यते । महाजनप्रसिद्ध्यनुग्रहे हि सति सुवचमाप्तोक्तत्वं भवति, नान्यथा । महाजनश्च वेदानां वेदार्थानुगामिनां च पुराणधर्मशास्त्राणां, वेदाविरोधिनां च केषाञ्चिदागमानां प्रामाण्यमनुमन्यते, न वेदविरुद्धानां बौद्धाद्यागमानाम् इति कुतस्तेषामाप्तप्रणीतत्वम् ? मूलान्तरं हि तत्र सुवचम् अज्ञानलोभादीत्येवमभिधाय वेदस्पर्धिनो बौद्धादयो निषेद्धव्याः ।

152. અહીં કોઈ શંકા કરે છે– બુદ્ધ વગેરેના આપ્ત હોવાની પૂર્વોક્ત ક્રમે કલ્પના કરનારાઓને આપ શો ઉત્તર આપશો ?

નૈયાયિક– તેનો ઉત્તર આપીએ છીએ. મહાજનમાં પ્રસિદ્ધિ હોય અને મહાજનની અનુમતિ હોય ત્યારે જ અમુક વચન આપ્તોક્ત છે એમ કહેવું યોગ્ય છે, અન્યથા નહિ. વેદો, વેદાર્થાનુસારી પુરાણો–ધર્મશાસ્ત્રો અને વેદાવિરોધી કેટલાંક આગમોના પ્રામાણ્યની અનુમતિ મહાજન આપે છે; વેદવિરોધી બૌદ્ધાદિ આગમોના પ્રામાણ્યની અનુમતિ આપતું નથી, એટલે તેમનું આપ્તપ્રણીતત્વ ક્યાંથી હોય ? અજ્ઞાન, લોભ વગેરે બીજું જ મૂળ તેમનું છે એમ કહેવું બરાબર છે. આમ કહીને વેદની સ્પર્ધા કરનારા બૌદ્ધાદિ આગમોનો નિષેધ કરવો જોઈએ.

153. आह—

कोऽयं महाजनो नाम किमाकारः किमास्पदः ।
किंसंख्यः किंसमाचार इति व्याख्यातुमर्हसि ॥

अपि च, बौद्धादयो बुद्धादीनाप्तान् स्वागमप्रामाण्यसिद्धये वदन्ति । ते महाजनमपि निजं तत्सिद्धये वन्दकादिकं वदेयुरेव । कस्तत्र प्रतीकारः ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

153. કોઈ કહે છે— આ મહાજન કોણ છે? તેનો આકાર કેવો છે ? તેની યોગ્યતા શી છે ? તેની સંખ્યા કેટલી છે ? તેનો યોગ્ય આચાર શો છે ? —આની સમજણ તમારે આપવી જોઈએ. વળી બૌદ્ધો વગેરે બુદ્ધ વગેરે આપ્તો છે એમ, પોતાના આગમના પ્રામાણ્યની સિદ્ધિ કરવા કહે છે અને બુદ્ધ વગેરેની આપ્તતા સિદ્ધ કરવા તેઓ પોતાના વંદકા વગેરે મહાજનને પણ જણાવશે જ. ત્યાં તમે કેવી રીતે પ્રતીકાર કરશો ?

154. उच्यते । चातुर्वर्ण्यं चातुराश्रम्यं च यदेतदार्यदेशप्रसिद्धं स महाजन उच्यते । आकारस्तु तस्य कीदृशं पाणिपादं कीदृशं शिरोग्रीवं वा, कियती तस्य संख्येति पुरुषलक्षणानि गणयितुं न जानीमः । चातुर्वर्ण्यचातुराश्रम्यरूपश्चैष महाजनो वेदपथप्रवृत्त आगमान्तरवादिभिरप्रत्याख्येय एव । तथा चैते बौद्धादयोऽपि दुरात्मानो वेदप्रामाण्यनियमिता एव चण्डालादिस्पर्शं परिहरन्ति । निरस्ते हि जातिवादावलेपे कः चाण्डालादिस्पर्शे दोषः ?

154. નૈયાયિક— અમે ઉત્તર આપીએ છીએ. જે ચાર વર્ણો અને ચાર આશ્રમો આર્યદેશમાં પ્રસિદ્ધ છે તે મહાજન કહેવાય છે. તેનો આકાર અર્થાત્ તેના હાથપગ કેવા છે, તેનું માથું કેવું છે, તેની ડોક કેવી છે, તેની સંખ્યા કેટલી છે— એમ પુરુષલક્ષણ, સંખ્યા વગેરે ગણાવવા માટેનું અમને જ્ઞાન નથી. ચાર વર્ણો અને ચાર આશ્રમરૂપ આ મહાજન વેદના જે માર્ગને અનુસરે છે તે માર્ગ બીજા આગમોમાં માનનારાઓ વડે અપ્રત્યાખ્યેય (અપ્રતિષેધ્ય) જ છે. એટલે બૌદ્ધ વગેરે દુરાત્માઓ પણ વેદપ્રામાણ્યથી નિયન્ત્રિત છે જ, તેથી તેઓ પણ ચંડાલ વગેરેને સ્પર્શતા નથી. જાતિવાદજન્ય અભિમાનનું ખંડન જો બૌદ્ધોએ કર્યું છે તો પછી ચંડાલ વગેરેને સ્પર્શવામાં શો દોષ ?

155. येऽपि अन्ये केचिदशुचिभक्षणागम्यागमनादिनिर्विकल्पदीक्षाप्रकारमकार्यमनुतिष्ठन्ति तेऽपि चातुर्वर्ण्यादिमहाजनभीतास्तत् तत् कर्म रहसि कुर्वन्ति, न प्रकाशम् । निर्विशङ्के हि तच्छास्त्रप्रत्यये किमिति चौर्यवत् तदर्थानुष्ठानम् ? अत एव न निजो महाजन उत्थापयितुं शक्यते वन्दकादिः, किन्तु अयमेव चातुर्वर्ण्यादिमहाजनः, स चैष महाजनः वेदविरुद्धमागमं परिहरत्येव, नानुमोदते ।

संसारमोचकं स्पृष्ट्वा शिष्टाः स्नान्ति सवाससः ।
बौद्धैरपि सहैतेषां व्यवहारो न कश्चन ॥
वेदधर्मानुवर्ती च प्रायेण सकलो जनः ।
वेदबाह्यस्तु यः कश्चिदागमो वञ्चनैव सा ॥

155. અશુચિભક્ષણ, અગમ્યા સ્ત્રી (મા, બહેન, સ્વગોત્રજા) સાથે સંગ વગેરે નિર્વિકલ્પદીક્ષાપ્રકારના અકાર્યોનું અનુષ્ઠાન બીજા જે કોઈ કરે છે તેઓ પણ ચાર વર્ણોરૂપ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહાજનથી ભય પામી તે કાર્યો એકાન્તમાં [છૂપા] કરે છે, પ્રકટપણે કરતા નથી. જો તેમને તેમના શાસ્ત્રજ્ઞાનના પ્રામાણ્ય બાબત કોઈ શંકા ન હોય તો તેઓ શા માટે તે શાસ્ત્રોપદિષ્ટ કર્મોનું અનુષ્ઠાન ચોરની જેમ છૂપી રીતે કરે છે ? તેથી જ વન્દકો વગેરે તેમનું પોતાનું મહાજન છે એમ તેઓ સ્થાપી શકતા નથી; પરંતુ ચાર વર્ણો વગેરે જ મહાજન છે અને આ મહાજન વેદવિરોધી આગમોનો નિષેધ જ કરે છે, અનુમોદન કરતું નથી. સંસારમોચકને સ્પર્શી શિષ્ટો કપડાં સહિત સ્નાન કરે છે. બૌદ્ધોની સાથેય એમનો કોઈ વ્યવહાર નથી. પ્રાયઃ સકળ જનસમૂહ વેદધર્મને અનુસરે છે. વેદબાહ્ય જે કોઈ આગમ છે તે વંચના જ છે.

156. ईदृशश्चायमनन्यसामान्यविभवो महाभागो वेदनामा ग्रन्थराशिः, यदन्ये बाह्यागमवादिन एवमेव स्पर्धन्ते । ते हि स्वागमप्रामाण्यमभिवदन्तो वेदरीत्याभिदधति । वेदे यथातथा प्रवेष्टुमीहन्ते । वैदिकानर्थानन्तरान्तरा स्वागमेषु निबध्नन्ति, वेदस्पर्शपूतमिवात्मानं मन्यन्ते । तेषामप्यन्तर्हृदये ज्वलत्येव वेदप्रामाण्यम् । अत एवंविधाया महाजनप्रसिद्धेरागमान्तरेष्वदर्शनान्न तेषामाप्तप्रणीतत्वम् ।

156. બીજાના જેવો સામાન્ય વૈભવ ન ધરાવનાર (અર્થાત્ વિશિષ્ટ અસામાન્ય વૈભવ ધરાવનાર) મહાભાગ વેદ નામનો આવો આ ગ્રંથરાશિ છે. તેથી બીજા વેદબાહ્ય આગમોને માનનારાઓ આ રીતે જ તેની સ્પર્ધા કરે છે—તેઓ પોતાના આગમનું પ્રામાણ્ય જ્યારે પુરવાર કરે છે ત્યારે વેદના પ્રામાણ્યને જે રીતે પુરવાર કરવામાં આવે છે તે રીતે જ પુરવાર કરે છે. તેઓ જેમ તેમ કરીને વેદમાં પ્રવેશવા ઇચ્છે છે. તેઓ વૈદિક અર્થોને (= વિષયોને) વચ્ચે વચ્ચે પોતાના આગમોમાં શબ્દબદ્ધ કરી મૂકે છે અને વેદના સ્પર્શથી જાણે કે પવિત્ર બનેલા પોતાને માને છે. તેમના હૃદયમાં વેદનું પ્રામાણ્ય પ્રકટ પ્રકાશે છે જ. નિષ્કર્ષ એ કે બીજાં [બૌદ્ધાદિ] આગમોમાં આ પ્રકારની મહાજનપ્રસિદ્ધિ દેખાતી ન હોઈ તેમનું આપ્તપ્રણીતત્વ નથી.

157. आह—

महाजनप्रसिद्ध्यैव वेदप्रामाण्यनिश्चयात् ।
किमर्थः कण्ठशोषोऽयमियानार्येण संश्रितः ॥

वेदप्रामाण्यसिद्ध्यर्थं हि इदं शास्त्रमारब्धमिति गीयते । वेदप्रामाण्यस्य च महाजनप्रसिद्ध्यैव सिद्धत्वात् किं शास्त्रेण ? अलं क्षुद्रचोद्यैरीदृशैः- ।

महाजनप्रसिद्धिं हि केचिद्विप्लावयन्त्यपि ।
अतस्तदुपघाताय शास्त्रमत्र प्रयुज्यते ॥

तस्मात् पूर्वोक्तानामेव प्रामाण्यमागमानां, न वेदबाह्यानामिति स्थितम् ।

157. શંકાકાર કહે છે— મહાજનપ્રસિદ્ધિના આધારે જ વેદના પ્રામાણ્યનો નિશ્ચય થતો હોઈ શા માટે આપ સજ્જન આટલું ગળું સૂકવો છો ? વેદના પ્રામાણ્યને પુરવાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરવા માટે આ ન્યાયશાસ્ત્ર આરંભાયું છે એમ તમે નૈયાયિકો કહો છો. વેદનું પ્રામાણ્ય મહાજનપ્રસિદ્ધિથી જ પુરવાર થઈ ગયેલું છે તો પછી આ ન્યાયશાસ્ત્રનું પ્રયોજન શું છે?

નૈયાયિક— આવી ક્ષુદ્ર શંકાઓ રહેવા દો, કારણ કે મહાજનપ્રસિદ્ધિનું કેટલાક ખંડન પણ કરે છે. એટલે તેમના ખંડનનું ખંડન કરવા માટે ન્યાયશાસ્ત્રનો અહીં પ્રયોગ કરવામાં આવ્યો છે. તેથી પૂર્વોક્ત આગમોનું જ પ્રામાણ્ય છે, વેદબાહ્ય આગમોનું નથી એ સ્થાપિત થયું.

158. अन्ये सर्वागमानां तु प्रामाण्यं प्रतिपेदिरे ।
सर्वत्र बाधसन्देहरहितप्रत्ययोदयात् ॥
सर्वत्र वेदवत् कर्तुराप्तस्य परिकल्पना ।
दृष्टार्थेष्वेकदेशेषु प्रायः संवाददर्शनात् ॥

158. બીજાઓએ બધાં આગમોનું પ્રામાણ્ય પ્રતિપાદિત કર્યું છે, કારણ કે બાધરહિત અને સંદેહરહિત જ્ઞાન સર્વત્ર ઉત્પન્ન થાય છે. જેમ વેદની બાબતમાં તેમ સર્વત્ર (અર્થાત્ બધાં જ આગમોની બાબતમાં) આપ્ત રચયિતાની કલ્પના કરવામાં આવી છે, કારણ કે આગમોના જે થોડા ભાગો દૃષ્ટાર્થનું નિરૂપણ કરે છે તેમનો બાહ્યાર્થ સાથે પ્રાયઃ સંવાદ દેખાય છે.

159. यत् पुनरत्रोक्तं सर्व एवागमाः परस्परविरुद्धार्थोपदेशित्वादप्रमाणं स्युरिति तत्रोच्यते, आप्तप्रणीतत्वेन तुल्यकक्ष्यत्वादन्यतमदौर्बल्यनिमित्तानुपलम्भाच्च न कश्चिदागमः किञ्चिद् बाधते । विरोधमात्रं त्वकिञ्चित्करं, प्रमाणत्वाभिमतेषु वेदवाक्येष्वपि परस्परविरोधदर्शनात् । पुरुषशीर्षस्पर्शनसुराग्रहगवालम्भादिचोदनासु वचनान्तरविरुद्धमर्थजातमुपदिष्टमेव । किञ्चागमानां विरोधोऽपि नातीव विद्यते, प्रमाणे पुरुषार्थे वा सर्वेषामविवादात् ।

नानाविधैरागममार्गभेदैरादिश्यमाना बहवोऽभ्युपायाः ।
एकत्र ते श्रेयसि संपतन्ति सिन्धौ प्रवाहा इव जाह्नवीयाः ॥

159. બધાં જ આગમો પરસ્પરવિરુદ્ધ અર્થોનો ઉપદેશ દેતા હોવાથી અપ્રમાણ છે એમ જે કહેવામાં આવ્યુ છે તેના ઉત્તરમાં અમે કહીએ છીએ કે આપ્તપ્રણીત હોવાને કારણે બધાં આગમો સમકક્ષ હોવાથી તેમ જ અમુક આગમની દુર્બળતા ઠરાવતું કોઈ નિમિત્ત ઉપલબ્ધ ન હોવાથી કોઈ આગમ બીજા કોઈ આગમનો બાધ કરતું નથી. કેવળ વિરોધ અપ્રમાણત્વ સ્થાપવા શક્તિમાન નથી, કારણ કે તમારા વડે પ્રમાણરૂપે સ્વીકૃત વેદવાક્યોમાં પણ પરસ્પરવિરોધ દેખાય છે. પુરુષશીર્ષસ્પર્શન, સુરાપાન, ગાયમારણ વગેરેનો આદેશ આપતાં વેદવાક્યોમાં બીજાં વેદવાક્યોથી વિરુદ્ધ અર્થોનો (=કર્મોનો) ઉપદેશ આપવામાં આવ્યો છે જ. વળી આગમોનો પરસ્પરવિરોધ પણ આત્યંતિક નથી કારણ કે પ્રમાણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બાબતે કે પુરુષાર્થ બાબતે બધાનો અવિવાદ છે. આગમોએ દર્શાવેલા નાનાવિધ માર્ગો વડે [મુક્તિના] ઘણા ઉપાયો આદેશાયા છે જેમ ગંગાના પ્રવાહો છેવટે સમુદ્રમાં બરાબર એકઠા થાય છે તેમ પેલા બધા ઉપાયો સાધ્યરૂપ નિઃશ્રેયસમાં છેવટે એક જગ્યાએ બરાબર એકઠા થાય છે.

160. तथा ह्यपवर्ग उपेयः सर्वशास्त्रेषु निर्दिश्यते । तदुपायः सर्वत्र ज्ञानमुपदिश्यते । ज्ञानविषये तु विवदन्ते । तत्रापि प्रायश आत्मविषयतायां बहूनामविप्रतिपत्तिः । प्रकृतिपुरुषविवेकज्ञानपक्षे तु प्रकृतेर्विविक्ततया पुरुष एव ज्ञेयः । नैरात्म्यवादिनस्तु आत्मग्रहशैथिल्यजननाय तथोपदिशन्ति । स्वच्छं तु ज्ञानतत्त्वं यत्तैरिष्यते तत् स्वातन्त्र्यादनाश्रितत्वादात्मकल्पमेव । कूटस्थनित्यत्वे प्रवाहनित्यत्वे च विशेषः । एवं प्रधानयोस्तावदुपायोपेययोरविवादः ।

160. બધાં આગમોમાં ઉપેય (=સાધ્ય) તરીકે અપવર્ગનો (=મોક્ષનો) નિર્દેશ છે. તેના ઉપાય તરીકે બધાં આગમોમાં જ્ઞાનનો ઉપદેશ દેવાયો છે. અલબત્ત, જ્ઞાનના વિષય પરત્વે આગમોમાં વિવાદ છે. તે બાબતે પણ જ્ઞાનનો વિષય આત્મા છે એમાં ઘણાને વિવાદ નથી. પ્રકૃતિ-પુરુષવિવેકજ્ઞાનના સાંખ્ય પક્ષમાં પ્રકૃતિથી વિવિક્તરૂપે પુરુષ જ જ્ઞેય છે. નૈરાત્મ્યવાદી બૌદ્ધો આત્મગ્રહ (=અહંકારગ્રન્થિ) શિથિલ કરવા માટે 'આત્મા નથી' એવો ઉપદેશ આપે છે. પરંતુ સ્વચ્છ જ્ઞાનતત્ત્વ જે તેઓ સ્વીકારે છે, તે સ્વતંત્ર છે, અનાશ્રિત છે એ કારણે આત્મા જેવું જ છે. કેવળ કૂટસ્થનિત્યતા અને પ્રવાહનિત્યતાની બાબતમાં જ ભિન્નતા છે. [વૈદિક શાસ્ત્રોને માન્ય આત્મા કૂટસ્થનિત્ય છે જ્યારે બૌદ્ધોને માન્ય આત્મા પ્રવાહનિત્ય છે.] આમ મુખ્ય ઉપાય અને ઉપેયની બાબતમાં બધાં આગમોને કોઈ વિવાદ નથી.

161. क्रिया तु विचित्रा प्रत्यागमं भवतु नाम । भस्मजटापरिग्रहो वा, दण्डकमण्डलुग्रहणं वा, रक्तपटधारणं वा, दिगम्बरता वाऽवलम्ब्यताम् । कोऽत्र विरोधः ? वेदेऽपि किमल्पीयांसः पृथगितिकर्तव्यताकलापखचिताः स्वर्गोपायाश्चोदिताः ? तस्मात् परस्परविरोधेऽपि न प्रामाण्यविरोधः । अतश्च यदुच्यते—

कपिलो यदि सर्वज्ञः सुगतो नेति का प्रमा ।
अथोभावपि सर्वज्ञौ मतभेदस्तयोः कथम्[1] ॥

इति तदपास्तं भवति, प्रधाने सति भेदाभावात्, क्वचिच्च तद्भावे प्रामाण्याविरोधात् ।

161. ક્રિયા ભલે પ્રતિ આગમ ભિન્ન ભિન્ન હો. ભસ્મ લગાવો કે જટા ધારણ કરો, દંડો પકડો કે કમંડળ પકડો, લાલ લૂગડું પહેરો કે નગ્ન રહો ! એમાં શો વિરોધ છે ? વેદમાં પણ સ્વર્ગના, જુદી જુદી ઇતિકર્તવ્યતાથી સભર ઉપાયો શું ઓછા ઉપદેશાયા છે ? એટલે આગમોમાં પરસ્પરવિરોધ હોવા છતાં તેમના પ્રામાણ્યમાં વિરોધ નથી. તેથી, 'જો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કપિલમુનિ સર્વજ્ઞ હોય તો સુગત સર્વજ્ઞ નથી એમાં શું પ્રમાણ છે ? અને જો બંને સર્વજ્ઞ હોય તો તેમની વચ્ચે મતભેદ અર્થાત્ વિરોધ કેમ ?' એમ જે કહેવામાં આવે છે તેનો નિરાસ [ઉપર] થઈ ગયો છે, કારણ કે જ્યારે મુખ્ય વિષયની વાત હોય છે ત્યારે તેમની વચ્ચે મતભેદ હોતો નથી અને ક્યારેક મતભેદ હોય તો પણ તેમના પ્રામાણ્યમાં તેથી વિરોધ આવતો નથી.

162. न च हृदयक्रोशनहेतुकर्मोपदेशादागमान्तराणामप्रामाण्यम्, तस्याप्रमाणतायामप्रयोजकत्वात् ।

> त्रिचिकित्सा हि नृशिरःकपालाद्यशनेषु या ।
> साऽप्यन्यदर्शनाभ्यासभावनोपनिबन्धना ॥
> तथा च शान्तचित्तानां सर्वभूतदयावताम् ।
> वैदिकीष्वपि हिंसासु विचिकित्सा प्रवर्तते ॥

अभिचारादिहिंसायां वैदिक्यामपि भवतु हृदयोत्कम्पः । करणांशोपनिपातिनी हिंसेति लिप्सातस्तस्यां प्रवृत्तिः । या तु अग्नीषोमीयादिपशुहिंसा इतिकर्तव्यतांशस्था यस्यां क्रत्वर्थो हि शास्त्रादवगम्यते इति वैधी प्रवृत्तिः, तस्यामपि कारुणिको लोकः सविचिकित्सो भवति वदति च 'यत्र प्राणिवधो धर्मस्त्वधर्मस्तत्र कीदृशः' इति । न चैतावता वेदस्याप्रामाण्यम्, एवमागमान्तरेष्वपि भविष्यति ।

162. હૃદયમાં રુદન જગાડે એવાં કર્મો ઉપદેશતા હોવાને કારણે તે ઉપદેશનાર અન્ય આગમોનું અપ્રામાણ્ય નથી કારણ કે તે તેનું અપ્રામાણ્ય પુરવાર કરનારો હેતુ નથી. મનુષ્યની ખોપરી વગેરેમાં ખાવું એ હૃદયમાં કંપારી, ક્ષોભ અને શંકાઓ જન્માવે છે તેનું કારણ અન્ય દર્શનનો અભ્યાસ અને ભાવના છે. તેવી જ રીતે, શાન્ત ચિત્તવાળા અને સર્વ પ્રાણીઓ પ્રતિ દયાળુઓને વૈદિકી હિંસામાં પણ હૃદય કંપે છે. તમે કહેશો કે અભિચાર આદિમાં થતી વૈદિકી હિંસામાં હૃદયકંપ ભલે થાઓ કારણ કે તે હિંસા કરણાંશગત હિંસા હોઈ લિપ્સાને કારણે તેમાં પ્રવૃત્તિ થાય છે. (અર્થાત્ શત્રુહિંસાના સાધન તરીકે અહીં પશુહિંસા થાય છે.) આની સામે અમે કહીશું કે, પરંતુ અગ્નિષોમીય વગેરે પશુની જે હિંસા છે તે ઇતિકર્તવ્યતાન્તર્ગત છે તે ઇતિકર્તવ્યતામાં યજ્ઞને ઉપકારક [એવી અગ્નીષોમીય પશુની હિંસા] વેદ દ્વારા જ જ્ઞાત થાય છે, એટલે અગ્નીષોમીય પશુની હિંસામાં થતી પ્રવૃત્તિ વેદાદિષ્ટ (=વૈધ) છે. [અભિચાર યા શત્રુહિંસા કરવાનો વેદનો આદેશ નથી. પણ જેને અભિચાર કરવો હોય તેને વેદ તેનો ઉપાય દર્શાવે છે; તે ઉપાય છે શ્યેનયાગ. અર્થાત્ શ્યેનયાગ અને અભિચાર વચ્ચે ઉપાયોપેયભાવ છે એ જણાવવામાં જ વેદના વિધિવાક્યનો વ્યાપાર છે, પ્રવૃત્તિ કરાવવા બાબતે વિધિવાક્ય ઉદાસીન છે. અહીં પ્રવૃત્તિ લિપ્સાથી થાય છે. અભિચાર કે તેના સાધનભૂત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પશુહિંસા અવૈધ છે અર્થાત્ વેદવિહિત નથી. એથી ઊલટું વેદ યજ્ઞ કરવાનો આદેશ આપે છે અને તે કેમ કરવો એ (= ઇતિકર્તવ્યતા) જણાવે છે. ઇતિકર્તવ્યતામાં અગ્નીષોમીય પશુના વધને યજ્ઞના કરણ તરીકે જણાવેલ છે. અહીં પશુવધ કરવામાં ન આવે તો યજ્ઞ પૂર્ણ ન થાય માટે પશુવધ કરવામાં આવે છે, લિપ્સાથી કરવામાં આવતો નથી. અહીં વેદ પ્રવર્તક છે. લિપ્સા પ્રવર્તક નથી. માટે અહીં અગ્નીષોમીય પશુની હિંસા વૈધ છે, વેદવિહિત છે.] વેદવિહિત હિંસામાં થતી પ્રવૃત્તિમાં પણ કારુણિક જનોનું હૃદય કંપે છે. તેઓ કહે છે 'જ્યાં પ્રાણિવધ ધર્મ છે ત્યાં અધર્મ કેવો છે?' પરંતુ એટલામાત્રથી વેદનું અપ્રામાણ્ય નથી થઈ જતું. આવું જ બીજાં આગમોની બાબતમાં બનશે.

163. यत्तु आगमान्तरेभ्यः कौलादिभ्यः खेचरताद्यर्थसिद्धावपि निषिद्धाचरणकृतः कालान्तरे प्रत्यवायोऽवश्यं भावीत्युक्तम्, तदपि न युक्तम्, तस्यार्थस्य तदागमनिषिद्धत्वाभावात्। आगमान्तरनिषिद्धत्वेऽपि वैकल्पिकत्वकल्पनोपपत्तेः। भवतु वा कालान्तरे प्रत्यवायः, तथाऽप्यधिकारिभेदेन तत्फले कर्मणि चोद्यमाने श्येनादाविव नागमप्रामाण्यमत्र हीयते। 'श्येनेनाभिचरन् यजेत' इत्यत्राभिचरन्निति शता लङ्घितनिषेधमधिकारिणमाचष्टे। तस्य च श्येनयागश्चोदितः। स च तत्प्रयोगात् कृतवधः प्रत्यवैत्येव, न च वेदस्याप्रामाण्यम्। उक्तं च 'उभयमिह चोदनया लक्ष्यते अर्थोऽनर्थश्च' इति [शा. भा. १. १. २]। अधिकारभेदाच्च विचित्रकर्मचोदना नानुपपन्ना। मरणकामस्य सर्वस्वारः चोदितः, आयुष्कामस्य कृष्णलचरुः। तस्मादेतदपि नाप्रामाण्यनिमित्तम्। यदपि बौद्धागमे जातिवादनिराकरणं, तदपि सर्वानुग्रहप्रवणकरुणातिशयप्रशंसापरं, न च यथाश्रुतमवगन्तव्यम्। तथा च तत्रैतत्पठ्यते 'न जातिकार्यदुष्टान् प्रव्राजयेत्' इति। तस्मात् सर्वेषामागमानामाप्तैः कपिलसुगतार्हत्प्रभृतिभिः प्रणीतानां प्रामाण्यमिति युक्तम्।

163. કૌલ વગેરે બીજાં આગમો દ્વારા આકાશગમન વગેરેરૂપ અર્થની સિદ્ધિ થાય તો પણ નિષિદ્ધ આચરણને કારણે કાલાન્તરે અનર્થ અવશ્ય થશે એમ જે કહ્યું તે પણ બરાબર નથી, કારણ કે તે કર્મનું નિષિદ્ધત્વ તે આગમમાં નથી, બીજાં આગમોમાં તે કર્મ નિષિદ્ધ હોય તો પણ તે કર્મનો વિકલ્પ ઘટે છે. અથવા તો કાલાન્તરે તે કર્મથી અનર્થ ભલે થાઓ. તેમ છતાં અધિકારીભેદથી (=તે કર્મથી જન્ય ફળની કામના કરનારની અપેક્ષાએ) તે ફળને આપનાર કર્મનો ઉપદેશ જ્યારે આપવામાં આવે— શ્યેનયાગ વગેરે કર્મની જેમ— ત્યારે અહીં આગમપ્રામાણ્યને હાનિ થતી નથી. 'શત્રુને મારી નાખવા ઇચ્છતો શ્યેનયાગ કરે' એ વાક્યમાં 'શત્રુને મારી નાખવા ઇચ્છતો (=अभिचर-न्)' એ વર્તમાનકૃદંતના શતૃપ્રત્યય દ્વારા ['પ્રાણીની હિંસા ન કરવી જોઈએ' એવા] નિષેધનું જેણે ઉલ્લંઘન કરી નાખ્યું છે એવો

અધિકારી જણાવાયો છે. તે અધિકારીને શ્યેનયાગ કરવા પ્રેરવામાં આવ્યો છે અને તે તેના પ્રયોગથી પ્રાણીવધ કરીને અનર્થ નિમંત્રે છે જ, અને [તેથી] વેદનું અપ્રામાણ્ય થતું નથી. કહેવામાં આવ્યું છે કે "વૈદિક ચોદના (=આદેશ=પ્રેરણા=વિધિ) દ્વારા અહીં અર્થ અને અનર્થ બંને લક્ષિત થાય છે." અધિકારભેદથી ભિન્ન ભિન્ન કર્મો કરવા માટેની ચોદના (=વૈદિક આદેશ) ઘટતી નથી એમ નહિ. મરણની કામનાવાળી વ્યક્તિને સર્વસ્વારયજ્ઞ કરવાનો આદેશ વેદ આપે છે, જ્યારે આયુષ્યની કામનાવાળી વ્યક્તિને કૃષ્ણલચરુયજ્ઞનો આદેશ વેદ આપે છે. તેથી ભિન્ન ભિન્ન કર્મો કરવાનો આદેશ આપવાથી અપ્રામાણ્ય નથી આવી જતું. બૌદ્ધાગમમાં જાતિવાદનું જે નિરાકરણ કરવામાં આવ્યું છે તે પણ સર્વનો અનુગ્રહ કરવા તત્પર એવા કરુણાતિશયની પ્રશંસા કરવાના આશયથી છે, તેને કેવળ વાચ્યાર્થમાં સમજવાનું નથી. અને સાથે જ ત્યાં [બૌદ્ધ આગમમાં– વિનયપિટકમાં] કહેવામાં આવ્યું છે કે 'જાતિદુષ્ટ (=હીનજાતિવાળી) અને કાર્યદુષ્ટ (=હીનકર્મવાળી) વ્યક્તિઓને પ્રવ્રજ્યા આપવી નહિ.' નિષ્કર્ષ એ કે કપિલ, સુગત, અર્હત્ વગેરે આપ્તોએ રચેલાં બધાં આગમો પ્રમાણ છે એમ માનવું યોગ્ય છે.

164. अन्ये मन्यन्ते सर्वागमानामीश्वर एव भगवान् प्रणेतेति । स हि सकलप्राणिनां कर्मविपाकमनेकप्रकारमवलोकयन् करुणयाताननुग्रहीतुमपवर्गप्राप्तिमार्गं बहुविधमुत्पश्यन्नाशयानुसारेण केषांचित् क्वचित् कर्मणि योग्यतामवगम्य तं तमुपाय-मुपदिशति । स्वविभूतिमहिम्ना च नानाशरीरपरिग्रहात् स एव संज्ञाभेदानुपगच्छति । अर्हन्निति कपिल इति सुगत इति स एवोच्यते भगवान् , नानासर्वज्ञकल्पनायां यत्नगौरवप्रसङ्गात् ।

**164.** બીજાઓ માને છે કે બધાં જ આગમોનો પ્રણેતા ઈશ્વર છે, કારણ કે સકળ પ્રાણીઓના અનેકવિધ કર્મવિપાકોને દેખતા તેમ જ કરુણાથી તેમનો અનુગ્રહ કરવા માટે અપવર્ગપ્રાપ્તિના અનેકવિધ માર્ગને દેખતા તે ઈશ્વર આશયાનુસાર ક્યારેક કેટલાક પ્રાણીઓની અમુક કર્મમાં યોગ્યતા જાણીને તે તે ઉપાય તેમને ઉપદેશે છે. પોતાની વિભૂતિના મહિમાથી અનેક શરીરો ધારણ કર્યા હોવાને કારણે તે ઈશ્વર જ 'અર્હત્', 'કપિલ', 'સુગત', [વગેરે] જુદાં જુદાં નામો પામે છે [એમ માનવું ઉચિત છે] કારણ કે અનેક સર્વજ્ઞો માનવામાં યત્નની અને ગૌરવની આપત્તિ આવે છે.

165. ननु बुद्धः शुद्धोदनस्य राज्ञोऽपत्यं, स कथमीश्वरो भवेत् ? परिहृत-मेतद्भगवता कृष्णद्वैपायनेन ----

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।
अभ्युत्थानमधर्मस्य तदाऽऽत्मानं सृजाम्यहम् ॥ इति [गीता ४.७]



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

शरीरमेव शुद्धोदनस्यापत्यं, नात्मा । अतः प्रतियुगं विष्णुरेव भगवान् धर्मरूपेणावतरतीत्यागमविदः प्रतिपन्नाः ।

165. શંકા—શુદ્ધોદન રાજાનો પુત્ર બુદ્ધ છે. તે કેવી રીતે ઈશ્વર હોય ?

ઉત્તર— [આ શંકાને] ભગવાન કૃષ્ણદ્વૈપાયને દૂર કરી છે, [કારણ કે] 'જ્યારે જ્યારે ધર્મની હાનિ થાય છે અને અધર્મની ચડતી થાય છે ત્યારે હે ભારત ! હું મારી જાતને સર્જું છું'' એમ [ગીતામાં] તેમણે કહ્યું છે. શરીર જ શુદ્ધોદનનો પુત્ર છે, આત્મા શુદ્ધોદનનો પુત્ર નથી. તેથી પ્રત્યેક યુગે વિષ્ણુ ભગવાન જ ધર્મરૂપે અવતરે છે એમ આગમોના જાણકારોએ સ્વીકાર્યું છે.

166. ननु वेदसमानकर्तृकेष्वागमान्तरेषु कथं तादृशो महाजनसंप्रत्ययो नास्ति ? एवं नास्ति । तेन वर्त्मना भगवता कतिपये प्राणिनोऽनुगृहीताः येषां तादृश आशयो लक्षितः । वैदिकेन तु वर्त्मना निःसंख्यकाः प्राणिनोऽनुगृहीता इति तत्र महानादरः, आगमान्तरेषु कृश इति । एककर्तृके परस्परविरोधः कथमिति चेद् वेदैरेवात्र वर्णितः समाधिः, तेष्वपि भूम्नः परस्परविरोधस्य दर्शनादित्युक्तम् । तस्मादीश्वरप्रणीतत्वादेव सर्वागमानां प्रामाण्यम् ।

166. શંકા—જે વેદનો કર્તા છે તે જ જો બીજાં આગમોનો કર્તા છે તો મહાજનનો સંપ્રત્યય (=આદર=શ્રદ્ધા) જેવો વેદમાં છે તેવો બીજાં આગમોમાં કેમ નથી ?

ઉત્તર— એવું નથી [આગમોમાં દર્શાવેલા] તે માર્ગ વડે ભગવાને કેટલાંક પ્રાણીઓ ઉપર અનુગ્રહ કર્યો, જે પ્રાણીઓનો તેવો (=તે માર્ગને અનુરૂપ) આશય ઈશ્વરને જણાયો. પરંતુ વૈદિક માર્ગ દ્વારા ભગવાને અસંખ્ય પ્રાણીઓ ઉપર અનુગ્રહ કર્યો એટલે મહાજનનો વેદમાં મહાન આદર છે, અન્ય આગમોમાં ઓછો છે.

શંકા— જો કર્તા એક જ છે તો (વેદ અને આગમો વચ્ચે) વિરોધ કેમ છે ?

ઉત્તર— વેદોએ જ આ શંકાનું સમાધાન દર્શાવ્યું છે, કારણ કે તેમનામાં પણ ઘણો પરસ્પરવિરોધ દેખાય છે. તેથી, ઈશ્વરપ્રણીત હોવાથી જ બધાં આગમોનું પ્રામાણ્ય છે.

167. अपरे पुनर्वेदमूलत्वेन सर्वागमप्रामाण्यमभ्युपागमन् । यो हि मन्वादिदेशनानां वेदमूलतायां न्याय उक्तः—

भ्रान्तेरनुभवाद्वापि पुंवाक्याद्विप्रलम्भकात् ।
दृष्टानुगुण्यसामर्थ्याच्चोदनैव लघीयसी ॥ [तन्त्रवा. १.३.२]

इति स सर्वागमेषु समानः । न च मन्वादिस्मृतीनां मूलभूता श्रुतिरुपलभ्यते । अनुमानेन तु तत्कल्पनमागमान्तरेष्वपि तुल्यम् ।

167. બીજાઓ વેદમૂલક હોવાને કારણે બધાં આગમોનું પ્રામાણ્ય સ્વીકારે છે. [મૂળ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તરીકે] ભ્રાન્તિ, અનુભવ, પુરુષવાક્ય અને ઠગ આ ચાર કરતાં ચોદનાને (=વેદને) જ સ્વીકારવામાં લાઘવ છે, કારણ કે [પ્રસ્તુત સ્મૃતિ] પ્રમાણોના દૃષ્ટ અનુષ્ઠાનોનું સમર્થન કરવાનું સામર્થ્ય ચોદનામાં જ છે'— એવો જે તર્ક મનુ વગેરેના ઉપદેશો વેદમૂલક છે એ પુરવાર કરવા આપ્યો છે તે બધાં આગમોની બાબતમાં સમાન છે. વળી, મનુ વગેરે સ્મૃતિઓના મૂળરૂપ શ્રુતિ ઉપલબ્ધ થતી નથી. અનુમાન દ્વારા એ શ્રુતિની કલ્પના કરવાનું તો બીજાં આગમોની બાબતમાંય સમાન છે.

168. ननु चोक्तम् 'अपि वा कर्तृसामान्यात् प्रमाणमनुमानं स्यात्' इति [जै. सू. १.३.२], तच्चेह नास्तीति कथं श्रुत्यनुमानम् ? नैष दोषः—

एकाधिकारावगमो न प्रामाण्ये प्रयोजकः ।
मिश्रानुष्ठानसिद्धौ तु कामं भवतु कारणम् ॥

न च पृथगनुष्ठीयमानमपि कर्म न प्रमाणमूलं भवति वर्णाश्रमभेदानुष्ठेयकर्मवत् ।

कर्तृसामान्यशून्यत्वादथ मूलान्तरोदयः ।
तदसत् बाधकाभावाद् भ्रान्त्यादिप्रतिषेधनात् ॥
प्रत्यक्षमूलतायां तु गुर्वी भवति कल्पना ।
वेदस्त्वनन्तशाखत्वात् मूलं तत्र सुसङ्गतम् ॥
नन्वत्र वेदमूलत्वे द्वेषो वेदविदां कथम् ? ।

168. શંકા— વળી, 'જે વૈદિક કર્મના અધિકારી છે તે જ સ્મૃત્યુપદિષ્ટ કર્મના અધિકારી છે એ હેતુ વડે શ્રુતિની કલ્પના કરવામાં પ્રમાણ તો અનુમાન બને' એમ કહેવામાં આવ્યું છે પરંતુ આગમાન્તરની બાબતમાં તે હેતુ સંભવતો નથી તો તેના દ્વારા શ્રુતિનું અનુમાન કેવી રીતે થાય ?

ઉત્તર— 'જે વૈદિક કર્મનો અધિકારી છે તે સ્મત્યુપદિષ્ટ કર્મનો અધિકારી છે' એવું જ્ઞાન સ્મૃતિના પ્રામાણ્યનું ખરું કારણ નથી; વૈદિક અને સ્મત્યુપદિષ્ટ કર્મોના મિશ્ર અનુષ્ઠાનોની સિદ્ધિમાં ભલે તેવું જ્ઞાન કારણ હો. [અર્થાત્, એકાધિકારતા સ્મૃતિનું પ્રામાણ્ય સિદ્ધ કરતી નથી પરંતુ સ્માર્ત કર્મનું વૈદિક કર્મો સાથે મિશ્ર અનુષ્ઠાનમાત્ર સિદ્ધ કરે છે]. વળી, [વૈદિક કર્મના અનુષ્ઠાનથી] જુદું કર્મનું અનુષ્ઠાન થતું હોય છતાં તે કર્મ પ્રમાણમૂલક નથી એમ ન કહેવાય. ઉદાહરણાર્થ, જુદા જુદા વર્ણોનાં અને આશ્રમોનાં કર્મો. વૈદિક કર્મોના અધિકારીથી અન્ય આગમોએ ઉપદેશેલાં કર્મોનાં અધિકારી જુદા હોવાથી તે અન્ય આગમોનું મૂળ વેદથી બીજું (અર્થાત્ ભ્રાન્તિ વગેરે) બની જાય છે એમ માનવું ખોટું છે, કારણ કે તે અન્ય આગમોનું કોઈ બાધક નથી અને ભ્રાન્તિ વગેરેનો તેમના મૂળ તરીકે પ્રતિષેધ કરવામાં આવેલ છે. તેમને પ્રત્યક્ષમૂલક માનવામાં ગૌરવદોષ આવે છે. વેદની શાખાઓ અનન્ત હોઈ તેમનામાં તેમનું મૂળ માનવું સુસંગત છે. અહીં [બૌદ્ધાદિ આગમોનું] વેદમૂલકત્વ માનવામાં વેદવિદોને દ્વેષ કેમ છે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

169. गत्वा त एव पृच्छ्यन्तां येषां द्वेषादि विद्यते ॥
गोवधे वा कथं तेषां द्वेषः सुस्पष्टवैदिके ।
प्रत्युक्तं च विरुद्धत्वं शाखानन्त्याच्च दुर्गमम् ॥
किमियद्वेदसर्वस्वं यावदस्मन्मुखे स्थितम् ।
शाखान्तराद्वा संवादो न लभ्येतेति का प्रमा ? ॥

तथा च सांख्यशास्त्रप्रसिद्धत्रिगुणात्मकप्रकृतिसूचनपरम् 'अजामेकां लोहितशुक्लकृष्णाम्' इति [श्वेता० ४—५] वैदिकं लिङ्गमुपलभ्यते । निर्ग्रन्थकथिततपस्सचिवतत्त्वज्ञानशंसी चायमनुवादो दृश्यते 'मुनयो वातरशनाः' इति [ऋग्वेद १०.१३६.२] । एवं रक्तपटपरिग्रहभस्मकपालधारणादिमूलमप्यभियुक्ता लभन्ते एव ।

मन्वादिस्मृतिवत् कर्तृसाम्यस्यासम्भवेऽप्यतः ।
प्रमाणं वेदमूलत्वाद्बाच्याः सर्वागमाः स्मृतिः ॥

ततश्च—

यः कश्चित् कस्यचिद्धर्मो मनुना परिकीर्तितः ।
स सर्वोऽभिहितो वेदे सर्वज्ञानमयो हि सः ॥

इत्यत्र यथा मनुग्रहणं गौतमयमापस्तम्बसंवर्तकादिस्मृत्यन्तरोपलक्षणम् एवमर्हत्कपिलसुगताद्युपलक्षणपरमपि व्याख्येयम् ।

169. બૌદ્ધાદિ આગમોના પ્રામાણ્યનો વિરોધી—જેમને દ્વેષ વગેરે છે તે બૌદ્ધાદિની પાસે જઈ તેમને જ પૂછો કે જે સ્પષ્ટપણે વૈદિક કર્મ છે તે ગોવધમાં તેમને દ્વેષ કેમ છે ?

ઉત્તર—વેદો સાથે તે બૌદ્ધાદિ આગમોના વિરોધનું અમે ખંડન કર્યું છે; અને વેદની શાખાઓ અનન્ત છે એટલે તે આગમોનો વેદ સાથે વિરોધ છે એ જાણવું જ કઠિન છે. આપણને કંઠસ્થ છે એટલો જ શું સમગ્ર વેદ છે ? શાખાન્તર સાથે આ આગમોનો સંવાદ નહિ મળે એમ માનવામાં શું પ્રમાણ છે ? વળી, સાંખ્યશાસ્ત્રપ્રસિદ્ધ ત્રિગુણાત્મક પ્રકૃતિનું સૂચન કરતું 'अजामेकां लोहितशुक्लकृष्णां' એવું વૈદિક લિંગ (=વાક્ય) પ્રાપ્ત થાય છે. નિર્ગ્રન્થોએ (=જૈનોએ) પ્રતિપાદિત કરેલ તપસહચરિત તત્ત્વજ્ઞાનને જણાવતો આ વૈદિક અનુવાદ દેખાય છે —'मुनयो वातरशनाः'. એ રીતે રક્તપટના પરિગ્રહભૂત ભસ્મલેપન, કપાલધારણ વગેરેનું મૂળ પણ અભિયુક્તોને (=વેદના વિદ્વાનોને) વેદમાં મળે છે જ. તેથી, મનુ વગેરે સ્મૃતિની જેમ આ આગમોની બાબતમાં કર્તૃસામ્ય

(=ઐકાધિકારિતા) સંભવતુ ન હોવા છતાં તેઓ વેદમૂલક હોઈ તેમને પ્રમાણ કહેવા જોઈએ અને તેમને સ્મૃતિ ગણવા જોઈએ. "મનુએ જે કોઈનો જે ધર્મ જણાવ્યો છે તે બધો વેદમાં કહેવાયો છે, કારણ કે વેદ સર્વજ્ઞાનમય છે"–અહીં આ શ્લોકમાં જેમ મનુના નામનું ગ્રહણ ગૌતમ, યમ, આપસ્તમ્બ, સંવર્તક, વગેરે બીજા સ્મૃતિકારોનો નિર્દેશ કરે છે તેમ અર્હત્, કપિલ, સુગતનોય નિર્દેશ કરે છે એવી વ્યાખ્યા કરવી જોઈએ.

170. ननु च लोकायतागमोऽप्येवं प्रामाण्यं प्राप्नोति, 'विज्ञानघन एवैतेभ्यो भूतेभ्यः समुत्थाय तान्येवानुप्रविशति, न प्रेत्यसंज्ञाऽस्ति' इति [बृहदा० ४.४.१३] वेदमूलदर्शनात् । ततश्च लोकायतदर्शने प्रमाणभूते सति स्वस्ति सर्वागमेभ्यः । उच्यते—

न हि लोकायते किञ्चित् कर्तव्यमुपदिश्यते ।
वैतण्डिककथैवासौ न पुनः कश्चिदागमः ॥

170. શંકા–લોકાયતના આગમમાં પણ આ પ્રમાણે પ્રામાણ્ય પ્રાપ્ત થાય છે, કારણ કે 'વિજ્ઞાનઘન (=આત્મા) આ ભૂતોમાંથી ઉત્પન્ન થઈ તેમાં જ પાછો પ્રવેશી જાય છે, પરલોક નથી' એ વૈદિક વાક્યમાં તેનું મૂળ દેખાય છે. અને તેથી લોકાયતદર્શન પ્રમાણ બની જતાં બધાં આગમોનું કલ્યાણ થઈ ગયું !

સમાધાન – આનો ઉત્તર આપીએ છીએ લોકાયતદર્શનમાં કંઈ કર્તવ્ય ઉપદેશાયું નથી. તે કેવળ વૈતંડિક કથા જ છે, પણ કોઈ આગમ નથી.

171. ननु च 'यावज्जीवं सुखं जीवेत्' इति तत्रोपदिश्यते । एवं न, स्वभावसिद्धत्वेनात्रोपदेशवैफल्यात् । 'धर्मो न कार्यः' 'तदुपदेशेषु न प्रत्येतव्यम्' इत्येवं वा यदुपदिश्यते तत् प्रतिविहितमेव, पूर्वपक्षवचनमूलत्वाल्लोकायतदर्शनस्य । तथा च तत्रोत्तरब्राह्मणं भवति 'न वा अरे अहं मोहं ब्रवीमि, अविनाशी वा अरेऽयमात्मा, मात्रासंसर्गस्त्वस्य भवति' इति [बृहदा.४.४.१२–१३] । तदेवं पूर्वपक्षवचनमूलत्वाल्लोकायतशास्त्रमपि न स्वतन्त्रम् । उत्तरवाक्यप्रतिहतत्वात्तु तदनादरणीयम् । शास्त्रान्तराणां तु पूर्वपक्षवाक्यमूलकत्वकल्पनमयुक्तम् , समनन्तरमेव तत्प्रतिपक्षवचनानुपलब्धेरित्यतो वेदमूलत्वात् सर्वागमः प्रमाणम् ।

171 શંકા—'જ્યાં સુધી જીવો ત્યાં સુધી સુખેથી જીવો' એ ઉપદેશ લોકાયતદર્શનમાં અપાયો છે.

ઉત્તર—એવું નથી; તે તો સ્વાભાવસિદ્ધ હોઈ, તેનો ઉપદેશ કરવાનો કોઈ અર્થ નથી. 'ધર્મ ન કરવો જોઈએ' 'વેદના ઉપદેશમાં શ્રદ્ધા ન રાખવી જોઈએ' આ અને આના જેવો જે ઉપદેશ તેમણે આપ્યો છે તેનો પ્રતિષેધ થઈ ગયો જ છે, કારણ કે લોકાયતદર્શન [વેદગત] પૂર્વપક્ષમૂલક છે. અને ત્યાં પછી બ્રાહ્મણ છે 'અરે ! હું ખોટું કહેતો નથી. અરે ! આ આત્મા અવિનાશી છે. એને માત્રાસંસર્ગ હોય છે.' આમ પૂર્વપક્ષમૂલક હોવાથી લોકાયતશાસ્ત્ર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વતન્ત્ર નથી. ઉત્તરવાક્યથી તે ખંડિત થયું હોઈ તે આદરણીય નથી. બીજાં [બૌદ્ધાદિ] આગમો પણ [વેદગત] પૂર્વપક્ષમૂલક છે એમ કલ્પવું અયોગ્ય છે, કારણ કે [તેમનાં મૂળરૂપ વૈદિક વાક્યો] પછી તરત જ પ્રતિપક્ષવચન ઉપલબ્ધ થતાં નથી. તેથી સર્વ આગમો વેદ-મૂલક હોઈ, પ્રમાણ છે.

172. सर्वागमप्रमाणत्वे नन्वेवमुपपादिते ।
अहमप्यद्य यं कञ्चिदागमं रचयामि चेत् ॥
तस्यापि हि प्रमाणत्वं दिनैः कतिपयैर्भवेत् ।
तस्मिन्नपि न पूर्वोक्तन्यायो भवति दुर्वचः ॥

जरत्पुस्तकलिखितं यदपि तदपि किञ्चिदिदानीं केनापि धूर्तेन प्रख्याप्यते — 'महानयमागमः' इति । तत्राप्याप्त एव प्रणेता कल्प्यताम्, यादृशं तादृशं वचनमुच्यतां मूलभूतमिति ।

**172.** શંકા—જો આ રીતે બધા જ આગમોનું પ્રામાણ્ય ઘટાવ્યું તો હું પણ આજે જે કોઈ આગમ રચું તેનુંય પ્રામાણ્ય કેટલાક દિવસો પછી થાય કારણ કે તેની બાબતમાં પણ પૂર્વોક્ત ન્યાય (=તર્ક) કહેવો મુશ્કેલ નથી. જૂના કોઈ પણ પુસ્તકમાં લખેલું જે કંઈ પણ હોય તેને કોઈ પણ ધૂર્ત 'આ મહાન આગમ છે' એમ કહી ઓળખાવે; તેનો પણ આપ્ત જ પ્રણેતા છે એમ કલ્પો, જેવું તેવું વૈદિક વચન તેના મૂળ તરીકે ઉચ્ચારો.

173. नैतदस्त्यविगीतायां ये प्रसिद्धिं प्रापुरागमाः ।
कृतश्च बहुभिर्येषां शिष्टैरिह परिग्रहः ॥
अद्य प्रवर्तमानाश्च नापूर्वा इव भान्ति ये ।
येषां न मूलं लोभादि येभ्यो नोद्विजते जनः ॥
तेषामेव प्रमाणत्वमागमानामिहेष्यते ।
न मृष्यते तु यत्किञ्चित् प्रमाणं कुट्टनीमतम् ॥
तथा हि—
अमितैकपटनिवीतानियतस्त्रीपुंसविहितबहुचेष्टम् ।
नीलाम्बरव्रतमिदं किल कल्पितमासीद्विटैः कैश्चित् ॥
तदपूर्वमिति विदित्वा निवारयामास धर्मतत्त्वज्ञः ।
राजा शङ्करवर्मा न पुनर्जैनादिमतमेवम् ॥

**173.** ઉત્તર—એમ નથી. જે આગમો નિર્વિવાદ પ્રસિદ્ધિને પામ્યા છે, જેમનો સ્વીકાર અહીં ઘણા શિષ્ટોએ કર્યો છે, જે અત્યારે પ્રવર્તમાન હોવા છતાં અપૂર્વ (=વેદનિર્મૂલક)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જેવા જણાતા નથી, જેમનું મૂળ લોભ વગેરે નથી, જેમનાથી લોકોને ઉદ્વેગ થતો નથી તે આગમોનું જ પ્રામાણ્ય અહીં ઇચ્છવામાં આવે છે. કુટ્ટનીમતનું જરાય પ્રમાણ્ય સ્વીકારાયું નથી. તે [કુટ્ટનીમત] આ પ્રમાણે છે–કેટલાક વિટોએ આ નીલામ્બરવ્રત કલ્પ્યું હતું એમ કહેવાય છે, જેમાં અમિત એક પટ ઓઢેલા સ્ત્રી અને પુરુષો ગમે તેની સાથે બહુ કામચેષ્ટાઓ કરતા. તેને અપૂર્વ (વેદનિર્મૂલક) જાણીને ધર્મતત્ત્વજ્ઞ રાજા શંકરવર્માએ અટકાવ્યું. પરંતુ જૈન આદિ મત આવો અપૂર્વ (વેદનિર્મૂલક) નથી.

174. इत्याप्तोक्तत्वहेतोः परिमुषितपरोदीरिताशेषदोषात्
एषां वेदागमानां सुदृढमुपगते मानभावे प्ररोहम् ।
तन्मूलत्वात्तथात्वं पुरुषवचनतो वाऽस्तु शास्त्रान्तराणां
तद्द्वारेणापि वक्तुं न खलु कलुषता शक्यते वेदवाचाम् ॥

174 ઉપસંહારમાં કહેવાનું કે આપ્ત પુરુષે કહેલ હોવાને કારણે અને બીજાઓએ કહેલા બધા દોષો દૂર કરી દીધા હોવાને કારણે આ વેદાગમોનું પ્રામાણ્ય સુદૃઢ પ્રરોહને પામ્યું છે ત્યારે વેદમૂલક હોવાને કારણે અથવા આપ્ત પુરુષનાં વચનો હોવાને કારણે અન્ય આગમોનું પ્રામાણ્ય હો; આપ્ત પુરુષનું વચન હોવાને કારણે વેદવાણીની કલુષતા (=અપ્રામાણ્ય) છે એમ કહેવું ખરેખર શક્ય નથી.

175. ननु नाद्यापि वेदस्य प्रामाण्यं सुव्यवस्थितम् ।
स्वदेहसंभवैरेव दोषैरनृततादिभिः ॥

'चित्रया यजेत पशुकामः' 'पुत्रकामः पुत्रेष्टया यजेत' इति श्रूयते । चेष्टयनन्तरं पुत्रपश्वादिफलमुपलभ्यते । तस्मादसत्याः चित्रादिचोदनाः ।

ननु च यः पशुकामः स इष्टिं कुर्यादितीयानेव वाक्यार्थः । तत्र यागात् पशवो भवन्तीति एतदेव दुरुपपादम् । ते च भवन्तोऽप्यनन्तरमेव भवन्तीति एतद् दुरुपपादतरम् । अतः कथं न सत्यार्थत्वं चित्रादिचोदनानाम् ।

175. શંકા—તેના પોતાના દેહમાં જ અનૃતતા વગેરે દોષો ઉત્પન્ન થયા હોવાને કારણે હજુય વેદનું પ્રામાણ્ય બરાબર સ્થિર થયું નથી. 'પશુની કામનાવાળો ચિત્રાયાગ કરે' 'પુત્રની કામનાવાળો પુત્રેષ્ટિ યજ્ઞ કરે' એમ વેદમાં કહેવામાં આવ્યું છે. પરંતુ તે તે યજ્ઞ પછી પશુ, પુત્ર, વગેરે ફળ મળતાં નથી. તેથી ચિત્રાયાગ વગેરેનો ઉપદેશ અસત્ય છે.

ઉત્તર—'જેને પશુની કામના હોય તે યજ્ઞ કરે' આટલો જ વાક્યનો અર્થ છે. તેમાં યાગને કારણે પશુઓ થશે એવો અર્થ ઘટાવવો જ મુશ્કેલ છે. અને તે થતાં હોય તો પણ યાગ પછી તરત જ થાય છે એ ઘટાવવું તો તેથી પણ વધારે મુશ્કેલ છે. તેથી, કેવી રીતે ચિત્રાયાગ વગેરેના ઉપદેશનું સત્યાર્થત્વ નથી? (અર્થાત્ છે જ).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

176. उच्यते । 'यावज्जीवं यजेत' 'यावज्जीवं जुहुयात्' इति जीवमवदसाध्यमानपशुकामनैव नाधिकारिविशेषणं भवितुमर्हति । पशूनां ततः कर्मणः सिद्धिमनवबुध्यमानस्य तत्राधिकार एव न सम्प्रवर्तते इति निर्णेष्यते एतत् । आनन्तर्यमपि कर्मस्वभावपर्यालोचनेनैव गम्यते, समनन्तरफलत्वेन कर्मणां दृष्टत्वात् । आह च 'कर्मकाले च फलेन भवितव्यम्, यत्कालं हि मर्दनं तत्कालं मर्दनसुखम्' इति [शा. भा. १.१.५] । अधिकार्यपि पश्वाद्यभावपरितप्यमानमानस एव कर्मण्यधिक्रियते यदि सद्य एव ततः फलमासादयेत् । कालान्तरे च कर्मणः प्रध्वंसात्कुतः फलम् ? आह च 'यदा तावदियं विद्यमानाऽऽसीत् तदा फलं न दत्तवती, यदा फलमुत्पद्यते तदाऽसौ नास्ति, असती कथं फलं दास्यति' इति [शा. भा. १.१.५] । अपि च कालान्तरे फलस्यान्यत् प्रत्यक्षं कारणमुपलभ्यते सेवादि । तस्मिंश्च कारणे दृष्टे सति को नाम सूक्ष्मदृष्टिः अदृष्टं चित्रादिकारणं कल्पयेत् ? तस्मादसत्याश्चित्रादिचोदनाः, प्रत्यक्षादिप्रमाणपरिच्छेदयोग्यार्थोपदेशित्वे सत्यपि तत्संवादशून्यत्वात्, एवंविधविप्रलम्भकवाक्यवत् ।

चित्रादिवचसामेवमपचारस्य दर्शनात् ।
अनाश्वासोऽग्निहोत्रादिचोदनास्वपि जायते ॥

अग्निहोत्रचोदना मिथ्या, वेदैकदेशत्वाच्चित्रादिचोदनादिवत् । तदत्र तावदसंवादादप्रामाण्यम् । एवं 'पुत्रकामः पुत्रेष्ट्या यजेत' इत्येवमादावपि असंवादो द्रष्टव्यः ।

176 શંકાકાર—ઉત્તર આપીએ છીએ. 'જ્યાં સુધી જીવો ત્યાં સુધી યજ્ઞ કરો' 'જ્યાં સુધી જીવો ત્યાં સુધી હોમ કરો' એમ જીવનની જેમ જે સાધ્યમાન નથી એવી પશુકામના જ અધિકારીનું વિશેષણ બનતી નથી. તે યજ્ઞકર્મ દ્વારા થતી પશુઓની સિદ્ધિને ન જાણનારનો તેમાં અધિકાર જ નથી એની સ્થાપના આગળ ઉપર કરીશું. કર્મના સ્વભાવની પર્યાલોચના દ્વારા જ આનન્તર્ય પણ જણાય છે, કારણ કે કર્મો બરાબર અનન્તર ફળ આપતાં દેખાય છે અને કહ્યું પણ છે, 'કર્મ (ક્રિયા) થતું હોય ત્યારે જ તે કર્મનું ફળ થવું જોઈએ; જે વખતે મર્દનક્રિયા થતી હોય છે તે વખતે જ મર્દનક્રિયાજન્ય સુખ થાય છે.' પશુઓના અભાવથી દુઃખી મનવાળાને જ ચિત્રાયજ્ઞકર્મ કરવાનો અધિકાર પ્રાપ્ત થાય છે—અલબત્ત જો તે તત્કાલ જ કર્મમાંથી ફળ પ્રાપ્ત કરતો હોય તો. કાલાન્તરે તો કર્મ નાશ પામી ગયું હોઈ ફળ ક્યાંથી થાય ? અને કહ્યું પણ છે, 'જ્યારે આ ક્રિયા વિદ્યમાન હતી ત્યારે ફળ ન આપ્યું; જ્યારે ફળ ઉત્પન્ન થાય છે ત્યારે તે નથી; અસ્તિત્વ ન ધરાવતી ક્રિયા કેવી રીતે ફળ આપશે ?'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વળી, કાલાન્તરે ઉત્પન્ન થતા ફળનું બીજું પ્રત્યક્ષ કારણ ઉપલબ્ધ થાય છે, સેવા વગેરે. તે દૃષ્ટ કારણ હોય તો કયો સૂક્ષ્મદૃષ્ટિવાળો અદૃષ્ટ ચિત્રાદિને કારણ તરીકે કલ્પે ? તેથી, ચિત્રાદિનો ઉપદેશ અસત્ય છે, કારણ કે પ્રત્યક્ષાદિ પ્રમાણથી જાણી શકાય એવી વસ્તુનો ઉપદેશ હોવા છતાં તે ઉપદેશનો, પ્રવિલંભક પુરુષના વાક્યની જેમ, તે પ્રમાણો સાથે સંવાદ નથી. ચિત્રાદિ વિશેના વેદવાક્યોનું ખોટાપણું આ પ્રમાણે દેખાતું હોઈ, અગ્નિહોત્ર વગેરે વિશેના વેદવાક્યોમાં પણ અશ્રદ્ધા જન્મે છે. અગ્નિહોત્રવિષયક વેદવિધિવાક્ય ખોટું છે કારણ કે તે વેદનો જ એક ભાગ છે, ચિત્રાદિવિષયક વેદના વિધિવાક્યની જેમ. તેથી, અહીં સંવાદ ન હોવાના કારણે અપ્રામાણ્ય છે. એવી જ રીતે 'પુત્રની કામનાવાળો પુત્રેષ્ટિ કરે' વગેરેમાં પણ આ પ્રમાણે અસંવાદ સમજવો જોઈએ,

177. विसम्वादोऽपि क्वचिद् दृश्यते । प्रमीते यजमाने पात्रचयाख्यं कर्मोपदिश्यैवमादिदेश वेदः 'स एष यज्ञायुधी यजमानोऽञ्जसा स्वर्गं लोकं याति' इति । तत्र 'एषः' इति तावदात्मनो निर्देशः क्लिष्ट एव परोक्षत्वात् , स्फ्यकपालादियज्ञायुधसम्बन्धाभावाच्च । कायस्तु 'एषः'पदेन निर्दिश्यते । स न स्वर्गं लोकं यातीति तद्विपरीतभस्मीभावोपलम्भादिति विसंवादः । एवं चासंवादविसंवादाभ्यामप्रमाणं वेदः ।

177. ક્યાંક વિસંવાદ (ઊલટું) પણ દેખાય છે. જ્યારે યજમાન મરી ગયો ત્યારે પાત્રચયન (=યજમાને વિવાહથી માંડી પ્રજ્વલિત રાખેલ અગ્નિવાળો ઘડો સ્મશાને લઈ જવા માટે લેવો તે) કર્મનો ઉપદેશ આપી વેદે આ પ્રમાણે આદેશ આપ્યો, 'આ તે યજમાન (જેણે અગ્નિહોત્રનો અગ્નિ પ્રજ્વલિત રાખ્યો છે તે) યજ્ઞનાં સાધનો સહિત સીધો સ્વર્ગલોકમાં જાય છે.' અહીં 'આ' (एषः) દ્વારા આત્માનો નિર્દેશ ક્લિષ્ટ છે કારણ કે આત્મા તો પરોક્ષ છે એટલે સ્ફ્ય, કપાલ, વગેરે યજ્ઞનાં સાધનો સાથે તેનો સંબંધ છે જ નહિ. તેનાથી (='આ' થી) શરીરનો નિર્દેશ થાય છે એમ જો કહેવામાં આવે તો [અમારે જણાવવું જોઈએ કે] શરીર તો સ્વર્ગલોકમાં જતું નથી, ઊલટું ભસ્મરૂપ અવસ્થાને પામે છે. તેથી [અહીં] વિસંવાદ છે. આમ અસંવાદ અને વિસંવાદને કારણે વેદ અપ્રમાણ છે. [અસંવાદમાં કહ્યા પ્રમાણે ફળ મળતું નથી જ્યારે વિસંવાદમાં કહ્યું હોય તેનાથી ઊલટું ફળ મળે છે.]

178. व्याघाताच्च । 'उदिते होतव्यम्' 'अनुदिते होतव्यम्' 'समयाध्युषिते होतव्यम्' इति होमकालत्रयमपि विधाय निन्दाऽर्थवादैः तदेव निषेधति, 'श्यामो वा अस्याहुतिमभ्यवहरति य उदिते जुहोति । शबलो वा अस्याहुतिमभ्यवहरति योऽनुदिते जुहोति । श्यामशबलावस्याहुतिमभ्यवहरतः, यः समयाध्युषिते जुहोति ।' न चार्थवादमात्रमेतदिति वक्तव्यम् । यतः—

विधानं कल्प्यते स्तुत्या निन्दया च निषेधनम् ।
विधिस्तुत्योः समा वृत्तिस्तथा निन्दानिषेधयोः ॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

न हि निन्दा निन्दितुमुपादीयते, किन्तु निन्दितादितरत् प्रशंसितुमित्ययमपि प्रकारोऽत्र न सम्भवति, कालत्रयस्याप्यत्र निषेधात् कस्यान्यस्य तन्निन्दया प्रशंसा विधीयते ? तस्मात् परस्परविरुद्धार्थोपदेशलक्षणाद् व्याघातादप्रमाणं वेदः ।

178. વ્યાઘાતને કારણે પણ [વેદ અપ્રમાણ છે]. 'સૂર્યોદયે હોમ કરવો' 'સૂર્યોદય ન થયો હોય ત્યારે હોમ કરવો' 'તારાઓ અને સૂર્ય ન દેખાતા હોય ત્યારે હોમ કરવો' એમ હોમ કરવાના ત્રણ કાળનું વિધાન કર્યા પછી નિન્દારૂપ અર્થવાદો દ્વારા તે વેદ જ તે ત્રણ કાળનો નિષેધ કરે છે-'જે સૂર્યોદયે હોમ કરે છે તેની આહુતિને કાળિયો (કૂતરો) ખાય છે. સૂર્યોદય ન થયો હોય ત્યારે જે હોમ કરે છે તેની આહુતિને કાબરો (કૂતરો) ખાય છે. તારાઓ અને સૂર્ય ન દેખાતા હોય ત્યારે જે હોમ કરે છે તેની આહુતિને કાળિયો અને કાબરો ખાય છે.' આ કેવળ અર્થવાદ છે (અર્થાત્ તેનો કોઈ અર્થ નથી) એમ કહેવું ન જોઈએ, કારણ કે સ્તુતિ ઉપરથી વિધાનની કલ્પના થાય છે અને નિન્દા ઉપરથી નિષેધની કલ્પના થાય છે. વિધિ અને સ્તુતિનો વ્યાપાર સમાન છે, જ્યારે નિન્દા અને નિષેધનો વ્યાપાર સમાન છે. નિન્દ્ય વસ્તુની નિન્દા કરવા જ નિન્દાનો આશરો લેવાતો નથી પરંતુ નિન્દિત વસ્તુથી ઇતર વસ્તુની પ્રશંસા માટે પણ તેનો આશરો લેવામાં આવે છે; આ પ્રકાર પણ અહીં સંભવતો નથી. ત્રણેય કાળનો અહીં નિષેધ હોઈ કયા અન્ય કાળની પ્રશંસા તેમની નિન્દા દ્વારા કરાઈ છે ? તેથી, પરસ્પરવિરોધ જેનું લક્ષણ છે એવા વ્યાઘાતથી વેદ અપ્રમાણ છે.

179. पौनरुक्त्याच्च । 'त्रिः प्रथमामन्वाह त्रिरुत्तमाम्' इत्यभ्यासचोदनायां प्रथमोत्तमयोः सामिधेन्योस्त्रिर्वचनात् पौनरुक्त्यम् । सकृदनुवचनेन तत्प्रयोजनसम्पत्तेः अनर्थकं त्रिर्वचनम् ।

179. પુનરુક્તિને કારણે પણ [વેદ અપ્રમાણ છે.] 'પ્રથમ ઋચા ત્રણ વાર બોલવી, છેલ્લી ઋચા ત્રણ વાર બોલવી' એમ અભ્યાસવિષયક વેદવિધાનમાં સામિધેની સૂક્તની પ્રથમ અને અન્તિમ એ બે ઋચાઓને ત્રણ વાર બોલવાનું કહ્યું હોઈ પુનરુક્તિ છે. એક વાર બોલવાથી પ્રયોજન પાર પડતું હોઈ, ત્રણ વાર બોલવું અનર્થક (=નિરર્થક) છે.

180. तस्मादित्थमनृतव्याघातपुनरुक्तदोषकलुषितत्वादप्रमाणं वेदः । तदाह सूत्रकारः 'तदप्रामाण्यमनृतव्याघातपुनरुक्तदोषेभ्यः पुत्रकामेष्टिहवनाभ्यासेषु' इति [ न्यायसू० २.१.५६ ] ।

180. નિષ્કર્ષ એ કે આમ અનૃતદોષ, વ્યાઘાતદોષ અને પુનરુક્તિદોષથી કલુષિત હોવાને કારણે વેદ અપ્રમાણ છે. તેથી સૂત્રકાર ગૌતમ કહે છે, "પુત્રકામેષ્ટિ, હવન અને અભ્યાસને લગતાં વેદવચનોમાં અનૃતદોષ, વ્યાઘાતદોષ અને પુનરુક્તિદોષ હોવાને કારણે વેદ અપ્રમાણ છે."

181. अत्र समाधिमाह 'न कर्मकर्तृसाधनवैगुण्यात्' इति [न्यायसू० २. १.५७] । **अयमाशयः**—अप्रामाण्यसाधनमनृतत्वं परैरुक्तम् । अनृतत्वे च **साधनं**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

फलादर्शनम् । एतच्चानैकान्तिकम्, अन्यथाऽपि फलादर्शनोपपत्तेः । किं वेदस्यासत्यार्थत्वादत्र फलादर्शनम् उत कर्त्रादिवैगुण्यादिति न विशेषहेतुरस्ति ।

181. અહીં શંકાનું સમાધાન કરતાં સૂત્રકાર ગોતમ કહે છે, 'ના, [વેદ અપ્રમાણ નથી] કારણ કે [તમે જે દોષો દર્શાવ્યા છે તેનું કારણ અપ્રમાણ્ય નથી પણ] યજ્ઞક્રિયાને અનુલક્ષી ક્રિયા કરનાર,- ક્રિયા પોતે અને ક્રિયાના સાધનમાં રહેલું અધુરાપણું (=વિકલતા) એનું કારણ છે.' આ આશય છે—વિરોધીઓએ અનૃતત્વને અપ્રમાણ્યનો હેતુ કહ્યો છે અને અનૃતત્વમાં હેતુ છે ફળનું અદર્શન. અને આ [ફલાદર્શન] તો અનૈકાન્તિક હેતુ છે કારણ કે [અનૃતત્વ વિના] બીજી રીતેય ફલાદર્શન ઘટે છે. શું ફલાદર્શન વેદના અસત્યાર્થત્વને કારણે છે કે કર્તા વગેરેના વૈકલ્યને કારણે છે? આમ ફલાદર્શન એ વિશેષ હેતુ નથી [પરંતુ અનૈકાન્તિક હેતુ છે.]

182. ननु न कदाचिदपि कर्मसमनन्तरमेव फलमुपलब्धमिति तदनृतत्वमेव तददर्शनकारणं, न कारकवैगुण्यमिति । तदयुक्तम्, अविगुणायां कारीर्यां प्रयुक्तायां सद्य एव वृष्टेर्दर्शनात् । न च तत् काकतालीयम्, आगमेनान्वयव्यतिरेकाभ्यां च तत्कारणत्वदर्शनात् । पुत्रादिस्त्वैहिकमपि फलं वस्तुस्वभावपर्यालोचनयैव न सद्यो भवितुमर्हति । न हि नभसस्तदानीमेव वृष्टिरिव निपतति पुत्रः, स्त्रीपुंसयोगकारणान्तरसव्यपेक्षत्वात् तदुत्पत्तेः । पश्वादिप्राप्तिस्तु कस्यचित् अदूरकालेऽपि दृश्यते प्रतिग्रहादिना । तथा ह्यस्मत्पितामह एव ग्रामकामः सांग्रहणीं कृतवान् । स इष्टिसमाप्तिसमनन्तरमेव गौरमूलकं ग्राममवाप ।

182. શંકા-ક્યારેય યજ્ઞકર્મ પછી તરત જ ફળ ઉપલબ્ધ થતું નથી, એટલે વેદનું અસત્યાર્થત્વ જ ફળના અદર્શનનું કારણ છે અને નહિ કે કારકોની વિકલતા.

ઉત્તર—આમ કહેવું યોગ્ય નથી, કારણ કે અવિકલકારીરી યજ્ઞનો પ્રયોગ કરાતાં તરત જ વૃષ્ટિનું દર્શન થાય છે; અને તે 'કાગનું બેસવું અને ડાળનું ભાંગવું' નથી, કારણ કે આગમ દ્વારા અને અન્વય-વ્યતિરેક દ્વારા વૃષ્ટિમાં કારીરીયજ્ઞની કારણતા દેખાય છે. પુત્ર વગેરે ફળો ઐહિક હોવા છતાં તેમના વસ્તુસ્વભાવના વિચારથી જ લાગે છે કે તે ફળો તરત જ થવાને લાયક નથી. વૃષ્ટિની જેમ પુત્ર આકાશમાંથી તત્કાળ પડતો નથી, કારણ કે સ્ત્રીપુરુષના સંયોગરૂપ અન્ય કારણની અપેક્ષા તેની ઉત્પત્તિ માટે છે. પશુ વગેરેની પ્રાપ્તિ તો કોઈને તરત પણ થતી દેખાય છે, બક્ષિસ વગેરે દ્વારા. ઉદાહરણાર્થ, ગામધણી થવાની ઇચ્છાવાળા અમારા દાદાએ સાંગ્રહણીયજ્ઞ કર્યો અને યજ્ઞ પછી તરત જ તેમને ગૌરમૂલક ગામ [બક્ષિસમાં] મળ્યું.

183. नन्वेवं तर्हि प्रतिग्रहाद्येव दृष्टं कारणमस्तु पश्वादेः, पुत्रस्य च स्त्रीपुंसयोगः, किमिष्टेः कारणत्वकल्पनयेति । मैवं वोचः, सत्स्वपि च दृष्टेषु कारणेषु

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तद्दर्शनाद्, इष्टिप्रयोगानन्तरं चैतद्दर्शनादिष्टिकृतं स्त्रीपुंसयोगादिकारणत्वमिति निश्चीयते । किञ्च—

सेवाध्ययनकृष्यादिसाम्येऽपि फलभेदतः ।
वक्तुं न युक्ता तत्प्राप्तिर्दृष्टकारणमात्रजा ॥
भूतस्वभाववादादि पुरस्तात् प्रतिषिध्यते ।
तस्मान्नूनमुपेतव्यमत्रान्यदपि कारणम् ॥

तदुक्तम् 'तच्चैव हि कारणं शब्दश्च' इति [शा० भा० १.१.५] । यत्र पुनरविगुणेऽपि कर्मणि प्रयुज्यमाने कालान्तरेऽपि पुत्रपश्वादिफलं न दृश्यते, तत्र तीव्रं किमपि प्राक्तनं कर्म प्रतिबन्धकं कल्पनीयम् । यथोक्तम्—

फलति यदि न सर्वं तत् कदाचित् तदेव ।
ध्रुवमपरमभुक्तं कर्म शास्त्रीयमास्ते ॥ [श्लो०वा०चित्राक्षेपपरि० २६] इति ।

कर्मादिवैगुण्यग्रहणमुपलक्षणार्थमृषिणा प्रयुक्तम् । न तु वेदस्याप्रामाण्यकल्पना साध्वी, साद्गुण्ये कर्मणः प्राचुर्येण फलदर्शनात् ।

**183.** શંકા—જો એમ હોય તો પશુ વગેરેની પ્રાપ્તિનું બક્ષિસ વગેરે દૃષ્ટ કારણ જ હો, અને પુત્રપ્રાપ્તિનું સ્ત્રી–પુરુષસંયોગ દૃષ્ટ કારણ હો; યજ્ઞને તેમના કારણ તરીકે કલ્પવાની શી જરૂર છે?

ઉત્તર—આવું ન કહો. તે દૃષ્ટ કારણો હોવા છતાં તે ફળો થતાં દેખાતાં નથી પણ યજ્ઞ પછી એ ફળો દેખાય છે એ ઉપરથી નિશ્ચિત થાય છે કે યજ્ઞ પછી કરાયેલ સ્ત્રીપુરુષસંયોગ વગેરેની [પુત્રાદિમાં] કારણતા છે. વળી, [ભિન્ન ભિન્ન વ્યક્તિઓએ કરેલ] ગુરુસેવા, અધ્યયન, ખેડ વગેરે સરખાં હોવા છતાં તેમનાં ફળોની બાબતમાં ભેદ હોઈ તે ફળોની પ્રાપ્તિ કેવળ દૃષ્ટકારણજન્ય છે એમ કહેવું યોગ્ય નથી. ભૂતસ્વભાવવાદ વગેરેનો પ્રતિષેધ આગળ ઉપર કરીશું. તેથી ખરેખર અહીં બીજું [અદૃષ્ટ] કારણ પણ સ્વીકારવું જોઈએ. તેથી જ કહ્યું છે કે "ત્યાં (અર્થાત્ કાલાન્તરે થતાં પશુ વગેરે ફળોની બાબતમાં) તે [અદૃષ્ટરૂપ કારણ] હોય છે જ અને શબ્દ (અર્થાત્ વેદવિધિ > વેદવિહિત યજ્ઞકર્મ) પણ કારણ છે." [કોઈ અદૃષ્ટરૂપ કારણ તરીકે ઈશ્વરેચ્છાને માની વેદવિહિત કર્મને સ્વીકારવાનો ઈનકાર કરે તો તેના પ્રતિકાર માટે કહ્યું છે કે શબ્દ > વેદવિધિ > વેદવિહિત યજ્ઞકર્મ પણ કારણ છે. તેથી નિષ્કર્ષ એ નીકળે છે કે ચિત્રાદિયજ્ઞકર્મજન્ય અદૃષ્ટ જ કાલાન્તરે જન્મતાં ફળનું કારણ છે.] વળી, જ્યાં અવિકલ અર્થાત્ પૂર્ણ યજ્ઞકર્મનો પ્રયોગ થયો હોવા છતાં કાલાન્તરેય પુત્ર, પશુ વગેરે ફળો ન દેખાય ત્યાં કોઈ પ્રાક્તન તીવ્ર કર્મને પ્રતિબંધક કલ્પવું જોઈએ; જેમકે કહેવામાં આવ્યું છે કે જો કોઈવાર સંપૂર્ણ યજ્ઞકર્મ ફળ આપતું ન હોય તો [તેમાં પ્રતિબંધક તરીકે] ન ભોગવાયેલું એવું બીજું શાસ્ત્રીય કર્મ ચોક્કસપણે હોય છે જ. કર્મ વગેરેના વૈગુણ્યનો સ્વીકાર ઋષિઓએ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કેવળ ઉપલક્ષણાર્થે કર્યો છે (અર્થાત્ વેદનું પ્રામાણ્ય છે જ એ સૂચવવા કર્યો છે.) વેદના અપ્રામાણ્યની કલ્પના સારી નથી, કારણ કે કર્મનું સાદ્‌ગુણ્ય હોતાં પ્રચુરપણે ફળ દેખાય છે.

184. अपि च चित्रातः पशवो भवन्तीत्येतावानेव शास्त्रार्थः । आनन्तर्ये तु न किञ्चित् प्रमाणमस्ति । अयं तु प्रत्यक्षादिविसंवाद आनन्तर्यविषयः । चित्रादिचोदना त्वनिर्दिष्टकालविशेषविषयेति विषयभेदान्न सा तेन बाध्यते । तदाह भट्टः—

आनन्तर्यविसंवादो नाविशेषप्रवर्तिनीम् ।
चोदनां बाधितुं शक्तः स्फुटाद्विषयभेदतः ।। इति [चित्राक्षेपपरि० श्लो० ४]

यत्तु कर्मस्वभावपर्यालोचनया चित्रादेरनन्तरफलत्वमुक्तम् यत्कालं हि मर्दनं तत्कालं मर्दनसुखमिति तदेतदत्यन्तमनभिज्ञस्याभिधानम् , विधिफलानां क्रियाफलतुल्यत्वानुपपत्तेः । इह किञ्चिद्विधिफलं भवति, किञ्चित् क्रियाफलम् । कृष्यादौ तु भूमिपाटनादि क्रियाफलं, सस्यसम्पत्तिस्तु विधिफलम् । कः पुनः कृष्यादौ विधिः ? अस्ति वार्ताविद्यायां, वृद्धोपदेशो वा कश्चिद्विधिः । अन्वयव्यतिरेकौ वा तत्र विधिस्थानीयौ भविष्यतः । लोकेऽपि च 'वेतनकामः पचति' इत्यादौ पाकक्रियाफलमोदनः, विधिफलं तु वेतनम् । तत्र क्रियाफलानामेवैषनियमो यत् क्रियानन्तरभावित्वम् । विधिफलानां तु वेतनादीनां नास्ति कालनियमः । इष्टावपि हविर्विकारादि क्रियाफलं सद्यो भवति, पशुपुत्रादि तु विधिफलम् अनवच्छिन्नकालम् । अत एव मर्दनसुखं क्रियाफलमिति सद्यो भवति, मुदूनतस्तु पुसः सेवाफलमनियतफलम् ।

ग्रामकामो महीपालं सेवेतेत्येवमादिषु ।
लौकिकेषु विधिष्वस्ति न कालनियमः फले ।।

आयुर्वेदोपदिष्टानामप्यौषधविधीनां न क्रियावत् सद्य एव फलदर्शनम् , अपि तु कालापेक्षमेवेति न फलानन्तर्ये किञ्चित् प्रमाणम् ।

184. ઉપરાંત, ચિત્રાયજ્ઞથી પશુઓ [પ્રાપ્ત] થાય છે એટલો જ શાસ્ત્રનો અર્થ છે. આનન્તર્યની બાબતમાં તો કંઈ પ્રમાણ નથી. પણ પ્રત્યક્ષ આદિ સાથેનો આ વિસંવાદ તો આનન્તર્યવિષયક વિસંવાદ છે. ચિત્રા વગેરે વેદવિધિનો વિષય તો અનિર્દિષ્ટકાલવિશેષ છે, એટલે એનાથી જુદા [અનન્તરકાલવિશેષરૂપ] વિષયવાળા વિસંવાદથી તેનો બાધ થાય નહિ. તેથી જ કુમારિલ ભટ્ટ કહે છે કે અવિશેષકાલવિષયક વેદવિધિનો બાધ કરવા અનન્તરકાલવિષયક વિસંવાદ સમર્થ નથી કારણ કે સ્પષ્ટપણે તેમના વિષયો જુદા છે. જેમ જે વખતે માલિસ કરાવીએ છીએ તે વખતે જ માલિસનું સુખ પ્રાપ્ત થાય છે તેમ ચિત્રાદિ યજ્ઞકર્મનું ફળ પણ તરત જ મળે છે એમ જે કર્મના સ્વભાવની પર્યાલોચનાને આધારે કહેવાયું છે તે અત્યન્ત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અજ્ઞાનીનું વચન છે, કારણ કે વિધિનાં ફળોની ક્રિયાનાં ફળો સાથે સમાનતા ઘટતી નથી. અહીં જગતમાં કોઈક ફળ વિધિનું હોય છે અને કોઈક ફળ ક્રિયાનું હોય છે. કૃષિ વગેરેમાં જમીનનું તૂટવું વગેરે ક્રિયાફળ છે પરંતુ પાકની સમૃદ્ધિ એ વિધિફળ છે. કૃષિ વગેરેમાં વળી કયો વિધિ છે ? કૃષિશાસ્ત્ર(=વાર્તાવિદ્યા)માં તે વિધિ છે, અથવા વૃદ્ધોપદેશ તે વિધિ છે. અથવા અન્વય–વ્યતિરેક ત્યાં વિધિસ્થાનીય બનશે. જગતમાં પણ, 'વેતનની કામનાવાળો રાંધે છે' વગેરેમાં રાંધણક્રિયાનું ફળ ભાત (=ચડેલા ચોખા) છે, વિધિનું ફળ વેતન છે. તેમાં ક્રિયાનાં ફળોની બાબતમાં જ આ નિયમ છે કે ફળ ક્રિયા પછી તરત જ ઉત્પન્ન થાય છે. પરંતુ વિધિના વેતન વગેરે ફળોની બાબતમાં કાળનો નિયમ નથી. યજ્ઞમાં પણ હવિર્વિકાર વગેરે ક્રિયાફળો તરત જ થાય છે, પરંતુ પશુ, પુત્ર, વગેરે વિધિફળો અમુક નિયત કાળે થતા નથી. તેથી જ, મર્દનસુખ ક્રિયાફળ છે એટલે તરત જ થાય છે; પરંતુ મર્દન કરનાર પુરુષને સેવાનું ફળ નિયત કાળે મળે એવું નથી. 'ગામધણી થવા ઇચ્છતો માણસ રાજાની સેવા કરે' એવી લૌકિક વિધિઓની બાબતમાં [પણ] વિધિફળ વિશે કોઈ કાલનિયમ નથી. આયુર્વેદમાં ઉપદિષ્ટ ઔષધની વિધિઓનાં ફળ પણ ક્રિયાનાં ફળોની જેમ સદ્ય ઉત્પન્ન થતાં દેખાતાં નથી, પરંતુ કાળની અપેક્ષા રાખે છે જ. તેથી વિધિના ફળના આનન્તર્યની બાબતમાં કંઈ પ્રમાણ નથી.

185. यत्तु पशुविरहकृतकदशनादिदोदूयमानाधिकारिस्वरूपपर्यालोचनया सद्य:फलत्वमुच्यते तदपि न साम्प्रतम्, पुरुषेच्छामात्रमेतत् न प्रमाणवृत्तम् ।

अपि चैहिकत्वं फलस्य तावता सेत्स्यति, न पुनः क्रियाफलवत् सद्यस्त्वम् । सन्ति चैहिकफलान्यपि कालान्तरसव्यपेक्षाणि कर्माणि । यथा 'ब्रह्मवर्चसकामस्य कार्यं विप्रस्य पञ्चमे' इति । न तत्र पंचमवर्षे उपनीतमात्र एव माणवको ब्रह्मवर्चससम्पन्नो भवति, कालान्तरे तु भवतीति । एवं वीर्यकामादिष्वपि द्रष्टव्यम् । तस्माद्विधिफलानामानन्तर्यनियमाभावान्न तद्विसंवादो दोषाय । कालान्तरेऽपि यत्र फलादर्शनं, तत्र क्रियावैगुण्यकर्मान्तरप्रतिबन्धादि कारणमित्युक्तम् ।

185. પશુના અભાવને લીધે ખરાબ ખોરાક ખાવો પડતો હોવાથી દુઃખ અનુભવતા અધિકારી પુરુષના સ્વરૂપની પર્યાલોચનાને આધારે વિધિનું સદ્યફલત્વ જે કહેવાયું છે તે પણ બરાબર નથી કારણ કે તે પુરુષેચ્છામાત્ર છે, તે કોઈ પ્રમાણવ્યાપારથી સિદ્ધ નથી. તેટલાથી તો (અર્થાત્ પુરુષેચ્છામાત્રથી તો) આ જન્મમાં વિધિનું ફળ સિદ્ધ થઈ શકશે, પણ ક્રિયાના ફળની જેમ તેની તત્કાલોત્પત્તિ થઈ શકશે નહિ. આ જન્મમાં ફળનારાં કર્મો પણ કાલાન્તરની અપેક્ષા રાખે છે, અર્થાત્ તત્કાળ ફળતાં નથી; જેમ કે 'બ્રહ્મવર્ચસ્‌ની કામનાવાળા વિપ્રને પાંચમા [વર્ષમાં] ઉપનયનસંસ્કાર કરવો જોઈએ.' ત્યાં પાંચમા વર્ષે ઉપનયનસંસ્કાર કરવા માત્રથી તરત જ બટુક બ્રહ્મવર્ચસ્‌થી સંપન્ન બની જતો નથી પરંતુ કાલાન્તરે બને છે. વીર્યની કામના વગેરે માટે કરવાના કર્મોની બાબતમાં પણ આમ જ સમજવું જોઈએ. તેથી વિધિનાં ફળોમાં આનન્તર્યનો નિયમ ન હોઈ, તેનો વિસંવાદ દોષ માટે નથી. કાલાન્તરે પણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્યાં ફળ ન દેખાય ત્યાં ક્રિયાવૈગુણ્ય કે કર્માન્તરપ્રતિબંધ વગેરે તેનું કારણ છે એમ કહેવાયું છે.

186. अन्ये कर्त्रादिवैगुण्यकल्पनाननुमोदिनः ।
इहाफलस्य चित्रादेः फलमामुत्रिकं जगुः ॥

सर्वाङ्गोपसंहारेण काम्यकर्मप्रयोगात् कोऽवसरः कर्मवैगुण्यकल्पनायाम् ? जन्मान्तरे तु तत्फलमिति युक्ता कल्पना ।

186. બીજા જેઓ કર્તા વગેરેના વૈગુણ્યની કલ્પનાને અનુમોદન નથી આપતા તેઓએ કહ્યું છે કે ચિત્રાયજ્ઞ વગેરે જે કર્મનાં ફળો ઇહલોકમાં નથી મળતાં તેમનાં ફળો પરલોકમાં મળે છે. બધાં જ અંગો એકઠાં કરી કામ્ય કર્મનો પ્રયોગ કરાતો હોવાથી કર્મવૈગુણ્યની કલ્પનાને અવસર જ ક્યાં છે? જન્માન્તરમાં તેનું ફળ મળે છે એ કલ્પના યોગ્ય છે.

187. तथा च त्रिविधं कर्म—किञ्चिदैहिकफलमेव किञ्चिदामुष्मिकफलमेव किञ्चिदनियतफलमेव इहामुत्र वा तत्फलप्रदम् इति कल्पना । तत्र कारीर्यादि तावदैहिकफलमेव । तद्धि सकलजनपदसन्तापकारिणि महत्यवग्रहे प्रस्तूयते । वृष्टिलक्षणं च तत्फलं स्वभावत एव सकललोकसाधारणम् आसन्नतयैव तदभिलषणीयमिति सद्य एव भवितुमर्हति । वचनानि च तत्र तादृश्येव दृश्यन्ते 'यदि वर्षेत् तावत्येवेष्टिं समापयेत्, यदि न वर्षेत् श्वोभूते जुहुयात्' इति । आमुष्मिकफलं तु कर्म ज्योतिष्टोमादि फलस्वभावमहिम्नैव पारलौकिकफलं भवति ।

स्वर्गो निरुपमा प्रीतिर्देशो वा तद्विशेषणः ।
भोक्तुं नोभयथाऽप्येष देहेनानेन शक्यते ॥

चित्रादि त्वनियतफलं कर्म, तत्फलस्य पश्चादेरिह वा परत्र वा लोके सम्भवात् । अवश्यं चैतदेवं विज्ञेयम् । तथा ह्यकृतचित्रायागानामपि इह जन्मनि पशवो दृश्यन्ते । ते परिदृश्यमानसेवाप्रतिग्रहादिकारणका एवेति कथ्यमाने कर्मनिमित्तत्वहानेः बृहस्पतिमतानुप्रवेशप्रसङ्गः । कर्मनिमित्तकत्वे तु तेषां पशूनामुत्पादकं किं कर्मेति निरूपणीयम् । न हि ब्रह्मवर्चसादिफलात् कर्मणः पशवो निष्पद्यन्ते । चित्रा च पशुफला इह जन्मनि तैर्न कृतैव । पूर्वजन्मकृता तु तस्मिन्नेव जन्मनि फलं दत्तवतीति नियतैहिकफलाभ्युपगमादिति कुतः पशुसंपत् ?

187. અને આમ કર્મના ત્રણ પ્રકારો છે—(૧) કેટલાંક કર્મો જેમનું ફળ આ જન્મમાં જ મળે છે. [યોગભાષ્ય ૨.૧૨માં નિર્દિષ્ટ દૃષ્ટજન્મવેદનીય કર્મ અને અભિધર્મકોશભાષ્યનિર્દિષ્ટ દૃષ્ટધર્મવેદનીય કર્મ અને દસકાલિયસુત્ત–અગસ્ત્યસિંહચૂર્ણિ (પૃ. ૫૭) માં નિર્દિષ્ટ ઇહલોકવેદનીય કર્મ સાથે સરખાવો.] (૨) કેટલાંક કર્મો જેમનું ફળ જન્માન્તરમાં જ મળે છે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[ઉપર જણાવેલા ત્રણેય ગ્રંથોમાં અનુક્રમે નિર્દિષ્ટ અદૃષ્ટજન્મવેદનીય, ઉપપદ્યવેદનીય–અપરપર્યાય-વેદનીય અને પરલોકવેદનીય કર્મ સાથે સરખાવો.] (૩) કેટલાંક કર્મો જેમનું ફળ ક્યારે—આ જન્મમાં કે જન્માન્તરમાં–મળશે એ નિયત નથી. આ પ્રમાણે કલ્પના છે. તેમાં કારીરી આદિ કર્મોનું ફળ આ જન્મમાં જ મળે છે. સકળ લોકને સંતાપ કરનારો મહાન દુકાળ શરૂ થયો હોય ત્યારે કારીરીયજ્ઞ કરવામાં આવે છે. વૃષ્ટિરૂપ તેનું ફળ સ્વભાવથી જ સર્વલોકસાધારણ છે, તરત જ વૃષ્ટિ થાય એ ઇચ્છનીય હોઈ વૃષ્ટિ તરત જ થાય એ યોગ્ય છે. તેવાં જ વચનો વેદમાં દેખાય છે—'જો વરસાદ આવે તો તેટલાથી જ [અર્થાત્ વરસાદથી જ] યજ્ઞની સમાપ્તિ થાય. જો વરસાદ ન આવે તો બીજા દિવસે આહુતિ આપવી.' જ્યોતિષ્ટોમ વગેરે કર્મ જન્માન્તરમાં ફળ આપે છે કારણ કે તેમના ફળના સ્વભાવનો મહિમા જ એવો છે કે તેમનું ફળ પરલોકમાં જ થાય. સ્વર્ગ એ અનુપમ સુખ છે કાં તો આવા સુખોવાળું સ્થાન છે. આ દેહથી સ્વર્ગના એમાંથી કોઈ પણ રૂપને ભોગવવું શક્ય નથી. ચિત્રા વગેરે યજ્ઞકર્મનું ફળ અનિયતકાલીન છે, કારણ કે તેમનાં ફળ પશુ વગેરે ઇહલોકમાં કે પરલોકમાં સંભવે છે. આને અવશ્ય-પણે આમ સમજવું જોઈએ. તે આ પ્રમાણે—જેમણે ચિત્રાયજ્ઞ કર્યો નથી તેમની પાસે પણ આ જન્મમાં પશુઓ દેખાય છે. સેવા, ભેટ, વગેરે દેખાતાં કારણો જ તેમનાં કારણો છે એમ કહેતાં તેમના નિમિત્તકારણરૂપ પ્રાચીન કર્મની હાનિ થાય અને પરિણામે ચાર્વાકમતમાં પ્રવેશની આપત્તિ આવી પડે. પશુ વગેરેનું નિમિત્તકારણ કર્મ હોય તો કયું કર્મ તેમનું નિમિત્તકારણ છે જે તેમને ઉત્પન્ન કરે છે એ જણાવવું જોઈએ, કારણ કે બ્રહ્મવર્ચસ્ વગેરે જેમનું ફળ છે એ કર્મમાંથી પશુઓ ઉત્પન્ન થતાં નથી. અને જેનું ફળ પશુઓ છે તે ચિત્રાકર્મને તો તેમણે આ જન્મમાં કર્યું જ નથી. પૂર્વજન્મમાં કરેલ ચિત્રાકર્મે તો તે જ જન્મમાં તેનું ફળ આપી દીધું છે કારણ કે ચિત્રાકર્મને ઇહલોકમાં (આ જન્મમાં) જ ફળ આપતું તમે સ્વીકાર્યું છે. તો પછી તેમને પશુસંપત્તિ ક્યાંથી ?

188. ननु गौतमवचनप्रामाण्यात् पूर्वकृतभुक्तशिष्टज्योतिष्टोमादिकर्मनिमित्तकः स पशुलाभो भविष्यति । यथोक्तम् 'वर्णा आश्रमाश्च स्वकर्मनिष्ठाः प्रेत्य कर्मफलमनुभूय पतन्तः ततश्शेषेण विशिष्टदेशश्रुतवृत्तवित्तादियुक्तं जन्म प्रतिपद्यन्ते' [गौ० ध० सू० ११.३१] इति ।

188. કોઈ કહે છે –[ગૌતમધર્મસૂત્રના કર્તા] ગૌતમનું વચન આમાં પ્રમાણ હોઈ, પહેલાં કરેલાં જ્યોતિષ્ટોમ વગેરે કર્મોને [પછીના જન્મમાં] ભોગવ્યા પછી બાકી રહેલાં તે કર્મોરૂપ નિમિત્તકારણથી તે પશુપ્રાપ્તિ [જન્માન્તરમાં] થશે; જેમકે ગૌતમધર્મસૂત્રમાં કહ્યું છે, "વર્ણો અને આશ્રમોમાં રહેલાઓ પોતપોતાના વર્ણ-આશ્રમને અનુરૂપ કર્મો નિષ્ઠાપૂર્વક કરે છે, તેઓ મરીને પોતાનાં કર્મોનાં ફળો ભોગવીને પૃથ્વી પર પાછા અવતરતાં તે કર્મોમાંથી બાકી રહેલાં કર્મોને કારણે વિશિષ્ટ દેશ, શ્રુત, આચાર વગેરેથી યુક્ત એવો જન્મ પામે છે."

189. नैतद्यथाश्रुतं बोद्धुं युक्तम्—

न ह्यन्यफलकं कर्म दातुमीष्टे फलान्तरम् ।
साध्यसाधनभावो हि नियतः फलकर्मणाम् ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तस्मात् समूहापेक्षा शेषवाचोयुक्तिर्व्याख्येया—बहूनि हि कर्माणि वर्गा आश्रमाश्च कृतवन्तः, ततः कर्मसमूहाज्ज्योतिष्टोमादिफलं प्रेत्यानुभूयते । ततः शेषेण चित्रादिना कर्मणा विशिष्टं जन्म प्रतिपद्यन्ते इत्यर्थः । तस्मात् पूर्वजन्मकृतचित्रादिनिबन्धन इह जन्मनि पशुलाभः, नाकर्मनिमित्तकः, नान्यकर्मनिमित्तक इत्येवमनियतफलत्वाच्चित्रादेरिह जन्मनि फलादर्शनेऽपि नानृतत्वं तच्चोदनानां, जन्मान्तरे हि ता इष्टयः फलं दास्यन्तीति ।

189. [આની સામે બીજો કોઈ કહે છે—] આને શબ્દશઃ વાચ્યાર્થમાં સમજવું યોગ્ય નથી. જે કર્મનું અમુક જ [પોતાને અનુરૂપ] ફળ હોય છે તે કર્મ બીજું ફળ આપે એ ઇચ્છવામાં આવ્યું નથી, કારણ કે કર્મો અને તેમનાં ફળો વચ્ચેનો સાધ્યસાધનભાવ નિયત છે. તેથી કર્મસમૂહને અનુલક્ષી કર્મશેષની જે વાત કરવામાં આવી છે એની વ્યાખ્યા આ પ્રમાણે કરવી—વર્ણો અને આશ્રમોમાં રહેલાઓએ ઘણાં બધાં કર્મો કરેલાં હોય છે. તે કર્મસમૂહમાંથી જ્યોતિષ્ટોમ આદિ કર્મોનું ફળ તો જન્માન્તરમાં અનુભવાય છે અને પછી બાકી રહેલાં [અર્થાત્ જે અનિયત કાળે આ જન્મમાં કે જન્માન્તરમાં- ફળ આપે છે એવાં કર્મોમાંથી જેમણે આ જન્મમાં ફળ નથી આપ્યાં એવાં] ચિત્રા વગેરે કર્મોને લીધે તેઓ વિશિષ્ટ જન્મ પામે છે એવો અર્થ છે. તેથી, પૂર્વજન્મમાં કરેલાં ચિત્રા વગેરે કર્મોને કારણે આ જન્મમાં પશુલાભ થાય છે, કર્મ કર્યા વિના થતો નથી કે બીજાં કર્મોને કારણે થતો નથી. આમ ચિત્રા વગેરે કર્મો અનિયત કાળે ફળતાં હોઈ, ચિત્રાદિ કર્મનું ફળ આ જન્મમાં ન દેખાતું હોય તો પણ 'ચિત્રાકર્મનું ફળ પશુલાભ છે' એવાં વૈદિક વિધિવાક્યો અસત્યાર્થ નથી, કારણ કે તે યજ્ઞો જન્માન્તરમાં ફળ આપશે.

190. अत्रोच्यते । किं वाचनिकमेतत् कर्मणां त्रैविध्यम् अथ विधिवृत्तपरीक्षागम्यम् आहो फलस्वरूपपर्यालोचनया लभ्यम् उत पुरुषेच्छाधीनमिति ? तत्र वचनं तावत् त्रिविधविभागप्रतिपादकं नास्ति, 'कारीरीं निर्वपेद् वृष्टिकामः' 'ज्योतिष्टोमेन स्वर्गकामो यजेत' 'चित्रया पशुकामः' इत्येतावन्मात्रश्रवणम् । न ह्यत्रैहिकत्वं पारलौकिकत्वमनियतत्वं वा फलस्य कचित् पठितम् । विधिवृत्तमपीयदेव यत् सप्रत्ययप्रवर्तनं नाम । तत्रेदमेवंकामेन कर्तव्यमित्येतावान् लिङर्थः । अपुरुषार्थरूपे तु व्यापारे प्रवर्तकत्वलक्षणस्वंव्यापारनिर्वहणमनविगच्छन्विधिरधिकारिविशेषणस्य कामस्य, काम्यमानस्य स्वर्गादेर्भावार्थस्य च यागादेः साध्यसाधनसम्बन्धमेवावबोधयति, न काम्यमानस्य सद्यः कालान्तरे वा निष्पत्तिमाक्षिपतीति । फलस्वरूपपर्यालोचनया तु सत्यं स्वर्गस्य पारलौकिकत्वम् अवगम्यते, न तु पश्वादेरनियमः । पुरुषेच्छा तु पुरुषेच्छैव, न तया शास्त्रार्थो व्यवस्थापयितुं शक्यः । तस्मान्निष्प्रमाणकं त्रैविध्यम् ।

१३

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

190. અહીં અમે નૈયાયિકો કહીએ છીએ—શું કર્મની ત્રિવિધતા વેદોક્ત છે કે વિધિના વ્યાપારની પરીક્ષા દ્વારા ગમ્ય છે કે ફળના સ્વરૂપની પર્યાલોચના દ્વારા લભ્ય છે કે પછી માત્ર પુરુષેચ્છાને અધીન છે ? ત્યાં વેદમાં તો ત્રિવિધ વિભાગનું પ્રતિપાદક કોઈ વચન નથી. 'વરસાદની ઇચ્છાવાળો કારીરીયજ્ઞ કરે' 'સ્વર્ગની ઇચ્છાવાળો જ્યોતિષ્ટોમ કરે' 'પશુની ઇચ્છાવાળો ચિત્રાયજ્ઞ કરે' કેવળ આટલું જ વેદમાં કહેવામાં આવ્યું છે, અહીં વેદમાં [તે તે યજ્ઞના] ફળનું ઐહિકત્વ, પારલૌકિકત્વ કે અનિયતત્વ જણાવવામાં આવ્યું નથી. વિધિનો વ્યાપર આટલો જ છે કે શ્રદ્ધાપૂર્વક પ્રવૃત્તિ કરાવવી. ત્યાં વિધિમાં આવી કામનાવાળાએ આ કરવું જોઈએ એટલો જ લિઙ્નો અર્થ છે. અપુરુષાર્થરૂપ વ્યાપરમાં, પ્રવૃત્ત કરવારૂપ પોતાનાં વ્યાપારની પૂર્ણતા નહિ પામતો વિધિ અધિકારીના વિશેષણભૂત કામ (=ઇચ્છા), કામ્યમાન સ્વર્ગ વગેરે, ભાવાર્થ (=ક્રિયાપદાર્થ) અને યાગ વગેરેનો સાધ્ય-સાધનસંબંધ જ જણાવે છે, પરંતુ કામ્યમાન [ફળની] નિષ્પત્તિ તરત જ થશે કે કાલાન્તરે તેનું તો સૂચન પણ કરતો નથી. કિન્તુ ફળના સ્વરૂપની પર્યાલોચના દ્વારા સ્વર્ગનું પારલૌકિકત્વ જ્ઞાત થાય છે, પણ પશુ વગેરેની અનિયતતા જણાતી નથી. પુરુષેચ્છા તો પુરુષેચ્છા જ છે, તેનાથી શાસ્ત્રાર્થની વ્યવસ્થા કરવી શક્ય નથી. તેથી કર્મોનું ત્રૈવિધ્ય નિષ્પ્રમાણક છે.

191. यस्तु चित्रादीनामनियतफलत्वे न्याय उक्तः "चित्रादीनां फलं तावत् क्षीणं तत्रैव जन्मनि" [श्लोकवा० चित्राक्षेपपरि० १५] इत्यादि स कारीर्यामपि निश्चितैहिकफलायां योजयितुं शक्यः ।

अद्याकृतायां कारीर्यां न हि देवो न वर्षति ।
जन्मान्तरकृता तत्र कारीरी किं न कारणम् ? ॥

तस्मात् साऽप्यनियतफला भवतु ।

191. વળી, ચિત્રા વગેરે યાગોનાં ફળ અનિયતકાલિક છે એ પુરવાર કરવા જે તર્ક આપવામાં આવ્યો છે—જેઓ ચિત્રાને તે જ જન્મમાં ફળનાર માને છે તેઓને ચિત્રાયાગ કર્યા વિના પશુલાભ થતો દેખાય ત્યાં તે પશુલાભ નિર્નિમિત્તક સ્વીકારવો પડશે કારણ કે પૂર્વ જન્મોમાં કરેલ ચિત્રાયાગોનું ફળ તો તે તે જન્મોમાં જ ક્ષીણ થઈ ગયું છે; અને પશુલાભને નિર્નિમિત્તક માનવો યોગ્ય નથી. એટલે ચિત્રાયાગનાં ફળ અનિયતકાલિક છે એમ માનવું જોઈએ—તે તર્ક તો નિશ્ચિત ઐહિક ફળવાળા કારીરીયજ્ઞને પણ લાગુ કરી શકાય. આજે કારીરીયજ્ઞ ન કર્યો હોય તો દેવ વરસાદ મોકલતો નથી એમ નહિ. તો શું અહીં જન્માન્તરમાં કરેલ કારીરીયજ્ઞ કારણ નથી ? તેથી, કારીરીયજ્ઞ પણ અનિયતફલવાળો બનો.

192. अथ सस्यसम्पत्सम्पाद्यसुखसम्भोगसाधनभूतादृष्टनिमित्ता वृष्टिरद्याकृतायामपि कारीर्यामिति मन्यसे, तर्हि दधिक्षीरादिभक्षणसुखाक्षेपिकर्मनिमित्तकः पशुलाभो भविष्यति अकृतचित्रायागानाम् । कारीर्यधीन ओदनः, चित्राधीनं दधीति दध्योदनभोजनसुखसाधनादृष्टकारिता पशुवृष्टिसृष्टिर्भवतु । अथ शृङ्गग्राहिकया पशुफला चित्रेष्टिरुपदिश्यते, तेन न सुखसामान्याक्षेपककर्मनिबन्धनः पशुलाभः । एवं तर्हि वृष्टावपि शृङ्गग्राहिकया कारीरी पठ्यते एवेति वृष्टिरपि सामान्यादृष्टनिबन्धना मा भूत् ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**192.** પાકની સમૃદ્ધિથી પ્રાપ્ય સુખના ભોગમાં સાધનભૂત અદૃષ્ટ, કારીરીયજ્ઞ કર્યા વિના અત્યારે થતી વૃષ્ટિનું કારણ છે એમ જો તું માનતો હોય તો દહીં, દૂધ વગેરેના ભોજનથી પ્રાપ્ય સુખ આપનાર અદૃષ્ટ, ચિત્રાયાગ કર્યા વિના પશુલાભ કરાવી આપશે. કારીરીયાગને અધીન ઓદન છે ચિત્રાયાગને અધીન દહી છે, દહીં અને ઓદનના ભોજનનું સુખ સાધી આપનાર અદૃષ્ટથી જ પશુલાભ અને વર્ષા થાઓ. [આમ યજ્ઞો નિરર્થક બની જવાની આપત્તિ આવે.] જો કહો કે સ્પષ્ટપણે નિર્દેશ કરી આદેશ આપવામાં આવ્યો છે કે આ ચિત્રાયાગનું ફળ પશુલાભ છે એટલે સુખસામાન્યને દેનારું કર્મ પશુલાભનું કારણ નથી, તો એ રીતે વૃષ્ટિની બાબતમાં પણ સ્પષ્ટપણે નિર્દેશ કરી કારીરીયાગને જ જણાવાયો છે એટલે વૃષ્ટિ પણ સુખસામાન્યના કારણભૂત અદૃષ્ટને કારણે ન થાઓ.

**193.** अथ 'न यदि वर्षेत् श्वोभूते जहुयात्' इत्यादिवचनपर्यालोचनया तस्या-मैहिकफलत्वमुच्यते । यद्येवं यत्र तादृशं वचनं नास्ति 'यो वृष्टिकामः स सौभरेण स्तुवीत' 'यदि कामयेत वर्षेत् पर्जन्यः इति' 'नीचैः सदो मिनुयात्' इत्यादौ तत्र पारलौकिकफलत्वं स्यात् । 'यदि च श्वोभूते जुहुयात्' इति वचनमहिम्नैव फले सद्यस्त्वमात्रमधिकं, भवतु, न तु तादृशवचनरहितानां कर्मणां विस्पष्टसिद्धमप्यैहिकफलत्वं निवर्तते ।

**193.** શંકાકાર–'જો ન વરસે તો પછીના દિવસે હવિ હોમવો' વગેરે વચનોની પર્યાલોચના દ્વારા કારીરીનું ફળ આ જન્મમાં મળે છે એમ કહેવાયું છે.

નૈયાયિક–જો એમ હોય તો જ્યાં એવું વચન નથી જેમકે 'જેને વૃષ્ટિની ઇચ્છા હોય તે સૌભરીમંત્રોથી સ્તુતિ કરે,' 'જો કામના કરવામાં આવે તો પર્જન્યદેવ વરસે' '[જ્યાં હોતા વગેરે ઋત્વિજો સ્તોત્રાદિપાઠ કરવા બેસે છે તે] સદો નામના સ્થાનને નીચા સ્થૂણથી બનાવે' વગેરેની બાબતમાં તેમનું ફળ પારલૌકિક થાય. 'જો ન વરસે તો પછીના દિને હવ્ય હોમવું' એવા વચનના મહિમાથી જ જો ફળનું ઐહિકત્વમાત્ર વધારે સમજાતું હોય તો ભલે સમજાય પરંતુ તેવા વચનથી રહિત કર્મોનું (યજ્ઞોનું) વિશદરૂપે સ્પષ્ટપણે સિદ્ધ ઐહિકફલત્વ નિવૃત્ત થતું નથી.

**194.** यत् पुनर्बहुसाधारणत्वेन वृष्टेरैहिकत्वमुच्यते तदपि पश्वादौ समानम्, न ह्यात्मम्भरिरेव यजमानो भवति, तस्यापि स्ववासिनीकुमारातिथिभृत्यादिभोजनपूर्वकस्वभोजननियमोपदेशात् । बहुतरोपकारकत्वं तु वृष्टेरित्यलं तुलया ।

**194.** બહુજનસાધારણ હોવાને કારણે વૃષ્ટિરૂપ ફળ વર્તમાન જન્મમાં જ મળે છે એમ કહેવાય છે, તો તે બહુજનસાધારણ હોવાપણું તો પશુ વગેરે ફળોની બાબતમાં પણ સમાનપણે છે, કારણ કે ચિત્રાનો યજમાન પોતાનું જ પેટ ભરનારો નથી; પોતાની પત્ની, પુત્રો, અતિથિઓ, નોકરો, વગેરેને જમાડયા પછી પોતે જમવું એવા નિયમનો ઉપદેશ તેને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ આપવામાં આવ્યો છે. વૃષ્ટિ ઘણા વધારે જનોનો ઉપકાર કરે છે એ વાત ખરી. વધું તુલના કરવાની જરૂર નથી.

195. यदपि प्रत्यासन्नत्वेन काम्यमानत्वाद् वृष्टेरैहिकत्वं कथ्यते, तदपि तादृगेव, पश्वादेरपि तथैव काम्यमानत्वात् । तत्रावग्रहविहितसन्तापतया प्रत्यासन्नत्वेन वृष्टरभिलष्यते, इहापि दौर्गत्योद्वेगादासन्नतयैव पशवः काम्यन्ते । तस्मात् 'वारिदस्तृप्तिमाप्नोति सुखमक्षयमन्नदः' इत्यादिवचनोपदिष्टसामान्यसुखसाधनादृष्टनिबन्धनैवेयमिहाकृतकर्मणां वृष्टिपश्वादिसम्पदिति । न बृहस्पतिमतवदकर्मनिमित्तं फलम्, नापि कर्मफलसाध्यसाधनभावनियमव्यवहारोल्लङ्घनमिति ।

195. શંકાકાર—વૃષ્ટિનું ઐહિકત્વ કહેવાયું છે કારણ કે તે તરત જ થાય એવી કામના કરવામાં આવતી હોય છે.

નૈયાયિક—એમ તો પશુ વગેરે ફળો પણ ઐહિક થાય કારણ કે પશુ વગેરે પણ તરત જ મળે એવી કામના કરવામાં આવતી હોય છે.

શંકાકાર-ત્યાં (અર્થાત્ વૃષ્ટિની બાબતમાં) દુકાળે દીધેલ સંતાપને કારણે વૃષ્ટિ તરત જ થાય એવી ઇચ્છા કરવામાં આવે છે.

નૈયાયિક—એમ તો અહીં પણ દુકાળના ઉદ્વેગને કારણે પશુઓ તરત જ મળે એવી કામના કરવામાં આવે છે. તેથી 'પાણી આપનાર તૃપ્તિ પામે છે, અન્ન આપનાર અક્ષય સુખ પામે છે,' ઇત્યાદિ વચનો દ્વારા ઉપદેશવામાં આવેલ સામાન્ય સુખના સાધનરૂપ અદૃષ્ટ જ આ જન્મમાં ન કરેલાં કર્મોનાં વૃષ્ટિ, પશુ, વગેરે સંપત્તિરૂપ ફળોનું કારણ છે; એટલે ચાર્વાક મતની જેમ અહીં ફળ કર્મ કર્યા વિના મળતું નથી, તેમ જ કર્મ અને ફળ વચ્ચેના સાધ્ય-સાધનસંબંધરૂપ નિયમના વ્યવહારનું ઉલ્લંઘન પણ અહીં નથી.

196. यच्च कारीर्याः क्वचित् फलविसंवादे समाधानमुक्तम्—

"फलति यदि न सर्वं तत्कदाचित्तदेव ।

ध्रुवमपरमभुक्तं कर्म शास्त्रीयमास्ते ।। इति [श्लोवा०चित्रा०परि० १.१.५]

तेन साऽप्यनियतफलैव स्यात् । न हि तत्कर्मान्तरमासंसारं प्रतिबन्धकं भवति । फलोपभोगाद्धि तस्यावश्यं क्षयेण भवितव्यम् । प्रतिबन्धके च क्षीणे कारीर्या स्वफलं तदा दातव्यमेव । साऽप्यदत्तफला न क्षीयते एवेत्येवं जन्मान्तरे तत्फलसम्भवात् तस्या अपि अनियतफलत्वम् । अनेन च प्रकारेण चित्रादेरप्यनियतफलत्वमस्माभिरिष्यते एव, यत्र सम्यक् प्रयुक्तायामपीष्टौ कर्मान्तरप्रतिबन्धादेव पशूनामनुपलम्भः कल्प्यते । सर्वथा सद्यःफलत्वमात्रवर्जं समानयोगक्षेमा कारीर्या चित्रेष्टिः ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

196. કારીરી યજ્ઞ ક્યારેક ફળ ન આપે તો તેનું સમાધાન એ કરવામાં આવ્યું છે કે 'કેટલાક કારીરીયજ્ઞ જો ક્યારેક ફળ ન આપતાં હોય તો અવશ્ય બીજું ન ભોગવાયેલું શાસ્ત્રીય કર્મ તેનું પ્રતિબંધક હોય છે;' આ સમાધાનથી કારીરીયજ્ઞ પણ અનિયત કાળે ફળ દેનાર બને છે પેલું બીજું કર્મ સંસારના અંત સુધી પ્રતિબંધક તરીકે રહે નહિ. તેના ફળનો ભોગ થઈ જતાં તેનો પણ ક્ષય અવશ્ય થવો જોઈએ. જ્યારે પ્રતિબંધક કર્મ ક્ષય પામી જાય ત્યારે કારીરીકર્મે પોતાનું ફળ આપવું જ જોઈએ. તે કારીરીકર્મ પણ ફળ આપ્યા વિના ક્ષય પામે જ નહિ. આમ જન્માન્તરમાં કારીરીયજ્ઞનું ફળ સંભવતું હોઈ તે પણ અનિયતકાળે ફળ આપનાર છે. અને આ જ રીતે ચિત્રા વગેરેનું અનિયતફલપણું અમે ઇચ્છીએ છીએ જ; અહીં પણ સમ્યક્ રીતે યજ્ઞ કરવામાં આવ્યો હોય ત્યારે બીજા પ્રતિબંધક કર્મને કારણે જ પશુની પ્રાપ્તિ થતી નથી એવું કલ્પવામાં આવ્યું છે. સર્વથા અનન્તરફલદાયિત્વને છોડીને કારીરી અને ચિત્રા સમાન યોગક્ષેમવાળા છે.

197. एतेन ब्रह्मवर्चसवीर्यान्नाद्यग्रामादिकामेष्टयोऽपि व्याख्याताः । तस्मात् यथाश्रुतं गौतमं बोद्धव्यम् ।

197. આ ચર્ચા દ્વારા બ્રહ્મવર્ચસ, વીર્ય, અન્ન, ગ્રામ વગેરેની કામનાવાળા જે યજ્ઞો છે તેમની પણ સમજૂતી થઈ ગઈ. તેથી ગૌતમને (= ગૌતમવચનને) યથાશ્રુત સમજવું જોઈએ.

198. यदप्यभ्यधायि समग्राङ्गोपसंहारेण काम्यकर्मप्रयोगात् कुतः कर्मणो वैगुण्यावसर इति तदप्यसारम्, सर्वाङ्गोपसंहारेण प्रवृत्तावपि प्रमादादसंवेद्यमानवैगुण्यसम्भवात् । स च विचित्रः भाष्यकारेण प्रदर्शितः । तस्मात् पूर्वोक्त एव प्रतिसमाधानमार्गः श्रेयान् ।

198. 'કામ્ય કર્મો સમગ્ર અંગોને એકઠાં કરી કરવામાં આવતા હોઈ, કર્મના વૈગુણ્યનો અવસર જ ક્યાં છે' એમ જે કહેવામાં આવ્યું છે તે પણ બરાબર નથી, કારણ કે બધાં અંગો એકઠાં કરીને યજ્ઞ કરવામાં આવે તો પણ ખ્યાલમાં ન આવતું એવું વૈગુણ્ય પ્રમાદને કારણે સંભવે છે. ભાતભાતનું વૈગુણ્ય ભાષ્યકાર વાત્સ્યાયને દર્શાવ્યું છે. તેથી, પહેલા જણાવેલો ખુલાસાનો માર્ગ જ વધુ સારો છે.

199. यत् पुनः पूर्वपाक्षिकेण कथितं कालान्तरे कर्माभावात् कुतः फलमिति, तदपि न सम्यक्—

यद्यप्याफलनिष्पत्तेः कर्मणो नास्त्यवस्थितिः ।
तथाऽप्यस्त्येव संस्कारः पुरुषस्य तदाहितः ॥
कर्मजन्यो हि संस्कारः पुंसो बुद्ध्यादिवद्गुणः ।
तस्य चाफलसंयोगादवस्थितिरुपेयते ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

यथेन्द्रियादिसंयोगादात्मनो बुद्धिसंभवः ।
तथा यागादिकर्मभ्यस्तस्य संस्कारसंभवः ॥
बुद्धिस्तु भङ्गुरा तस्य संस्कारस्तु फलावधिः ।
साध्यसाधनभावो हि नान्यथा फलकर्मणोः ॥
स्मृतिबीजं तु संस्कारस्तस्यान्यैरपि मृष्यते ।
तथैव फलसंयोगबीजं सोऽस्य भविष्यति ॥
स यागदानहोमादिजन्यो धर्मगिरोच्यते ।
ब्रह्महत्यादिजन्यस्तु सोऽधर्म इति कथ्यते ॥

199. વળી પૂર્વપક્ષીએ જે કહ્યું કે કાલાન્તરે કર્મનો અભાવ હોવાથી ફળ ક્યાંથી થાય ?, તે પણ યોગ્ય નથી. જો કે ફળ થાય ત્યાં સુધી કર્મ ટકતું નથી તો પણ કર્મે પાડેલો સંસ્કાર પુરુષમાં હોય છે જ, કારણ કે કર્મજન્ય સંસ્કાર પુરુષના બુદ્ધિ વગેરે ગુણો જેવો પુરુષનો ગુણ છે, અને ફળની પ્રાપ્તિ થાય ત્યાં સુધી તેની સ્થિતિ સ્વીકારવામાં આવી છે. જેમ ઇન્દ્રિય વગેરેના સંયોગથી આત્મામાં બુદ્ધિ જન્મે છે તેમ યાગ વગેરે કર્મોથી આત્મામાં સંસ્કાર જન્મે છે. પરંતુ પુરુષની બુદ્ધિ ભંગુર છે જ્યારે સંસ્કાર ફળની ઉત્પત્તિ સુધી ત્યાં રહે છે. અન્યથા, કર્મ અને ફળ વચ્ચેનો સાધ્યસાધનભાવ ઘટે નહિ. સ્મૃતિનું બીજ પુરુષગત સંસ્કાર છે એ બીજાઓ પણ સ્વીકારે છે; તે જ રીતે ફલસંયોગનું બીજ પુરુષગત સંસ્કાર બનશે યાગ, દાન, હોમ, વગેરેથી જન્ય તે સંસ્કાર 'ધર્મ' શબ્દથી જણાવાય છે. પરંતુ બ્રહ્મહત્યા, વગેરેથી જન્ય તે સંસ્કાર 'અધર્મ' કહેવાય છે.

200. कापिलास्तु अन्तःकरणस्य बुद्धेर्वृत्तिविशेषं धर्ममाहुः । आर्हताः पुण्यपुद्गलान् धर्मत्वेन व्यपदिशन्ति । शाक्यभिक्षवश्चित्तवासनां धर्ममाचक्षते । वृद्धमीमांसकाः यागादिकर्मनिर्वर्त्यमपूर्वं नाम धर्ममभिवदन्ति । यागादिकर्मैव शाबरा ब्रुवते । वाक्यार्थ एव नियोगात्माऽपूर्वशब्दवाच्यः, धर्मशब्देन च स एवोच्यते इति प्राभाकराः कथयन्ति ।

200. કપિલમુનિના અનુયાયીઓ અન્તઃકરણભૂત બુદ્ધિની વિશિષ્ટ વૃત્તિને ધર્મ કહે છે. જૈનો પુણ્યપુદ્ગલોને ધર્મ કહે છે. બૌદ્ધ ભિક્ષુઓ ચિત્તની વાસનાને ધર્મ કહે છે. વૃદ્ધ મીમાંસકો યાગ આદિ કર્મોથી જન્ય અપૂર્વને ધર્મ કહે છે. શબરના અનુયાયીઓ યાગ આદિ કર્મને જ ધર્મ કહે છે. 'અપૂર્વ' શબ્દવાચ્ય નિયોગાત્મા વાક્યાર્થ જ 'ધર્મ' શબ્દથી જણાવાય છે એમ પ્રાભાકરો કહે છે.

201. तत्र पुण्यपुद्गलवृत्तिपक्षयोः कपिलार्हद्ग्रन्थकथितयोस्तन्मतनिरासादेव निरासः । आत्मनश्च समर्थयिष्यमाणत्वात् तस्यैव वासना, न चेतस इति सौगतपक्षो-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ऽप्ययुक्तः । स्वर्गयागान्तरालवर्तिनश्च स्थिरस्य निराधारस्यापूर्वस्य निष्प्रमाणकत्वात् जरज्जैमिनीयप्रवादोऽप्यपेशलः । अपि च फलस्य वा काचिदुत्पत्स्यमानदशा, यागस्य वा शक्तिरपूर्वशब्देनोच्यते । न च नियोगो वाक्यार्थ एवापूर्वशब्दवाच्यः, तस्योपरिष्टाद्दपाकरिष्यमाणत्वात् । नापि यो यागमनुतिष्ठति तं धार्मिक इत्याचक्षते इति यागादिसामानाधिकरण्येन प्रयोगात् स एव धर्मशब्दवाच्य इति युक्तं वक्तुम् , तस्य क्षणिकत्वेन कालान्तरे फलदातृत्वानुपपत्तेः । सामानाधिकरण्यप्रयोगोऽपि चैकान्ततो नास्त्येव ।

यागदानादिना धर्मो भवतीत्यपि लौकिकाः ।
प्रयोगाः सन्ति ते चामी संस्क्रियापक्षसाक्षिणः ।।

एवं 'यज्ञेन यज्ञमयजन्त देवास्तानि धर्माणि प्रथमान्यासन्' [तै०सं० ३.५.३ ६] इति वैदिकोऽपि प्रयोगः तद्विषय एव व्याख्येयः, तस्य स्थायित्वेन कालान्तरे फलदानयोग्यतोपपत्तेः ।

संस्कारो नृगुणः स्थायी तस्माद्धर्म इति स्थितम् ।
तस्माच्च फलनिष्पत्तेर्न चित्रादौ मृषार्थता ।।

201. તેમાં જૈન અને કપિલમુનિના અનુયાયીઓએ અનુક્રમે જણાવેલ પુણ્યપુદ્ગલપક્ષ અને વૃત્તિપક્ષનો નિરાસ તેમના મનના નિરાસથી જ થઈ જશે. અમે આત્માનું સમર્થન કરવાના છીએ, એટલે તેને જ વાસના છે, ચિત્તને નહિ; આમ બૌદ્ધ પક્ષ પણ અયોગ્ય છે. યાગ અને સ્વર્ગ વચ્ચેના સમયગાળામાં રહેલ સ્થિર નિરાધાર અપૂર્વ માટે કોઈ પ્રમાણ ન હોઈ, વૃદ્ધ મીમાંસકનો મત પણ યોગ્ય નથી. વળી, કેટલાક મીમાંસકો ફળની કોઈ ઉત્પન્ન થનારી દશાને તો કેટલાક યાગની શક્તિને 'અપૂર્વ' શબ્દથી ઓળખાવે છે [પરંતુ 'અપૂર્વ' શબ્દનો આવો અર્થ ઘટતો નથી, યોગ્ય નથી.] નિયોગરૂપ વાક્યાર્થ જ 'અપૂર્વ'શબ્દવાચ્ય નથી, કારણ કે અમે તેનું ખંડન કરવાના છીએ. 'જે યાગનું અનુષ્ઠાન કરે છે તે ધાર્મિક છે' એમ કહેવાય છે, એટલે યાગ વગેરે સાથે સમાન અધિકરણમાં (=વિભક્તિમાં) ધર્મનો પ્રયોગ કરતો હોઈ યાગ વગેરે જ 'ધર્મ'શબ્દવાચ્ય છે એમ કહેવું યોગ્ય નથી, કારણ કે તે યાગ વગેરે ક્ષણિક હોઈ તેમનું કાલાન્તરે ફલદાતૃત્વ ઘટતું નથી. વળી, યાગ વગેરે સાથે સમાન અધિકરણમાં ધર્મનો પ્રયોગ એકાન્તપણે થતો નથી જ. 'યાગ, દાન, વગેરેથી ધર્મ થાય છે' એવા પણ લૌકિક પ્રયોગો તો ધર્મ એ સંસ્કાર છે એ પક્ષના સાક્ષી છે, સમર્થક છે. 'यज्ञेन यज्ञमयजन्त देवास्तानि धर्माणि प्रथमान्यासन्' એમાં થયેલો 'ધર્મ' શબ્દનો વૈદિક પ્રયોગ સ્થાયી સંસ્કાર વિષયક છે એમ સમજાવવું જોઈએ. તે સંસ્કાર (=ધર્મ) સ્થાયી હોઈ કાલાન્તરે ફળ આપવાની તેની યોગ્યતા ઘટે છે. તેથી ધર્મ એ પુરુષનો સ્થાયી ગુણ સંસ્કાર છે એ સ્થાપિત થયું, અને તેને કારણે ફળ [કાલાન્તરે] નિષ્પન્ન થતું હોવાથી ચિત્રા વગેરે યજ્ઞકર્મનું ફળ મૃષા ઠરતું નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

202. यदपि यज्ञायुधिवाक्ये प्रत्यक्षविरुद्धत्वमुपपाद्यते स्म भस्मीभावोपलम्भात् कायस्येति, तदप्यसमीचीनम्, एष इति शरीराभेदोपचारेणात्मन एव निर्देशात् तस्य च स्वर्गगमनं भवत्येव । गमनं च तदुपभोग एव तस्योच्यते यथा शरीरादियोग-वियोगौ जन्ममरणे इति । न तु व्यापिनः परिस्पन्दात्मकक्रियायोग उपपद्यते । ज्ञानचिकीर्षाप्रयत्नसमवायश्च तस्य कर्तृत्वमिति वर्णयिष्यते । यज्ञायुधसम्बन्धोऽपि स्वस्वामिभावादिस्तस्यैव व्यापकत्वाविशेषेऽपि व्यवस्थयोपपद्यते इति न कश्चिदत्र विरोधः । तस्मात् सर्वत्र निरवकाशमनृतत्वादिदूषणम् ।

202. યજ્ઞાયુધિવાક્યમાં જે પ્રત્યક્ષવિરોધ ઘટાવ્યો—કારણ કે ભસ્મીભૂત શરીર ઉપલબ્ધ થાય છે, [સ્વર્ગમાં જતું દેખાતું નથી]—તે પણ યોગ્ય નથી, કારણ કે 'આ'(=एषः) પદથી શરીરાભેદોપચાર દ્વારા આત્માનો જ નિર્દેશ થયો છે, અને તેનું (=આત્માનું) સ્વર્ગ-ગમન થાય છે જ. આત્માની બાબતમાં, જેમ શરીર વગેરે સાથેનો તેનો સંયોગ જન્મ કહેવાય છે અને તેમનાથી તેનો વિયોગ મરણ કહેવાય છે તેમ તેના વડે સ્વર્ગનો ઉપભોગ એ તેનું સ્વર્ગગમન કહેવાય છે. આત્મા વ્યાપક હોઈ તેનામાં ગમનરૂપ ક્રિયા ઘટતી નથી. જ્ઞાન, ઇચ્છા, પ્રયત્નનું સમવાયસંબંધથી આત્મામાં રહેવું એ આત્માનું કર્તૃત્વ છે, એ અમે આગળ જણાવીશું. યજ્ઞના સાધનો સાથેનો આત્માનો સંબંધ પણ સ્વ-સ્વામિભાવ વગેરે રૂપ છે. બધા આત્માઓ વ્યાપક હોઈ, બધાનો તેમની સાથે સંયોગ હોવા છતાં અમુક આત્માના ધર્મથી જન્ય તેઓ હોઈ તે સાધનો તે આત્માના છે, બીજાના નથી એવી વ્યવસ્થા ઘટે છે, એટલે એમાં કોઈ વિરોધ નથી. તેથી વેદમાં અનૃતત્વ વગેરે દૂષણોને કોઈ અવકાશ નથી.

203. योऽपि हवनकालविधौ व्याघातदोषो दर्शितः सोऽपि न दोष एव—

तत्रानुष्ठानभेदेन कालत्रितयचोदना ।
यो यस्य चोदितः कालो लङ्घनीयो न तेन सः ॥

ततश्चान्यतमं कालमभ्युपेत्यैनमुज्झतः ।
निन्देति न विरोधोऽत्र कश्चिद्विधिनिषेधयोः ॥

203. હવનના કાળ બાબતની વિધિમાં જે વ્યાઘાતદોષ દર્શાવવામાં આવ્યો તે દોષ પણ નથી જ. અનુષ્ઠાનના (અર્થાત્ અધિકારીના) ભેદને અનુલક્ષી ત્રણ કાળની વિધિ છે. એકવાર જેની બાબતમાં જે કાળની વિધિ કરવામાં આવી હોય તેણે પછી તે કાળનું ઉલ્લંઘન કરવું ન જોઈએ. એ ત્રણ કાળમાંના કોઈ એક કાળને સ્વીકારી પછી તે કાળને છોડી દેનારની નિન્દા કરવામાં આવી છે, એટલે અહીં વિધિ અને નિષેધ વચ્ચે કોઈ વિરોધ નથી.

204. अभ्यासे पौनरुक्त्यं च कार्यार्थत्वाददूषणम् ।
संपाद्यं पाञ्चदश्यं हि सामिधेनीषु चोदितम् ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'इममहं पञ्चदशारेण वज्रेणापबाधे योऽस्मान् द्वेष्टि यं च वयं द्विष्मः' इति श्रूयते । एकादशसामिधेन्य ऋचः पठ्यन्ते । तत्राभ्यासमन्तरेण पाञ्चदश्यं नावकल्पते इत्येवमवश्यकर्तव्योऽभ्यासः । स चायमनियमेन प्राप्तो वचनेन नियम्यते 'प्रथमोत्तमे ऋचौ त्रिरुच्चारणीये' इति । तस्मात् तत्प्रयोजनार्थत्वान्न पुनरुक्तादोषः ।

अभ्यासे फलरहिते हि पौनरुक्त्यं
दोषः स्यादिह तु न तस्य निष्फलत्वम् ।
व्याघाताऽनृतपुनरुक्ततादि तस्मात्
वेदस्य श्लथयति न प्रमाणभावम् ।।
इयं च वाक्यार्थविचारणाऽपि
प्रामाण्यसिद्ध्यौपयिकीति मत्वा ।
चक्रे स्वशास्त्रे मुनिनेह वेद–
प्रामाण्यनिर्वाहणदीक्षितेन ।।

204. અભ્યાસમાં પુનરુક્તિનું કોઈ કાર્યપ્રયોજન હોવાથી પુનરુક્તિ દોષ નથી. સામિધેની મંત્રોની બાબતમાં પંદરની સંખ્યા કરવી જોઈએ એવો આદેશ છે. 'જે અમારો દ્વેષ કરે છે અને જેનો અમે દ્વેષ કરીએ છીએ એને હું પંદર આરવાળા વજ્રથી મારી નાખીશ' એવું વેદમાં કહેવામાં આવ્યું છે. અગીઆર સામિધેની ઋચાઓનો પાઠ કરવામાં આવે છે. ત્યાં અભ્યાસ વિના પંદરની સંખ્યા ઘટતી નથી એટલે અભ્યાસ અવશ્ય કર્તવ્ય છે. પરંતુ જેની બાબતમાં કોઈ નિયમ નથી એવા અભ્યાસને વચન વડે નિયમિત કરવામાં આવે છે, જેમકે 'પ્રથમ અને છેલ્લી ઋચાઓ ત્રણ વાર ઉચ્ચારવી' તેથી તેનું (=અભ્યાસનું અર્થાત્ પુનરુક્તિનું) પ્રયોજન હોઈ પુનરુક્તિ દોષ નથી. જેનું કોઈ ફળ યા પ્રયોજન નથી તે અભ્યાસમાં જ પુનરુક્તિદોષ આવે. પરંતુ અહીં અભ્યાસ નિષ્પ્રયોજન નથી. તેથી (દેખીતા) વ્યાઘાત, અનૃતતા, પુનરુક્તતા વગેરે વેદના પ્રામાણ્યને જરા પણ શિથિલ નથી કરતા. વેદના પ્રામાણ્યની સ્થાપના કરવાની દીક્ષા લેનાર ગૌતમ મુનિએ પોતાના આ ન્યાયશાસ્ત્રમાં વેદના પ્રામાણ્યની સિદ્ધિ માટે ઉપાયભૂત ગણીને વેદના વાક્યોના અર્થની આ વિચારણા પણ કરી છે

205. ननु नाद्यापि वेदस्य भवद्भिर्निपुणैरपि ।
स्वदेहसंभवा दोषा निखिलाः परिपिञ्जिताः ।।

तथा हि 'सोऽरोदीद् यदरोदीत् तद्रुद्रस्य रुद्रत्वम्' [तै०सं० १.५.१], 'प्रजापतिरात्मनो वपामुदखिदत् तामग्नौ प्रागृह्णात् । ततोऽजस्तूपर उदगात्'



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[तै०सं० २.१.१], 'देवा वै देवजयनमध्यवसाय दिशो न प्राजानन्' [तै०सं० ६.१.५] इत्येवमादीनामर्थवादानां किं यथाश्रुतवस्तुपरत्वमुत तेभ्यः कार्यरूपार्थोपदेशपरिकल्पनम् उत लिङादियुक्तवाक्यान्तरप्रतिपाद्यमानकार्यरूपार्थोपायिकत्वमिति चिन्त्यम् । सर्वथा च प्रमादः ।

205. શંકાકાર—તર્કશાસ્ત્રમાં નિપુણ હોવા છતાં આપે હજુ પણ વેદના પોતાના દેહમાંથી ઉદ્ભવતા બધા દોષોને દૂર કર્યા નથી. તે દર્શાવીએ છીએ. 'તેણે (=રુદ્રે) રુદન કર્યું'. તેણે રુદન કર્યું એટલે જ રુદ્રમાં રુદ્રત્વ આવ્યું', 'પ્રજાપતિએ પોતાના માંસને કાપી બહાર કાઢ્યું, પછી તેને અગ્નિમાં હોમ્યું, તેના પરિણામે તેમાંથી શિંગડા વિનાનો અજ (બકરો) ઉપર આવ્યો,' 'દેવો દેવયજનને (=યજ્ઞસ્થાનને) નિશ્ચિતપણે જાણ્યા પછી દિશાઓ ભૂલી ગયા' વગેરે અર્થવાદો શબ્દશઃ સાચા છે (અર્થાત્ વસ્તુ જેવી વર્ણવવામાં આવી છે તેવી જ છે એમ જણાવનારા છે) ?, કે તેમના દ્વારા કર્મરૂપ અર્થના ઉપદેશની (=વિધિની) કલ્પના થાય છે ?, કે લિંગ વગેરેથી યુક્ત અન્ય વાક્ય દ્વારા પ્રતિપાદિત કર્મરૂપ અર્થના ઉપાયભૂત છે ? —એ વિચારવું જોઈએ. બધી રીતે વિચારતાં દોષ જ [જણાય] છે.

206. स्वरूपपरत्वे तावत् प्रमाणान्तरविरुद्धार्थोपदेशादप्रामाण्यमेवावतरति, रोदनवपोत्खेदनदिङ्मोहादेरर्थस्य तथात्वे निश्चयाभावात् । किञ्च 'स्तेनं मनोऽनृतवादिनी वाक्' इत्येवंजातीयकानामर्थवादवाक्यानां विस्पष्टमेव प्रमाणान्तरविरुद्धार्थप्रतिपादकत्वम् । न हि निसर्गत एव सर्वप्राणिनामनृतवादिनी वाग्भवति, स्तेनं वा मनः । अपि च 'धूम एवाग्नेर्दिवा ददृशे नार्चिस्तस्मादर्चिरेवाऽग्नेर्नक्तं दृश्यते, न धूमः' [तै० ब्रा० २.१.२] इति प्रत्यक्षविरुद्धमिदमभिधीयते, नक्तं दिनं द्वयोरपि इन्द्रियार्थसन्निकर्षे सति ग्रहणात् । किञ्च 'एतन्न विद्मो यदि ब्राह्मणाः स्मोऽब्राह्मणा वा' इति [गो० ब्रा० ५.२१] ब्राह्मणजातेरुपदेशसहायप्रत्यक्षगम्यत्वात् तद्विरुद्ध एषोऽर्थवादः । शास्त्रविरोधोऽप्यस्ति 'को ह वै तद्वेद यदमुष्मिँल्लोकेऽस्ति वा न वा' इति [तै० सं० ६.१.१] । शास्त्रे स्वर्गादिफलानां ज्योतिष्टोमादिकर्मणामुपदेशात् केयमनवक्लृप्तिः । अपि च गर्गत्रिरात्रब्राह्मणमधिकृत्य श्रूयते 'शोभतेऽस्य मुखं य एवं वेद' इति [तां० ब्रा० २०.१६.६] । न हि कस्यचिदेवं विदुषो मुखं शोभते इति प्रत्यक्षविरोधः । अन्यकर्मानर्थक्यशंसी च कश्चिदर्थवादो भवति. 'पूर्णाहुत्या सर्वान् कामानवाप्नोति' 'पशुबन्धयाजी सर्वान् लोकानभिजयति' 'तरति मृत्युं तरति पाप्मानं तरति ब्रह्महत्यां योऽश्वमेधेन यजते यश्चैवं वेद' इति । यदि पूर्णाहुत्यैव सर्वकामावाप्तिः, पशुबन्धयागेनैव सर्वलोकजयः, अश्वमेधवेदनेनैव तत्फलावाप्तिः, तत्किमर्थमन्यकर्मोपदेशः ? उपदिष्टान्यपि तानि बहुक्लेशसाध्यानि कर्माणि व्यर्थानि भवेयुः, अनेनैव

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

लघुनोपायेन तत्फलप्राप्तेर्दर्शनात् । अपि च 'न पृथिव्यामग्निश्चेतव्यो नान्तरिक्षे न दिवि' इति [तै०सं०५.२.७] वेदे चयननिषेध एवात्र भङ्ग्या भवेत् । दिवि चान्तरिक्षे च तावच्चयनप्रयोग एव नास्ति, किं तन्निषेधेन ? पृथिवीचयननिषेधार्थं च यद्वाक्यं तच्चयनप्रतिषेधार्थमेव भवेत्, अपृथिव्यधिकरणकस्य चयनस्यानुपपत्तेः । अपि च 'यजमानः प्रस्तरः' [तै०सं. २.६.५], 'आदित्यो यूपः' [तै० ब्रा० २.१.५] इत्येवंजातीयकानां प्रत्यक्षविरुद्धार्थाभिधायिनामर्थवादानां का परिनिष्ठेति ? तस्मान्न स्वरूपपरत्वं तेषामुपपद्यते ।

206. અર્થવાદ સ્વરૂપવર્ણન પરક છે (અર્થાત્ બનેલી ઘટનાઓનું વર્ણનમાત્ર કરે છે) એ પક્ષમાં, અન્ય પ્રમાણોએ જણાવેલ અર્થથી વિરુદ્ધ અર્થનો તે ઉપદેશ (=વર્ણન) આપતા હોઈ તેમનામાં અપ્રામાણ્ય જ આવે છે, કારણ કે રુદન કરવું, પોતાનું માંસ કાપવું, દિશાઓની ભ્રાન્તિ થવી વગેરે અર્થોનો રુદ્ર વગેરે સાથે સંબંધ ધરાવતા હોય એ રૂપે નિશ્ચય નથી. વળી, 'મન ચોર છે, વાણી અનૃતવાદિની છે' આવી જાતના અર્થવાદવાક્યો અન્ય પ્રમાણોએ જણાવેલ અર્થથી વિરુદ્ધ અર્થનું પ્રતિપાદન કરે છે એ સ્પષ્ટ છે, કારણ કે સ્વભાવથી જ બધાં પ્રાણીઓની વાણી અનૃતવાદિની નથી હોતી, મન ચોર નથી હોતું. વળી 'અગ્નિમાંથી નીકળતા ધૂમને દિવસે જોયો. અગ્નિની અર્ચિને ન જોઈ. તેથી, રાત્રે અગ્નિની અર્ચિ જ દેખાય છે, ધૂમ દેખાતો નથી'—આ અર્થવાદવાક્ય પ્રત્યક્ષવિરુદ્ધ અર્થને જણાવે છે, કારણ કે ઇન્દ્રિયાર્થસન્નિકર્ષ હોતાં રાતે અને દિવસે બંનેયનું (=ધૂમ અને અર્ચિનું) ગ્રહણ થાય છે. ઉપરાંત, 'અમે જાણતા નથી કે અમે બ્રાહ્મણો છીએ કે અબ્રાહ્મણો' —આ અર્થવાદવાક્ય પણ પ્રત્યક્ષવિરુદ્ધ છે કારણ કે બ્રાહ્મણ જાતિ તો ઉપદેશની સહાયથી પ્રત્યક્ષગમ્ય છે. અર્થવાદમાં શાસ્ત્રવિરોધ પણ છે. [ઉદાહરણાર્થ, એવું અર્થવાદવાક્ય આવે છે કે] 'પરલોકમાં તે (=સ્વર્ગ) છે કે નહિ એને કોણ જાણે છે?' સ્વર્ગ વગેરે જેનું ફળ છે એવાં જ્યોતિષ્ટોમ વગેરે કર્મોનો શાસ્ત્રમાં ઉપદેશ હોવાથી આ શંકા કેવી? વળી, ગર્ગત્રિરાત્રબ્રાહ્મણને અનુલક્ષી વેદમાં કહેવામાં આવ્યું છે કે 'જે આવું જાણે છે તેનું મુખ શોભે છે.' પરંતુ આવું જાણનાર કોઈનું મુખ શોભતું નથી એ પ્રત્યક્ષવિરોધ છે. બીજાં કર્મોનું આનર્થક્ય જણાવનાર પણ કોઈ અર્થવાદ હોય છે, જેમકે 'પૂર્ણાહુતિ આપવાથી તેની બધી કામનાઓ પૂર્ણ થાય છે,' 'પશુબંધયાગ કરનાર સર્વે લોકને જીતે છે,' 'જે અશ્વમેધયજ્ઞ કરે છે અને જે અશ્વમેધવિષયક ગ્રંથ જાણે છે તે મૃત્યુને તરી જાય છે, પાપને તરી જાય છે અને બ્રહ્મહત્યા(પાપ)ને તરી જાય છે.' જો પૂર્ણાહુતિથી સર્વ કામનાઓ પૂરી થતી હોય, પશુબંધયાગથી સર્વ લોક ઉપર જય મેળવાતો હોય અને અશ્વમેધયજ્ઞ સંબંધી ગ્રંથ જાણવાથી જ તે ફળ મળતું હોય તો શા માટે બીજાં કર્મો કરવાનો ઉપદેશ આપવામાં આવે છે? ઉપદેશવામાં આવેલાં બહુક્લેશસાધ્ય તે બીજાં કર્મો વ્યર્થ બની જાય, કારણ કે આ જ (પૂર્ણ આહુતિ વગેરે) સહેલા ઉપાયથી તે ફળની પ્રાપ્તિ થતી દેખાય છે [એમ અર્થવાદમાં કહ્યું છે.] ઉપરાંત, 'અગ્નિ પૃથ્વી ઉપર પેટાવવો નહિ, અંતરિક્ષમાં પેટાવવો નહિ, આકાશમાં પેટાવવો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નહિ' આ વેદવાક્યમાં અહીં ચયનનિષેધ (અગ્નિ પેટાવવાનો નિષેધ) જ અમુક ભંગીથી થાય આકાશમાં અને અંતરિક્ષમાં તો અગ્નિ પેટાવાતો જ નથી, તો તેનો નિષેધ કરવાનો શો અર્થ છે? [પરિણામે] પૃથ્વી ઉપર અગ્નિ પેટાવવાનો પ્રતિષેધ કરવા માટેનું જે વાક્ય છે તે કેવળ અગ્નિ પેટાવવાનો પ્રતિષેધ કરવા માટેનું જ વાક્ય બને, કારણ કે જેનું અધિકરણ પૃથ્વી નથી એવું ચયન તો ઘટતું જ નથી. વળી, 'યજમાન પાથરેલું કુશ ઘાસ છે,' 'સૂર્ય યૂપ છે' આ જાતનાં, પ્રત્યક્ષવિરુદ્ધ અર્થનું પ્રતિપાદન કરનારાં અર્થવાદવાક્યોની કઈ યથાર્થતા છે? તેથી અર્થવાદવાક્યો સ્વરૂપવર્ણનપરક છે એ ઘટતું નથી

207. नापि तेभ्य एव कार्यरूपार्थपरिकल्पनमुपपन्नम्; अशक्यत्वात् । 'सोऽरोदीद् यदरोदीत् तद्रुद्रस्य रुद्रत्वम्' इत्यत्र कार्यं कल्प्यमानमेवं कल्प्येत—रुद्रः किल रुरोद, अतोऽन्येनापि रोदितव्यमिति । तच्चाशक्यम्, प्रियविप्रयोगजनितसंतापवशेन हि बाष्पमोचनं रोदनमुच्यते । न तच्चोदनोपदेशात् कर्तुं शक्यते । प्रजापतिरात्मनो वपामुच्चिखेद, तस्मादन्योऽप्येवमुत्खिदेदात्मनो वपामिति दुरनुष्ठानोऽयमर्थः । को हि नामात्मनो वपामुत्खिदेत् ? कस्य वा वपाहोमे सति समनन्तरमेव अजः पशुस्तूपर उद्गच्छेद् इति । देवा दिशो नाज्ञासिषुः, अतोऽन्योऽपि न जानीयादिति अशक्योपदेशः, न दिङ्मोहो नामोपदेशात् कर्तुं शक्यः । न च सर्वस्मादर्थवादाद्विधिः कल्पयितुं शक्यः इति मध्यमोऽपि न सत्पक्षः ।

207. અર્થવાદો વડે જ કર્મરૂપ અર્થની (અર્થાત્ કર્મરૂપ અર્થવિષયક વિધિની) કલ્પના પણ ઘટતી નથી, કારણ કે તે અશક્ય છે. 'તેણે રુદન કર્યું. તેણે રુદન કર્યું એટલે તેનામાં (=રુદ્રમાં) રુદ્રપણું આવ્યું" એ ઉપરથી સૂચવાતું કર્મ અહીં આ રીતે કલ્પાય— 'કહેવાય છે કે રુદ્રે રુદન કર્યું હતું, તેથી બીજાએ પણ રુદન કરવું જોઈએ.' પરંતુ તે અશક્ય છે. પ્રિયજનના વિયોગથી જન્મેલા સંતાપને કારણે આંસુ સારવા એ રુદન કહેવાય છે અને વેદોપદેશથી તે કરવું શક્ય નથી. 'પ્રજાપતિએ પોતાનું માંસ કાપ્યું, તેથી બીજો પણ પોતાનું માંસ આમ કાપે'— આ અર્થનું અનુષ્ઠાન દુષ્કર છે, કારણ કે કોણ પોતાનું માંસ કાપે ? અથવા તો કોના માંસને હોમવામાં આવતાં તરત જ અગ્નિમાંથી શિંગડા વિનાનું પશુ ઉપર આવે ? 'દેવોએ દિશાઓ ન જાણી, તેથી બીજો પણ દિશાઓ ન જાણે' એવો ઉપદેશ શક્ય નથી, કારણ કે ઉપદેશ દ્વારા દિગ્ભ્રાન્તિ કરવી શક્ય નથી. બધાં અર્થવાદવાક્યોમાંથી વિધિની કલ્પના કરવી શક્ય નથી, એટલે વચલો પક્ષ પણ સાચો નથી.

208. नापि तृतीयः पक्षः संभवति । वाक्यान्तरविहितकार्यरूपार्थौपयिकत्वं तदुपयोगिद्रव्यदेवतादिविधानद्वारकं भवति । यथा 'अग्निहोत्रं जुहोति' [तै०सं० १.५.९] इत्यत्र 'दध्ना जुहोति' 'पयसा जुहोति' इति द्रव्यविनियोगविधेः, 'यदग्नये च प्रजापतये च सायं जुहोति' इति देवताविधेर्वा । न चायमर्थवादेषु प्रकारः संभवति ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

न चैभिः 'व्रीहीनवहन्ति' 'व्रीहीन् प्रोक्षति' इतिवद् दृष्टाऽदृष्टा वा काचिदिति-कर्तव्यतोपदिश्यते । तस्मान्न तेषां तदौपयिकत्वम् ।

ननु प्रेक्षावतां प्ररोचनातिशयकरणेन प्रवृत्त्युत्साहमावहन्तोऽर्थवादास्तदुपयोगिनो भविष्यन्ति । नैतदपि सम्यक्, प्रवृत्त्युत्साहो हि केषाञ्चिन्मते निरपेक्षशब्दप्रत्यया-देव सिद्ध्यति । अस्मन्मते तु तत्प्रणेतृपुरुषप्रत्ययादिति किं प्ररोचनया ? 'एवं-काम इदं कुर्यात्' इत्युक्ते यस्तत्र न प्रवर्तते, स प्ररोचनयापि न प्रवर्तेतैवेति यत्कि-ञ्चिदेतत् ।

208. ત્રીજો પક્ષ પણ સંભવતો નથી. અન્ય વેદવાક્યથી વિહિત કર્મરૂપ અર્થમાં ઉપાયભૂત હોવાપણું તો તે કર્મ માટે ઉપયોગી દ્રવ્ય, દેવતા વગેરેના વિધાન દ્વારા હોય છે. ઉદાહરણાર્થ, 'તે અગ્નિહોત્રયાગ કરે છે' એમ કહ્યું છે; [આ વિધિવાક્યથી અગ્નિહોત્રયાગ કર્મ વિહિત છે;] અહીં 'દહીં વડે યાગ કરે છે,' 'દૂધ વડે યાગ કરે છે' એ વિનિયોગવિધિ દ્વારા અને 'અગ્નિને માટે અને પ્રજાપતિને માટે સાંજે યાગ કરે છે' એ દેવતાવિધિ દ્વારા [ઉપાયભૂત હોવાપણું છે]. આ રીત અર્થવાદોમાં સંભવતી નથી. [કઈ રીત ? દ્રવ્ય, દેવતા વગેરેના વિધાન દ્વારા, અન્ય વાક્યથી વિહિત કર્મમાં ઉપાયભૂત બનવાની રીત.] ઉપરાંત, 'વ્રીહિને ખાંડે છે' 'વ્રીહિ ઉપર પાણી છાંટે છે' એ વાક્યો જેમ દૃષ્ટ કે અદૃષ્ટ ઇતિકર્તવ્યતાનો ઉપદેશ આપે છે તેમ અર્થવાદવાક્યો દૃષ્ટ કે અદૃષ્ટ કોઈ ઇતિકર્તવ્યતાનો ઉપદેશ આપતા નથી. તેથી અર્થવાદોમાં વિહિત કર્મને ઉપાયભૂત બનવાપણું નથી.

શંકા—ખૂબ પ્રશંસા કરવા દ્વારા, પ્રવૃત્તિ કરવામાં બુદ્ધિમાનોનો ઉત્સાહ વધારતા અર્થવાદો પ્રવૃત્તિમાં ઉપયોગી બને છે.

પૂર્વપક્ષીનું સમાધાન—આ પણ બરાબર નથી. કેટલાકને મતે પ્રવૃત્તિ માટેનો ઉત્સાહ વેદમાં મૂકવામાં આવેલી શ્રદ્ધાથી જ સિદ્ધ થાય છે. અમારા મતે તો વેદના પ્રણેતા પુરુષમાં મૂકવામાં આવેલી શ્રદ્ધાથી જ તે સિદ્ધ થાય છે. તો પછી પ્રશંસાની શી જરૂર છે ? 'આ કામનાવાળો આ કરે' એમ કહેવામાં આવતાં, જે તેમાં પ્રવૃત્તિ નથી કરતો તે પ્રશંસા વડે પણ પ્રવૃત્ત થતો નથી જ. એટલે પ્રશંસાની વાત નિરર્થક છે.

209. तदेवं प्रकारत्रयेणाप्यर्थवादपदानामनन्वयात् एकदेशाक्षेपेण सर्वाक्षेप एव क्रियते इति अप्रमाणं वेदः ।

209. નિષ્કર્ષ એ કે આમ ત્રણેય રીતે અર્થવાદવાક્યગત પદોનો અન્વય સંભવતો ન હોઈ, વેદના એક ભાગ (અર્થવાદભાગ) ઉપર આનર્થક્યના આક્ષેપ ઉપરથી સમગ્ર વેદ ઉપર જ આનર્થક્યનો આક્ષેપ કરાય છે અને પરિણામે વેદ અપ્રમાણ ઠરે છે.

210. ननु यावत्येव प्रमाणान्तरविरुद्धत्वमुपलभ्यते तावत्येवाप्रामाण्यमस्तु, सर्वत्र तु कुतस्त्या तदाशङ्केति । मैवम्, तत्सामान्यादन्यत्राप्यनाश्वासः । मीमांसक-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पक्षे हि अर्थवादरहितकेवलवेदग्रन्थानुपलम्भात् तदनुषङ्गेण सर्वत्र साक्षेपत्वमवतरति । नैयायिकमते तु वेदप्रणेतुरीश्वरस्य क्वचिद्वितथवादित्वे दृश्यमाने, कथमन्यत्र सत्यवादितायां दृढः प्रत्ययो भवेदित्यप्रामाण्यं सर्वत्रेति ।

210. શંકા—જેટલામાં પ્રમાણાન્તરવિરુદ્ધત્વ પ્રાપ્ત થતું હોય તેટલામાં જ અપ્રામાણ્ય હો, [વેદમાં] બધે જ અપ્રામાણ્યની શંકા ક્યાંથી થઈ શકે ?

પૂર્વપક્ષીનો ઉત્તર—એવું નથી. પ્રમાણાન્તરવિરુદ્ધત્વ સમાન ધર્મ હોઈ, અન્યત્ર પણ આ શંકા બની રહે. મીમાંસકપક્ષમાં અર્થવાદરહિત કેવળ વેદગ્રન્થ ઉપલબ્ધ ન હોઈ અર્થવાદના સંસર્ગને લીધે સર્વત્ર [આનર્થક્યનો] આક્ષેપ વ્યાપે છે. નૈયાયિકના મતમાં વેદપ્રણેતા ઈશ્વરનું ક્યાંક વિતથવાદિત્વ જણાય તો બીજે તેની સત્યવાદિતામાં દૃઢ શ્રદ્ધા કેમ રહે ? એટલે વેદમાં સર્વત્ર અપ્રામાણ્ય છે.

211. अत्राभिधीयते । विध्येकवाक्यतयैव भूम्ना तावदर्थवादपदानि पठ्यन्ते । 'वायव्यं श्वेतमालभेत भूतिकामः वायुर्वै क्षेपिष्ठा देवता वायुमेव स्वेन भागधेयेनोपधावति स एवैनं भूतिं गमयति' [तै० सं० २.१.१] इति । तेषां तदेकवाक्यत्वादेव प्रामाण्यम् । 'वायुर्वै क्षेपिष्ठा देवता' इत्यतो यद्यपि क्रिया नावगम्यते, नापि तत्सम्बद्धः कश्चिदर्थः, तथाऽपि विध्युद्देशेनैकवाक्यत्वं प्रतीयते । 'भूतिकामः' इत्येवमन्तो विध्युद्देशः । तेनैकवाक्यभूतो 'वायुर्वै क्षेपिष्ठा' इत्येवमादिः ।

211. અહીં અમે નૈયાયિકો કહીએ છીએ– વિધિ સાથેની એકવાક્યતા સાથે જ ઘણા બધા અર્થવાદો વંચાય છે. 'સમૃદ્ધિની કામનાવાળો વાયુદેવતાને ધરાવવાનું શ્વેત પશુ હણે, વાયુ ખરેખર ઝડપી દેવ છે, વાયુના પોતાના ભાગધેય (અર્થાત્ તેને ધરાવવાના પશુ) સહિત તે વાયુની પાસે જાય, તે (વાયુ) જ તેને સમૃદ્ધિ ભણી લઈ જાય છે.' અર્થવાદપદોનું પ્રામાણ્ય વિધિ સાથેની એકવાક્યતાને કારણે છે. 'વાયુ ખરેખર ઝડપી દેવતા છે' એમ કહેતાં એમાંથી જો કે ક્રિયા કે ક્રિયા સાથે સંબંધ ધરાવતો અર્થ જ્ઞાત થતો નથી તો પણ વિધ્યુદ્દેશ સાથે તેનું એકવાક્યત્વ તો જણાય છે. 'भूतिकामः (=સમૃદ્ધિની કામનાવાળો)' એ શબ્દે સમાપ્ત થતો વિધ્યુદ્દેશ છે. તેની સાથે એકવાક્યભૂત છે 'वायुर्वै क्षेपिष्ठा (વાયુ ખરેખર ઝડપી)' વગેરે.

212. कथमेकवाक्यभावः ? पदानां साकाङ्क्षत्वात् । ननु 'भूतिकामः' इत्येवमन्तेन वाक्येन विधेयं विहितम्, उत्पादितं प्रतिपत्तुरनाकाङ्क्षत्वम्, कृतं च शब्दकर्तव्यमिति किमन्येन 'क्षेपिष्ठा' इत्यादिना प्रयोजनम् । तदर्थस्यैव स्तुतिरिति ब्रूमः ।

ननु स्तुत्याऽपि किं प्रयोजनम् ? स्तुतोऽस्तुतश्च तावानेव सोऽर्थः । मैवम्, सस्तुतिपदे हि वाक्ये स्तुतिपदसहितं विधायकं विधायकं भवति । किमिदानीं

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

केवलं लिङादियुक्तं वाक्यं न विधायकमुच्यते ? यदि स्तुतिपदानि न श्रूयन्ते तद् बाढं भवति विधायकम् । एतेषु च सत्सु तत्सहितं तद्विधायकं भवति, न केवलम्, तथा प्रतीतेः । स्तुतिपदसम्बन्धे सति भिन्नवाक्यता मा भूदिति विधिपदेन च स्तुतिपदेन च संभूयार्थो विधीयते, तथाऽवगमात् । अन्यथा हि प्रतीयमानः पदार्थान्वयस्त्यज्येत वाक्यभेदो वा कल्प्येत । तस्मान्न स्तुतिपदानामानर्थक्यम् ।

212. શંકા—એકવાક્યતા કેમ છે ?

નૈયાયિક – કારણ કે પદો સાકાંક્ષ છે.

શંકા —'ભૂતિકામ.' શબ્દે સમાપ્ત થતા વાક્ય વડે વિધેય વિહિત થયું છે, પ્રતિપત્તામાં (=શ્રોતામાં) અનાકાંક્ષપણું ઉત્પન્ન થયું છે અને શબ્દકર્તવ્ય પૂરું થયું છે, હવે બીજાનું અર્થાત્ 'ક્ષેપિષ્ઠા' વગેરેનું શું પ્રયોજન છે ?

નૈયાયિક—તે અર્થની જ સ્તુતિ [એનું પ્રયોજન છે] એમ અમે કહીએ છીએ.

શંકા —સ્તુતિની પણ શી જરૂર છે ? સ્તુતિ કરાયેલો કે ન કરાયેલો તે અર્થ તેટલો જ રહે છે.

નૈયાયિક—સ્તુતિપદવાળા વાક્યમાં, સ્તુતિપદ સહિતનું વિધિવાક્ય બને છે.

શંકા —શું અત્યારે તમે કેવળ લિઙ્ આદિ યુક્ત વાક્યને વિધિવાક્ય નથી કહેતા ?

નૈયાયિક—જો સ્તુતિપદો શ્રૂયમાણ નથી હોતા તો અવશ્ય તેવું [કેવળ લિઙ્ આદિ યુક્ત વાક્ય] વિધિવાક્ય બને છે અને જ્યારે સ્તુતિપદો હોય છે ત્યારે તે સ્તુતિપદો સહિતનું વાક્ય વિધિવાક્ય બને છે, ત્યારે [સ્તુતિપદો રહિતનું] કેવળ લિઙ્ આદિ યુક્ત વાક્ય વિધિવાક્ય બનતું નથી, કારણ કે તેવી પ્રતીતિ છે. વિધિપદનો સ્તુતિપદ સાથે સંબંધ થતાં ભિન્નવાક્યતા ન થાય એટલા ખાતર વિધિપદ અને સ્તુતિપદ બંને સાથે મળીને અર્થનું વિધાન કરે છે, કારણ કે એવું જ્ઞાન આપણને થાય છે. અન્યથા, દેખાતો પદાર્થાન્વય ત્યજવો પડે અથવા વાક્યભેદ કલ્પવો પડે. નિષ્કર્ષ એ કે સ્તુતિપદોનું આનર્થક્ય નથી.

213. ननु केवलस्यापि विधिवाक्यस्य सामर्थ्यात् किमर्थं स्तुतिपदानि प्रयुज्यन्त इति ? उच्यते । अपर्यनुयोज्यो जैमिनीयानां मते शब्दः, अस्माकं च भगवानीश्वरः । उक्ते सति प्रतिपत्तारो वयं वेदस्य, न कर्तारः । प्रतिपत्तौ च क्रमो दर्शितः । एवं च यद्यपि द्रव्यदेवतेतिकर्तव्यताविधानद्वारकमङ्गविधिवदर्थवादवाक्यानां कार्योपयिकत्वं नास्ति, तथापि प्रतीत्यङ्गत्वं न निवार्यते । अत एव प्रमाणोपयोगित्वमेनामाचक्षते, न प्रमेयोपयोगित्वम् । केवलविधिपदश्रवणे हि न तदाद्रियन्ते यज्वानः । तत्र विधिविभक्तिरवसीदति । तां निमज्जन्तीमिवार्थवादजनितकर्मप्राशस्त्यप्रत्यय उत्तम्भाति । 'सर्वजिता यजेत' इत्यतो न तथाविधः श्रद्धाऽतिशयो भवति, यथाविधः 'सर्वजिता वै देवाः सर्वमजयन् सर्वस्याप्त्यै सर्वस्य जित्यै सर्वमेवैतेन सर्वं

जयति' [तां० ब्रा० १६.७.२] इत्यर्थवादपदेभ्यः । लोकेऽपि 'इयं गौः क्रेतव्या' इत्यतो न तथा क्रेतारः प्रवर्तन्ते यथा 'एषा बहुस्निग्धक्षीरा सुश्लीला सापत्या अनघप्रजा च' इत्येवमादिभ्यः स्तुतिपदेभ्यः । स्वानुभवसाक्षिकोऽयमर्थः । अत एव केचिदश्रुतार्थवादकेऽपि विधिवाक्ये तत्कल्पनमिच्छन्ति, यथा क्वचिदर्थवादाद्विधिकल्पनमिति । यथोक्तम् 'विधिस्तुत्योः सदा वृत्तिः समानविषयेष्यते' इति [तं० वा० १.४.१३] । अनधिगम्यमानविधिसम्बन्धाच्चार्थवादाद्विधिरुन्नीयते, न गम्यमानविधिसम्बन्धात् ।

213. શંકા—[સ્તુતિરહિત] કેવળ વિધિવાક્ય સમર્થ છે તો પછી શા માટે સ્તુતિપદોનો [વાક્યમાં] પ્રયોગ કરવામાં આવે છે ?

નૈયાયિક—અમે ઉત્તર આપીએ છીએ. મીમાંસકોના મતે શબ્દ (અર્થાત્ વેદ) અપર્યનુયોજ્ય છે (અર્થાત્ જેની બાબતમાં પ્રશ્ન જ ન કરી શકાય તેવો છે); અને અમારા ભગવાન ઈશ્વર અપર્યનુયોજ્ય છે. વેદ બોલાય ત્યારે વેદના આપણે પ્રતિપત્તા (=જ્ઞાતા, શ્રોતા) છીએ, કર્તા નથી. વેદની પ્રતિપત્તિનો ક્રમ તો અમે દર્શાવી દીધો છે. અને આમ જો કે દ્રવ્ય, દેવતા, ઇતિકર્તવ્યતાના વિધાન દ્વારા અંગવિધિઓ જેમ કર્મમાં ઉપયોગી છે તેમ અર્થવાદવાક્યો ઉપયોગી નથી, તેમ છતાં સસ્તુતિક વિષયની પ્રતીતિનું તેઓ અંગ છે એ હકીકત ટાળી શકાય એવી નથી. [જ્યારે સ્તુતિપદો નથી હોતાં ત્યારે સ્તુતિરહિત વિષયની પ્રતીતિ થાય છે. પરંતુ જ્યારે સ્તુતિપદો હોય છે ત્યારે તો સસ્તુતિક વિષયની જ પ્રતીતિ થાય છે. તેથી અર્થવાદો સસ્તુતિક વિષયની પ્રતીતિનું કારણ છે, અંગ છે. અલબત્ત, અહીં પ્રતીતિ સસ્તુતિક વિષયની થાય છે પરંતુ અનુષ્ઠાન તો શુદ્ધ વિષયનું જ થાય છે.] એટલે જ અર્થવાદો પ્રમાણોપયોગી છે, પ્રમેયોપયોગી નથી એમ કહેવાય છે. કેવળ વિધિપદનું શ્રવણ થતાં યજ્ઞ કરનારાઓને તેના (=વિધિના) પ્રત્યે આદર જાગતો નથી. ત્યાં વિધિ પ્રત્યેની વિશેષ ભક્તિ મરવા પડે છે. તે ડૂબતી ભક્તિને જાણે કે કર્મના પ્રાશસ્ત્યનું અર્થવાદજનિત જ્ઞાન બચાવે છે, તારે છે. 'સર્વજિત્‌યજ્ઞ કરે' આ વિધિપદોમાંથી તેવો શ્રદ્ધાતિશય પેદા થતો નથી જેવો 'સર્વજિત્‌યજ્ઞ વડે દેવોએ ખરેખર બધું જીતી લીધું; સર્વની પ્રાપ્તિ માટે, સર્વની જીત માટે [દેવોએ સર્વજિત્ યજ્ઞ કર્યો;] આ સર્વજિત્ યજ્ઞ વડે સૌ બધું જીતે છે' આ અર્થવાદપદોમાંથી પેદા થાય છે. જગતમાં પણ 'આ ગાય ખરીદવી જોઈએ' એમ કહ્યું તેથી ખરીદનારા તેવા પ્રવૃત્ત થતા નથી જેવા તેઓ 'આ બહુ સ્નિગ્ધ દૂધ આપનારી છે, શુકનિયાળ છે, વાછરડાવાળી છે અને નિર્દોષ પ્રજાવાળી છે' એ સ્તુતિપદોથી પ્રવૃત્ત થાય છે. એટલે જ, જેમ કોઈકવાર અર્થવાદ ઉપરથી વિધિની કલ્પના કરવામાં આવે છે તેમ, કેટલાક જે વિધિવાક્યમાં અર્થવાદ શ્રુત નથી તેમાં પણ અર્થવાદની કલ્પના કરવાનું ઇચ્છે છે. જેમ કે કહેવામાં આવ્યું છે કે 'વિધિ અને સ્તુતિની પ્રવૃત્તિ સદાય સમાનવિષયા ઇચ્છવામાં આવી છે.' [અશ્રુત અને પરિણામે] જેનું જ્ઞાન નથી થતું એવી વિધિ સાથે જેનો સંબંધ હોય એવા અર્થવાદ ઉપરથી વિધિની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કલ્પના કરવામાં આવે છે, અને નહિ કે જે [શ્રુત હોઈ] જ્ઞાત છે એવા વિધિ સાથે જેનો સંબંધ છે એવા અર્થવાદ ઉપરથી.

214. अत एव च 'सोऽरोदीत्' इत्येवमादिभ्यो न 'रोदितव्यम्' इत्यादिविधिकल्पनमिष्यते । मुधैव पूर्वपक्षिणा तदाशङ्कितम् । विध्यन्तरेणैकवाक्यत्वं हि प्रत्यक्षमिहोपदिश्यते । 'बर्हिषि रजतं न देयम्' [तै०सं० १.५.१]इत्यस्य विधेः शेषोऽयं 'सोऽरोदीत्' इत्यादिः । 'रुद्रो रुरोद, तस्य यदश्रु अशीर्यत तद्रजतमभवत्। यो हि बर्हिषि रजतं ददाति पुराऽस्य संवत्सराद् गृहे रोदनं भवति' इति । तस्माद् बर्हिषि रजतं न देयमिति । 'प्राजापत्यमजं तूपरमालभेत' [तै० सं० २.१] इत्येतस्य विधेः शेषः 'प्रजापतिरात्मनो वपामुदखिदत्' इति । वपाहोममाहात्म्यप्रदर्शनार्थमुच्यते ——अग्नौ वै प्रगृहीतमात्रायां वपायामजस्तूपर उदगादिति । 'आदित्यः प्रायणीयश्चरुः' [तै०सं० ६.१.५] इत्यस्य विधेः शेषोऽयं 'देवा वै देवजयनमध्यवसाय दिशो न प्राजानन्' इति । व्यामोहानामादित्यः चरुर्नाशयिता यथा दिङ्मोहस्येति । एवं तत्र तत्र विधिशेषत्वमर्थवादानां वेदितव्यम् ।

214. એટલે જ 'તેણે રુદન કર્યું' ઇત્યાદિ ઉપરથી 'રુદન કરવું જોઈએ' ઇત્યાદિ વિધિની કલ્પના ઇચ્છવામાં નથી આવી. પૂર્વપક્ષીએ નકામી જ તે આશંકા કરી છે, કારણ કે અન્ય વિધિ સાથે [તે અર્થવાદની] એકવાક્યતા અહીં સીધી જણાવાઈ છે. 'બર્હિષ્યજ્ઞમાં રજત ન આપવું જોઈએ' એ વિધિનો શેષભાગ 'તેણે રુદન કર્યું' વગેરે છે. [સમગ્ર વાક્ય આ પ્રમાણે છે—] 'રુદ્રે રુદન કર્યું', એનાં જે આંસુ પડ્યાં તે રજત બન્યાં; તેથી બર્હિષ્યજ્ઞમાં જે રજત આપે છે તેના ઘરમાં સંવત્સર પહેલાં રડારોળ થાય છે; માટે બર્હિષ્યજ્ઞમાં રજત ન દેવું'. 'પ્રજાપતિ માટેના શિંગડા વિનાના બોકડાને કાપવો.' આ વિધિનો શેષભાગ છે 'પ્રજાપતિએ પોતાનું માંસ કાપ્યું.' માંસ હોમવાનું માહાત્મ્ય દર્શાવવા માટે કહેવાયું છે કે 'જેવો અગ્નિ માંસને ગ્રહણ કરે છે કે તરત જ શિંગડા વિનાનો બોકડો [આકાશમાં] ઉપર જાય છે.' 'યજ્ઞની શરૂઆત જેનાથી થાય છે તે ચરુ (=દૂધમાં રાંધેલો ભાત) અદિતિ દેવતા માટેનો હોય છે' આ વિધિનો શેષ ભાગ છે 'દેવો(=ઋત્વિજો) ખરેખર યજ્ઞસ્થાનને નક્કી કર્યા પછી દિશાઓની ભ્રાન્તિ પામ્યા (અર્થાત્ કયા કર્મ પછી કયું કર્મ કરવું તે ક્રમવિષયક ભ્રાન્તિ પામ્યા.)' જેમ દિઙ્મોહનો નાશક [સૂર્ય છે] તેમ વ્યામોહોનો (ભ્રાન્તિઓનો) નાશક અદિતિદેવતા માટેનો ચરુ છે. આમ તે તે સ્થાને અર્થવાદોનું વિધિશેષપણું સમજવું જોઈએ.

215. कथं पुनरिदमसत्यमेवोच्यते रुद्ररुदिताद् रजतमजायत, प्रजापतिवपाहोमसमिद्धादग्नेरजस्तूपर उदगादिति । उच्यते । नेदमसत्यम् । यदस्य वाक्यस्य प्रतिपाद्यं तत्र सत्यार्थमेवेदम् । न चास्य यथाश्रुतोऽर्थः प्रतिपाद्यः, किन्तु विधेयो निषेध्यो वा कश्चिदर्थः । इहान्वाख्याने द्वयमापतति—यच्च वृत्तान्तज्ञानं यच्च



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कस्मिँश्चिदर्थे प्ररोचना द्वेषो वा। तत्र वृत्तान्तज्ञानं न प्रवर्तकं, न निवर्तकमिति प्रयोजनाभावादनर्थकमनादरणीयम्। प्ररोचनाद्वेषौ तु प्रवृत्तिनिवृत्त्यङ्गत्वात् तदर्थौ गृहीत्वा प्ररोचनायाः प्रवर्तेत द्वेषान्निवर्तेतेति। तत्र तत्प्रतिपाद्यसत्यार्थ एवार्थवादः।

215. શંકા—પણ 'રુદ્રના આંસુમાંથી રજત પેદા થયું' 'પ્રજાપતિવપાહોમના પ્રજ્વલિત અગ્નિમાંથી શિંગડા વિનાનો બોકડો ઉપર [આકાશમાં] ગયો' એવા આ અસત્યને જ શા માટે કહેવામાં આવે છે ?

નૈયાયિક—ઉત્તર આપીએ છીએ. આ અસત્ય નથી. આ વાક્યનું જે પ્રતિપાદ્ય છે તેમાં આ સત્યાર્થ છે જ. યથાશ્રુત (=વાચ્ય) અર્થ આનો પ્રતિપાદ્ય નથી, પરંતુ વિધેય કે નિષેધ્ય કોઈક અર્થ પ્રતિપાદ્ય છે. અહીં અનુવાદવાક્યરૂપ અર્થવાદમાં બેય આવી પડે છે- જે વૃત્તાન્તજ્ઞાન છે તે અને અમુક કોઈ બાબતને અનુલક્ષી જે પ્રશંસા કે નિંદા તે, તેમાં વૃત્તાન્તજ્ઞાન પ્રવર્તક પણ નથી કે નિવર્તક પણ નથી; પ્રવર્તકત્વ કે નિવર્તકત્વરૂપ) પ્રયોજનનો અભાવ હોવાથી [વૃત્તાન્તજ્ઞાન] અનર્થક છે. અનાદરણીય છે. પ્રશંસા અને નિંદા [અનુક્રમે] પ્રવૃત્તિ અને નિવૃત્તિનાં કારણ હોઈ, પ્રશંસા અને નિંદાના અર્થોને ગ્રહણ કરીને પ્રશંસાથી પ્રવૃત્તિ કરે અને નિંદાથી નિવૃત્ત થાય. ત્યાં પ્રશંસા અને નિંદાથી પ્રતિપાદ્ય [વિધેય કે નિષેધ્ય અર્થરૂપ] સત્ય અર્થવાળો અર્થવાદ છે.

2 6. यत्त्वरुदति रुद्रे कथं तद्रोदनवचनम्? अरोदनप्रभवे वा रजते कथं तदुद्भवताभिधानमिति। गुणवादमात्रम्। गौण एष वादः। श्वेतवर्णसारूप्यादिना रोदनप्रभवं रजतं निन्दितुमुच्यते। एवं पशुयागे वपाहोमप्रशंसायै 'प्रजापतिरात्मनो वपामुदखिदत्' इति वृत्तान्ताख्यानं योजनीयम्। आदित्यचरुप्रशंसायै 'देवा देवयजनमध्यवसाय दिशो न प्राजानन्' इति।

अथ वा नैयायिकानामनेकप्रकारपुरुषातिशयवादिनां यथाश्रुतेऽप्यर्थे नात्यन्तमसंभवः। रुद्रस्य रुदिताद्रजतजन्म, प्रजापतेर्वपोत्खेदः, तद्धोमात् तूपरपशूद्गमः, देवानां देवयजनाध्यवसाने दिङ्मोह इत्येवंजातीयकमपि सत्यमस्तु, को दोषः? तत् सर्वथाऽर्थवादानां प्रामाण्यम्।

216. શંકા ન રડતા રુદ્રની બાબતમાં પેલું રુદનનું કથન ક્યાંથી ? રુદનમાંથી ન જન્મેલી રજતની બાબતમાં રુદનમાંથી તેના ઉદ્ભવનું કથન કેમ ?

નૈયાયિક—એ તો કેવળ ગૌણ (=લક્ષ્યાર્થ) વચન છે. આ ગૌણ વચન છે. શ્વેતવર્ણના સારૂપ્ય વગેરેને કારણે તેમ જ રજતની નિંદા કરવા માટે રજતને રુદનમાંથી જન્મેલું કહ્યું છે. એ જ રીતે પશુયાગમાં માંસ હોમવાની પ્રશંસા કરવા ખાતર 'પ્રજાપતિએ પોતાનું માંસ કાપ્યું' એવું વૃત્તાન્તવ્યાખ્યાન યોજવું જોઈએ. અદિતિદેવતા માટેના ચરુની પ્રશંસા માટે 'દેવો (ઋત્વિજો) ખરેખર યજ્ઞસ્થાનને નક્કી કર્યા પછી દિશાઓની ભ્રાન્તિ પામ્યા' એમ કહ્યું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. અથવા અનેક પ્રકારના પુરુષાતિશયો (=ધર્મો અને અધર્મો) માનનારા નૈયાયિકોના મતે તો અર્થવાદનો પ્રતિપાદ્ય અર્થ યથાશ્રુત માનવો અત્યંત અસંભવ નથી. રુદ્રના આંસુઓમાંથી રજતનો જન્મ, પ્રજાપતિએ પોતાનું જ માંસ કાપવું, તે હોમમાંથી શિંગડારહિત પશુનું આકાશે ઊંચે ચઢવું, દેવોના યજ્ઞસ્થાનના નિશ્ચયમાં પછી યજ્ઞનાં કર્મો કયા ક્રમે કરવાં એની દેવોને મુઝવણ થવી — આ જાતનું બધું સત્ય હો ! [એમાં] શો દોષ છે ? તેથી અર્થવાદ સર્વથા પ્રમાણ છે.

217. एवं स्तेनं मनोऽनृतवादिनी वागिति गौण एष वादः । प्रच्छन्नतया स्तेनं मन उच्यते, बाहुल्याभिप्रायेण चानृतवादिनी वागिति ।

'धूम एवाग्नेर्दिवा ददृशे नार्चिरर्चिरेवाग्नेर्नक्तं ददृशे न धूमः' इति दूरभूयस्त्वाभिप्रायेण कस्मैचित् प्रयोजनाय सायंप्रातर्होमदेवतास्तुतये कथ्यते ।

'न चैतद्विद्मो यदि ब्राह्मणाः स्मोऽब्राह्मणा वा' इति प्रवरानुमन्त्रणप्रशंसायै संशय इव दर्शितः । अब्राह्मणोऽपि यजमानः प्रवरानुमन्त्रणेन ब्राह्मणः स्यादिति । 'को ह वै तद्वेद यदमुष्मिल्लोकेऽस्ति वा न वा' इति दृष्टफलं किमपि कर्म स्तोतुमुच्यते ।

217. એ જ રીતે 'મન ચોર છે, વાણી અસત્ય બોલનારી છે' આ વાક્ય ગૌણ (=લક્ષ્યાર્થવાળું) છે. ઢંકાયેલું રહેવું હોવાને કારણે મનને ચોર કહ્યું છે. બાહુલ્યાભિપ્રાયથી વાણીને અસત્ય બોલનારી કહી છે. 'અગ્નિમાંથી નીકળતો ધુમાડો દિવસે દેખાયો, જ્વાળા ન દેખાઈ; અગ્નિની જ્વાળા રાતે દેખાઈ, ધુમાડો દેખાયો નહિ' એમ તેમનું ઘણું અંતર જણાવવાના અભિપ્રાયથી કોઈક ખાસ પ્રયોજનને લીધે સાયંકાલીન અને પ્રાતઃકાલીન હોમની સ્તુતિ કરવા માટે કહેવાયું છે. [ઘણે દૂર રહેલી વ્યક્તિને દિવસે ધુમાડો દેખાય પણ જ્વાળા ન દેખાય જ્યારે રાતે જ્વાળા દેખાય પણ ધુમાડો ન દેખાય.] 'અમે જાણતા નથી કે અમે બ્રાહ્મણો છીએ કે અબ્રાહ્મણો' એમ કહી, પ્રવરમંત્રોચ્ચારથી થતાં શુદ્ધિકર્મની પ્રશંસા માટે જાણે કે સંશય દર્શાવ્યો છે. યજમાન અબ્રાહ્મણ હોય તો પણ પ્રવરમંત્રોચ્ચારથી થતા શુદ્ધિકર્મથી બ્રાહ્મણ બને. 'કોણ જાણે છે કે પરલોકમાં તે (=સ્વર્ગાદિ ફળ) છે કે નહિ ?' એમ જે કહેવામાં આવ્યું છે તે દૃષ્ટફળવાળા કોઈ પણ કર્મની પ્રશંસાર્થે કહેવામાં આવ્યું છે.

218. 'शोभतेऽस्य मुखं य एवं वेद' इति विद्याप्रशंसैषा । शोभते इति शिष्यैरुद्वीक्ष्यमाणस्य मुखमिति । सर्वान् कामानवाप्नोति इति सर्वत्वं प्रकृतापेक्षम् । स्तुत्यर्थं चाश्वमेधाध्ययनेऽपि तत्फलवचनम् ।

'हिरण्यं निधाय चेतव्यम्' इति स्तुत्यर्थतया दिव्यन्तरिक्षे पृथिव्यां च चयनं प्रतिषिध्यते । अनुपहितहिरण्यायां पृथिव्यामग्निर्न चेतव्यो, न पुनर्न चेतव्य एव तस्यामिति ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'आदित्यो यूपः' इति अञ्जने सति तेजस्वितया यूपस्यादित्यरूपतास्तुतये कथ्यते । तत्कार्यकारित्वाच्च यजमानः प्रस्तर उच्यते । न हि मुख्ययैव वृत्त्या लोके शब्दाः प्रवर्तन्ते, गौण्याऽपि वृत्त्या व्यवहारदर्शनात् । एवं वेदेऽपि तेषां तथा प्रयोगो भविष्यति । इत्थं च मन्त्रेष्वप्यैन्द्र्या गार्हपत्योपस्थानमविरुद्धम् ।

218. 'જે આ પ્રમાણે જાણે છે તેનું મુખ શોભે છે'— આ વિદ્યાપ્રશંસા છે. જ્યારે [પ્રશંસા કરતા ઉત્કંઠિત] શિષ્યો ગુરુમુખ તરફ ઊંચે જુએ છે ત્યારે ગુરુમુખ શોભે છે એમ અર્થ છે. 'સર્વ કામનાઓ પૂરી થાય છે' એમાં 'સર્વત્વ' પ્રકૃતની અપેક્ષાએ [સમજવાનું] છે. પ્રશંસા કરવા માટે અશ્વમેધાધ્યયનમાં તેનું ફળ જણાવતું આ વાક્ય છે. 'સુવર્ણ મૂકીને પછી અગ્નિ સળગાવવો' એમ કહી આ કર્મની સ્તુતિ કરવા માટે આકાશમાં, અન્તરિક્ષમાં અને પૃથ્વી ઉપર અગ્નિ સળગાવવાનો પ્રતિષેધ કરવામાં આવ્યો છે. જેની અંદર સુવર્ણ મૂકવામાં આવ્યું નથી તે પૃથ્વી ઉપર અગ્નિ ન સળગાવવો જોઈએ અને નહિ કે પૃથ્વી ઉપર તેને સળગાવવો જ ન જોઈએ. [ઘીનો] લેપ થતાં આવેલા ચળકાટને કારણે યૂપની જે આદિત્યરૂપતા થાય છે તેની સ્તુતિ માટે 'યૂપ આદિત્ય છે' એમ કહેવામાં આવ્યું છે. તેમું (યજમાનનું) [યજ્ઞ પાર પાડવા રૂપ] કાર્ય પ્રસ્તર કરતો હોઈ, યજમાન પ્રસ્તર કહેવાય છે. લોકમાં (અર્થાત્ લૌકિક વ્યવહારમાં) શબ્દો વાચ્યાર્થમાં જ પ્રવૃત્ત થતા નથી, કારણ કે ગૌણાર્થ(=લક્ષ્યાર્થ)માં તે પ્રયોજાતા દેખાય છે. એ જ રીતે વેદમાં પણ તેમનો તેવો પ્રયોગ થાય છે. આમ, ગાર્હપત્ય અગ્નિનું ઉપસ્થાન (=પૂજા) ઇન્દ્રના માનમાં રચાયેલી ઋચાઓ ઉચ્ચારી કરે તો તેમાં કોઈ વિરોધ નથી. [વેદમાં શબ્દનો લક્ષ્યાર્થમાં પ્રયોગ થતો હોઈ, 'ઇન્દ્ર' શબ્દ રૂઢિથી ઇન્દ્રનો વાચક હોવા છતાં ઐશ્વર્યવિશેષની વિવક્ષાને કારણે ગાર્હપત્યનો વાચક પણ બને.]

219. एवं स्तुतिनिन्दास्वरूपास्तावदर्थवादाः विध्येकवाक्यत्वेन प्रमाणम् । परकृतिपुराकल्पस्वरूपा अपि तथैव योज्याः ।

क्वचित्पुनरर्थवादेनैव कश्चिदंशः पूर्यते इति न तु प्रतीत्यङ्गत्वमेव, तस्य कार्याङ्गत्वमपि भवति । यथा 'प्रतितिष्ठन्ति ह वा य एता रात्रीरुपासते' [तै०सं० ७.३.१०] इत्यश्रूयमाणाधिकारस्य रात्रिसत्रविधेरधिकारांशोऽर्थवादादेव लभ्यते । यथोक्तं 'फलमात्रेयो निर्देशात्' इति [जै.सू. ४.३.१८] । तत्र हि प्रतिष्ठाकामाः सत्रमासीरन्नित्यर्थवादवशाद् गम्यते वाक्यार्थः ।

219. આમ, સ્તુતિસ્વરૂપ અને નિન્દાસ્વરૂપ અર્થવાદો વિધિ સાથે એકવાક્યતા ધરાવતા હોઈ પ્રમાણ છે. પરકૃતિસ્વરૂપ અને પુરાકલ્પસ્વરૂપ અર્થવાદોને પણ તે પ્રમાણે જ યોજવા જોઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કેટલીક વાર વળી અર્થવાદ જ કોઈક અંશની પૂર્તિ કરે છે, એટલે તે પ્રતીતિનું જ કારણ નથી, કાર્ય (=કર્મ)નું પણ કારણ છે. ઉદાહરણાર્થ, 'જેઓ આ રાત્રિઓની ઉપાસના કરે છે તેઓ પ્રતિષ્ઠા પામે છે' એ અર્થવાદમાંથી જ અશ્રૂયમાણાધિકારવાળી રાત્રિસત્રવિધિનો અધિકારાંશ પ્રાપ્ત થાય છે, જેમકે કહેવામાં આવ્યું છે કે 'આત્રેય આચાર્યને મતે [તેનું] ફળ છે કારણ કે ફળનો નિર્દેશ [અર્થવાદમાં] થયો છે', કારણ કે ત્યાં 'જેમને પ્રતિષ્ઠાની કામના હોય તે રાત્રિસત્રની ઉપાસના કરે' એવો વાક્યાર્થ અર્થવાદને કારણે જ્ઞાત થાય છે. ['૩૩ રાત્રિઓની ઉપાસના કરે' એટલો વિધિ છે. કઈ કામનાવાળો કરે એ કહેવામાં આવ્યું નથી. તે અંશની પૂર્તિ અર્થવાદ કરે છે.]

220. क्वचिद्विधिवाक्यस्यार्थसंदेहेऽर्थवादात्मकाद् वाक्यशेषात् तन्निश्चयो भवति । यथा 'अक्ताः शर्करा उपदधाति' [तै० ब्रा० ३.१२.५] इत्यञ्जनद्रव्ये घृततैलवसादिभेदेन संदिह्यमाने 'तेजो वै घृतम्' [तै० ब्रा० ३.१२.५] इति अर्थवादाद् घृतेनाक्ताः शर्करा उपधेया इति गम्यते ।

220. કેટલીક વાર જ્યારે વિધિવાક્યના અર્થનો સંદેહ થાય છે ત્યારે અર્થવાદરૂપ વાક્યશેષથી તેનો નિશ્ચય થાય છે. ઉદાહરણાર્થ, 'ચોપડેલી ઈંટો મૂકે છે' એમ કહેવામાં આવતાં ચોપડવાના દ્રવ્યો ઘી તેલ, ચરબી વગેરે બાબત સંદેહ જાગતાં 'ખરેખર ઘી તેજ છે' એ અર્થવાદ ઉપરથી ઘી વડે ચોપડેલી ઈંટો મૂકવી જોઈએ એવો નિશ્ચય થાય છે.

221. इत्यर्थवादा विधिनैक्यभावात्
तद्वत्प्रमाणत्वममी भजन्ते ।
अस्ति प्रतीत्यन्वयिता हि तेषां
क्वचिच्च कार्यान्वयिता तु दृष्टा ॥
यद्वा स्वरूपपरतामपि संस्पृशन्ति
प्रामाण्यवर्त्म त इमे न परित्यजन्ति ।
नैयायिका हि पुरुषातिशयं वदन्तो
वृत्तान्तवर्णनमपीह यथार्थमाहुः ॥
आदित्ययूपवचनादिषु तु स्वरूप-
याथार्थ्यमित्थमुपपादयितुं न शक्यम् ।
गौणीं तु वृत्तिमवलम्ब्य कृता तदर्थ-
व्याख्येति तेष्वपि न विप्लवनावकाशः ॥

221. નિષ્કર્ષ એ કે વિધિ સાથે એકવાક્યતા હોવાથી આ અર્થવાદો વિધિની જેમ પ્રમાણ છે. તેમનામાં પ્રતીત્યંગત્વ તો છે જ, કેટલીકવાર કાર્યાંગત્વ પણ તેમનામાં દેખાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અથવા તો સ્વરૂપપરતાને (=વૃત્તાન્તને, હકીકતને) સ્પર્શતા તેઓ પ્રામાણ્યનો માર્ગ ત્યજતાં નથી, કારણ કે પુરુષાતિશયની વાત કરતા નૈયાયિકો વૃત્તાન્તવર્ણનને પણ અહીં યથાર્થ જ જણાવે છે. 'યૂપ આદિત્ય છે' જેવાં વચનોની બાબતમાં સ્વરૂપયથાર્થતા ઘટાવવી શક્ય નથી, તેથી ગૌણીવૃત્તિનો આશરો લઈ તેના અર્થની વ્યાખ્યા કરવામાં આવી છે, એટલે તે વાક્યોમાં પણ ગોટાળાને અર્થાત્ અપ્રામાણ્યને અવકાશ નથી.

222. अथेदानीं मन्त्रा विचार्यन्ते । किमर्थप्रकाशनद्वारेण विध्यर्थोपयोगिता तेषामुतोच्चारणमात्रेणेति । ननूभयथाऽपि प्रामाण्याविशेषात् किं तद्विचारेण ? न हीदं शास्त्रं वेदस्यार्थविचाराय मीमांसावत् प्रवृत्तम् , अपि तु प्रामाण्यनिर्णयायैवेति । सत्यम् , प्रामाण्यनिर्णयायेदं शास्त्रं प्रवृत्तम् । अविवक्षितार्थत्वे तु मन्त्राणामप्रतिपादकत्वलक्षणमप्रामाण्यमेव भवेत् । तत्सामान्याद्वेदब्राह्मणवाक्यानामपि तथाभावप्रसङ्ग इति वेदस्य कर्मावबोधार्थत्वं हीयते । न च संशयविपर्ययजननमेवाप्रामाण्यम् , अज्ञानजनकत्वमप्यप्रामाण्यमेव ।

222. હવે અમે મંત્રોનો વિચાર કરીએ છીએ. [યજ્ઞકર્મમાં પ્રયોજ્ય] પદાર્થોને પ્રકાશિત કરી અર્થાત્ યાદ કરાવી તે દ્વારા તેઓ વિધ્યર્થને ઉપયોગી બને છે કે ઉચ્ચારણ માત્ર દ્વારા વિધ્યર્થને ઉપયોગી બને છે ?

શંકા – બંને રીતેય પ્રામાણ્ય સમાનપણે રહેતું હોઈ તેનો વિચાર કરવાનું શું પ્રયોજન ? આ ન્યાયશાસ્ત્ર મીમાંસાશાસ્ત્રની જેમ વેદના અર્થનો વિચાર કરવા માટે પ્રવૃત્ત થયું નથી, પરંતુ વેદના પ્રામાણ્યનો નિર્ણય કરવા માટે જ પ્રવૃત્ત થયું છે.

નૈયાયિક – સાચું, વેદના પ્રામાણ્યનો નિર્ણય કરવા માટે જ આ ન્યાયશાસ્ત્ર પ્રવૃત્ત થયું છે. મંત્રોનો અર્થ અવિવક્ષિત હોય છે એમ માનતાં તો અપ્રતિપાદકત્વરૂપ અપ્રામાણ્ય જ થાય. [બીજા શબ્દોમાં, મંત્રોનો વિવક્ષિત કોઈ અર્થ જ નથી એમ માનતાં મંત્રો કોઈ અર્થનું પ્રતિપાદન કરતા નથી અને પરિણામે અપ્રમાણ છે એવી આપત્તિ આવી પડે] વેદવાક્યો અને બ્રાહ્મણવાક્યોમાં વેદત્વ સામાન્ય હોવાથી તે બંનેમાં અપ્રામાણ્યની આપત્તિ આવે, એટલે વેદ કર્મનું જ્ઞાન કરાવે છે એ જાતનું તેનું કર્માવબોધાર્થત્વ પણ હાનિ પામે. અને સંશય અને વિપર્યયને પેદા કરવાં તે જ અપ્રામાણ્ય નથી, જ્ઞાનને ન ઉત્પન્ન કરવું એ પણ અપ્રામાણ્ય જ છે.

223. तदुच्यते । उच्चारणमात्रोपकारिणो मन्त्राः । कुतः ? तथा विनियोगोपदेशात् । 'उरु प्रथा उरु प्रथस्व इति पुरोडाशं प्रथयति' [वा. सं. १.२२] इति । यद्यर्थप्रकाशनोपकारिणो मन्त्राः, सामर्थ्यादेव प्रथनोपयोगी मन्त्रोऽयमिति, किमर्थं प्रथने विनियुज्यते वचनेन ? यथा साक्षः पुरुषः परेण चेन्नीयते, नूनमक्षिभ्यां न पश्यतीति गम्यते । 'अग्नीदग्नीन् विहर' इति च करोत्येवासौ ऋत्विगग्निविहरणम्, किं वचनेन ? उच्चारणमात्रोपकारिणि मन्त्रे तदुच्चारणादेवादृष्टं किञ्चिदुपकारजातं कल्प्यते ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

223. શંકાકાર—તેનો ઉત્તર આપીએ છીએ ઉચ્ચારણમાત્રથી વિધ્યર્થને મંત્રો ઉપયોગી છે કેમ ? કારણ કે તે પ્રમાણે (અર્થાત્ ઉચ્ચારણમાત્રથી) મંત્રના વિનિયોગનો ઉપદેશ છે, જેમ કે ["હે પુરોડાશ !] વિસ્તીર્ણ થઈને વિસ્તાર પામ એમ ઉચ્ચારી પુરોડાશને વિસ્તારે". મંત્રો પદાર્થોને પ્રકાશિત કરવામાં ઉપકારી હોય તો આ મંત્રના સામર્થ્યથી જ અર્થાત્ પોતાના અર્થથી જ મંત્ર પ્રથનક્રિયામાં ઉપયોગી બને, તો પછી શા માટે પ્રથનક્રિયામાં આ મંત્ર ઉપયોગી છે એમ જણાવી મંત્રોચ્ચાર કરનારને (=યજ્ઞકર્તાને) પ્રથનક્રિયામાં આ મંત્ર બોલવાની સૂચના આપવામાં આવે છે ? ચક્ષુવાળો પુરુષ બીજાથી દોરવાતો હોય તો ખરેખર તે ચક્ષુઓ વડે દેખતો નથી એવું સમજાય. 'હે અગ્નિ સળગાવનાર ઋત્વિક્ ! તું અગ્નિઓને લઈ જા (अग्नीदग्नीन् विहर)' એ મંત્ર બોલતો એ ઋત્વિક્ અગ્નિવિહરણકર્મ કરે છે જ; તો પછી 'અગ્નિવિહરણકર્મમાં આ મંત્ર ઉપયોગી છે માટે તે કર્મ કરતી વખતે તે મંત્ર બોલો' એમ વચનથી સૂચવવાનું પ્રયોજન જ ક્યાં રહ્યું ? મંત્ર ઉચ્ચારણમાત્રથી વિધ્યર્થને ઉપકાર કરતો હોય તો ઉચ્ચારણથી કંઈક અદૃષ્ટ ઉપકાર જન્મે છે એમ કલ્પવામાં આવે છે.

224. वाक्यक्रमनियमाच्चाविवक्षितार्थान् मन्त्रानवगच्छामः । नियतपदक्रमा हि मन्त्राः पठ्यन्ते । यद्यर्थप्रतिपादनेनोपकुर्युः नियतक्रमाश्रयणमनर्थकं स्यात् , क्रमान्तरेणापि तदर्थावगमसंपत्तेः ।

224. મંત્રો વિવક્ષિત અર્થ ધરાવતા નથી એવું વાક્યગત પદોના નિયત ક્રમના નિયમ ઉપરથી અમને જણાય છે. અમુક નિયત ક્રમમાં પદો ધરાવતા મંત્રો ઉચ્ચારાય છે. જો મંત્રો અર્થનું પ્રતિપાદન કરી તે દ્વારા વિધ્યર્થને ઉપકાર કરતા હોત તો નિયતક્રમને વળગી રહેવું અર્થ વગરનું બની જાય, કારણ કે બીજા ક્રમથી પણ તે અર્થનું જ્ઞાન થાય છે.

225. इतश्चाविवक्षितार्था मन्त्राः । अविद्यमानार्थप्रकाशिनो हि केचिद् दृश्यन्ते । यथा 'चत्वारि शृङ्गा त्रयो अस्य पादाः द्वे शीर्षे सप्त हस्तासो अस्य । त्रिधा बद्धो वृषभो रोरवीति महो देवो मर्त्यानाविवेश' [ऋग्वेद ४.५८.३] इति । न हि चतुःशृङ्गं त्रिपादं द्विशिरस्कं सप्तहस्तं किञ्चिद् यज्ञसाधकमस्ति, यदनेन प्रकाश्येत ।

225 અને આ કારણે પણ મંત્રો વિવક્ષિત અર્થવાળા નથી—કેટલાક મંત્રો અવિદ્યમાન પદાર્થને જણાવતા દેખાય છે, જેમકે 'એને ચાર શિંગડાં છે, ત્રણ પગ છે, બે માથાં છે, સાત હાથ છે. ત્રણ પ્રકારે બાંધેલો બળદ મોટો અવાજ કરે છે. મોટો દેવ મર્ત્યોમાં પ્રવેશ્યો (चत्वारि शृङ्गा વગેરે)' ચાર શિંગડાંવાળું, ત્રણ પગવાળું, બે માથાવાળું અને સાત હાથવાળું કોઈ યજ્ઞસાધન પશુ છે નહિ કે જેને આ મંત્ર પ્રકાશિત કરે (અર્થાત્ જણાવે)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

226. इतश्चैवम् । अचेतनप्रैषप्रदर्शनाद् 'ओषधे त्रायस्वैनम्' इति [तै० सं० १.१.२] । न ह्योषधिर्बुद्ध्यते त्राणाय नियुक्तास्मीति । 'शृणोत ग्रावाणः' इति [तै०सं० १.३.१३] चोदाहरणम् । न ह्यचेतना ग्रावाणः श्रोतुं नियुज्यन्ते ।

226 અને આ કારણેય મંત્રો વિવક્ષિત અર્થવાળા નથી. [મંત્રો વિવક્ષિત અર્થવાળા નથી] કારણ કે જડ વસ્તુઓને હુકમ કરવામાં આવતો દેખાય છે, જેમ કે 'હે ઓષધિ! આને બચાવ'. ઓષધિને જ્ઞાન થતું નથી કે આને બચાવવા માટે મને હુકમ કરવામાં આવ્યો છે. 'પત્થરો સાંભળો' આ બીજું ઉદાહરણ છે, કારણ કે અચેતન પત્થરને સાંભળવા માટે હુકમ કરાતો નથી.

227. अपि च 'अदितिर्द्यौरदितिरन्तरिक्षम्' इति [तै० आ० १.१३] विप्रतिषिद्धमभिवदन्ति मन्त्राः । कथं सैव द्यौस्तदेवान्तरिक्षं भवितुमर्हति ।

227. વળી, 'અદિતિ આકાશ છે, અદિતિ અન્તરિક્ષ છે' એવી પરસ્પરવિરોધી વાત મંત્રો કહે છે કેવી રીતે તે જ આકાશ તે જ અન્તરિક્ષ હોઈ શકે ? (અર્થાત્ જે આકાશ છે તે જ અન્તરિક્ષ કેવી રીતે હોઈ શકે ?)

228. केषाञ्चिच्च मन्त्राणामर्थो ज्ञातुमेव न शक्यते । ते कथमर्थप्रकाशनेनोपकुर्युः ? 'अम्यक्सात इन्द्रः ऋष्टिः' इति [ऋ० सं० २.८] 'सृण्येव जर्भरीतुर्फरीतु' इति [ऋ० सं० ८.६.२] 'इन्द्रः सोमस्य काणुका' [ऋ० सं० ३.३.९१] इति च । तस्मादविवक्षितार्था मन्त्राः ।

228. કેટલાક મન્ત્રોનો અર્થ જાણવો જ શક્ય નથી. તો પછી તે મન્ત્રો કેવી રીતે પદાર્થને જણાવી (અર્થાત્ યાદ કરાવી) વિધ્યર્થનો ઉપકાર કરે ? એવા મંત્રોના ઉદાહરણો છે—'અમ્યક્સા ત ઇન્દ્ર ઋષ્ટિઃ', 'સૃણ્યેવ જર્ભરીતુર્ફરીતુ', 'ઇન્દ્રઃ સોમસ્ય કાણુકા'. તેથી, મંત્રો વિવક્ષિત અર્થને જણાવતા નથી.

229. अपि चोच्चारणमुभयथाऽपि कर्तव्यं मन्त्राणामदृष्टाय वाऽर्थप्रत्यायनाय वा, यतोऽर्थमपि नानुच्चारिताः शब्दाः प्रत्याययितुमुत्सहन्ते । तस्मादवश्यकर्तव्येऽस्मिन्नुच्चारणे तत एव यज्ञोपकारे सिद्धे किमर्थप्रतिपादनद्वारपरिग्रहेण प्रयोजनमिति ।

229. વળી, મંત્રનું ઉચ્ચારણ તો બેમાંથી કોઈ પણ પક્ષ સ્વીકારો તોય કરવું જ પડવાનું—ભલે તે મંત્રો અદૃષ્ટ માટે હોય કે અર્થ જણાવવા માટે હોય, કારણ કે અનુચ્ચરિત શબ્દો તો અર્થને જણાવવા ઉત્સાહ ધરાવતા નથી. તેથી, એમનું ઉચ્ચારણ તો અવશ્ય કરવામાં આવે છે જ અને ઉચ્ચારણમાત્રથી જ યજ્ઞોપકાર સિદ્ધ થઈ જાય છે, તો પછી અર્થપ્રતિપાદનરૂપ દ્વારના ગ્રહણથી શું પ્રયોજન ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

230. तत्रोच्यते । किं मन्त्रेभ्योऽर्थप्रतीतिरेव नास्ति, किं वा भवन्त्यपि निर्निमित्ताऽसौ, उत सनिमित्ताऽपि ग्रहैकत्वप्रतीतिवदविवक्षितेति ।

230. આના ઉત્તરમાં અમે નૈયાયિકો કહીએ છીએ— શું મંત્રોમાંથી અર્થપ્રતીતિ થતી જ નથી ? કે થતી હોવા છતાં તે નિર્નિમિત્ત (અર્થાત્ મંત્રઘટકપદોથી અજન્ય) છે ? કે સનિમિત્ત હોવા છતાં ગ્રહના (=પાત્રના, વાસણના) એકત્વની જેમ તે અવિવક્ષિત છે ? ['ગ્રહં સમ્માર્ષ્ટિ'–'પાત્રને સાફ કરો'. અહીં એકવચન વિવક્ષિત નથી, જો કે એકવચનની પ્રતીતિ થતી હોવા છતાં.]

231. न तावत् प्रतीतिरेव नास्ति, शब्दार्थसम्बन्धव्युत्पत्तिसंस्कृतमतीनां 'बर्हिर्देवसदनं दामि' [मै०सं० १.१.२] इत्येवमादिमन्त्रश्रवणे सति तदर्थप्रतीतेः स्वसंवेद्यत्वात् ।

231 મંત્રોમાંથી અર્થપ્રતીતિ થતી જ નથી એવું નથી, કારણ કે શબ્દાર્થસંબંધના જ્ઞાનથી સંસ્કાર પામેલી બુદ્ધિવાળાઓને 'બર્હિર્દેવસદનં દામિ'[1] વગેરે મંત્રનું શ્રવણ થતાં તેના અર્થની પ્રતીતિ સ્વસંવેદ્ય છે.

232. नाप्यसौ निर्निमित्ता, लोकवत् पदानामेवात्र निमित्तत्वात् । व्युत्पत्तिरपि न नास्ति, य एव लौकिकाः शब्दास्त एव वैदिकाः, त एव तेषामर्था इति लोकव्यवहारतस्तद्व्युत्पत्तिसम्भवात् ।

232. તે નિર્નિમિત્ત પણ નથી, જેમ લોકમાં અર્થપ્રતીતિ પદનિમિત્તક છે તેમ અહીં (=વેદમાં) અર્થપ્રતીતિ પદનિમિત્તક છે. 'આ શબ્દનો આ અર્થ છે' એવું જ્ઞાન નથી હોતું એમ નહિ; જે લૌકિક શબ્દો છે તે જ વૈદિક શબ્દો છે, તે જ અર્થો છે, એટલે લોકવ્યવહાર દ્વારા 'આ શબ્દનો આ અર્થ છે' એવું જ્ઞાન સંભવે છે.

233. नापि भवन्त्यपि मन्त्रेभ्योऽर्थप्रतीतिः ग्रहैकत्वप्रतीतिवदविवक्षिता भवितुमर्हति, अविवक्षानिबन्धनस्य कस्यचिदप्यभावात् । ग्रहादिवचनान्तरनिर्ज्ञातसंख्यत्वात् सोमावसेकनिर्हरणस्य च सम्मार्गकार्यस्य सर्वग्रहसाधारणत्वाद् ग्रहमिति विभक्तेश्च कर्मकारकसमर्पणमात्रेणापि सार्थक्योपपत्तेः युक्तमेकत्वमविवक्षितमिति कथयितुम् । इह तु 'बर्हिर्देवसदनं दामि' इत्येवमादिवाक्यक्रियमाणक्रतूपयोगिद्रव्यादिप्रकाशनस्य विध्यपेक्षितत्वान्मन्त्रेण स्मृतं कर्म करोति । तथा क्रियमाणमभ्युदयकारि भवति इति न यज्ञाङ्गप्रकाशनमविवक्षितम् । अतो नोच्चारणमात्रोपकारिणो मन्त्राः ।

233. મંત્રોમાંથી અર્થપ્રતીતિ થવા છતાં ગ્રહૈકત્વપ્રતીતિની જેમ તેનું અવિવક્ષિત હોવું ઉચિત નથી, કારણ કે અવિવક્ષાના કારણનું ક્યાંય અસ્તિત્વ નથી. ગ્રહ આદિ વિશેના અન્ય

૧. જેના ઉપર દેવતા બેસે છે તે કુશ ઘાસ હું કાપું છું.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાક્યોમાંથી [ગ્રહની] સંખ્યા જ્ઞાત હોઈ, સોમના અવલેપને બરાબર દૂર કરવારૂપ માંજવાનું કાર્ય બધા જ ગ્રહોની બાબતમાં સાધારણ હોઈ અને 'ग्रहं'એ [દ્વિતીયા] વિભક્તિ દ્વારા કર્મકારકના કરાયેલા સમર્પણમાત્રથી સાર્થક્ય ઘટતું હોઈ, એકત્વ અવિવક્ષિત છે એમ કહેવું ઉચિત છે. પરંતુ અહીં 'बर्हिर्देवसदनं दामि' આદિ વાક્ય વડે, કરાતા યજ્ઞમાં ઉપયોગી દ્રવ્ય વગેરેનું પ્રકાશન વિધિને અપેક્ષિત હોવાથી મંત્ર વડે સ્મૃત કર્મ તે કરે છે. તે પ્રમાણે કરાતું કર્મ અભ્યુદયકારી બને છે. એટલે, યજ્ઞના અંગનું પ્રકાશન અવિવક્ષિત નથી. તેથી મંત્રો ઉચ્ચારણમાત્રથી ઉપકારી નથી.

234. जपमन्त्राणां तु 'पावमानीं जपेत्' 'वैष्णवीं जपेत्' इति विधिनैव तावन्मात्राक्षेपणान्नार्थेन प्रकाशितेन प्रयोजनमिति । किं तत्र क्रियते, यत्र तु जपेदिति विधिर्न श्रूयते ? न तत्र तदर्थः प्रतीयमानोऽपेक्ष्यमाणश्चोपेक्षितुं युक्तः ।

234. 'પાવમાનીનો જપ કરે' 'વૈષ્ણવીનો જપ કરે' એ વિધિ વડે જપમંત્રોના જપમાત્રનો આક્ષેપ (=સૂચન) થાય છે, એટલે અર્થને પ્રકાશિત થવાનું કોઈ પ્રયોજન નથી.

શંકા— પરંતુ જ્યાં 'જપ કરે' એ વિધિ શ્રુત ન હોય ત્યાં શું કરવું?

નૈયાયિક—ત્યાં તેના પ્રતીયમાન અને અપેક્ષ્યમાણ અર્થની ઉપેક્ષા કરવી યોગ્ય નથી.

235. ननु यदि जपेदिति विधेर्वैष्णव्यादिषु नार्थो विवक्ष्यते, तर्हि 'स्वाध्यायोऽध्येतव्यः' इत्यक्षरग्रहणमात्रविधानात् सर्वस्यैव वेदस्याविवक्षितार्थत्वं स्यात् । मैवम् । स्वाध्यायाध्ययनविधेः दृष्टो हि तस्यार्थः कर्मावबोधनमिति, दृष्टार्थत्वेन विवक्षितार्थत्वात् । एतच्च शास्त्रान्तरे विस्तरतो निर्णीतम् । इह तु वितन्यमानमस्माकमवान्तरविचारवाचालतामाविष्करोतीति न प्रतन्यते ।

235. શંકા— જો 'જપ કરે' એ વિધિ દ્વારા વૈષ્ણવી વગેરે મંત્રોના અર્થની વિવક્ષા ન કરાતી હોય (અર્થાત્ 'વૈષ્ણવીનો જપ કરે' એ વિધિ દ્વારા વૈષ્ણવી મંત્રના અર્થનું ગ્રહણ જપમાં અપેક્ષિત ન હોય) તો 'સ્વાધ્યાયનું અધ્યયન કરવું જોઈએ' એ વિધિમાં વેદાક્ષરગ્રહણમાત્રનો (અર્થાત્ વેદ મોઢે કરવાનો જ) આદેશ હોઈ સમગ્ર વેદનો અર્થ અવિવક્ષિત બની જાય (અર્થાત્ વેદના અર્થનું અધ્યયન કરવાની વાત અવિવક્ષિત બની જાય.)

નૈયાયિક— ના, એવું નથી. સ્વાધ્યાયાધ્યયનવિધિમાંથી તેનો કર્માવબોધરૂપ અર્થ દષ્ટ છે કારણ કે દષ્ટાર્થરૂપે તે વિવક્ષિત છે. આ વસ્તુ અન્ય શાસ્ત્રમાં (અર્થાત્ મીમાંસામાં જૈમિનિસૂત્ર ૧.૧.૧માં) વિસ્તારથી સ્થાપવામાં આવી છે. અહીં તેનો વિસ્તાર કરવામાં આવતાં અવાન્તર બાબતો વિચારવામાં અમારી વાચાળતા પ્રગટ થાય, એટલે અમે તેનો વિસ્તાર કરતા નથી.

236. यत्तु तदर्थविनियोगोपदेशादित्यविवक्षितार्थत्वमुक्तम्, तत्र 'उरु प्रथा उरु प्रथस्व' इति लिङ्गादेव मन्त्रस्य प्रथनविनियोगसिद्धेः कामं तद्विधायकं वचनमनर्थकं भवतु, प्राप्तानुवादकत्वात्, न तु प्रतीयमानो मन्त्रादर्थस्त्यक्तुं युक्तः ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

236. તેના માટે વિનિયોગનો આદેશ અપાતો હોવાથી મંત્રનો અર્થ વિવક્ષિત નથી એમ જે કહ્યું તે બાબતમાં કહેવાનું કે 'વિસ્તીર્ણ થઈને વિસ્તાર પામ' એ લિંગ ઉપરથી જ પ્રથનકર્મમાં મંત્રનો વિનિયોગ સિદ્ધ થતાં તેનો વિનિયોગ કરવાનો આદેશ આપતું વાક્ય ભલે નિરર્થક બનો, કારણ કે તે પ્રાપ્તનો કેવળ અનુવાદ કરે છે; પરંતુ મંત્રમાંથી પ્રતીયમાન અર્થને ત્યજવો યોગ્ય નથી.

237. तत् किं वचनमनर्थकमेव ? नानर्थकम्, प्रतिपन्नार्थविषयं तु तत् । अर्थवादार्थं वा तद्वचनम् 'यज्ञपतिमेव तत् प्रथयति' इति । यदनेन मन्त्रेण पुरोडाशं प्रथयति, तद्यज्ञपतिं यजमानमेव प्रजया पशुभिः प्रथयतीति । क्वचित्तु गुणार्थविधानं, यथा 'तां चतुर्भिरादत्ते' [तै० सं० ५.१.१] इति । एवम् 'अग्नीदग्नीन् विहर' इत्यादावपि द्रष्टव्यम् ।

237. શંકા— તો શું તે વાક્ય અનર્થક જ છે ?

નૈયાયિક—અનર્થક નથી પરંતુ પ્રતિપન્નાર્થવિષયક છે. અથવા, અર્થવાદ માટે તે વાક્ય છે— 'યજ્ઞપતિને જ તે વિસ્તારે છે' જે આ મંત્ર વડે પુરોડાશને વિસ્તારે છે તે યજ્ઞપતિને અર્થાત્ યજમાનને જ પ્રજાથી અને પશુથી વિસ્તારે છે. કેટલીક વાર આવાં આદેશવાક્યો ગુણાર્થનું વિધાન કરે છે, જેમ કે 'તાં ચતુર્ભિરાદત્તે' એ આદેશવાક્ય. ['દેવસ્ય ત્વા'એ આદાન સમર્થ મંત્રો છે. વેદિ માટે જેના વડે માટી ખોદવામાં આવે છે તે અભ્રિ કહેવાય છે. તેનું આદાન તો મંત્રના લિંગથી પ્રાપ્ત છે. એટલે આદાનકર્મમાં તે મંત્રનો વિનિયોગ કરવાનું મંત્રગત લિંગ ઉપરથી જ્ઞાત થાય છે. પરંતુ તેનું આદાન ચાર મંત્રના સમુચ્ચયથી થાય છે, એક એક મંત્રથી નહિ. આ ચતુષ્ટ્વ જે અપ્રાપ્ત છે તે ગૌણ અર્થ છે અને તેનું વિધાન 'તાં ચતુર્ભિરાદત્તે એ આદેશવાક્યથી થાય છે.] એવી જ રીતે, 'અગ્નીદગ્નીન્ વિહર' ની બાબતમાં પણ એમ જ સમજવું.

238. यत्तु नियतपदक्रमत्वादुच्चारणमात्रोपयोगिनो मन्त्रा इति तदप्यसाधु, मीमांसकानामनादित्वाद्वेदस्य, तत्क्रमलङ्घनानुपपत्तेः । यथोक्तम्—

"अन्यथाकरणे चास्य बहुभ्यः स्यान्निवारणम्" [श्लो०वा०चोदना० १५०] इति ॥

अस्माकमपि यादृगीश्वरप्रणीतो वेदः, तदन्यथाकरणे किमध्येतॄणां स्वातन्त्र्यमस्ति ? तस्मान्नार्थविवक्षायै मन्त्रक्रमः प्रभवति ब्राह्मणवाक्यक्रमवत् ।

238. નિયત પદક્રમને કારણે મંત્રો કેવળ ઉચ્ચારણમાત્રથી ઉપયોગી છે એમ જે કહ્યું તે યોગ્ય નથી, કારણ કે મીમાંસકોને મતે વેદો નિત્ય હોવાથી પદક્રમનું ઉલ્લંઘન ઘટતું નથી; જેમ કે [શ્લોકવાર્તિકમાં] કહ્યું છે કે તેને (=પદક્રમને) કોઈ વડે અન્યથા કરવામાં આવતાં અનેક [અધ્યેતાઓ] તેમ કરતાં તેને અટકાવે છે [અને કહે છે, 'એમ પાઠ ન કર.'] અમારે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નૈયાયિકોને મતે પણ વેદ ઈશ્વરપ્રણીત છે. તેમાં ફેરફાર કરવાની સ્વતંત્રતા શું અધ્યેતાઓને છે? તેથી, બ્રાહ્મણવાક્યક્રમની જેમ મંત્રક્રમ અર્થવિવક્ષા માટે સમર્થ નથી.

239. यदपि 'चत्वारि शृङ्गाः' इत्यविद्यमानार्थवचनमाशङ्कितम्, तदप्यनभिज्ञतया, यज्ञस्य वैष गुणवादेन संस्तवः । चत्वारि शृङ्गा इति वेदा उक्ताः, त्रयोऽस्य पादा इति सवनानि, द्वे शीर्षे इति दम्पतीयजमानौ, सप्त हस्तास इति छन्दांसि, त्रिधा बद्ध इति मन्त्रब्राह्मणकल्पैर्निबद्धः, वृषभ इति कामान् वर्षति, रोरवीतीति स्तोत्रशस्त्रप्रयोगबाहुल्याच्छब्दायमानः, महो देवो मर्त्यानाविवेशेति मनुष्यकर्तृकः, इत्येवमेष यज्ञः स्तुतो भवति । तद्यथा चक्रवाकमिथुनस्तनी हंसदन्तावली शैवालकेशी काशवसनीति नदी स्तूयते ।

239. 'चत्वारि शृंगाः' એ અવિદ્યમાન અર્થવાળાં વાક્યો છે એવી જે શંકા કરવામાં આવી તે પણ અજ્ઞાનતાને કારણે છે. આ તો ગુણવાદથી યજ્ઞની પ્રશંસા છે. 'ચાર શૃંગો' કહી ચાર વેદો જણાવાયા છે, 'એના ત્રણ પાદો' એમ કહી [ત્રણ] સવનો, 'બે માથાં' કહી યજમાનપતિપત્ની અને 'સાત હાથ' કહી [સાત] છંદો જણાવાયા છે, 'ત્રણ રીતે બદ્ધ'નો અર્થ છે મંત્ર-બ્રાહ્મણ-કલ્પથી બદ્ધ. 'વૃષભ'નો અર્થ છે સર્વ ઇચ્છાઓને પૂરનાર. રોરવીતિનો અર્થ છે સ્તોત્રશસ્ત્રપ્રયોગના બાહુલ્યથી શબ્દાયમાન. 'महो देवो मर्त्यानाविवेश' એટલે મનુષ્યકર્તૃક. આ પ્રમાણે આ યજ્ઞ સ્તુત (=પ્રશંસાપાત્ર) બને છે. જેમ 'ચક્રવાકમિથુનસ્તની, હંસદંતાવલી, શૈવાલકેશી, કાશવસના' એમ કહી નદીની સ્તુતિ કરાય છે તેમ [અહીં 'ચત્વારિ શૃંગા' વગેરેથી યજ્ઞની સ્તુતિ કરાય છે.]

240. 'ओषधे त्रायस्वैनम्' इति चेतनवन्नियोगस्तस्याः स्तुत्यर्थः । 'शृणोत ग्रावाणः' इति प्रातरनुवाकस्तुतिः । इत्थं नामैष प्रातरनुवाकः प्रशस्यः, यदचेतना ग्रावाणोऽपि शृणुयुः इति । 'अदितिर्द्यौरदितिरन्तरिक्षम्' इति गुणवादादप्रतिषेधः । तद्यथा लोके—त्वमेव मे माता, त्वमेव मे पिता, त्वमेव भगिनी, त्वमेव मे भ्रातेति ।

240. 'ओषधे त्रायस्वैनम्' ('હે ઓષધિ આને બચાવ') એમ કહી ઓષધિ ચેતન હોય તેમ તેને આદેશ આપવામાં આવ્યો છે; તેનું પ્રયોજન ઓષધિની સ્તુતિ કરવાનું છે. 'शृणोत ग्रावाणः' એમ કહી પ્રાતરનુવાકની સ્તુતિ કરવામાં આવી છે. તે આ પ્રમાણે–ખરેખર આ પ્રાતરનુવાક પ્રશસ્ય છે કે અચેતન પથ્થરો પણ તેને સાંભળે [તો પછી ચેતન વિદ્વાન બ્રાહ્મણો તો તેને સાંભળે જ ને.] 'अदितिर्द्यौरदितिरन्तरिक्षम्' એ ગુણવાદ (metaphorical description) હોઈ, તેમાં પરસ્પર વિરોધ નથી. લોકમાં પણ 'તું જ મારી માતા છે, તું જ મારો પિતા છે, તું જ મારી બેન છે, તું જ મારો ભાઈ છે' એમ કહેવાય છે.

241. यत्तु केषाञ्चिन्मन्त्राणामर्थो न ज्ञायते इति स पुरुषापराधः संभवति, न मन्त्रापराधः । अर्थावगमोपायेषु बहुषु सत्स्वपि तदन्वेषणालसः पुरुषो नार्थमव-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

गच्छति, न पुनर्मन्त्रोऽत्रापराध्यति, ब्राह्मणवाक्यवदुपायतस्तदर्थावगमदर्शनात् । उपायश्च प्रथमस्तावद्वृद्धव्यवहार एव, तुल्यत्वाल्लोकवेदशब्दार्थानाम् । य एव लौकिकाः शब्दास्त एव वैदिकास्त एव चैषामर्था इति । यद्यपि च 'अग्निर्वृत्राणि जङ्घनत्' इति [तै० ब्रा० ३.५.६] वेदे कृतणत्वमग्निशब्दं पठन्ति । 'उत्ताना वै देवगवा वहन्ति' [ आ० श्रौ० सू० ११.७.६ ] 'वनस्पते हिरण्यपर्ण प्रदिवस्ते अर्थम्' इति लौकिकवैदिकयोः शब्दयोरर्थयोश्च नानात्वमिवाशङ्क्यते, तथाऽपि तथात्वप्रत्यभिज्ञानेनावधार्य ईषद्विकृतास्त एव वेदे इति लौकिक्येव व्युत्पत्तिः । लोकप्रसिद्धिविप्रतिषेधे तु शास्त्रवित्प्रसिद्धिः प्रमाणीक्रियते । यथा 'यवमयश्चरुः' 'वाराही उपानहौ' 'वैतसे कटे प्राजापत्यान् सञ्चिनोति' इति यववराहवेतसशब्दा दीर्घशूकसूकरवञ्जुलकेषु शिष्टप्रसिद्धा नियम्यन्ते, न प्रियङ्गुकृष्णशकुनिजम्बूष्विति । यत्र तु शिष्टप्रसिद्धिः नास्ति, तत्र म्लेच्छेभ्योऽपि तदर्थव्युत्पत्तिराश्रीयते, यथा पिकनेमतामरसशब्देषु । म्लेच्छप्रसिद्धेरप्यभावे निगमनिरुक्तव्याकरणवशेन धातुतोऽर्थः परिकल्पनीयः । तेनाश्विनसूक्तप्रक्रमाज्जरणभरणनिमित्तौ 'जर्भरीतुर्फरीतू' इति द्विवचनान्तसरूपावेतौ शब्दावश्विनोर्वाचकाविति गम्यते । एवमन्यत्राप्युत्प्रेक्षणीयम् । तदनेनापि निमित्तेन न मन्त्राणामविवक्षितार्थत्वं वक्तव्यम् ।

241. કેટલાક મંત્રનો અર્થ જ્ઞાત થતો નથી (=સમજાતો નથી એમ જે કહેવામાં આવ્યું છે તેનો ઉત્તર એ છે કે તે તો પુરુષનો દોષ છે, મંત્રનો દોષ નથી. અર્થને જાણવાના ઘણા ઉપાયો હોવા છતાં તેની શોધ કરવામાં આળસુ પુરુષ અર્થ જાણતો નથી. અહીં મંત્ર દોષને પાત્ર નથી, કારણ કે બ્રાહ્મણવાક્યની જેમ વેદવાક્યનો (=મંત્રનો) અર્થ ઉપાયો દ્વારા સમજાતો દેખાય છે. પહેલો ઉપાય તો વૃદ્ધવ્યવહાર જ છે, કારણ કે લોકના (=ભાષાના) અને વેદના શબ્દો તેમ જ તેમના અર્થો સમાન છે. જે લૌકિક શબ્દો છે તે જ વૈદિક શબ્દો છે, તે જ તેમના અર્થો છે. 'अग्निर्वृत्राणि जङ्घनत्' આ વેદવાક્ય લો. વેદમાં 'અગ્નિ' શબ્દમાં 'ન'ને બદલે 'ણ' ઉચ્ચારાય છે. 'उत्ताना वै देवगवा वहन्ति' वनस्पते हिरण्यपर्ण प्रदिवस्ते अर्थम्' આ વેદવાક્યો લો [આ ત્રણેય વાક્યોને આધારે] લૌકિક અને વૈદિક શબ્દો જાણે કે ભિન્ન છે અને તેમના અર્થો પણ જાણે કે ભિન્ન છે એવી આશંકા કરવામાં આવે છે, તેમ છતાં વેદમાં વપરાયેલા આ શબ્દો તે જ છે જે લોકમાં વપરાય છે એવી પ્રત્યભિજ્ઞા વડે નિશ્ચય કરી લોકમાં વપરાતા જે શબ્દો છે તે જ શબ્દો જરાક પરિવર્તન સાથે વેદમાં વપરાયા છે એમ સમજીએ છીએ એટલે વેદગત શબ્દોની વ્યુત્પત્તિ પણ લૌકિક જ છે. (અર્થાત્ વેદગત અમુક શબ્દની વ્યુત્પત્તિ લોકમાં વપરાતા તે જ શબ્દની વ્યુત્પત્તિથી ભિન્ન નથી). [સામાન્ય રીતે વેદગત શબ્દનો લોકપ્રસિદ્ધ અર્થ કરવામાં આવે છે.] પરંતુ જ્યારે લૌકપ્રસિદ્ધ અર્થ બંધ બેસતો ન હોય ત્યારે, શાસ્ત્રજ્ઞોએ નક્કી કરેલો અર્થ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રમાણ ગણી સ્વીકારવામાં આવે છે, જેમ કે 'यवमयश्चरुः' 'वाराही उपानहौ' 'वैतसे कटे प्राजापत्यान् सञ्चिनोति' આ વાકયોમાં આવતા 'યવ' 'વરાહ' અને 'વેતસ' શબ્દોના અર્થો શાસ્ત્રજ્ઞપ્રસિદ્ધિ વડે દીર્ઘશૂક, સૂકર અને વંજુલકમાં નિયત થાય છે, અને [લોકપ્રસિદ્ધિ વડે] પ્રિયંગુ, કૃષ્ણશકુનિ અને જંબૂમાં નહિ જ્યાં શાસ્ત્રજ્ઞપ્રસિદ્ધિ પણ નથી ત્યાં મ્લેચ્છો પાસેથી પણ તે શબ્દના અર્થનું જ્ઞાન પ્રાપ્ત કરવામાં આવે છે; જેમકે પિક, નેમ અને તામરસ શબ્દોની બાબતમાં. જ્યાં મ્લેચ્છપ્રસિદ્ધિ પણ ન હોય ત્યાં નિગમ, નિરુક્ત અને વ્યાકરણને આધારે ધાતુ ઉપરથી અર્થ કલ્પવો જોઈએ. એ અશ્વિનોના સૂક્તમાં પ્રયુક્ત, જરણ–ભરણ જેમના પ્રયોગનું નિમિત્ત છે તે 'જર્ભરીતુર્ફરીતૂ' એ દ્વિવચનમાં વપરાયેલા સમાનરૂપ ધરાવતા બે શબ્દો બે અશ્વિનોના વાચક છે એમ સમજાય છે. આ પ્રમાણે બીજે પણ કલ્પી લેવું જોઈએ. તેથી, આ કારણે પણ, મંત્ર વિવક્ષિત અર્થ ધરાવતા નથી એમ ન કહેવું જોઈએ.

242. अमी तस्मादर्थप्रकटनमुखेनैव दधति
क्रियार्थत्वं मन्त्रा न तु पठनमात्रेण जपवत् ।
न तद्द्वारेणापि श्लथयितुमतः शक्यत इदं
प्रमाणत्वं वेदे सकलपुरुषार्थामृतनिधौ ॥

242. નિષ્કર્ષ એ કે આ મંત્ર પોતાનો અર્થ પ્રગટ કરીને જ યજ્ઞક્રિયાને સહાયક બને છે, જપની જેમ કેવળ પઠનથી નહિ. વેદમંત્રો પોતાનો અર્થ પ્રગટ કરી તે દ્વારા યજ્ઞ-ક્રિયામાં સહાય કરે છે એ હકીકત સકલ પુરુષાર્થરૂપી અમૃતના નિધિભૂત વેદના આ પ્રામાણ્યને શિથિલ કરવા શક્તિમાન નથી.

243. इदमिदानीं परीक्ष्यते । 'उद्भिदा यजेत' [तां० ब्रा० १९.७.३], 'चित्रया यजेत पशुकामः' [तै० सं० २.४.६], 'अग्निहोत्रं जुहुयात् स्वर्गकामः' 'श्येनेनाभिचरन् यजेत' [षड्विं० ब्रा० ३.८], 'वाजपेयेन स्वाराज्यकामो यजेत' इति श्रूयते । तत्र किमुद्भिदेति, चित्रयेति, अग्निहोत्रमिति, श्येनेनेति, वाजपेयेनेति गुणविधय एते, तत्तत्कर्मनामधेयानि वेति ? किमनेन परीक्षितेन प्रयोजनम् ? उभयत्रापि प्रामाण्यं नोपपद्यते इति तदर्थमेवेदं परीक्ष्यते ।

243. હવે આની પરીક્ષા કરીએ છીએ 'उद्भिदा यजेत' 'चित्रया यजेत पशुकामः', 'अग्निहोत्रं जुहुयात् स्वर्गकामः', 'श्येनेनाभिचरन् यजेत' 'वाजपेयेन स्वाराज्यकामो यजेत' એમ વેદમાં કહેવાયું છે, તો ત્યાં 'उद्भिदा', 'चित्रया', अग्निहोत्रं', 'श्येनेन', 'वाजपेयेन' એ શું ગુણવિધિઓ છે કે તે તે યજ્ઞકર્મનાં નામો છે ?

શંકાકાર— આની પરીક્ષા કરવાનું પ્રયોજન શું છે ?

નૈયાયિક— બંનેમાં પ્રામાણ્ય ઘટતું નથી એ દર્શાવવા માટે પરીક્ષા કરીએ છીએ.

244. यदि तावत् 'व्रीहिभिर्यजेत' 'दध्ना जुहोति' इतिवद् गुणः कश्चिदुद्भिदादिपदैर्विधीयते—अनेन द्रव्यविशेषेण यागः कर्तव्य इति—तदा भावार्थस्य

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

यज्यादेरन्यतोऽवगतिर्मृग्या, अनवगते भावार्थे गुणविधानस्यानुपपन्नत्वात् । 'आग्नेयोऽष्टाकपालो भवति' 'अग्निहोत्रं जुहोति' इति विध्यन्तरेण भावार्थे चोदिते, तत्र 'व्रीहिभिर्यजेत' 'दध्ना जुहोति' इति ।

244 જો 'व्रीहिभिर्यजेत' 'दध्ना जुहोति'ની જેમ કોઈ ગુણનું વિધાન 'उद्भिदा' વગેરે પદોથી થતું હોય– અર્થાત્ આ દ્રવ્યવિશેષ વડે યાગ કરવો જોઈએ એવું વિધાન થતું હોય– તો યજ્ઞ વગેરે ભાવાર્થનું (=ક્રિયાર્થનું) જ્ઞાન બીજેથી શોધવું જોઈએ, કારણ કે ભાવાર્થનું જ્ઞાન ન થયું હોય ત્યારે ગુણનું વિધાન ઘટતું નથી. 'आग्नेयोऽष्टाकपालो भवति'[1] 'अग्निहोत्रं जुहोति'[2] એ અન્ય વિધિઓ વડે ભાવાર્થની ચોદના (આદેશ, પ્રેરણા) જ્યારે કરાયેલી હોય ત્યારે 'व्रीहिभिर्यजेत'[3] 'दध्ना जुहोति'[4] એ ગુણવિધિ ઘટે છે, પ્રવર્તે છે.

245. ननु 'वाजपेयेन स्वाराज्यकामो यजेत' इत्यनेनैव वाक्येन यागाख्यो भावार्थः चोदयिष्यते, गुणश्च तस्मिन् वाजपेयाख्यो विधास्यते इति को दोषः ? कथं न दोषः ? अर्थद्वयविधानेन वाक्यभेदप्रसङ्गात् । यागेन स्वाराज्यं कुर्यादित्येको ऽर्थः, वाजपेयेन गुणेन यागं कुर्यादिति द्वितीयोऽर्थः । न च सकृदुच्चरितं वाक्यमर्थद्वयविधानाय प्रभवति ।

245. શંકા— 'वाजपेयेन स्वाराज्यकामो यजेत'[5] એ વાક્ય વડે યજ્ઞ નામના ભાવાર્થની (ક્રિયાર્થની) ચોદના કરવામાં આવે અને વાજપેય નામના ગુણ (=દ્રવ્ય)નું વિધાન કરવામાં આવે તો એમાં દોષ શો ?

સમાધાન— દોષ કેમ ન થાય ? બે અર્થના વિધાનને કારણે વાક્યભેદપ્રસંગનો દોષ આવે— 'स्वाराज्यकामो यागं कुर्यात्'[6] એ એક અર્થ અને 'वाजपेयेन गुणेन यागं कुर्यात्'[7] એ બીજો અર્થ. એક વાર બોલાયેલું વાક્ય બે અર્થનું વિધાન કરવા સમર્થ નથી.

246. ननु यजेतेति रूपसाम्यादुभयत्रापि सम्बध्यते 'यजेत स्वाराज्यकामो वाजपेयेन च' इति तुल्यमस्योभयत्रापि रूपम् । न, रूपसाम्यस्यासिद्धत्वात् । स्वाराज्यं प्रति यजिरप्राप्तत्वाद्विधीयते, गुणं च प्रति प्राप्तत्वादनूद्यते । अनवगते हि कर्मणि गुणविधानमघटमानमित्यवश्यं गुणविधिपक्षे गुणं प्रति यजिः प्राप्तत्वादुद्देश्यो भवति, प्रधानं च । स एव स्वाराज्यं प्रति विधेयत्वादुपादेयो गुणश्चेति विरुद्धरूपापत्तेर्न यजिरुभाभ्यां युगपत् सम्बद्धुमर्हति । यः स्वाराज्यं साधयितुमिच्छेत् स यजेतेत्यन्यद्रूपम्, यद्यजेत तद्वाजपेयेनेत्यन्यद्रूपम् । तस्माद् भावार्थप्राप्तौ प्रमाणान्तरापेक्षणाद् गुणविधिपक्षे तदप्रमाणं वचनम् ।

---

૧. 'અગ્નિદેવતાના યજ્ઞનો હવિ આઠ કપાલોમાં કરવામાં આવે છે.' ૨. 'તે અગ્નિહોત્ર હોમ કરે છે.' ૩. 'વ્રીહિ (ચોખા) વડે યજ્ઞ કરે.' ૪. 'દહીં વડે હોમ કરે.' ૫. 'જેને સ્વર્ગના રાજ્યની કામના હોય તે યવાગૂ વડે યજ્ઞ કરે.' ૬. 'જેને સ્વર્ગના રાજ્યની કામના હોય તે યજ્ઞ કરે.' ૭. 'યવાગૂ દ્રવ્ય વડે યજ્ઞ કરે.'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

246. શંકા — 'યજેત' એને રૂપસામ્યને કારણે બંનેય સાથે જોડવામાં આવે છે— 'यजेत स्वाराज्यकामः वाजपेयेन च' એમ. યજેતનું રૂપ બંને સ્થાને તુલ્ય છે.

સમાધાન— રૂપસામ્ય નથી, કારણ કે રૂપસામ્ય અસિદ્ધ છે. સ્વારાજ્યને અનુલક્ષી યજ્ઞક્રિયા અપ્રાપ્ત હોઈ તેનું વિધાન કરવામાં આવે છે, જ્યારે ગુણને (અહીં વાજપેય દ્રવ્યને) અનુલક્ષી યજ્ઞક્રિયા પ્રાપ્ત હોઈ તેનો અનુવાદ કરવામાં આવે છે. યજ્ઞકર્મ અનવગત હોય ત્યારે ગુણનું વિધાન ઘટતું નથી, એટલે અવશ્યપણે ગુણવિધિપક્ષમાં ગુણને અનુલક્ષી યજ્ઞક્રિયા પ્રાપ્ત હોઈ ઉદ્દેશ્ય બનશે અને પ્રધાન પણ તે જ યજ્ઞક્રિયા સ્વારાજ્યને અનુલક્ષી વિધેય હોઈ ઉપાદેય અને ગુણ બનશે. આ રીતે યજ્ઞક્રિયામાં વિરુદ્ધ રૂપો આવી પડવાની આપત્તિ આવતી હોઈ યજ્ઞક્રિયાનું યુગપદ્ બંને સાથે જોડાવું યોગ્ય નથી. 'જે સ્વર્ગનું રાજ્ય સાધવા ઇચ્છતો હોય તે યજ્ઞ કરે' એ જુદું રૂપ છે, 'તે જે યજ્ઞ કરે તે યવાગૂથી કરે' એય જુદું રૂપ છે. નિષ્કર્ષ એ કે ['उद्भिदा' 'चित्रया' 'वाजपेयेन' વગેરેને] ગુણવિધિઓ માનતાં ભાવાર્થની (=ક્રિયાર્થની) પ્રાપ્તિ માટે તેમને પ્રમાણાન્તરની અપેક્ષા રહેશે અને પરિણામે તે વચન અપ્રમાણ બનશે.

247. अथैष दोषो मा भूदिति नामधेयपक्ष आश्रीयते । तदैषामुद्भिदादिपदानां विस्पष्टमेवानर्थक्यम् । यावदेवोक्तं भवति यजेतेति तावदेव वाजपेयेनेति । एवमानर्थक्यादन्यत्राप्यसमाश्वासः ।

247 હવે આ દોષ ન થાઓ એમ ઇચ્છી નામધેયપક્ષનો આશરો લેવામાં આવે છે. [આ નામધેયપક્ષ સ્વીકારીએ] ત્યારે 'ઉદ્ભિદ્' વગેરે પદોનું આનર્થક્ય અત્યંત સ્પષ્ટ બને છે, [કારણ કે નામનિર્દેશથી યાગના સ્વરૂપમાં કોઈ અતિશય થતો નથી.] 'યજ્ઞ કરે' એમ કહેતાં જેટલું જણાવાય છે તેટલું જ 'વાજપેય યજ્ઞ કરે' એમ કહેતાં જણાવાય છે. આ પ્રમાણે આનર્થક્યને કારણે [વેદમાં] બીજા સ્થાનોમાં પણ વિશ્વાસ નહિ રહે.

248. अत्रोच्यते । गुणविधिपक्षे यथा भवानाह तथैव । नामधेयपक्ष एव तु श्रेयानित्यभ्युपगम्यते । तथा हि—भावार्थस्य फलं प्रति करणत्वात् तत्सामानाधिकरण्येन तृतीया प्रयुज्यते । तत्र वाजपेयेनेति, साध्यश्च भवन् भावार्थः करणभावमनुभवतीति । साध्यत्वापेक्षया तत्सामानाधिकरण्येन क्वचिद् द्वितीयाऽपि प्रयुज्यते 'अग्निहोत्रं जुहोति' इति ।

2 8. અહીં અમે નૈયાયિક ઉત્તર આપીએ છીએ— ગુણવિધિપક્ષ બાબતે આપે જેવું કહ્યું તેવું જ છે. પરંતુ નામધેય પક્ષ વધુ સારો હોઈ અમે તેનો સ્વીકાર કરીએ છીએ. તે આ પ્રમાણે – ભાવાર્થ(=ક્રિયાર્થ=યજ્ઞ) ફળ પ્રતિ કરણ હોઈ તેની (યજ્ઞની) સાથે સામાનાધિકરણ્યમાં હોવાથી તે તૃતીયા વિભક્તિમાં પ્રયોજાય છે, જેમ કે 'वाजपेयेन (यागेन)'. અને પોતે સાધ્ય બનતો ભાવાર્થ કરણભાવને અનુભવે છે; એટલે તેના સાધ્યત્વની દૃષ્ટિએ કેટલીકવાર ભાવાર્થ દ્વિતીયા વિભક્તિ લે છે અને તેના સામાનાધિકરણ્યમાં હોવાથી તેમાં પણ દ્વિતીયા વિભક્તિ પ્રયોજાય છે, 'अग्निहोत्रं जुहोति' (अग्निहोत्रं होमं करोति).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

249. ननु गुणवन्नामापि विधातव्यमेवानभिहितस्यानवगमात् । ततश्च गुणविधिपक्षस्पृशो वाक्यभेदादिदोषास्तदवस्था एव ।

249 શંકા— જેમ ગુણનું વિધાન કરવામાં આવે છે તેમ નામનું પણ વિધાન કરવું જોઈએ, કારણ કે જેનું વિધાન નથી થયું હોતું તેનું જ્ઞાન નથી થતું અને તેથી ગુણવિધિપક્ષને સ્પર્શતા વાક્યભેદ વગેરે દોષો [નામધેયપક્ષમાં પણ] તેવા ને તેવા જ રહે છે.

250. नैतदेवम्, न ह्यस्य कर्मण इदं नाम वेदितव्यमिति संज्ञासंज्ञिसम्बन्धं वेदो विदधाति । योगेन तु केनचित् प्रवर्तमानं नामधेयमवगम्यते एव । उद्भेदनमनेन पशूनां क्रियते इत्युद्भिदिदम् । 'दधि मधु पयो घृतं धानास्तण्डुला उदकं तत्संसृष्टं प्राजापत्यम्' इति नानाविधविचित्रद्रव्यसाध्यत्वाच्चित्रा । अग्नये होत्रमस्मिन्नित्यग्निहोत्रं । 'यथैव श्येनो निपत्यादत्ते एवमनेन द्विषन्तं भ्रातृव्यमादत्ते' [षड्विंश० ब्रा० ३.८] इत्यर्थवादात् श्येन इव श्येनो यागः । वाजमन्नं पीयतेऽस्मिन्निति वाजपेयो यागः । तस्मात् कर्मनामान्येतानि ।

250. નૈયાયિક— ના, એવું નથી. 'આ કર્મનું આ નામ છે એ જાણવું જોઈએ' એ જાતના સંજ્ઞાસંજ્ઞિસંબંધનું વિધાન વેદ કરતો નથી કોઈ વ્યુત્પત્તિ યા નિર્વચન દ્વારા, પ્રવર્તતું નામધેય [અમુક કર્મનું છે એ] જ્ઞાત થાય છે જ. પશુઓની ઉત્પત્તિ (=ઉદ્ભેદન) આનાથી થાય છે એટલે આ [યાગ] ઉદ્ભિદ્ છે. દહીં, મધ, દૂધ, ઘી, તળેલા જવ, ચોખા, ઉદક આ બધાનો સમુચ્ચય પ્રાજાપત્ય યાગ છે (અર્થાત્ પ્રાજાપત્ય યાગ માટે જરૂરી છે). એટલે નાનાવિધ ચિત્રવિચિત્ર દ્રવ્યોથી સાધ્ય હોવાથી એ ચિત્રા [યાગ] છે. જે યાગમાં અગ્નિને માટે હવિ હોમવામાં આવે છે તે અગ્નિહોત્ર (હોમ) છે 'જેમ શ્યેન (=બાજ તરાપ મારી [શિકારને] લઈ લે છે, તેમ આ દ્વેષ કરતા દુશ્મનને લઈ લે છે (અર્થાત્ મારી નાખે છે)' —આ અર્થવાદને આધારે શ્યેન જેવો શ્યેન યાગ છે. વાજ અર્થાત્ અન્ન જે યાગમાં પીવાય છે તે વાજપેય યાગ. તેથી કર્મોનાં (=યાગોનાં) આ નામો છે.

251. यत्तु नामधेयपक्षे नैरर्थक्यमाशङ्कितं तदपि न चारु, 'नामापि गुणफलोपबन्धेन अर्थवत्' इति [शा०भा० १.४ १] अभियुक्तैः परिहृतत्वात् । एवंनामेदं कर्मेत्यवगम्यते । तत्र गुणो द्रव्यदेवतादिः फलं च तस्य स्वर्गः पश्चादवगम्यते इति । तस्मान्नामधेयपदानामविरुद्धोऽन्वयः ।

251. નામધેયપક્ષમાં નિરર્થકતાની જે આશંકા કરવામાં આવી છે તે યોગ્ય નથી, કારણ કે નામ પણ ગુણ અને ફળ સાથે સંબંધ ધરાવતું હોવાથી સપ્રયોજન છે, સાર્થક છે એમ કહી અભિયુક્તોએ તેનો નિરાસ કર્યો છે. આવા નામવાળું આ કર્મ છે એમ [સૌ પ્રથમ] જ્ઞાત થાય છે. ત્યાં દ્રવ્ય, દેવતા આદિ ગુણ અને કર્મનું ફળ સ્વર્ગ પછીથી જ્ઞાત થાય છે. તેથી નામધેયપદોનો [ગુણ, ફળ આદિ સાથેનો] અન્વય અવિરુદ્ધ છે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

252. क्वचित् पुनरप्राप्ते भावार्थे सगुणमेव तत्कर्म चोद्यते । यथा 'आग्नेयोऽष्टाकपालोऽमावास्यायां पौर्णमास्यां चाऽच्युतो भवति' इति [तै० सं० २.६.३] । यथा वा 'एतस्यैव रेवतीषु वारवन्तीयमग्निष्टोमसाम कृत्वा पशुकामो ह्येतेन यजेत' इति [ता०ब्रा० १७.७.१] । अलं शास्त्रान्तरोक्तगहनकथाविस्तरेण इति नास्ति नामधेयद्वारेणापि अप्रमाणताक्षेपः । सर्वप्रकारेणापि सिद्धं वेदप्रमाणत्वमिति ।

वेदप्रामाण्यसिद्ध्यर्थमित्थमेताः कथाः कृताः ।
न तु मीमांसकच्छातपारं मिथ्याभिमानतः ॥

252. क्यारेक भावार्थ (=क्रियार्थ) अप्राप्त होय त्यारे गुणसहितना कर्मनुं विधान थाय छे; उदाहरणार्थ 'आग्नेयोऽष्टाकपालोऽमावास्यायां च पौर्णमास्यां चाच्युतो भवति' अथवा 'एतस्यैव रेवतीषु वारवन्तीयमग्निष्टोमसाम कृत्वा पशुकामो ह्येतेन यजेत'. अन्य शास्त्रमां (=मीमांसाशास्त्रमां) निरूपित गहन वातोनो विस्तार अहीं जरूरी नथी. निष्कर्ष ए के नामधेय द्वारा पण [वेद उपर] अप्रमाणतानो आक्षेप थाय तेम नथी; बधीय रीते वेदनी प्रमाणता पुरवार थई. वेदना प्रामाण्यने पुरवार करवा माटे आ रीते आ बधी वातो करी छे अने नहि के वेदविज्ञान बाबते मीमांसकोनी जे पारंगतता छे तेने मिथ्या अभिमान धरी खंडन करवाना आशयथी.

253. नन्वेवं विध्यर्थवादमन्त्रनामधेयानां कार्यौपयिकत्वदर्शनात् कार्य एवार्थे वेदः प्रमाणमित्युक्तं स्यात् । ततः किम् ? सिद्धेऽर्थे तस्य प्रामाण्यं हीयते । ततोऽपि किम् ? भूयान्भूतार्थाभिधायिग्रन्थराशिरुपेक्षितो भवेत् । सकलस्य च वेदस्य प्रामाण्यं प्रतिष्ठापयितुमेतत् प्रवृत्तं शास्त्रम् ।

253. शंकाकार–आम विधि, अर्थवाद, मंत्र अने नामधेयनुं कार्यमां उपायपणुं देखातुं होई कार्यार्थमां ज वेद प्रमाण छे एम कह्युं कहेवाय.

नैयायिक तेथी शुं ?

शंकाकार– तेथी सिद्ध अर्थमां तेना प्रामाण्यनी हानि थाय.

नैयायिक– तेथी पण शुं ?

शंकाकार– तेथी सिद्ध अर्थनुं निरूपण करतो वेदग्रन्थनो मोटो भाग उपेक्षा पामे अने आ [न्याय]शास्त्र तो सकल वेदना प्रामाण्यनी स्थापना करवामां प्रवृत्त छे.

254. अत्र केचिदाहुः—सर्वस्यैव वेदस्य कार्येऽर्थे प्रामाण्यम् । तथा हि—गृहीतसम्बन्धः शब्दोऽर्थमवगमयति । सम्बन्धग्रहणं चास्य वृद्धव्यवहारात् । वृद्धानां च व्यवहारः 'पानीयमानय,' 'गां बधान' 'ग्रामं गच्छ' इति कार्यप्रतिपादकैरेव शब्दैः प्रवर्तत इति तत्रैव व्युत्पद्यन्ते बालाः । प्रयोजनोद्देशेन हि वृद्धा वाक्यानि प्रयुञ्जते । न च सिद्धार्थाभिधायिना प्रवृत्तिनिवृत्ती अनुपदिशता शब्देन किञ्चित् प्रयोजनम-

Jain Education International　For Private & Personal Use Only　www.jainelibrary.org

भिनिर्वर्तत इति तस्य न प्रयोगयोग्यत्वम् । अप्रयुज्यमानस्य च न सम्बन्धग्रहणम् । अगृहीतसम्बन्धस्य च न प्रतिपादकत्वम् । अप्रतिपादकस्य च न प्रामाण्यम् ।

254. અહીં કેટલાક (અર્થાત્ મીમાંસકો) કહે છે— સકલ વેદનું પ્રામાણ્ય કાર્યાર્થમાં છે. તે આ પ્રમાણે જે શબ્દનો અર્થ સાથેનો સંબંધ ગૃહીત થયેલો હોય છે તે શબ્દ અર્થનું જ્ઞાન કરાવે છે. શબ્દ અર્થસંબંધનું ગ્રહણ વડીલોના વ્યવહાર દ્વારા થાય છે, અને વડીલોનો વ્યવહાર 'પાણી લાવ' 'ગાયને બાંધ' 'ગામ જા' એવા કાર્યપ્રતિપાદક શબ્દોથી (=વાક્યોથી) ચાલે છે. એટલે તેમાં જ (=કાર્યપ્રતિપાદક શબ્દોમાં જ) બાળકોને જ્ઞાન થાય છે. પ્રયોજનને દૃષ્ટિ સમક્ષ રાખીને વડીલો વાક્યો બોલે છે. પરંતુ સિદ્ધ અર્થને જણાવતા, [પરિણામે] પ્રવૃત્તિ કે નિવૃત્તિનો ઉપદેશ ન દેતા શબ્દ (=વાક્ય) વડે કંઈ પ્રયોજન સધાતું નથી, એટલે સિદ્ધ અર્થને જણાવતો શબ્દ (=વાક્ય) પ્રયોજાવાને યોગ્ય નથી, અને જે શબ્દ પ્રયોજાતો નથી તેનો અર્થ સાથે સંબંધ ગૃહીત થતો નથી, અને જે શબ્દનો અર્થ સાથે સંબંધ ગૃહીત ન થયો હોય તે શબ્દ અર્થનો પ્રતિપાદક બની શકતો નથી અને જે શબ્દ અર્થપ્રતિપાદક ન હોય તે પ્રમાણ ન હોય.

255. अपि च आख्यातपदोच्चारणमन्तरेण निराकाङ्क्षप्रत्ययानुत्पादाद-वश्यमाख्यातयुक्तं वाक्यं प्रयोक्तव्यम् । आख्यातपदेन साध्यरूपोऽर्थ उच्यते, नामधेयपदेन च सिद्धः । भूतभव्यसमुच्चारणे भूतं भव्यायोपदिश्यते इति वाक्यस्य साध्यार्थनिष्ठतेति न भूतार्थविषये तस्य प्रामाण्यम् । अतश्च कार्येऽर्थे शब्दस्य प्रामाण्यम् । यतश्च कार्यरूपोऽर्थः शब्दस्यैव विषय इति तत्र शब्दः प्रमाणतां लभते । सिद्धोऽर्थः प्रसिद्धत्वादेव प्रमाणान्तरपरिच्छेदयोग्य इति तत्प्र-तिपादने तत्प्रमाणान्तरसव्यपेक्षः शब्दो भवति । ततश्च तद्ग्राहिणः प्रमाणान्तरस्यैव तत्र प्रामाण्यं स्यान्न शब्दस्य । शब्दश्च तदुपस्थापनमात्रनिष्ठ एव स्यात् । तस्माच्छब्दप्रामाण्यमिच्छता कार्ये एवार्थे तत्प्रामाण्यमङ्गीकर्तव्यमिति ।

255. વળી, આખ્યાતપદના (=ક્રિયાપદના) ઉચ્ચારણ વિના નિરાકાંક્ષ જ્ઞાન ઉત્પન્ન થતું ન હોઈ આખ્યાતવાળા વાક્યનો જ પ્રયોગ કરવો જોઈએ. આખ્યાતપદ સાધ્યરૂપ અર્થને જણાવે છે, જ્યારે નામપદ સિદ્ધ અર્થને જણાવે છે. જ્યારે સિદ્ધ (=ભૂત) અને સાધ્ય(=ભવ્ય) બંનેનું ઉચ્ચારણ સાથે કરવામાં આવે છે ત્યારે સિદ્ધને સાધ્યના માટે ઉપદેશવામાં આવે છે; આમ વાક્ય સાધ્યાર્થનિષ્ઠ હોઈ તેનું સિદ્ધાર્થરૂપ વિષયમાં પ્રામાણ્ય નથી. તેથી કાર્યરૂપ અર્થમાં શબ્દનું (=વાક્યનું) પ્રામાણ્ય છે. કાર્યરૂપ અર્થ શબ્દનો (=વાક્યનો) જ વિષય છે એટલે તેની બાબતમાં શબ્દ પ્રમાણતા પામે છે. સિદ્ધ અર્થ પ્રસિદ્ધ હોવાને કારણે જ અન્ય (=શબ્દથી જુદા) પ્રમાણ દ્વારા ગ્રહણ થવાને યોગ્ય છે, એટલે સિદ્ધ અર્થનું પ્રતિપાદન કરવામાં પેલા અન્ય પ્રમાણની અપેક્ષાવાળો શબ્દ બને છે, અને તેથી જ સિદ્ધ અર્થને ગ્રહણ કરનાર તે અન્ય પ્રમાણનું જ સિદ્ધ અર્થમાં પ્રામાણ્ય થાય, શબ્દનું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ન થાય. શબ્દ તો સિદ્ધ અર્થના ઉપસ્થાપનમાત્રમાં (અર્થાત્ સિદ્ધ અર્થની સ્મૃતિ જગાડવામાં જ) નિષ્ઠ બને. તેથી શબ્દનું પ્રામાણ્ય ઇચ્છનારે તો કાર્ય અર્થમાં જ શબ્દનું પ્રામાણ્ય સ્વીકારવું જોઈએ.

256. अत्रोच्यते । यद् ब्रूषे कार्य एवार्थे वाक्यस्य व्युत्पत्तिरिति तदयुक्तम् । एवं हि 'सिद्धरूपोऽयं तस्यार्थ' इति कथं त्वयोच्यते ? न ह्यलब्धव्युत्पत्तेः शब्दादर्थप्रत्ययो युज्यते । अर्थप्रतीतिश्च ततो दृश्यते, व्युत्पत्तिश्च तत्र नास्तीति चित्रम् । न च कार्यपरैरेव शब्दैः लोके व्यवहारः, वर्तमानोपदेशकेभ्योऽपि नद्यादिवाक्येभ्यः व्यवहारप्रवृत्तेस्तत्रापि व्युत्पत्तिर्भवत्येव ।

256. અહીં અમે નૈયાયિકો કહીએ છીએ— તમે જે કહો છો કે કાર્યાર્થમાં જ વાક્યની વ્યુત્પત્તિ (=સામર્થ્ય, સમાપ્તિ) છે તે બરાબર નથી, કારણ કે એવું હોય તો 'સિદ્ધરૂપવાળો આ અર્થ એનો છે' એમ કેવી રીતે કહી શકો ? [ન જ કહી શકો] કારણ કે જે અર્થમાં શબ્દની વ્યુત્પત્તિ ન હોય તે અર્થનું જ્ઞાન શબ્દથી ઘટે નહિ. શબ્દથી [સિદ્ધ] અર્થનું જ્ઞાન થતું દેખાય છે છતાં તે [સિદ્ધ] અર્થમાં શબ્દની વ્યુત્પત્તિ નથી એ તો વિચિત્ર ! કાર્યોપદેશક શબ્દો વડે જ લોકમાં વ્યવહાર ચાલતો નથી, સિદ્ધોપદેશક શબ્દો વડે પણ લોકમાં વ્યવહાર ચાલે છે. 'નદીકાંઠે ફળો છે' એવાં વાક્યો વડે વ્યવહાર ચાલતો હોઈ તેમાં (=સિદ્ધ અર્થમાં) પણ વાક્યોનું સામર્થ્ય (=વ્યુત્પત્તિ) છે જ.

257. अपि चाङ्गुल्यादिना पुरोऽवस्थितमर्थं निर्दिश्य यदा कश्चित् कथयत्यस्येदं नामेति तदा कार्योपदेशमन्तरेणापि भवत्येव व्युत्पत्तिः । 'अस्माच्छब्दादयमर्थः प्रतिपत्तव्यः' इति कार्योपदेश एवासौ इति चेत् न, तादृशानामक्षराणामश्रवणात् । अस्येदं नामेति हि श्रूयते, नास्मादयं प्रतिपत्तव्य इति । अस्येदं नामेत्येषामेवाक्षराणामेषोऽर्थ इति चेद् न, अपदार्थस्य वाक्यार्थत्वायोगात् । न चैवं कल्पयितुमपि शक्यते, अस्येदं नामेत्येतावतैव च तत्प्रतिपत्तिसिद्धेः प्रतिपत्तिकर्तव्यताभिधानस्य निष्प्रयोजनत्वात् ।

257. વળી, આંગળી વગેરે દ્વારા સામે રહેલા અર્થને દર્શાવી જ્યારે કોઈ કહે 'આનું આ નામ છે' ત્યારે કાર્યોપદેશ વિના પણ [વાક્યની] વ્યુત્પત્તિ હોય છે જ. 'આ શબ્દમાંથી આ અર્થ જાણવો જોઈએ' એ કાર્યોપદેશ જ એ છે એમ જો તમે કહેતા હો તો અમે નૈયાયિકો તેનો પ્રતિષેધ કરીએ છીએ, કારણ કે તેવા અક્ષરો સંભળાયા નથી. 'આનું આ નામ છે' એમ જ સંભળાયું છે, 'આમાંથી આ જાણવું જોઈએ' એમ સંભળાયું નથી. 'આનું આ નામ છે' આ જ અક્ષરોનો એ અર્થ છે એમ જો તમે કહેતા હો તો તેનો પણ અમે પ્રતિષેધ કરીએ છીએ, કારણ કે જે અર્થ પદોનો ન હોય તે અર્થ વાક્યનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થ બને એ ઘટતું નથી; અને એવી કલ્પના કરવી પણ શક્ય નથી, કારણ કે 'આનું આ નામ છે' એટલાથી જ તેનું જ્ઞાન થઈ જતું હોઈ, 'જ્ઞાન કરો' એ જાતનો જ્ઞાન કરવાનો આદેશ નિષ્પ્રયોજન છે.

258. कार्यपरादपि शब्दाद् व्युत्पत्तिर्भवन्ती न वाक्यार्थमात्रपर्यवसायिनी भवति, किन्त्वेकैकपदावापोद्वापद्वारकपदार्थपर्यन्ता सा भवति । पदार्थव्युत्पत्तिसंस्कृतमतेश्चाभिनवकविविरचितवर्तमानोपदेशश्लोकश्रवणेऽपि वाक्यार्थप्रतीतिर्दृश्यते एवेति नाव्युत्पत्तिकृतमप्रामाण्यम् । न चासौ भूतार्थप्रतिपादकशब्दजनिता प्रतीतिर्बाध्यते संदिग्धा वा, तेन प्रत्यक्षादिप्रमाणान्तरकरणकप्रतीतिवत् प्रमाणफलमेव सा भवितुमर्हति ।

258. કાર્યપ્રતિપાદક શબ્દમાંથી થતી શક્તિ કેવળ વાક્યાર્થપર્યવસાયિની નથી (અર્થાત્ 'ગાય બાંધ' 'ગાય લાવ' જેવા કાર્યપ્રતિપાદક વાક્યમાંથી થતી શક્તિ–વ્યુત્પત્તિ કેવળ વાક્યાર્થમાં સમાપ્ત થતી નથી), પરંતુ એક એક પદના આવાપ–ઉદ્વાપ દ્વારા પદાર્થ પર્યંત તે પહોંચે છે. પદાર્થ સુધી પહોંચતી તે શક્તિથી સંસ્કૃત બુદ્ધિવાળાને અભિનવકવિરચિત અને સિદ્ધનો ઉપદેશ કરતા શ્લોકનું શ્રવણ થતાં વાક્યાર્થપ્રતીતિ થતી દેખાય છે જ, એટલે એમાં અશક્તિકૃત (=અવ્યુત્પત્તિકૃત) અપ્રામાણ્ય નથી. વળી, સિદ્ધ અર્થના પ્રતિપાદક શબ્દથી ઉત્પન્ન થયેલું જ્ઞાન બાધા પામતું નથી કે સંદિગ્ધ હોતું નથી, તેથી પ્રત્યક્ષ વગેરે અન્ય પ્રમાણરૂપ કરણથી ઉત્પન્ન થતા જ્ઞાનની જેમ તે (અર્થાત્ સિદ્ધ અર્થના પ્રતિપાદક શબ્દથી ઉત્પન્ન થતું જ્ઞાન) પ્રમાણફળ (=પ્રમા) જ બનવા લાયક છે.

259. यत्पुनरभ्यधायि कार्येऽर्थे प्रमाणान्तरनिरपेक्षतया प्रमाणं भवति शब्दः, न सिद्धेऽर्थे प्रमाणान्तरसापेक्षत्वादिति, तदसत्, शब्दस्य प्रमाणान्तरसापेक्षत्वानपायात् । प्रमाणान्तरेणानवगते ह्यर्थे शब्दः प्रवर्तयितुमेव न शक्नोति इत्यवोचाम वक्ष्यामश्च वाक्यार्थचिन्तायामपि । प्रमाणान्तरसापेक्षत्वं तस्य प्रत्युत प्रामाण्यमावहति, न प्रतिहन्ति ।

259. તમે જે કહ્યું કે કાર્યરૂપ અર્થમાં પ્રમાણાન્તરનિરપેક્ષતાને કારણે શબ્દ પ્રમાણ બને છે જ્યારે સિદ્ધ અર્થમાં પ્રમાણાન્તરસાપેક્ષતાને કારણે તે પ્રમાણ બનતો નથી તે ખોટું છે, કારણ કે [કાર્યાર્થમાં પણ] શબ્દની પ્રમાણાન્તરસાપેક્ષતા ચાલી જતી નથી, કારણ કે પ્રમાણાન્તરથી ન જાણેલ અર્થમાં પ્રવૃત્ત થવા શબ્દ શક્ત નથી એ અમે કહ્યું છે, અને વળી તે જ વસ્તુ વાક્યાર્થની વિચારણા વખતે અમે કહેવાના છીએ. પ્રમાણાન્તરસાપેક્ષતા તો શબ્દમાં પ્રામાણ્ય લાવે છે, શબ્દના પ્રામાણ્યનો નાશ નથી કરતી.

260. किञ्चेदं सापेक्षत्वमिति वक्तव्यम् । किं सिद्धार्थाभिधायिनः शब्दस्योत्पत्तावेव प्रामाणान्तरापेक्षत्वम्, उत तद्विषयस्य प्रमाणान्तरपरिच्छेदयोग्यत्वमित्युभयथाऽतिप्रसङ्गः । उत्पत्तौ प्रमाणान्तरसव्यपेक्षतया यद्यप्रामाण्यं वर्ण्यते,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

हन्त हतमनुमानं, तस्योत्पत्तौ प्रत्यक्षादिसापेक्षत्वात् । वर्णितं च 'तत्पूर्वकं त्रिविधमनुमानम्' इति [न्या०सू० १.१.५] । तद्विषयस्य प्रमाणान्तरग्रहणयोग्यतायां तु तदप्रामाण्ये प्रत्यक्षादीनां सर्वेषामप्रामाण्यं प्राप्नोति, प्रमाणसंप्लवस्य प्राक् प्रतिपादितत्वात् ।

260. વળી, આ સાપેક્ષતા એ શું છે એ તમારે જણાવવું જોઈએ શું સિદ્ધ અર્થનું અભિધાન કરતા શબ્દને પોતાની ઉત્પત્તિમાં પ્રમાણાન્તરની અપેક્ષા એ પ્રમાણાન્તરસાપેક્ષતા છે કે તે શબ્દના વિષયની પ્રમાણાન્તર વડે જ્ઞાત થવાની યોગ્યતા એ પ્રમાણાન્તરસાપેક્ષતા છે? બેય રીતે અતિપ્રસંગદોષ આવે છે ઉત્પત્તિમાં પ્રમાણાન્તરની અપેક્ષાને જો અપ્રામાણ્ય તરીકે તમે વર્ણવતા હો તો અરે! અનુમાનનો ઉચ્છેદ થઈ જાય કારણ કે અનુમાન પોતાની ઉત્પત્તિ માટે પ્રત્યક્ષ વગેરેની અપેક્ષા રાખે છે, અને 'ત્રિવિધ અનુમાન પ્રત્યક્ષપૂર્વક છે' એમ ન્યાયસૂત્રમાં વર્ણવવામાં આવ્યું છે. શબ્દના વિષયની બીજા પ્રમાણો વડે જ્ઞાત થવાની યોગ્યતા એ તેની અપ્રમાણતા હોય તો પ્રત્યક્ષ વગેરે બધાં અપ્રમાણ બની જાય; વળી, એકની એક વસ્તુ અનેક પ્રમાણોનો વિષય બની શકે છે (=પ્રમાણસંપ્લવ) એનું પ્રતિપાદન અમે અગાઉ કર્યું છે.

261. अपि च लौकिकेषु वाक्येषु 'अधीष्व' 'गां बधान' 'ग्रामं गच्छ' इत्येवमादिष्वन्वयव्यतिरेकाभ्यां हिताहितप्राप्तिपरिहारसाधनसामर्थ्यावगमेन प्रवृत्तिसिद्धेः विनियोगमात्रनिष्ठ एव विधिर्भवति । अप्रवृत्तप्रवर्तनात्मकनिरपेक्षनिजव्यापारवैधुर्यात् कार्यपरत्वानुपपत्तेः अनुवादमात्रं विधिवचनमिति कार्यार्थप्रामाण्यवादिनां सर्वमेव लौकिकं वाक्यमप्रमाणं स्यात् ।

261. ઉપરાંત, 'અધ્યયન કર' 'ગાયને બાંધ' 'ગામ જા' આદિ લૌકિક વાક્યોની બાબતમાં અન્વય–વ્યતિરેક દ્વારા હિતપ્રાપ્તિ અને અહિતપરિહાર સાધી આપવામાં તેમનું (અર્થાત્ અધ્યયનકરણ, ગોબંધન વગેરેનું) સામર્થ્ય છે એવા જ્ઞાનથી પ્રવૃત્તિ સિદ્ધ થાય છે, એટલે વિધિ વિનિયોગમાત્ર નિષ્ઠ છે. [હિતપ્રાપ્તિ કે અહિતપરિહાર એ સાધ્ય છે અને ગ્રામગમન આદિ ક્રિયાઓ એ તેનું સાધન છે એ પ્રકારના સાધ્યસાધનસંબંધરૂપ લક્ષણવાળો વિનિયોગ છે.] પ્રવૃત્તિ ન કરનારને પ્રવૃત્તિ કરવા પ્રેરવારૂપ સાક્ષાત્ વ્યાપાર વિધિમાં ન હોવાથી વિધિનું કાર્યોપદેશકત્વ ઘટતું ન હોઈ વિધિવાક્ય કેવળ અનુવાદ છે પરિણામે કાર્યાર્થમાં જ શબ્દનું પ્રામાણ્ય માનનારાના પક્ષમાં બધાં જ લૌકિક વાક્યો અપ્રમાણ બની જશે. [પ્રવર્તનાભિધાન દ્વારા લિઙ્ આદિનું (=વિધિનું) તાત્પર્ય પ્રવૃત્તિમાં છે; પરંતુ તે પ્રવૃત્તિ તો બીજાથી અર્થાત્ સુખસાધનતાજ્ઞાનથી પહેલેથી પ્રાપ્ત થયેલી છે, એટલે લિઙ્ આદિ વિધિ તેનો અનુવાદ કરે છે, અપૂર્વ પ્રવૃત્તિનું વિધાન કરતી નથી. હજાર વાર ભલેને પુરુષ વિધિનું શ્રવણ કરે પરંતુ જો તેને ઇષ્ટસાધનતા અને અનિષ્ટનિવારકતાનું જ્ઞાન ન હોય તો તે પ્રવૃત્તિ ન કરે. તેથી વિધિ સાક્ષાત્ પ્રવર્તક નથી, પરંતુ પેલા જ્ઞાન દ્વારા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રવર્તક છે, અને તેથી તે અનુવાદ છે. હકીકતમાં પેલું જ્ઞાન જ પ્રવર્તક છે. વિધિ પ્રવર્તક નથી પણ અનુવાદ છે.]

262. ये तु भूतार्थवादिषु लौकिकवाक्येषु प्रवृत्तिनिवृत्तिकारिषु विधिनिषेधौ कल्पयन्ति ते नितरामृजवः । श्रूयमाणोऽपि विधिरनुवादीभवति यत्र, तत्राश्रुतः कल्प्यते इति किमन्यदतःपरमार्जवम् ? प्रवृत्तौ तु तत्र विधिरप्रयोजक एव, अन्वयव्यतिरेकाभ्यां पुरुषार्थसाधनसामर्थ्यावगमात् पुरुषप्रत्ययाद्वा लोकेषु प्रवृत्तिसिद्धेः ।

262. પ્રવૃત્તિ–નિવૃત્તિ કરાવનાર, સિદ્ધાર્થાભિધાયી લૌકિક વાક્યોની બાબતમાં જેઓ વિધિ–નિષેધની કલ્પના કરે છે તેઓ અત્યંત સરલમતિ છે. ['આ પ્રદેશ નિધિમાન્ છે' 'આ માર્ગ પ્રતિરોધકવાન્ છે' ઇત્યાદિ સિદ્ધાર્થાભિધાયી લૌકિક વાક્યોની બાબતમાં જેઓ 'ગ્રહણ કરો' 'ન જાવ' ઇત્યાદિ વિધિ–નિષેધની કલ્પના કરે છે તેઓ મંદબુધ્ધિ છે]. જ્યાં શ્રૂયમાણ વિધિ પણ અનુવાદ બનતો હોય ત્યાં અશ્રુત વિધિ કલ્પવામાં આવે એનાથી વધારે સરલમતિપણું બીજું કયું ? [અર્થાત્ અશ્રુત વિધિની કલ્પના કરીનેય તેને અનુવાદ જ બનાવવો પડતો હોય તો તેની કલ્પના જ ન કરવી એ વધુ સારું છે.] પરંતુ પ્રવૃત્તિમાં ત્યાં વિધિ પ્રયોજક નથી જ, કારણ કે અન્વય–વ્યતિરેક દ્વારા પુરુષાર્થ (=હિતપ્રાપ્તિ અને અહિતપરિહાર) સાધી આપવાના સામર્થ્યના જ્ઞાનથી અથવા વક્તા પ્રત્યેના વિશ્વાસથી લોકમાં પ્રવૃત્તિ સિદ્ધ છે.

263. तत्रैतत्स्यात् । लौकिकवाक्यानां विवक्षापरत्वान्न कार्यार्थत्वम् । यथोक्तम्—'अपि च पौरुषेयाद्वचनादेवमयं पुरुषो वेदेति भवति प्रत्ययः, नैवमर्थ-तेति वैदिकानि पुनरपौरुषेयतया कार्यपराण्येव वाक्यानि' इति [शा० भा० १.१.२]। एतदपि न पेशलम्, अपौरुषेयस्य वचसः प्रतिक्षिप्तत्वात्, वेदेऽपि कर्तुः ईश्वरस्य साधितत्वात् ।

263. મીમાંસક— ત્યાં આ થાય. લૌકિક વાક્યો વિવક્ષાપરક હોઈ કાર્યાર્થવાચક નથી, જેમકે [શાબરભાષ્ય ૧.૧.૨માં] કહેવામાં આવ્યું છે કે પૌરુષેય વચનોમાંથી 'આવું આ પુરુષનું જ્ઞાન છે' એમ આપણે જાણીએ છીએ અને નહિ કે 'આવો અર્થ છે' એમ; પરંતુ વૈદિક વાક્યો અપૌરુષેય હોઈ કાર્યપરક જ છે.

નૈયાયિક— આ પણ યોગ્ય નથી, કારણ કે અપૌરુષેય વચનોનો અમે પ્રતિષેધ કર્યો છે, અને વેદની બાબતમાં પણ તેના કર્તા ઈશ્વરને સિદ્ધ કર્યો છે.

264. न च पुरुषवचनमपि विवक्षापरमिति दर्शितम् । तथा हि—न विवक्षा वाक्यार्थः, 'देवदत्त ! गामभ्याज कृष्णां दण्डेन' इति पदग्रामे विवक्षावाचिनः पदस्याश्रवणात्, अपदार्थस्य वाक्यार्थत्वानुपपत्तेः । न च विष-भक्षणवाक्यस्येव परगृहे भोजननिवृत्तौ पौरुषेयवचसो विवक्षायां तात्पर्यशक्तिरपि

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प्रभवति । न हि सर्वात्मनाऽभिधात्रीं शक्तिमवधीर्यैव तात्पर्यशक्तिः प्रसरतीति न विवक्षापरत्वम् ।

264. વળી, પુરુષવચન પણ વિવક્ષાપરક નથી એ અમે દર્શાવ્યું છે. તે આ પ્રમાણે – વિવક્ષા વાક્યનો અર્થ નથી, કારણ કે 'હે ! દેવદત્ત, કાળી ગાયને લાકડીથી હાંકી કાઢ' એ પદસમૂહમાં વિવક્ષાવાચક એક પણ પદ સંભળાતું નથી, અને જે અર્થ પદનો ન હોય તે વાક્યનો હોવો ઘટતો નથી. જેમ 'જા અને વિષ ખા' એવા વાક્યની તાત્પર્યશક્તિ પરગૃહભોજનનિષેધને જણાવવા સમર્થ છે તેમ પૌરુષેય વચનોની તાત્પર્યશક્તિ વિવક્ષા જણાવવા સમર્થ નથી સંપૂર્ણપણે અભિધાશક્તિની અવગણના કરી તાત્પર્યશક્તિ કાર્ય કરતી નથી, એટલે પૌરુષેય વાક્યો વિવક્ષાપરક નથી.

265. कथं तर्हि पुरुषवचनादुच्चारिताद् विवक्षाऽवगम इति चेत्, अनुमानादिति ब्रूमः । कार्यत्वात् पदरचनायाः पुरुषेच्छापूर्वकत्वमनुमीयते । अर्थावगमपुरःसरं च पुरुषवचनाद्विवक्षानुमानम्—'एवमयं वेद' 'एवमयं विवक्षति' इति । अर्थोपरागरहितस्य विवक्षामात्रस्य जीवतां निसर्गत एव सिद्धेः । अयमर्थोऽस्य विवक्षित इत्यर्थोपरज्यमाना तु विवक्षा न शक्याऽर्थेऽनवगतेऽवगन्तुम् । अर्थश्चेत् प्रथममवगतो वाक्यात् न तर्हि तद्विवक्षापरम्, अर्थपरमेव भवितुमर्हति । लोकवाक्यानां विवक्षापरत्वे बाह्येऽर्थे सम्बन्धग्रहणासम्भवाद् वेदादपि वाक्यार्थावगमो न स्यादित्यलं प्रसङ्गेन । तस्मान्न कार्यपरत्वेनैव शब्दस्य प्रामाण्यम् ।

265. મીમાંસક – તો પછી પુરુષે ઉચ્ચારેલ વચનો દ્વારા વિવક્ષાનું જ્ઞાન કેવી રીતે થશે ?

નૈયાયિક – અનુમાનથી થશે એમ અમે કહીએ છીએ. પદરચના એ કાર્ય હોઈ, તેના કારણરૂપ પુરુષેચ્છાનું અનુમાન થાય છે. અર્થજ્ઞાન થયા પછી જ પુરુષના વચન દ્વારા 'આવું એ જાણે છે' 'આવું એ કહેવા માગે છે' એ આકારે તેની વિવક્ષાનું અનુમાન થાય છે, કારણ કે અર્થના પાસથી રંગાયા વિનાની કેવળ વિવક્ષા તો ચેતન પ્રાણીઓને નિસર્ગથી જ સિદ્ધ છે [એટલે એવી વિવક્ષાના અનુમાનની વાત વ્યર્થ છે.] 'આ અર્થને આ કહેવા માગે છે' એમ અર્થના પાસથી રંગાયેલી વિવક્ષા તો અર્થ જાણ્યા વિના જાણવી શક્ય નથી. હવે જો વાક્યથી પ્રથમ અર્થ જ્ઞાત થતો હોય તો તે વાક્ય વિવક્ષાપરક નહિ પણ અર્થપરક હોવાને લાયક છે. લૌકિક વાક્યો વિવક્ષાપરક છે એમ માનતાં બાહ્યાર્થમાં શબ્દ–અર્થસંબંધનું ગ્રહણ અસંભવ બની જાય અને પરિણામે વેદ દ્વારા પણ બાહ્યાર્થનું જ્ઞાન થાય નહિ. વધુ દોષો જણાવવાનું પ્રયોજન નથી, [આટલા દોષો બસ છે.] નિષ્કર્ષ એ કે પોતાની કાર્યપરકતાને કારણે જ શબ્દનું પ્રામાણ્ય નથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

266. यत् पुनरभाणि नाख्यातशून्यं वाक्यं प्रयोगार्हम्, तेन विना नैराकाङ्क्ष्यानुपपत्तेः; आख्यातस्य च भव्यरूपोऽर्थो, न नाम्न इव भूतो, भूतभव्यसमुच्चारणे च भूतं भव्यायोपदिश्यते इति सर्वत्र कार्यपरत्वमिति, तदपि न सांप्रतम्, 'पुत्रस्ते जातः' 'कन्या ते गर्भिणी' इति सुखदुःखकारिणामनुपदिष्टप्रवृत्तिनिवृत्तिकानामनाख्यातानामपि वाक्यानां लोके प्राचुर्येण प्रयुज्यमानत्वात् ।

266. તમે મીમાંસકોએ જે કહ્યું કે 'આખ્યાતરહિત (=ક્રિયાપદરહિત) વાક્ય પ્રયોગને યોગ્ય નથી, કારણ કે તેના વિના નિરાકાંક્ષતા ઘટતી નથી; વળી આખ્યાતનો સાધ્યરૂપ અર્થ છે, નામની જેમ સિદ્ધ અર્થ નથી; સિદ્ધ અને સાધ્ય અર્થોના સહોચ્ચારણમાં સિદ્ધ અર્થ સાધ્ય અર્થને માટે ઉપદેશવામાં આવે છે, એટલે સર્વત્ર શબ્દનું કાર્યપરકત્વ છે' તે યોગ્ય નથી, કારણ કે 'તને પુત્ર જન્મ્યો છે' 'તારી કન્યા ગર્ભિણી છે' એવાં સુખદુઃખોત્પાદક, પ્રવૃત્તિ કે નિવૃત્તિનો ઉપદેશ ન આપનાર અને આખ્યાતશૂન્ય વાક્યોનો પ્રયોગ લોકમાં પ્રચુરપણે થાય છે.

267. अथ 'सुखी भव' 'दुःखी भव' इति तत्र कार्यपरत्वं व्याख्यायते, तदपि न युक्तम्, ईदृशानामक्षराणामश्रवणात्, कल्पनायाश्च निष्फलत्वात् । न हि 'सुखी भव' इत्युपदेशादसौ सुखी भवति; सुखीभवितुं वा क्वचित् प्रवर्तते, उपाये पूर्वमेव प्रवृत्तत्वात्, उपेये च प्रवृत्त्यनुपपत्तेः, किन्तु पुत्रजन्मश्रवणत एवासौ सुखीभवति ।

267. જો ત્યાં (અર્થાત્ 'તને પુત્ર જન્મ્યો છે' ઇત્યાદિ વાક્યોમાં) 'સુખી થા' 'દુઃખી થા' એમ જ એ વાક્યો છે એ રીતે એ વાક્યોનું કાર્યપરકત્વ સમજાવવામાં આવે તો તે પણ યોગ્ય નથી કારણ કે એવા અક્ષરોનું અશ્રવણ છે. ઉપરાંત, એવા અક્ષરોની કલ્પના કરવી પણ નિષ્ફળ છે, કારણ કે 'સુખી થા' એવા ઉપદેશથી તે સુખી થતો નથી; કે સુખી થવા માટે તે હવે પ્રવૃત્તિ કરતો નથી કારણ કે ઉપાયમાં (=પુત્રજનનાત્મક વ્યાપારમાં) તો તેણે પ્રવૃત્તિ કરી લીધી છે અને ઉપેયમાં (=ફળમાં) તો તેની પ્રવૃત્તિ ઘટતી નથી (અર્થાત્ આપણે ફળને કરતા નથી પરંતુ ફળ માટેના કર્મને જ કરીએ છીએ. આ અર્થમાં ફળમાં પ્રવૃત્તિ ઘટતી નથી.) પરંતુ પુત્રજન્મશ્રવણથી જ તે સુખી થાય છે.

268. तथा कस्यचिदुत्तरीयावगुण्ठिततनोः निद्रायमाणस्य क्वचित् केनचित् केलिना रज्जुवेष्टितवपुषः पश्चात् प्रबोधसमये सहसा सरीसृपचलितमात्मानं मन्यमानस्य भयादनुन्मीलितचक्षुषः केनचित् प्रयुज्यमानं 'रज्ज्वा वेष्टितोऽसि' इति वचः श्रवणपथमवतरति । तत् सिद्धार्थबोधकमपि प्रमाणम् । न च तत्र 'मा भैषीः' इति प्रयोगकल्पनायाः प्रयोजनम्, रज्जुवेष्टनप्रत्ययादेव भयनिवृत्तेः सिद्धत्वात् ।



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

268. બીજુ દૃષ્ટાંત. [રાત્રે] કોઈ પુરુષ ઉત્તરીયથી આખું શરીર ઢાંકીને ગાઢ નિદ્રા ખેંચી રહ્યો હતો ત્યારે ક્યારેક કોઈએ ગમ્મતમાં તેના શરીર ફરતું દોરડું વીંટાળી દીધું હતું. પછી જ્યારે તે એકાએક જાગ્યો ત્યારે પોતાને સાપથી વીંટળાયેલો માનતા તેણે ભયથી આંખો ફાડી. તે જ વખતે કોઈથી બોલાયેલું 'તું દોરડીથી વીંટળાયેલો છે' એવું વાક્ય તેના કાને પડયું. તે વાક્ય સિદ્ધ અર્થનું બોધક હોવા છતાં પ્રમાણ છે. ત્યાં 'બીશ મા' એવા વાક્યપ્રયોગની કલ્પના કરવાની કોઈ જરૂર નથી, કારણ કે દોરડી વીંટળાયેલી છે એ જ્ઞાન થતાં જ ભયનિવૃત્તિ સિદ્ધ થઈ ગઈ છે.

269. तथा च 'विषमविषधराधिष्ठितोऽयमध्वा' 'निधियुक्तोऽयं भूभागः' इति भूतार्थख्यापकं वचो दृश्यते, न च तदप्रमाणम् । न च तत्र 'मा गास्त्वमनेनाध्वना' 'निधिं गृहाण' इति विधिनिषेधपरत्वं युक्तम्, एषां पदानामश्रवणात् ।

269. વળી, 'ભયંકર વિષધરો આ માર્ગમાં રહે છે' 'નિધિયુક્ત આ ભૂમિપ્રદેશ છે' એવાં સિદ્ધ અર્થને જણાવનારાં વાક્યો દેખાય છે છતાં તે અપ્રમાણ નથી. ત્યાં (= તે વાક્યોની બાબતમાં) 'તે માર્ગે તું જઈશ મા' 'નિધિ ગ્રહણ કર' એવી વિધિ–નિષેધપરકતા તે વાક્યોની નથી, કારણ કે તે પદોનું શ્રવણ નથી.

270. ननु वक्तुः प्रेक्षापूर्वकारितया निष्प्रयोजनवचनानुच्चारादवश्यं 'मा गाः' 'गृहाण' इति कार्याक्षराणि हृदये परिस्फुरन्ति । कथञ्चिदालस्यादिना नोच्चारितानीति ।

270. મીમાંસક – વક્તા જે કંઈ બોલે છે તે બુદ્ધિપૂર્વક બોલતો હોઈ, નિષ્પ્રયોજન વાક્યો ઉચ્ચારે નહિ. તેથી 'ન જા' 'ગ્રહણ કર' એ કાર્યપરક અક્ષરો વક્તાના હૃદયમાં અવશ્ય સ્ફુરે છે, પરંતુ કંઈક આળસ વગેરેને કારણે તે ઉચ્ચારતો નથી.

271. नैतद्युक्तम्, प्रेक्षापूर्वकारित्वादेव वक्तुः यथावस्थितवस्तुस्वरूपमात्रख्यापकवचनोच्चारणमेव युक्तम्, अर्थात् प्रवृत्तिनिवृत्त्योः सिद्धत्वात्, पराभिप्रायस्य चानवस्थितत्वेन नियतोपदेशानुपपत्तेः । सर्पबन्धजीविनो हि सपन्नगः एव पन्था उपादेयतयाऽवभाति । वीतरागस्य च ब्रह्मविदो वित्तेषणाव्युत्थितस्य गोविन्दस्वामिन इव निधिरपि हेयतया परिस्फुरतीति कस्मै किमुपदिश्यताम् ? वस्तुस्वरूपे तु कथिते यथाहृदयवर्तिरागद्वेषानुवर्तनेन कश्चित्तत्र प्रवर्ततां कश्चित्ततो निवर्ततामिति । भूतार्थकथनमेव लोके प्रेक्षावान् करोति, न विधिनिषेधौ प्रयोक्तुमर्हतीति ।

271. વેદાન્તી- ના, આ બરાબર નથી. વક્તા જે કંઈ બોલે છે તે બુદ્ધિપૂર્વક બોલતો હોઈ, યથાવસ્થિત વસ્તુનું સ્વરૂપમાત્ર જણાવવા માટે તેણે વચનનું ઉચ્ચારણ કરવું યોગ્ય છે, કારણ કે તે [સિદ્ધ] અર્થમાંથી પ્રવૃત્તિ અને નિવૃત્તિ ઘટે છે. અને પરાભિપ્રાય (=શ્રોતાઓનો અભિપ્રાય) સ્થિર ન હોઈ નિયત ઉપદેશ ઘટતો નથી. જે ગારુડીઓ છે તેમને તો સર્પથી અધિષ્ઠિત માર્ગ જ ઉપાદેય લાગે છે અને વીતરાગ બ્રહ્મજ્ઞાની વિત્તેષણારહિત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પુરુષને ગોવિંદસ્વામીની જેમ નિધિ પણ હેય ભાસે છે, કોને શું ઉપદેશ દેવો ? પરંતુ વસ્તુ-સ્વરૂપને વર્ણવવામાં આવતાં હૃદયગત રાગ-દ્વેષ પ્રમાણે અનુસરણ કરી કોઈ તેમાં પ્રવૃત્તિ કરો અને કોઈ તેમાંથી નિવૃત્ત થાઓ. આમ બુદ્ધિમાન સિદ્ધ અર્થનું કથન જ લોકમાં કરે છે. વિધિ અને નિષેધનો પ્રયોગ કરવો તેમને ઘટતો નથી.

272. येऽपि ब्रुवते सर्वत्र प्रतिपत्तिकर्तव्यताविधानमेवादौ वेदितव्यम् अविधिकस्य वाक्यस्य प्रयोगानर्हत्वादिति तेऽपि न साधु बुध्यन्ते, विदितशब्दार्थ-सम्बन्धस्य पुंसः शब्दश्रवणे सति प्रतिपत्तेः स्वतः सिद्धत्वेनानुपदेश्यत्वात् । असिद्धायां वा प्रतिपत्तौ प्रतिपत्तिकर्तव्यतापि कुतः प्रतीयेत ।

272 '[સિદ્ધાર્થના પ્રતિપાદક વાક્યોમાં] બધે સ્થાને 'અર્થનું જ્ઞાન કરો' એ રૂપ જ્ઞાનકર્તવ્યતાનો વિધિ જ શરૂઆતમાં જાણવો જોઈએ કારણ કે વાક્ય વિધિરૂપ ન હોય તો પ્રયોજાવાને પાત્ર નથી' એમ જેઓ કહે છે તેઓ બરાબર સમજતા નથી, કારણ કે શબ્દાર્થ-સંબંધને જાણનારો માણસ જ્યારે શબ્દને સાંભળે છે ત્યારે તેને અર્થનું જ્ઞાન સ્વતઃ (અર્થાત્ જ્ઞાનકર્તવ્યતાના ઉપદેશ વિના જ) થાય છે, પરિણામે 'અર્થનું જ્ઞાન કરો' તે રૂપ જ્ઞાન-કર્તવ્યતાનો ઉપદેશ કરવો યોગ્ય નથી. જો શબ્દ સાંભળતાં તેને સ્વતઃ અર્થની પ્રતિપત્તિ નથી થતી એમ માનીએ તો 'તે અર્થનું જ્ઞાન કરો' એ જ્ઞાનકર્તવ્યતારૂપ ઉપદેશ પણ તેને કેવી રીતે જ્ઞાત થશે ?

273. ननु कार्यार्थप्रतिपादकं पदमन्तरेण पदान्तराणि संसर्गमेव न भजन्ते, कार्याकाङ्क्षानिबन्धनत्वात् सम्बन्धस्य । तेन सर्वत्र कार्यपरत्वम् । उच्यते । नैष नियमः कार्याकाङ्क्षागर्भ एव सर्वत्र सम्बन्ध इति, वर्तमानापदेशकानामपि प्रेक्षापूर्वकारिवाक्यानामितरेतरसंसृष्टार्थप्रतीतिजनकत्वदर्शनात् । न हि दशदाडिमादिवाक्यसदृशि वर्तमानापदेशीनि वचांसि भवन्ति । कार्यनिबन्धने हि सम्बन्धे तद्रहितानामनन्वय एव स्यात् । दर्शितश्चान्वयः पूर्वोदाहृतवाक्यानाम् ।

273. મીમાંસક— કાર્યાર્થના પ્રતિપાદક પદ (=ક્રિયાપદ) વિના અન્ય પદો (= કારક પદો) સંસર્ગરૂપ સંબંધ પામતાં જ નથી, કારણ કે સંસર્ગરૂપ સંબંધનું કારણ કાર્યાકાંક્ષા છે. તેથી સર્વત્ર વાક્ય કાર્યપરક છે.

વેદાન્તી— એવો નિયમ નથી કે સર્વત્ર પદોનો સંબંધ એ કાર્યાકાંક્ષાનું જ કાર્ય છે કારણ કે વર્તમાનનો (સિદ્ધનો) ઉપદેશ આપનારાં, બુદ્ધિમાનોનાં વાક્યો પરસ્પર સંસૃષ્ટ અર્થની પ્રતીતિ જન્માવતાં દેખાય છે. વર્તમાનનો (=સિદ્ધનો) ઉપદેશ આપનારાં આ વાક્યો દશદાડિમ આદિ વાક્યો જેવાં નથી. જો કાર્યજન્ય સંબંધ હોય તો કાર્યરહિત વાક્યો અન્વયરહિત (=સંબંધરહિત) જ બની જાય. પરંતુ પહેલાં ઉદાહરણ તરીકે આપેલાં વાક્યોમાં અન્વય અમે દર્શાવ્યો છે.

274. अपि च लिङन्तपदयुक्तेऽपि वाक्ये पदान्तरार्थानां परस्परमन्वयो

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दृश्यते एव । स कथं समर्थयिष्यते ? कार्याकाङ्क्षानिबन्धने हि [सम्बन्धे] कार्ये सर्वेषामन्वयः, न परस्परमिति ।

अथ ब्रयात् सर्वदा कार्यसम्बन्धे प्रथममवगते सति पश्चादरुणैकहायनीन्यायेन वाक्यीयः परस्परान्वयोऽपि सेत्स्यतीति ।

274. વળી, લિઙન્ત પદથી યુક્ત વાક્યમાં અન્ય પદાર્થોનો (=પદોનો) પરસ્પર અન્વય દેખાય છે જ; તેનું સમર્થન કેવી રીતે કરશો? કારણ કે સંબંધ કાર્યાકાંક્ષાજન્ય હોતાં બધાં પદોનો અન્વય કાર્યમાં જ થશે, પરસ્પર નહિ થાય. [અર્થાત્ અન્ય પદોનો ક્રિયાપદ સાથેનો સંબંધ તો કાર્યાકાંક્ષાને કારણે છે એમ માનીએ તો પણ કારકપદોનો પરસ્પર સંબંધ શેને કારણે છે એ સમજાવવાનું રહેશે, કારણ કે કારકપદો વચ્ચે પરસ્પર સંબંધ તો છે જ]

મીમાંસક— સર્વથા કાર્ય સાથેનો પદોનો સંબંધ પ્રથમ અવગત થયા પછી અરુણૈકહાયનીન્યાય અનુસાર વાક્યગત પદોનો પરસ્પરસંબંધ પણ સિદ્ધ થશે. [અરુણૈકહાયનીય ન્યાય : જ્યોતિષ્ટોમમાં 'अरुणया पिङ्गाक्ष्यैकहायन्या गवा सोमं क्रीणाति'[1] એ વાક્ય આવે છે. એ ઠેકાણે દ્રવ્ય અને આરુણ્ય વગેરે ગુણો બંને ક્રયરૂપ ક્રિયાની સાથે અંગ તરીકે સાક્ષાત્ અન્વિત છે પરંતુ ગુણો જાતે અમૂર્ત હોવાથી એકલા પોતે ક્રિયાસાધન થઈ શકે નહિ, તેથી અર્થાપત્તિથી ગોદ્રવ્યના પરિચ્છેદક હોઈ પાછળથી પરસ્પર અન્વિત થાય છે જેથી 'आरुण्यविशिष्टैकहायन्या गवा सोमं क्रीणाति'[2] એમ અર્થ નીકળે છે].

275. हन्त तर्हि परस्परान्वये कार्याकाङ्क्षाऽकारणम् । तथाहि—'अरुणया पिङ्गाक्ष्या एकहायन्या सोमं क्रीणाति' इति द्रव्यगुणयोर्विभक्त्या सोमक्रयं प्रति युक्तत्वात् प्रथमं क्रयसम्बन्ध एव तयोर्गम्यते । यश्च पाश्चात्यः परस्परान्वयस्तत्र कार्यपारतन्त्र्यापादिका विभक्तिरकारणम्, असत्यामपि तस्यां 'शुक्लः पटः' इति सामानाधिकरण्यप्रयोगेणान्वयसिद्धेः । तस्मात् कार्यैक्यनिबन्धनोऽन्वय इति नियमो य उच्यते स कल्पनामात्रप्रभवो, न प्रमाणवृत्तगम्य इति ।

275. વેદાન્તી— અરે ! એમ હોય તો પરસ્પરપદસંબંધનું કારણ કાર્યાકાંક્ષા નથી ! તે આ પ્રમાણે—'અરુણ પિંગાક્ષી એકહાયની વડે તે સોમ ખરીદે છે' એમાં દ્રવ્ય અને ગુણ બંને (તૃતીયા) વિભક્તિ દ્વારા સોમખરીદી પ્રત્યે પ્રયુક્ત હોઈ, પ્રથમ ખરીદક્રિયા સાથેનો સંબંધ જ્ઞાત થાય છે અને પછીનો (=પછીથી જ્ઞાત થતો) જે પરસ્પરસંબંધ છે તેમાં કાર્યપારતંત્ર્યપ્રતિપાદક વિભક્તિ (તૃતીયા) કારણ નથી, [કારણ કે તૃતીયા વિભક્તિ દ્રવ્ય અને ગુણનું ખરીદકાર્ય ઉપરનું પારતંત્ર્ય પ્રતિપાદિત કરી ક્ષીણ થઈ ગઈ છે.] તે (તૃતીયા વિભક્તિ) ન હોવા છતાં 'શુક્લઃ પટઃ' એવા સામાનાધિકરણ્યના પ્રયોગથી પણ

१. 'અરુણ પિંગાક્ષી એકહાયની ગાય વડે સોમ ખરીદે છે.'

२. 'આરુણ્યવિશિષ્ટ એકહાયની ગાય વડે સોમ ખરીદે છે.'

Jain Education International　　For Private & Personal Use Only　　www.jainelibrary.org

પરસ્પરસંબંધ સિદ્ધ થાય છે. તેથી, પરસ્પરપદસંબંધ એ કાર્યૈકજન્ય છે એવો જે નિયમ કહેવાયછે તે કેવળ કલ્પનાની નીપજ છે, પ્રમાણગમ્ય નથી.

276. यत्तु भूतभव्यसमुच्चारणे भूतं भव्यायोपदिश्यत इत्ययमपि न सार्वत्रिको नियमः, विपर्ययस्यापि 'व्रीहीन् प्रोक्षति' इत्यादौ दर्शनात् । अलं वा दर्शपूर्णमास-प्रकरणनिवेशानुज्झितकार्यमुखप्रेक्षणदैन्येन व्रीहिप्रोक्षणोदाहरणेन ।

276. સિદ્ધ અને સાધ્યના સહોચ્ચારણમાં સિદ્ધને સાધ્યના માટે કહેવામાં આવે છે એમ જે તમે કહો છો તે પણ સાર્વત્રિક નિયમ નથી, કારણ કે 'વ્રીહિન્ પ્રોક્ષતિ' ('વ્રીહિને પાણી છાંટે છે') વગેરેમાં ઊલટું દેખાય છે. [પ્રોક્ષણ એ સાધ્ય છે, વ્રીહિ એ સિદ્ધ છે અને પ્રોક્ષણ વ્રીહિને માટે છે.] અથવા દર્શપૂર્ણમાસયાગના પ્રકરણમાં આવવાને કારણે કાર્ય-મુખપ્રેક્ષણરૂપ દૈન્ય જેણે ત્યાગ્યું નથી એવા વ્રીહિપ્રોક્ષણના ઉદાહરણને રહેવા દો. [દર્શપૂર્ણમાસ યાગ એ પ્રધાન કર્મ છે, વ્રીહિ એ પ્રધાન કર્મ માટે છે અને પ્રોક્ષણ એ વ્રીહિ માટે છે, એટલે પ્રોક્ષણ પણ અંતે તો એ પ્રધાન કર્મ માટે જ ગણાય. એટલે વ્રીહિપ્રોક્ષણના ઉદાહરણને રહેવા દઈએ.]

277. 'आत्मा ज्ञातव्यः' इति तु सिद्धपर एव साध्योपदेशः । नह्यत्र कर्म किञ्चित् साध्यं प्रधानमुपदिश्यते, अधिकाराश्रवणात् । न च विश्वजिदादिवदधिकार-कल्पना काचिदुपपद्यते । न च कर्मप्रवृत्तिहेतुत्वमात्मज्ञानस्येति वक्ष्यामः ।

277. 'આત્મા જ્ઞાત થવો જોઈએ' એ સિદ્ધપરક સાધ્યોપદેશ છે (અર્થાત્ સિદ્ધ માટે સાધ્યનો ઉપદેશ છે), કારણ કે અહીં કોઈ પણ પ્રધાન કર્મનો ઉપદેશ નથી. [અહીં કોઈપણ પ્રધાન કર્મનો ઉપદેશ નથી] કારણ કે અહીં ફલ જણાવનાર અધિકારવાક્યનું સાક્ષાત્ શ્રવણ નથી અને વિશ્વજિત્ યાગમાં જેમ ફલ જણાવનાર અધિકારવાક્યની કલ્પના કરાય છે તેવી કલ્પના કરવી પણ ઘટતી નથી. વળી, આત્મજ્ઞાનનું કર્મપ્રવૃત્તિમાં હેતુપણું નથી એ અમે જણાવીશું. [આત્મા નિત્ય છે એવું આત્મસ્વરૂપજ્ઞાન માણસને ન હોય તો તે યાગાદિકર્મમાં પ્રવૃત્ત ન થાય. માટે આત્મજ્ઞાન યાગાદિ કર્મપ્રવૃત્તિનું કારણ છે. આ માન્યતાનું ખંડન નવમા આહ્નિકમાં જયંતે કર્યું છે.]

278. अर्थवादस्त्वर्थवाद एव, नाधिकारिकल्पनाय प्रभवति । तस्मादपहत-पाप्मत्वादिगुणयुक्तात्मस्वरूपनिष्ठत्वमेव तत्रावतिष्ठते । तस्मिन्नवगते पुरुषान्तरप्रार्थ-नादैन्यानुपपत्तेः स एव ह्युत्तमः पुरुषार्थः । स च सिद्ध एव, न साध्यः । यत्नस्तु कृतबुद्धीनामविद्योपरमायैवेति व्याचक्षते ।

278. ['अथ आत्मा ज्ञातव्यो निदिध्यासितव्यः' થી માંડી 'एवं वर्तयन् यावदायुषं ब्रह्मलोकमभिसंपद्यते न स पुनरावर्तते' છાંદોગ્ય. ૮.૧૫.૧ એ અર્થવાદમાંથી અપુનરાવૃત્તિકામ-વાળો અધિકારી પ્રાપ્ત થાય છે એમ કહી શકાય નહિ, કારણ કે] અર્થવાદ એ અર્થવાદ જ છે, તે અધિકારીની કલ્પના કરાવવા સમર્થ નથી. નિષ્કર્ષ એ કે અપહતપાપ્મા આદિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગુણોવાળા આત્માનું જે સ્વરૂપ છે તે સ્વરૂપપરકતા જ તેમાં (અર્થાત્ 'આત્મા જ્ઞાત થવો જોઈએ' એ વાક્યમાં) રહેલી છે. આત્માનું જ્ઞાન થતાં અન્ય પુરુષાર્થ માટે પ્રાર્થના કરવા રૂપ દીનતા ઘટતી ન હોઈ તે આત્મા જ ઉત્તમ પુરુષાર્થ છે. આત્મા તો સિદ્ધ જ છે, સાધ્ય નથી [એટલે જ તો] કહેવામાં આવ્યું છે કે ડાહ્યા માણસોનો પ્રયત્ન અવિદ્યાના ઉપરમ માટે જ હોય છે.

279. 'ज्ञातव्यः' इति प्रतिपत्तिकर्तव्यतापरोऽयं विधिरिति चेन्न, प्रतिपत्तेः प्रमितित्वात् प्रमितेश्च प्रमेयनिष्ठत्वात् । 'ज्ञातव्यः' इति कर्मणि च कृत्यप्रत्ययनिर्देशात् कर्मणश्चेप्सिततमत्वात् तत्परत्वमेवावगम्यते । विधिस्त्वत्र प्रसरन् क्व प्रसरेत् ? फलं तावद्विधेर्न विषय एव । यदाऽऽह भट्टः 'फलांशे भावनायाश्च प्रत्ययो न विधायकः' इति [श्लो०वा०चोदना०२२२] । उपायस्तु ज्ञानमेव । ज्ञानं च ज्ञेयनिष्ठमित्युक्तम् ।

यस्तु यमनियमादिप्रतिपत्तीतिकर्तव्यताप्रकारोपदेशः सोऽपि तथाविधात्मरूपाधिगतये सत्यासत्यस्वभावनामरूपप्रपञ्चप्रविलयनद्वारेण तत्रोपयुज्यते इति सिद्धतन्त्रमेव साध्यम् ।

279. 'આત્મા જ્ઞાતવ્યઃ—આત્મા જ્ઞાત થવો જોઈએ' એ વાક્ય જ્ઞાનકર્તવ્યતાપરક વિધિ છે એમ જો તમે કહેતા હો તો તે બરાબર નથી કારણ કે આત્મજ્ઞાન પ્રમિતિ છે અને પ્રમિતિ તો પ્રમેયનિષ્ઠ હોય છે ['આત્મા જ્ઞાતવ્યઃ' આ વાક્ય આત્મજ્ઞાન કરવાનો આદેશ આપે છે. આત્મજ્ઞાન કર્તવ્ય છે, જે કરવું જોઈએ, એવો એ વાક્યનો અર્થ છે. આ મત યોગ્ય નથી. આત્મજ્ઞાન રૂપ કર્તવ્ય કરવાના ઉપદેશપરક આ વાક્ય ઘટાવી શકાય નહિ. આત્મજ્ઞાન પ્રમિતિરૂપ છે. પ્રમિતિને પુરુષ પોતાની ઇચ્છા મુજબ કરી શકતો નથી. પ્રમિતિ પુરુષેચ્છાને અનુસરતી નથી. તે પુરુષેચ્છાને અધીન નથી. તે પ્રમેયને અધીન છે. પ્રમેય આત્મા છે તેથી તે આત્મનિષ્ઠ છે, કર્તવ્યતાનિષ્ઠ નથી.] 'જ્ઞાતવ્યઃ' એમ કર્મણિપ્રયોગમાં તવ્ય પ્રત્યયનો નિર્દેશ કરાયો હોઈ અને કર્મ ઇપ્સિતતમ હોઈ, વાક્યનું કર્મપરત્વ અર્થાત્ આત્મપરત્વ સમજાય છે. વિધિનો (=અહીં તવ્યનો) વ્યાપાર ફેલાતો હોય તોય ક્યાં ફેલાય ? ફળ તો વિધિનો વિષય નથી જ. [ફળમાં તો પુરુષ લિપ્સાથી સ્વતઃ પ્રવૃત્તિ કરે છે.] જેમ કે કુમારિલ ભટ્ટ કહ્યું છે કે 'ભાવનાનો અર્થાત્ વિધિનો પ્રત્યય ફલાંશમાં વિધાયક નથી.' [તે કરણ (=ઉપાય) અને ઇતિકર્તવ્યતા (=ઉપાયને પ્રયોજવાની રીત યા પ્રક્રિયા) એ બેનો જ વિધાયક છે. અર્થાત્ વિધિનો વિષય ઉપાય અને ઇતિકર્તવ્યતા છે.] પરંતુ અહીં તો ઉપાય જ્ઞાન જ છે, અને જ્ઞાન તો જ્ઞેયનિષ્ઠ છે એ અમે જણાવી ગયા છીએ. આત્મજ્ઞાન પ્રાપ્ત કરવાની પ્રક્રિયાઓ જેવી કે યમ, નિયમ આદિ વિશેનો ઉપદેશ પણ સત્યાસત્યસ્વભાવવાળા નામરૂપ પ્રપંચના પ્રવિલય દ્વારા આત્મસ્વરૂપના સાક્ષાત્કાર માટે જ ત્યાં ઉપયુક્ત છે. આમ છેવટે એ સિદ્ધ થયું કે સાધ્ય સિદ્ધપરતન્ત્ર છે અર્થાત્ સિદ્ધ માટે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

280. तिष्ठतु वा यमनियमप्राणायामप्रत्याहारधारणाद्यात्मज्ञानोपयोगीतिकर्तव्यताविधिः, अन्येऽपि ज्योतिष्टोमादिविधयस्तन्निष्ठा एवेति वेदान्तिनः । साध्यस्य सर्वस्य क्षयित्वेनानुपादेयत्वात् सिद्धस्य ब्रह्मण एवानाद्यविद्यातीतस्यानपायिनः पुरुषार्थत्वात्, स्तोकस्तोकप्रपञ्चप्रविलयनद्वारेणोत्तमाधिकारयोग्यत्वापादनाद् ब्रह्मप्राप्त्यौपयिका एव सर्वविधयः । तथा च मनुः—

स्वाध्यायेन व्रतैर्होमैस्त्रैविद्येनेज्यया सुतैः ।
महायज्ञैश्च यज्ञैश्च ब्राह्मीयं क्रियते तनुः ॥ इति [ मनु० २.१५ ]

तदेवं सिद्ध एवार्थे वेदस्याहुः प्रमाणताम् ।
सर्वा हि विधयो ब्रह्मप्राप्तिपर्यवसायिनः ॥

280. યમ, નિયમ, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા વગેરે આત્મજ્ઞાનોપયોગી પ્રક્રિયાઓ કેમ કરવી તેનો (=ઈતિકર્તવ્યતાનો) વિધિ તો બાજુએ રહો, બીજા પણ જ્યોતિષ્ટોમ આદિના વિધિઓ આત્મનિષ્ઠ જ છે એમ વેદાન્તીઓ માને છે. સાધ્ય જે કંઈ છે તે બધું વિનશ્વર હોઈ અનુપાદેય હોવાથી [તેની પ્રાપ્તિના ઉપાયભૂત વિધિઓ ન હોય]; અનાદિઅવિદ્યાતીત અને નિત્ય એવું સિદ્ધ બ્રહ્મ ઉત્તમ પુરુષાર્થ હોવાથી [તેની પ્રાપ્તિના ઉપાયભૂત વિધિઓ છે]; ધીમે ધીમે પ્રપંચપ્રવિલય દ્વારા ઉત્તમાધિકારની યોગ્યતા લાવતા હોવાથી બ્રહ્મની પ્રાપ્તિના ઉપાયભૂત સર્વ વિધિઓ છે. મનુ પણ કહે છે કે સ્વાધ્યાયથી, વ્રતોથી, હોમોથી, ત્રિવેદાધ્યયનથી, ઇજ્યાથી (=ગુરુશુશ્રૂષાથી), પુત્રોથી (પુત્રોત્પત્તિથી), [ભૂતયજ્ઞ વગેરે પાંચ] મહાયજ્ઞોથી અને [જ્યોતિષ્ટોમ વગેરે] યજ્ઞોથી આ શરીર બ્રહ્મપ્રાપ્તિયોગ્ય બનાવાય છે. નિષ્કર્ષ એ કે આ પ્રમાણે સિદ્ધ અર્થમાં જ વેદની પ્રમાણતા જણાવવામાં આવી છે, કારણ કે બધા જ વિધિઓ બ્રહ્મપ્રાપ્તિપર્યવસાયી છે. [આમ અહીં મીમાંસક અને વેદાન્તીઓના પરસ્પર વિરુદ્ધ મતો જણાવ્યા. મીમાંસકો વેદને કાર્યનિષ્ઠ કે સાધ્યનિષ્ઠ માને છે જ્યારે વેદાન્તીઓ વેદને સિદ્ધનિષ્ઠ માને છે.]

281. आस्तां वाऽयं विषयो बहु वक्तव्यः प्रमाणता तु गिराम् ।
सिद्धे कार्ये चार्थे तुल्यैव प्रमितितुल्यत्वात् ॥
किंतन्त्रता भवति तस्य तयोरितीयं
चर्चा चिराय न महत्युपयुज्यते नः ।
सन्तोषवृत्तिमवलम्ब्य वयं हि वेद-
प्रामाण्यमात्रकथनाय गृहीतयत्नाः ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प्रामाण्यसाधनविधावुपयोगि यच्च
वक्तव्यमत्र तदवादि यथोपयोगम् ।
वक्तव्यमिष्टमपि किञ्चिदिहाभिदध्मः
तच्छ्रूयतां यदि न धीः परिखिद्यते वः ॥

281. અથવા, રહેવા દો [આ ચર્ચા], આ વિષય બહુવક્તવ્ય છે. વાણીની પ્રમાણતા સિદ્ધ અર્થમાં અને કાર્ય અર્થમાં સમાનપણે જ છે [એમ અમારો નૈયાયિકોનો મત છે], કારણ કે વાણી પ્રમિતિતુલ્ય છે. [સિદ્ધ અને સાધ્ય એ] બેમાંથી શબ્દ શેના પરક છે એવી આ મોટી ચર્ચા લાંબા વખત સુધી કરવી અમારે માટે યોગ્ય નથી. [તેથી] સંતોષવૃત્તિને ધારીને અમે વેદના પ્રામાણ્યને જ જણાવવા માટે પ્રયત્ન કર્યો છે. વેદના પ્રામાણ્યને સિદ્ધ કરવાની પ્રક્રિયામાં જે કહેવા જેવું ઉપયોગી હતું તે અમે અહીં કહ્યું. [સૌને] ઇષ્ટ એવું વક્તવ્ય પણ અમે હવે અહીં કરવાના છીએ, જો તમારી બુદ્ધિ થાક અનુભવતી ન હોય તો તે સાંભળો.

**જયંત ભટ્ટ કૃત ન્યાયમંજરીનું ચોથું આહ્નિક સમાપ્ત**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## पंचममाह्निकम्

1. प्रपन्नाय विपन्नानां दुःखितानां सुखात्मने ।
सम्पूर्णाय दृढाशानां नमोऽकारणबन्धवे ॥

### પંચમ આહ્નિક

1. વિપત્તિમાં પડેલાઓ માટે જે શરણ છે, દુઃખીઓ માટે જે સુખરૂપ છે, [પૂર્ણને પામવાની] દૃઢ આશાવાળાઓને માટે જે પૂર્ણ છે અને કોઈ પણ કારણ વિના સૌનો જે બંધુ છે તેને નમસ્કાર.

2. अथ यदुक्तं वास्तवस्य शब्दार्थस्याविद्यमानत्वादर्थासंस्पर्शिनः शब्दा इति तत् प्रतिविधीयते ।

2. હવે, બૌદ્ધોએ જે કહ્યું કે શબ્દનો વાસ્તવિક અર્થ (=વસ્તુ) અસ્તિત્વ ધરાવતો ન હોઈ શબ્દો અર્થને સ્પર્શતા નથી, તેનો અમે નૈયાયિકો પ્રતિષેધ કરીએ છીએ.

3. द्विविधः शब्दः—पदं वाक्यं च । तत्र पदार्थपूर्वकत्वाद्वाक्यार्थस्य प्रथमं पदार्थो निरूप्यते ।

3. શબ્દના બે પ્રકાર છે— પદ અને વાક્ય. તેમાં વાક્યાર્થ પદાર્થપૂર્વક હોઈ, અમે વાક્યાર્થની પહેલાં પદાર્થનું નિરૂપણ કરીએ છીએ.

4 पदं च द्विविधं—नाम आख्यातं च । उपसर्गनिपातकर्मप्रवचनीयानामपि नामस्वेवान्तर्भावमाचक्षते । तदुक्तम् 'सुप्तिङन्तं पदम्' इति [पाणिनिसूत्र १.४.१४] । इहापि सूत्रकृदाह 'ते विभक्त्यन्ताः पदम्' इति [न्यायसूत्र २.२.६०] । तत्र तिङन्तपदार्थचिन्ता वाक्यार्थविचारावसरे एव करिष्यते, तदौपयिकत्वात् । सुबन्तानां त्वर्थोऽयमुच्यते ।

4. શબ્દના બે પ્રકાર છે— નામ અને આખ્યાત (ક્રિયાપદ). ઉપસર્ગ, નિપાત અને કર્મપ્રવચનીયનો પણ નામમાં સમાવેશ થાય છે એમ જણાવવામાં આવ્યું છે. જેને છેડે સુપ્ પ્રત્યય (= વિભક્તિનો પ્રત્યય) લાગેલો હોય કે તિઙ્ પ્રત્યય (= ક્રિયારૂપનો પ્રત્યય) લાગેલો હોય તે પદ એમ [પાણિનિસૂત્રમાં] કહેવામાં આવ્યું છે. અહીં (= ન્યાયશાસ્ત્રમાં) પણ સૂત્રકાર ગૌતમે કહ્યું છે કે વિભક્તિના પ્રત્યયો જેને છેડે લાગેલા હોય તે પદ છે. તેમાં તિઙન્ત પદોના **અર્થની** વિચારણા વાક્યાર્થનો વિચાર કરતી વખતે જ કરીશું, કારણ કે તેમાં તે ઉપયોગી છે. પરંતુ સુબન્ત પદોનો અર્થ અત્યારે જ કહીએ છીએ.

5. ते च चतुर्विधाः सुबन्ताः पदात्मानः शब्दा भवन्ति — जातिशब्दाः,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

क्रियाशब्दाः, गुणशब्दाः, द्रव्यशब्दाः इति । तत्र गवादिजातिशब्दानां गोत्वादिजात्यवच्छिन्नं व्यक्तिमात्रमर्थो यस्तद्वानिति नैयायिकगृहे गीयते ।

5. સુબન્ત પદોરૂપ શબ્દોના ચાર પ્રકાર છે – જાતિશબ્દો, ક્રિયાશબ્દો, ગુણશબ્દો અને દ્રવ્યશબ્દો. તેમાં ગાય આદિ જાતિશબ્દોનો અર્થ ગોત્વ આદિ જાતિથી વિશિષ્ટ વ્યક્તિમાત્ર છે, જેને નૈયાયિકો તદ્વાન કહે છે.

6 ननु शुक्लादिगुणाधिकरणं क्रियाश्रयश्च द्रव्यं व्यक्तिः, सास्नाद्यवयवसन्निवेशात्मिका आकृतिः, शाबलेयादिसकलगोपिण्डसाधारणं रूपं जातिरिति व्यक्त्याकृतिजातिसन्निधाने समुच्चारित एष गोशब्दः कथमितरतिरस्कारेण तद्वन्मात्रवचनतामवलम्बते ?

6. શંકા — શુક્લ વગેરે ગુણોનું અધિકરણ તેમ જ ક્રિયાનો આશ્રય દ્રવ્ય એ વ્યક્તિ છે. ગોદડી વગેરે અવયવોની રચનારૂપ સ્વભાવવાળી આકૃતિ છે. અને શાબલેય વગેરે બધા ગોપિંડોમાં (=ગોવ્યક્તિઓમાં) રહેલું સાધારણ રૂપ જાતિ છે. વ્યક્તિ, આકૃતિ અને જાતિ ત્રણેયનું અવિનાભાવી સાહચર્ય હોવા છતાં આ 'ગો' શબ્દ ઉચ્ચારાતાં તે બીજા બેનો (=આકૃતિ અને જાતિનો) તિરસ્કાર કરી તદ્વત્માત્રનો વાચક કેમ બને છે ?

7. आह—विततेयं कथा वर्तयिष्यते तावत् । इदं तु चिन्त्यताम्—जातेरेव प्रमाणातीतत्वेन शशशृङ्गवदविद्यमानत्वात् कथं तद्वान् पदार्थो भविष्यति ? तथा हि न तावत् सामान्यग्रहणनिपुणमक्षजं ज्ञानं भवितुमर्हति, तस्य पूर्वापराननुस्यूतस्वलक्षणमात्रपरिच्छेदपरिसमाप्तव्यापारत्वात् ।

समानवृत्तिता नाम सामान्यस्य निजं वपुः ।
कथं स्पृशति सापेक्षमनपेक्षाऽक्षजा मतिः ॥

समानेष्वाकलितेषु तद्वृत्तिसाधारणरूपमवधार्य सामान्यं गृह्यते इति सापेक्षं तत्स्वरूपग्रहणम् । इयं च प्रथमनयनसन्निपातसमुद्भूता मतिः पूर्वापरानुसन्धानवन्ध्या निरपेक्षा कथं तद्ग्रहणाय प्रभवेत् ? तत्पृष्ठभाविनस्तु विकल्पाः स्वभावत एव वस्तुसंस्पर्शकौशलशून्यात्मान इति तद्विषयीकृतस्यापि सामान्यस्य न परमार्थसत्त्वं भवितुमर्हति । न चानुमानं शब्दो वा सामान्यस्वरूपवास्तवत्वव्यवस्थापनसामर्थ्यमश्नुते, शब्दलिङ्गयोर्विकल्पविषयत्वेन वस्तुग्राहित्वासम्भवात् । तत्प्राप्त्यादिव्यवहारस्तु प्रकारान्तरेण दर्शयिष्यते ।

7. બૌદ્ધ કહે છે— આ વાત ખરેખર લાંબી છે. ખરે જ તેની ચર્ચા પછી કરીશું. પરંતુ [અત્યારે તો] આ વિચારો— જાતિ પોતે જ કોઈ પ્રમાણથી ગૃહીત થતી ન હોઈ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શશશૃંગની જેમ અવિદ્યમાન છે, પરિણામે પદનો અર્થ તદ્વાન્ કેવી રીતે બનશે? ઇન્દ્રિયજન્ય જ્ઞાન સામાન્યનું ગ્રહણ કરી શકે નહિ કારણ કે તેનો વ્યાપાર તો જે પૂર્વાપરમાં અનુસ્યૂત નથી એવા સ્વલક્ષણમાત્રને ગ્રહણ કરવામાં પૂરો થઈ જાય છે. [અમારે મતે વસ્તુ ક્ષણિક અને નિરન્વયવિનાશી છે. તેનું અસ્તિત્વ કેવળ એક ક્ષણમાં સીમિત છે. પૂર્વ અને ઉત્તર ક્ષણે એ તેનું અસ્તિત્વ નથી. પરિણામે અનેક અવસ્થાઓમાં એકધારું ટકતું એવું કોઈ દ્રવ્યરૂપ સામાન્ય નથી. આવી ક્ષણિક અને નિરન્વયવિનાશી વસ્તુને અમે બૌદ્ધો સ્વલક્ષણ કહીએ છીએ.] [અનેકમાં] સમાનપણે રહેવું એ સામાન્યનું પોતાનું શરીર અર્થાત્ રૂપ છે. જે બીજા ઉપર આધાર રાખ્યા વિના સાક્ષાત્ પોતાના વિષયને ગ્રહણ કરે છે તે ઇન્દ્રિયજન્ય જ્ઞાન સાપેક્ષને [અર્થાત્ વ્યક્તિના જ્ઞાન દ્વારા જણાતા સામાન્યને] કેવી રીતે સ્પર્શે? આકલન કરવામાં આવેલી સમાન વસ્તુઓમાં સામાન્યના હોવા રૂપ સાધારણ રૂપને અવધારીને સામાન્યનું ગ્રહણ થતું હોઈ, સામાન્યના સ્વરૂપનું ગ્રહણ સાપેક્ષ છે. ચક્ષુરિન્દ્રિય સાથે સંપર્કમાં આવતાં સૌપ્રથમ જે જ્ઞાન થાય છે તે પૂર્વાપરાનુસંધાનરહિત હોય છે, સ્વતંત્ર (અર્થાત્ બીજા જ્ઞાનની અપેક્ષા ન રાખનારું) હોય છે; તે કેવી રીતે સામાન્યને ગ્રહણ કરવા શક્તિમાન બને? તેના પછી તરત જ ઉદ્ભવતા વિકલ્પો (=સવિકલ્પક પ્રત્યક્ષો) તો સ્વભાવથી જ વસ્તુને સ્પર્શવાના કૌશલ રહિત સ્વભાવવાળા છે, એટલે તેમના વડે ગૃહીત સામાન્યનું પરમાર્થ સત્ત્વ ઘટતું નથી. વળી, અનુમાન કે શબ્દ સામાન્યના સ્વરૂપનું વાસ્તવપણું સ્થાપવા સમર્થ નથી, કારણ કે શબ્દ અને અનુમાનનો વિષય વિકલ્પ્ય (અર્થાત્ જે કોટિનો સવિકલ્પક પ્રત્યક્ષનો વિષય છે તે જ કોટિનો) હોઈ, તેઓ વસ્તુને ગ્રહણ કરે એ અસંભવ છે. [તેમના દ્વારા] વસ્તુપ્રાપ્તિનો વ્યવહાર તો બીજી રીતે સમજાવીશું.

8. अतश्च न व्यक्तिव्यतिरिक्तं सामान्यं, भेदेनानुपलम्भात् । तथा हि, कुवलयामलकबिल्वादीनि करतलवर्तीनि पृथगवलोक्यन्ते, न जातिव्यक्ती इति न तयोर्भेदः ।

8. તેથી, વ્યક્તિથી જુદું સામાન્ય નથી કારણ કે વ્યક્તિથી જુદું સામાન્ય દેખાતું નથી. હાથમાં રહેલા કુવલય, આમળું, બીલું વગેરે જુદાં જુદાં દેખાય છે [એટલે તેઓ એકબીજાથી જુદાં છે] પરંતુ જાતિ અને વ્યક્તિ જુદાં જુદાં દેખાતાં નથી એટલે તેઓ જુદાં નથી.

9. देशभेदस्य चाग्रहणाद्यत् । यत् खलु यतोऽतिरिक्तं तत् तदधिष्ठितदेश-व्यतिरिक्तदेशाधिष्ठानमवधार्यते घटादिव पटः । न चैवं जातिव्यक्ती इति न तयोर्भेदः ।

9. તેઓ જુદી જુદી જગ્યામાં ગૃહીત થતાં ન હોવાથી [જુદાં નથી]. જેનાથી જે જુદું હોય તે, તે જે દેશમાં હોય તે દેશથી જુદા દેશમાં જ હોય એવો નિશ્ચય છે; જેમકે ઘટથી પટ જુદો છે એટલે ઘટ જે જગાએ હોય તેનાથી જુદી જગાએ પટ હોય છે. એવી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રીતે જાતિ અને વ્યક્તિ જુદા જુદા દેશમાં ગૃહીત થતાં નથી, એટલે તેઓ જુદાં નથી (અર્થાત્ સામાન્ય વ્યક્તિથી જુદું નથી).

10. अतश्चैवं तदग्रहे तद्बुद्ध्यभावात् । यद्धि यतो व्यतिरिक्तं तत् तस्मिन्नगृह्यमाणेऽपि गृह्यते, घटादिव पटः । न च व्यक्तावनुपलभ्यमानायां जातिरुपलभ्यते । तस्मान्न ततोऽसौ भिद्यते ।

10. વળી, એકનું ગ્રહણ ન હોતાં બીજાનું જ્ઞાન પણ થતું ન હોવાથી [તેઓ જુદાં નથી], કારણ કે જે જેનાથી જુદું હોય તે, તેનું ગ્રહણ ન થવા છતાં ગૃહીત થાય છે, જેમકે ઘટથી જુદો પટ. પરંતુ વ્યક્તિનું ગ્રહણ ન થયું હોય ત્યારે જાતિ ગૃહીત થતી નથી. તેથી જાતિ વ્યક્તિથી જુદી નથી.

11. तद्वृत्तित्वात् सामान्यस्य तदग्रहे तदनुपलब्धिरिति चेत्, न, वृत्त्यनुपपत्तेः । किं प्रतिपिण्डं कार्त्स्न्येन वर्तते जातिरुतैकदेशेनेति द्वयमपि चानुपपन्नम्—

पिण्डे सामान्यमेकत्र यदि कार्त्स्न्येन वर्तते ।
तत्रैवास्य समाप्तत्वान्न स्यात्पिण्डान्तरे ग्रहः ॥
एकदेशेन वृत्तौ तु गोत्वजातिर्न कुत्रचित् ।
समग्राऽस्तीति गोबुद्धिः प्रतिपिण्डं कथं भवेत् ॥

जातेश्च निरवयवत्वान्न केचिदेकदेशाः सन्ति, यैरेषा प्रतिपिण्डं वर्तेत । न चैकत्र पिण्डे समाप्त्या वर्तमाना पिण्डान्तरे समाप्त्यैव वर्तितुमर्हति, समाप्तस्य पुनरुत्पत्तिं विना समाप्त्यन्तरानुपपतेः । तथाभूतस्य च वृत्तिप्रकारस्य क्वचिदप्यदर्शनात् ।

**11.** સામાન્ય વ્યક્તિમાં રહેતું હોઈ વ્યક્તિનું ગ્રહણ ન થયું હોય ત્યારે સામાન્યનું ગ્રહણ થતું નથી એમ જો તમે નૈયાયિકો કહેતા હો તો તે યોગ્ય નથી, કારણ કે સામાન્યનું વ્યક્તિમાં રહેવું જ ઘટતું નથી. શું તે વ્યક્તિમાં સમગ્રપણે રહે છે કે અંશતઃ રહે છે? બંને વિકલ્પો ઘટતા નથી. જો તે એક વ્યક્તિમાં સમગ્રપણે રહેતું હોય તો તેમાં જ તે સમાપ્ત થઈ જશે અને પરિણામે અન્ય વ્યક્તિમાં તેનું ગ્રહણ નહિ થાય. જો તે અંશતઃ રહેતું હોય તો ગોત્વસામાન્ય કોઈપણ ગોવ્યક્તિમાં સમગ્રપણે નહિ મળે અને તો પછી પ્રત્યેક ગોવ્યક્તિની બાબતમાં ગોબુદ્ધિ કેવી રીતે જન્મશે? વળી, સામાન્ય નિરંશ હોઈ તેને કોઈ અંશો તો છે નહિ કે જે અંશો વડે તે પ્રત્યેક વ્યક્તિમાં અંશતઃ રહે. એક વ્યક્તિમાં સમાપ્ત થઈને રહેલું સામાન્ય બીજી વ્યક્તિમાં સમાપ્ત થઈને રહી શકે નહિ, કારણ કે જે સમાપ્ત થઈ ગયેલ હોય તેની બીજી સમાપ્તિ પુનઃ ઉત્પત્તિ વિના ઘટે નહીં. આ જાતનું રહેવું તો કદી પણ દેખ્યું નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

12 या च समवायात्मिका पिण्डेषु वृत्तिः सामान्यस्यौलुक्यैरुच्यते तामपि न बुद्धियामहे वयम् । 'अयुतसिद्धानामाधार्याधारभूतानां यः सम्बन्ध इहप्रत्ययहेतुः स समवायः' [प्रशस्त० भा० द्रव्ये] इति यदुच्यते तद्विप्रतिषिद्धम् । अयुतसिद्धता च सम्बन्धश्चेति कथं सङ्गच्छते । पृथक्सिद्धे हि वस्तुनी कुण्डबदरवदन्योन्यं सम्बध्येते स्त्रीपुंसवद्वा । अयुतसिद्धे तु तदेकत्वात् किं केन सम्बध्येत ? न हि अहं मयैव सम्बध्ये ।

12. વૈશેષિકો વ્યક્તિમાં સામાન્યનું જે રહેવું સમવાય સંબંધરૂપ જણાવે છે તે સમવાયસંબંધરૂપ રહેવું પણ અમે સમજતા નથી. આધાર્ય અને આધારરૂપ અયુતસિદ્ધો વચ્ચેનો જે સંબંધ 'આ અહીં (=આમાં) છે' એવા જ્ઞાનનો જનક છે તે સમવાય છે એમ વૈશેષિકો જે કહે છે તેનો અમે બરાબર પ્રતિષેધ કર્યો છે. અયુતસિદ્ધો અને સંબંધ એ બેનો મેળ કેવી રીતે બેસે? જો બે વસ્તુઓ પૃથક્સિદ્ધ હોય તો જ એકબીજા સાથે સંબંધ ધરાવી શકે, જેમકે કુંડું-બોર, સ્ત્રી પુરુષ. અયુતસિદ્ધ હોતાં તો તે બેનું એકત્વ હોય અને તો પછી કોણ કોની સાથે સંબંધ ધરાવે? હું મારી સાથે જ સંબંધ ન ધરાવું.

13 द्रव्यगुणयोरपृथक्सिद्धयोरपि सम्बन्धो विद्यते एवेति चेत्, तदिदमुन्मत्तस्योन्मत्तसंवर्णनम् , गुणिनोऽपि गुणव्यतिरिक्तस्यानुपलम्भात् । अयं गुणी रूपादिभ्योऽर्थान्तरत्वेन नात्मानमुपदर्शयति, व्यतिरेकं च तेभ्यो वाञ्छतीति चित्रम् ।

13. દ્રવ્ય અને ગુણ અપૃથક્સિદ્ધ(=અયુતસિદ્ધ)હોવા છતાં તેમની વચ્ચે સંબંધ છે જ એમ જો તમે નૈયાયિકો કહેતા હો તો અમારે જણાવવું જોઈએ કે આ તો એક ગાંડો (=નૈયાયિક) બીજા ગાંડાની (=વૈશેષિકની) પ્રશંસા કરે એના જેવું થયું, કારણ કે ગુણથી જુદા દ્રવ્યનું ગ્રહણ થતું નથી. રૂપ આદિ ગુણથી જુદા અર્થરૂપે આ દ્રવ્ય પોતાને દેખાડતું નથી અને તેમ છતાં તેમનાથી જુદાઈ ઇચ્છે છે એ તો વિચિત્ર કહેવાય. [ નિષ્કર્ષ એ કે ગુણથી પૃથક્ દ્રવ્ય નામનો કોઈ અર્થ નથી. ]

14. यदपि नित्यानित्यविभागेन युतसिद्धेः स्वशास्त्रे परिभाषणं कृतम्—नित्यानां परमाणूनां पृथग्गतिमत्त्वं युतसिद्धिः । अनित्यानां तु युताश्रयसमवायित्वम् । विभूनां परस्परमाकाशादीनां सम्बन्ध एव नास्तीति, तदपि प्रक्रियामात्रम् । नानात्वेन सिद्धिर्निष्पत्तिर्ज्ञप्तिर्वा युतसिद्धिरित्युच्यते । तद्विपर्ययादयुतसिद्धिरैक्येन सिद्धिरवतिष्ठते । तथा च सति सम्बन्धो दुर्वचः ।

14. યુતસિદ્ધિની પારિભાષિક સમજૂતીમાં તેના બે વિભાગ કરવામાં આવ્યા છે—નિત્યોની યુતસિદ્ધિ અને અનિત્યોની યુતસિદ્ધિ. નિત્ય પરમાણુઓનું પૃથક્ગતિમત્ત્વ યુતસિદ્ધિ છે. પરંતુ અનિત્યોનું યુતાશ્રયસમવાયિત્વ (=પૃથગાશ્રયસમવાયિત્વ) યુતસિદ્ધિ છે. [ તંતુ અને પટ પોતપોતાના ભિન્ન આશ્રયોમાં સમવાય-સંબંધથી રહે છે. તંતુઓ અંશુઓમાં સમવાય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંબંધથી રહે છે જ્યારે પટ તંતુઓમાં સમવાયસંબંધથી રહે છે આ છે પૃથગાશ્રયસમવાયિત્વ. નિત્ય પરમાણુઓની યુતસિદ્ધિ પૃથગ્ગતિમત્ત્વ અર્થાત્ પૃથગ્ગમનયોગ્યતા છે જ્યારે અનિત્ય પદાર્થોની યુતસિદ્ધિ યુતાશ્રયસમવાયિત્વ અર્થાત્ પૃથગાશ્રયાવસ્થિતિ છે.] આકાશ આદિ વિભુ દ્રવ્યોની વચ્ચે કોઈ સંબંધ જ નથી. પરંતુ આ પારિભાષિક સમજૂતી પણ પ્રક્રિયામાત્ર છે. પૃથક્ત્વરૂપે સિદ્ધિ અર્થાત્ નિષ્પત્તિ કે જ્ઞપ્તિ એ યુતસિદ્ધિ છે એમ કહેવાય છે. તેનાથી ઊલટી અયુતસિદ્ધિ છે, એટલે ઐક્યરૂપે સિદ્ધિ છે, એમ સ્થિર થાય છે; અને તેમ હોતાં સંબંધની વાત કરવી મુશ્કેલ છે.

15. अवयवावयविनोरपि समवायात्मा सम्बन्ध एवमेव परिहर्तव्यः, यथाऽऽह भट्टः 'नानिष्पन्नस्य सम्बन्धो निष्पत्तौ युतसिद्धता' इति [श्लो०वा० प्रत्यक्ष सू० १४६] ।

15. અવયવ અને અવયવી વચ્ચેના સમવાયરૂપ સંબંધનું ખંડન આ પ્રમાણે કરવું જોઈએ; જેમકે કુમારિલ ભટ્ટ કહે છે કે—અનુત્પન્નનો ( = અનુત્પન્ન અવયવીનો ) ( અવયવો સાથે ) સંબંધ ન હોય. જ્યારે તે ( = અવયવી ) ઉત્પન્ન થઈ ગયો હોય ત્યારે તો ( તે અને તેના અવયવો વચ્ચે ) યુતસિદ્ધિ જ છે એમ કહેવું જોઈએ.

16 परमाण्वाकाशयोः परमाणुकालयोश्च सम्बन्ध इष्यते, नाकाशकालयोरन्योन्यमिति प्रक्रियैवेयमिति अलमवान्तरचिन्तनेन । तस्मान्न जातिव्यक्तयोः काचिद् वृत्तिरुपपद्यते ।

16. પરમાણુ અને આકાશ વચ્ચે, પરમાણુ અને કાળ વચ્ચે સંબંધ ઇચ્છવામાં આવ્યો છે પરંતુ આકાશ અને કાળ વચ્ચે પરસ્પર સંબંધ ઇચ્છવામાં આવ્યો નથી. આ તો એક પ્રક્રિયામાત્ર છે. એટલે, અવાન્તર ચિંતન રહેવા દઈએ. નિષ્કર્ષ એ કે જાતિ અને વ્યક્તિ વચ્ચે કોઈ સંબંધ ઘટતો નથી.

17. सुशिक्षितास्तु रूपरूपिलक्षणमाचते जातिव्यक्तयोः सम्बन्धं, सोऽपि नोपपद्यते । रूपशब्दः किं शुक्लादिवचनः आकारवचनः स्वभाववचनो वा ? शुक्लादिवचनत्वे नीरूपाणां पवनमनःप्रभृतीनां द्रव्याणां गुणकर्मणां च सामान्यशून्यता स्यात् । आकारवचनत्वेऽपि अवयवसन्निवेशरहितानां तेषामेव गुणादीनां सामान्यवत्ता न प्राप्नोति । स्वभाववचनत्वे तु जातिजातिमतोरव्यतिरेक एव भवेत् ।

अवभाति हि भेदेन स्वभावो न स्वभाविनः ।
शब्दातिरिक्ततैवेयं न तु वस्त्वतिरिक्तता ॥

17. રૂપ-રૂપિલક્ષણ સંબંધ જાતિ અને વ્યક્તિ વચ્ચે છે એમ પ્રાભાકરો કહે છે. તે સંબંધ પણ ઘટતો નથી. 'રૂપ' શબ્દનો અર્થ શુક્લ આદિ છે કે આકાર છે કે સ્વભાવ છે? જો 'રૂપ' શબ્દનો અર્થ શુક્લ આદિ હોય તો રૂપરહિત પવન, મન વગેરે દ્રવ્યો, ગુણો અને કર્મો સામાન્યશૂન્ય બની જાય. જો 'રૂપ' શબ્દનો અર્થ આકાર હોય તો અવયવરચનારહિત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પેલા જ ગુણ વગેરે સામાન્યવાળા ન પ્રાપ્ત થાય. જો 'રૂપ' શબ્દનો અર્થ સ્વભાવ હોય તો જાતિ અને જાતિમાનનો અભેદ થઈ જાય. સ્વભાવવાળાથી સ્વભાવ જુદો દેખાતો નથી આ તો શબ્દોની જુદાઇ છે; વસ્તુઓની જુદાઇ નથી.

18. किं चेदं रूपं नाम ? किं वस्त्वेव वस्तुधर्मो वस्त्वन्तरं वा ? वस्त्वन्तरं तावन्न प्रतिभातीत्युक्तम् । वस्तुधर्मोऽपि तद्व्यतिरिक्ततया स्थितो न चकास्त्येव, अव्यतिरेके च सम्बन्धवाचोयुक्तिरनुपपन्नेत्युक्तम् ।

18. વળી, આ રૂપ છે શું ? શું તે વસ્તુ (=વ્યક્તિ) પોતે જ છે ? કે વસ્તુનો ધર્મ છે ? કે અન્ય વસ્તુ (અર્થાત્ વ્યક્તિથી જુદી કોઈ વસ્તુ) છે ? વ્યક્તિરૂપ વસ્તુથી જુદી કોઈ વસ્તુ દેખાતી નથી એ તો અમે જણાવી ગયા છીએ. તે વ્યક્તિરૂપ વસ્તુથી જુદો રહેલો તેનો ધર્મ પણ દેખાતો નથી. તે વસ્તુધર્મ વસ્તુથી અવ્યતિરિક્ત હોય તો તેમની વચ્ચે સંબંધ છે એમ કહેવું ઘટતું નથી એ અમે જણાવી ગયા છીએ.

19. न च रूपरूपिलक्षणसम्बन्धः संयोगसमवायव्यतिरिक्तः कोऽपि श्रोत्रियैर्विविच्य व्याख्यातुं शक्यते, यथा ईदृगिति । तस्माद्वाचोयुक्तिनूतनतामात्रमिह कृतं, न त्वर्थः कश्चिदुत्प्रेक्ष्यते इत्यलं प्रसङ्गेन ।

19. સંયોગ અને સમવાયથી જુદા કોઈક રૂપ–રૂપિલક્ષણ સંબંધને પ્રાભાકર મીમાંસકો અલગ કરી, (આ સંબંધ) આવો છે એમ કહી સમજાવવા શક્તિમાન નથી. નિષ્કર્ષ એ કે કેવળ શબ્દરચનાની નવીનતા જ અહીં કરવામાં આવી છે, કોઈ (નવા) અર્થની ઉત્પ્રેક્ષા કરવામાં આવી નથી. માટે, આપત્તિઓ આપવાથી સર્યું.

20. अपि चेयं जातिः —

सर्वसर्वगता वा स्यात् पिण्डसर्वगताऽपि वा ।
सर्वसर्वगतत्वे स्यात् कर्कादावपि गोमतिः ॥
अश्वधीः शाबलेयादावुष्ट्रबुद्धिर्गजादिषु ।
पदार्थसंकरश्चैवमत्यन्ताय प्रसज्यते ॥

20. વળી, આ જાતિ કાં તો સર્વસર્વગત (=સર્વવ્યાપી) હોય કાં તો સ્વવ્યક્તિસર્વગત હોય. જો તે સર્વસર્વગત હોય તો કર્ક આદિ અશ્વોમાં પણ ગોબુદ્ધિ થાય, શાબલેય આદિ ગાયોમાં અશ્વબુદ્ધિ થાય, ગજ વગેરેમાં ઉષ્ટ્રબુદ્ધિ થાય અને આમ પદાર્થોનો અત્યંત સંકર થવાની આપત્તિ આવે.

21. अथापि व्यक्तिसामर्थ्यनियमान्नैष संकरः ।
न हि कर्कादिपिण्डानां गोत्वादिव्यक्तिकौशलम् ॥

21. [જાતિને સર્વસર્વગત માનનાર નૈયાયિકજૂથ]—જાતિને અભિવ્યક્ત કરવાનું સામર્થ્ય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અમુક વ્યક્તિઓમાં જ છે. એટલે આ સંકર થતો નથી. કર્ક અશ્વ વગેરે વ્યક્તિઓમાં ગોત્વને અભિવ્યક્ત કરવાનું સામર્થ્ય નથી.

22. नैवं खण्डाद्यभिव्यक्तमपि गोत्वमनंशकम् ।
सर्वत्रैव प्रतीयेत न वा सर्वगतं भवेत् ।।
तद्देशग्रहणे तस्य न हि किञ्चिन्नियामकम् ।
दीपवद् व्यञ्जकः पिण्डो न तु तत्पिण्डवृत्ति तत् ।।
सर्वत्राऽगृह्यमाणं च सर्वत्रास्तीति को नयः ।
सर्वसर्वगतं तस्मान्न गोत्वमुपपद्यते ।।

22. બૌદ્ધ—એમ ન હોય. ખંડ ગોવ્યક્તિથી અભિવ્યક્ત થયેલું ગોત્વ નિરંશ હોવાથી સર્વત્ર દેખાય અથવા તે સર્વસર્વગત ન હોય. તે દેશમાં જ (અર્થાત્ ખંડગો આદિ ગોવ્યક્તિઓમાં જ) ગોત્વનું ગ્રહણ થાય અને અન્ય દેશમાં (અર્થાત્ અશ્વવ્યક્તિ, ગજવ્યક્તિ, વગેરેમાં) તેનું ગ્રહણ ન થાય એનું કોઈ નિયામક કારણ નથી. જેમ દીપક [ઘટ આદિનો] અભિવ્યંજક છે પરંતુ ઘટ આદિ દીપકમાં રહેતા નથી તેમ વ્યક્તિ સામાન્યની અભિવ્યંજક હોય તો તે પણ વ્યક્તિમાં રહે નહિ. સામાન્યનું સર્વત્ર ગ્રહણ થતું નથી અને છતાં તે સર્વત્ર છે એ તે કેવો ન્યાય? નિષ્કર્ષ એ કે ગોત્વ સર્વસર્વગત ઘટતું નથી.

23. पिण्डसर्वगतत्वे तु काममेतदद्दूषणम् ।
किन्तु नैवाद्यजातायां गवि गोप्रत्ययो भवेत् ।।
पिण्डे नासीदसंजाते जातिर्जाते च विद्यते ।
संक्रामति न चान्यस्मात्पिण्डादन्यत्र निष्क्रिया ।।
आयात्यपि न तं पिण्डमपोज्झति पुरातनम् ।
न चांशैर्वर्तते तत्र कष्टा व्यसनसन्ततिः ।।

23. [જાતિને સ્વવ્યક્તિસર્વગત માનનાર નૈયાયિક જૂથ]—પરંતુ સામાન્યને સ્વવ્યક્તિસર્વગત માનતાં ખરેખર આ દૂષણ રહેતું નથી.

બૌદ્ધ—પરંતુ [આ મત અનુસાર] અત્યારે જન્મેલી ગાયમાં ગોજ્ઞાન ન જ થાય. ન જન્મેલી વ્યક્તિમાં સામાન્ય હતું નહિ અને જન્મતાં જ તેનામાં સામાન્ય હોય છે. અન્ય વ્યક્તિમાંથી અન્યત્ર (અર્થાત્ અત્યારે જન્મેલી વ્યક્તિમાં) નિષ્ક્રિય સામાન્ય સંક્રમણ કરતું નથી. સામાન્ય [અત્યારે જન્મેલી] વ્યક્તિમાં આવતું નથી અને જૂની વ્યક્તિને છોડતું નથી. ન તો સામાન્ય અંશતઃ ત્યાં (જૂની વ્યક્તિમાં) રહે છે. આપત્તિઓની હારમાળા કષ્ટદાયક છે.

24. **भाट्टास्तु ब्रुवते भिन्नाभिन्नमेकं वस्तु अनुयायि च व्यावृत्तं च । यत् तस्यानुयायि रूपं तत् सामान्यम् । यत् व्यावृत्तं स विशेषः । तथा हि—**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सर्ववस्तुषु बुद्धिश्च व्यावृत्त्यनुगमात्मिका ।
जायते द्व्यात्मकत्वेन विना सा च न सिद्ध्यति ।। [श्लो.वा.आकृति ५]

केवलविशेषात्मकपदार्थपक्षे सामान्यप्रतीतेर्निरालम्बनत्वं, सामान्यमात्रवादे विशेषबुद्धेरनुपपत्तिः ।

न चाप्यन्यतरा भ्रान्तिरुपचारेण वेष्यते ।
दृढत्वात् सर्वदा बुद्धेर्भ्रान्तिस्तद् भ्रान्तिवादिनाम् ।। [श्लो.वा.आकृति ७]

न हि मिहिरमरीचिनिचयनीरप्रतीतिवत् सामान्यप्रत्ययोपमर्देन विशेषप्रतीतिः, विशेषप्रत्ययोपमर्देन वा सामान्यप्रतीतिरुदेति, किन्तु अविरोधेनैव युगपदुभयावभासः । अत एव निर्विकल्पबोधेन द्व्यात्मकस्यापि वस्तुनो ग्रहणमुपेयते ।

24. કુમારિલ ભટ્ટના અનુયાયીઓ કહે છે—એક વસ્તુ ભિન્ન પણ છે અને અભિન્ન પણ છે અન્વયી પણ છે અને વ્યાવૃત્ત પણ છે. તેનું જે અન્વયી રૂપ છે તે સામાન્ય છે, જે વ્યાવૃત્ત રૂપ છે તે વિશેષ છે. વળી સર્વ વસ્તુઓમાં અનુવૃત્ત્યાત્મક અને વ્યાવૃત્ત્યાત્મક જ્ઞાન ઉત્પન્ન થાય છે. વસ્તુ પોતે દ્વ્યાત્મક ન હોય તો આવું જ્ઞાન ન ઘટે. વસ્તુ કેવળ વિશેષાત્મક છે એ પક્ષમાં સામાન્યપ્રતીતિ વિષયરહિત બનશે અને વસ્તુ કેવળ સામાન્યાત્મક છે એ પક્ષમાં વિશેષબુદ્ધિ ઘટશે નહિ. એમાંથી એક બુદ્ધિ ભ્રાન્તિરૂપ પણ નથી; અથવા તો એમાંથી એક બુદ્ધિ ગૌણ પણ નથી, કારણ કે સામાન્યબુદ્ધિ અને વિશેષબુદ્ધિ બંનેય સર્વદા દૃઢપણે રહે છે જ (અર્થાત્ બાધિત થતી નથી.) એટલે, એમાંથી એક બુદ્ધિને ભ્રાન્તિ ગણનારાઓને જ ભ્રાન્તિ છે. સૂર્યકિરણોમાં થતી જલની પ્રતીતિની જેમ સામાન્યની પ્રતીતિને દબાવીને વિશેષની પ્રતીતિ થતી નથી કે વિશેષની પ્રતીતિને દબાવીને સામાન્યની પ્રતીતિ થતી નથી; પરંતુ અવિરોધથી બંને એક સાથે પ્રતીત થાય છે. તેથી જ નિર્વિકલ્પક પ્રત્યક્ષ પણ દ્વ્યાત્મક (=સામાન્યવિશેષાત્મક) વસ્તુનું ગ્રહણ કરે છે.

25. तदेतदभिधीयमानमेव न मनोज्ञमिवाभाति ।
नानारूपं त्वयैकस्य विरुद्धं वदता स्वयम् ।
दूषणादानमौखर्यमस्माकमपवारितम् ।।

तदेव सामान्यं स एव विशेषः, तदेवैकं तदेव नाना, तदेव नित्यं तदेवानित्यं, तदेवास्ति तदेव नास्ति इति जैनोच्छिष्टमिदमुच्यते । उच्यमानमपि न शोभते ।

दृष्टत्वान्न विरोधश्चेन्न तथा तदवेदनात् ।
उक्तं हि नानुवृत्तार्थग्राहिणी नेत्रधीरिति ।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

विचित्रविकल्पप्रबन्धविप्रलब्धबुद्धयः खल्वेवं मन्यन्ते । भवन्तु ते, न त्वेकं वस्तु बहुरूपं भवितुमर्हति ।

एकं हि वस्तुनो रूपमितरत् कल्पनामयम् ।
नानुवृत्तविकल्पेषु विस्रम्भ उचितः सताम् ॥
प्रागितो ह्यन्यसंस्पर्शनैरपेक्ष्येण दृश्यते ।
स्वलक्षणमतो भेदस्तात्त्विकोऽनुगमो मृषा ।
दृढादृढत्वमक्षुण्णमपरीक्ष्यैव संविदाम् ।
द्वयप्रतीतिमात्रेण द्वयाभ्युपगमो भ्रमः ॥
न नेति प्रत्ययादेव मिथ्यात्वं केवलं धियाम् ।
किन्तु युक्तिपरीक्षाऽपि कर्तव्या सूक्ष्मदर्शिभिः ॥

25. બૌદ્ધ—ભાટ્ટ મીમાંસકો આ જે કહે છે તે બુદ્ધિને રુચે એવું નથી. એક વસ્તુના અનેક વિરુદ્ધ સ્વરૂપોની વાત કરતા મીમાંસકે પોતે દોષ જણાવવાની અમારી મુખરતા ઢાંકી દીધી છે (અર્થાત્ દોષો એટલા સ્પષ્ટ છે કે દોષ દર્શાવવાની અમારી મુખરતાને કોઈ અવકાશ જ રહેતો નથી.) તે જ સામાન્ય છે અને તે જ વિશેષ છે, તે જ એક છે અને તે જ અનેક છે, તે જ નિત્ય છે અને તે જ અનિત્ય છે, તે જ સત્ છે અને તે જ અસત્ છે એમ મીમાંસકો જૈનોનું બોલેલું બોલે છે. તેઓ બોલે છે પણ તે તેમને શોભતું નથી. જો તમે મીમાંસકો કહેતા હો કે [એક વસ્તુનાં બે સ્વરૂપો] દેખાય છે એટલે [તે બે સ્વરૂપોમાં] વિરોધ નથી તો અમે કહીએ છીએ કે તેમ નથી કારણ કે એક વસ્તુનાં બે સ્વરૂપોનો અનુભવ આપણને નથી. અનેકમાં એક અનુસ્યૂત અર્થને (=સામાન્યને) ગ્રહણ કરનાર નિર્વિકલ્પક ચાક્ષુષ પ્રત્યક્ષ નથી એમ કહ્યું છે. [નિર્વિકલ્પક ચાક્ષુષ પ્રત્યક્ષ પછી તરત જ ઉત્પન્ન થનાર 'ગાય' 'ગાય' એવા એકાકાર]વિવિધ સવિકલ્પક પ્રત્યક્ષોથી છેતરાયેલી બુદ્ધિવાળાઓ ખરેખર આમ માને છે (અર્થાત્ અનેકમાં અનુસ્યૂત એક સામાન્યને નિર્વિકલ્પક ચાક્ષુષ પ્રત્યક્ષ ગ્રહણ કરે છે એમ માને છે.) ભલે સામાન્ય અને વિશેષ બે હો; પરંતુ એક વસ્તુ અનેક સ્વભાવવાળી હોઈ શકે નહિ, કારણ કે વસ્તુને એક સ્વરૂપ (=વિશેષ) હોય છે, બીજું સ્વરૂપ (= સામાન્ય) તો કલ્પનામય છે. એકાકાર સવિકલ્પક પ્રત્યક્ષોમાં ડાહ્યા માણસોએ વિશ્વાસ રાખવો ઉચિત નથી. આની (= સવિકલ્પક પ્રત્યક્ષની) અનન્તર પૂર્વે અન્યસંસ્પર્શનિરપેક્ષપણે સ્વલક્ષણ(=વિશેષ)નું પ્રત્યક્ષ થાય છે. તેથી વિશેષ તાત્ત્વિક છે, સત્ છે જ્યારે સામાન્ય મૃષા છે, મિથ્યા છે. જ્ઞાનોના દૃઢત્વ અદૃઢત્વની પરીક્ષા કર્યા વિના જ, કેવળ બેની પ્રતીતિને લીધે જ, બેનો સ્વીકાર કરવો એ ભ્રમ છે 'આ નથી' એવી પ્રતીતિને આધારે જ અવિષયક બુદ્ધિ ભ્રાન્ત છે એમ ન કહેવાય પરંતુ તે બુદ્ધિના ભ્રાન્તાભ્રાન્તત્વના નિર્ણય માટે સૂક્ષ્મદર્શીઓએ તર્કથી પરીક્ષા કરવી જોઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

26. न चैकं शबलं वस्तु निर्विकल्पकगोचरः ।
व्यक्त्यन्तरानुसंधानाद्विनाऽनुगमधीः कुतः ॥

येष्वनुगतं तत्सामान्यं तेषु बुद्ध्यानानुसंधीयमानेषु तद्वृत्तिसामान्यग्रहणासम्भवात्, न चानुसंधानसामर्थ्यं बुद्धेरस्ति ।

अत एव न ते सम्यगक्षजज्ञानवेदिनः ।
अभेदवृत्तिप्रत्यक्षमाहुरद्वैतवाञ्छया ॥

तस्माद् भेदविषयत्वात् प्रत्यक्षस्य न तद्गम्यं सामान्यम् ।

26. અનેકાત્મક (= સામાન્ય-વિશેષાત્મક) એક વસ્તુ નિર્વિકલ્પક પ્રત્યક્ષનો વિષય નથી. [અમારે મતે નિર્વિકલ્પ પ્રત્યક્ષ જ ખરેખર પ્રત્યક્ષ છે. સવિકલ્પક પ્રત્યક્ષ તો પ્રત્યક્ષ જ નથી.] બીજી વ્યક્તિઓ સાથે પ્રસ્તુત વ્યક્તિના અનુસંધાન વિના અનુગમબુદ્ધિ (= એકાકાર બુદ્ધિ, અનુવૃત્તબુદ્ધિ) ક્યાંથી થાય? કારણ કે જે વ્યક્તિઓમાં એક અનુસ્યૂત સામાન્ય હોય છે તે વ્યક્તિઓનું બુદ્ધિથી અનુસંધાન કરવામાં ન આવે તો તે વ્યક્તિઓમાં રહેતા સામાન્યનું ગ્રહણ સંભવતું નથી; અને અનુસંધાન કરવાનું સામર્થ્ય નિર્વિકલ્પક પ્રત્યક્ષમાં નથી. તેથી જ, અદ્વૈતની ઇચ્છાથી જેઓ નિર્વિકલ્પક પ્રત્યક્ષને અભેદમાં (=સામાન્યમાં) પ્રવૃત્ત થનારું ગણે છે તેઓ નિર્વિકલ્પક પ્રત્યક્ષરૂપ જ્ઞાનને બરાબર સમજતા નથી. નિષ્કર્ષ એ કે નિર્વિકલ્પ પ્રત્યક્ષનો વિષય ભેદ (=સ્વલક્ષણ અર્થાત્ વિશેષ) હોઈ, સામાન્ય નિર્વિકલ્પ પ્રત્યક્ષ વડે ગ્રાહ્ય નથી.

27. नन्वेवमपह्नूयमाने सामान्ये गौर्गौरिति शाबलेयादिषु योऽयमनुवृत्तः प्रत्ययः स कथं समर्थयिष्यते ?

27. નૈયાયિક — આમ સામાન્યનો પ્રતિષેધ કરશો તો 'ગાય' 'ગાય' એવી જે એકાકાર પ્રતીતિ શાબલેય આદિ ગોવ્યક્તિઓમાં થાય છે તેનો ખુલાસો તમે કેવી રીતે કરશો ?

28. उक्तमत्र विकल्पमात्रमेष प्रत्ययः, विकल्पाश्च नार्थाधीनजन्मान इति । तथा च परपरिकल्पितेषु सत्तादिसामान्येष्वपि 'सामान्यम्' 'सामान्यम्' इत्यनुवृत्तविकल्पाः प्रवर्तन्त एव । न च सामान्येषु सामान्यान्तराणि सम्भवन्ति, निःसामान्यानि सामान्यानीत्यभ्युपगमात् ।

28. બૌદ્ધ—અહીં (=આના ઉત્તરમાં) અમે જણાવ્યું જ છે કે આ પ્રતીતિ તો કેવળ વિકલ્પરૂપ છે અને વિકલ્પો અર્થને અધીન રહી જન્મતા નથી. વળી, વૈશેષિકોએ માનેલાં સત્તા વગેરે સામાન્યોમાં 'સામાન્ય' 'સામાન્ય' એવા એકાકાર વિકલ્પો (=સવિકલ્પ પ્રત્યક્ષો) ઊઠે જ છે છતાં સામાન્યોમાં બીજાં સામાન્યો તો સંભવતા નથી કારણ કે સામાન્યો સામાન્યરહિત છે એવું વૈશેષિકોએ સ્વીકાર્યું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

29. औपाधिक एष सामान्येष्वनुगतविकल्प इति चेत् , आयुष्मन् ! गवादिष्वपि कञ्चिदुपाधिविशेषमवलम्ब्य गौर्गौरित्यनुस्यूतविकल्पो भविष्यति ।

29. નૈયાયિક-- સામાન્યોમાં થતો 'સામાન્ય' 'સામાન્ય' એવો એકાકાર વિકલ્પ ઔપાધિક છે.

બૌદ્ધ--હે આયુષ્મન્ ! ગોવ્યક્તિઓમાં પણ કોઈ ઉપાધિવિશેષને અવલંબીને 'ગો' 'ગો' એવો એકાકાર વિકલ્પ થશે; [ગોત્વ સામાન્યને માનવાની કોઈ જરૂર નથી.]

30. कः पुनरसावुपाधिरिति चेदेकार्थक्रियाकारित्वमिति ब्रूमः ।

यदेव वाहदोहादि कार्यमेकेन जन्यते ।
गोपिण्डेन तदेवान्यैरिति तेष्वनुवृत्तिधीः ॥

30. નૈયાયિક—આ ઉપાધિ કઈ ?

બૌદ્ધ—એક કાર્ય કરવું તે એમ અમે કહીએ છીએ. એક ગોવ્યક્તિ જે વાહદોહ આદિ કાર્ય કરે છે તે જ કાર્ય અન્ય ગોવ્યક્તિઓ કરે છે, એટલે તે બધી ગોવ્યક્તિઓમાં એકાકાર બુદ્ધિ થાય છે.

31 ननु प्रतिव्यक्ति कार्यं भिन्नमेव । सत्यम्, भेदबुद्ध्यभावात् तदेकमित्युपचर्यते ।

कर्कादिकार्यादन्यत्वं यथा ह्येतस्य दृश्यते ।
न तथा खण्डकार्यस्य मुण्डकार्याद्विभिन्नता ॥

31. નૈયાયિક—કાર્ય તો પ્રતિવ્યક્તિ ભિન્ન જ હોય છે.

બૌદ્ધ—[તમારું કહેવું] સાચું છે, પરંતુ ભેદબુદ્ધિ થતી ન હોવાથી તેનું (= કાર્યનું) એકત્વ ઉપચારથી છે. જેમ કર્ક વગેરે અશ્વવ્યક્તિઓના કાર્યથી આ કાર્યનું અન્યત્વ દેખાય છે તેમ ખંડ ગોવ્યક્તિના કાર્યથી મુંડ ગોવ્યક્તિના કાર્યનું અન્યત્વ દેખાતું નથી.

32. ननु तथा मा भूत् । न त्वभिन्नमेव खण्डमुण्डयोः कार्यम् । बाढम् ! दर्शनमेव तर्हि तयोरेकं भविष्यति, तच्चाभिन्नम् ।

32. નૈયાયિક—ભલે ખંડ ગોવ્યક્તિના કાર્યથી મુંડ ગોવ્યક્તિના કાર્યની ભિન્નતાનું દર્શન (= નિર્વિકલ્પક પ્રત્યક્ષ) ન હો, પરંતુ ખંડ ગોનું કાર્ય અને મુંડ ગોનું કાર્ય અભિન્ન તો નથી જ.

બૌદ્ધ—બરાબર તે બે કાર્યોનાં દર્શનો જ એક થશે; અને તે દર્શનો અભિન્ન છે, (તે બે કાર્યો અભિન્ન નથી.)

33. ननु दर्शनमपि प्रतिव्यक्ति भिन्नमेव । सत्यम्, तत्तु स्वपृष्ठभाविप्रत्यवमर्शाख्यकार्यैक्यादेकमित्युच्यते । यथैव शाबलेयादिपिण्डदर्शने सति गौरित्यनन्तर-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मवमर्शः तथैव बाहुलेयपिण्डदर्शनेऽपि गौरित्येवावमर्श इति तदेकत्वमुच्यते ।
तदुक्तम्—

एकप्रत्यवमर्शस्य हेतुत्वाद्धीरभेदिनी ।
एकधीहेतुभावेन व्यक्तीनामप्यभिन्नता ।। इति [प्र.वा.१.११०

तस्मादौपाधिकत्वादनुवृत्तबुद्धेर्न सामान्यं किञ्चिद्वास्तवमस्तीति ।

33. નૈયાયિક—દર્શન પણ પ્રતિવ્યકિત ભિન્ન જ છે.

બૌદ્ધ--[તમારું કહેવું] સાચું છે, પરંતુ દર્શનો (=નિર્વિકલ્પ પ્રત્યક્ષો) પછી તરત જ ઉત્પન્ન થતાં તેમનાં કાર્યરૂપ પ્રત્યવમર્શોનું (=સવિકલ્પક પ્રત્યક્ષોનું) એકત્વ હોઈ, તે દર્શનોને પણ એકરૂપ કહેવાયાં છે. જેમ શાબલેય ગોવ્યકિતનું દર્શન થયા પછી તરત જ 'ગૌ' એવો પ્રત્યવમર્શ થાય છે તેમ બાહુલેય ગોવ્યકિતનું દર્શન થયા પછી તરત જ 'ગૌ' એવો જ પ્રત્યવમર્શ થાય છે એટલે જ [ધર્મકીર્તિએ] કહ્યું છે કે પ્રત્યવમર્શોના એકત્વને લીધે તેમના હેતુભૂત દર્શનોનું એકત્વ છે અને દર્શનોના એકત્વને લીધે તેમના હેતુભૂત વ્યકિતઓનું પણ એકત્વ છે. નિષ્કર્ષ એ કે એકાકાર બુદ્ધિ—અનુવૃત્તિબુદ્ધિ ઔપાધિક હોઈ, સામાન્ય એ કોઈ વાસ્તવિક [પદાર્થ] નથી.

34 तत्राह—

अनिष्यमाणे सामान्ये ननु शब्दानुमानयोः ।
कथं प्रवृत्तिः सम्बन्धग्रहणाधीनजन्मनोः ।।
न हि व्यक्तिषु सम्बन्धो ग्रहीतुमिह शक्यते ।
स हि व्यक्तिषु गृह्येत सर्वास्वेकत्र वा क्वचित् ।।

न तु सर्वासु, देशकालादिभेदेन तदानन्त्यादशक्यत्वात् । नैकस्यां, व्यभिचारात्, ततोऽन्यत्रापि स शब्दः प्रवर्तमानो दृश्यते । अगृहीतसम्बन्धे च न शब्दलिङ्गे तत्प्रतीतिमुत्पादयितुमुत्सहेते इति ।

34. નૈયાયિક —સામાન્યને ઇચ્છવામાં ન આવે તો શબ્દ અને અનુમાનની પ્રવૃત્તિ કેવી રીતે થશે ? કારણ કે તે બંનેની ઉત્પત્તિનો આધાર સંબંધગ્રહણ ઉપર છે. [વ્યાપ્તિસંબંધના ગ્રહણ વિના અનુમાન શક્ય નથી અને વાચ્યવાચકસંબંધના ગ્રહણ વિના શબ્દ પ્રવૃત્ત થતો નથી.] વ્યકિતઓમાં સંબંધનું ગ્રહણ શક્ય નથી. ધારો કે વ્યકિતઓમાં સબંધનું ગ્રહણ થાય છે એમ માનીએ, તો પ્રશ્ન ઊઠે કે તે સંબંધનું ગ્રહણ બધી વ્યકિતઓમાં થાય છે કે કોઈ એક વ્યકિતમાં ? બધી વ્યકિતઓમાં તો સંબંધનું ગ્રહણ થાય નહિ કારણ કે દેશ કાળ વગેરે ભેદે વ્યકિતઓ અનંત હોઈ તે અશક્ય છે. કોઈ એક વ્યકિતમાં સંબંધનું ગ્રહણ થાય છે એમ માનતાં વ્યભિચારદોષ આવે છે, [કારણ કે] જે વ્યકિતની બાબતમાં સંબંધનું ગ્રહણ થયું હોય તેનાથી અન્ય વ્યકિતમાં પણ તે શબ્દ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રવૃત્ત થતો દેખાય છે. અને જેમની બાબતમાં સંબંધનું ગ્રહણ ન થયું હોય તેમને વિશે શબ્દ અને લિંગ જ્ઞાન ઉત્પન્ન કરવામાં ઉત્સાહ દર્શાવતા નથી.

35. उच्यते । स्यादेतदेवं यदि प्रत्यक्षविषये स्वलक्षणे शब्दलिङ्गयोः प्रवृत्तिः स्यात् ।

35. બૌદ્ધ—આનો ઉત્તર અમે આપીએ છીએ. જે પ્રત્યક્ષનો વિષય છે તે સ્વલક્ષણમાં જો શબ્દ અને લિંગ (=અનુમાન) પ્રવૃત્ત થતાં હોય તો આવું બને.

36. ननु प्रत्यक्षविषये तयोर्वृत्तावनिष्यमाणायामनवस्थादिदोषोपघातादप्रवृत्तिरेव स्यात् । मैवं वोचः । कथमसकृदभिहितमपि न बुद्ध्यसे ।

विकल्पविषये वृत्तिरिष्टा शब्दानुमानयोः ।
अवस्तुविषयाश्चैते विकल्पा इति वर्णितम् ॥

36. નૈયાયિક—પ્રત્યક્ષના વિષયમાં તે બેની પ્રવૃત્તિ ઇચ્છવામાં ન આવે તો અનવસ્થા આદિ દોષોના હુમલાથી તેમની પ્રવૃત્તિ જ નહિ થાય.

બૌદ્ધ - એમ ન કહો. શું અમે જે વારંવાર કહ્યું છે તે પણ તમે સમજતા નથી ? શબ્દ અને અનુમાનની પ્રવૃત્તિ વિકલ્પનો (= સવિકલ્પ પ્રત્યક્ષનો) જે વિષય છે તેમાં અમે ઇચ્છી છે, અને આ વિકલ્પોનો વિષય અવસ્તુ છે (અર્થાત્ વસ્તુ નથી) એ અમે જણાવી ગયા છીએ.

37. ननु विकल्पानामपि विषयो यद्यनुगामी कश्चिन्नेष्यते तदुत्सीदेतामेव शब्दानुमाने । बाढमस्ति विकल्पानामनुस्यूतो विषयः । स तु न वास्तवः । कः पुनरसाविति चेत्—

37. નૈયાયિક—જો વિકલ્પોનોય અનુસ્યૂત કોઈક વિષય ઇચ્છવામાં ન આવે તો શબ્દ અને અનુમાનનો ઉચ્છેદ જ થઈ જાય

બૌદ્ધ—બરાબર, વિકલ્પોનો અનુસ્યૂત કોઇક વિષય છે, પરંતુ તે વાસ્તવિક નથી, સત્ નથી.

નૈયાયિક—તે વિષય કયો છે ?

38. उच्यते ।

अतद्रूपपरावृत्तिस्वभावमबहिर्गतम् ।
बहिःस्थमिव सामान्यमालम्बन्ते हि निश्चयाः ।
या च भूमिर्विकल्पानां स एव विषयो गिराम् ।
अत एव हि शब्दार्थमन्यापोहं प्रचक्षते ॥

तथा हि न विकल्पा वस्तु स्पृशन्ति । कुतः ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

38 બૌદ્ધ—અમે જણાવીએ છીએ. અતદ્રૂપપરાવૃત્તિ એ સ્વભાવવાળું, બહાર [જગતમાં] અસ્તિત્વ ન ધરાવતું હોવા છતાં બહાર અસ્તિત્વ ધરાવતું હોય એવું લાગતું સામાન્ય નિશ્ચયરૂપ જ્ઞાનોનો (=સવિકલ્પક પ્રત્યક્ષોનો) વિષય છે, અને જે વિકલ્પોનો વિષય છે તે જ શબ્દનો વિષય છે. એટલે જ શબ્દાર્થ અન્યાપોહ છે એમ વિદ્વાનો કહે છે. આ કારણે [કહેવામાં આવ્યું છે કે] વિકલ્પો વસ્તુને સ્પર્શતા નથી.

નૈયાયિક—કેમ ?

39. एकस्यार्थस्वभावस्य प्रत्यक्षस्य सतः स्वयम् ।
कोऽन्यो न दृष्टो भागः स्याद्यः प्रमाणैः परीक्ष्यते ॥

[ प्रमाणवा० १.४४ ]

तस्माद् भ्रमनिमित्तसमारोपिताकारान्तरनिषेधाय तेषां प्रवृत्तिः । यथा रूपसाधर्म्यसमारोपितरजताकारनिवारणाय शुक्तौ प्रमाणान्तरं प्रवर्तते 'नेदं रजतम्' इति तथेहापि शाबलेयादिस्वलक्षणे निर्विकल्पकेन सर्वात्मना परिच्छिन्ने कुतश्चिन्निमित्तादारोपितमगोरूपमिव व्यवच्छिन्दन्ति विकल्पाः 'अगौर्न भवति' इति, न तु गोः स्वलक्षणग्रहणे तेषां व्यापारः, प्रागेव गृहीतत्वात् ।

39. બૌદ્ધ—વસ્તુનો સ્વભાવ એક જ છે તે સ્વભાવ સ્વયં નિર્વિકલ્પક પ્રત્યક્ષ વડે ગૃહીત થતાં તેનો કયો બીજો ભાગ (અંશ) ન ગ્રહાયો કે જેનું ગ્રહણ બીજાં પ્રમાણો કરે ? [વસ્તુ નિરંશ છે, એક અખંડ છે, તેનો એક જ સ્વભાવ છે. નિર્વિકલ્પક પ્રત્યક્ષ આવી વસ્તુને જ્યારે ગ્રહણ કરે ત્યારે તે વસ્તુનું કંઈ ગ્રહણ થયા વિનાનું બાકી રહે નહિ કે જેને ગ્રહણ કરવા બીજાં પ્રમાણોની જરૂર રહે. તો પછી બીજાં પ્રમાણોનું પ્રયોજન શું ? નિર્વિકલ્પક પ્રત્યક્ષે વસ્તુનું સંપૂર્ણ ગ્રહણ કરી લીધું છે:] તેથી ભ્રમના નિમિત્તને લીધે વસ્તુ ઉપર આરોપાયેલા અન્ય આકારનો ( =સ્વભાવનો ) નિષેધ કરવામાં તે બીજાં પ્રમાણોની પ્રવૃત્તિ છે રૂપના સાધર્મ્યને લીધે છીપ ઉપર આરોપવામાં આવેલા રજતના આકારને દૂર કરવા અન્ય પ્રમાણ પ્રવૃત્ત થાય છે જેનો આકાર છે 'આ રજત નથી'. તેવી જ રીતે અહીં પણ નિર્વિકલ્પક પ્રત્યક્ષથી સંપૂર્ણપણે ગૃહીત શાબલેય ગોસ્વલક્ષણ ઉપર કોઈક નિમિત્તને લીધે આરોપવામાં આવેલ અગોરૂપની જ વ્યાવૃત્તિ વિકલ્પો કરે છે જેમનો આકાર હોય છે 'આ અગો નથી'; વિકલ્પોનો વ્યાપાર ગોસ્વલક્ષણનું ગ્રહણ કરવામાં નથી કારણ કે તેનું ગ્રહણ તો પૂર્વે નિર્વિકલ્પક પ્રત્યક્ષે કરી લીધું છે.

40. अथ ब्रूयात् नानाविशेषणनिकरकल्माषितवपुषस्तस्यार्थस्य किञ्चिद्विशेषणं प्रागगृहीतं विकल्पैर्गृह्यते इति तदप्ययुक्तम्, नानाविशेषणनिकररुषितस्यापि वस्तुनः तद्विशेषणोपकारशक्तिव्यतिरिक्तात्मनोऽनुपलम्भात् । तदभेदे सति तद्विशेषणोपकार्यवस्तुस्वरूपग्रहणवेलायामेव तत्खचितग्रहणसिद्धेर्विकल्पान्तराणामानर्थक्यमेव । तदुक्तम्—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

यस्यापि नानोपाधेर्धीर्ग्राहिकाऽर्थस्य भेदिनः ।
तस्यापि नानोपाध्यात्तशक्तिर्न ह्यतिरिच्यते ॥
नानोपाध्युपकाराङ्गशक्त्यभिन्नात्मनो ग्रहे ।
सर्वात्मानोपकार्यस्य को भेदः स्यादनिश्चितः ॥ इति

[प्र०वा०स्वो०परि० ५४–५५]

40. જો તમે નૈયાયિકો કહો કે અનેક વિશેષણોથી રંગાયેલ પિંડવાળી વસ્તુના જે કેટલાક વિશેષણોનું પહેલાં [ નિર્વિકલ્પક પ્રત્યક્ષથી ] ગ્રહણ થયું નથી હોતું તેમનું ગ્રહણ પછી વિકલ્પો કરે છે તો તે બરાબર નથી, કારણ કે તે વિશેષણોએ વસ્તુ ઉપર કરેલ ઉપકારરૂપ શક્તિથી અનેક વિશેષણોથી રંગાયેલી તે વસ્તુ ભિન્ન હોય એવું જણાતું નથી. તે ઉપકારરૂપ શક્તિથી તે વસ્તુનો અભેદ હોતાં તે વિશેષણોથી ઉપકાર પામેલી તે વસ્તુનું ગ્રહણ થતાં જ તે વિશેષણોથી ખચિત વસ્તુનું ગ્રહણ પુરવાર થતું હોઈ ( અર્થાત્ તે વિશેષણો સહિત વસ્તુનું ગ્રહણ પુરવાર થતું હોઈ, ) [ તે વિશેષણોને ગ્રહણ કરવા માટે ] વિકલ્પોની કોઈ જરૂર રહેતી નથી. એટલે કહ્યું છે કે જેઓ એમ માને છે કે ભેદવાળી ( = વિશેષસ્વભાવ) વસ્તુની અનેક ઉપાધિઓનું ( = વિશેષણોનું ) ગ્રહણ વિકલ્પબુદ્ધિ કરે છે, તેમને અમે પૂછીએ છીએ કે અનેક ઉપાધિઓ ઉપર કરવામાં આવેલ ઉપકારરૂપ આશ્રયશક્તિ એ જેનો સ્વભાવ છે એવી એક અખંડવસ્તુનું ગ્રહણ સર્વાત્મના થતાં ઉપકાર્ય ઉપાધિઓમાંથી કઈ ઉપાધિ અગૃહીત રહી જાય ? તેથી, શબ્દો અને વિકલ્પોનો વિષય અપોહ ( = વ્યાવૃત્તિ ) છે.

41. नन्वपोहवादविषये महतीं दूषणवृष्टिमुत्ससर्ज भट्टः । तथा हि—अपोहो नाम व्यावृत्तिरभाव इष्यते । न चाभावः स्वतन्त्रतया घटवदगम्यते । तदयमन्याश्रितो वक्तव्यः । कश्च तस्याश्रयः इति चिन्त्यम् । न तावद् गोस्वलक्षणमाश्रयः, तस्य विकल्पभूमित्वाभावात् । नाप्यवान्तरसामान्यं शाबलेयत्वादि तस्याश्रयः, तस्यापि हि सामान्यात्मत्वेन अपोहस्वभावत्वात् अभावस्य चाभावाश्रयत्वानुपपत्तेः । न च शाबलेयसामान्यमगोनिवृत्तेराश्रयः, तद्धि अशाबलेयनिवृत्तेराश्रयतां प्रतिपद्येत । न ह्येवमुपपद्यते 'अशाबलेयो न भवतीति गौः' किन्तु 'शाबलेयः अशाबलेयः न भवति' इति, अशाबलेयव्यावृत्तिर्हि गोष्वपि बाहुलेयादिषु नास्ति ।

41. નૈયાયિક—અપોહવાદ ઉપર કુમારિલ ભટ્ટે દૂષણોનો મોટો વરસાદ વરસાવ્યો છે તે આ પ્રમાણે છે. અપોહ એ વ્યાવૃત્તિ અર્થાત્ અભાવ છે એમ બૌદ્ધો સ્વીકારે છે. પરંતુ ઘટ જેમ સ્વતંત્રપણે જ્ઞાત થાય છે તેમ અભાવ સ્વતંત્રપણે જ્ઞાત થતો નથી. એટલે અભાવને અન્યાશ્રિત કહેવો જોઈએ. તેનો આશ્રય કયો છે તે વિચારવું જોઈએ. ગોસ્વલક્ષણ અભાવનો આશ્રય નથી કારણ કે તે વિકલ્પનો વિષય નથી. શાબલેયત્વ જેવું અવાન્તર સામાન્ય તેનો આશ્રય નથી, કારણ કે તે પોતે પણ સામાન્યસ્વરૂપ હોઈ અપોહસ્વભાવ અર્થાત્ અભાવ-

સ્વભાવ છે અને અભાવનો આશ્રય અભાવ તો ઘટતો નથી. [ધારો કે અભાવને અભાવનો આશ્રય માનીએ તો પણ] અગોવ્યાવૃત્તિનો આશ્રય શાબલેયત્વ સામાન્ય બને નહિ, કારણ કે તે શાબલેયત્વ સામાન્ય તો અશાબલેયવ્યાવૃત્તિનો આશ્રય બની શકે; એનું કારણ એ કે 'અશાબલેય નથી એટલે ગૌ છે' એમ ઘટતું નથી પરંતુ 'અશાબલેય નથી એટલે શાબલેય છે' એમ ઘટે છે, કારણ કે અશાબલેયવ્યાવૃત્તિ તો બાહુલેય વગેરે ગાયો હોવા છતાં તેમનામાં નથી.

42. अथ शाबलेयादिस्वलक्षणसमुदायमगोव्यावृत्तेराश्रयं ब्रूयुः सोऽप्यघटमान एव, समुदायिव्यतिरेकेण तस्यानुपलम्भात् । समुदायिनां च स्वलक्षणानां देशकालादिभेदेनानन्त्याद् वर्गीकरणं पुरुषायुषशतेनापि न शक्यक्रियमिति समुदायोऽपि न तदाश्रयः । तस्मात् सर्वसाधारणं प्रतिपिण्डं परिसमाप्तं किमपि नूतनमगोव्यावृत्तेरधिकरणमभिधातव्यम् । तच्च गोत्वमेव । तस्मिन्नङ्गीकृते वा किमगोव्यावृत्तिकल्पनाऽऽयासेन ।

42. હવે, શાબલેય વગેરે ગોસ્વલક્ષણોનો સમુદાય અગોવ્યાવૃત્તિનો આશ્રય છે એમ જો તમે કહો તો તે સમુદાય પણ તેનો આશ્રય ઘટતો નથી, કારણ કે ઘટકોથી અતિરિક્ત સમુદાય દેખાતો નથી. વળી ઘટકભૂત સ્વલક્ષણો દેશ, કાલ, વગેરે ભેદે અનન્ત હોઈ તે બધાને એક વર્ગમાં (= સમુદાયમાં) મૂકવા સો આયખાઓમાંય શક્ય નથી નિષ્કર્ષ એ કે સમુદાય પણ તેનો આશ્રય નથી. તેથી સર્વસાધારણ, પ્રતિ વ્યક્તિમાં સંપૂર્ણપણે રહેલું કોઈક નૂતન અધિકરણ અગોવ્યાવૃત્તિનું જણાવવું જોઈએ અને તે અધિકરણ ગોત્વસામાન્ય જ છે. તેને સ્વીકારતાં અગોવ્યાવૃત્તિની કલ્પનાનું કષ્ટ કરવાની જરૂર જ ક્યાં રહે છે?

43. अपि च न केवलमाश्रयाभावात् तदग्रहणम्, किन्तु य एव ते केचिदपोह्या अगोरूपास्तुरगादयः तदग्रहणेऽपि तदपोहो दुर्ग्रह एव । न च तेषामानन्त्यात् ग्रहणं सम्भवति । नापि वर्गीकरणनिमित्तमेषां किञ्चिदस्ति । अश्वादयश्च विधिरूपतया भवन्मते न गृह्यन्ते, किन्त्वन्यव्यवच्छेदेनैवेति, तेषामपि व्यवच्छेदग्रहणे सैव वार्तेति नेदानीं विकल्पैः क्वचिदपोहो विषयीकर्तुं शक्यते । निर्विकल्पेन च न कश्चिद् व्यवहार इति सकलयात्रोत्सादप्रसङ्गः । किञ्च ये एते शाबलेयादिशब्दाः ते सर्वे एवापोहवाचित्वाविशेषात् पर्यायाः स्युः ॥

43. વળી, કેવળ આશ્રયના અભાવને કારણે અગોવ્યાવૃત્તિનું (=અગોઅપોહનું) ગ્રહણ નથી થતું એમ નહિ પરંતુ અગોરૂપ તુરગ વગેરે જે કોઈ અપોહ્યો છે તેમના ગ્રહણ વિના અગોઅપોહ ગ્રહણ કરવો કઠિન છે અને તે અપોહ્યો અનંત હોઈ તેમનું ગ્રહણ તો સંભવતું જ નથી. ઉપરાંત, તે અપોહ્યોના વર્ગીકરણનું કોઈ નિમિત્ત પણ નથી. અશ્વ વગેરે વિધિરૂપે તમારા મતમાં ગૃહીત થતા નથી, પરંતુ અન્યવ્યાવૃત્તિથી જ ગૃહીત થાય છે, આ અન્યવ્યાવૃત્તિના ગ્રહણની બાબતમાં એની એ જ વાત આવીને ખડી થાય છે, એટલે વિકલ્પોથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ક્યારેય અપોહને (=વ્યાવૃત્તિને) ગ્રહણુ કરવો શક્ય નથી અને નિર્વિકલ્પ પ્રત્યક્ષથી તો કોઈ વ્યવહાર શક્ય નથી. પરિણામે સકલ લોકવ્યવહારના ઉચ્છેદની આપત્તિ આવે છે.

ઉપરાંત, આ જે શાબલેય વગેરે શબ્દો છે તે બધા એક સરખી રીતે અપોહવાચક હોઈ, પર્યાયો બની જાય.

44. अपोह्यभेदाददोष इति चेन्न, अपोहानां भेदाभावात्, भिद्यमानत्वे वा स्वलक्षणवदेषां वस्तुत्वप्रसक्तिः । भवत्पक्षेऽपि सामान्यमात्रवाचित्वाविशेषात् पर्यायत्वं समानो दोष इति चेन्न, सामान्यानां विधिरूपत्वात् परस्परविरहितस्वभावतया नानात्वावगमात्, अपोहस्तु अभावमात्ररूपाविशेषान्न परस्परं भिद्यते । कर्कादिशाबलेयाद्याधारभेदादपोहभेद इति चेन्न, तेषामाधारत्वस्य निरस्तत्वात् । आधारभेदेन वा तद्भेदाभ्युपगमे प्रतिस्वलक्षणमपोहभेदप्रसङ्गः । ततश्च सामान्यात्मताऽस्य हीयेत ।

44. બૌદ્ધ—આ દોષ નથી આવતો કારણ કે અપોહ્ય વસ્તુઓ જુદી જુદી છે.

નૈયાયિક—ના, [અપોહ્યભેદે] અપોહોનો ભેદ સંભવતો નથી. જો અપોહો એકબીજાથી જુદા પડતાં હોય તો સ્વલક્ષણની જેમ તેઓ વસ્તુ બની જવાની આપત્તિ આવે.

બૌદ્ધ—આપના પક્ષમાં પણ બધા શબ્દો સમાનપણે સામાન્યમાત્રના વાચક હોઈ તે શબ્દો પર્યાય બની જવાનો દોષ આપણા બંનેના પક્ષોમાં સમાન છે.

નૈયાયિક—ના, અમારા મતે સામાન્યો વિધિરૂપ હોઈ અને એક સામાન્યનો સ્વભાવ બીજું સામાન્ય ન ધરાવતું હોવાથી તેમનું અનેકત્વ જ્ઞાત થતું હોઈ, અમારા પક્ષમાં એ દોષ આવતો નથી. પરંતુ અપોહો તો સમાનપણે અભાવમાત્રરૂપ હોઈ એકબીજાથી જુદા નથી.

કર્ક વગેરે [અશ્વવ્યક્તિઓ] અને શાબલેય વગેરે [ગોવ્યક્તિઓ]રૂપ આધારોના ભેદે અપોહોનો ભેદ થાય છે એમ જો તમે બૌદ્ધો કહેતા હો તો તે યોગ્ય નથી, કારણ કે તેઓ અપોહના આધાર છે એ પક્ષનો નિરાસ અમે કરી દીધો છે. તે આધારોના ભેદે અપોહોનો ભેદ માનતાં પ્રતિસ્વલક્ષણ અપોહના ભેદની આપત્તિ આવે પરિણામે અપોહની સામાન્યાત્મતા દૂર થઈ જાય.

45. अथापोह्यभेदेनापोहभेदमवधार्य पर्यायता पराणुद्यते तदप्यसारम्, तदापि अपोह्यभेदाद्भेदो न पर्यायत्वमपहन्ति, भाक्तो ह्यसौ न मुख्यः । न चापोह्यभेदाद्भेदोऽपि अपोहस्यावकल्पते । यो हि सम्भाव्यमानसंसर्गैराधारैरपि न भेत्तुं पार्यते स दूरवर्तिभिरलब्धसम्बन्धैरतिबाह्यैरपोह्यैः कथं भिद्येत ।

45. હવે જો તમે બૌદ્ધો અપોહ્યના ભેદે અપોહોનો ભેદ કરી 'શાબલેય' આદિ શબ્દોની પર્યાયતાની આપત્તિ દૂર કરતા હો તો એ યોગ્ય નથી, કારણ કે અપોહ્યભેદે અપોહોનો ભેદ પણ 'શાબલેય' આદિ શબ્દોની પર્યાયતા હણતો નથી, કારણ કે અપોહોનો ભેદ ગૌણ છે, મુખ્ય નથી (અર્થાત્ અપોહ્યભેદને કારણે અપોહોમાં ભેદ આરોપવામાં આવેલ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે). વળી, અપોહ્યભેદે અપોહોનો ભેદ ઘટતો પણ નથી કારણ કે જે અપોહોનો ભેદ અપોહો સાથે સંબંધ ધરાવતા સંભવિત આધારો વડે પણ કરવો શક્ય નથી તે અપોહોનો ભેદ અપોહો સાથે સંબંધ ન ધરાવતા દૂરવર્તી અતિબાહ્ય અપોહ્યો વડે કેવી રીતે થાય ? [અપોહ્યો અનંત છે. દેશ અને કાળની દૃષ્ટિએ દૂર છે, જ્ઞાનની પહોંચ ત્યાં નથી; આવા અપોહ્યોનો સંબંધ અપોહ સાથે છે જ નહિ. પરિણામે અપોહ્યભેદ અપોહોનો ભેદ કરી શકે નહિ.]

46. अभ्युपगम्यापि ब्रूमः यद्यपोह्यभेदादपोहभिन्नत्वमपोह्यैक्यात् तर्हि तदैक्येनापि भवितव्यम् । अतश्च गवाश्वयोरन्यापोहेन व्यवस्थाप्यमानयोरगावोऽनश्वाश्च हस्त्यादयोऽपोह्यास्तुल्या भूयांसो भवन्ति । असाधारणस्तु एको गौरश्वे, गवि चाश्वोऽतिरिच्यते । तत्रैकापोह्यभेदाद् गवाश्वयोर्भेदो भवतु, भूयसामपोह्यानामभेदादभेदो वा भवत्विति विचारणायां 'विप्रतिषिद्धधर्मसमावाये भूयसां स्यात् सधर्मत्वम्' इत्यभेद एव न्याय्यो भवेत् ।

46. અપોહ્યભેદે અપોહોનો ભેદ દલીલ ખાતર માનીનેય અમે કહીએ છીએ કે તો પછી અપોહ્યૈક્યને આધારે અપોહોનું ઐક્ય પણ થવું જોઈએ. બે અન્યાપોહો વડે જે ગાય અને અશ્વની વ્યવસ્થા કરવામાં આવે છે તેમના અગો અને અનશ્વ એવા હસ્તી વગેરે તુલ્ય અપોહ્યો ઘણા છે. બે અપોહોના જે બે અપોહ્યસમુદાયો છે તેમાં કેવળ એક ગૌ અશ્વશબ્દના અપોહ્યોમાં અસાધારણ હોઈ જુદું પડે છે જ્યારે કેવળ એક અશ્વ ગોશબ્દના અપોહ્યોમાં અસાધારણ હોઈ જુદું પડે છે. ત્યાં એક અપોહ્યના ભેદને કારણે અપોહોનો ભેદ થાય કે ઘણા બધા અપોહ્યોના અભેદથી અપોહોનો અભેદ થાય ? એ વિચારણામાં 'પરસ્પર જુદી બે વસ્તુઓના બે ધર્મસમુદાયોમાં ઘણા બધા ધર્મો સરખા હોય તો તે બે વસ્તુઓ સમાનધર્મવાળી બને' એ નિયમને આધારે અપોહોનો અભેદ જ ન્યાય્ય ઠરે. [બૌદ્ધો કહે છે કે અગોઅપોહ અને અનશ્વાપોહ આ બે અપોહોનો ભેદ અપોહ્યના ભેદના આધારે ઘટે છે. પરંતુ આ બે અપોહોના બે અપોહ્યોમાં ભેદ કેટલો છે અને અભેદ કેટલો છે એનો તો જરા વિચાર કરી જુઓ. અગોઅપોહનું અપોહ્ય અગો છે અર્થાત્ ગો સિવાયની અનંત વસ્તુઓ છે, અનશ્વાપોહનું અપોહ્ય અશ્વ સિવાયની અનંત વસ્તુઓ છે. આમ બે અપોહોના બે અપોહ્યસમુદાયોમાં કેવળ એક એક અપોહ્ય વસ્તુ જુદી છે જ્યારે અનંત અપોહ્ય વસ્તુઓ એની એ જ છે. બે અપોહ્યસમુદાયોને જુદા માનવા કરતાં તો બે અપોહ્યસમુદાયોમાં અનંત અપોહ્ય વસ્તુઓ એની એ જ હોવાથી બે અપોહ્યસમુદાયોને અભિન્ન યા તુલ્ય માનવા વધુ ઉચિત લાગે છે. આમ બે અપોહોના અપોહ્યોનો અભેદ પુરવાર થતાં અપોહ્યોના અભેદે અપોહોનો અભેદ તમારે બૌદ્ધોએ માનવો પડશે.]

47. अथ असाधारणत्वादश्वोऽपोह्य एवागोऽपोहेन इष्यते, स तर्हि सिंहादावप्यस्तीति सोऽपीदानीं गौर्भवेत् ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

47. જો અસાધારણપણાને કારણે અગોઅપોહનો અપોહ્ય અશ્વ જ છે એમ ઇચ્છવામાં આવે તો એ રીતે તો [અશ્વ અને સિંહ શબ્દોને લેતાં] અસિંહાપોહનો અપોહ્ય પણ અશ્વ જ હોતાં સિંહ પણ ગો બની જશે.

48. अथाश्वादिविशेषादृघोषरहितमगोरूपं व्यवच्छेद्यमुच्यते तत् प्रत्येकं ग्रहीतुमशक्यमानन्त्यात् । वर्गरूपेणापि तेषां ग्रहणं न शक्यम् । कस्मात् ? वर्गीकरणकारणं च किञ्चिन्नास्त्येव । न हि सर्वेषामगवामश्वादिनामेकदेशत्वमेककालत्वं वा समस्ति ।

48. જો કહો કે અશ્વ આદિ વિશેષોનો સ્પષ્ટ ઉલ્લેખ કર્યા વિના અગોરૂપ અપોહ્ય કહેવાયું છે તો અમારે કહેવું જોઈએ કે પ્રત્યેક વિશેષને ગ્રહણ કરવો શક્ય જ નથી કારણ કે તે વિશેષો અનંત છે. [અર્થાત્ અસાધારણ અશ્વમાત્ર 'ગો'પદનું અપોહ્ય નથી પરંતુ અગોરૂપ સિંહ આદિ બધા જ અપોહ્ય છે. એટલે અશ્વ આદિ બધા વિશેષોનો ઉલ્લેખ કર્યા વિના અગોરૂપ અશ્વ આદિ બધા અપોહ્ય છે એમ કહેવાયું છે. આમ બૌદ્ધ કહે તો કહેવું જોઈએ કે બધા જ વિશેષોને એકે એકે ગ્રહણ કરવા શક્ય જ નથી, કારણ કે તેઓ અનંત છે અને તો પછી તેઓ અપોહ્ય છે એમ કેમ કહેવાય?] સમુદાયરૂપે કે વર્ગરૂપે પણ તે બધા વિશેષોનું ગ્રહણ શક્ય નથી, કારણ કે તેમનો એક વર્ગ યા સમુદાય બનાવવા માટેનું કોઈ નિમિત્તકારણ નથી. અગોરૂપ અશ્વ વગેરેમાં નથી એકદેશતા કે નથી એકકાલતા કે જેને આધારે તેમનો એક વર્ગ કે સમુદાય બની શકે.

49. अथ गोप्रतिषेध एव वर्गीकरणहेतुरिष्यते, हन्त तर्हि गौः पूर्वसिद्ध एषितव्यः, यत्प्रतिषेधेनागावः प्रतीयेरन् । पूर्वसिद्धे च गवि लब्धे किमगोभिः किं वा तदपोहेन प्रयोजनम् । पूर्वसिद्धं गोस्वलक्षणमस्त्येवेति चेन्न, तेन व्यवहाराभावत्, गोसामान्ये तु पूर्वसिद्धे मुधाऽपोहप्रयत्न इत्युक्तम् । अथ गोसामान्यमगोप्रतिषेधेन सिद्ध्यति, तदा दुस्तरमितरेतराश्रयत्वम्—अगोनिषेधेन गोसिद्धिः गोसिद्ध्या चागोनिषेधसिद्धिरिति । तस्मादपोह्यस्यैव निरूपयितुमशक्यत्वान्न तद्भेदादपोहभेदः सिद्ध्यति ।

49. બૌદ્ધ— અગોરૂપ અશ્વ વગેરેનો વર્ગ યા સમુદાય થવા માટેનું નિમિત્ત ગોપ્રતિષેધ (અર્થાત્ 'ગો નથી' 'ગો નથી' એવો ગોપ્રતિષેધ) ઇચ્છવામાં આવ્યો છે.

**નૈયાયિક**— અરે ! એમ હોતાં તો ગોને પ્રથમથી સિદ્ધ ઇચ્છવો જોઈએ કે જેના **પ્રતિષેધથી અગોરૂપ** વસ્તુઓની પ્રતીતિ થાય. જો ગો પૂર્વસિદ્ધ હોય તો પછી અગોરૂપ વસ્તુઓનું **શું પ્રયોજન** કે અગોરૂપ વસ્તુઓના અપોહનું શું **પ્રયોજન**? જો તમે બૌદ્ધો કહો કે **પૂર્વસિદ્ધ ગોસ્વલક્ષણ** અસ્તિત્વ ધરાવે છે જ તો અમારે કહેવું જોઈએ કે તેનું પણ કોઈ **પ્રયોજન નથી,** કારણ કે તેનાથી વ્યવહાર સંભવતો નથી; અને ગોસામાન્યને પૂર્વસિદ્ધ માનતાં **અગોઅપોહનો** પ્રયત્ન નિરર્થક બની રહે છે એ તો અમે કહી ગયા છીએ. હવે જો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગોસામાન્ય અગોપ્રતિષેધથી સિદ્ધ થાય છે એમ તમે માનો તો તમારે ઇતરેતરાશ્રયદોષને પાર કરવો મુશ્કેલ છે. અગોનિષેધથી ગોની સિદ્ધિ થાય અને ગોસિદ્ધિ દ્વારા અગોનિષેધની સિદ્ધિ થાય. આમ અપોહ્યને જ સમજાવવું અશક્ય હોઈ, તેના ભેદે અપોહનો ભેદ પુરવાર ન થાય

50. अपि चाश्वादयः सामान्यरूपेण वाऽपोह्येरन् विशेषात्मना वा ? न विशेषात्मना । तदनन्तत्वादशब्दवाच्यत्वाच्च । सामान्यात्मना तु तेषामप्यपोहरूपत्वादभावत्वम् । कथं चाभावस्यैवाभावः क्रियेत ? करणे वा प्रतिषेधद्वययोगाद्विधिरवतिष्ठते इति विधिरूपः शब्दार्थः स्यात् ।

50. વળી, અશ્વ વગેરેનો સામાન્યરૂપે અપોહ (=નિષેધ) થાય છે કે વિશેષરૂપે ? વિશેષરૂપે અપોહ ન થઈ શકે કારણ કે વિશેષો અનંત છે અને શબ્દવાચ્ય નથી. સામાન્યરૂપે તેમનો અપોહ માનતાં, તેઓ (=અશ્વ વગેરે) અપોહરૂપ બની જાય અને પરિણામે અભાવરૂપ થાય અભાવનો જ અભાવ કેવી રીતે કરાય ? કરો તો બે પ્રતિષેધના યોગે વિધિ સ્થિર થઈ ને રહે અને પરિણામે શબ્દાર્થ વિધિરૂપ બની જાય.

51. अपोहात्मनश्च तुरगादेर्योऽपोहः स तस्माद्विलक्षण अन्यथा वा ? वैलक्षण्ये तस्य भावात्मता भवेत्, अवैलक्षण्ये तु यादृश एव अपोह्यः तादृश एव तदपोह इति गौरप्यगौः स्यात् ।

51. અભાવાત્મક અશ્વ વગેરેનો (=અગોનો) જે અપોહ તે તેમનાથી વિલક્ષણ છે કે અવિલક્ષણ ? વિલક્ષણ માનતાં, તે અપોહ ભાવાત્મક બની જાય. અવિલક્ષણ માનતાં જેવો અપોહ્ય (=અગો) તેવો જ અપોહ (=અગોઅપોહ=ગો) એમ થાય અને પરિણામે ગો પણ અગો બની જાય.

52. किञ्चापोहशब्दार्थपक्षे नीलमुत्पलमित्यादौ विशेषणविशेष्यभावसामानाधिकरण्यादिव्यवहारा विलुप्येरन् । न ह्येकस्मिन्नर्थे द्वयोरपोहयोर्वृत्तिरुपपद्यते । न चैकः कश्चिदर्थोऽस्ति यत्र तयोर्वृत्तिः, स्वलक्षणस्याशब्दार्थत्वादन्यस्य चासम्भवात् । न च वृत्तिरपि काचिदस्ति ।

52. ઉપરાંત, શબ્દનો અર્થ અપોહ છે એ પક્ષમાં નીલોત્પલ વગેરેની બાબતમાં વિશેષણ-વિશેષ્યભાવ, સામાનાધિકરણ્ય વગેરે વ્યવહારોનો લોપ થઈ જાય, કારણ કે એક વસ્તુ સાથે બે અપોહોનો સંબંધ ઘટતો નથી. વળી, એવી કોઈ વસ્તુ નથી જેની સાથે બે અપોહોનો સંબંધ હોય કારણ કે સ્વલક્ષણ પોતે તો શબ્દનો અર્થ નથી, સ્વલક્ષણ સિવાય બીજો કોઈ વાસ્તવિક અર્થ (=વસ્તુ) નથી અને કોઈ સંબંધ પણ અસ્તિત્વ ધરાવતો નથી. ['નીલોત્પલ' શબ્દથી અભિધેય શબલ અર્થની બાબતમાં વિશેષણવિશેષ્યભાવની અને સામાનાધિકરણ્યની સિદ્ધિ થઈ શકશે નહિ. નીલ'શબ્દનો અર્થ અનીલાપોહ અને 'ઉત્પલ'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દનો અર્થ અનુત્પલાપોહ છે. અનીલાપોહનો અનુત્પલાપોહ સાથે સમવાયસંબંધ હોય જ નહિ, પરિણામે તેમની વચ્ચે વિશેષણવિશેષ્યભાવ પણ ન જ હોય તેમની વચ્ચે સામાનાધિકરણ્ય પણ નહિ ઘટે કારણ કે બે અપોહો એકબીજાથી તદ્દન ભિન્ન છે. અનીલાપોહ અનુત્પલાપોહથી ભિન્ન છે, અનીલાપોહ ઉત્પલનો અપોહ કરે છે જ્યારે અનુત્પલાપોહ નીલનો અપોહ કરે છે, પરિણામે તે બંને અપોહોનું સામાનાધિકરણ્ય કેમ બને ? માની લઈએ કે તે બંને અપોહોનો એક અર્થ સાથે સબંધ છે, તો પ્રશ્ન ઊઠે કે તે અર્થ શો છે ? તે પોતે સ્વલક્ષણરૂપ તો હોઈ શકે નહિ કારણ કે સ્વલક્ષણ અવિકલ્પરૂપ હોઈ શબ્દ દ્વારા તેનું જ્ઞાન ન થાય. વળી, વાસ્તવિક સામાન્યરૂપ અર્થને તો બૌદ્ધો સ્વીકારતા જ નથી. એટલું જ નહિ, તેઓ સંબંધની પણ વાસ્તવિકતા સ્વીકારતા નથી.]

53. सज्ज्ञेयादिशब्दानामपोह्यनिरूपणासम्भवान्नापोहवाचित्वम् । न ह्यसदज्ञेयं वा किञ्चिदवगतं यद् व्यवच्छिद्येत । ज्ञातं चेत् सदेव तत् ज्ञेयं चेति । अतः कथं सच्छब्देन सदेव, ज्ञेयशब्देन च ज्ञेयमेवापोह्यते । अज्ञातं तु नितरामनपोह्यम् । कल्पितं तु तद्वक्तुमशक्यं, कल्पनयैव सत्त्वाज्ज्ञेयत्वाच्च ।

53. 'સત્' 'જ્ઞેય' શબ્દોના અપોહ્યો અસત્, અજ્ઞેયનું નિરૂપણ સંભવતું ન હોઈ, તે શબ્દો અપોહવાચી ઘટતા નથી. અસત્‌ને કે અજ્ઞેયને કદી જાણી શકાતું જ નથી કે જેથી તેનો વ્યવચ્છેદ (=અપોહ) થાય. જો અસત્‌ને જાણ્યું તો તે સત્ જ બની જાય અને જ્ઞેય પણ બની જાય, [જો અજ્ઞેયને જાણ્યું તો તે જ્ઞેય જ બની જાય], પરિણામે 'સત્' શબ્દથી સત્‌નો અને 'જ્ઞેય' શબ્દથી જ્ઞેયનો અપોહ કેમ થાય ? અપોહ્ય કોઈ રીતે પણ અજ્ઞાત હોય જ નહિ. કલ્પિત અસત્ અને અજ્ઞેય પણ અનુક્રમે 'સત્' અને 'જ્ઞેય' શબ્દના અપોહ્ય ન કહેવાય, કારણ કે કલ્પના દ્વારા તેમનું સત્ત્વ અને જ્ઞેયત્વ બની ગયેલું છે. [કલ્પના દ્વારા જે સત્ બનેલ છે તેનો અપોહ 'સત્' શબ્દ કેવી રીતે કરી શકે ? કલ્પના દ્વારા જે જ્ઞેય બનેલ છે તેનો અપોહ 'જ્ઞેય' શબ્દ કેવી રીતે કરી શકે ?]

54. अपोहशब्दस्य च किं वाच्यमिति चिन्त्यम् । अनपोहो न भवतीत्यपोहः । कश्चायमनपोहः । कथं वाऽसौ न भवति । अभवन्वा किमवशिष्यते इति सर्वमवाचकम् ।

54. 'અપોહ' શબ્દનું વાચ્ય શું છે એનો વિચાર કરવો જોઈએ. 'અપોહ' શબ્દનો અર્થ છે 'અનપોહ નથી'. આ અનપોહ શું છે ? અને તે કેમ નથી ? તે અનપોહ નહોતાં શું બાકી રહે ? આ રીતે વિચારતાં બધા શબ્દો અવાચક બની જાય છે.

55. प्रतिषेधवाचिनां च नञादिशब्दानां का वार्ता ? अत्र न भवतीति नेति कोऽर्थः ? उपसर्गनिपातानां च कथमपोहविषयत्वम् ? आख्यातशब्दानां च पचतीत्यादीनामपोहो दुरुपपादः ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

55 प्रतिषेधवाची 'नञ्' वगेरे पदोनी तो वात ज शी करवी ? अहीं 'नथी=न अस्ति, न भवति'मां 'न'नो अर्थ शो छे ? उपसर्गो अने निपातोनो विषय अपोह केवी रीते होय ? अने 'पचति' (रांधे छे) वगेरे क्रियापदोनी बाबतमां अपोह घटाववो दुष्कर छे.

56. नाम्नामेव जातिशब्दानामपोहविषयत्वमिष्यते येषां भवन्तो जातिवाचित्वं तद्वद्वाचित्वं वा प्रतिपद्यन्ते इति चेत्, ततोऽन्येषां तर्हि का वार्ता ? बाह्यार्थवाचित्वे जातिशब्देषु को द्वेषः ? निरालम्बनत्वे ज्ञानांशालम्बनत्वे वा जातिशब्दानामपि तदेवास्तु, किमपोहवादप्रमादेन ?

56. जातिशब्दोनो अर्थात् नामोनो ज विषय अपोह छे, अर्थात् जे शब्दोने विशे तेओ जातिवाचक छे के जातिमत्‌वाचक छे एवुं आप नैयायिको प्रतिपादन करो छो ते शब्दोनो ज विषय अपोह छे एम जो तमे बौद्धो कहेता हो तो अमे नैयायिको पूछीए छीए के तेमनाथी अन्य पदोनी बाबतमां तमारे बौद्धोए शुं कहेवानुं छे ? ते पदो जो बाह्यार्थवाची होय तो पछी जातिशब्दो तरफ द्वेष केवो ? जो कहो के ते पदोनो कोई बाह्य विषय ज नथी के ज्ञानांश ज तेमनो विषय छे तो जातिशब्दोनी बाबतमां पण तेम हो, अपोहवाद रूप गांडपणनुं शुं प्रयोजन ?

57. यथैव प्रतिभामात्रं वाक्यार्थ उपकल्पितः ।
पदार्थोऽपि तथैवास्तु किमपोहाग्रहेण वः ॥
इत्यादि दूषणौदार्यमपोहे बहुदर्शितम् ।
अतः शब्दार्थतामस्य वदेयुः सौगताः कथम् ? ॥

57. जेम वाक्यार्थने प्रतिभामात्ररूप कल्पवामां आव्यो छे तेम पदार्थ पण तेवो ज हो; अपोहना आग्रहनुं तमारे शुं प्रयोजनछे ? —वगेरे दूषणो आपवानुं औदार्य अपोहमां अमे बहु दर्शाव्युं छे. तेथी शब्दनो अर्थ अपोह छे एम सौगतो केम कहे ?

58. उच्यते । तदेतदविदितबौद्धसिद्धान्तानामभिधानम्—
अपोहो यदि भावात्मा बहिरभ्युपगम्यते ।
ततो भवति भावत्कं वाग्जालं न त्वसौ तथा ॥

किन्तु खल्वयमान्तरो ज्ञानात्मा सौगतानामपोहः सम्मतः । तथाऽभ्युपगमे केयमपोहवाचोयुक्तिः ? स्वांशविषयं पदार्थज्ञानमित्येतावदेव वक्तुमुचितम् । एतदपि नास्ति, नायमान्तरो, न बाह्योऽपोहः, किन्तु ज्ञानार्थाभ्यामन्य एव ।

58. बौद्ध – अमे उत्तर आपीए छीए. जेओ बौद्ध सिद्धान्तने समजता नथी तेओ आ कहे छे. जो अपोहने भावात्मक बाह्य वस्तु तरीके अमे स्वीकारता होईए तो तमारी वाग्जाळ असर करे. परंतु अपोह तेवो नथी. बौद्ध मते अपोह ज्ञानरूप आंतर वस्तु छे. हवे जो अपोहने अमे आवो मानता होईए, तो तमारी दलीलोनी केवी दशा ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દાર્થજ્ઞાનનો વિષય જ્ઞાનનો પોતાનો અંશ જ છે એમ એટલું જ કહેવું ઉચિત છે. [બીજા કેટલાક બૌદ્ધો કહે છે કે] ના, એમ કહેવું ઉચિત નથી; અપોહ આંતર પણ નથી કે બાહ્ય પણ નથી, પરંતુ જ્ઞાન અને બાહ્યાર્થ બંનેથી અન્ય જ છે.

59. ननु यद्विद्यते नान्तर्न बहिः परमार्थतः ।
तन्न विद्यत एवेति कथं शब्दार्थ उच्यते ॥
पारमार्थिकशब्दार्थसमर्थनपिपासिताः ।
नेहागताः स्मो येनैवमनुयुज्येमहि त्वया ॥

यत एव तन्नान्तर्बहिरस्ति तत एव मिथ्येति काल्पनिकमिति च गीयते । किं पुनस्तत् । आरोपितं किञ्चिदाकारमात्रं विकल्पोपरञ्जकम् । ननु बाह्यार्थव्यतिरेकेण किमीय आकारः आन्तरस्य ज्ञानस्योपरञ्जकः ।

59. નૈયાયિક— જે અંદર કે બહાર પરમાર્થથી અસ્તિત્વ ધરાવતો ન હોય તે હોય જ નહિ, એટલે તેને શબ્દાર્થ કેવી રીતે કહેવાય ?

બૌદ્ધ— શબ્દાર્થ પારમાર્થિક છે એવું સમર્થન કરવા માટે તરસતા અમે અહીં આવ્યા નથી કે જેથી તમે અમને આમ પૂછો છો. કારણ કે તે અંદર પણ નથી કે બહાર પણ નથી એટલે જ તે મિથ્યા છે કાલ્પનિક છે એમ અમે કહીએ છીએ.

નૈયાયિક— તો તે છે શું ?

બૌદ્ધ— વિકલ્પરૂપ જ્ઞાનને રંગનાર કોઈક આરોપિત આકારમાત્ર છે.

નૈયાયિક— બાહ્યાર્થ સિવાય આ કયો આકાર છે જે આંતર જ્ઞાનને રંગનાર હોઈ શકે ?

60. उच्यते । दृश्यच्छायैवानुरञ्जिका विकल्पानां, न दृश्योऽर्थः । व्यावृत्तं हि वस्तु दर्शनानां विषयः । तच्च स्प्रष्टुमक्षमा विकल्पा इत्युक्तम् । अथ तच्छायामवलम्बमाना विकल्पा व्यावृत्तस्याग्रहणाद् व्यावृत्तिविषया उच्यन्ते ।

60. બૌદ્ધ– આનો ઉત્તર અમે આપીએ છીએ. દૃશ્ય વસ્તુની છાયા જ વિકલ્પોને રંગે છે, દૃશ્ય વસ્તુ પોતે વિકલ્પોને રંગતી નથી. કારણ કે [સજાતીય–વિજાતીયથી] વ્યાવૃત્ત વસ્તુ (=સ્વલક્ષણ) દર્શનનો વિષય છે અને તે વ્યાવૃત્ત વસ્તુને સ્પર્શવા વિકલ્પો શક્તિમાન નથી એમ અમે બૌદ્ધોએ અગાઉ કહ્યું છે. હવે તે વ્યાવૃત્ત વસ્તુની છાયાનું અવલંબન કરતા વિકલ્પો વ્યાવૃત્ત વસ્તુને ગ્રહણ ન કરતા હોવાને કારણે વ્યાવૃત્તિવિષયક કહેવાયા છે.

61. ननु व्यावृत्तितद्वतोरभेदाद् या व्यावृत्तिर्यच्च व्यावृत्तं स्वलक्षणं तदेकमेवेति व्यावृत्तिग्राहिभिर्विकल्पैर्व्यावृत्तमपि गृहीतं स्यादिति दर्शनतुल्या एव ते भवेयुः ।

61. નૈયાયિક– વ્યાવૃત્તિ અને વ્યાવૃત્તિવત્ એ બેનો અભેદ હોઈ, વ્યાવૃત્તિ અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વ્યાવૃત્ત સ્વલક્ષણ તે બંને એક જ છે, એટલે વ્યાવૃત્તિને ગ્રહણ કરનાર વિકલ્પોથી વ્યાવૃત્ત (સ્વલક્ષણ) પણ ગૃહીત થઈ જાય, પરિણામે વિકલ્પો દર્શનતુલ્ય બની જાય.

62. नैतदेवम् । न विकल्पैर्व्यावृत्तं वस्तु गृह्यते । न च पारमार्थिकी व्यावृत्तिरपि तु कश्चिदारोपित आकारः । वास्तवत्वे हि व्यावृत्तेः, वस्तुसंस्पर्शिन एते दोषाः प्रादुष्युः । न त्वसौ तथेत्युक्तम् ।

62. બૌદ્ધ— ના એવું નથી. વિકલ્પો વ્યાવૃત્ત વસ્તુને ગ્રહણ કરતા નથી. વ્યાવૃત્તિ વાસ્તવિક (=બાહ્ય અસ્તિત્વ ધરાવતી ચીજ) નથી, પરંતુ એ તો કોઈ આરોપિત આકાર છે. વ્યાવૃત્તિ વાસ્તવિક હોય તો વિકલ્પો વસ્તુસંસ્પર્શી બની જાય વગેરે પેલા દોષો પ્રાદુર્ભાવ પામે. પરંતુ વ્યાવૃત્તિ તેવી (=વાસ્તવિક) નથી એ અમે જણાવી ગયા છીએ.

63. अत एव यत् केचन पर्यचूचुदन् किल व्यावृत्तग्रहणपक्षे त्रितयग्रहणं प्राप्नोति—यद् व्यावृत्तं, येन निमित्तेन व्यावृत्तं, यतश्च व्यावृत्तमिति; न च त्रितयग्रहणमस्तीत्यतः कथं व्यावृत्तग्रहणमिति, तदप्यपास्तं भवति । यदि हि व्यावृत्तं गृह्णीम इति एवमुल्लेखो भवेद् व्यवहर्तृजनस्य, तदैवमसौ पर्यनुयुज्येत, न त्वेवमस्तीत्यचोद्यमेतत् ।

63 એટલે જ, કેટલાકે જે આપત્તિ આપી છે કે દર્શન વ્યાવૃત્તને ગ્રહણ કરે છે એ પક્ષમાં ત્રણનું ગ્રહણ પ્રાપ્ત થાય છે— જે વ્યાવૃત્ત છે તેનું, જે નિમિત્ત વડે તે વ્યાવૃત્ત થયું હોય તેનું અને જેનાથી વ્યાવૃત્ત હોય તેનું; અને આ ત્રણનું ગ્રહણ તો દર્શનમાં હોતું નથી, તેથી કેવી રીતે વ્યાવૃત્ત વસ્તુનું ગ્રહણ થાય, એ આપત્તિ પણ દૂર થાય છે, કારણ કે જો વ્યવહાર કરનાર 'હું વ્યાવૃત્તને ગ્રહણ કરું છું' એવો ઉલ્લેખ કરતો હોય તો જ તેને આ પ્રશ્ન પૂછી શકાય પરંતુ એવું તો છે નહિ, એટલે આ આપત્તિ આપી શકાય નહિ.

64. नन्वेवमारोपिताकारविषया एव विकल्पा उक्ता भवन्ति । व्यावृत्तिविषयत्वाचोयुक्तिरनन्वितेत्युक्तम् । समाहितमेतद् । दर्शनपृष्ठभाविभिर्गौरित्यादिविकल्पैरतत्कार्यपरावृत्ता आकारा उल्लिख्यन्ते । न हि गोविकल्पैरतत्कार्याणामश्वादीनामुल्लेखः, स्वलक्षणं च न स्पृश्यते, सामान्यं च वास्तवं नास्ति । तस्मादतत्कार्यपरावृत्तिविषयत्वमेव विकल्पानामवतिष्ठते इत्येवं युक्त्या तेषामपोहविषयत्वमुच्यते, न प्रतिपत्तितः।

64. નૈયાયિક – વિકલ્પોનો વિષય આરોપિત આકાર જ છે એમ તમે બૌદ્ધોએ કહ્યું છે. તેથી, વિકલ્પોનો વિષય વ્યાવૃત્તિ છે એવું પ્રતિપાદન વિસંવાદી છે, તર્કરહિત છે, એમ અમારું નૈયાયિકોનું કહેવું છે.

બૌદ્ધ– આનું સમાધાન આ રહ્યું. 'આ ગાય છે' વગેરે દર્શનપૃષ્ઠભાવી વિકલ્પો વડે અતત્કાર્યવ્યાવૃત્તિરૂપ આકારોનો ઉલ્લેખ થાય છે. [અહીં અતત્કાર્યવ્યાવૃત્તિ=અગોકાર્યવ્યાવૃત્તિ;

૨૨, ૨૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગાયના કાર્યો સિવાયના કાર્યોની વ્યાવૃત્તિ]. ગોવિકલ્પ વડે અતત્કાર્ય (=ગાયનું જે કાર્ય છે તે કાર્ય જેમનું નથી તે) અશ્વ વગેરેનો ઉલ્લેખ થતો નથી કે ગોસ્વલક્ષણનો સ્પર્શ થતો નથી; અને સામાન્ય તો વાસ્તવિક નથી. તેથી વિકલ્પોનો વિષય અતત્કાર્યવ્યાવૃત્તિ જ સ્થિર થાય છે. આવી દલીલ વડે વિકલ્પોનું અપોહવિષયક હોવાપણું કહેવાયું છે; પ્રતિપત્તિને આધારે કહેવાયું નથી.

65. नन्वतत्कार्यपरावृत्तमिव सजातीयव्यावृत्तमपि दृश्यस्वरूपम् । तत्र सजातीयविजातीयव्यावृत्तमप्याकारमुल्लिखेयुः । न हि सजातीयविजातीयव्यावृत्तीः स्वलक्षणं चान्यत् । न चैकतराकारोल्लेखननियमहेतुमुत्पश्यामः । धीमन् मैवं मंस्थाः—निश्चयात्मनो निर्विकल्पाः सजातीयविजातीयव्यावृत्ताकारोल्लेखे च सर्वात्मना तन्निश्चयाद्विकल्पान्तराणां शब्दान्तराणां चाप्रवृत्तिः स्यात् । तथा च गौरिति शब्दादुत्पद्यमानो विजातीयव्यावृत्ताकारोल्लेख्येव विकल्पः संवेद्यते, न सजातीयव्यावृत्तोल्लेखी । तुल्यविषयाश्च विकल्पैः शब्दा इत्यन्यापोहविषयास्त उच्यन्ते ।

65. નૈયાયિક—દૃશ્યનું સ્વરૂપ જેમ અતત્કાર્યવ્યાવૃત્ત (અર્થાત્ વિજાતીયવ્યાવૃત્ત) છે તેમ સજાતીયવ્યાવૃત્ત પણ છે તેથી વિકલ્પમાં સજાતીયવ્યાવૃત્ત આકાર અને વિજાતીયવ્યાવૃત્ત આકાર બંનેનો ઉલ્લેખ થવો જોઈએ, કારણ કે સજાતીય-વિજાતીયવ્યાવૃત્તિ અને દૃશ્ય (=સ્વલક્ષણ) બે જુદાં નથી. વળી, એમાંથી એક જ આકારનો ઉલ્લેખ થાય એવું નિયમન કરતો કોઈ હેતુ (=નિમિત્ત) અમને દેખાતો નથી.

બૌદ્ધ– હે બુદ્ધિમાનો ! એમ ન માનો કે નિર્વિકલ્પ પ્રત્યક્ષો નિશ્ચયસ્વરૂપ છે અને સજાતીય-વિજાતીયવ્યાવૃત્ત આકારનો ઉલ્લેખ થતાં સર્વરૂપે વસ્તુનો નિશ્ચય થઈ જવાથી વિકલ્પો અને શબ્દોની પ્રવૃત્તિ નહિ થાય. વળી, 'ગાય' શબ્દથી ઉત્પન્ન થતો વિજાતીયવ્યાવૃત્તાકારના ઉલ્લેખવાળો વિકલ્પ સંવેદાય છે, સજાતીયવ્યાવૃત્તાકારના ઉલ્લેખવાળો સંવેદાતો નથી. વિકલ્પોના વિષય જેવો જ શબ્દોનો વિષય છે એટલે શબ્દો પણ અન્યાપોહવિષયક કહેવાય છે.

66 सोऽयमारोपिताकारो न बहिः, आरोपितत्वादेव, नान्तः अबोधरूपत्वात् । अतश्चासौ न किञ्चिदेव । न किञ्चिदपि भवन्नपोह इति फलत उपचर्यते । अतश्च बाह्यमपोहमाश्रित्य दूषणोपन्यासे कण्ठशोषमनुभवन्नस्थाने क्लिष्टो देवानांप्रियः ।

66 આ આરોપિત આકાર બહાર જગતમાં નથી કારણ કે તે આરોપિત છે. તે આંતર નથી, કારણ કે તે બોધરૂપ નથી. તેથી તે કંઈ છે જ નહિ. કંઈ પણ ન હોવા છતાં તે, 'અપોહ' એમ ફલતઃ ઉપચારથી કહેવાય છે. [દર્શનપૃષ્ઠભાવી વિકલ્પો વિજાતીયવ્યાવૃત્તિમાં જ પર્યવસાન પામતા હોવાથી, કંઈ પણ ન હોતો તે આકાર 'અપોહ' એમ ઉપચારથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કહેવાય છે] તેથી, બાહ્ય અપોહને આશ્રીને દૂષણ આપવામાં કંઠશોષ અનુભવતા આપ દેવાનાંપ્રિય ખોટા ક્લેશને પામો છો.

67. अपि च विकल्पभूमिरर्थो विकल्पान्तरसन्निधापितभावाभावाक्षेपी नियतरूपो बाह्यसदृशश्च प्रतीयते । न चेदं रूपत्रयमपि बाह्ये वस्तुनि युज्यते । बाह्यस्य हि वस्तुनः स्वरूपेणावगतस्य न विकल्पान्तरोपनीतभावसम्बन्ध उपपद्यते, वैयर्थ्यात्, नाप्यभावसम्बन्धो विप्रतिषेधात्, नियतरूपता च विकल्पविषयस्य 'गौरेव नाश्वः' इत्येवमवगम्यमाना वस्त्वन्तरव्यवच्छेदमन्तरेण नावकलपते इति बलाद् व्यवच्छेदविषयत्वम् । अन्यथा नियमपरिच्छेदासम्भवात् सन्दिग्धं च वस्तु न गृह्यते ।

67. વળી, વિકલ્પવિષયક અર્થ 'છે' 'નથી' એવા બે વિકલ્પોમાંથી કોઈ એકે પ્રસ્તુત કરેલા ભાવ કે અભાવની અપેક્ષા રાખવાવાળો, નિયત રૂપવાળો અને બાહ્ય વસ્તુ જેવો દેખાય છે. આ ત્રણ રૂપો બાહ્ય વસ્તુમાં ઘટતાં નથી; પોતાના સ્વરૂપથી જ્ઞાત બાહ્ય વસ્તુની બાબતમાં 'છે' એવા વિકલ્પે પ્રસ્તુત કરેલ ભાવ સાથે તેનો સંબંધ ઘટતો નથી, કારણ કે તેમાં વ્યર્થતા છે; 'નથી' એવા વિકલ્પે પ્રસ્તુત કરેલ અભાવ સાથે પણ તેનો સંબંધ ઘટતો નથી, કારણ કે તેનો પ્રતિષેધ કરવામાં આવ્યો છે; અને નિયતરૂપતા તો વિકલ્પના વિષયને હોય છે, [બાહ્ય વિષયને હોતી નથી] 'ગાય જ છે, અશ્વ નથી' આ રીતે જણાતી નિયત રૂપતા અન્ય વસ્તુના વ્યવચ્છેદ વિના ઘટતી નથી એટલે ન છૂટકે નિયતરૂપતા બીજું કંઈ નહિ પણ વ્યવચ્છેદનો વિષય હોવાપણું છે. વ્યવચ્છેદનો અન્યથા અર્થાત્ અન્ય વસ્તુના વ્યવચ્છેદ વિના નિયત વસ્તુનું જ્ઞાન સંભવે નહિ, અને સંદિગ્ધ વસ્તુનું ગ્રહણ તો થતું નથી.

68 एवं बाह्यवस्तुविषयत्वे च निरस्ते विकल्पानामेकस्यार्थस्वभावस्येति न्यायेन पौनरुक्त्यादबाह्यविषयत्वं न्याय्यम् । अबाह्यं चारोपितं रूपं, तच्च बाह्यवदवभासते । न च व्यावृत्तिच्छायमपहाय बाह्यारोपितयोः सादृश्यमन्यदस्तीति व्यावृत्तिविषया एव विकल्पाः फलतो भवन्ति ।

68. આમ વિકલ્પોનું બાહ્યવિષયત્વ નિરસ્ત થઈ ગયું છે ત્યારે 'એક સ્વભાવવાળી વસ્તુનું દર્શન થતાં તેનો બીજો કયો ભાગ દર્શનથી અગૃહીત રહી ગયો કે જે બીજાં પ્રમાણો વડે ગૃહીત થાય?' એ ન્યાયે, વિકલ્પોનો વિષય બાહ્ય વસ્તુ માનતાં પુનરુક્તિદોષ આવતો હોઈ વિકલ્પોનું બાહ્યવિષયત્વ ન હોવું ન્યાય્ય છે. આરોપિત રૂપ (=આકાર) બાહ્ય નથી છતાં જાણે બાહ્ય હોય એવું ભાસે છે વ્યાવૃત્તિરૂપ છાયા સિવાય બાહ્ય આકાર અને આરોપિત આકાર વચ્ચે બીજું કોઈ સામ્ય નથી. આમ ફલતઃ વિકલ્પોના વિષયો વ્યાવૃત્તિઓ બને છે.

69. यद्यपि विधिरूपेण गौरश्व इति तेषां प्रवृत्तिस्तथापि नीतिविदोऽन्यापोहविषयानेव तान् व्यवस्थापयन्ति, यथोक्तं 'व्याख्यातारः खल्वेवं विवेचयन्ति न व्यवहर्तारः' इति [प्र. वा. स्वो. वृ. पृ. २५] । सोऽयं नान्तरः, न बाह्यः,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अन्य एव कश्चिदारोपित आकारो व्यावृत्तिच्छायायोगादपोहशब्दार्थ उच्यते । इतीयमसत्ख्यातिवादगर्भा सरणिः ।

69. જો કે [સામાન્ય જનો અનુસાર] 'ગાય' 'અશ્વ' એમ વિધિરૂપે વિકલ્પોની પ્રવૃત્તિ હોવા છતાં વિકલ્પોનો વિષય અપોહ છે એવી સ્થાપના તર્કશાસ્ત્રના જાણકારો કરે છે, જેમકે કહેવામાં આવ્યું છે કે 'વ્યાખ્યાતાઓ– વિવેચકો– ખરેખર આમ [દૃશ્ય અને વિકલ્પ્યનો] વિવેક કરે છે, વ્યવહર્તાઓ— બોલનારા સામાન્ય જનો– કરતા નથી.' આ આકાર આંતર પણ નથી કે બાહ્ય પણ નથી પરંતુ કોઈક આરોપિત આકાર છે, જે વ્યાવૃત્તિની છાયાના સંબંધને લીધે અપોહરૂપ શબ્દાર્થ કહેવાય છે. આ અસત્ખ્યાતિવાદગર્ભ વ્યાખ્યામાર્ગ છે. [અર્થાત્ અસત્ આકાર જ વિકલ્પબુદ્ધિમાં પ્રતિભાસ પામે છે. અસત્ આકાર જ વિકલ્પનો વિષય છે].

70 अथ वा विकल्पप्रतिबिम्बकं ज्ञानाकारमात्रकमेव तदबाह्यमपि विचित्रवासनाभेदोपाहितरूपभेदं बाह्यवदवभासमानं लोकयात्रां बिभर्ति । व्यावृत्तिच्छायायोगाच्च तदपोह इति व्यवह्रियते । सेयमात्मख्यातिगर्भा सरणिः ।

70. અથવા, વિકલ્પબુદ્ધિમાં પ્રતિબિંબરૂપ જ્ઞાનાકારમાત્ર વિકલ્પનો વિષય છે. તે બાહ્ય વસ્તુરૂપ ન હોવા છતાં વિચિત્ર વાસનાના ભેદોએ પ્રસ્તુત કરેલ ભિન્ન ભિન્ન રૂપ ધરાવતો બાહ્ય વસ્તુ જેવો ભાસતો તે જ્ઞાનાકાર લોકયાત્રાને ધારે છે; વ્યાવૃત્તિની છાયાના યોગે તે જ્ઞાનાકારને અપોહ કહેવામાં આવે છે. આ વ્યાખ્યામાર્ગ આત્મખ્યાતિગર્ભ છે.

71. ननूभयथाऽपि वस्तुविषयत्वाभावे विकल्पानां कथं वस्तुनि व्यवहर्तारः प्रवर्तन्ते ? दृष्टेऽपि कचिद्वस्तुनि तृणादौ प्रवृत्त्यभावात् । अर्थित्वं तु प्रवृत्तेः कारणम् । ननु अर्थितावत् दर्शनमपि कारणमेव । अर्थिनोऽप्यपश्यतस्तत्र प्रवृत्त्यभावात् । अपोहपक्षे च प्रवृत्तस्य वस्तुप्राप्तिः कथमिति वक्तव्यम् ।

71. નૈયાયિક – બંનેય રીતે વિકલ્પોનો વિષય વસ્તુ ન હોવાથી વ્યવહર્તાઓ વસ્તુમાં કેવી રીતે પ્રવૃત્તિ કરે ?

બૌદ્ધ– કોઈવાર તો તૃણ આદિ [તુચ્છ] દૃષ્ટ વસ્તુમાં પણ પ્રવૃત્તિનો અભાવ હોય છે. (તેથી વસ્તુદર્શન પ્રવૃત્તિનું કારણ નથી.) પ્રવૃત્તિનું કારણ તો અર્થિત્વ છે.

નૈયાયિક– અર્થિત્વની જેમ દર્શન પણ કારણ છે જ. [ઘટના] અર્થીઓ હોવા છતાં [ઘટનું] દર્શન ન કરતા હોય તેઓની [ઘટ વિશે] પ્રવૃત્તિ ન થાય. એટલે અપોહપક્ષમાં, પ્રવૃત્ત થનારને વસ્તુની પ્રાપ્તિ કેવી રીતે થાય એ સમજાવવું પડશે. [કારણ કે તેને વસ્તુનું દર્શન તો હોતું નથી].

72 उच्यते । प्रवृत्तिस्तावद् दृश्यविकल्प्ययोरेकीकरणनिबन्धना । दृश्यदर्शनानन्तरमुत्पन्ने विकल्पे विकल्प्यतया न प्रतिपद्यते प्रमाता । दर्शनानन्तर्यविप्रलब्धस्तु

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दृश्यमेव गृहीतं मन्यते तदभिमानेन च प्रवर्तते । इदं तदेकीकरणमाहुः — दृश्यविकल्प्ययोर्भेदेन वस्तुनो दृश्यात् विकल्प्यो यन्न गृह्यते । न पुनर्भिन्नयोरभेदाध्यवसाय एकीकरणमिष्यते, दृश्याद् विभिन्नस्य विकल्प्यस्य शुक्तेरिव रजतस्य निर्देष्टुमशक्यत्वादभेदाध्यवसाये चोपायाभावात् । नाभेदाध्यवसाये दर्शनमुपायो विकल्प्याविषयत्वात्, न विकल्पो दृश्याविषयत्वात् । तस्माद् भेदानध्यवसायादेव प्रवृत्तिः ।

72. બૌદ્ધ– અમે ઉત્તર આપીએ છીએ. દર્શનના વિષય અને વિકલ્પના વિષયના એકીકરણને કારણે પ્રવૃત્તિ થાય છે. દર્શનનો જે વિષય છે તેના (સ્વલક્ષણના) દર્શન પછી તરત જ જ્યારે વિકલ્પ ઉત્પન્ન થાય છે ત્યારે વિકલ્પના વિષયને વિકલ્પના વિષય તરીકે પ્રમાતા જાણતો નથી – સમજતો નથી. દર્શન અને વિકલ્પ વચ્ચે કાળનું કોઈ અંતર ન હોવાથી છેતરાયેલો પ્રમાતા પોતે દૃશ્યને જ ગ્રહણ કર્યું છે એમ માને છે અને એ અભિમાનથી પ્રવૃત્તિ કરે છે. તેમનું એકીકરણ આને કહે છે — દૃશ્ય અને વિકલ્પ્ય એ બેમાં દૃશ્ય વસ્તુથી વિકલ્પ્યના ભેદના અગ્રહણને. પરંતુ ભિન્ન એવાં તે બેના અભેદના અધ્યવસાયને એકીકરણ નથી ઇચ્છવામાં આવ્યું, કારણ કે શુક્તિથી ભિન્ન રજતનો નિર્દેશ કરવાનું જેમ [ભ્રાન્તજ્ઞાનમાં] અશક્ય છે તેમ અહીં દૃશ્યથી ભિન્ન વિકલ્પ્યનો નિર્દેશ કરવાનું અશક્ય છે, અને વળી અભેદાધ્યવસાયનો કોઈ ઉપાય નથી. અભેદાધ્યવસાયમાં દર્શન ઉપાય નથી, કારણ કે વિકલ્પ્ય દર્શનનો વિષય નથી; વિકલ્પ પણ ઉપાય નથી, કારણ કે દૃશ્ય વિકલ્પનો વિષય નથી. તેથી ભેદના અનધ્યવસાયથી જ પ્રવૃત્તિ થાય છે.

73. प्राप्तिरपि दृश्यस्यैवार्थक्रियाकारिणो वस्तुनः पारम्पर्येण, तन्मूलत्वात् कार्यप्रबन्धस्य । दृश्याद् दर्शनं, ततो विकल्पः, ततः प्रवृत्तिरिति । अर्थं हि मूलवर्तिनमुपलभ्य प्रवर्तमानस्तमाप्नोति, अपवरकनिहितमणिप्रसृतायां कुञ्चिकाविवरनिर्गतायामिव प्रभायां मणिबुद्ध्या प्रवर्तमानः । यत्र तु मूलेऽप्यर्थो नास्ति तत्र व्यामोहात् प्रवर्तमानो विप्रलभ्यते, दीपप्रभायामिव तथैव मणिबुद्ध्या प्रवर्तमानः ।

73. અર્થક્રિયાકારી દૃશ્ય વસ્તુની પ્રાપ્તિ પણ પરંપરાથી થાય છે કારણ કે કાર્યોની હારમાળાનું મૂળ તે વસ્તુમાં છે. દૃશ્ય વસ્તુથી દર્શન ઉત્પન્ન થાય છે, દર્શનથી વિકલ્પ ઉત્પન્ન થાય છે, વિકલ્પથી પ્રવૃત્તિ ઉત્પન્ન થાય છે. જેમ ઓરડામાં મૂકેલા મણિમાંથી ફેલાતી જે પ્રભા કૂંચી નાખવાના કાણામાંથી બહાર નીકળે છે તે પ્રભાને મણિ માની પ્રવૃત્ત થતો પ્રમાતા મણિને પ્રાપ્ત કરે છે તેમ વિકલ્પ્યને મૂળમાં રહેલો દૃશ્ય અર્થ માની પ્રવૃત્તિ કરતો પ્રમાતા વસ્તુને પ્રાપ્ત કરે છે. પરંતુ જ્યાં વિકલ્પના વિષયના મૂળમાં અર્થ વસ્તુ) ન હોય ત્યાં વ્યામોહથી પ્રવૃત્તિ કરતો પ્રમાતા છેતરાય છે (અર્થાત્ તેની પ્રવૃત્તિ નિષ્ફળ જાય છે), જેમકે દીપપ્રભામાં તે પ્રમાણે જ મણિ માની પ્રવૃત્તિ કરતો પ્રમાતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

74 एवं च बाह्यवस्तुसंस्पर्शशून्येष्वपि विकल्पेषु समुल्लसितेषु 'बाह्योऽर्थो मया प्रतिपन्नः' 'तत्र चाहं प्रवृत्तः' 'स च मया प्राप्तः' इत्यभिमानो भवति लौकिकानाम् । न त्वयमर्थाध्यवसायमूलः । तदुक्तं 'यथाऽध्यवसायमतत्त्वात्, यथातत्त्वं चानध्यवसायात्' इति । स्वप्रतिभासेऽनर्थेऽर्थाध्यवसायात् प्रवृत्तिरित्यत्रापि ग्रन्थेऽर्थाध्यवसायो भेदानध्यवसाय एव व्याख्येयः । एवं दृश्यविकल्प्यावर्थावेकीकृत्य प्रवर्तते प्राप्नोति चार्थमिति ।

74. અને આમ બાહ્ય વસ્તુના સંસ્પર્શથી રહિત વિકલ્પો જ્યારે ઉત્પન્ન થાય છે ત્યારે 'મેં બાહ્ય અર્થને જાણ્યો' 'તેમાં હું પ્રવૃત્ત થયો' 'અને તેને મેં પ્રાપ્ત કર્યો' આવું અભિમાન સામાન્ય લોકને થાય છે. આ અભિમાનનું મૂળ અર્થનો (=વસ્તુનો) અધ્યવસાય નથી. એટલે જ કહ્યું છે કે 'કારણ કે અધ્યવસાય પ્રમાણેનું તત્ત્વ (=વસ્તુ) નથી અને તત્ત્વ પ્રમાણેનો અધ્યવસાય નથી. (અર્થાત્ અબાહ્યરૂપનો બાહ્યરૂપ તરીકે અધ્યવસાય છે પરંતુ અબાહ્યરૂપનો અબાહ્યરૂપ તરીકે અધ્યવસાય નથી.)' 'વિકલ્પગત પ્રતિભાસ (=આકાર) જે અર્થરૂપ નથી તેમાં અર્થનો અધ્યવસાય થવાથી પ્રવૃત્તિ થાય છે' — આ વાક્યમાં પણ 'અર્થનો અધ્યવસાય' એ જે પદો છે તેની વ્યાખ્યા 'ભેદનો અનધ્યવસાય' એવી જ કરવી જોઈએ. આમ સામાન્ય જન દૃશ્ય અને વિકલ્પ્ય અર્થોને એક કરીને પ્રવૃત્તિ કરે છે અને વસ્તુને પ્રાપ્ત કરે છે.

75. तदेवमेष लोकस्य व्यवहारोऽवकल्पते ।
विवेकिनापि वोढव्या लोकयात्राऽथ लोकवत् ॥

तस्माद्विकल्पप्रतिबिम्बकस्य
शब्दार्थतामाहुरपोहनाम्नः ।
प्रतीतिमार्गस्त्वविविच्यमानो
जनस्य जातिभ्रममातनोति ॥

यावांश्च कश्चिन्नियमप्रकारः
प्रवर्तते जातिषु वृत्त्यवृत्त्योः ।
तावानपोहेष्वपि तुल्य एव
भवत्यवस्तुत्वकृतस्तु भेदः ॥

तुल्येऽपि भेदे शमने ज्वरादेः
काश्चिद्यथैवौषधयः समर्थाः ।
सामान्यशून्या अपि तद्वदेव

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

स्युर्व्यक्तय: कार्यविशेषशक्ता: ॥
विशेषणादिव्यवहारक्लृप्ति:
तुच्छेऽप्यपोहे न न युज्यते न: ।
अतश्च मा कारि भवद्भिरेषा
जात्याकृतिव्यक्तिपदार्थचिन्ता ॥

75. આ રીતે આ લોકવ્યવહાર ઘટે છે. વિવેકીએ (=તાર્કિકે) પણ લોકયાત્રા સામાન્ય લોકની જેમ ચલાવવી જોઈએ. વિકલ્પગત પ્રતિબિંબ (=ગ્રાહ્યાકાર) જેનું નામ અપોહ છે તે શબ્દનો અર્થ છે એમ કહ્યું છે. વિવેચિત ન થતો પ્રતીતિમાર્ગ લોકમાં જાતિનો ભ્રમ પેદા કરે છે. બીજું કોઈ નિમિત્ત માન્યા વિના જ અમુક વ્યક્તિઓમાં સામાન્ય [સમવાયસંબંધથી] રહે અને બીજી વ્યક્તિઓમાં ન રહે એવો તમારો નૈયાયિકોનો નિયમ જેટલો સામાન્યની બાબતમાં પ્રવર્તે છે તેટલો જ અપોહની બાબતમાં પણ તુલ્યપણે પ્રવર્તે છે; ભેદ માત્ર એટલો જ છે કે તમે સામાન્યને વાસ્તવિક માનો છો જ્યારે અમે અપોહને અવાસ્તવિક માનીએ છીએ. [પરસ્પર] ભેદ બધી ઔષધિઓમાં તુલ્ય હોવા છતાં કેટલીક જ ઔષધિઓ જ્વર આદિને શમાવવા સમર્થ છે. તેવી જ રીતે ગોવ્યક્તિઓમાં ગોત્વ સામાન્ય ન હોવા છતાં તે વ્યક્તિઓ અમુક એક જ વિશિષ્ટ કાર્ય કરે છે. વળી, તુચ્છ અપોહમાં વિશેષણ આદિ વ્યવહારની કલ્પના નથી ઘટતી એમ નહિ. તેથી પદનો અર્થ જાતિ છે, આકૃતિ છે કે વ્યક્તિ છે તેની આ વિચારણા આપે ન કરવી જોઈએ.

76. अत्राभिधीयते । किं जात्यादेर्बाह्यस्य शब्दार्थस्य असत्त्वादपोहपक्षपात: उत प्रतीतिबलादेवेति । प्रतीतिस्तावदपोहविषया भवद्भिरेव नाङ्गीकृतेति किमत्र कलहेन ।

76. નૈયાયિક— અહીં અમે ઉત્તર આપીએ છીએ. શું શબ્દના અર્થો બાહ્ય જાતિ વગેરે અસ્તિત્વ ધરાવતા નથી એટલે અપોહનો પક્ષપાત કરો છો કે પ્રતીતિના બળે અપોહનો પક્ષપાત કરો છો ? અપોહ જેનો વિષય હોય એવી પ્રતીતિને તો આપ જ [પ્રમાણરૂપે] સ્વીકારતા નથી, એટલે એની બાબતમાં અહીં કલહ કરવાની જરૂર નથી.

77. नापि जात्यादेरसत्त्वमिन्द्रियार्थसंनिकर्षोत्पन्नबाधसन्देहरहितप्रत्ययगम्यत्वात् स्वलक्षणवत् ।

आद्यमेव हि विज्ञानमर्थसंस्पर्शि चाक्षुषम् ।
न तदुत्तरभावीति किमिदं राजशासनम् ॥
तदेवास्तु प्रमाणं वा तेनापि त्ववगम्यते ।
व्यावृत्तं वस्तुनो रूपं नानुगामीति का प्रमा ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तथा हि—निर्विकल्पककालस्यातिसूक्ष्मत्वात् किं प्रतिभासते किं न प्रतिभासते इति कथमेष कलिरावयोरुपशाम्यतु ? भवान् ब्रूते—व्यावृत्तमेवावभातीति । अहं ब्रुवे —अनुवृत्तमपि प्रतिभातीति । एवं कलहायमानयोरावयोः- कः परिच्छेदः ? न खलु शपथस्य कोशपानस्य वैष विषयः । तस्मान्निर्विकल्पकानन्तरोत्पन्नस्थूलकालकार्य-पर्यालोचनया तद्व्यवस्था कर्तव्या ।

77. જાતિ વગેરેનું અસત્ત્વ પણ નથી, કારણ કે ઇન્દ્રિયાર્થસન્નિકર્ષોત્પન્ન બાધ-સંશયરહિત જ્ઞાનથી તે ગમ્ય છે, સ્વલક્ષણની જેમ. પ્રથમ ક્ષણે ઉત્પન્ન થનારું ચાક્ષુષ જ્ઞાન જ વસ્તુગ્રાહી છે, તે જ્ઞાન પછી થનારું જ્ઞાન વસ્તુગ્રાહી નથી એવી આ રાજાજ્ઞા કઈ ? અથવા ભલે તે [પ્રથમ ક્ષણે ઉત્પન્ન થનારું ચાક્ષુષ જ્ઞાન] જ પ્રમાણ હો પરંતુ તેનાથી વસ્તુનું વ્યાવૃત્ત રૂપ જ જ્ઞાત થાય છે પણ અનુગત રૂપ જ્ઞાત થતું નથી એમાં શું પ્રમાણ છે ? નિર્વિકલ્પક પ્રત્યક્ષનો કાળ અતિ સૂક્ષ્મ (=ટૂંકો) હોઈ ત્યારે જ્ઞાનમાં શું ભાસે છે અને શું નથી ભાસતું એ બાબતે આપણા બેનો આ કલહ કેવી રીતે શાંત થાય ? આપ કહો છો કે વ્યાવૃત્ત રૂપ જ જ્ઞાનમાં ભાસે છે હું કહું છું કે અનુવૃત્ત રૂપ પણ ભાસે છે. આમ ઝઘડતા આપણા બેનો નિર્ણાયક કોણ ? ખરેખર, શપથ કે કોશપાનનો આ વિષય નથી. તેથી નિર્વિકલ્પ પ્રત્યક્ષ પછી તરત જ ઉત્પન્ન થતા અને સ્થૂળ કાળવાળા (અર્થાત્ સ્મરણ આદિ સાપેક્ષ હોવાને કારણે લાંબો કાળ ચાલનાર સવિકલ્પક પ્રત્યક્ષરૂપ કાર્યની પર્યાલોચના દ્વારા તેની (અર્થાત્ નિર્વિકલ્પક પ્રત્યક્ષના વિષયની) વ્યવસ્થા કરવી જોઈએ.

78. तत्र च—

भवेद्यदि विशेषैकविषयं निर्विकल्पकम् ।
सामान्याध्यवसायोऽयमकस्मात् कथमुद्भवेत् ॥

शाब्द एष विकल्प इति चेत्, नैवम्—

पश्यत्यनुगतं रूपमविज्ञातेऽपि वाचके ।
दाक्षिणात्य इवाकस्मात् पश्यन्नुष्ट्रपरम्पराम् ॥

अनवगतशब्दार्थसंबन्धोऽप्यभिनवानेकपदार्थसन्निधाने तेषामनुगतं च व्यावृत्तं च पश्यत्येव रूपम् । अपि च प्रथमाक्षसन्निपाते एवाङ्गुलिचतुष्टयमवलोक्यमान-मन्योन्यगामिना च रूपेणावगम्यते । तत्कथं केवलविशेषावलम्बी चाक्षुषः प्रत्ययः ?

78. વળી, જો નિર્વિકલ્પ પ્રત્યક્ષનો વિષય એકલો વિશેષ જ હોય તો સામાન્યનો આ અધ્યવસાય અકસ્માત્ કેવી રીતે ઉદ્ભવે ? આ વિકલ્પ (=સવિકલ્પ પ્રત્યક્ષ) શાબ્દ છે (અર્થાત્ શબ્દવિષયક છે, વસ્તુવિષયક નહિ) એમ જો તમે કહેતા હો તો અમારે કહેવું જોઈએ કે એમ નથી. [આ પશુનો વાચક શબ્દ 'ઊંટ' છે એવું જેને જ્ઞાન નથી એવા] દક્ષિણભારત-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાસી પુરુષને એકાએક પ્રથમવાર ઊંટોની હાર દેખતાં અનુગત રૂપનું દર્શન થાય છે, તેમ વાચક શબ્દ અજ્ઞાત હોય ત્યારે પણ અનુગત રૂપનું આપણને દર્શન થાય છે. [દક્ષિણભારતવાસીએ પૂર્વે કદી ઊંટ દેખ્યા નથી, તે પ્રથમવાર જ ઊંટ દેખે છે, તેને જ્ઞાન નથી કે આ પશુને 'ઊંટ' નામ અપાય છે, એટલે તેને જે જ્ઞાન થાય છે તેમાં 'ઊંટ' શબ્દ વિષય તરીકે નથી]. જેને શબ્દાર્થસંબંધનું જ્ઞાન નથી તે, અભિનવ અનેક પદાર્થોનું સન્નિધાન હોતાં, તે પદાર્થોનું અનુગત રૂપ અને વ્યાવૃત્ત રૂપ બંને દેખે છે જ. વળી, પહેલી નજરે પડતાં જ દર્શનનો વિષય બનતી ચાર આંગળીઓ અન્યોન્યગામી (=અનુગત) રૂપ સહિત દેખાય છે. તો પછી ચાક્ષુષ નિર્વિકલ્પ પ્રત્યક્ષ કેવળ વિશેષવિષયક કેવી રીતે ?

79. अपि च पुराणशाबलेयपिण्डमवलोकयतः कालान्तरे बाहुलेयं पिण्डं पश्यतः पूर्वदृष्टशाबलेयपिण्डविषयं स्मरणमुत्पद्यमानं संवेद्यते । तस्मात् सामान्यानवगमो नोपपद्यते । अन्यस्मिन्नसाधारणे स्वलक्षणे दृष्टेऽन्यस्मरणस्य किं वर्तते ? अस्ति च तत् । तेन मन्यामहे दृष्टमुभयानुगतरूपमिति ।

79 ઉપરાંત, પહેલાં જેણે શાબલેય ગોવ્યક્તિ દેખી છે તે પછી અન્ય વખતે બાહુલેય ગોવ્યક્તિને દેખતાં જ પૂર્વદૃષ્ટ શાબલેય ગોવ્યક્તિનું સ્મરણ ઉત્પન્ન થતું અનુભવે છે. આ કારણે સામાન્યના જ્ઞાનનો અભાવ [દર્શનકાળે] ઘટતો નથી. જ્યારે બીજા અસાધારણ સ્વલક્ષણને દેખીએ છીએ ત્યારે અન્ય સ્વલક્ષણનું સ્મરણ કરાવનાર શું હોય છે ? તે [અનુગત રૂપ અર્થાત્ સામાન્ય] હોય છે. તેથી, અમે માનીએ છીએ કે ઉભયાનુગત રૂપ અર્થાત્ સામાન્ય દર્શનનો વિષય છે.

80. किञ्च व्यक्त्यन्तरदर्शनेऽपि 'स एवायं गौः' इति प्रत्यभिज्ञायते । तस्याश्च प्रामाण्यं दर्शितं दर्शयिष्यते च विस्तरतः क्षणभङ्गभङ्गे । तस्मादनुगतरूपविषयैव सा प्रत्यभिज्ञा, व्यक्तिभेदस्य विस्पष्टसिद्धत्वात् ।

80. ઉપરાંત, [એક સંતતિગત] બીજી ગોવ્યક્તિનું દર્શન થતાં પણ 'આ તે જ ગાય છે' એવું પ્રત્યભિજ્ઞાન થાય છે. પ્રત્યભિજ્ઞાનું પ્રામાણ્ય અમે દર્શાવ્યું છે, વળી ક્ષણભંગવાદના ખંડનમાં તે વિસ્તારથી દર્શાવીશું. નિષ્કર્ષ એ કે તે પ્રત્યભિજ્ઞાનો વિષય અનુગત રૂપ જ છે, કારણ કે વ્યક્તિભેદ અર્થાત્ વ્યક્તિવિશેષ તો વિશદ [નિર્વિકલ્પ ?] પ્રત્યક્ષથી સિદ્ધ છે.

81. यत्र च लघुतरपरिमाणतिलमुद्गादिप्रचयसन्निधाने विच्छिन्नसिक्थस्वलक्षणग्रहणं नास्ति, तत्रानुवृत्तमेव रूपमिन्द्रियेण गृह्यते । अतः निर्विकल्पकवेलायामेव व्यावृत्तवदनुगतरूपावभासान्न सामान्यापह्नवो युक्तः । प्रथमाक्षसन्निपातेऽपि तुल्यत्वमवगम्यते नानात्वं चेति सामान्यभेदौ द्वावपि वास्तवौ ।

81. વળી, જ્યાં અતિ નાના પરિમાણવાળા તલ કે મગના ઢગલાઓ ઇન્દ્રિયસન્નિકૃષ્ટ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોય ત્યાં ભિન્ન ભિન્ન કણોના વ્યાવૃત્ત રૂપોનું ગ્રહણ ઇન્દ્રિય વડે થતું નથી, ત્યાં તો અનુવૃત્ત રૂપનું જ ગ્રહણ ઇન્દ્રિય વડે થાય છે. તેથી નિર્વિકલ્પક પ્રત્યક્ષ વખતે જ વ્યાવૃત્ત રૂપની જેમ અનુગત રૂપનો જ્ઞાનમાં પ્રતિભાસ થાય છે, એટલે સામાન્યનો પ્રતિષેધ કરવો યોગ્ય નથી. પ્રથમ નજર પડતી વખતે પણ તુલ્યત્વનું (=સામાન્યનું) અને નાનાત્વનું (=વિશેષનું) જ્ઞાન થાય છે, એટલે સામાન્ય અને વિશેષ બંને વાસ્તવિક છે.

82. सामान्यमिदमित्येवं कुतस्तत्रानुपग्रहः ? ।
व्यावृत्तमिदमित्येवं किं वा बुद्धिः स्वलक्षणे ? ॥
समानवृत्तिसापेक्षं न च सामान्यवेदनम् ।
तत्र सन्निहितत्वात्तु व्यक्तिवन्नानुपग्रहः ॥
समानवृत्त्यपेक्षत्वात् सामान्यस्यानुपग्रहे ।
विशेषोऽपि हि मा ग्राहि व्यावृत्तिं स ह्यपेक्षते ॥
अनुवृत्तिर्हि येष्वस्य का तेषां ग्रहणे गतिः ? ।
व्यावृत्तिरपि येभ्योऽस्य का तेषां ग्रहणे गतिः ? ॥

82. બૌદ્ધ [જો નિર્વિકલ્પ પ્રત્યક્ષથી સામાન્ય ગૃહીત થયું હોય તો] 'આ સામાન્ય છે' એવું સવિકલ્પ પ્રત્યક્ષ કેમ નથી થતું ?

નૈયાયિક— [તમારા મતમાં નિર્વિકલ્પ પ્રત્યક્ષથી સ્વલક્ષણ ગૃહીત થયું હોવા છતાં] સ્વલક્ષણ વિશે 'આ વ્યાવૃત્ત છે' એવું સવિકલ્પક પ્રત્યક્ષ થાય છે ? સામાન્યનું જ્ઞાન 'ગૌ' 'ગૌ' એવી અનુવૃત્તિની અપેક્ષા રાખનારું નથી [એવી અનુવૃત્તિની અપેક્ષા વિના], વ્યક્તિની જેમ ઇન્દ્રિયસન્નિકૃષ્ટ હોવાથી નિર્વિકલ્પ પ્રત્યક્ષમાં સામાન્ય ગૃહીત થાય છે જ.

બૌદ્ધ— 'ગૌ' ગૌ' એવી અનુવૃત્તિની અપેક્ષા રાખનારું સામાન્યનું જ્ઞાન છે અને નિર્વિકલ્પ પ્રત્યક્ષ વખતે તો એવી અનુવૃત્તિ હોતી નથી એટલે નિર્વિકલ્પ પ્રત્યક્ષ વડે સામાન્યનું ગ્રહણ થતું નથી.

નૈયાયિક— જો એમ હોય તો 'અશ્વ નથી' 'હાથી નથી' એવી વ્યાવૃત્તિની અપેક્ષા રાખનારું વિશેષનું જ્ઞાન છે અને નિર્વિકલ્પ પ્રત્યક્ષ વખતે તો એવી વ્યાવૃત્તિ હોતી નથી, એટલે નિર્વિકલ્પ પ્રત્યક્ષ વડે વિશેષનું પણ ગ્રહણ ન થાઓ.

બૌદ્ધ- જે વ્યક્તિઓમાં સામાન્યની અનુવૃત્તિ છે તે બધી વ્યક્તિઓનું ગ્રહણ કેવી રીતે થશે ?

નૈયાયિક- જેમનાથી વિશેષની (=સ્વલક્ષણની) વ્યાવૃત્તિ છે તે બધાનું ગ્રહણ કેવી રીતે થશે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

83. अथानुवृत्तिव्यावृत्तिनैरपेक्ष्येण केवलम् ।
वस्त्वेव गृह्यते कामं कीदृक् तदिति कथ्यताम् ॥
निर्विकल्पकवेलायां निर्देष्टुं तन्न शक्यते ।
तदुत्थास्तूभयत्रापि साक्ष्यं ददति निश्चयाः ॥
वस्तुनोऽङ्गीकृता प्राज्ञैरत एवोभयात्मता ।
यौ ब्रूतस्त्वेकरूपत्वं तावुभावपि बालिशौ ॥

83. અનુવૃત્તિ-વ્યાવૃત્તિની અપેક્ષા વિના કેવળ વસ્તુ જ નિર્વિકલ્પ પ્રત્યક્ષામાં ગૃહીત થતી હોય તો ભલે થાઓ, પરંતુ તે વસ્તુ કેવી છે તે કહો. નિર્વિકલ્પ પ્રત્યક્ષ વખતે તો તે વસ્તુ કેવી છે એનો નિર્દેશ કરવો શક્ય નથી. નિર્વિકલ્પ પ્રત્યક્ષમાંથી ઉત્પન્ન થયેલા નિશ્ચયો (=સવિકલ્પ પ્રત્યક્ષો) તો બંને તરફની સાક્ષી આપે છે, એટલે જ બુદ્ધિમાનો વસ્તુની ઉભયાત્મકતા (=સામાન્ય વિશેષાત્મકતા સ્વીકારે છે. જે એકરૂપતાની (સામાન્યાત્મકતા કે વિશેષાત્મકતાની) વાત કરે છે તે બંને બાલિશ છે.

84. यदप्यभिहितम् इतरेतरविरुद्धरूपसमावेश एकत्र वस्तुनि नोपपद्यते इति, तदपि न सम्यक् ।

परस्परविरोधोऽपि नास्तीह तदवेदनात् ।
एकबाधेन नान्यत्र धीः शुक्तिरजतादिवत् ॥

यत्र हि विरोधो भवति तत्रैकतररूपोपमर्देन रूपान्तरमुपलभ्यते, प्रकृते तु नैवमिति को विरोधार्थः ? छायातपावपि यद्येकत्र दृश्येते किं केन विरुद्धमभिधीयेत ? । अदर्शनात्तु तद्विरुद्धमुक्तम् । न चैवमिहादर्शनमित्यविरोधः ।

अत एवेह मिथ्यात्वमेति नान्यतरा मतिः ।
न ह्यन्योन्योपमर्देन बुद्धिद्वितयसम्भवः ॥

तथा चाह—
यथा कल्माषवर्णस्य यथेष्टं वर्णनिश्चयः ।
चित्रत्वाद्वस्तुनोऽप्येवं भेदाभेदावधारणम् ॥ [श्लो.वा.आकृति.५७]

इत्येवमविरोधेन भेदाभेदावधारणात् ।
उभयात्मकतैवास्तु वस्तूनां भट्टपक्षवत् ॥

84. પરસ્પર વિરુદ્ધ રૂપોનો એક વસ્તુમાં સમાવેશ ઘટતો નથી એમ જે કહેવામાં આવ્યું તે પણ યોગ્ય નથી. પરસ્પરવિરોધ પણ અહીં નથી કારણ કે પરસ્પરવિરોધનું વેદન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નથી રજતજ્ઞાનના બાધથી શુકિતનું જ્ઞાન થાય છે તેમ અહીં એક રૂપના જ્ઞાનના બાધથી બીજા રૂપનું જ્ઞાન થતુ નથી. જ્યાં વિરોધ હોય છે ત્યાં બેમાંથી એક રૂપને દબાવી બીજું રૂપ જ્ઞાનનો વિષય બને છે પણ અહીં એવું નથી એટલે વિરોધાર્થ કયો છે ? તડકો અને છાયા પણ એક સ્થાને જો દેખાય છે તો શું શેનાથી વિરુદ્ધ કહેવાય ?

બૌદ્ધ- [બે રૂપો] એકત્ર દેખાતા નથી એ કારણે વિરુદ્ધ કહેવાયા છે.

નૈયાયિક- એ પ્રકારનું એકત્રાદર્શન અહીં નથી, એટલે અવિરોધ છે. એટલે જ અહીં બેમાંથી એક બુદ્ધિ મિથ્યાત્વ અર્થાત્ બાધ પામતી નથી, કારણ કે પરસ્પર ઉપમર્દ દ્વારા બે બુદ્ધિઓનું હોવું સંભવે નહીં. [અહીં બે બુદ્ધિઓ- સામાન્યની બુદ્ધિ અને વિશેષની બુદ્ધિ — છે. એક બુદ્ધિ બીજી બુદ્ધિને દબાવતી નથી. અર્થાત્ એક બુદ્ધિ બીજી બુદ્ધિનો બાધ કરતી નથી. જો એક બીજીનો બાધ કરતી હોત તો બે બુદ્ધિઓ શક્ય બનત નહિ.] અને કુમારિલ ભટ્ટે કહ્યું છે કે 'જેમ ચિત્રરૂપમાંથી યથેષ્ટ વર્ણને તારવી જુદો કરી તેનો નિશ્ચય કરીએ છીએ તેમ વસ્તુની બાબતમાં પણ [તે સામાન્ય, વિશેષ વગેરે] અનેક રૂપો ધરાવતી હોઈ, ભેદાભેદનો નિશ્ચય કરાય છે. (અર્થાત્ વસ્તુમાં બે રૂપો હોય તો બે રૂપો હોવા છતાં તે બેમાંથી ઇષ્ટ રૂપને જુદું તારવી તેનું ગ્રહણ કરીએ છીએ. આમ વસ્તુનો તે બે રૂપોથી ભેદ પણ છે અને અભેદ પણ છે—જ્યારે તેમને જુદા તારવી ગ્રહીએ ત્યારે ભેદ અન્યથા અભેદ. આ રીતે અવિરોધથી ભેદાભેદનો નિશ્ચય થતો હોવાથી ભટ્ટપક્ષની ઉભયાત્મકતા (=સામાન્યવિશેષાત્મકતા) હો.

85. एतत्तु वृत्तिविकल्पादिभ्यो बिभ्यतेवाभ्युपगतं तत्रभवतेति तिष्ठतु तावत् किमत्र विमर्देन ।

व्यतिरिक्तैव जातिः व्यक्तिषु वर्तते इति ब्रूमः —

यच्च वृत्तिविकल्पादिदूषणं तत्र वर्णितम् ।
तत् प्रत्यक्षमहिम्नैव सर्वं प्रतिहतं भवेत् ।।

85. વ્યક્તિમાં સામાન્ય કૃત્સ્નપણે રહે છે કે એકદેશપણે રહે છે એ વિકલ્પોથી અને એવી બીજી દલીલોથી ભયભીત બનીને પૂજ્ય કુમારિલ ભટ્ટે આ ભેદાભેદનું તૂત સ્વીકાર્યું છે, ભલે તે તૂત રહો, અહીં તેનું ખંડન કરવાથી શું ?

વ્યક્તિથી ભિન્ન જ એવી જાતિ વ્યક્તિઓમાં રહે છે એમ અમે કહીએ છીએ અને જે વૃત્તિવિકલ્પ વગેરે દૂષણો ત્યાં જણાવ્યા છે તે બધા પ્રત્યક્ષના મહિમાથી પ્રતિહત થઈ જશે.

86. यत्तावदवादि भेदेन कुवलयामलकादिवदनवभासनादिति, तत्र प्रतीतिभेदो दर्शित एव । यत्तु देशभेदेनाग्रहणात् तदग्रहे तद्बुद्ध्यभावादिति, तत्र तदाश्रितत्वं कारणं जातेः, न त्वसत्त्वम् । व्यक्तिवृत्तित्वाज्जातेः पृथग्देशतयाऽनुपलम्भः, तदग्रहे तदग्रहो वा, न पुनस्तदतिरिक्ताया अभावादेवेति ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

86. જેમ કુવલય, આમળું વગેરે જ્ઞાનમાં ભિન્ન ભાસે છે તેમ સામાન્યનો વ્યક્તિથી ભિન્નપણે ભાસ નથી થતો એમ જે કહેવામાં આવ્યું તેના ઉત્તરમાં ત્યાં અમે પ્રતીતિભેદ દર્શાવ્યો છે. વ્યક્તિ જે દેશમાં હોય તે દેશથી ભિન્ન દેશમાં સામાન્યનું ગ્રહણ થતું ન હોવાથી તેમ જ વ્યક્તિનું અગ્રહણ હોતાં સામાન્યનું જ્ઞાન ન થતું હોવાથી [સામાન્ય વ્યક્તિથી ભિન્ન નથી] એમ જે તમે કહ્યું તેના ઉત્તરમાં ત્યાં અમે જણાવ્યું છે કે તે પરિસ્થિતિનું કારણ જાતિ વ્યક્તિમાં સમવાયસંબંધથી આશ્રિત છે એ છે અને નહિ કે જાતિનું અસત્ત્વ. વ્યક્તિમાં જાતિ સમવાયસંબંધથી રહેતી હોઈ, વ્યક્તિ જે દેશમાં હોય તેનાથી જુદા દેશમાં જાતિનું ગ્રહણ થતું નથી કે વ્યક્તિનું અગ્રહણ હોતાં સામાન્યનું ગ્રહણ થતું નથી. જુદાં દેશમાં જાતિનું ગ્રહણ ન થવાનું કે વ્યક્તિનું અગ્રહણ હોતાં સામાન્યનું અગ્રહણ થવાનું કારણ એ નથી કે વ્યક્તિથી ભિન્ન જાતિનું અસ્તિત્વ નથી.

87. यदप्युक्तं वृत्त्यनुपपत्तेरिति तत्राप्युच्यते — प्रतिपिण्डं कात्स्न्र्येनैव जातिर्वर्तते इति । पिण्डान्तरे तदुपलम्भो न स्यादिति चेत् किं कुर्मः ? कमुपलभामहे ? पिण्डान्तरेऽपि तदुपलम्भोऽस्त्येव । कथं च भवन्तमेनं निह्नुमहे ? एकदेशास्तु जातेर्न सन्त्येव यैरस्या वर्तनं ब्रूमः ।

क्वेदमन्यत्र दृष्टं चेद् अहो निपुणता तव ।
दृष्टान्तं याचसे यस्त्वं प्रत्यक्षेऽप्यनुमानवत् ॥

किंनामधेयैषा वृत्तिरिति चेद् न नामधेयम् अस्या जानीमः, पिण्डसमवेता जातिरित्येतावदेव प्रचक्ष्महे ।

87. વ્યક્તિમાં જાતિનું રહેવું ઘટતું નથી, એટલે જાતિ નથી એમ જે તમે કહ્યું તેના ઉત્તરમાં પણ અમે કહીએ છીએ કે પ્રત્યેક વ્યક્તિમાં જાતિ સંપૂર્ણપણે રહે છે 'જો એમ હોય તો અન્ય વ્યક્તિમાં જાતિનું જ્ઞાન ન થાય' એવી આપત્તિ જો તમે આપશો તો અમે જણાવીશું કે [અન્ય વ્યક્તિમાં પણ જાતિનું પ્રત્યક્ષ જ્ઞાન થાય તો એમાં] અમે શું કરીએ ? [એના સિવાય બીજા] કોનું જ્ઞાન કરીએ ? અન્ય વ્યક્તિમાં પણ જાતિનું પ્રત્યક્ષ જ્ઞાન થાય છે જ. ઉત્પન્ન થતા જાતિના પ્રત્યક્ષનો પ્રતિષેધ અમે કેમ કરીએ ? એકદેશો (=અંશો, અવયવો) તો જાતિને છે જ નહિ કે જેમના દ્વારા જાતિ વ્યક્તિમાં રહે છે એમ અમે કહીએ. આવું બીજે ક્યાં છે એમ જો તમે પૂછતા હો તો અમે જણાવીશું કે અહો ! તમારી નિપુણતા કે તમે પ્રત્યક્ષમાં પણ અનુમાનની જેમ દૃષ્ટાંત માગો છો. જો તમે પૂછશો કે જાતિનું વ્યક્તિમાં આ રહેવું કયા નામે ઓળખાય છે તો અમે ઉત્તર આપીશું કે અમે નામ જાણતા નથી; જાતિ વ્યક્તિમાં સમવેત છે એટલું જ અમે કહીએ છીએ.

88. नन्वयुतासिद्धयोः सम्बन्धः समवायः । स च विप्रतिषेधादेव निरस्तः । न शक्यते निरसितुम्—

प्रतीतिभेदाद्भेदोऽस्ति देशभेदस्तु नेष्यते ।
तेनात्र कल्प्यते वृत्तिः समवायः स उच्यते ।।

अवयवावयविनोर्गुणगुणिनोश्चेयमेव वृत्ति । तयोरर्थान्तरत्वमुपरिष्टाद्दर्शयिष्यते। दर्शितं चामुनैव मार्गेण देशभेदश्च तयोर्नास्तीति विस्पष्टमयुतसिद्धत्वम् ।

88. બૌદ્ધ— એ અયુતસિદ્ધો વચ્ચે સમવાયસંબંધ છે [એમ તમે કહો છો] અને અમે તે સમવાયસંબંધનો પ્રતિષેધ કર્યો હોઈ તેનો નિરાસ થઈ ગયો છે.

નૈયાયિક— તેનો નિરાસ કરવો શક્ય નથી. પ્રતીતિભેદે ભેદ છે, દેશભેદે ભેદ અમે ઇચ્છતા નથી. અહીં વ્યક્તિ અને સામાન્ય વચ્ચે અમે જે સંબંધ કલ્પ્યો છે તેને અમે સમવાય કહીએ છીએ. અવયવ અને અવયવી વચ્ચે તેમ જ ગુણ અને ગુણી વચ્ચે પણ આ જ સંબંધ છે. વ્યક્તિ અને સામાન્ય, અવયવ અને અવયવી તેમ જ ગુણ અને ગુણી એ બે જુદા જુદા અર્થો છે એ અમે આગળ ઉપર દર્શાવીશું. તે બે વચ્ચે દેશભેદ નથી એટલે તેઓ અયુતસિદ્ધ છે એ આ પદ્ધતિએ જ અમે સ્પષ્ટપણે દર્શાવ્યું છે.

89 यदप्युच्यते 'नानिष्पन्नस्य सम्बन्धो निष्पत्तौ युतसिद्धता' इति तदपि परिहृतमाचार्यैः 'जातं च सम्बद्धं चेत्येकः कालः' इति वदद्भिः । सर्वं चैतदबाधितप्रतीतिबलात् कल्प्यते, न स्वशास्त्रपरिभाषया । विभूनामपि सम्बन्धः परस्परमसम्भवादेव नेष्यते, न स्वशास्त्रपरिभाषणात् । न संयोगः, तेषामप्राप्तेरभावात्, अप्राप्तिपूर्विका हि प्राप्तिः संयोगः । न च समवायः, तदाश्रितस्य तस्यानुपलम्भादित्यलं प्रसङ्गेन ।

89. જે ઉત્પન્ન થયું નથી તેને કોઈની સાથે સંબંધ ન હોય અને જે ઉત્પન્ન થઈ ગયું છે તેની બાબતમાં તો યુતસિદ્ધતા હોય એમ જે કહેવામાં આવ્યું તેનો પણ આચાર્યે એમ કહીને પરિહાર કર્યો છે કે 'ઉત્પત્તિ થવી અને સંબંધ થવો એ બંને એક કાળે થાય છે.' આ બધું અબાધિત પ્રતીતિના બળે અમે કલ્પ્યું છે, અમારા શાસ્ત્રની પરિભાષાને આધારે કલ્પ્યું નથી. વિભુ દ્રવ્યો વચ્ચે પરસ્પર સંબંધ અમે એ કારણે ઇચ્છયો નથી કે તે સંબંધ સંભવતો નથી, એ કારણે નહિ કે અમારા શાસ્ત્રની પરિભાષાની દૃષ્ટિએ તેને ન ઇચ્છવો જરૂરી છે. વિભુ દ્રવ્યો વચ્ચે સંયોગસંબંધ નથી કારણ કે તેમની અપ્રાપ્તિનો અભાવ છે. અપ્રાપ્તિપૂર્વકની પ્રાપ્તિ સંયોગ છે. તેમની વચ્ચે સમવાયસંબંધ નથી, કારણ કે બે વિભુ દ્રવ્યને આશ્રિત સમવાયસંબંધનું ગ્રહણ નથી; [જેમ 'તંતુઓમાં પટ છે' અર્થાત્ 'અહીં આ છે' એવી પ્રતીતિનું કારણ તંતુ-પટ આશ્રિત સમવાયસંબંધ છે, તેમ 'આ વિભુદ્રવ્યમાં આ વિભુ દ્રવ્ય છે' એવી પ્રતીતિ જ થતી નથી. આમ વિભુદ્રવ્યાશ્રિત સમવાયસંબંધ માનવાને કોઈ પ્રતીતિનો આધાર જ નથી, એટલે બે વિભુદ્રવ્યાશ્રિત સમવાયસંબંધ છે જ નહિ.] માટે, તમે આપત્તિઓ આપવી રહેવા દો.

90. ये चेह वृत्ती स्त्रक्सूत्रभूतकण्ठगुणादिषु ।
जात्यादीनामनंशत्वात् ताभ्यां वृत्तिर्विलक्षणा ।।
तस्माद् वृत्त्यनुपपत्तेरित्यदूषणम् ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

90. માળા અને સૂત્ર, ભૂતોની મૂર્તિઓનાં ગળાં અને તેમને પહેરાવેલી સૂતરની આંટીઓ વગેરે વચ્ચે જે સંબંધો છે તેનાથી વિલક્ષણ જાતિ અને વ્યક્તિ, અવયવ અને અવયવી, વગેરે વચ્ચેનો સંબંધ છે, કારણ કે જાતિ, અવયવી વગેરે નિરંશ છે. નિષ્કર્ષ એ કે જાતિ અને વ્યક્તિ વચ્ચે સંબંધ ઘટતો નથી એ તમે આપેલું દૂષણ ઘટતું નથી.

91. यदपि सर्वगतत्वं पिण्डगतत्वं च विकल्प्य दूषितं तदपि यत् किञ्चित् । यथा प्रतीतिरादिशति भगवती तथा वयमप्युपगच्छामः ।

91. જાતિ સર્વગત છે કે પિંડગત છે એ વિકલ્પો ઊભા કરી જે દોષ દર્શાવ્યા છે તે પણ સારહીન છે. ભગવતી પ્રતીતિ જે પ્રમાણે આજ્ઞા કરે છે તે પ્રમાણે અમે સ્વીકારીએ છીએ. (અર્થાત્ અમે તો પ્રતીતિને જ અનુસરીએ છીએ.)

92. सर्वसर्वगता जातिरिति तावदुपेयते ।
सर्वत्राग्रहणं तस्या व्यञ्जकव्यक्त्यसन्निधेः ॥
व्यक्तिर्व्यञ्जकतामेति जातेर्दृष्टैव नान्यथा ।
दृष्टिर्यत्र यदा व्यक्तेस्तदा तत्रैव तन्मतिः ॥
सर्वत्र विद्यते जातिर्न तु सर्वत्र दृश्यते ।
तदभिव्यञ्जिका यत्र व्यक्तिस्तत्रैव दृश्यते ॥

92. જાતિ સર્વસર્વગત છે એમ અમે સ્વીકારીએ છીએ. (અર્થાત્ ગોત્વ જાતિ અશ્વ, હાથી વગેરે બધી જ વ્યક્તિઓમાં તેમ જ સર્વ દેશોમાં પણ છે) છતાં જાતિનું સર્વત્ર ગ્રહણ થતું નથી કારણ કે જ્યાં તેનું ગ્રહણ થતું નથી ત્યાં વ્યંજક વ્યક્તિની સન્નિધિનો અભાવ છે. [ગોત્વજાતિ અશ્વ, હાથી વગેરે વ્યક્તિઓમાં અને સર્વ દેશમાં હોવા છતાં તેનું અભિવ્યંજક કારણ ગોવ્યક્તિ જ હોવાથી જ્યાં ગોવ્યક્તિ નથી હોતી ત્યાં ગોત્વ જાતિ અભિવ્યક્ત નથી થતી અને પરિણામે ત્યાં તેનું ગ્રહણ પણ નથી થતું.] વ્યંજક વ્યક્તિ ત્યારે જ જાતિની વ્યંજક બને છે જ્યારે તે વ્યંજક વ્યક્તિ દર્શન વડે- પ્રત્યક્ષ વડે— ગૃહીત થાય છે, અન્યથા નહિ. જ્યારે અને જ્યાં વ્યંજક વ્યક્તિનું દર્શન થાય છે ત્યારે જ અને ત્યાં જ જાતિનું જ્ઞાન થાય છે. એટલે જ જાતિ સર્વત્ર હોવા છતાં સર્વત્ર દેખાતી નથી. તેની અભિવ્યંજક વ્યક્તિ જ્યાં હોય ત્યાં જ જાતિ દેખાય છે.

93. व्यक्तेरन्यत्र सत्त्वे स्यात् किं प्रमाणं तदुच्यते ।
इहाप्यानीयमानायां गवि गोत्वोपलम्भनम् ॥
गोपिण्डेन सहैतस्या न चागमनसंभवः ।
देहेनेवात्मनस्तस्मादिहाप्यस्तित्वमिष्यताम् ॥

93. વ્યક્તિથી અન્યત્ર દેશમાં જાતિ હોય છે એમાં શું પ્રમાણ છે ? તેનો ઉત્તર અમે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપીએ છીએ. અહીં લવાતી ગાયમાં ગોત્વ જાતિનું જ્ઞાન થાય છે. ગોવ્યક્તિ સાથે ગોત્વ-જાતિના આગમનનો સંભવ નથી; જેમ દેહની સાથે આત્મા ગતિ કરતો નથી તેમ વ્યક્તિ સાથે જાતિ ગતિ કરતી નથી. [આત્મા વિભુ છે એટલે તેને ગતિ નથી, જાતિ પણ સર્વગત છે એટલે તેને પણ ગતિ નથી.] એટલે અહીં [જ્યાં ગાય લવાય છે ત્યાં] પણ ગોત્વજાતિનું અસ્તિત્વ તમે માનો.

94. अभिव्यक्तिस्तु तत्काला यत्कालं व्यक्तिदर्शनम् ।
तस्मात् सकृदभिव्यक्ता नान्यदापि प्रतीयते ॥
अभिव्यक्तिश्च तद्देशा यद्देशा व्यक्तिरीक्ष्यते ।
तस्मात्तस्मादभिव्यक्ता न देशेऽन्यत्र दृश्यते ॥

94. જેટલો કાળ અભિવ્યંજક વ્યક્તિનું દર્શન હોય છે તેટલો કાળ જ જાતિની અભિવ્યક્તિ હોય છે. તેથી એક વાર અર્થાત્ અમુક કાળે) અભિવ્યક્ત થયેલી જાતિ અન્ય કાળે દેખાતી નથી (અર્થાત્ સર્વદા દેખાતી નથી) જે દેશમાં વ્યંજક વ્યક્તિનું દર્શન થાય છે તે દેશમાં જ જાતિની અભિવ્યક્તિ થાય છે. તેથી તે તે વ્યક્તિથી અભિવ્યક્ત થયેલી જાતિ અન્યત્ર દેશમાં (અર્થાત્ સર્વત્ર) દેખાતી નથી.

95. व्यक्तिसर्वगतत्वेऽपि स्वयूथ्यैः कैश्चिदाश्रिते ।
भविष्यत्यद्य जातायां गवि गोधीस्तथा ग्रहात् ॥
जायमानैव हि व्यक्तिर्जायते प्रतियोगिनी ।
एक एव हि कालोऽस्या जातेः सम्बन्धजन्मनोः ॥
नेह जातेः पुरास्तित्वं न च संक्रान्तिरन्यतः ।
किन्तु स्वहेतोः सा व्यक्तिस्तादृश्येवोपजायते ॥

95, અમારા નૈયાયિકોનું એક જૂથ જાતિને સ્વવ્યક્તિસર્વગત માને છે. [અર્થાત્ ગોત્વજાતિ બધી ગોવ્યક્તિઓમાં જ છે, બીજે નથી.] તે માન્યતામાં, અત્યારે જન્મતી ગોવ્યક્તિમાં ગોબુદ્ધિ, (જે ગોત્વજાતિવિષયક છે), થાય છે કારણ કે તે પ્રમાણે અર્થાત્ ગોત્વજાતિની વ્યક્તિ તરીકે, ગોત્વજાતિસમ્બદ્ધ વ્યક્તિ તરીકે) તેનું ગ્રહણ થાય છે. જ્યારે વ્યક્તિ ઉત્પન્ન થાય છે ત્યારે જાતિસંબદ્ધ જ ઉત્પન્ન થાય છે. વ્યક્તિની ઉત્પત્તિ અને [જાતિ સાથે તેનો] સંબંધ એક જ કાળે થાય છે. અહીં જાતિનું પહેલાં અસ્તિત્વ નથી હોતું તેમ જ અન્ય સ્થાનેથી જાતિનું સંક્રમણ પણ નથી થતું પરંતુ પોતાના કારણમાંથી જ તે વ્યક્તિ તેવી (અર્થાત્ ગોત્વજાતિયુક્ત) જ ઉત્પન્ન થાય છે.

96. कथमेतदितीदं च ये वा पर्यनुयुञ्जते ।
इदमप्यपरं हन्त तेन पर्यनुयुज्यताम् ॥
वृषः पिशङ्गो गौः कृष्णा सा च नीलतृणाशिनी ।

ताभ्यामुत्पादितो वत्सः कथं भवति पाण्डुरः ॥
यथा रूपादिसम्बद्धा सा व्यक्तिरुपलभ्यते ।
तथैव जातियुक्तेति का ते व्यसनसन्ततिः ॥
अगोव्यावृत्ततायां वा नैष प्रश्नो निवर्तते ।
कस्मादगोनिवृत्तं तदद्य जातं स्वलक्षणम् ॥
तस्माद्वस्तुस्वभावेऽस्य विदित्वाऽननुयोज्यताम् ।
चोद्यचुञ्चुत्वमुत्सृज्य प्रतिपत्तिर्निरूप्यताम् ॥

प्रतिपत्तिश्च विशेषेष्विव सामान्येषु च निरपवादा दर्शितैव । तस्माद्विशेषवदप्रत्याख्येयं सामान्यम् ।

96. 'આ કેવી રીતે બને ?' એમ જેઓ પ્રશ્ન કરે છે તેમને અમે કહીએ છીએ કે અરે ! તો પછી આ બીજો પ્રશ્ન પણ તમે પૂછો કે આખલો પિશંગ છે, ગાય કાળી છે અને તે લીલા રંગનું ઘાસ ખાય છે, તો પછી તે આખલા અને ગાયથી પેદા થતો વાછડો પાંડર રંગનો કેમ બને છે ? જેમ [ઉત્પત્તિ વખતે જ] રૂપ વગેરેથી સંબદ્ધ તે વ્યક્તિ ઉપલબ્ધ થાય છે તેમ જાતિથી સંબદ્ધ પણ તે વ્યક્તિ ઉપલબ્ધ થાય છે. એટલે આપત્તિઓની તમે જણાવેલી હારમાળા કઈ છે ? અગોવ્યાવૃત્તતાની બાબતમાં પણ આ પ્રશ્ન ઊભો નથી થતો એમ નહિ. અત્યારે જન્મેલું તે સ્વલક્ષણ કયા કારણે અગોવ્યાવૃત્ત છે ? માટે, વસ્તુના સ્વભાવ બાબત પ્રશ્ન ઊઠાવવો કે [વસ્તુનો સ્વભાવ એવો કેમ છે] એ ઘટતું નથી એમ સમજીને આપત્તિઓ આપવાનું કૌશલ્ય છોડી તમે પ્રતિપત્તિનું નિરૂપણ કરો. વિશેષોમાં થતી પ્રતિપત્તિની જેમ સામાન્યોમાં પણ નિરપવાદપણે પ્રતિપત્તિ થાય છે એ અમે દર્શાવ્યું જ છે. તેથી, વિશેષની જેમ સામાન્ય પણ અપ્રતિષેધ્ય છે.

97. तत्रैतत् स्यात्— विशेषात्मन एव वस्तुनः सामान्यज्ञानजननशक्तियुक्तत्वात् किं सामान्यकल्पनयेति । तदयुक्तम् । विशेषवत् प्रत्यक्षत्वात् सामान्यस्य कः कल्पनार्थः ? यदि हि कार्यानुमेयं सामान्यं कल्पयेम, तत एवमनुयुञ्ज्येमहि कार्यस्याप्यन्यथा सिद्धेः किं तत् कल्पनयेति । प्रत्यक्षे तु सामान्ये कोऽयमनुयोगः ?

97. બૌદ્ધ– ત્યાં આ આપત્તિ થાય– વિશેષ સ્વભાવ જ ધરાવતી વસ્તુ પોતે જ સામાન્યજ્ઞાનને ઉત્પન્ન કરવાની શક્તિવાળી છે, એટલે સામાન્યની કલ્પના કરવાની જરૂર જ ક્યાં છે ?

નૈયાયિક— આ આપત્તિ અયોગ્ય છે. તેનું એક કારણ એ કે વિશેષની જેમ સામાન્ય પ્રત્યક્ષ હોઈ, સામાન્યની કલ્પના કરવાનું અમારે શું પ્રયોજન ? [અમે સામાન્યની કલ્પના કરતાં જ નથી.] તેનું બીજું કારણ એ કે જો અમે સામાન્યને કાર્ય (=જ્ઞાન) ઉપરથી અનુમેય માનતા હોઈએ તો તમે આમ પ્રશ્ન કરી શકો કે કાર્ય તો બીજી રીતેય ઘટે છે

૨૪–૨૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તો સામાન્યની કલ્પનાનું શું પ્રયોજન ? પરંતુ જ્યારે સામાન્ય પ્રત્યક્ષ છે ત્યારે આ તે શો પ્રશ્ન ?

98. का चेयमनुवृत्तिज्ञानोत्पादिका शक्तिः ? विशेषेभ्योऽव्यतिरिक्ता व्यतिरिक्ता वा नित्याऽनित्या वा तदाश्रिता स्वतन्त्रा वा प्रत्यक्षा परोक्षा वेति विकल्प्यमाना वाचोयुक्त्यन्तरेण जातिरेव कथिता भवति न वा किञ्चिदिति यत्किञ्चिदेतत् ।

98. વળી, અનુવૃત્તિજ્ઞાનને ઉત્પન્ન કરનારી આ શક્તિ શું છે ? વિશેષોથી તે ભિન્ન છે કે અભિન્ન છે ? તે નિત્ય છે કે અનિત્ય છે ? તે વિશેષાશ્રિત છે કે સ્વતંત્ર છે ? પ્રત્યક્ષ છે કે પરોક્ષ છે ? આ વિકલ્પો કરી વિચારાતી તે શક્તિ વાણીની અન્ય ભંગી યા યુક્તિથી જાતિ જ કહેવાઈ છે અથવા તો તે કશું જ નથી અર્થાત્ તુચ્છ છે.

99. ननु यथा गोत्वादिजातिर्नियतास्वेव व्यक्तिषु वर्तते नासामञ्जस्येन तथा काभिश्चिदेव व्यक्तिभिः काचिद् गवादिबुद्धिर्जन्यते इति । नैतदेवम्, विषयातिशयव्यतिरेकेण प्रत्ययातिशयानुपपत्तेः । उपायातिशये तु प्रत्ययातिशयकारिणीष्यमाणे विषयातिशयं प्रति को द्वेषः ? सिद्धे च विषयातिशये दुरपह्नवं सामान्यम् ।

99. બૌદ્ધ —જેમ ગોત્વ જાતિ નિયત વ્યક્તિઓમાં જ (અર્થાત્ ગોવ્યક્તિઓમાં જ) હોય છે, અંધાધૂંધપણે ગમે તે વ્યક્તિમાં હોતી નથી, તેમ અમુક જ વ્યક્તિઓ વડે (અર્થાત્ ગોવ્યક્તિઓ વડે જ) અમુક જ બુદ્ધિ (અર્થાત્ ગોબુદ્ધિ) ઉત્પન્ન થાય છે. [તાત્પર્ય એ કે અમુક જ વ્યક્તિઓ ગોબુદ્ધિ ઉત્પન્ન કરે છે તેનો ખુલાસો કરવા તે વ્યક્તિઓમાં ગોત્વ જાતિ માનવાની શી જરૂર છે ?]

નૈયાયિક—ના એવું નથી, કારણ કે વિષયાતિશય વિના જ્ઞાનાતિશય સંભવે જ નહિ. ઉપાયના અતિશયથી જ્ઞાનનો અતિશય તમે ઇચ્છો છો ત્યારે વિષયાતિશય પ્રત્યે દ્વેષ શો ? વિષયાતિશય સિદ્ધ થતાં સામાન્યનો પ્રતિષેધ દુષ્કર છે.

100. ननु अनुवृत्तिबुद्धिः विनापि सामान्यान्तरेण सामान्यान्तरेषु दृश्यते एवेति कोऽत्र विस्रम्भः ? उच्यते । न चाशेषेण पञ्चाशद्भवितुमर्हति । यदि हि सेनावनादिप्रत्ययाः करितुरगधवखदिरादिव्यतिरिक्तमर्थमनपेक्ष्य जायमाना मिथ्या भवन्ति, किमेतावता घटादिप्रत्ययैरपि मिथ्या भवितव्यम् । बाधकसदसद्भावनिबन्धना हि वैतथ्यावैतथ्यस्थितिः प्रत्ययानाम् । तत्र सत्तादौ समान्यान्तरविरहान्मिथ्या प्रत्ययाः, उपाधिना केनचित् प्रवर्तन्ते, न त्वेवं गवादाविति यत्किञ्चिदेतत् । यदुक्तम्—

तस्मादेकस्य भिन्नेषु या वृत्तिस्तन्निबन्धनः ।
सामान्यशब्दः सत्तादावेकधीकरणेन वा ॥ इति [श्लो.वा.आकृति. २४]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**100**. બૌદ્ધ – સામાન્યોમાં સામાન્ય ન હોવા છતાં પણ તેમનામાં અનુવૃત્તિબુદ્ધિ ઉત્પન્ન થતી દેખાય છે એમ જે તમે નૈયાયિકોએ કહ્યું તેમાં શો વિશ્વાસ ?

નૈયાયિક – અમે ઉત્તર આપીએ છીએ. 'પચાસ' સંખ્યા [પચાસ ગોવ્યક્તિમાંથી પ્રત્યેકમાં] સંપૂર્ણપણે હોવી ઘટતી નથી. [આમ 'પચાસ' સંખ્યા ગોવ્યક્તિમાં ન હોવા છતાં ગોસમુદાયમાં આપણે 'પચાસ' સંખ્યાવાચક શબ્દનો વ્યવહાર કરીએ છીએ. સમુદાય એ ગોવ્યક્તિઓથી ભિન્ન કોઈ ચીજ નથી, એટલે સમુદાયમાં 'પચાસ' શબ્દનો વ્યવહાર એ ગોવ્યક્તિઓમાં 'પચાસ' શબ્દના વ્યવહાર બરાબર જ ગણાય. આમ જ્યાં 'પચાસ' સંખ્યા નથી ત્યાં 'પચાસ' શબ્દનો વ્યવહાર થાય છે.] હાથી, ઘોડા, વગેરેથી અતિરિક્ત એવા કોઈ અર્થની અપેક્ષા રાખ્યા વિના 'સેના'પ્રતીતિ થાય છે; ધવ, ખદિર વગેરેથી અતિરિક્ત એવા કોઈ અર્થની અપેક્ષા રાખ્યા વિના 'વન'પ્રતીતિ થાય છે. અર્થનિરપેક્ષ થતાં હોવાથી સેનાજ્ઞાન, વનજ્ઞાન વગેરે જ્ઞાનો મિથ્યા છે. પરંતુ તેથી શું ઘટજ્ઞાન વગેરે જ્ઞાનોએ પણ મિથ્યા બની જવું જોઈએ ? જ્ઞાનોનું વૈતથ્ય કે અવૈતથ્ય તો બાધકજ્ઞાનના અસદ્‌ભાવ–સદ્‌ભાવ ઉપર આધાર રાખે છે. ત્યાં સત્તા વગેરે સામાન્યોમાં બીજું સામાન્ય ન હોવાથી સત્તા વગેરે સામાન્યોમાં થતી અનુવૃત્તિબુદ્ધિ ( =સામાન્યપ્રતીતિ ) મિથ્યા છે, કોઈક ઉપાધિને લીધે તે ઉત્પન્ન થાય છે, પરંતુ એવું ગો વગેરેની બાબતમાં નથી. એટલે કુમારિલ ભટ્ટે કહ્યું છે કે અનેક ભિન્ન ભિન્ન વ્યક્તિઓમાં ( દા. ત. ગોવ્યક્તિઓમાં) એક સામાન્ય ( દા. ત. ગોત્વ સામાન્ય) હોવાને કારણે તે વ્યક્તિઓમાં સામાન્ય શબ્દનો ( દા. ત 'ગો' એ સામાન્યશબ્દનો) પ્રયોગ કરવામાં આવે છે પરંતુ સત્તા વગેરે સામાન્યો 'સામાન્ય' 'સામાન્ય' એવી એકાકાર બુદ્ધિ ઉત્પન્ન કરતા હોવાથી તે સત્તા વગેરે સામાન્યોમાં 'સામાન્ય' શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે.

**101**. नन्विहाप्येकार्थक्रियाकारित्वोपाधिनिबन्धन एकाकारप्रत्ययः सेत्स्यतीत्युक्तम् । सत्यमुक्तमयुक्तं तु, एकार्थक्रियाकारित्वस्यैवासिद्धेः । यत्तूक्तम् 'एकप्रत्यवमर्शस्य हेतुत्वाद्धीरभेदिनी' इति [प्र.वा.१.११०] तदसाम्प्रतम्, प्रत्यवमर्शस्याप्येकत्वानुपपत्तेः । न हि बहुभिर्दर्शनैरेको विकल्पः सम्भूय साध्यते, अपि तु नानादर्शनानन्तरं तत्सामर्थ्यलब्धजन्मानो विकल्पा अपि भेदेनैवोल्लसन्ति । न च तेषां किमपि कार्यान्तरमस्ति येन ते एकतामधिगच्छेयुः ।

**101**. બૌદ્ધ—[જેમ સત્તા વગેરે સામાન્યોની બાબતમાં કોઈક ઉપાધિને લીધે એકાકાર બુદ્ધિ થાય છે તેમ] અહીં [વ્યક્તિઓમાં] પણ એકાર્થક્રિયાકારિત્વરૂપ ઉપાધિને કારણે એકાકાર બુદ્ધિ ઘટે છે એમ અમે કહ્યું છે.

નૈયાયિક—સાચે જ તમે કહ્યું છે પરંતુ તમારું તે કહેવું બરાબર નથી, કારણ કે એકાર્થક્રિયાકારિત્વ પોતે જ અસિદ્ધ છે. તમે જે કહ્યું કે એક વિકલ્પના જનક હોવાથી દર્શનો પણ અભેદ પામે છે એ યોગ્ય નથી. કારણ કે વિકલ્પનું એકત્વ ઘટતું નથી; કેમ ? કારણ કે ઘણાં દર્શનો મળી એક વિકલ્પને ઉત્પન્ન કરતાં નથી પરંતુ જુદાં જુદાં દર્શનો પછી તરત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ તે દર્શનોના સામર્થ્યથી ઉત્પન્ન થતા વિકલ્પો પણ ભેદ સહિત જ ઉલ્લસે છે; વળી આ વિકલ્પોનું કોઈ એક કાર્ય નથી જેને આધારે તેઓ (= વિકલ્પો) એકત્વ પામે.

102 केन च विकल्पानामेकत्वं गृह्यते ? न दर्शनेन, तस्य दृश्यविषयत्वात् । न विकल्पान्तरेण, सर्वविकल्पानामारोपितार्थपर्यवसितत्वेन स्वाकारविषयत्वेन वा परस्परभेदाभेदपरिच्छेदसामर्थ्यासम्भवात् ।

102. ઉપરાંત, વિકલ્પોનું એકત્વ ગ્રહે છે કોણ ? દર્શન નથી ગ્રહતું, કારણ કે તેનો વિષય દૃશ્ય છે અર્થાત્ સ્વલક્ષણ છે. વિકલ્પાન્તર તે એકત્વને નથી ગ્રહતો કારણ કે બધા જ વિકલ્પોનો વિષય આરોપિત અર્થ છે અથવા પોતાનો જ આકાર (વિજ્ઞાનાકાર) છે. એટલે વિકલ્પોના પરસ્પરના ભેદ કે અભેદનું જ્ઞાન કરવાનું સામર્થ્ય તેમનામાં સંભવતું નથી.

103. अथ ब्रूयाद् विकल्पोल्लिख्यमानाकारभेदानवगमाद्विकल्पानामैक्यम् । यादृशमेव एकशाबलेयादिस्वलक्षणदर्शनान्तरभुवाऽपि विकल्पेनोल्लिखित आकारो गौरिति तादृशमेव गोपिण्डान्तरदर्शनान्तरजन्मनाऽपीति विषयाभेदात्तदैक्यमुच्यते । तदुल्लिख्यमानेऽपि विषये भेदो हि न प्रतिभासते इत्यत एष विकल्पो भिन्नान्यपि दर्शनानि मिश्रीकरोति दर्शनोपारूढस्य भेदस्याग्रहणादिति ।

103. બૌદ્ધ—વિકલ્પોમાં ઉલ્લિખિત થતા આકારોના ભેદોના અગ્રહણને કારણે જ વિકલ્પોનું ઐક્ય છે. જેમ એક શાબલેય ગોસ્વલક્ષણના દર્શન પછી તરત જ ઉત્પન્ન થયેલો વિકલ્પ 'ગો' એવા આકારનો ઉલ્લેખ કરે છે તેમ જ બીજી ગોવ્યક્તિના દર્શન પછી તરત ઉત્પન્ન થયેલો વિકલ્પ તેવા જ આકારનો ઉલ્લેખ કરે છે, એટલે વિષયાભેદના કારણે વિકલ્પોની એકતા કહેવાય છે. જ્યારે આ એક વિકલ્પમાં વિષય ઉલ્લિખિત થાય છે ત્યારે ભેદનો પ્રતિભાસ થતો નથી, એટલે આ વિકલ્પ ભિન્ન દર્શનોનું પણ એકીકરણ કરે છે કારણ કે વિકલ્પ દર્શનમાં ઉપારૂઢ થયેલા ભેદનું ગ્રહણ કરતો નથી.

104. तदेतदपि न हृदयंगममभिधीयते । विकल्पास्तावद्विज्ञानक्षणस्वभावत्वादन्योन्यं भिन्ना एव भवन्ति । यस्तु विकल्पोल्लिखित आकारोऽनुपलभ्यमानभेदः स तेभ्यो व्यतिरिक्तोऽव्यतिरिक्तो वा ? व्यतिरिक्तश्चेत् , सामान्यमेवेदं नामान्तरेणोक्तं भवति । अवास्तवत्वकृतो विशेष इति चेत् , न, अवास्तवत्वे युक्त्यभावात् । अव्यतिरिक्तश्चेत् स आकारस्तर्हि विकल्पस्वरूपवद् भिद्यते एवेति कथं तदैक्यं, कथं वा तदैक्येन भिन्नानामपि दर्शनानां मिश्रीकरणमवकल्पते ?

104. નૈયાયિક—આ પણ તમે હૃદયને રુચે એવું ન કહ્યું. વિકલ્પો વિજ્ઞાનક્ષણસ્વભાવ હોઈ પરસ્પર ભિન્ન જ હોય છે. વિકલ્પોમાં ઉલ્લિખિત આકાર, જેનો ભેદ ગ્રહાતો નથી તે, વિકલ્પોથી ભિન્ન છે કે અભિન્ન ? ભિન્ન હોય તો બીજા નામે સામાન્ય જ કહેવાયું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કહેવાય. સામાન્યથી તેની વિલક્ષણતા એ છે કે તે અવાસ્તવિક છે એમ જો તમે કહો તો અમારો ઉત્તર છે કે ના, તેને અવાસ્તવિક માનવા માટે કોઈ તર્ક નથી. જો તે આકાર વિકલ્પોથી અભિન્ન હોય તો વિકલ્પના સ્વરૂપની જેમ તે પણ ભેદ પામે જ, એટલે વિકલ્પોમાં ઉલ્લિખિત તે આકારની એકતા કેવી રીતે ઘટે, અથવા તેની એકતા દ્વારા ભિન્ન દર્શનોનું એકીકરણ પણ કેવી રીતે ઘટે ?

105. अपि च रे मूढ ! सामान्यानभ्युपगमे कुतस्त्य एकाकारविकल्पोत्पाद इति पर्यनुयुक्तेन त्वया यदि कार्यैक्याद् इत्युच्यते तदेतरेतराश्रयं भवति—कार्यैक्याच्च विकल्पैक्यं, विकल्पैक्याच्च कार्यैक्यमिति । विकल्पैक्यं कार्यैक्यमिति तु सुतराम् आत्माश्रयः विकल्पैक्यं विकल्पैक्यादेवेत्युक्तं भवति । कथं चैवमनुन्मत्तो ब्रूयात् । तस्मादेकप्रत्यवमर्शस्य हेतुत्वाद्धीरभेदिनीति व्यामूढभाषितम् ।

105. વળી, અરે ઓ મૂર્ખ ! સામાન્ય સ્વીકાર્યા વિના ક્યાંથી 'ગો' 'ગો' એવા એક આકારવાળા વિકલ્પોની ઉત્પત્તિ સંભવે ?—આમ તમને પૂછવામાં આવતાં જો તમે કહો કે એકકાર્યકારિતાને લીધે સંભવે તો ઇતરેતરાશ્રયદોષ આવે—એકકાર્યકારિતાને લીધે વિકલ્પોની એકતા અને વિકલ્પોની એકતાને લીધે એકકાર્યકારિતા વિકલ્પૈક્ય એ જ કાર્યૈક્ય છે (અર્થાત્ વિષયાભેદને લીધે જે આ એક વિકલ્પોત્પાદ છે તે જ કાર્યૈક્ય છે) એમ કહેતાં તો આત્માશ્રયદોષ આવે અર્થાત્ વિકલ્પૈક્ય વિકલ્પૈક્યને કારણે છે એમ કહ્યું કહેવાય. ડાહ્યો માણસ આવું કેવી રીતે બોલે ? તેથી, 'એક વિકલ્પના જનક હોવાથી દર્શનો પણ અભેદ પામે છે' એ તો મૂર્ખવચન છે.

106. यदपि विकल्पानां शब्दानां चान्यापोहविषयत्वसिद्धये प्रलपितम् 'एकस्यार्थस्वभावस्य' इत्यादि तदपि यत्किञ्चित् ।

सर्वात्मना हि दृष्टोऽर्थः पुनर्न हि न दृश्यते ।<br>
प्रदर्शितं हि प्रामाण्यं गृहीतग्राहिणामपि ॥<br>
क्षणभङ्गे निरस्ते च देशकालादिभेदतः ।<br>
गृहीतस्यापि भावस्य ग्रहणं न न युज्यते ॥<br>
अपि चास्मन्मते भिन्नैर्धर्मैर्युक्तस्य धर्मिणः ।<br>
धर्मोऽस्य केनचित् कश्चित् प्रत्ययेन ग्रहीष्यते ॥<br>
विचित्रसहकार्यादिशक्तिभेदश्च धर्मिणः ।<br>
नानोपाध्युपकाराङ्गशक्त्यभिन्नात्मता कुतः ? ॥

106. સવિકલ્પક પ્રત્યક્ષો અને શબ્દોનો વિષય અન્યાપોહ છે એ સિદ્ધ કરવા તમે જે કહ્યું કે 'એક સ્વભાવવાળી વસ્તુનું દર્શન થતાં તેનો બીજો કયો ભાગ દર્શનથી અગૃહીત રહી ગયો કે જે બીજાં પ્રમાણો વડે ગૃહીત થાય ?' તે પણ તુચ્છ છે, કારણ કે સંપૂર્ણપણે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દૃષ્ટ અર્થ ફરી ન દેખાય એવું નથી. ગૃહીતગ્રાહી જ્ઞાનોનું પણ પ્રામાણ્ય અમે પુરવાર કર્યું છે. વળી, જ્યારે ક્ષણિકવાદનો નિરાસ થઈ ગયો છે ત્યારે ગૃહીત વસ્તુનું દેશ, કાલ વગેરે ભેદોથી ગ્રહણ ઘટતું નથી એમ નહિ. ઉપરાંત, અમારે મતે ભિન્ન ધર્મોથી યુક્ત ધર્મીનો કોઈક ધર્મ કોઈક જ્ઞાનથી ગૃહીત થશે. સહકારિશક્તિ આદિ જુદા જુદા પ્રકારની ભિન્ન ભિન્ન શક્તિઓ ધર્મીમાં છે. ઉપાયભૂત અનેક સહકારીઓ ધર્મીને અનેક ઉપકાર કરે છે; આ ઉપકારરૂપ ગૌણ શક્તિઓ સાથે ધર્મીનો અભેદ ક્યાંથી હોય ? [પરિણામે ધર્મીના ગ્રહણ સાથે તેની બધી શક્તિઓનું ગ્રહણ થઈ જતું નથી.]

107. यदि च नाम निर्विकल्पकेन सर्वात्मना परिच्छिन्नं वस्तु पुनः परिच्छिन्दन्ति विकल्पान्तराणि वैफल्यमश्नुवीरन्, किमेतावता तेषामप्रतीयमानार्थग्राहिता कल्पयितुं शक्यते ? न हि विरतपिपासस्य हिमकरपटलमफलमिति तदेव रजतमिति कल्पयितुं पार्यताम् । तस्माद् दुराशामात्रमेतत् ।

107. ઉપરાંત, જો નિર્વિકલ્પ પ્રત્યક્ષે સંપૂર્ણપણે જાણેલી વસ્તુને ફરી જાણતા વિકલ્પો ( = સવિકલ્પ પ્રત્યક્ષ, અનુમાન ) વિફળતા પામતા હોય તો શું એટલામાત્રથી ( = તે વિફળતા ન પામે એટલા ખાતર જ) જે અર્થ પ્રતીયમાન નથી એનું તેઓ ગ્રહણ કરે છે એવી કલ્પના કરવી શક્ય છે ? જેની તરસ છીપાઈ છે એ વ્યક્તિને કપુરની ગોટીનું કંઈ પ્રયોજન નથી એટલા જ કારણસર તે કપુરની ગોટી જ રજત છે એવી કલ્પના કરવી શક્ય નથી. તેથી, એ તો દુરાશામાત્ર છે.

108. इत्थं चान्यापोह इति निषेधात्मनि बाह्ये विकल्पानां शब्दानां च विषये इष्यमाणे भट्टकुमारिलोपन्यस्तदुस्तरदूषणानामावरणकरणं न किञ्चित्पश्यामः ।

108. આમ વિકલ્પો અને શબ્દોનો વિષય અન્યાપોહ અર્થાત્ નિષેધાત્મક બાહ્ય છે એમ જ્યારે બૌદ્ધો ઇચ્છે છે ત્યારે ભટ્ટ કુમારિલે રજૂ કરેલા દુસ્તર દૂષણોના પૂરને ખાળવાનો કોઈ ઉપાય અમે જોતા નથી.

109. यदपि तद्दूषणापनिनीषया विकल्पप्रतिबिम्बकमारोपिताकारमात्रव्यावृत्तिच्छायोपरक्तं किमपि परिकल्पितं तदपि न व्यवहारपदवीमवतरितुमुत्सहते ।

विकल्पो नाम बोधात्मा स च स्वच्छः स्वभावतः ।
नासावितरसंपर्कादृते कलुषतामियात् ॥
नूनमभ्युपगन्तव्यं किञ्चिदस्योपरञ्जकम् ।
आन्तरं वासनारूपं बाह्यं वा विषयात्मकम् ॥
यत्पुनर्विद्यते नान्तर्न बहिस्तेन रज्यते ।
विज्ञानमिति मायैषा महती धूर्तनिर्मिता ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

विषया एव बुद्धीनामाञ्जस्येनोपरञ्जकाः ॥
वासना विषयज्ञानजन्यत्वान्न तथोदिताः ॥

तस्मात् तत्र देशान्तरादौ वसता केनचिदर्थेन बुद्धयो रज्यन्ताम् । एकान्तासता तु केनचिदारोपितेन तदुपरञ्जनमघटमानं मनोरथप्रायम् । न चैकान्तासन्नाकार आरोपयितुमपि शक्यते ।

109. તે દૂષણો દૂર કરવાની ઇચ્છાથી વિકલ્પગત પ્રતિબિંબરૂપ જ્ઞાનાકાર અથવા આરોપિત આકારમાત્ર જે વ્યાવૃત્તિની છાયાથી રંગાયેલું કંઈક તમે કલ્પ્યું છે તે પણ વ્યવહારની યોગ્યતામાં આવવાનો ઉત્સાહ ધરાવતું નથી. વિકલ્પ ખરેખર વિજ્ઞાનરૂપ છે, તે સ્વભાવથી સ્વચ્છ છે, તે બીજાના સંપર્ક વિના મલીનતા પામે નહિ. માટે, ખરેખર તેને રંગનારું કંઈક સ્વીકારવું જોઈએ—આંતર વાસનારૂપ કે બાહ્ય વિષયરૂપ. તે રંગનારું કંઈક આંતર પણ નથી કે બાહ્ય પણ નથી અને તેનાથી વિજ્ઞાન રંગાય છે—આ તો ધૂર્ત બૌદ્ધોએ નિર્મેલી મોટી માયા છે. વિષયો જ સીધેસીધા જ્ઞાનોના ઉપરંજક છે. વાસના પોતે વિષયજ્ઞાનજન્ય હોઈ, તેને જ્ઞાનોની સીધેસીધી ઉપરંજક નથી કહી. નિષ્કર્ષ એ કે દેશાન્તર આદિમાં રહેતા કોઈક [બાહ્ય] અર્થ (=સામાન્ય) વડે જ્ઞાનો રંગાઓ પરંતુ એકાન્તપણે અસત્ કોઈ આરોપિત આકાર વડે જ્ઞાનનું રંગાવું ઘટતું નથી, એ તો મનનો ઠાલો મનોરથ છે. અરે ! એકાન્ત અસત્ આકારને આરોપવો પણ શક્ય નથી.

110. अपि च दर्शनपृष्ठभाविनो विकल्पास्तद्व्यापारकारिणो व्यावृत्तं स्प्रष्टुमसमर्था व्यावृत्तिमात्रमवलम्बन्ते इति यदुच्यते तत्र दृश्यस्य सजातीयविजातीयव्यावृत्तत्वात् उभयव्यावृत्तिरस्तीति तां स्पृशन्तो विकल्पाः कथं विजातीयव्यावृत्तिमेव स्पृशेयुः ।

110. વળી, દર્શન પછી તરત જ ઉત્પન્ન થતા અર્થક્રિયાકારી (વ્યવહારસમર્થ) વિકલ્પો વ્યાવૃત્ત વસ્તુને સ્પર્શવા અસમર્થ છે, તેઓ કેવળ વ્યાવૃત્તિને જ વિષય કરે છે એમ જે તમે કહ્યું તે બાબત અમે જણાવીએ છીએ કે દૃશ્ય વસ્તુ સજાતીય-વિજાતીય વ્યાવૃત્ત હોઈ, બે વ્યાવૃત્તિઓ છે, એટલે વ્યાવૃત્તિને સ્પર્શતા વિકલ્પો કેવળ વિજાતીયવ્યાવૃત્તિને જ કેમ સ્પર્શે [અને સજાતીયવ્યાવૃત્તિને કેમ ન સ્પર્શે ?]

111. उभयावमर्शे सत्येषां पौनरुक्त्यादानर्थक्यमिति चेत्, नानर्थक्यम् । प्रमाणवर्गे निपतन्तः काममनर्थका भवन्तु, अर्थान्तरं वावलम्बन्ताम्, व्यावृत्तिं त्ववलम्बमाना अंशत अवलम्बन्ते अंशतो नेति न श्रद्दध्महे ।

सजातीयविजातीयव्यावृत्त्योर्न च भिन्नता ।
यतोऽन्यतरसंस्पर्शो विकल्पे न प्रकल्पते ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सजातीयविजातीयव्यावृत्तिविमर्शे तु दर्शनवदसाधारणग्राहिग एव विकल्पाः स्युरिति सामान्यनिबन्धनग्रहणादिव्यवहाराभावाच्छब्दानुमाने प्रलयं प्रतिपद्येयाताम् । व्यावृत्तिरपि बाह्या चेत् तदवस्था कौमारिलदूषणाशनिः । आन्तरत्वे तु न तया विकल्पोपरागः कर्तुं शक्यते । नान्तर्न बहिरिति तु भणितिभङ्गीमात्रम् ।

111. બંનેય વ્યાવૃત્તિને વિકલ્પો ગ્રહણ કરે છે એમ માનતાં વિકલ્પો દર્શને ગ્રહણ કરેલાને ફરી ગ્રહણ કરે અને પરિણામે વિકલ્પોનું આનર્થક્ય થાય એમ જો તમે કહેતા હો તો અમારે કહેવું જોઈએ કે ના, તેમનું આનર્થક્ય થતું નથી. પ્રમાણવર્ગમાં પડતા વિકલ્પો ભલે અનર્થક હો અથવા તો અર્થાન્તરને વિષય કરો પરંતુ વ્યાવૃત્તિને વિષય કરતા તેઓ અંશતઃ વ્યાવૃત્તિને વિષય કરે (અર્થાત્ વિજાતીયવ્યાવૃત્તિને ગ્રહણ કરે) અને અંશતઃ ન કરે (અર્થાત્ સજાતીયવ્યાવૃત્તિને ગ્રહણ ન કરે) એમાં અમને શ્રદ્ધા નથી. સજાતીયવ્યાવૃત્તિ અને વિજાતીયવ્યાવૃત્તિ એ ભિન્ન નથી; તેથી એમાંથી એકનો જ સંસ્પર્શ વિકલ્પમાં ઘટતો નથી. જો વિકલ્પો સજાતીયવ્યાવૃત્તિ અને વિજાતીયવ્યાવૃત્તિ બંનેયને ગ્રહણ કરે તો દર્શનની જેમ તેઓ પણ અસાધારણગ્રાહી (સ્વલક્ષણગ્રાહી) જ બની જાય અને પરિણામે સામાન્યને લીધે થતા વ્યાપ્તિસંબંધનું ગ્રહણ વગેરે વ્યવહારોનો અભાવ થઈ જતાં શબ્દ અને અનુમાનનો ઉચ્છેદ તમારે કહેવો પડે. જો વ્યાવૃત્તિ બાહ્ય હોય તો કુમારિલે દર્શાવેલ દૂષણોનું વજ્ર તેવું ને તેવું જ ધમકીરૂપ રહે છે. જો વ્યાવૃત્તિ આંતર [ વિજ્ઞાનરૂપ ] હોય તો તેના વડે વિકલ્પરૂપ વિજ્ઞાનનો ઉપરાગ થવો શક્ય નથી. વ્યાવૃત્તિ આંતર પણ નથી અને બાહ્ય પણ નથી, એ તો તુચ્છ શબ્દો માત્ર છે, વાણીની ભંગીમાત્ર છે.

112. तत्तादृशं किञ्चिद् न किञ्चिद्वा ? न किञ्चिच्चेन्न, तेन विकल्पानामनुरञ्जनस्योपपादयितुमशक्यत्वात् , अत्यन्तमसतश्च शशविषाणादेर्व्यवहारविषयत्वाभावात् । असत्ख्यातिनिरसननीतिमेवात्रोत्तरं करिष्यामः । किञ्चिच्चेन्नूनमन्तर्बहिर्वा तेन भवितव्यमेव । अतः कुमारिलादिष्टदूषणापनिनीषया योऽयमुत्प्रेक्षितः पन्था नूतनः सोऽपि सङ्कटः । तस्माद् यथाऽध्यवसायमेव तत्त्वमिति युक्तम् ।

112. વ્યાવૃત્તિ એ કંઈક વાસ્તવિક વસ્તુ જેવી છે કે જરાય વાસ્તવિક વસ્તુ જેવી નથી ? તે જરાય વાસ્તવિક વસ્તુ જેવી નથી એમ જો તમે કહો તો અમે કહીએ છીએ કે ના, કારણ કે તુચ્છ વ્યાવૃત્તિ વડે વિકલ્પોનો ઉપરાગ ઘટાવવો શક્ય નથી, વળી અત્યન્ત અસત્ શશશૃંગ વગેરે વ્યવહારના વિષય નથી. અસત્ખ્યાતિના ખંડનના તર્કને જ અહીં અમે ઉત્તરરૂપે આપીશું. જો તે કંઈક વાસ્તવિક વસ્તુ જેવી હોય તો ખરેખર આંતર કે બાહ્ય તેનું વાસ્તવિક અસ્તિત્વ હોવું જોઈએ. તેથી, કુમારિલે દર્શાવેલ દૂષણોને દૂર કરવાની ઇચ્છાથી જે નવો માર્ગ તમે વિચાર્યો છે તે પણ સંકટરૂપ છે. માટે, યથાધ્યવસાય જ વસ્તુતત્ત્વ છે એમ માનવું યોગ્ય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**113.** बाह्ये च वस्तुनि शब्दान्तरोपनीयमानभावाभावसम्बन्धाद्यपि न न युज्यते । सर्वस्य गौरित्यादिशब्दजनितस्य ज्ञानस्यास्तित्वाद्यनपेक्ष्य सामान्यमात्रविषयत्वादाकाङ्क्षानिराकरणायास्ति नास्तीति पदान्तरं प्रयुज्यमानं सम्बध्यते । नियतरूपता निश्चितनिजरूपे वस्तुनि वस्त्वन्तरस्य व्यवच्छेदनिबन्धना सिध्यति एव— 'घटो घट एव, न पटः' इति । नैतावता तदपोह एव प्रत्याय्यो भवति इत्यलमतिक्षोदेन ॥

113 ['છે' 'નથી' એવા] અન્ય શબ્દોથી વાચ્ય ભાવ કે અભાવ સાથેનો સંબંધ, વગેરે પણ બાહ્ય વસ્તુમાં નથી ઘટતા એમ નહિ. 'ગૌ' શબ્દ સાંભળી સૌને થતું જ્ઞાન અસ્તિત્વ આદિની અપેક્ષા રાખ્યા વિના કેવળ સામાન્ય વિષયનું હોય છે. આકાંક્ષાના નિરાકરણ માટે 'છે' 'નથી' એવાં અન્ય પદો પ્રયોજાતાં સામાન્યનો ભાવ કે અભાવ સાથે સંબંધ થાય છે. નિશ્ચિત સ્વરૂપવાળી વસ્તુમાં અન્ય વસ્તુની વ્યાવૃત્તિને કારણે નિયતરૂપતા સિદ્ધ થાય છે– 'ઘટ ઘટ જ છે, પટ નથી' એ રીતે. પરંતુ એટલામાત્રથી અન્ય વસ્તુની વ્યાવૃત્તિ જ જ્ઞાનનો વિષય બને છે એવું નથી. વિશેષ ચર્ચા કરવી રહેવા દઈએ.

**114.** बाह्यार्थविषय एवं व्यवहारो घटत इत्ययं कस्मात् ।
दृश्यविकल्प्यावर्थावेकीकृत्य प्रवर्तते पुरुषः ॥

114. બૌદ્ધ—જો વિષય બાહ્ય અર્થ હોય તો જ વ્યવહાર ઘટે છે એવો આ તમારો મત કેમ ? [અમારે મતે તો] દૃશ્ય અને વિકલ્પ્ય બે અર્થોને એક કરીને એક માનીને—પુરુષ પ્રવૃત્તિ કરે છે.

**115.** एकीकारश्च कीदृग्यदि पृथगमतिस्तर्हि मूर्छाद्यवस्था-
साम्यं तत्र प्रवृत्तिः कथमथ किमपि प्रस्फुरत्यर्थरूपम् ॥
तद् दृश्यं चेदपोहव्यवहृतिरफलाऽथ द्वितीयं चकास्ति
स्वेनाकारेण तस्मिन्सति सुनिपतिते चेष्टते कः सचेताः ॥
स्फुरति यदि विकल्प्यं दृश्यरूपेण कामं
स भवति विपरीतप्रत्ययो नाविवेकः ।
न वितथमतिबीजं विद्यते ह्यत्र किञ्चित्
न च रविकरनीरज्ञप्तिवद्बाधिका धीः ॥
अर्थप्राप्तिरतः सदर्थविषयज्ञानप्रबन्धोद्गता
साक्षादेव मणिप्रभामणिमतिन्यायेन किं कथ्यते ।
प्रामाण्ये सविकल्पकस्य कथिते बाह्यार्थसिद्धिः स्थिता
तद्व्यक्त्याकृतिजातिवाच्यकलने तावत्प्रवर्तामहे ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

115. નૈયાયિક—આ એકીકરણ કેવું છે ? જો તે બે પૃથક્ છે એ હકીકતનું અજ્ઞાન એ એકીકરણ હોય તો મૂર્છા વગેરે અવસ્થા જેવું તે કહેવાય; તેમાં પ્રવૃત્તિ કેવી રીતે સંભવે ? જો એકીકરણમાં કંઈક અર્થરૂપ ભાસે છે એમ કહો તો—જો તે દૃશ્ય હોય તો તેને 'અપોહ' નામ આપવું નિષ્ફળ બને અને જો બીજું (વિકલ્પ્ય, વ્યાવૃત્તિ) પોતાના વ્યાવૃત્તિરૂપ આકારથી ભાસતું હોય તો તેમ હોતાં કોણ બુદ્ધિમાન પ્રવૃત્તિ કરે ? જો વિકલ્પ્ય દૃશ્યરૂપે ભાસતું હોય તો તે વિપરીત જ્ઞાન થયું, અવિવેક (યા ભેદાગ્રહણ) ન થયું; અને અહીં વિપરીત જ્ઞાનનું કોઈ બીજ તો છે નહિ. સૂર્યકિરણોમાં જળની જે બુદ્ધિ થાય છે તેની બાધક બુદ્ધિ છે. તે પ્રમાણે આ એકીકરણનું કોઈ બાધક જ્ઞાન નથી. [અટલે આ એકીકરણ વિપરીત જ્ઞાન પણ નથી ] નિષ્કર્ષ એ કે સત્ અર્થને વિષય તરીકે ગ્રહણ કરનાર જ્ઞાનોની પરંપરાથી અર્થની સાક્ષાત્ જ પ્રાપ્તિ થાય છે. તો પછી આ અર્થપ્રાપ્તિને મણિપ્રભામાં મણિબુદ્ધિ ધરાવનારો પ્રવૃત્તિ કરી મણિને પ્રાપ્ત કરે છે એ ન્યાયે અર્થપ્રાપ્તિ કેમ ગણો છો ? સવિકલ્પક પ્રત્યક્ષનું પ્રામાણ્ય કહેતાં તેના વિષય તરીકે બાહ્યાર્થની સિદ્ધિ સ્થિર થઈ. તેથી, હવે શબ્દનો વાચ્ય અર્થ શો છે ?—વ્યક્તિ છે, આકૃતિ છે કે જાતિ છે—એનો નિર્ણય કરવા માટે અમે પ્રવૃત્ત થઈએ છીએ.

**116.** एवं सिद्धे बाह्येऽर्थे, निरस्तेषु तदपहारिषु तथागततस्करेषु, अधुना विचार्यते गोशब्दः किमाकृतेर्वाचकः उत व्यक्तेः अथ जातेरिति ॥

**116** આમ જ્યારે શબ્દનો વિષય બાહ્યાર્થ છે એ પુરવાર થયું છે અને વળી જ્યારે તેને ચોરી જનાર બૌદ્ધ ચોરોનો પરાજય થયો છે ત્યારે હવે અમે વિચારીએ છીએ કે ગો-શબ્દ શું આકૃતિનો વાચક છે કે વ્યક્તિનો કે જાતિનો ?

**117.** तत्राकृतिपदेनेह संस्थानमभिधीयते ।
सूत्रे पृथगुपादानान्न जातिर्जैमिनीयवत् ॥

जैमिनिर्हि 'आकृतिस्तु क्रियार्थत्वात्' [जै.सू.१.३.३३] इत्याकृतिं जातिमुपदिशति । भाष्यकारोऽपि 'सास्नादिविशिष्टाऽऽकृतिः' [शा.भा.१.१.५] इति ब्रुवाणः तथैव व्यवहरति । वार्तिककृताऽपि तद्व्याख्यातम्—

जातिमेवाकृतिं प्राहुर्व्यक्तिराक्रियते यया ।
सामान्यं तच्च पिण्डानामेकबुद्धिनिबन्धनम् ॥इति [श्लो.वा.आकृति.३]

इह तु 'व्यक्त्याकृतिजातयस्तु पदार्थः' [न्या.सू.२.२.६८] इति सूत्रकारो जातेः पृथगाकृतिम् अवोचदिति संस्थानमेवाकृतिं मन्यते । लोकोऽपि अवयवसन्निवेशात्मिकामाकृतिं व्यपदिशति 'यत्राकृतिस्तत्र गुणा वसन्ति' इति । तस्मादवयवसन्निवेश एवाकृतिरुच्यते ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

117. 'આકૃતિ' શબ્દથી અહીં શરીરનું સંસ્થાન કહેવાયું છે. ન્યાયસૂત્ર [૨.૨.૬૮]માં 'આકૃતિ'શબ્દ 'જાતિ'શબ્દથી જુદો મૂકાયો હોઈ, જેમ મીમાંસકો આકૃતિને જ જાતિ ગણે છે તેમ ન્યાયસૂત્રકાર આકૃતિને જ જાતિ ગણતા નથી. 'શબ્દનો વાચ્ય અર્થ આકૃતિ છે, કારણ કે તેમ માનવાથી જ [શ્યેનચયન]ક્રિયા થઈ શકે છે' [૧.૩.૩૩] એમ કહી જૈમિનિ આકૃતિને જ જાતિ કહે છે. 'આકૃતિ ગોદડી વગેરેથી વિશિષ્ટ છે એમ અમે કહીએ છીએ' [૧.૧.૫] એમ જણાવતા ભાષ્યકાર શબર પણ આકૃતિને જ જાતિ કહે છે વાર્તિકકાર કુમારિલ પણ સમજાવે છે કે જેના વડે વ્યક્તિનું નિરૂપણ થાય છે તે આકૃતિને જ જાતિ કહે છે; તે જ વ્યક્તિઓનું અનુવૃત્તિબુદ્ધિજનક સામાન્ય છે. પરંતુ અહીં [ન્યાયદર્શનમાં] 'વ્યક્તિ, આકૃતિ અને જાતિ એ પદના વાચ્યાર્થો છે' [ન્યાયસૂત્ર ૨.૨.૬૮] એમ કહી સૂત્રકાર ગૌતમે જાતિથી પૃથક્ આકૃતિને જણાવી છે. તે શરીરસંસ્થાનને જ આકૃતિ માને છે. લોકો પણ આકૃતિને અવયવસન્નિવેશાત્મક જણાવે છે અને કહે છે કે 'જ્યાં [સુંદર] આકૃતિ છે ત્યાં ગુણો વસે છે (અર્થાત્ સુંદર આકૃતિવાળી વ્યક્તિ સદ્ગુણી હોય છે)'. તેથી, અવયવસન્નિવેશ જ આકૃતિ કહેવાય છે.

118. तस्याश्च शब्दार्थतोपपद्यते न वेति परीक्षार्हत्वमस्त्येव, न जैमिनीयवदुपेक्षितुं सा युक्तेति । तद्व्यक्त्याकृतिजातिसन्निधौ प्रयोगाद् गोशब्दस्य कोऽर्थ इति विचार्यते ।

118. આકૃતિનું શબ્દના વાચ્યાર્થ હોવું ઘટે છે કે નહિ એની પરીક્ષા કરવા લાયક છે જ, મીમાંસકોની જેમ તેની (=આકૃતિની) ઉપેક્ષા કરવી ઉચિત નથી. વ્યક્તિ, આકૃતિ અને જાતિની સન્નિધિમાં શબ્દનો પ્રયોગ થતો હોઈ, 'ગો'શબ્દનો શો અર્થ છે એની વિચારણા કરવામાં આવે છે.

119. तत्राकृतिवादिनस्तावदाहुः—प्रयोगप्रतिपत्तिभ्यां किल शब्दार्थनिश्चयः । वृद्धाः स्वार्थे व्यवहरन्तो यस्मिन्नर्थे गोशब्दं प्रयुञ्जते, श्रोतारश्च यमर्थं ततः प्रतिपद्यन्ते, स तस्यार्थः । तत्र यदि गोशब्दः केसरादिमति न प्रयुज्यते, सास्नादिमति च प्रयुज्यते, तदसाधारणसन्निवेशविषय एवावगम्यते । प्रत्यक्षविषये गौरित्यादि पदं प्रयुज्यते । प्रत्यक्षं चाकृतिविषयम्, अश्वपिण्डसन्निवेशाद्विलक्षणो हि गोपिण्डसन्निवेश इन्द्रियेण प्रतीयते । तत्कृतमेव वस्तुष्वितरेतरवैलक्षण्यम् । अतः प्रत्यक्षविषये पदं प्रवर्तमानमाकृतावेव वर्तितुमर्हति । प्रेषणादिक्रियायोगश्च व्यक्तिद्वारक आकृतेर्भविष्यतीति ।

119. શબ્દનો વાચ્યાર્થ આકૃતિ છે એમ માનનારાઓ કહે છે કે શબ્દપ્રયોગ અને શબ્દ દ્વારા થતું જ્ઞાન એ બેના આધારે શબ્દાર્થનો નિશ્ચય થાય છે. શબ્દના પોતાના અર્થમાં વ્યવહાર કરતા વૃદ્ધો જે અર્થમાં 'ગો'શબ્દનો પ્રયોગ કરે છે અને શ્રોતાઓ તે શબ્દમાંથી જે અર્થ જાણે છે તે અર્થ તે શબ્દનો છે. જો 'ગો' શબ્દ કેસર વગેરે ધરાવનારમાં ન પ્રયોજાતો હોય અને ગોદડી વગેરે ધરાવનારમાં પ્રયોજાતો હોય તો તે 'ગો' શબ્દનો વિષય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(= અર્થ) અસાધારણ અવયવસન્નિવેશ જ સમન્વય. 'ગો' વગેરે પદો પ્રત્યક્ષના વિષયમાં પ્રયોજાય છે. આકૃતિ એ પ્રત્યક્ષનો વિષય છે. અશ્વવ્યક્તિના અવયવસન્નિવેશથી વિલક્ષણ ગોવ્યક્તિનો અવયવસન્નિવેશ ઇન્દ્રિય વડે જ્ઞાત થાય છે. વસ્તુઓની પરસ્પરવિલક્ષણતા સન્નિવેશને કારણે જ છે, તેથી પ્રત્યક્ષના વિષયમાં પ્રવર્તતું પદ આકૃતિમાં જ પ્રયોજાવા લાયક છે. પ્રેષણ વગેરે ક્રિયાઓનો યોગ વ્યક્તિ દ્વારા આકૃતિને થશે.

120. यदुक्तम्—

तदयुक्तं प्रतिव्यक्ति भिन्नसंस्थानदर्शनात् ।
आनन्त्यव्यभिचाराभ्यां सम्बन्धज्ञप्त्यसम्भवात् ॥

न नियतस्य शाबलेयसन्निवेशस्य गोशब्दो वाचकः, तदभावेऽपि बाहुलेयसन्निवेशदर्शनात् । न च त्रैलोक्यान्तर्गतसकलगोपिण्डसन्निवेशवचनत्वमवगन्तुं शक्यम्, आनन्त्यात् । ततश्च नाकृतिः शब्दार्थः, तस्यां क्रियाऽनुपपत्तेः । न हि प्रेषणादिक्रियासाधनं सन्निवेशः, अपि तु व्यक्तिः ।

न च गामानयेत्युक्तः सत्यामपि तथाकृतौ ।
चित्रपिष्टमयं कंचिद् गामानयति बुद्धिमान् ॥

120. આકૃતિવાદીઓએ આ જે કહ્યું તે અયોગ્ય છે, કારણ કે પ્રતિવ્યક્તિ શરીરસંસ્થાન જુદું જુદું દેખાય છે, પરિણામે આનન્ત્ય અને વ્યભિચારને લીધે શબ્દાર્થસંબંધનું જ્ઞાન અસંભવ બની જશે. શાબલેય ગોના નિયત અવયવસન્નિવેશનો વાચક 'ગો'શબ્દ નથી કારણ કે શાબલેય ગોના અવયવસન્નિવેશના અભાવમાં પણ બાહુલેય ગોના અવયવસન્નિવેશમાં 'ગો' શબ્દનો પ્રયોગ થતો દેખાય છે. [આ વ્યભિચારદોષ છે.] ત્રણેય લોકની અંદર રહેલી બધી જ ગોવ્યક્તિઓના સન્નિવેશો 'ગો' શબ્દ વાચ્ય છે એ જાણવું શક્ય નથી કારણ કે તે સન્નિવેશો અનન્ત છે. તેથી, આકૃતિ શબ્દાર્થ નથી. આકૃતિમાં ક્રિયા ઘટતી નથી. પ્રેષણ વગેરે ક્રિયાનું સાધન સન્નિવેશ નથી, પણ વ્યક્તિ છે. 'ગાયને લાવ' એમ કોઈ બુદ્ધિમાનને કહેવામાં આવતાં ચિત્રમાં દોરેલી ગાય કે લોટની બનાવેલી ગાયમાં ગો આકૃતિ હોવા છતાં તે કોઈ તેવી ગાય લાવતો નથી.

121. ननु जातिवाच्यत्वपक्षेऽपि गोत्वजाते सर्वगतत्वात् किमिति मृद्गवानयनं नानुष्ठीयते ? उच्यते । हस्ती किं नानीयते सर्वगतत्वाज्जातेः । अथ सर्वत्रास्तित्वेऽपि व्यञ्जकव्यक्तिनियमेनापह्नूयते । हन्त ! तर्हि सास्नादिमत्प्राणी गोत्वजातेरभिव्यञ्जको न मृद्गव इति नातिप्रसङ्गः । सन्निवेशस्य च तत्र भावात् तद्वाच्यत्ववादिनः नैनमतिप्रसङ्गमतिक्रामन्ति । किञ्चाकृतिवचनत्वे गोशब्दस्य शुक्लादिगुणवाचिभिः पदान्तरैः सामानाधिकरण्यं न प्राप्नोति । न हि शुक्लादिगुणा

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

आकृतिवृत्तयः, अपि तु व्यक्तिवृत्तयः । तत्सामानाधिकरण्यादिबलवत्तया वरं व्यक्तिः शब्दार्थ इष्यताम् ।

121. આકૃતિવાદી—શબ્દનો વાચ્યાર્થ જાતિ છે એ પક્ષમાં પણ ગોત્વજાતિ સર્વગત હોઈ, ['ગાય લાવ' એમ કહેવામાં આવતાં] કોઈ માટીની બનાવેલી ગાય કેમ નથી લાવતું ?

જાતિવાદી– ઉત્તર આપીએ છીએ. જાતિ સર્વગત હોઈ, ['ગાય લાવ' એમ કહેવામાં આવતાં] તે હાથી કેમ નથી લાવતો ?

આકૃતિવાદી– જાતિનું સર્વત્ર અસ્તિત્વ હોવા છતાં અભિવ્યંજક વ્યક્તિનો જે નિયમ છે તેના કારણે હાથી બહિષ્કૃત થઈ જાય છે.

જાતિવાદી- અરે ! તો ગોદડીવાળું પ્રાણી ગોત્વજાતિનું અભિવ્યંજક છે, માટીની ગાય તેની અભિવ્યંજક નથી, એટલે અતિપ્રસંગદોષ આવતો નથી. સન્નિવેશ તો માટીની ગાયમાં પણ હોઈ, જેઓ સન્નિવેશને શબ્દનો વાચ્યાર્થ માને છે તેઓ આ અતિપ્રસંગદોષ માંથી મુક્ત રહી શકતા નથી.

વ્યક્તિવાચ્યાર્થવાદી—વળી, આકૃતિ વાચ્યાર્થ છે એ પક્ષમાં 'ગો' શબ્દનું 'શુક્લ' આદિ ગુણવાચક પદો સાથે સામાનાધિકરણ્ય નહિ થાય કારણ કે શુક્લ આદિ ગુણો આકૃતિમાં રહેતા નથી પણ વ્યક્તિમાં રહે છે તેથી, વ્યક્તિ સામાનાધિકરણ્ય વગેરે બળથી યુક્ત હોઈ, પદના વાચ્યાર્થ તરીકે તે (=વ્યક્તિ) વધુ યોગ્ય છે એમ ઇચ્છો.

122. व्यक्तौ तावत्क्रियायोगो जातौ सम्बन्धसौष्ठवम् ।
नाकृतौ द्वयमप्येतदिति तद्वाच्यता कुतः ॥
जातिव्यक्त्योरतः कार्या वाच्यत्वे संप्रधारणा ।
तत्र व्यक्त्यभिधेयत्ववादिभिस्तावदुच्यते ॥

**प्रयोगचोदनासामञ्जस्याद् व्यक्तिः शब्दार्थः । आलम्भनविशसनप्रोक्षणादिचोदना जातावसंगता भवन्ति । न हि जातिरालभ्यते विशस्यते प्रोक्ष्यते वा । अपि च 'षड् देयाः' 'द्वादश देयाः' 'चतुर्विंशतिर्देयाः' इति न जातिः षडादिसंख्याभिर्युज्यते, अपि तु व्यक्तिः । तस्मात् सैव शब्दार्थः । अपि च 'यदि पशुरुपाकृतः पलायेतान्यं तद्वर्णं तद्वयसमालभेत' इति यदि जातिः शब्दार्थः स्यादन्यस्यालम्भो नावकल्पेत, अन्यस्यानीयमानस्य पशुद्रव्यस्य सैव जातिः । तत्रान्यत्वसम्बन्धो व्यक्तेरवकल्पते, न जातेरित्यतोऽपि व्यक्तिः शब्दार्थः ।**

चयापचयसंघातस्वस्वामित्वादिकल्पनाः ।
यान्ति व्यक्त्यभिधेयत्वपक्षे झडिति संगतिम् ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

न व्यक्तिर्लक्षणाद्वारमियत्कार्यं च युज्यते ।
वक्रः पन्था न गन्तव्यः प्रष्ठे वहति वर्त्मनि ॥
उपलक्षणमाश्रित्य जातिसम्बन्धवेदनम् ।
प्रसेत्स्यतीति नानन्त्यव्यभिचारकृतो ज्वरः ॥

किञ्च—

प्रत्यक्षविषये वृत्तिः पदस्येष्टा परैरपि ।
निष्कृष्टं न च सामान्यमात्रं प्रत्यक्षगोचरः ॥

व्यक्तेरेव पदार्थत्वं तस्मादभ्युपगम्यताम् ।
तथा च बुद्धिस्तत्रैव श्रुतशब्दस्य जायते ॥

122. વ્યક્તિનો ક્રિયા સાથે સંબંધ છે (અર્થાત્ ક્રિયા વ્યક્તિ કરે છે), જાતિમાં શબ્દાર્થસંબંધ સુલભ છે, આકૃતિમાં તે બંનેય નથી, એટલે આકૃતિ શબ્દનો વાચ્યાર્થ ક્યાંથી હોય ? માટે, જાતિ અને વ્યક્તિ એ બેમાંથી વાચ્યાર્થ કોને ગણવી એનો નિશ્ચય કરવો જોઈએ. પ્રયોગ અને વેદનો અમુક કર્મ કરવા માટેનો આદેશ એ બેનો વ્યક્તિ સાથે સંવાદ ઘટતો હોઈ વ્યક્તિ શબ્દાર્થ છે. કાપવું (આલભન), મારી નાખવું (વિશસન), છાંટવું (પ્રોક્ષણ) વગેરે કર્મ કરવા માટેના વેદના આદેશો જાતિમાં સંગત થતા નથી, કારણ કે જાતિ કપાતી નથી, મરાતી નથી કે છંટાતી નથી. વળી, 'છ આપવી જોઈએ', 'બાર આપવી જોઈએ', 'ચોવીસ આપવી જોઈએ' એમ જ્યારે કહેવામાં આવે છે ત્યારે છ વગેરે સંખ્યા સાથે જાતિ જોડાતી નથી, પણ વ્યક્તિ જોડાય છે. તેથી વ્યક્તિ જ શબ્દાર્થ છે. ઉપરાંત, 'પકડી લાવેલું પશુ જો ભાગી જાય તો તે જ રંગનું અને તે જ વયનું બીજું (પશુ) યજ્ઞમાં કાપવું' આમ કહેવામાં આવ્યું છે. હવે જો જાતિ શબ્દાર્થ હોય તો અન્યને કાપવાનું ઘટે નહિ, કારણ કે લાવવામાં આવતા બીજા પશુદ્રવ્યની એ જ જાતિ છે, [બીજી જાતિ નથી] અન્યત્વ સાથેનો સંબંધ વ્યક્તિમાં ઘટે છે, જાતિમાં ઘટતો નથી એ કારણે પણ વ્યક્તિ શબ્દાર્થ છે. ચયાપચય, સંઘાત, સ્વસ્વામિત્વસંબંધ આદિ કલ્પનાઓની સંગતિ વ્યક્તિવાચ્યત્વપક્ષમાં ઝટ થાય છે. વ્યક્તિને ગૌણાર્થ માની આટલાં કાર્યો ઘટાવવા શક્ય નથી. જો સીધો રસ્તો હોય તો વાંકા રસ્તે ન જવું જોઈએ. ઉપલક્ષણની (= અર્થાપત્તિની, લક્ષણાની કે ગૌણીવૃત્તિની) સહાય લઈ જાતિ-શબ્દસંબંધનું જ્ઞાન સિદ્ધ થઈ જશે, એટલે આનન્ત્ય અને વ્યભિચારને કારણે આવતો દોષ રહેશે નહિ. બીજાઓ પણ પદનો વ્યાપાર (=અભિધાવૃત્તિ) પ્રત્યક્ષ વિષયમાં ઇચ્છે છે. [બધી વ્યક્તિઓમાંથી મન વડે] જુદું તારવેલું કેવળ સામાન્ય પ્રત્યક્ષનો વિષય નથી. તેથી વ્યક્તિને જ શબ્દના વાચ્યાર્થ તરીકે સ્વીકારો. શબ્દ સાંભળતાં માણસને વ્યક્તિનું જ જ્ઞાન થાય છે.

123. तदेतज्जैमिनीयैर्न क्षम्यते । तथा हि—व्यक्तिमात्रं वा शब्दार्थ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

इष्यते विशिष्टा वा व्यक्तिः ? न तावद् व्यक्तिमात्रम् । न हि यस्यां कस्यांचिद् व्यक्तौ गोशब्दं वक्तारः प्रयुञ्जते, न च यां कांचिद् व्यक्तिं गोशब्दाच्छ्रोतारः प्रतिपद्यन्ते । अथ गोत्वविशिष्टव्यक्तिः शब्दार्थ इत्युच्यते, गोत्वमेव हि तर्हि गोशब्दार्थः, न व्यक्तिः । कथम् ? श्रूयताम् – यदि हि व्यक्तिः शब्दार्थो भवेद् व्यक्त्यन्तरे न प्रयुज्येत । अथ व्यक्त्यन्तरेऽपि प्रयुज्यते सर्वव्यक्तिसाधारणस्तर्हि तस्यार्थः, न व्यक्तिः ।

123. આને મીમાંસકો સહન કરી શકતા નથી. તેથી તેઓ આ પ્રમાણે પૂછે છે– શબ્દાર્થ કેવળ વ્યક્તિ છે કે જાતિવિશિષ્ટ વ્યક્તિ છે ? કેવળ વ્યક્તિ શબ્દાર્થ ન હોઈ શકે, કારણ કે ગમે તે વ્યક્તિમાં (દા.ત. અશ્વવ્યક્તિમાં) વક્તા ગોશબ્દનો પ્રયોગ કરતો નથી અને ગમે તે વ્યક્તિનું જ્ઞાન શ્રોતા 'ગો'શબ્દમાંથી કરતો નથી. જો કહો કે ગોત્વવિશિષ્ટ વ્યક્તિ ગો'શબ્દનો વાચ્યાર્થ છે તો ગોત્વ જ શબ્દાર્થ થયો, વ્યક્તિ નહિ. કેવી રીતે ? સાંભળો– જો ['ગો']શબ્દનો વાચ્યાર્થ [ગો–]વ્યક્તિ હોય તો બીજી [ગો–]વ્યક્તિઓમાં તે [ગો–]શબ્દ ન પ્રયોજાય. હવે જો [ગો–]શબ્દ બીજી [ગો–] વ્યક્તિઓમાં પણ પ્રયોજાતો હોય તો બધી [ગો–]વ્યક્તિઓમાં સમાનપણે રહેલ અર્થ જ તે શબ્દનો વાચ્યાર્થ બને, વ્યક્તિ નહિ.

124. ननु व्यक्त्यन्तरमपि व्यक्तिरेव । सोऽयं व्यक्तौ गोशब्दः प्रयुक्तः, न सामान्ये । मैवम्, व्यक्तौ चेद् गोशब्दः प्रयुज्यते, कर्कादिव्यक्तावपि प्रयुज्येत । यत्र प्रयोगोऽस्य दृष्टस्तत्र प्रयुज्यते इति चेत्, अद्य जतायां गवि मा प्रयोजि, न हि तत्र प्रयोगोऽस्य दृष्ट इति । तस्मात् दर्शनमकारणम्, प्रतिव्यक्ति तस्यासम्भवात् । व्यक्तौ च शब्दार्थे 'इयं वा गौः' 'इयं वा गौः' इति प्रतिपत्तिः स्यात्, न तु 'इयमपि गौः' इति, भवति चैवं प्रतीतिः । न चायमाद्यमाननियन्तृक एव यदृच्छाशब्दप्रयोगः प्रवर्तते इति नियामकमस्य चिन्त्यम् ।

124. વ્યક્તિવાચ્યાર્થવાદી– બીજી ગોવ્યક્તિ પણ ગોવ્યક્તિ જ છે. તેથી ગોશબ્દ ગોવ્યક્તિમાં જ પ્રયોજાયેલો ગણાય સામાન્યમાં નહિ

મીમાંસક એવું નથી. જો [કેવળ] વ્યક્તિમાં 'ગો' શબ્દ પ્રયોજાતો હોય તો કર્ક નામની અશ્વવ્યક્તિ વગેરેમાં પણ 'ગો' શબ્દ પ્રયોજાય.

વ્યક્તિવાચ્યાર્થવાદી– જ્યાં તેનો પ્રયોગ દેખાયો હોય ત્યાં તે શબ્દ પ્રયોજાય છે.

મીમાંસક– એમ હોય તો આજ જન્મેલી ગોમાં ગો' શબ્દનો પ્રયોગ ન કરો કારણ કે તેમાં તેનો પ્રયોગ દેખ્યો નથી. તેથી, શબ્દનો વ્યક્તિમાં પ્રયોગ થવાનું કારણ પૂર્વે થયેલું પ્રયોગનું દર્શન નથી, કારણ કે પ્રત્યેક વ્યક્તિમાં પૂર્વ પ્રયોગનું દર્શન સંભવિત નથી. વ્યક્તિ શબ્દાર્થ હોય તો 'આ (વ્યક્તિ) ગાય છે કે આ (વ્યક્તિ) ગાય છે' એવુ જ્ઞાન થાય પણ 'આ (વ્યક્તિ) પણ ગાય છે' એવું જ્ઞાન ન થાય. પરંતુ આપણને તો એવું જ્ઞાન થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

वळी, 'गो' शब्दप्रयोग नियामक विनानो, पोतानी इच्छा मुजब वक्ताथी करातो नथी. एटले ए शब्दप्रयोगनुं नियामक शुं छे ए विचारवुं जोईए. [गोशब्दप्रयोग अमुक ज व्यक्तिओमां (=गोव्यक्तिओमां ज) थाय छे अन्य व्यक्तिओमां (=अश्व आदि व्यक्तिओमां) थतो नथी, तेनुं कंईक नियामक होवुं जोईए. नियामक विना पोतानी इच्छा मुजब वक्ता शब्दप्रयोग करतो नथी. एटले शब्दप्रयोगनुं नियामक शुं छे ए विचारवुं जोईए]

125. गोत्वमेव नियामकमिति चेत्, आयुष्मन् ! साधु बुध्यसे, किन्तु तद्गोत्वमवगतमनवगतं वेति वक्तुमर्हसि । नानवगतम्, अतिप्रसङ्गात् । अवगतं चेत्, कुतस्तदवगच्छामः ? शब्दादन्यतो वा ? नान्यतः, प्रमाणान्तरासन्निधानात् । शब्दाच्चेत्, तर्हि शब्दः प्रथमतरं गोत्वे वर्तितुमर्हति, 'नागृहीतविशेषणा विशिष्टे बुद्धिः' इति न्यायात् ।

125. व्यक्तिवाच्यार्थवादी—गोत्व ज नियामक छे.

मीमांसक—हे आयुष्मन् ! तमे बराबर समजो छो परंतु ज्ञात गोत्व नियामक छे के अज्ञात गोत्व ए तमारे कहेवुं जोईए. अज्ञात गोत्वने नियामक मानतां अतिप्रसंगदोषनी आपत्ति आवे. ज्ञात गोत्व जो नियामक होय तो प्रश्न थाय के ते गोत्वने आपणे जाणीए छीए शेनाथी ? शब्दथी के अन्यथी ? अन्यथी जाणता नथी, कारण के अन्य प्रमाणोनी त्यां उपस्थिति नथी जो शब्दथी गोत्वने जाणीए छीए एम कहो तो शब्द सौप्रथम गोत्वमां प्रयोजावा योग्य छे एम स्वीकारवुं पडे, कारण के 'विशेषणनुं ग्रहण कर्या विना बुद्धि विशिष्टमां प्रवर्तती नथी' एवो नियम छे

126. ननु जातिं विशेषणत्वेन व्यक्तिं च विशेष्यत्वेन वक्ष्यति गोशब्दः । न शक्नोति वक्तुम्, अतिभारप्रसङ्गात् । न च व्यक्त्यवगतौ गतिरन्याऽस्ति यत इयन्तं शब्दे भारमारोपयेम । न हि वयं व्यक्तिप्रतीतिं भवन्तीमपह्नुमहे, नापि भवन्तीं जातिप्रतीतिमपह्नुमहे, उभयप्रतीतेः प्रत्यात्मवेदनीयत्वात् । उभयत्र चाभिधात्री शक्तिरतिभारा शब्दस्य, अन्यतरप्रतीत्या चान्यतरप्रतीतिसिद्धेः । तत्र गोशब्दः किं जातौ वर्तमानः व्यक्तिमाहोस्विद् व्यक्तौ वर्तमानो जातिमाक्षिपत्विति विचारणायां जातेर्विशेषणत्वात् पूर्वतरं प्रतिपत्तिरिति सैव शब्दार्थो भवितुमर्हति । तस्यां च शब्दादवगतायां तत एव व्यक्त्यवगमः सेत्स्यतीति नोभयत्र शाब्दो व्यापारः ।

126. व्यक्तिवाच्यार्थवादी – गोशब्द गोत्वजातिनुं विशेषणरूपे अने गोव्यक्तिनुं विशेष्यरूपे अभिधान करे छे

मीमांसक – गोशब्द (ए रीते बेनुं) अभिधान करवा समर्थ नथी कारण के तेथी तेना उपर वधु पडतो बोज लादवानी आपत्ति आवे

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વ્યકિતવાચ્યાર્થવાદી- વ્યકિતને જાણવા માટે બીજો કોઈ રસ્તો ન હોવાને કારણે શબ્દ ઉપર આટલો ભાર લાદીએ છીએ.

મીમાંસક-અમે નથી તો વ્યકિતના થતા જ્ઞાનનો પ્રતિષેધ કરતા, કે નથી તો જાતિના થતા જ્ઞાનનો પ્રતિષેધ કરતા, કારણ કે બંનેનું જ્ઞાન પ્રત્યેકને અનુભવમાં આવે છે. પરંતુ વ્યકિત અને જાતિ બંનેમાં શબ્દની અભિધાનશકિત માનતાં તે શકિત પર વધુ પડતો બોજ પડે છે; તેવો બોજ માન્યા વિના ચાલી શકે છે, કારણ કે એકના જ્ઞાન ઉપરથી બીજાનું જ્ઞાન સિદ્ધ થઈ શકે છે. આ બાબતે શું જાતિમાં પ્રયુકત શબ્દ વ્યકિતનો આક્ષેપ કરે છે કે વ્યકિતમાં પ્રયુકત શબ્દ જાતિનો આક્ષેપ કરે છે એ વિચારણામાં જાતિ વિશેષણ હોઈ તેનું જ પહેલું જ્ઞાન થાય, એટલે જાતિ જ શબ્દનો વાચ્યાર્થ બનવા યોગ્ય છે. શબ્દથી જાતિનું જ્ઞાન થતાં તે જાતિજ્ઞાનમાંથી જ વ્યકિતનું જ્ઞાન સિદ્ધ થશે. તેથી બંનેમાં શબ્દનો અભિધાવ્યાપાર નથી.

127. ननु दण्डिशब्दादिव विशेषणं च जातिं विशेष्यां च व्यक्तिं गोशब्दादेव प्रतिपत्स्यामहे, कोऽस्यातिभारः ? विषमोऽयं दृष्टान्तः । तत्र हि प्रकृतिप्रत्ययविभागेन द्वयप्रतीतिरवकल्पते । दण्डशब्दः प्रकृतिर्विशेषणमभिवदति, मत्वर्थीयप्रत्ययश्च विशेष्यमिति । गोशब्दे तु नैष न्यायः सम्भवति । तत्र न विशेषणे दण्डिशब्दो वर्तते, न च विशेष्ये दण्डशब्दः । इह तु गोशब्द एक एव विशेषणे विशेष्ये वा वर्तते । विशेष्ये वर्तमानो विशेषणे प्रमाणान्तरमपेक्षते । विशेषणे तु वर्तमानस्तद्वगमय्य विशेष्यमप्याक्षिपतीति न कश्चिद्दोषः ।

127. વ્યકિતવાચ્યાર્થવાદી– જેમ 'દંડી' શબ્દથી દંડ વિશેષણ અને પુરુષ વિશેષ્ય બંનેનું જ્ઞાન આપણે કરીએ છીએ તેમ ગોશબ્દથી જ વિશેષણ ગોત્વજાતિ અને વિશેષ્ય ગોવ્યકિત બંનેનું જ્ઞાન અમે કરીશું. એમાં એને કયો વધુ પડતો બોજ પડવાનો ?

મીમાંસક- આ દૃષ્ટાન્ત વિષમ છે કારણ કે 'દંડી' શબ્દની બાબતમાં પ્રકૃતિ ('દંડ') અને પ્રત્યય (ઇન્) એવા વિભાગ દ્વારા એની પ્રતીતિ ઘટે છે. 'દંડ' શબ્દ પ્રકૃતિ છે, તે વિશેષણને જણાવે છે. મત્વર્થીય પ્રત્યય ઇન્ વિશેષ્યને જણાવે છે. ગોશબ્દમાં આ ન્યાય સંભવતો નથી ત્યાં ('દંડી' શબ્દની બાબતમાં) દંડી શબ્દ વિશેષણમાં પ્રવર્તતો નથી અને દંડ શબ્દ વિશેષ્યમાં પ્રવર્તતો નથી, જ્યારે અહીં (='ગો' શબ્દની બાબતમાં) એક જ ગોશબ્દ વિશેષણમાં કે વિશેષ્યમાં પ્રવર્તે છે. જ્યારે વિશેષ્યમાં પ્રવર્તે છે (અર્થાત્ વિશેષ્યનું અભિધાન કરે છે) ત્યારે વિશેષણનું જ્ઞાન કરાવવા તે પ્રમાણાન્તરની અપેક્ષા રાખે છે; પરંતુ જ્યારે વિશેષણમાં પ્રવર્તે છે ત્યારે તે વિશેષણનું અભિધાન કરી, વિશેષ્યનો પણ તે આક્ષેપ કરે છે, એટલે કોઈ દોષ નથી આવતો.

128. तदिदमात्मप्रत्यक्षं यच्छब्दे उच्चरिते व्यक्तिरवगम्यते इति । स किं शब्दादुत जातेरिति विवेको न प्रत्यक्षः । स युक्त्याऽवगम्यते । शब्दस्य द्वया-



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

भिधाने यत्नगौरवाद्विरम्य व्यापारस्य चासंवेदनात्, अन्तरेणापि च शब्दं जात्यवगमे व्यक्तिप्रतीतिदर्शनाज् जातित एवैषा व्यक्तिप्रतीतिः जातिप्रतीतिश्च शब्दादिति निश्चीयते । भवद्भिरपि च विशेषणज्ञानपूर्विका विशेष्यावगतिरङ्गीकृतैव, यथाऽऽह कणव्रतः "समवायिनः श्वैत्याच्छ्वैत्यबुद्धेश्च श्वेते बुद्धिस्ते कार्यकारणभूते" इति [वै.सू.८.१.९] ॥

128. એ તો બધાંને સ્વાનુભવથી જ્ઞાત છે કે જ્યારે શબ્દ બોલવામાં આવે છે ત્યારે વ્યક્તિનું જ્ઞાન થાય છે. તે વ્યક્તિનું જ્ઞાન શબ્દથી થાય છે કે જાતિથી એ વિવેક પ્રત્યક્ષથી થતો નથી તે વિવેક તર્કથી જ્ઞાત થાય છે એવું (એક સાથે અભિધાન કરવામાં શબ્દને યત્નગૌરવને દોષ લાગતો હોઈ, પ્રથમને જણાવ્યા પછી જેનો વ્યાપાર અટકી જાય છે તે પછી બીજાને જણાવે એવું તો અનુભવમાં આવતું ન હોઈ અને વળી શબ્દ વિના જ જ્યારે જાતિનું જ્ઞાન થાય છે ત્યારે પણ વ્યક્તિનું જ્ઞાન થતું દેખાતું હોઈ, વ્યક્તિનું આ જ્ઞાન જાતિથી જ થાય છે અને જાતિનું જ્ઞાન શબ્દથી થાય છે એ નિશ્ચય થાય છે. આપે પણ વિશેષ્યજ્ઞાન થતાં પહેલાં વિશેષણજ્ઞાન સ્વીકાર્યું છે જ, જેમ કે કણાદે કહ્યું છે કે [દ્રવ્યમાં] સમવાયસંબંધથી રહેતા શ્વૈત્યને કારણે તેમ જ શ્વૈત્યની બુદ્ધિ ઉત્પન્ન થઈ છે એ કારણે શ્વેતની (=શ્વેત દ્રવ્યની) બુદ્ધિ થાય છે, [દ્રવ્યમાં સમવાયસંબંધથી જે શ્વૈત્ય છે તેની બુદ્ધિ અને શ્વેત દ્રવ્યની બુદ્ધિ] એ બે વચ્ચે કારણ–કાર્યનો સંબંધ છે [વૈ. સૂ. ૮.૧.૯] ['શંખ શ્વેત છે' એ બુદ્ધિ થવામાં બે કારણો છે– (૧) શંખદ્રવ્યમાં સમવાયસંબંધથી રહેતો શ્વૈત્યગુણ (૨) તે શ્વૈત્યગુણનું જ્ઞાન. શ્વૈત્યગુણજ્ઞાન કારણ છે અને શ્વૈત્યગુણવિશિષ્ટ શંખનું જ્ઞાન કાર્ય છે. આમ તે બે વચ્ચે કારણકાર્યનો સંબંધ છે. વિશેષણજ્ઞાન વિશેષ્યજ્ઞાનનું કારણ હોઈ પહેલાં વિશેષણજ્ઞાન થાય છે અને પછી જ વિશેષ્યનું જ્ઞાન થાય છે.]

129. यत् पुनरभिहितम् आलम्भनविशसनप्रोक्षणादिक्रियायोगाद्व्यक्तिः शब्दार्थ इति, तदप्यनैकान्तिकम्, जातावपि क्वचित् क्रियायोगदर्शनात् 'श्येनचितं चिन्वीत' इति ।

129. વળી, તમે જે કહ્યું કે આલંભન, વિશસન, પ્રોક્ષણ વગેરે ક્રિયાઓ સાથે વ્યક્તિનો સંબંધ હોવાથી વ્યક્તિ શબ્દાર્થ છે એ પણ અનૈકાન્તિકદોષથી દૂષિત છે, કારણ કે ક્રિયાઓ સાથે જાતિનો સંબંધ પણ ક્વચિત્ દેખાય છે, દાખલા તરીકે 'શ્યેનવેદી બનાવવી જોઈએ' એ વેદના આદેશમાં વેદી બનાવવાની ક્રિયાનો (=ચયનક્રિયાનો) સંબંધ શ્યેનત્વ જાતિ સાથે છે, શ્યેનવ્યક્તિ સાથે નથી.

130. नन्वत्रापि व्यक्तेरेव कार्याङ्गता, नामूर्ताया जातेः । मैवम्, न ह्यत्र श्येनः साधनत्वेन निर्दिश्यते 'पशुना यजेत' इतिवत् । 'कर्मण्यग्न्याख्यायाम्' इति [पाणिनिसू० ३.२.९२] त्वभियुक्तस्मरणात् चयननिर्वर्त्यः श्येन इति शब्दार्थोऽवगम्यते । न च श्येनव्यक्तिश्चयनेन निर्वर्तयितुं पार्यते । 'अग्न्याख्यायाम्'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

इति स्मर्यते । न हीष्टकानिचयेन पतत्री अभिनिर्वर्तते, तदाकारस्त्वग्निरभिनिर्वर्त्यते इत्यत्र जातेः क्रियाङ्गत्वं, न व्यक्तेः ।

130. વ્યક્તિવાચ્યાર્થવાદી- અહીં પણ વ્યક્તિ જ કાર્યનું સાધન છે, અમૂર્ત જાતિ કાર્યનું સાધન નથી.

મીમાંસક—ના, એવું નથી. 'પશુ વડે યાગ કરવો' એમાં જેમ યાગના સાધન તરીકે પશુનો નિર્દેશ છે તેમ અહીં શ્યેનનો સાધન તરીકે નિર્દેશ નથી. 'कर्मणि अग्न्याख्यायाम्' [અર્થાત્ "'चि' ધાતુના અનન્તર પૂર્વે કર્મના અર્થમાં કારક હોય ત્યારે 'चि' ધાતુને क्विप् પ્રત્યય લાગે છે અને ધાતુ, અનન્તર પૂર્વ પદ અને પ્રત્યય ત્રણેયનો સમુદાય અગ્નિનું (=અગ્નિના આધારરૂપ સ્થાન અર્થાત્ વેદીનું) રૂઢ નામ જણાવે છે]" એ વિદ્વાનોની વ્યાકરણરૂપ સ્મૃતિ ઉપરથી 'ચયનક્રિયાથી બનાવાતો શ્યેન' એવો 'શ્યેનચિત્'શબ્દનો અર્થ સમજાય છે. શ્યેનવ્યક્તિ તો ચયનક્રિયાથી બનાવવી શક્ય નથી. 'अग्न्याख्यायाम्' એવું વ્યાકરણસ્મૃતિમાં કહ્યું છે ઈંટોના ચયનથી શ્યેનપક્ષી બનતું નથી, તેના (શ્યેનના) આકારનો અગ્નિ (અર્થાત્ અગ્નિનું સ્થાન વેદી) બને છે એટલે અહીં ક્રિયાનું સાધન જાતિ (શ્યેનાકૃતિ) છે, વ્યક્તિ (શ્યેનપક્ષીવ્યક્તિ) નથી.

131. ननु व्यक्त्या सादृश्यं सम्पादयिष्यते । न शक्यते सम्पादयितुम्, व्यक्त्यन्तरवैसादृश्यस्यापि सम्भवात्, यो ह्येकया व्यक्त्या सदृशः सोऽन्यविसदृशोऽपिभवति ।

यत्त्वमूर्तत्वाज्जातेः न क्रियाङ्गत्वमिति, नैष दोषः, अमूर्तानामपि गुणकर्मणां साधनभावोपपत्तेः, 'अरुणया क्रीणाति' 'अभिक्रामन् जुहोति' इति । व्यक्त्याक्षेपद्वारेण चालम्भनविशसनप्रोक्षणादिप्रयोगचोदनासु साधनत्वं जातेरुपपत्स्यते ।

लक्षितव्यक्तिसाध्यं तु तत्साध्यं कार्यमिष्यते ।<br>
यथा भूतेन्द्रियोत्पाद्यमात्मकर्तृकमुच्यते ॥

आत्मा तावत्सर्वकर्मस्वधिकृतः कर्ता च । स चामूर्तत्वाद् देहेन्द्रियद्वारेण औदुम्बरीसंमार्जनाज्यावेक्षणादीनि कार्याणि निर्वर्तयन् कर्ता तेषु भवति । एवं जातिरपि व्यक्तिवर्त्मना तन्निर्वर्तयन्ती साधनतां लप्स्यते ।

अतश्च जातिरेवाङ्गमिति मीमांसका जगुः ।<br>
तस्याश्चेदं क्रियाङ्गत्वमन्यद्वारकमात्मवत् ॥

एवं 'षड् देयाः' इति 'अन्यं तद्वर्णमालभेत' इति च तद्द्वारकमेव योज्यम् । एतेनोपचयापचयसंघाताद्यपि व्याख्यातम् । सम्बन्धग्रहणादिकार्यं च जातिपक्षे एव सूपपादम्, आनन्त्यव्यभिचारादिचोद्यानवकाशात् । यत्पुनरभ्यधायि प्रत्यक्षविषये

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पदं वर्तते, न च प्रत्यक्षस्य सामान्यमात्रं विषय इति परिहृतं तद्वार्तिककृता । प्रत्यक्षस्य हि चित्रात्मकं वस्तु विषयः ।

न च तत्तादृशं किञ्चित् शब्दः शक्नोति भाषितुम् ।

सामान्यांशानपोद्धृत्य पदं सर्वं प्रवर्तते ।। इति [श्लो.वा.आकृति. ६४]

न हि नानाधर्मनिचयखचितचित्राकारवस्तुसमर्पणनिपुणमेकं किमपि पदमुपपद्यते । न च तत्र सम्बन्धग्रहणं सुकरमिति सामान्यांशनिष्ठमेव पदं युक्तम् । तस्माज्जातिरेव शब्दार्थ इति ।

131. વ્યક્તિવાચ્યાર્થવાદી– વેદીનું સાદૃશ્ય શ્યેનવ્યક્તિ સાથે બનશે, (શ્યેનજાતિ સાથે નહિ).

મીમાંસક– વેદીનું સાદૃશ્ય શ્યેનવ્યક્તિ સાથે નહિ બની શકે, કારણ કે અન્ય શ્યેનવ્યક્તિ સાથે તેનું (=વેદીનું) વૈસાદૃશ્ય પણ સંભવે છે. જે એક શ્યેન વ્યક્તિ સાથે સદૃશ છે તે અન્ય શ્યેનવ્યક્તિથી વિસદૃશ પણ છે. વળી, અમૂર્ત હોઈ, જાતિ ક્રિયાનું સાધન નથી એમ તમે કહ્યું છે; પરંતુ તે દોષ પણ નથી કારણ કે અમૂર્ત ગુણો અને કર્મોમાં પણ સાધનપણું ઘટે છે, જેમ કે અરુણ ગાય) વડે (સોમ) ખરીદે છે' 'પ્રદક્ષિણા કરતો તે આહુતિ આપે છે'. આલંભન, વિશસન, પ્રોક્ષણ વગેરે કરવાના આદેશોમાં જાતિનું સાધનપણું વ્યક્તિના આક્ષેપ દ્વારા ઘટશે. જેમ ભૂતેન્દ્રિયથી ઉત્પાદ્ય કર્મ આત્મા વડે ઉત્પાદ્ય કહેવાય છે તેમ જાતિથી લક્ષિત (=આક્ષિપ્ત) વ્યક્તિ વડે સાધ્ય કાર્ય જાતિ વડે સાધ્ય મનાયું છે. આત્મા બધાં કર્મોનાં ફળ ભોગવે છે અને તે બધાં કર્મોનો કર્તા છે. તે અમૂર્ત હોવાથી દેહ અને ઇન્દ્રિયો દ્વારા ઉદુમ્બરનાં લાકડાં બરાબર સાફ કરતો, યજ્ઞમાં હોમવાના ઘીને બરાબર તપાસતો અને આવાં બીજાં કાર્યો કરતો તે યજ્ઞકર્મનો કર્તા બને છે. એવી જ રીતે વ્યક્તિ દ્વારા કાર્ય પાર પાડતી જાતિ પણ કાર્યનું સાધનપણું પામે છે અને તેથી જાતિ જ ક્રિયાનું સાધન છે એમ મીમાંસકોએ કહ્યું છે; જેમ આત્માનું કર્તૃત્વ અન્ય દ્વારા છે તેમ જાતિનું આ ક્રિયાસાધનપણું અન્ય (=વ્યક્તિ) દ્વારા છે. એવી જ રીતે, 'છ આપવી' અને 'અન્ય તેના જેવા રંગવાળાને કાપવું' એ પણ વ્યક્તિ મારફત જ (જાતિમાં) ઘટાવવું. આનાથી ઉપચયાપચય, સંઘાત વગેરેનો પણ ખુલાસો થઈ જાય છે. ઉપરાંત, વ્યાપ્તિસંબંધગ્રહણ, શબ્દાર્થસંબંધગ્રહણ વગેરે પણ જાતિપક્ષમાં જ સહેલાઈથી ઘટે છે, કારણ કે એમાં આનન્ત્યદોષ, વ્યભિચારદોષ વગેરેને કોઈ અવકાશ નથી. વળી, જે કહેવામાં આવ્યું કે પદ પ્રત્યક્ષના વિષયમાં જ પ્રવર્તે છે અને સામાન્યમાત્ર તો પ્રત્યક્ષનો વિષય નથી તેનો પરિહાર શ્લોકવાર્તિકકારે કર્યો છે. પ્રત્યક્ષનો વિષય (જાતિ, ગુણ, કર્મ વગેરે ધરાવતી) શબલ વસ્તુ છે અને તેવી શબલ વસ્તુને કહેવા માટે શબ્દ જરાય શક્તિમાન નથી. તેથી સામાન્ય અંશોને જુદા તારવીને તેમનામાં સર્વ પદ પ્રવર્તે છે (શ્લોકવાર્તિક આકૃતિ ૬૪). અનેક ધર્મોના સમુદાયથી ખચિત શબલ વસ્તુને જણાવવામાં કોઈ પણ પદ નિપુણ હોય એ ઘટતુ નથી અને તેવી શબલ વસ્તુમાં સંબંધગ્રહણ સુકર નથી. એટલે સામાન્યાંશનિષ્ઠ જ પદ ઉચિત છે. તેથી જાતિ જ શબ્દાર્થ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

132. अत्राभिधीयते । न जातिः पदस्यार्थो भवितुमर्हति । पदं हि विभक्त्यन्तो वर्णसमुदायो, न प्रातिपदिकमात्रम् । तत्र च प्रकृतिप्रत्ययावितरेतरान्वितमर्थमभिधत्त इति स्थितम् । द्वितीयादिश्च विभक्तिः प्रातिपदिकादुच्चरन्ती प्रातिपदिकार्थगतत्वेन स्वार्थमाचष्टे । युगपच्च त्रितयं विभक्त्यर्थः कारकं लिङ्गं संख्या च । न चैतत् त्रितयं प्रातिपदिकार्थे जातावन्वेति । न जातिः कारकम् । न च जातेः स्त्रीपुंनपुंसकविभागः । न चास्या द्वित्वादियोग इति ।

132. વ્યક્તિવાચ્યાર્થવાદી– આનો ઉત્તર અમે આપીએ છીએ પદનો અર્થ જાતિ ઘટતો નથી, કારણ કે પદ એ છેડે વિભક્તિના પ્રત્યયવાળો વર્ણોનો સમુદાય છે, કેવળ પ્રાતિપદિક (=વિભક્તિના પ્રત્યય વિનાનો વર્ણોનો સમુદાય) નથી અને ત્યાં એકબીજા સાથે જોડાયેલા પ્રકૃતિ અને પ્રત્યય અન્વિત અર્થનું અભિધાન કરે છે એ સ્થિર થયું છે પ્રાતિપદિકમાંથી સંભળાતી દ્વિતીયા વગેરે વિભક્તિ પ્રાતિપદિકના અર્થ સાથે જોડાયેલારૂપે પોતાના અર્થને જણાવે છે. વિભક્તિનો ત્રિતયરૂપ અર્થ– કારક લિંગ અને સંખ્યા યુગપત્ છે. પ્રાતિપદિકના અર્થરૂપ જાતિમાં આ ત્રિતય નથી. જાતિ કારક નથી. જાતિમાં સ્ત્રી પું–નપુંસક એવો વિભાગ નથી. જાતિને દ્વિત્વ આદિ સંખ્યા સાથે સંબંધ નથી.

133. ननु व्यक्तिलक्षणया सर्वमुपपत्स्यते इत्युक्तम् । न च युक्तमुक्तम् । सकृत्प्रयुक्तं पदमंशेन कञ्चिदर्थमभिदधाति, ततोऽर्थान्तरं लक्षयति, तद्गतत्वेन पुनः लिङ्गसंख्याद्यभिधत्ते इति न प्रातीतिकोऽयं क्रमः ।

133. જાતિ ઉપરથી લક્ષણા દ્વારા વ્યક્તિ જ્ઞાત થશે, પછી વ્યક્તિ દ્વારા બધું ઘટશે એમ જાતિપક્ષના પક્ષકારે કહ્યું છે પણ તે ઉચિત કહ્યું નથી. એકવાર પ્રયોજાયેલું પદ અંશથી કંઈક અર્થને (=જાતિને) અભિધાથી જણાવે છે, પછી અર્થાન્તરને (=વ્યક્તિને) લક્ષણાથી જણાવે છે, ફરી વળી વ્યક્તિમાં રહેતા હોવાના કારણે લિંગ, સંખ્યા વગેરેને તે અભિધાથી જણાવે છે– આ ક્રમ પ્રતીતિમાં જણાતો નથી.

134. साक्षात्तदन्वितत्वेन कथ्यमानं त्वसङ्गतम् ।
तद्भवेदग्निना सिञ्चेदित्यादिविधिसन्निभम् ॥
ननु पुंसीव सामान्ये कारकत्वं भविष्यति ।
व्यक्त्यन्तरितमित्येष युक्तो वैभक्तिकोऽन्वयः ॥

प्रातिपदिकार्थसामान्यगतत्वेनैव विभक्त्या स्वार्थोऽभिधीयते, न लक्षितव्यक्तिवृत्तित्वेन, यतोऽभिधानवैशसं स्यात् । स च विभक्त्यर्थो जातौ साक्षादसम्भवन् व्यक्त्यन्तरितो भविष्यति ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**134.** જાતિ સાથે સાક્ષાત્ અન્વિત તરીકે કારક વગેરેને જણાવતું પદ અસંગત છે. તે તો **'અગ્નિથી સિંચે'** એવા આદેશવાક્ય જેવું બની જાય.

મીમાંસક– જેમ દેહ–ઇન્દ્રિય દ્વારા આત્મામાં કર્તૃત્વ છે તેમ વ્યક્તિ દ્વારા સામાન્યમાં કારકતા વગેરે છે. એટલે જાતિ સાથે વિભક્તિનો અન્વયસંબંધ વ્યક્તિ દ્વારા ઘટે છે. પ્રાતિપદિકનો અર્થ સામાન્ય છે, સામાન્ય સાથે સંબદ્ધ તરીકે જ પોતાના અર્થને વિભક્તિ અભિહિત કરે છે અને નહિ કે લક્ષિત વ્યક્તિમાં રહેનાર તરીકે, કારણ કે જો તે પોતાના અર્થને લક્ષિત વ્યક્તિમાં રહેનાર તરીકે અભિહિત કરે તો વિભક્તિ પોતાના અર્થનું અભિધાન નથી કરતી એવું થાય. તે વિભક્તિના અર્થનો સાક્ષાત્ અન્વય જાતિમાં સંભવતો ન હોઈ, વ્યક્તિ દ્વારા તે અન્વય જાતિમાં બનશે.

**135.** नैतत्, आत्मनो ज्ञानप्रयत्नादियोगित्वेन कारकत्वोपपत्तेः । जातेस्तु साक्षान्न मनागपि व्यापारलेशसंस्पर्श इति स्वतो दुर्लभं तस्याः कारकत्वम् । अतः कथं तत्र विभक्त्यर्थान्वयः ?

**135.** વ્યક્તિવાચ્યાર્થવાદી – ના, એવું નથી. આત્માનો જ્ઞાન, પ્રયત્ન વગેરે સાથે સંબંધ હોઈ આત્મામાં કારકત્વ ઘટે છે. પરંતુ જાતિમાં સાક્ષાત્ જરા પણ વ્યાપારના લેશ માત્રનો સંસ્પર્શ નથી એટલે જાતિમાં બધી રીતે કારકત્વ દુર્લભ છે. તેથી કેવી રીતે જાતિમાં વિભક્તિના અર્થનો અન્વય હોય ?

**136.** यदन्वितं च संख्यादि तत्स्थत्वेन न कथ्यते ।
कथ्यते यद्गतत्वेन न तत्तेन समन्वितम् ॥
न च व्यवहितव्यक्तिप्रतीतिं मन्यते जनः ।
नाऽन्यथानुपपत्त्यापि क्रमसम्वेदनं क्वचित् ॥
जनयन्तीं च पश्यामो व्यक्तिं जात्यनुरञ्जिताम् ।
संख्यादियोगिनीं चेति सा वै धत्ते पदार्थताम् ॥

**136.** સંખ્યા વગેરે જેમાં (જાતિમાં) અન્વિત છે તેમાં રહેનાર તરીકે તેમને જણાવવામાં આવતા નથી. જેમાં (વ્યક્તિમાં) રહેનાર તરીકે તેમને જણાવાય છે તેમાં તેઓ અન્વિત નથી. કોઈને એવી પ્રતીતિ થતી નથી કે સંખ્યા વગેરે વ્યક્તિના માધ્યમ દ્વારા જાતિ સાથે અન્વય ધરાવે છે. જો સંખ્યા આદિનો વ્યક્તિ સાથે પહેલાં સંબંધ ન હોય તો જાતિ સાથે તેમનો પછી અન્વય ઘટતો નથી એ અન્યથાઽનુપપત્તિ વડે પણ કદી ક્રમસંવેદન થતું નથી– અર્થાત્ પ્રથમ વ્યક્તિસંબદ્ધ તરીકે અને પછી જાતિસંબદ્ધ તરીકે. અમે તો જાતિ વડે રંગાયેલી અને સંખ્યા આદિથી યુક્ત વ્યક્તિને બોધ ઉત્પન્ન કરતી દેખીએ છીએ અને તેથી તે જ પદનો અર્થ છે.

**137.** जातेः कार्यान्वयः श्येनचितमित्यभ्यधायि यत् ।
तत्र संस्थाननिर्देशान्न जातेः काचिदङ्गता ॥

श्येनव्यक्त्या चेत् सादृश्यमिष्टकाकूटस्य नास्ति व्यक्त्यन्तरेण व्यभिचारात्, नितराममूर्तया जात्या सादृश्यमाकाशेनेव न तस्यावकल्पते इति स्पर्धोदाहरणमात्रमेतत् ।

**137.** જાતિનો ક્રિયા સાથે અન્વયસંબંધ છે એના સમર્થનમાં જે ઉદાહરણ આપ્યું છે–'શ્યેનવેદી કરવી જોઈએ'–તે ઉદાહરણમાં સંસ્થાનનો નિર્દેશ હોઈ, કોઈ જાતિ ક્રિયાનું સાધન નથી. જો શ્યેનવ્યક્તિ સાથે ઈંટોની વેદીનું સાદૃશ્ય નથી, કારણ કે બીજી શ્યેનવ્યક્તિથી વેદીનું વૈસાદૃશ્ય છે, તો જેમ અમૂર્ત આકાશ સાથે ઈંટોની વેદીનું સાદૃશ્ય નથી ઘટતું તેમ અમૂર્ત જાતિ સાથે વેદીનું સાદૃશ્ય વિશેષે ન ઘટે. એટલે આ તો વિરોધી ઉદાહરણમાત્ર છે.

**138.** अन्येषु तु प्रयोगेषु गां देहीत्येवमादिषु ।
तद्वतोऽर्थक्रियायोगात्तस्यैवाहुः पदार्थताम् ॥
पदं तद्वन्तमेवार्थमाञ्जस्येनाभिजल्पति ।
न च व्यवहिता बुद्धिर्न च भारस्य गौरवम् ॥
सामानाधिकरण्यादिव्यवहारोऽपि मुख्यया ।
वृत्त्योपपद्यमानः सन्नान्यथा योजयिष्यते ॥

तस्मात् तद्वानेव पदार्थः ।

**138.** તદ્વત્વાદી (નૈયાયિક)—'ગાય આપો' એના જેવા બીજા પ્રયોગોમાં જાતિમત્‌નો અર્થક્રિયા સાથે સંબંધ હોવાથી તે જાતિમત્ જ પદનો અર્થ છે એમ કહ્યું છે. પદ તદ્વત્ (= જાતિમત્) અર્થનું જ સાક્ષાત્ અભિધાન કરે છે. અહીં ન તો વ્યવહિત બુદ્ધિ છે, ન તો ભારનું ગૌરવ છે. સામાનાધિકરણ્ય વગેરે વ્યવહાર પણ મુખ્ય વૃત્તિથી (= અભિધાશક્તિથી) ઘટતો હોઈ તેને અન્યથા સમજાવવો પડતો નથી. તેથી પદનો અર્થ તદ્વાન્ છે.

**139.** ननु कोऽयं तद्वान्नाम ? तदस्यास्तीति तद्वानिति विशेष एव सामान्यवानुच्यते । विशेषवाच्यत्वे चानन्त्यव्यभिचारौ तदवस्थौ । सामान्यं तु शब्देनानुच्यमानं नोपलक्ष्यमाणं भवति । उभयाभिधाने च शब्दस्यातिभार इत्युक्तम् ।

**139.** શંકાકાર (મીમાંસક)—આ તદ્વાન્ એ શું છે ?

તદ્વત્વાદી (નૈયાયિક)—તે (=સામાન્ય) જેને હોય તે તદ્વાન્; વિશેષ જ સામાન્યવાન્ કહેવાય છે.

શંકાકાર (મીમાંસક)—વિશેષ વાચ્ય હોતાં આનન્ત્યદોષ અને વ્યભિચારદોષ એમના એમ રહે છે. શબ્દથી ન કહેવાયેલું સામાન્ય તો આક્ષિપ્ત [પણ] થતું નથી. વિશેષ અને સામાન્ય બંનેનું અભિધાન માનતાં શબ્દ ઉપર વધુ પડતો બોજ પડે એમ અગાઉ કહેવાયું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

140. उच्यते । नेदन्तानिर्दिश्यमानशाबलेयादिविशेषः तद्वान् । न च सर्वस्त्रैलोक्यवर्ती व्यक्तिव्रातस्तद्वान् । किन्तु सामान्याश्रयः कश्चिदनुल्लिखितशाबलेयादिविशेषस्तद्वानित्युच्यते । सामान्याश्रयत्वाच्च नानन्त्यव्यभिचारयोस्तत्रावसरः ।

140. તદ્વત્વાદી (નૈયાયિક)—ઉત્તર આપીએ છીએ. 'આ'થી નિર્દેશાતો શાબલેય આદિ વિશેષ તદ્વાન્ નથી. ન તો ત્રણેય લોકમાં રહેલી બધી ગો વ્યક્તિઓનો સમુદાય તદ્વાન્ છે પરંતુ સામાન્યના આશ્રયરૂપ અને શાબલેય આદિના ઉલ્લેખ વિનાનો એવો કોઈ વિશેષ તદ્વાન્ કહેવાય છે. સામાન્યનો આશ્રય હોવાને કારણે તેમાં આનન્ત્યદોષ અને વ્યભિચારદોષને અવસર નથી.

141. न च विशेषणमभिधाय विशेष्यमभिदधाति शब्द इत्यभ्युपगच्छामः येनैनमतिभारेण पीडयेमहि । सामान्याश्रयमात्रे सङ्केतग्रहणात् तावन्मात्रं वदतः शब्दस्य कोऽतिभारः ? एवं 'तद्वतो नास्वतन्त्रत्वात्' इत्यादि[प्र.समु.अपोह. ४] दूषणं परिहृतं भवति । किञ्च—

प्रत्यक्षं न हि निष्कृष्टजात्यंशपरिवेष्टितम् ।  
तद्गोचरप्रवृत्तश्च शब्दस्तं कथयेत् कथम् ॥

तस्मात् प्रत्यक्षविषये प्रवर्तमानं तत्समानविषयमेव भवितुमर्हति पदं, न सामान्यमात्रनिष्ठम् ।

141. વળી વિશેષણનું અભિધાન કરીને શબ્દ વિશેષ્યનું અભિધાન કરે છે એમ અમે માનતા નથી કે જેથી શબ્દને અમારે અતિ ભારથી પીડવો પડે. સામાન્યના આશ્રયમાત્રમાં સંકેતનું ગ્રહણ થતું હોવાને કારણે સામાન્યના આશ્રયમાત્રનું અભિધાન કરતા શબ્દને અતિ ભાર કેવો ? આમ 'જાતિશબ્દ તદ્વત્નો વાચક નથી કારણ કે તે જાતિ ઉપર આધાર રાખીને જ તદ્વત્નું અભિધાન કરે છે, સ્વતંત્રપણે—સાક્ષાત્ કરતો નથી' ઇત્યાદિ દૂષણોનો પરિહાર થઈ જાય છે. વળી, નિષ્કાસિત (abstracted) જાતિરૂપ અંશ પ્રત્યક્ષનો વિષય નથી, તો પછી પ્રત્યક્ષના વિષયમાં પ્રવૃત્ત થતો શબ્દ તેનું (= નિષ્કાસિત જાતિરૂપ અંશનું) અભિધાન કેમ કરે ? તેથી, પ્રત્યક્ષના વિષયમાં પ્રવૃત્ત થતા શબ્દનો વિષય પણ પ્રત્યક્ષના વિષય સમાન જ હોવો ઘટે, તેનો વિષય સામાન્યમાત્ર ન હોવો ઘટે.

142. युगपन्ननु संवित्तिर्विशेषणविशेष्ययोः ।  
प्रत्यक्षेऽपि न दृष्टैव न च युष्माभिरिष्यते ॥  
कार्यकारणभावो हि तद्धियोर्भवतां मते ।  
तस्माद्विशेषणे जातौ पूर्वमिन्द्रियजा मतिः ॥  
पदादपि तदायत्तसम्बन्धज्ञप्त्यपेक्षिणः ।  
तत्रैव बुद्धिरित्येव न व्यक्तेरपि वाच्यता ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

142. શંકાકાર (મીમાંસક)—વિશેષણ અને વિશેષ્ય બંનેનું યુગપત્ જ્ઞાન પ્રત્યક્ષમાં પણ અનુભવ્યું નથી જ; અને તમે ઇચ્છતા પણ નથી; કારણ કે તમારા મતે તો તે બંને જ્ઞાનો વચ્ચે કાર્યકારણભાવસંબંધ છે. તેથી વિશેષણભૂત જાતિનું ઇન્દ્રિયજન્ય જ્ઞાન પ્રથમ થાય છે [અને પછી વિશેષ્યરૂપ વ્યક્તિનું (=વિશેષનું) ઇન્દ્રિયજન્ય જ્ઞાન થાય છે.] જાતિ સાથેના શબ્દના સંબંધના જ્ઞાનની સહાયથી પદ જાતિનું જ જ્ઞાન ઉત્પન્ન કરે છે; એટલે વ્યક્તિ પણ વાચ્ય છે એ ઘટતું નથી.

143. उच्यते । प्रत्यक्षे तावद् द्वयोरपि विशेषणविशेष्ययोरिन्द्रियविषयत्वम् । सामान्येऽपि संयुक्तसमवायादिन्द्रियं प्रवर्तमानं विशेषणवद् विशेष्यमपि विषयीकरोति । न हि सामान्यं प्रत्यक्षं विशेषोऽनुमेय इति व्यवहारः । एवं गुणमात्रग्राहिणीन्द्रिये गुणिनोऽनुमेयत्वं स्यात्, न चैवमस्ति । तस्माद्विशेष्यपर्यन्तं प्रत्यक्षम् । तथा पदमपि तत्तुल्यविषयं, न तु सामान्यमात्रनिष्ठमिति युक्तम् । यत्तु 'सामान्यांशानपोद्धृत्य पदं सर्वं प्रवर्तते' इति [श्लो.वा. आकृति ६२] तत् केवलव्यक्त्यभिधाने सति आनन्त्यव्यभिचारभयादुच्यते । तद्वदभिधाने तु तद्द्वयं नास्तीति न शुद्धजात्यभिधातृतया शब्दः संकोचनीयः ।

143. તદ્વત્વાદી (નૈયાયિક)—આનો ઉત્તર અમે આપીએ છીએ. પ્રત્યક્ષમાં વિશેષણ અને વિશેષ્ય બંનેય ઇન્દ્રિયના વિષયો છે. સંયુક્તસમવાયરૂપ સન્નિકર્ષને કારણે સામાન્યને ગ્રહણ કરતી ઇન્દ્રિય વિશેષણની જેમ વિશેષ્યને પણ ગ્રહણ કરે છે, કારણ કે સામાન્ય પ્રત્યક્ષ છે અને વિશેષ અનુમેય છે એમ કહેવાતું નથી. સામાન્ય પ્રત્યક્ષ છે અને વિશેષ અનુમેય છે એમ માનીએ તો ગુણમાત્રને ગ્રહણ કરનાર ઇન્દ્રિય હોતાં ગુણી (=દ્રવ્ય) અનુમેય બની જવાની આપત્તિ આવે. પરંતુ એવું તો નથી. તેથી, વિશેષ્યના ગ્રહણ સુધી પ્રત્યક્ષ છે (= પ્રત્યક્ષનો વ્યાપાર છે). અને પદનો વિષય પણ પ્રત્યક્ષના વિષય તુલ્ય છે; પદનો વિષય સામાન્યમાત્ર છે એમ કહેવું યોગ્ય નથી. 'અનેક ધર્મોવાળી શબલ વસ્તુમાંથી સામાન્યાંશોને જુદા તારવી તેમનું અભિધાન પદ કરે છે' એ તમે જે કહ્યું તે તો કેવળ વ્યક્તિનું અભિધાન માનતાં આનન્ત્યદોષ અને વ્યભિચારદોષ આવે એ ભયથી કહ્યું છે. પરંતુ તદ્વત્ના અભિધાનમાં તો એ ભય છે નહિ, એટલે શુદ્ધ જાતિના અભિધાનમાં શબ્દનો સંકોચ કરવો જોઈએ નહિ (અર્થાત્ તદ્વત્નું અભિધાન કરતો હોવાથી બહુવિષય શબ્દને જાતિમાત્રનું અભિધાન કરતો કરી અલ્પવિષય કરવો જોઈએ નહિ.)

144. ननु न सर्वात्मना प्रत्यक्षतुल्यविषयः शब्दः, प्रतिपत्तिसाम्यप्रसङ्गात् । न च शब्दाद् इन्द्रियाच्च तुल्ये प्रतिपत्ती भवतः । तदुक्तम् 'अन्यथैवाग्निसम्बन्धाद् दाहं दग्धोऽभिमन्यते' इत्यादि ।

उच्यते । पूर्वमेवैतत् परिहृतं सकलविशेषग्रहणाग्रहणाभ्यां प्रतिपत्तिविशेषसिद्धेः, धर्म्यभिप्रायेण च संप्लवस्योक्तत्वात् । नैतावता सामान्यमात्रनिष्ठः शब्दो भवति ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

144. શંકાકાર (મીમાંસક)–શબ્દનો વિષય પ્રત્યક્ષના વિષય સાથે સર્વથા તુલ્ય નથી, કારણ કે એમ હોય તો શબ્દ દ્વારા થતું જ્ઞાન અને ઇન્દ્રિય દ્વારા થતું જ્ઞાન તુલ્ય બની જાય. પરંતુ શબ્દ દ્વારા થતું જ્ઞાન અને ઇન્દ્રિય દ્વારા થતું જ્ઞાન તુલ્ય હોતું નથી. એટલે જ કહ્યું છે કે અગ્નિને અડવાથી દાઝેલો માણસ અગ્નિને [અનુમિત કે શ્રુત અગ્નિથી] અન્યથા અનુભવે છે, વગેરે.'

તદ્વત્વાદી (નૈયાયિક)—આનો નિરાસ તો અમે પહેલાં કરી દીધો છે, કારણ કે સકળ વિશેષ ધર્મોના ગ્રહણ અને અગ્રહણને આધારે આ બે જ્ઞાનોનો (=પ્રમાણોનો) ભેદ સિદ્ધ છે; કેવળ ધર્મીને અનુલક્ષીને જ બે જ્ઞાનોના (=પ્રમાણોના) સંપ્લવની વાત કરી છે–અર્થાત્ કેવળ ધર્મીને અનુલક્ષીને જ બે જ્ઞાનોનો વિષય એક જ છે એમ કહ્યું છે. [સકલ વિશેષ ધર્મોના ગ્રહણ-અગ્રહણને આધારે ઇન્દ્રિય દ્વારા થતા જ્ઞાન અને શબ્દ દ્વારા થતા જ્ઞાન વચ્ચે ભેદ થાય છે] એટલા માત્રથી શબ્દનો વિષય સામાન્યમાત્ર બનતો નથી.

145. अपि च निष्कृष्टसामान्यांशवचनत्वे पदस्येष्यमाणे गोशब्दाद् गोत्वशब्दाच्च तुल्ये प्रतिपत्ती स्याताम्, 'गौः शुक्लः' इतिवच्च 'गोत्वं शुक्लम्' इति बुद्धिः स्यात्, चातुर्वर्ण्यादिवच्च स्वार्थ एव गोशब्दाद्भावप्रत्ययस्त्वतलादिः स्यात् ।

145. વળી, નિષ્કૃષ્ટ સામાન્યાંશ જ પદનો વાચ્યાર્થ છે એમ ઇચ્છવામાં આવે તો 'ગો'શબ્દથી થતું જ્ઞાન અને 'ગોત્વ'શબ્દથી થતુ જ્ઞાન એ બે જ્ઞાનો તુલ્ય થાય અને 'શુક્લ ગો'ની જેમ 'શુક્લ ગોત્વ' એવી બુદ્ધિ થાય અને 'ચાતુર્વર્ણ્ય' વગેરેની જેમ 'ગો' શબ્દને લાગેલો ત્વ, તલ્, વગેરે ભાવવાચક પ્રત્યય સ્વાર્થમાં જ (અર્થાત્ પ્રાતિપદિકના અર્થમાં જ) લાગેલો બની જાય.

146. अथ मन्येथाः आक्षिप्तव्यक्तिकां जातिं गोशब्दो वक्ति, भावप्रत्ययान्तस्तु निष्कृष्टस्वरूपमात्रनिष्ठामिति, तदनुपपन्नम्, अनाक्षिप्तव्यक्तिकाया जातेः कदाचिदप्यदर्शनात् ।

146. જો તમે એમ માનો કે વ્યક્તિનો આક્ષેપ જે કરે તે જાતિ 'ગો'શબ્દનો વાચ્યાર્થ છે અને નિષ્કૃષ્ટ સ્વરૂપમાત્રનિષ્ઠ જાતિ (જે વ્યક્તિનો આક્ષેપ નથી કરતી તે) ભાવપ્રત્યયાન્ત શબ્દ 'ગોત્વ'નો વાચ્યાર્થ છે, તો તમારી આ માન્યતા ઘટતી નથી, કારણ કે વ્યક્તિનો આક્ષેપ ન કરતી હોય એવી જાતિનું કદીય કોઈને દર્શન નથી.

147. अथ गोशब्दश्रवणवेलायां व्यक्तिसंस्पर्शवती जातिरवगम्यते, भावप्रत्ययान्ते तु गोशब्दे श्रुते तच्छून्याऽसौ प्रतीयते इति । यद्येवमागतोऽसि मदीयं पन्थानम् । आश्रयवती चेज्जातिरुच्यते शब्देन जात्याश्रय उक्त एव भवति, नान्यथा साश्रयवत्युक्ता स्यात् । तदाश्रयपरिहारेणाश्रयिसामान्यमात्रविवक्षायां त्वतलादय प्रयुज्यन्ते । तथा चाहुः 'यस्य गुणस्य हि भावाद् द्रव्ये शब्दनिवेशः तदभिधाने त्वतलादयः' [महाभाष्य पू.१.२.११९] 'यस्य गुणस्य हि भावाद् द्रव्ये

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

शब्दनिवेशः' इति तद्वद्वाच्यत्वपक्षसाक्षीण्यक्षराणि । सामानाधिकरण्यं च तत्रैवोपपद्यते इत्युक्तमेतत् ।

तस्मात्—

यथा विध्यन्तपर्यन्तो वाक्यव्यापार इष्यते ।
तथैव व्यक्तिपर्यन्तः पदव्यापार इष्यताम् ॥

अनुपरतव्यापारे शब्दे तदवगमात् ।

147. શંકાકાર (મીમાંસક) – જ્યારે 'ગો' શબ્દ સાંભળીએ છીએ ત્યારે વ્યક્તિ સાથે સંબદ્ધ એવી જાતિ જ્ઞાત થાય છે, પરંતુ જ્યારે ભાવપ્રત્યયાન્ત 'ગો'શબ્દ (અર્થાત્ 'ગોત્વ' શબ્દ) સાંભળીએ છીએ ત્યારે વ્યક્તિરહિત શુદ્ધ જાતિ જ્ઞાત થાય છે.

તદ્વત્વાદી (નૈયાયિક)-જો એમ હોય તો તમે મારા માર્ગે આવ્યા. જો શબ્દ આશ્રયવાળી જાતિનું અભિધાન કરતો હોય તો જાતિના આશ્રયનું પણ અભિધાન થઈ જ ગયું ગણાય, એ સિવાય આશ્રયવાળી જાતિનું અભિધાન ન થાય. તેથી આશ્રયને દૂર કરી શુદ્ધ જાતિનું અભિધાન કરવાની ઇચ્છા હોય ત્યારે [ભાવવાચક પ્રત્યયો] ત્વ, તલ્ વગેરેનો પ્રયોગ થાય છે. એટલે કહ્યું છે કે જે ગુણના (= અપ્રધાનના અર્થાત્ જાતિ-ગુણ-ક્રિયાના) હોવાથી દ્રવ્યમાં શબ્દનો પ્રયોગ કરાતો હોય, તે ગુણનું અભિધાન કરવા ત્વ, તલ્ વગેરેનો પ્રયોગ થાય છે.' [પાતંજલ મહાભાષ્ય ૫ ૧–૨–૧૧૯]. 'ગુણના (= અપ્રધાનના) હોવાથી દ્રવ્યમાં શબ્દનો પ્રયોગ થાય છે'.—આ તદ્વત્પક્ષના સમર્થક સાક્ષીરૂપ અક્ષરો છે અને સામાનાધિકરણ્ય પણ તદ્વત્પક્ષમાં જ ઘટે છે એ તો અમે કહ્યું છે. તેથી જેમ તમે મીમાંસકો વાક્યનો વ્યાપાર વિધ્યન્તનું જ્ઞાન થાય ત્યાં સુધી ઇચ્છો છો તેમ શબ્દનો વ્યાપાર પણ તમે વ્યક્તિનું જ્ઞાન થાય ત્યાં સુધી ઇચ્છો, કારણ કે જેનો વ્યાપાર અટકી નથી ગયો એવા શબ્દથી વ્યક્તિનું જ્ઞાન થાય છે.

148. येनान्विताभिधानं च पदानामभ्युपेयते ।
सुतरां तेन वक्तव्या व्यक्त्यन्ता पदतो मतिः ॥
न हि व्यक्त्यनपेक्षाणां जातीनामितरेतरम् ।
अन्वयोऽनन्वितानां च नाभिधानमिति स्थितिः ॥
गङ्गायां घोष इत्यादौ यथा सामीप्यलक्षणा ।
नैवं गौः शुक्ल इत्यादौ गम्यते व्यक्तिलक्षणा ॥
प्रयोगप्रतिपत्तिभ्यां वृद्धेभ्योऽध्यवसीयते ।
तस्मात् गवादिशब्दानां तद्वानर्थ इति स्थितम् ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**148** પદો અન્વિત અર્થનું અભિધાન કરે છે એમ જે માને છે તેણે તો વધુ ભાર દઈને કહેવું જોઈએ કે પદ દ્વારા થતું જ્ઞાન વ્યક્તિનું જ્ઞાન કરાવીને જ અટકે છે. વ્યક્તિ-રહિત શુદ્ધ જાતિઓનો એકબીજા સાથે અન્વય હોતો નથી અને અન્વિત ન હોય તેમનું અભિધાન થતું નથી એ સ્થિતિ છે. જેમ 'ગંગામાં ઘોષ છે' વગેરેમાં સામીપ્યલક્ષણા જ્ઞાત થાય છે તેમ 'ગાય શુક્લ છે' વગેરેમાં વ્યક્તિલક્ષણા જ્ઞાત થતી નથી, (અર્થાત્ જેમ 'ગંગામાં'નો લક્ષણાથી 'ગંગાસમીપ' એવો ગૌણ અર્થ પ્રાપ્ત થાય છે તેમ 'ગાય'નો લક્ષણાથી ગોવ્યક્તિ એવો ગૌણ અર્થ પ્રાપ્ત થતો નથી.) શબ્દપ્રયોગ અને જ્ઞાન એ બે દ્વારા વૃદ્ધો પાસેથી શબ્દના અર્થનો નિશ્ચય કરીએ છીએ. તેથી, ગાય વગેરે શબ્દોનો અર્થ તદ્વાન્ છે એ પુરવાર થયું.

149. तदिदमुक्तं सूत्रकृता 'व्यक्त्याकृतिजातयस्तु पदार्थः' इति [न्याय-सूत्र २.२.६८] । 'तु' शब्दो विशेषणार्थः । किं विशिष्यते ? गुणप्रधानभावस्यानियमेन शब्दार्थत्वम् । स्थितेऽपि तद्वतो वाच्यत्वे क्वचित्प्रयोगे जातेः प्राधान्यं, व्यक्तेरङ्गभावः, यथा 'गौर्न पदा स्प्रष्टव्या' इति सर्वगवीषु प्रतिषेधो गम्यते, क्वचिद्व्यक्तेः प्राधान्यं जातेरङ्गभावः, यथा 'गां मुञ्च' 'गां बधान' इति नियतां काञ्चिद्व्यक्तिमुद्दिश्य प्रयुज्यते, क्वचिदाकृतेः प्राधान्यं व्यक्तेरङ्गभावो जातिर्नास्त्येव, यथा 'पिष्टमय्यो गावः क्रियन्ताम्' इति सन्निवेशचिकीर्षया प्रयोग इति । सर्वसर्वगतत्वेऽपि जातेर्न मृद्गवादौ वृत्तिरित्युक्तम् । तदेवं गवाश्वादिशब्दानां तावत् तद्वानर्थ इति सिद्धम् ।

येषामर्थेषु सामान्यं न सम्भवति तैः पुनः ।
उच्यते केवला व्यक्तिराकाशादिपदैरिव ॥

एवं डित्थादिशब्दानां संज्ञात्वविदितात्मनाम् ।
अभिधेयस्य सामान्यशून्यत्वाद् व्यक्तिवाचिता ॥

अत एव हि द्रव्यशब्दा इत्युच्यते ।

**149.** એટલે જ સૂત્રકાર ગૌતમે કહ્યું છે કે 'व्यक्ति—आकृति—जातयस्तु पदार्थः' (વ્યક્તિ, આકૃતિ અને જાતિ પદાર્થ છે.) સૂત્રગત 'તુ' શબ્દ વિશેષણના અર્થમાં વપરાયો છે, (અર્થાત્ તે વિશેષતાદર્શક પદ છે) તે શી વિશેષતા દર્શાવે છે ? શબ્દાર્થના ઘટકોની અનિયતપણે ગુણ-પ્રધાન હોવારૂપ વિશેષતા તે દર્શાવે છે. તદ્વત્ વાચ્યાર્થ છે એ સ્થિર થયું છે ત્યારે ક્યારેક શબ્દપ્રયોગમાં જાતિનું પ્રાધાન્ય હોય છે અને વ્યક્તિ ગૌણ હોય છે. જેમકે 'ગાયને પગ વડે સ્પર્શવું જોઈએ નહિ' એ વાક્યમાં બધી ગાયોને અનુલક્ષી પ્રતિષેધ સમજાય છે; ક્યારેક વ્યક્તિનું પ્રાધાન્ય હોય છે અને જાતિ ગૌણ હોય છે, જેમકે 'ગાયને બાંધ' 'ગાયને છોડ' એ વાક્યમાં નિયત કોઈક ગાય વ્યક્તિને ઉદ્દેશીને 'ગાય'શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે; ક્યારેક આકૃતિનું પ્રાધાન્ય હોય છે, વ્યક્તિ ગૌણ હોય છે અને જાતિ તો હોતી જ નથી, જેમકે 'લોટની ગાય બનાવો' એ વાક્યમાં સન્નિવેશ (= રચના) કરવાની ઇચ્છાથી 'ગાય'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દનો પ્રયોગ થયો છે. જાતિ સર્વસર્વગત હોય તો પણ માટીની ગાયમાં સમવાય સંબંધથી ગોત્વજાતિ રહેતી નથી એ અમે કહ્યું છે. તેથી આમ બતાવ્યા પ્રમાણે ગાય, અશ્વ, વગેરે શબ્દોનો વાચ્યાર્થ તદ્વાન્ છે એ પુરવાર થયું. જે પદોના અર્થોમાં સામાન્ય ન સંભવતું હોય તે પદો કેવળ વ્યક્તિનું અભિધાન કરે છે, જેમકે 'આકાશ' વગેરે પદો. તે જ રીતે, જે પદોનો સ્વભાવ સંજ્ઞા ( = વિશેષનામ ) હોવાપણું છે તે 'ડિત્થ' વગેરે પદોનો અભિધેય સામાન્યશૂન્ય હોઈ, તેમનો વાચ્યાર્થ વ્યક્તિ છે. એટલે જ તેમને દ્રવ્યશબ્દો કહેવામાં આવે છે.

150. ये पुनः कल्पितानेकभेदवृत्तिं प्रचक्षते ।
वाच्यं तत्रापि सामान्यमतीव ग्राहिंकास्तु ते ॥
न हि डित्थत्वसामान्यं दृश्यते गगनत्ववत् ।
कल्पनायास्तु नो भूमिः काचिदस्ति विपश्चिताम् ॥

**150.** જેઓ એક વ્યક્તિમાં ( દા. ત. આકાશમાં ) અનેક ભેદો કલ્પી તે ભેદોમાં સામાન્ય માને છે અને ત્યાં પણ સામાન્યને વાચ્ય કહે છે તેઓ વધુ પડતું ગ્રહણ કરે છે. જેમ આકાશત્વ સામાન્ય દેખાતું નથી તેમ ડિત્થત્વ સામાન્ય પણ દેખાતું નથી. અહીં બુદ્ધિમાનોને કલ્પના કરવા માટેનો કોઈ આધાર જ નથી.

151. गुणशब्दास्तु केचित् स्वजात्यवच्छिन्नं गुणमभिधाय तावत्येव विरमन्ति; केचिद् गुणमभिधाय द्रव्यमाक्षिपन्ति, तत्सामानाधिकरण्यप्रयोगदर्शनात् ।

गुणैकनियतास्तावद् गन्धरूपरसादयः ।
गन्धत्वादिव्यवच्छिन्नगन्धादिगुणवाचिनः ॥
तेषां न द्रव्यपर्यन्ता वृत्तिः क्वचन दृश्यते ।
न गन्धः पद्मं इत्यस्ति सामानाधिकरण्यधीः ।

न ह्येवं केचन वक्तारो भवन्ति 'चन्दनं गन्धः' 'आम्रं रसः' इति ।

गुणं शुक्लादिशब्दास्तु कथयन्तस्तदाश्रयं ।
द्रव्यमप्याक्षिपन्त्येव शुक्लोऽश्वुरिति दर्शनात् ॥

**151.** કેટલાક ગુણશબ્દો સ્વજાતિવિશિષ્ટ ગુણનું અભિધાન કરીને તેટલામાં જ અટકી જાય છે; જ્યારે કેટલાક ગુણશબ્દો ગુણનું અભિધાન કરી દ્રવ્યનો પણ આક્ષેપ કરે છે કારણ કે તે ગુણશબ્દનો દ્રવ્યશબ્દ સાથે સામાનાધિકરણ્યનો પ્રયોગ દેખાય છે. જે ગુણશબ્દો ગુણનું અભિધાન કરીને અટકી જ જાય છે તે ગુણશબ્દો છે 'ગંધ', 'રૂપ', 'રસ', વગેરે. તેઓ ગન્ધત્વ વગેરે સામાન્યોથી વિશિષ્ટ ગન્ધ આદિ ગુણોના વાચક છે. તેઓનો વ્યાપાર દ્રવ્ય સુધી ક્યાંય દેખાતો નથી. 'ગંધ પદ્મ છે' એવી સામાનાધિકરણ્યની બુદ્ધિ થતી નથી. વક્તાઓ એમ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કહેતા નથી કે 'ચંદન ગંધ છે' 'કેરી રસ છે.' પરંતુ 'શુક્લ' વગેરે શબ્દો ગુણનું અભિધાન કરતા કરતા તે ગુણના આશ્રયભૂત દ્રવ્યનો આક્ષેપ કરે છે, કારણ કે 'શુક્લ અંશુ' એવી સામાનાધિકરણ્યની બુદ્ધિ થતી દેખાય છે.

152. शुक्लादयोऽपि शब्दाः गुणपदोपबन्धसङ्कोचितशक्तयो भावप्रत्ययान्तपदवद् गुणमात्राभिधाने एव पर्यवस्यन्ति, 'शुक्लो गुणोऽश्वः' 'शौक्ल्यमश्वः' इति सामानाधिकरण्यप्रयोगादर्शनात् ।

152. 'ગુણ' પદ સમીપમાં પ્રયોજાવાથી જેમની શક્તિ સંકોચાઈ ગઈ છે તે 'શુક્લ' વગેરે ગુણશબ્દો ભાવપ્રત્યયાન્ત પદની જેમ ('શૌક્લ્ય' જેવા ગુણપદોની જેમ) ગુણમાત્રનું અભિધાન કરવામાં જ પર્યવસાન પામે છે, કારણ કે 'શુક્લ ગુણ અશ્વ' (અહીં 'શુક્લ'ની સમીપમાં 'ગુણ' પદનો પ્રયોગ છે) 'શૌક્લ્ય અશ્વ' એવો સામાનાધિકરણ્યનો પ્રયોગ થતો દેખાતો નથી.

153. क्रियाशब्दाश्च द्विविधा भवन्ति । केचित् कर्तरि कर्मणि करणे वा प्रयुज्यन्ते, केचिद्भावमात्रवचना एव । कर्त्रादिवाचिनस्तावन्निमित्तीकृत्य काञ्चन क्रियां तद्योगिनि द्रव्ये वर्तन्ते, पाचकादयः ।

यत्रापि तत्क्रियायोगस्तदानीं नोपलभ्यते ।
तत्रापि योग्यतां दृष्ट्वा शब्दं तज्ज्ञाः प्रयुञ्जते ॥

न हि 'पाचकः' 'लावकः' इति प्रवृत्तक्रिय एवोच्यते, अन्यदाऽपि तथा तथा व्यवहारात् ।

अन्ये पूर्वापरीभूतस्वभावपरिहारतः ।
सिद्धरूपतया प्राहुः शब्दाः पाकादयः क्रियाम् ॥

तदुक्तम् 'कृदभिहितो भावो द्रव्यवद्भवति क्रियावच्च' इति [महाभाष्य] । न चैकान्तेन परिहृतसाध्यमानावस्थैव तैः क्रियोच्यते, यत आह—क्रियावच्चेति ।

153. ક્રિયાશબ્દો બે પ્રકારના છે. કેટલાક ક્રિયાશબ્દો કર્તાના અર્થમાં, કેટલાક કર્મના અર્થમાં અને બીજા કેટલાક કરણના અર્થમાં પ્રયોજાય છે; જ્યારે કેટલાક માત્ર ભાવના જ વાચક છે. કર્તા વગેરેના વાચક ક્રિયાશબ્દો કોઈક ક્રિયાને નિમિત્ત કરી તે ક્રિયાવાળા દ્રવ્યમાં પ્રયોજાય છે, જેમકે 'પાચક' વગેરે ક્રિયાશબ્દો. જ્યાં તે ક્રિયાનો સંબંધ તે વખતે દેખાતો ન હોય ત્યાં પણ યોગ્યતા જોઈને તજ્જ્ઞો ક્રિયાશબ્દ પ્રયોજે છે, કારણ કે જ્યારે પાચક કે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લાવકનો વ્યવસાય કરતો માણસ પાકક્રિયા કરતો હોય કે લણતો હોય ત્યારે જ 'પાચક', 'લાવક' કહેવાતો નથી, અન્ય સમયે પણ તેને 'પાચક' 'લાવક' કહેવામાં આવે છે. બીજા પ્રકારના પાક વગેરે [ભાવમાત્રના વાચક ?] ક્રિયાશબ્દો, પૂર્વઅપર એવો ક્રમરૂપ સાધ્યસ્વભાવ છોડી સિદ્ધ સ્વભાવને પામેલી ક્રિયાનું અભિધાન કરે છે. તેથી [ पाणिनिसूत्र 'गतिकारकोपपदात् कृत् ।' ૬.૨.૧૩૯ ઉપરના ભાષ્યમાં] કહ્યું છે કે 'કૃત્ પ્રત્યય વડે અભિધાન પામેલો ધાત્વર્થ દ્રવ્ય જેવો અને ક્રિયા જેવો સમજાય છે.' જેણે એકાન્તપણે સાધ્યમાન અવસ્થા છોડી દીધેલી છે એવી ક્રિયાને તેઓ ( = વૈયાકરણો ) ક્રિયા કહેતા નથી [ અર્થાત્ સાધ્યરૂપ અવસ્થાવાળી ક્રિયાને જ તેઓ ક્રિયા ગણે છે ], એટલે જ [ અહીં ] કહ્યું છે 'ક્રિયા જેવો.'

154. अन्यत्प्रवृत्तौ शब्दस्य निमित्तमवगम्यते ।
अभिधेयं तु तस्यान्यदित्ययं प्रथमः क्रमः ॥

पाचकादिशब्दानां हि प्रवृत्तिनिमित्तं क्रिया, अभिधेयास्तु कर्त्रादयः ॥

क्वचित्पुनर्यदेवास्य स्यात्प्रवृत्तिनिबन्धनम् ।
तस्यैव वाच्यता भावप्रत्ययान्तपदेष्विव ॥

इत्येवं लेशतस्तावन्नाम्नां वृत्तिरुदाहृता ।
आख्यातानां तु वाच्योऽर्थः पुरस्ताच्चर्चयिष्यते ॥

154. શબ્દનું પ્રવૃત્તિનિમિત્ત અન્ય જણાય છે અને તેનું અભિધેય અન્ય હોય છે એવો આ પ્રથમ ક્રમ છે. 'પાચક' વગેરે શબ્દોનું પ્રવૃત્તિનિમિત્ત ક્રિયા છે અને તેમના અભિધેયો કર્તા વગેરે છે. વળી, કેટલીક વાર શબ્દનું જે પ્રવૃત્તિનિમિત્ત હોય છે તે જ અભિધેય હોય છે; ઉદાહરણાર્થ ભાવપ્રત્યયાન્ત શબ્દોમાં જે પ્રવૃત્તિનિમિત્ત હોય છે તે જ અભિધેય હોય છે. આમ સંક્ષેપમાં નામોની અભિધાવૃત્તિ જણાવી. પરંતુ આખ્યાતોના (verbs) વાચ્યાર્થની ચર્ચા આગળ ઉપર કરીશું.

155. उपसर्गनिपातानां नाम्नामिव विभागतः ।
प्रयोगप्रतिपत्तिभ्यामनेकार्थोऽवगम्यते ॥

उपसर्गाः प्राचुर्येण क्रियायोगे वर्तन्ते, 'उपसर्गाः क्रियायोगे' इति [पाणिनि ९.८.५९] स्मरणात् । केचित्तु नामभिरभिसम्बन्ध्यन्ते, यथा ईषदर्थवाचिनः 'आपिशंग' इत्यादयः । अन्ये क्रियागर्भतया नाम्ना सम्बध्यन्ते यथा 'प्रगतं वयो यस्य स प्रवयाः' इति । अन्ये धातोर्विचित्रार्थतामापादयन्तस्तद्विशेषणतया सम्बध्यन्ते । यथोक्तम्—

उपसर्गवशाद्धातुरर्थान्तरविलासकृत् ।
विहाराहारसंहारप्रहारपरिहारवत् ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

155. નામોની જેમ વિભાગાનુસાર, ઉપસર્ગો અને નિપાતોના અનેક અર્થો પ્રયોગ અને પ્રતિપત્તિ દ્વારા જ્ઞાત થાય છે. ઉપસર્ગો પ્રચુરપણે ક્રિયાના સંબંધમાં હોય છે કારણ કે વ્યાકરણસ્મૃતિમાં કહ્યું છે કે ઉપસર્ગો ક્રિયાના સંયોગમાં હોય છે. [અર્થાત્ ઉપસર્ગો ક્રિયાપદો verbs સાથે જોડાયેલા હોય છે.] કેટલાક ઉપસર્ગો નામ સાથે જોડાય છે. જેમકે 'આપિશંગ'માં આવેલો ઇષદ્ અર્થનો વાચક 'આ' ઉપસર્ગ. બીજા ઉપસર્ગો ક્રિયાને ગર્ભમાં રાખી નામ સાથે જોડાય છે, જેમકે 'પ્રવય'માં રહેલો 'પ્ર' ઉપસર્ગ—પ્રગત છે વય ( = ઉંમર ) જેની તે પ્રવય. એક જ ધાતુના વિવિધ અર્થો પ્રસ્તુત કરતા બીજા ઉપસર્ગો તે ધાતુના વિશેષણ રૂપે તે ધાતુ સાથે જોડાય છે; આના સમર્થનમાં કહેવામાં આવ્યું છે કે 'ઉપસર્ગને લીધે એકનો એક ધાતુ બીજા અનેક અર્થોમાં વિલસે છે, પ્રકાશે છે; ઉદાહરણાર્થ પ્રહાર, આહાર, સંહાર, વિહાર. પરિહારમાં રહેલો એક જ ધાતુ 'હૃ'.

156. ननु क्वचिदुपसर्गो धात्वर्थमेव बाधमानो दृश्यते, यथा 'प्रस्थितः' इति गतिनिवृत्तिवाची धातुः प्रवृत्तगतिवचनतां नीतः प्रशब्देन । न चेदृशं विशेषणं भवितुमर्हति ।

येन स्वार्थाविरोधेन विशेष उपजन्यते ।

विशेषणं तदेवेष्टं न तु यत्स्वार्थनाशनम् ॥इति

156 શંકા—કેટલીક વાર ઉપસર્ગ ધાતુના પોતાના અર્થનો બાધ કરતો દેખાય છે, જેમકે 'પ્રસ્થિત'માં રહેલો 'પ્ર' ઉપસર્ગ; ગતિની નિવૃત્તિના વાચક 'સ્થા' ધાતુને 'પ્ર' ઉપસર્ગ શરૂ થયેલી ગતિની વાચકતા ભણી લઈ જાય છે. વિશેષણ આવું હોય એ ઘટતું નથી. સ્વના (અર્થાત્ જેનું તે વિશેષણ હોય તેના પોતાના) અર્થના બાધક બન્યા વિના તેનામાં વિશેષતા પેદા કરે તે જ વિશેષણ છે એમ ઇચ્છવામાં આવ્યું છે, જે સ્વના અર્થનો નાશ કરનાર હોય તેને તેનું વિશેષણ ઇચ્છવામાં આવ્યું નથી.

157. नैष दोषः, अर्थान्तराभिधानसामर्थ्यापदनमेव धातोर्विदधदुपसर्गो विशेषणं भवितुमर्हति । अनेकार्थाभिधानशक्तिश्च धातुरुपसर्गेण नियतेऽर्थेऽवस्थाप्यते इति तस्य तद्विशेषणता ।

157. નૈયાયિકનો ઉત્તર.—આ દોષ આવતો નથી. અર્થાન્તરનું અભિધાન કરવાનું સામર્થ્ય ધાતુમાં પ્રગટાવવાનું કાર્ય કરતાં ઉપસર્ગ ધાતુનું વિશેષણ બનવાને લાયક છે. અનેક અર્થનું અભિધાન કરવાની ધાતુની અભિધાનશક્તિ ઉપસર્ગ વડે નિયત અર્થમાં બરાબર સ્થાપિત થાય છે, એટલે ઉપસર્ગ ધાતુનું વિશેષણ છે.

158 उपसर्गाः किमर्थस्य वाचका द्योतका इति ।

प्रकृतानुपयोगित्वादिहैतन्न विचार्यते ॥

अन्वयव्यतिरेकाभ्यां तदर्थो ह्यवधार्यते ।

तदागमे तत्प्रतीतेस्तदभावे तदग्रहात् ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ते तु किं वाचकाः सन्तः तदर्थगतिमुपदधति, किं वा द्योतकाः ? इति । किमनेन ?

158 શું ઉપસર્ગો અર્થના વાચક છે કે દ્યોતક છે એ પ્રશ્ન અહીં પ્રસ્તુત ચર્ચામાં ઉપયોગી નથી, એટલે એનો અમે અહીં વિચાર કરતા નથી. અન્વય–વ્યતિરેક દ્વારા ઉપસર્ગના અર્થનો નિર્ણય થાય છે, કારણ કે ઉપસર્ગ હોતાં તે અર્થની પ્રતીતિ થાય છે, તે ન હોતાં તે અર્થનું ગ્રહણ થતું નથી. શું ઉપસર્ગો તે અર્થના વાચક છે માટે તે અર્થનું જ્ઞાન કરાવે છે ? કે પછી ઉપસર્ગો તે અર્થના દ્યોતક છે ? — એ પ્રશ્નનું અમારે શું પ્રયોજન ?

159. एवं समुच्चयादिवाचिनां चादिनिपातानां 'वृक्षं प्रति द्योतते' इति कर्मप्रवचनीयानामर्थः प्रयोगप्रतिपत्तिभ्यामवधारणीय इत्यलं प्रसङ्गेन ।

159 એ જ રીતે સમુચ્ચય વગેરેના વાચક 'च' ( = 'અને' ) વગેરે નિપાતશબ્દોનો અને वृक्षं प्रति द्योतते' ( = 'વૃક્ષ તરફ પ્રકાશે છે' ) એ વાક્યમાં ક્રિયાપદથી સ્વતંત્ર વપરાયેલ 'પ્રતિ' જેવા કર્મપ્રવચનીયોનો અર્થ પ્રયોગ અને પ્રતિપત્તિ દ્વારા નક્કી કરવો જોઈએ વધુ ચર્ચાની આવશ્યકતા નથી.

160. अयमस्य पदस्यार्थ इति किं चिन्तितेन वा ।
योऽर्थः प्रतीयते यस्मात् स तस्यार्थ इति स्थितिः ॥
स्पष्टामपि तु ये बुद्धिं निरूपयितुमक्षमाः ।
तां बोधयितुमस्माभिर्दिङ्मात्रमुपदर्शितम् ॥
इति प्रमाणत्वसमर्थनाय शब्दस्य किञ्चिद्वयमुक्तवन्तः ।
पदाभिधेयार्थनिरूपणं तु शास्त्रान्तरे विस्तरतः प्रणीतम् ॥
तत्क्षोदेन न नः प्रयोजनमतिद्राघीयसी सा हि भू-
रन्यामेव दिशं परीक्षितुमतोऽस्माभिर्गृहीतः क्षणः ।
जात्याद्यर्थसमर्थनेन कथिता बाह्यार्थसंस्पर्शिता
शब्दानामियतैव नन्वसरेऽमुष्मिन् कृतार्था वयम् ॥

160. અથવા 'આ પદનો આ અર્થ છે' એમ વિચારવાની શી જરૂર છે ? જે પદમાંથી જે અર્થ જ્ઞાત થાય તે પદનો તે અર્થ છે એ વસ્તુસ્થિતિ છે. પોતાને થતા સ્પષ્ટ જ્ઞાનની વિચારણા કરવા જે અસમર્થ છે તેમને સમજાવવા અમે કેવળ દિશા બતાવી છે આમ શબ્દની પ્રમાણતાનું સમર્થન કરવા માટે અમે કંઈક કહ્યું છે બાકી પદના અભિધેયાર્થનું



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિરૂપણ તો અન્ય શાસ્ત્રમાં ( = વ્યાકરણશાસ્ત્રમાં ) વિસ્તારથી કરવામાં આવ્યું છે. તેનું ખેડાણ કરવાનું અમારું પ્રયોજન નથી તે ક્ષેત્ર અતિ વિસ્તૃત છે. એટલે અન્ય દિશાની પરીક્ષા કરવા માટે અમે સમય ફાળવીએ છીએ [ શબ્દના ] જાતિ વગેરે અર્થનું સમર્થન કરવા દ્વારા શબ્દો બાહ્ય અર્થને સ્પર્શે છે, ગ્રહે છે એ અમે જણાવી દીધું. આ અવસરે એટલાથી જ અમે કૃતાર્થ છીએ.

161. एवं पदार्थे निर्णीते वाक्यार्थश्चिन्त्यतेऽधुना ।
तत्र विप्रतिपत्तिश्च बहुरूपा विपश्चिताम् ॥

केचिदाचक्षते—बाह्यस्य वाक्यार्थस्यासम्भवात् पदार्थसंसर्गनिर्भासं ज्ञानमेव वाक्यार्थ इति ।

अन्ये तु—वास्तवः पदार्थानां परस्परसंसर्गो बाह्य एव वाक्यार्थ इत्याहुः ।

अन्यव्यवच्छेदो वाक्यार्थ इत्यपरे, शुक्लादिपदान्तरोच्चारणे कृष्णादिनिवृत्तेरवगमात् ।

अपरे सङ्गिरन्ते—संसर्गस्य दुरपह्नवत्वात् तस्य च गुणप्रधानभावगर्भत्वाद् गुणीभूतकारकनिकरनिर्वर्त्या प्रधानभूता क्रिया वाक्यार्थ इति ।

अन्ये मन्यन्ते—भाव्यनिष्ठः पुरुषव्यापारः करोत्यर्थो भावनाशब्दवाच्यो वाक्यार्थः । लिङादिशब्दव्यापारवाच्यस्तु शब्दभावनाख्यः पुरुषार्थभावनाऽनुष्ठाने प्रवर्तकः स एव विधिरुच्यते ।

अन्ये ब्रुवते द्वयाभिधाने लिङादेः प्रत्ययस्य भारगौरवाद्विधिरेव वाक्यार्थः, स एवानुष्ठेयः प्रवर्तकश्चेति । तत्रापि द्वयी विमतिः । कैश्चित् प्रेषणात्मकत्वं शब्दस्याभ्युपगतं, लिङादिशब्दैस्तथा तदवगमात् कार्यान्तरानवगमाद् भावार्थमात्रकार्यत्वपक्षस्य चातिदौर्बल्याद्विधिरेवानुष्ठेय इत्यर्थात् तस्य कार्यत्वम् । अन्यैस्तु कार्यत्वेन नियोगप्रतीतेरर्थात् तस्य प्रेरकत्वमिति संश्रितम् । कार्यमवगतं स्वसिद्धये पुरुषं नियुङ्क्ते, ममेदं कार्यमित्यवगते हि तत्सिद्धये पुरुषः प्रवर्तते इति ।

अन्ये पुनः अभिनवं वाक्यार्थमुद्योगं नाम वर्णयांबभूवुरित्यनेकशाखा विप्रतिपत्तिः । तदत्र किं तत्त्वमिति ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**161**. આમ પદના અર્થનો નિર્ણય થઈ ગયા પછી હવે વાકયાર્થની વિચારણા કરવામાં આવે છે. તેમાં બુદ્ધિમાનોના વિવિધ મતભેદો અનેક છે. કેટલાક કહે છે કે બાહ્ય વાકયાર્થ સંભવતો ન હોઈ, પદોના અર્થોના અવાસ્તવિક સંસર્ગસંબંધના પ્રતિભાસવાળું જ્ઞાન જ વાકયાર્થ છે. પરંતુ બીજા કહે છે કે પદોના અર્થોનો વાસ્તવિક સંસર્ગ એ વાકયાર્થ છે, આમ વાકયાર્થ બાહ્ય જ છે. બીજા કેટલાક માને છે કે અન્યનો વ્યવચ્છેદ (= વ્યાવૃત્તિ) એ વાકયાર્થ છે, કારણ કે 'શુકલ' વગેરે પદોનું ઉચ્ચારણ થતાં જ કૃષ્ણ વગેરેની વ્યાવૃત્તિનું જ્ઞાન થાય છે. બીજાઓ કહે છે કે સંસર્ગનો પ્રતિષેધ દુષ્કર હોઈ અને સંસર્ગ પદોના અર્થોના ગુણપ્રધાનભાવમાંથી નિષ્પન્ન થતો હોઈ, ગૌણ બની ગયેલા કારકોથી થતી પ્રધાનભૂત ક્રિયા વાકયાર્થ છે. બીજા કેટલાક માને છે કે [યાગ આદિ] કર્મવિષયક પુરુષનો વ્યાપાર જે करोति (= 'કરે છે') એવા સામાન્ય ક્રિયાપદનો અર્થ ધરાવે છે તેમજ જે 'અર્થભાવના' શબ્દથી વાચ્ય છે તે વાકયાર્થ છે. [यजेत = याग + करोति સામાન્ય ક્રિયાપદ + લિઙ્; આમાં યાગવિષયક 'કરોતિ' સામાન્ય ક્રિયાપદનો અર્થ એ વાકયાર્થ; લિઙ્ પ્રત્યયના અર્થનો વાકયાર્થમાં સમાવેશ નથી] લિઙ્ આદિ શબ્દના વ્યાપારથી વાચ્ય શબ્દભાવના નામનો, પુરુષની અર્થભાવનાના (= કર્મવિષયક પુરુષવ્યાપારના) અનુષ્ઠાનમાં પ્રવર્તક જે છે તે વિધિ કહેવાય છે. વળી બીજા કેટલાક કહે છે કે [અર્થભાવના અને શબ્દભાવના] બંનેનું અભિધાન લિઙ્ આદિ પ્રત્યય કરે છે એમ માનતાં લિઙ્ આદિ પ્રત્યય ઉપર વધુ ભાર લાદવાની આપત્તિ આવતી હોઈ કેવળ [શબ્દભાવના નામનો] વિધિ જ વાકયાર્થ છે, તે વિધિ જ અનુષ્ઠેય પણ છે અને પ્રવર્તક પણ છે. તેમાં પણ બે વિરુદ્ધ મતો છે. કેટલાક લિઙ્ આદિ શબ્દોનું પ્રેરણાત્મકત્વ સ્વીકારે છે, કારણ કે લિઙ્ આદિ શબ્દોમાંથી તેવું તેનું જ્ઞાન થાય છે; બીજા કોઈ કાર્યનું (= અનુષ્ઠેયનું) જ્ઞાન ન થતું હોવાથી તેમ જ કાર્યસામાન્યરૂપ કાર્યત્વ-પક્ષ અતિ દુર્બલ હોવાથી વિધિ જ અનુષ્ઠેય છે એમ અર્થાત્ વિધિનું કાર્યત્વ પ્રાપ્ત થાય છે. બીજા કેટલાક માને છે કે [લિઙ્ આદિ શબ્દોનું કાર્યત્વ છે.] કાર્યત્વ દ્વારા નિયોગની (આજ્ઞાની—પ્રેરકત્વની) પ્રતીતિ થતી હોવાથી અર્થાત્ જ, [સાક્ષાત્ નહિ], લિઙ્ આદિ શબ્દોનું પ્રેરકત્વ છે એમ સ્વીકારાયું છે. જ્ઞાત થયેલું કાર્ય પોતાની સિદ્ધિને માટે પુરુષને પ્રેરે છે 'આ મારું કાર્ય (= અનુષ્ઠેય) છે' એમ જ્ઞાત થતાં તેને પાર પાડવા પુરુષ પ્રવૃત્તિ કરે છે. બીજા કેટલાક ઉદ્યોગ નામના નવા જ વાકયાર્થનું વર્ણન કરે છે. આમ અનેક શાખાઓમાં મતભેદો ફંટાયેલા છે તો અહીં ખરેખર શું તત્ત્વ છે? અર્થાત્ ખરેખર વાકયાર્થ શો છે?

162. अत्रैके तावदाहु:—वाक्यार्थो नाम पारमार्थिको बहिर्नास्त्येव । स हि पदार्थेभ्यो व्यतिरिक्तो वा स्यादव्यतिरिक्तो वा ? न व्यतिरिक्त:, भेदानुपलम्भात् । 'गौ: शुक्ला आनीयताम्' इत्यत्र पदग्रामे जातिगुणक्रियादिपदार्थव्यतिरेकेण कोऽसौ वाक्यार्थ: ? स न दर्शयितुं शक्यते । अव्यतिरेके तु पदार्था एव वाक्यार्थ: प्रत्येकं वा स्यात् सामस्त्येन वा ? न प्रत्येकं, तथाऽनवगमात्, न हि गौरिति पदार्थ एव वाक्यार्थो भवति । सामस्त्यं तु न तेषामस्ति । तद्धि सत्तया भवेत् प्रतीत्या

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

वा ? सत्तया सामस्त्यमशेषपदार्थराशेरस्तीति न नियतः कश्चन वाक्यार्थोऽवधार्यते । प्रतीत्या तु सामस्त्यमघटमानमयुगपद्भावित्वेन ज्ञानानामेकपदार्थप्रतीतिसमये पदार्थान्तरप्रतीत्यसम्भवात् । पदार्थप्रतीत्युपायाश्च वर्णाः, तेऽपि न युगपद्भाविनः । कुतः प्रतीतिकृतं सामस्त्यम् ?

162. અહીં કેટલાક કહે છે–વાક્યાર્થ પારમાર્થિક નથી, વાસ્તવિક નથી, બાહ્ય જગતમાં અસ્તિત્વ જ ધરાવતો નથી. [માની લો કે તે બાહ્ય જગતમાં અસ્તિત્વ ધરાવે છે]; તો પ્રશ્ન ઊઠે કે તે પદાર્થોથી ભિન્ન છે કે અભિન્ન ? તે પદાર્થોથી ભિન્ન નથી, કારણ કે તે પદાર્થોથી ભિન્ન હોય તો નથી. 'શુક્લ ગાયને લાવો' એવા આ પદસમૂહમાં જાતિ, ક્રિયા વગેરે પદાર્થોથી જુદો એવો કયો વાક્યાથ છે ? તેને દેખાડવો શક્ય નથી. તે પદાર્થોથી અભિન્ન હોય તો પદાર્થો જ વાક્યાથ બને. અહીં પ્રશ્ન ઊઠે છે કે સમસ્ત (સાથે ભેગા મળેલા) પદાર્થો વાક્યાર્થ છે કે પ્રત્યેક પદાર્થ વાક્યાર્થ છે ? પ્રત્યેક પદાર્થ વાક્યાર્થ નથી કારણ કે આપણને એવી પ્રતીતિ નથી. 'ગાય' એ પદનો અર્થ વાક્યાર્થ નથી. [સમસ્ત પદાર્થો વાક્યાર્થ નથી કારણ કે] પદાર્થોનું સામસ્ત્ય (= સાથે હોવું) શક્ય નથી. શું તેઓ સત્તાના માધ્યમથી સાથે મળેલા છે કે જ્ઞાનના માધ્યમથી ? [સત્તા વ્યાપક છે અને પદાર્થોમાં અનુસ્યૂત છે એટલે તેના માધ્યમથી પદાર્થોનું સામસ્ત્ય ઘટે છે એમ તમે કહો તો એ બરાબર નથી, કારણ કે સત્તા તો અશેષ અનંત પદાર્થોમાં અનુસ્યૂત છે એટલે] સત્તાના માધ્યમથી અશેષ અનંત પદાર્થોનું સામસ્ત્ય બનશે અને એને પરિણામે કોઈ નિયત વાક્યાર્થનો નિર્ણય નહિ થાય. જ્ઞાનના માધ્યમથી પણ તેમનું સામસ્ત્ય ઘટતું નથી, કારણ કે જ્ઞાનો ક્રમભાવી હોવાથી એક પદાર્થના જ્ઞાન વખતે બીજા પદાર્થનું જ્ઞાન સંભવતું નથી. વળી, એક પદાર્થના જ્ઞાનના ઉપાયો વર્ણો છે. તે વર્ણો પોતે યુગપદ્ ઉત્પન્ન થતા નથી, તો પછી જ્ઞાનના માધ્યમથી પદાર્થોનું સામસ્ત્ય ક્યાંથી ઘટે ?

163. अपि च पदार्थसमुदायः किमितरेतरसंसृष्टो वाक्यार्थः अन्यथा वा ? न तावदन्यथा 'गौरश्वः पुरुषो हस्ती' इत्येवमादावदर्शनात् । संसर्गस्तु दुरुपपादः । स ह्यपेक्षागर्भो भवति । न चार्थोऽर्थान्तरमाकाङ्क्षति, अचेतनत्वात् । बुद्धीनामपि क्षणिकत्वादन्योन्यं नाकाङ्क्षा न च तत्कृतः सम्बन्धः । अत एव न संसर्गो वाक्यार्थः । न ह्यसावर्थानां ज्ञानानां वा यथोक्तनीत्याऽवकल्पते ।

163. વળી, જેમાં પદાર્થો એકબીજા સાથે સંસર્ગસંબંધ ધરાવતા હોય એવો પદાર્થોનો સમુદાય વાક્યાર્થ છે કે જેમાં પદાર્થો એકબીજા સાથે સંસર્ગ ન ધરાવતા હોય એવો પદાર્થોનો સમુદાય વાક્યાર્થ છે ? જેમાં પદાર્થો એકબીજા સાથે સંસર્ગ ન ધરાવતા હોય એવો પદાર્થોનો સમુદાય વાક્યાર્થ ન ઘટે, 'ગાય અશ્વ પુરુષ હાથી' આવા પદાર્થસમુદાયમાં વાક્યાર્થ દેખાતો નથી. [જેમાં પદાર્થો એકબીજા સાથે સંસર્ગ ધરાવતા હોય એવો પદાર્થોનો સમુદાય વાક્યાર્થ છે એ પક્ષ પણ ઘટતો નથી કારણ કે પદાર્થોની પરસ્પરની] અપેક્ષા દ્વારા સંસર્ગ પ્રાપ્ત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થાય પરંતુ પદાર્થો અચેતન હોઈ એક પદાર્થ બીજા પદાર્થની અપેક્ષા તો કરતો નથી, આકાંક્ષા તો રાખતો નથી. પદાર્થોના જ્ઞાનો પણ એકબીજાની અપેક્ષા રાખતા નથી કારણ કે તેઓ ક્ષણિક છે; અને તેથી તે જ્ઞાનો વચ્ચે પણ અપેક્ષાજન્ય સંસર્ગસંબંધ નથી. એટલે જ સંસર્ગ વાક્યાર્થ નથી. સંસર્ગરૂપ સંબંધ પદાર્થો વચ્ચે કે પદાર્થોના જ્ઞાનો વચ્ચે ઉપર દર્શાવ્યા પ્રમાણે ઘટતો નથી.

164. व्यवच्छेदोऽप्येवमेव निराकार्यः । सोऽपि हि न ज्ञानानामुपपद्यते । तदुक्तम्—

यदि ध्रियेत गोबुद्धिः शुक्लबुद्धिजनिक्षणे ।

ततोऽन्याभ्यो निवर्तेत संसृज्येताथ वा तया ।। इति [श्लो.वा.वाक्या.२०]

न चापेक्षायां सत्यामपि सम्बन्धः कश्चिदुपलभ्यते, यथोक्तम्—

अपेक्षणेऽपि सम्बन्धः नैव कश्चित् प्रतीयते ।

कार्यकारणसंयोगसमवायादिलक्षणः ।।

एकार्थवृत्तिप्रायस्तु सम्बन्धोऽतिप्रसज्यते । [श्लो.वा.वाक्या. १४]

164. વ્યવચ્છેદનો પણ આ રીતે જ નિરાસ કરવો જોઈએ પદાર્થોના જ્ઞાનોનો વ્યવચ્છેદ પણ ઘટતો નથી. એટલે કહેવામાં આવ્યું છે કે, 'શુક્લની બુદ્ધિની ઉત્પત્તિની ક્ષણે ગાયની બુદ્ધિ ટકી રહેતી હોત તો કૃષ્ણ આદિ અન્ય ગોવ્યક્તિઓની બુદ્ધિઓથી શુક્લ ગોવ્યક્તિની બુદ્ધિનો વ્યવચ્છેદ થાત અથવા ગાયની બુદ્ધિનો શુક્લની બુદ્ધિ સાથે સંસર્ગસંબંધ થાત. [ શ્લોક વા૦ વાક્યા૦ ૨૦ ] ઉપરાંત, પદાર્થોના જ્ઞાનોને એકબીજાની અપેક્ષા હોવા છતાં પણ તે જ્ઞાનોની વચ્ચે કોઈ સંબંધ દેખાતો નથી, જેમકે કહ્યું છે કે તેમને એકબીજાની અપેક્ષા હોવા છતાં તેમની વચ્ચે કાર્યકારણ, સંયોગ, સમવાય આદિ લક્ષણવાળો કોઈ સંબંધ દેખાતો નથી. પદાર્થોનાં જ્ઞાનો એક અર્થમાં અર્થાત્ આત્મામાં સમવાયસંબંધથી રહેતા હોઈ તે જ્ઞાનો વચ્ચે એકાર્થસમવાયરૂપ સંબંધ માનતાં અતિપ્રસંગદોષ આવે' [ કારણ કે 'ગાય અશ્વ પુરુષ હાથી' એ પદોના અર્થોનાં જ્ઞાનો પણ એક આત્મામાં સમવાયસંબંધથી રહેતાં હોઈ તેમની વચ્ચે એકાર્થસમવાયરૂપ સંબંધ છે જ અને પરિણામે આ અવાક્યાર્થ વાક્યાર્થ બની જાય. ] [ શ્લોક વા૦ વાક્યા૦ ૧૪ ]

165. अर्थानां तु क्वचिदपि भवन् सम्बन्धः शब्दैरनभिधीयमानत्वाद-सत्कल्प एव, न च भेदसंसर्गयोर्वाचकं किञ्चित् पदमस्ति अश्रवणात् । असति च तद्वाचिनि पदे न तयोः पदार्थत्वम् । अपदार्थस्य च न वाक्यार्थत्वम् । श्रुतेऽपि तद्वाचिनि पदे सुतरामसङ्गतिः–'गौः शुक्ला आनीयतां संसर्गः' इति कोऽर्थः ? तस्माद् बाह्यस्य वाक्यार्थस्य सर्वप्रकारमसम्भवात् पदार्थसंसर्गनिर्भासं ज्ञानमात्रं वाक्यार्थो भवितुमर्हति, तेनैव च लोकव्यवहार इति ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

165. પદોના અર્થોનો કદાચ સંસર્ગરૂપ સંબંધ હોય તો પણ તે સંબંધ શબ્દથી વાચ્ય ન હોઈ, અસત્ જેવો જ છે. ભેદનું ( = વ્યવચ્છેદનું ) વાચક અને સંસર્ગનું વાચક કોઈ પદ [વાક્યમાં] નથી, કારણ કે એવું પદ કોઈએ [વાક્યમાં] સાંભળ્યું નથી. [વાક્યમાં] ભેદનું વાચક પદ અને સંસર્ગનું વાચક પદ ન હોવાથી ભેદ અને સંસર્ગ પદાર્થો નથી, અને જે પદાર્થ ન હોય તેમાં વાક્યાર્થપણું પણ ન હોય. સંસર્ગવાચી પદ 'સંસર્ગ' [વાક્યમાં] સંભળાયું હોય તો વળી વધુ અસંગતિ ઊભી થશે; 'શુક્લ ગાય લાવો સંસર્ગ' આનો શો અર્થ થશે ? તેથી બાહ્ય વાસ્તવિક વાક્યાર્થનો બધી રીતે અસંભવ હોઈ, પદાર્થોના અવાસ્તવિક સંસર્ગસંબંધના પ્રતિભાસવાળું જ્ઞાન જ વાક્યાર્થ છે, તેના વડે જ લોકવ્યવહાર ચાલે છે.

166. तदिदमनुपपन्नम्, बाह्यार्थस्यानन्तरमेव विस्तरेण प्रसाधितत्वात् । न संसर्गनिर्भासं ज्ञानं वाक्यार्थो भवितुमर्हति । स्थापयित्वा हि बाह्यमर्थं वाक्यार्थचिन्तामुपक्रान्तवन्तो वयम्, अतः कोऽवसरो विज्ञानमात्रवाक्यार्थत्ववर्णनस्य । न च पदार्थव्यतिरिक्तो नास्ति वाक्यार्थः ।

166. નૈયાયિક — વાક્યાર્થ બાહ્ય અસ્તિત્વ ધરાવતો નથી એ ઘટતું નથી, કારણ કે વાક્યાર્થ બાહ્ય અસ્તિત્વ ધરાવે છે જ એને હવે પછી તરત જ વિસ્તારથી પુરવાર કરવામાં આવ્યું છે. અવાસ્તવિક સંસર્ગના નિર્ભાસવાળું જ્ઞાન વાક્યાર્થ બનવાને લાયક નથી. બાહ્ય વાસ્તવિક અર્થની સ્થાપના કર્યા પછી, વાક્યાર્થ શો છે તેની વિચારણા અમે શરૂ કરી છે. તેથી, વિજ્ઞાનમાત્રરૂપ વાક્યાર્થ છે એ મતના વર્ણનનો અવસર જ ક્યાં છે ? પદાર્થથી જુદો વાક્યાર્થ નથી એમ નહિ.

167. इदं तावद् भवान् पृष्टो व्याचष्टाम् । किं गौरिति पदाद् यादृशी प्रतिपत्तिस्तादृश्येव 'गौः शुक्ला आनीयताम्' इति वाक्यादुत भिन्ने एते प्रतिपत्ती इति । तत्र तुल्यत्वं तावत् प्रतिपत्त्योरनुभवविरुद्धम् । वैलक्षण्ये तु प्रतीत्योर्विषयवैलक्षण्यमपि बलादुपनतम्, असति विषयभेदे प्रतीतिभेदानुपपत्तेः । यश्च तदतिरिक्तो विषयः स वाक्यार्थः । एवं केवलगुणक्रियापदोच्चारणेऽपि योजनीयम् । तदुक्तं 'यदाधिक्यं स वाक्यार्थः' इति ।

167. શંકાકાર—તો અમે આપને એને વિશે પૂછીએ છીએ, આપ એને સમજાવો.
નૈયાયિક—શું 'ગાય' પદથી જેવું જ્ઞાન થાય છે તેવું જ જ્ઞાન 'શુક્લ ગાયને લાવો' એ વાક્યથી થાય છે ? કે આ બંને જ્ઞાનો વિલક્ષણ છે ? આ બંને જ્ઞાનોની તુલ્યતા અનુભવવિરુદ્ધ છે. જો બંને જ્ઞાનો વિલક્ષણ છે એમ માનો તો ના છૂટકે તેમના વિષયોની વિલક્ષણતા આવી પડે છે, કારણ કે વિષયોની વિલક્ષણતા વિના જ્ઞાનોની વિલક્ષણતા ઘટતી નથી. 'ગો'પદજન્ય જ્ઞાનના વિષયથી જુદો 'શુક્લ ગાયને લાવો' એ વાક્યજન્ય જ્ઞાનનો જે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિષય છે તે વાક્યાર્થ છે. આ જ પ્રમાણે કેવળ ગુણપદ કે કેવળ ક્રિયાપદના ઉચ્ચારણમાં યોજવું જોઈએ. [ અર્થાત્ કેવળ દ્રવ્યપદ 'ગાય' લઈને પ્રશ્ન કર્યો તેમ કેવળ ગુણપદ લઈને અને કેવળ ક્રિયાપદ લઈને પણ પ્રશ્ન કરવો જોઈએ અને તે પ્રશ્નનો ઉત્તર પણ તે પ્રમાણે આપવો જોઈએ. ] તેથી, કહેવામાં આવ્યું છે કે કેવળ પદોથી જન્ય જ્ઞાનના વિષય કરતાં વાક્યજન્ય જ્ઞાનના વિષયમાં જે આધિક્ય છે તે વાક્યાર્થ છે.

168. संसर्गोऽपि पदार्थानां न न प्रतीयते । न हि 'गौरश्वः पुरुषो हस्ती' इत्यसंसृष्टपदार्थप्रतीतिवद् 'गौः शुक्ला आनीयताम्' इति प्रतीतिः । यथा च संसर्गः प्रतीयते यश्च प्रतीत्युपायस्तत्सर्वं विस्तरतो निर्णेष्यते । तस्माद् बाह्य एव वाक्यार्थः ।

168. પદાર્થોનો સંસર્ગ પણ જ્ઞાત થતો નથી એમ નહિ, કારણ કે 'ગાય અશ્વ પુરુષ હાથી' એ સંસર્ગ નહિ ધરાવતા પદાર્થોના જ્ઞાનના જેવું 'શુક્લ ગાય લાવો' એ પદાર્થોનું જ્ઞાન નથી. કેવી રીતે સંસર્ગનું જ્ઞાન થાય છે, સંસર્ગના જ્ઞાનનો ઉપાય કયો છે, એ બધાંનો વિસ્તારથી નિર્ણય કરીશું. નિષ્કર્ષ એ કે વાક્યાર્થ બાહ્ય અસ્તિત્વ ધરાવે છે.

169. बाह्य एव भवन्न व्यवच्छेदो वाक्यार्थः, विधिरूपत्वेनावगमात्, संसर्गमन्तरेण चान्यव्यवच्छेदस्यापि दुरुपपादत्वात् । न हि शुक्लपदार्थेनासंसृष्टो गोपदार्थः कृष्णादिभ्यो व्यावृत्त इत्यवगम्यते ।

169. વાક્યાર્થ બાહ્ય જ હોવા છતાં તે વ્યવચ્છેદ (= વ્યાવૃત્તિ) રૂપ નથી, કારણ કે વાક્યાર્થ વિધિરૂપે જ્ઞાત થાય છે અને સંસર્ગ વિના અન્યવ્યવચ્છેદનું પણ ઘટવું મુશ્કેલ છે. શુક્લપદાર્થ સાથે સંસર્ગસંબંધ ન ધરાવતો ગોપદાર્થ કૃષ્ણ વગેરે ગોવ્યક્તિઓથી વ્યાવૃત્ત છે એવું જ્ઞાન આપણને થતું નથી.

170. गोशब्दात् सर्वगवीषु बुद्धिरुपसर्पन्ती पदजनिता शुक्लपदसन्निधानादन्यतः कृष्णादेरपसर्पतीति व्यवच्छेदो वाक्यार्थ इति चेत्, मैवम्, तत्सम्बन्धावगमपूर्वकत्वात् तदितरव्यावृत्तेः । तत्सम्बन्धावबोधेन सिद्धे वाक्यस्यार्थवत्त्वे पाश्चात्यः कृष्णादिव्यवच्छेदावगमो यदि भवति, भवतु कामं, न त्वसौ वाक्यार्थ इति ।

170. 'ગાય' પદથી જન્મેલી બુદ્ધિ બધી ગાયોમાં જતી, 'શુક્લ'પદના સામીપ્યને કારણે, કૃષ્ણ આદિ ગોવ્યક્તિઓમાંથી પાછી વળે છે એટલે વ્યવચ્છેદ વાક્યાર્થ છે એમ જો તમે કહેતા હો તો અમે કહીએ છીએ કે ના, એવું નથી, કારણ કે 'ગો'પદાર્થ અને 'શુક્લ'-પદાર્થના સંબંધનું જ્ઞાન થયા પછી જ કૃષ્ણગોવ્યક્તિઓની વ્યાવૃત્તિ થાય છે. પદાર્થોના સંબંધના જ્ઞાનથી જ તે પદાર્થોની વાક્યાર્થવત્તા પુરવાર થયા પછી કૃષ્ણ આદિ ગોવ્યક્તિઓની વ્યાવૃત્તિનું જ્ઞાન જો થતું હોય તો ભલે થાઓ, પરંતુ વ્યાવૃત્તિ (= વ્યવચ્છેદ) વાક્યાર્થ નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

171. तदेवं विधिरूपे बाह्ये च शब्दार्थेऽवस्थिते सति क्रियामेव केचिद् वाक्यार्थं वर्णयन्ति । अयं तेषामाशयः—

पदार्थाः किल वाक्यार्थभावमायान्ति संहताः ।
अपेक्षाऽनुगुणान्योन्यव्यतिषङ्गविशेषतः ।।

न च गुणप्रधानभावमन्तरेण संसर्गः पदार्थानामवकल्पते । न चाख्यातरहितं वाक्यं किञ्चित् प्रयोगयोग्यम् । अनुच्चारिते तस्मिन्नाकाङ्क्षाया अनिवृत्तिः । श्रोत्राकाङ्क्षानिवृत्तये च वाक्यानां लोके प्रयोगः । लोकवच्च वेदादप्यर्थोऽवसीयते । आख्याताच्च पूर्वापरीभूतः साध्यरूपोऽर्थोऽवगम्यते, न सिद्धरूपः । सिद्धसाध्यसमुच्चारणे कस्य किंतन्त्रतेति चिन्तायां साध्यसिद्धये सिद्धमुपात्तमिति प्रतीयते ।

साध्यं च साध्यमानत्वात् प्रधानमवगम्यते ।
तस्मात्तदेव वाक्यार्थः क्रियातो नापरं च तत् ।।

171. આમ વાક્યાર્થ વિધિરૂપ બાહ્ય છે એવું પુરવાર થયા પછી હવે કેટલાક ક્રિયા જ વાક્યાર્થ છે એમ જણાવે છે. તેમનો આશય આ છે—ખાસ તો આકાંક્ષાને લીધે અન્યોન્યની સાથે સંબંધવિશેષને પામેલા હોઈ, સંહત (=સંબદ્ધ) બનેલા પદાર્થો વાક્યાર્થભાવ પામે છે. ગુણપ્રધાનભાવ વિના પદાર્થોનો આ સંસર્ગરૂપ સંબંધ ઘટતો નથી, અને આખ્યાત (=ક્રિયાપદ - verb) વિનાનું વાક્ય પ્રયોજાવાને, ઉચ્ચારાવાને જરા પણ યોગ્ય નથી. વાક્ય ન ઉચ્ચારાય તો આકાંક્ષાની નિવૃત્તિ થતી નથી. શ્રોતાની આકાંક્ષાની નિવૃત્તિને માટે તો વાક્યોનો લોકમાં પ્રયોગ (=ઉચ્ચારણ) થાય છે જે રીતે લોકમાં લૌકિક વાક્યના અર્થનો નિર્ણય થાય છે તે રીતે જ વેદમાં વૈદિક વાક્યના અર્થનો નિર્ણય થાય છે. આખ્યાતથી પહેલા-પછી એવો ક્રમ ધરાવતી અવસ્થાઓવાળો સાધ્યરૂપ અર્થ જ્ઞાત થાય છે, સિદ્ધરૂપ અર્થ જ્ઞાત થતો નથી. સિદ્ધ અને સાધ્ય બંનેનું વાક્યમાં સમુચ્ચારણ હોવાથી કોણ કોને અધીન છે એની વિચારણા કરતાં સાધ્યની સિદ્ધિને માટે સિદ્ધનું વાક્યમાં ગ્રહણ કરવામાં આવ્યું છે એમ જણાય છે. સાધ્યને પાર પાડવાનું હોઈ તે પ્રધાન છે એવું જ્ઞાન થાય છે. તેથી, સાધ્ય જ વાક્યાર્થ છે, અને સાધ્ય એ ક્રિયાથી બીજું કંઈ નથી.

172. क्रिया हि प्रतीयमाना स्वनिष्पत्तये साधनान्याक्षिपति, तैश्च योग्यैः संबध्यते । तानि च कानिचित् पदान्तरोपात्तानि भवन्ति, कानिचिद्वाक्यान्तरोपात्तानि, कानिचित् प्रकरणपाठलभ्यानि, कानिचिदारादुपकारकाणि, कानिचित् सन्निपत्योपकारकाणि । कानिचिदन्तिकोपनिपतितान्यपि योग्यताविरहात् परिहरति । कानिचिदतिदूरवर्त्तीन्यपि योग्यानि स्वसम्पत्त्यर्थमाहरति । इत्येवं दृष्टादृष्टोपकारकानेककारककलापसम्पाद्यमानस्वरूपा क्रियैव वाक्यार्थः ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

172. જ્ઞાત થતાં ક્રિયા પોતાની નિષ્પત્તિને માટે સાધનોનો આક્ષેપ કરે છે અને તે યોગ્ય સાધનો સાથે પોતે જોડાય છે. તેમાં કેટલાંક સાધનો [વાક્યગત] અન્ય પદોથી પ્રાપ્ત થાય છે. કેટલાંક સાધનો અન્ય વાક્યથી પ્રાપ્ત થાય છે. [ઉદાહરણાર્થ, 'अग्निहोत्रं जुहोति' (= 'અગ્નિહોત્ર હોમ કરે છે') આ વિધિવાક્ય અગ્નિહોત્ર હોમનું વિધાન કરે છે. 'दध्ना जुहोति' (= 'દહીં વડે હોમ કરે છે') આ બીજું વિધિવાક્ય દહીંનું વિધાન કરે છે કારણ કે હોમનું વિધાન તો થઈ ગયેલું હોઈ અહીં હોમનો કેવળ અનુવાદ છે 'દધ્ના જુહોતિ' એ વિધિવાક્ય દહીંરૂપ સાધનનું વિધાન કરે છે. આમ અહીં 'अग्निहोत्रं जुहोति' એ વાક્યની ક્રિયાનું સાધન દહીં અન્ય વાક્યથી પ્રાપ્ત થાય છે.] કેટલાંક સાધનો પ્રકરણપાઠથી પ્રાપ્ત થાય છે. [ઉદાહરણાર્થ, 'दर्शपूर्णमासाभ्यां स्वर्गकामो यजेत' (= 'દર્શ અને પૂર્ણમાસ એ બે યાગો દ્વારા, જેને સ્વર્ગની કામના હોય તે યાગ કરે' આ વિધિવાક્ય છે અહીં ક્રિયા પોતાનાં સાધનો, 'समिधो यजति' અને 'व्रीहीनवहन्ति' એ પ્રસ્તુત પ્રકરણમાં આવતા અને વિહિતઅનુવાદ-રહિત એવા આ બે વાક્યોથી પ્રયાજ અને અવઘાત એ સાધનો, પ્રાપ્ત કરે છે.] કેટલાંક સાધનો પરંપરાથી ઉપકારક હોય છે અને કેટલાંક સાક્ષાત્ ઉપકારક હોય છે. [અદૃષ્ટ ઉપકાર દ્વારા ઉપકારક હોય છે તે પ્રયાજ આદિ પરંપરાથી ઉપકારક સાધન છે અને જે દૃષ્ટ તુષકણ–વિપ્રમોક્ષ વગેરે ઉપકાર દ્વારા ઉપકારક હોય છે તે અવઘાત વગેરે સાક્ષાત્ ઉપકારક સાધન છે.] કેટલાંક સાધનો નજીકમાં અર્થાત્ પ્રકરણમાં પડેલાં હોવા છતાં તેમનામાં યોગ્યતા ન હોવાથી છોડી દેવામાં આવે છે. [ઉદાહરણાર્થ, દર્શપૂર્ણમાસપ્રકરણમાં પઠિત પૂષાનુમન્ત્રણ વગેરેને છોડી દેવામાં આવે છે કારણ કે પૂષાદિદેવતાનો પાઠ ત્યાં ન હોઈ તેનો ત્યાં ઉપયોગ નથી.] કેટલાંક સાધનો અતિદૂરવર્તી અર્થાત્ અન્ય પ્રકરણમાં પડેલાં હોવા છતાં યોગ્ય હોવાથી સ્વસમ્પત્ત્યર્થે ખેંચી લાવવામાં આવે છે. [ઉદાહરણાર્થ, દર્શપૂર્ણમાસપ્રકરણમાં પઠિત પૂષાનુમન્ત્રણ વગેરે સાધનોને દૂરસ્થ અર્થાત્ અન્યપ્રકરણપઠિત પૌષ્ણચરુકર્મમાં ખેંચી લાવવામાં આવે છે] આમ દૃષ્ટ અને અદૃષ્ટ ઉપકાર કરનાર અનેક કારકોથી પૂર્ણ થવાના સ્વરૂપવાળી ક્રિયા જ વાક્યાર્થ છે.

173. यजेत दद्याज्जुहुयादधीयीतेति चोदितः ।
क्रियां साध्यतया वेत्ति तां च लोकोऽनुतिष्ठति ॥

अधिकारिपदमपि क्रियापेक्षितकर्तृसमर्पणेन तदुपयोगितामेवात्रलम्बते— अस्यां क्रियायामेष कर्ता, अनेनेयं क्रिया सम्पद्यते इति । तत्र च न क्रिया स्वप्राधान्यमुज्झति । न हि क्रिया कर्त्रर्थाऽपि तु कर्ता क्रियार्थः । स हि तां निर्वर्तयन्नुपलभ्यते । शब्दोऽपि तथैवोपदिशति 'एष इदं कुर्यात्' इति ।

173. 'યજ્ઞ કરે' 'આપે' 'હોમ કરે' 'અધ્યયન કરે' એવા આદેશો પામેલા માણસો ક્રિયાને જ સાધ્ય તરીકે સમજે છે અને તેનું અનુષ્ઠાન કરે છે. અધિકારીનું વાચક પદ [ઉદાહરણાર્થ, 'સ્વર્ગકામ' પદ] ક્રિયાને જેની અપેક્ષા છે તે કર્તાને રજૂ કરીને ક્રિયામાં પોતાની ઉપયોગિતાનું જ અવલંબન કરે છે; 'આ ક્રિયામાં આ કર્તા છે, આના વડે આ ક્રિયા પાર પડે છે' એમ તે જણાવે છે. ત્યાં ક્રિયા પોતાનું પ્રાધાન્ય છોડતી નથી, કારણ કે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ક્રિયા કર્તા માટે નથી પરંતુ કર્તા ક્રિયા માટે છે. ક્રિયાને કરતો કર્તા જ કર્તા તરીકે જ્ઞાત થાય છે, [ક્રિયાને ન કરતો હોય ત્યારે તે કર્તા તરીકે જ્ઞાત થતો નથી.] શબ્દ પણ તે પ્રમાણે જ ઉપદેશ આપે છે—'આ (= પુરુષ) આને (= ક્રિયાને) કરે'

174. किमर्थं पुनरसौ क्रियामनुतिष्ठतीति चेत् शब्दप्रामाण्यादेवेति ब्रूमः। शब्देन हि चोदितः 'त्वयेदं कर्तव्यम्' इति। स चेन्नियुक्तो नानुतिष्ठेत् चोदनामतिक्रामेत्। शास्त्रप्रत्ययाच्च क्रियामनुतिष्ठति। विरतफलाभिलाषः कर्मसंस्कारादेव परिपक्वकषायः स्तोकस्तोकप्रपञ्चविलापनद्वारेणोत्तमाधिकारमारूढस्तत एव ज्ञातास्वादस्तमेव परमपुरुषार्थमासादयतीति दीर्घा सा कथा, तिष्ठतु। किमनया? सर्वथा क्रियाप्राधान्यात् सैव वाक्यार्थ इति। तदुक्तम् 'द्रव्यगुणसंस्कारेषु बादरिः' इति [जै. सू. ३.१.३]। एतदुक्तं भवति—द्रव्यादीनामेव क्रियां प्रति शेषत्वमवगम्यते, न हि क्रियाया अन्यशेषत्वमिति।

174. શા માટે તે (= પુરુષ) ક્રિયાનું અનુષ્ઠાન કરે છે એમ જો પૂછવામાં આવે તો એના ઉત્તરમાં અમે કહીશું કે શબ્દપ્રામાણ્યને કારણે પુરુષ ક્રિયાનું અનુષ્ઠાન કરે છે. શબ્દ તેને આજ્ઞા કરે છે કે તારે આ કરવું જોઈએ. જો આજ્ઞા પામ્યા પછી ક્રિયાનું અનુષ્ઠાન તે ન કરે તો આજ્ઞાનું ઉલ્લંઘન તે કરે છે. શાસ્ત્રના જ્ઞાનના કારણે પુરુષ ક્રિયાનું અનુષ્ઠાન કરે છે. જેની ફલેચ્છા વિરત થઈ ગઈ છે, કર્મસંસ્કાર દ્વારા જ જેના કષાયો પરિપક્વ થઈ ક્ષીણ થયા છે તે ધીરે ધીરે પ્રપંચનો વિલય કરી અર્થાત્ ધીરે ધીરે ચિત્તક્ષોભની નિવૃત્તિ કરી ઉત્તમ અધિકાર પામી તેનાથી (= ચિત્તક્ષોભનિવૃત્તિથી) પરમ સુખનો સ્વાદ લઈ તે પરમ સુખ રૂપ પુરુષાર્થને પ્રાપ્ત કરે છે, એ કથા લાંબી છે, પણ તે કથાનું અહીં શું પ્રયોજન? ક્રિયા સર્વથા પ્રધાન હોઈ, તે જ વાક્યાર્થ છે. એટલે જ [જૈમિનિએ] કહ્યું છે કે ['પરાર્થ હોવાના કારણે ગૌણત્વ છે અને] દ્રવ્ય, ગુણ અને સંસ્કાર પરાર્થ હોઈ ગૌણ છે એમ બાદરિ આચાર્ય માને છે' [જૈમિનિસૂત્ર ૩. ૧. ૩]. આનો આશય એ કે દ્રવ્ય વગેરે ક્રિયાને અનુલક્ષી ગૌણ છે એમ જ્ઞાત થાય છે, નહીં કે ક્રિયા કોઈ અન્યને અનુલક્ષી ગૌણ છે.

175. अत्रोच्यते— कुत इदं क्रियायाः प्राधान्यमुपेयते वस्तुवृत्तेन वा शब्दप्रत्ययमहिम्ना वा?

फलस्य वस्तुतस्तावत् प्राधान्यमवगम्यते।
न सचेताः क्रियां काञ्चिदनुतिष्ठति निष्फलाम्॥

वेदाद् गुरुनियोगाद्वा शासनाद्वा महीभुजः।
न वै फलमपश्यन्तः क्रियां विदधते जनाः॥

जडो माणवकोऽप्येष चपेटापातहानये।
मोदकाद्याप्तये वापि करोति गुरुशासनम्॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

175. અહીં કોઈ પૂછે છે કે ક્રિયાનું આ પ્રાધાન્ય શેનાથી સ્વીકારવામાં આવ્યું છે— વસ્તુસ્વરૂપથી કે શબ્દજન્ય પ્રતીતિના માહાત્મ્યથી ?

વસ્તુતઃ તો ફળનું પ્રાધાન્ય જણાય છે, [ ક્રિયાનું નહિ ] જેનું કોઈ ફળ ન હોય એવી કોઈ ક્રિયાનું અનુષ્ઠાન સચેતન પ્રાણી કરતું નથી. જો લોકો ક્રિયાનું કંઈ ફળ ન જોતા હોય તો વેદને કારણે, ગુરુની આજ્ઞાને કારણે કે રાજાની આજ્ઞાને કારણે તેઓ ક્રિયા કરતા નથી. આ નાનું અબુધ બાળક પણ લપડાક પડતી ટાળવા માટે કે મોદકની પ્રાપ્તિ માટે ગુરુની આજ્ઞા પ્રમાણે કરે છે.

176. अत्रोच्यते । न वस्तुतः प्राधान्यमिहाश्रीयते, अपि तु शब्दतः । शब्दप्रमाणका वयम् । यच्छब्द आह तदेवास्माकं प्रमाणम् । तद्यथा 'राजपुरुषः' इति । वस्तुवृत्तेन राजा जगतामीशिता प्रधानम्, पुरुषस्तपस्वी तदिच्छाऽनुवर्तनेन जीवति । शब्दस्तु पुरुषप्राधान्यमाचष्टे, उत्तरपदार्थप्रधानत्वात् तत्पुरुषस्येति । एवमिहापि 'यजेत' 'दद्यात्' 'जुहुयात्' इति क्रियां प्राधान्येनोपदिशति शब्दः । 'स्वर्गकामः' इत्यपि क्रियां प्रति कर्तुरुपदेशः । वस्तुवृत्तेन तु कर्मणि क्रियमाणे कर्मस्वाभाव्यात् फलं चेद्भवति, भवतु तत्, पुरुषोऽपि प्रीयतां नाम फलेन, न तु शब्दः फलोपदेशनिष्ठः । आह च 'तस्मिंस्तु कृते स्वयमेव तद् भवति' इति [शा.भा. ३.१.३] । स्वयमेवेति कोऽर्थः ? न शब्दः फलपारतन्त्र्यं क्रियायाः प्रतिपादयतीति ।

176. ક્રિયાપ્રાધાન્યવાદી—અમે કહીએ છીએ કે વસ્તુતઃ ક્રિયાનું પ્રાધાન્ય સ્વીકારાયું નથી, પરંતુ શબ્દતઃ ક્રિયાનું પ્રાધાન્ય સ્વીકારાયું છે. અમે તો શબ્દને પ્રમાણ માનનારા છીએ. શબ્દ જે કહે તે જ અમારે મન પ્રમાણ છે. ઉદાહરણાર્થ, 'રાજપુરુષ' શબ્દ લો. વસ્તુતઃ રાજા જગતનો માલિક હોઈ પ્રધાન છે, પુરુષ તો બિચારો તેની ઇચ્છાને અનુકૂળ થઈ જીવે છે પરંતુ આ શબ્દ પુરુષને પ્રધાન કહે છે, કારણ કે તત્પુરુષસમાસમાં ઉત્તર પદનો અર્થ પ્રધાન હોય છે. એ રીતે અહીં પણ 'યજેત—યજ્ઞ કરે' 'દદ્યાત્-આપે' 'જુહુયાત્ હોમ કરે' એ શબ્દ ક્રિયાને પ્રધાનપણે ઉપદેશે છે. 'સ્વર્ગની ઇચ્છાવાળો ( = स्वर्गकामः )' એ શબ્દ પણ ક્રિયાને અનુલક્ષી કર્તાનો ઉપદેશ આપે છે વસ્તુતઃ કર્મ કરતાં કર્મના સ્વભાવના બળે ફળ જો થતું હોય તો તે ભલે થાઓ; પુરુષ પણ ફળથી ખુશ થાઓ, પરંતુ શબ્દ ફળનો ઉપદેશ આપતો નથી શબર પણ કહે છે કે તે ( = કર્મ ) પૂર્ણ થતાં તે ( = ફળ ) પોતાની મેળે જ થાય છે 'પોતાની મેળે જ' નો શો અર્થ ? ફળ ઉપર ક્રિયાના પારતંત્ર્યનું પ્રતિપાદન શબ્દ કરતો નથી [અર્થાત્ ક્રિયા ફળને માટે છે એવું પ્રતિપાદન શબ્દ કરતો નથી. જો ક્રિયા ફળને માટે છે એવું પ્રતિપાદન તે કરતો હોય તો ફળ પ્રધાન અને ક્રિયા ગૌણ બને ]

177. तदेतदयुक्तम् । एवं वर्ण्यमाने 'स्वर्गकामो यजेत' इति स्वर्गकामपदस्यान्वयो दुरुपपादः । ननु कर्तृपदमेतत्, कर्ता च क्रियार्थः, न कर्त्रर्था क्रियेत्युक्तम् ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

177. ફળપ્રાધાન્યવાદી—આ કહેવું અયોગ્ય છે. આમ નિરૂપણ કરતાં 'સ્વર્ગકામ યજ્ઞ કરે' એ વાક્યમાં 'સ્વર્ગકામ' પદનો અન્વય ઘટવો અત્યંત મુશ્કેલ બનશે.

ક્રિયાપ્રાધાન્યવાદી—'સ્વર્ગકામ' કર્તૃપદ છે, કર્તા ક્રિયા માટે છે, ક્રિયા કર્તા માટે નથી એમ તો અમે કહ્યું છે.

178. न कर्तृपदं स्वर्गकाम इति, किन्त्वधिकारिपदमेतत् । न हि जात्यैव कश्चित् स्वर्गकामो नाम कुत्रचित् पुरुषोऽवगम्यते, योऽत्र कर्तृत्वेन नियुज्येत । स्वर्गे कामो यस्यासौ स्वर्गकामः, स्वर्गं वा कामयति स्वर्गकामः । उभयथाऽपि स्वर्गकामनाविशिष्टः पुरुषः एव तस्मात्पदादवगम्यते । तदत्र काम्यमानः स्वर्गः कथं यागक्रियया सम्बध्यते—दृष्टेनादृष्टेन वोपकारेण ?

178. ફળપ્રાધાન્યવાદી—'સ્વર્ગકામ' કર્તૃપદ નથી, પરંતુ અધિકારીવાચક પદ છે. ક્યાંય જાતિ ઉપરથી કોઈ પુરુષ સ્વર્ગકામ છે એવું જણાતું નથી કે જેને કર્તા તરીકે નિયુક્ત કરવામાં આવે. જેને સ્વર્ગની ઇચ્છા છે તે સ્વર્ગકામ, અથવા સ્વર્ગને જે ઇચ્છે છે તે સ્વર્ગકામ. બંને રીતે સ્વર્ગકામનાવિશિષ્ટ પુરુષ 'સ્વર્ગકામ' પદ દ્વારા જ્ઞાત થાય છે તો અહીં ઇચ્છવામાં આવતું સ્વર્ગ કેવી રીતે યાગક્રિયા સાથે સંબંધમાં આવે છે ? — દૃષ્ટ ઉપકાર દ્વારા કે અદૃષ્ટ ઉપકાર દ્વારા ?

179. यदि हि चन्दनं स्वर्गः, षोडशवर्षदेशीया अङ्गनाः स्वर्ग इति चन्दनाङ्गनादिद्रव्यसामानाधिकरण्यप्रयोगाद् द्रव्यशब्दः स्वर्गशब्दः, तदा 'द्रव्याणां कर्मसंयोगे गुणत्वेनाभिसम्बन्धः' [जै. सू. ६.१.१] इति दध्यादिवत् साधनत्वेन स्वर्ग उपकरोति क्रियाम् । कामनाऽपि द्रव्याहरणाङ्गत्वादुपकारिणी, यत् तया द्रव्यमानेतुं यतते इति दृष्टोपकारित्वम् ।

179 ક્રિયાપ્રાધાન્યવાદી—'ચંદન સ્વર્ગ છે' 'સોળ વર્ષની અંગના સ્વર્ગ છે' એમ ચંદન, અંગના વગેરે દ્રવ્ય સાથે 'સ્વર્ગ' શબ્દનો સામાનાધિકરણ્યમાં પ્રયોગ થતો હોવાથી 'સ્વર્ગ' શબ્દ દ્રવ્યશબ્દ (= દ્રવ્યવાચક શબ્દ) છે. તેથી, 'યાગરૂપ કર્મના સંબંધમાં દ્રવ્યોનો ગુણરૂપે અર્થાત્ ગૌણરૂપે અંગરૂપે સંબંધ છે' એ જૈમિનિસૂત્ર (૬.૧.૧) માં કહ્યા પ્રમાણે દહીં વગેરેની જેમ સ્વર્ગ સાધનરૂપે ક્રિયાનો ઉપકાર કરે છે. કામના પણ દ્રવ્ય (= ચંદન વગેરે દ્રવ્ય) ભેગું કરવામાં અંગભૂત હોઈ યાગકર્મને ઉપકારી છે કારણ કે તે કામનાને કારણે દ્રવ્ય (= ચંદન વગેરે દ્રવ્ય) લાવવા માટે તે પ્રયત્ન કરે છે. આમ કામ્યમાન સ્વર્ગ ક્રિયાને (= યાગકર્મને) દૃષ્ટ ઉપકાર કરે છે.

180. तच्चैतदसारम्, स्वर्गशब्दस्य द्रव्यवाचित्वाभावात् । प्रीतिवचनो ह्येष स्वर्गशब्दः, न द्रव्यवचनः । तदेव चन्दनं शीतातुरेण अग्रीष्मोपहतेन वा

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

न स्वर्ग इति व्यपदिश्यते । सैवाङ्गना विरतायां सुरततृषि न स्वर्ग इत्युच्यते । तदेवमेष स्वर्गशब्दः प्रीतिं न व्यभिचरति, द्रव्यं तु व्यभिचरति । एवमद्रव्यत्वात् स्वर्गस्य न क्रियाङ्गत्वम् । अथाऽपि निरतिशयसुखप्रतीत्यन्यथानुपपत्तितः परिकल्पितः कनकगिरिशिखरादिर्देशः स्वर्गः । सुतरां तस्य न क्रियासाधनत्वमवकल्पते, दध्यादिवदुपादातुमशक्यत्वात् ।

180 ફળપ્રાધાન્યવાદી—આ જે તમે કહ્યું તે તુચ્છ છે, કારણ કે 'સ્વર્ગ'પદ દ્રવ્યવાચક નથી. 'સ્વર્ગ'પદ પ્રીતિનું (= સુખનું) વાચક છે, દ્રવ્યનું વાચક નથી. તે જ ચંદનને ઠંડીથી પીડાતો કે ગ્રીષ્મથી પીડિત ન થયેલો 'સ્વર્ગ' એવું નામ આપતો નથી. સુરતની તૃષ્ણા વિરત થતાં તે જ અંગના 'સ્વર્ગ' કહેવાતી નથી. આ રીતે 'સ્વર્ગ' શબ્દ દ્રવ્યનો વાચક ન હોય એવા પ્રસંગો તો અનેક છે જ્યારે 'સ્વર્ગ'શબ્દ પ્રીતિનો વાચક ન હોય એવો એક પણ પ્રસંગ નથી. આમ સ્વર્ગ એ દ્રવ્ય ન હોઈ, તે ક્રિયાનું અંગ નથી

ક્રિયાપ્રાધાન્યવાદી – નિરતિશય સુખની પ્રતીતિ અન્યથા ઘટતી ન હોઈ, મેરુપર્વતના શિખર આદિ દેશને સ્વર્ગ કલ્પ્યું છે. [ અર્થાત્ નિરતિશય સુખ સ્વર્ગ નથી પરંતુ મેરુશિખર આદિ દેશ સ્વર્ગ છે, અને મેરુશિખર આદિ દેશ તો દ્રવ્ય છે જ, અને દ્રવ્ય એ યાગક્રિયાનું અંગ છે. આમ સ્વર્ગ એ યાગક્રિયાનું સાધન છે. ]

ફળપ્રાધાન્યવાદી – મેરુશિખર આદિ દેશનું તો ક્રિયાના સાધન તરીકે ઘટવું વધુ દુષ્કર છે, કારણ કે દહીં વગેરેની જેમ તેને લાવવું અશક્ય છે.

181. अथाप्यदृष्टेनैव द्वारेण 'समुद्रं मनसा ध्यायेत' इतिवत् स्वर्गकामना तत्रोपकारिणीति तदपि क्लिष्टकल्पनामात्रम् । प्रीतिर्हि निरतिशया स्वर्गः । प्रीतेश्च नान्यार्थत्वं युक्तम् । प्रीत्यर्थमन्यत्, नान्यार्था प्रीतिः । तस्मान्न यागाय स्वर्गोऽपि तु स्वर्गाय यागः । इत्थं च क्रियासाधनानुपदेशान्न कर्तृसमर्पणेन स्वर्गकामपदं समन्वेति ।

181. ક્રિયાપ્રાધાન્યવાદી – જેમ [ રથન્તર પ્રસ્તાવમાં ] સમુદ્રનું મન દ્વારા કરાતું ધ્યાન અદૃષ્ટ ઉપકાર કરે છે તેમ મેરુશિખરરૂપ સ્વર્ગની ઇચ્છા ત્યાં (= યાગકર્મમાં) અદૃષ્ટ ઉપકાર કરે છે. [ અર્થાત્ મેરુશિખરને યાગકર્મમાં દહીંની જેમ લાવવાની જરૂર નથી. ]

ફળપ્રાધાન્યવાદી – તે પણ કેવળ ક્લિષ્ટ કલ્પના છે. નિરતિશય પ્રીતિ (= સુખ) જ સ્વર્ગ છે. પ્રીતિ કોઈ બીજા માટે હોય તે યોગ્ય નથી. બીજું પ્રીતિ માટે હોય છે, પ્રીતિ બીજા માટે હોતી નથી. તેથી યાગક્રિયા માટે સ્વર્ગ નથી, પરંતુ સ્વર્ગ માટે યાગક્રિયા છે. આ રીતે 'સ્વર્ગકામ'પદ ક્રિયાસાધનને જણાવતું ન હોઈ, તે પદ કર્તાને રજૂ કરવા દ્વારા ક્રિયા સાથે અન્વય પામતું નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

182. कथं तर्ह्यस्यान्वय: ? अधिकारिवाचित्वेन ब्रूम: । कोऽयमधिकारी नाम ? कर्मण: स्वामी । ईश्वरवचनो ह्यधिकृतशब्द: । ननु कर्तैव कर्मण: स्वामी, नान्य: । मैवम्, स्वामी सन् कर्ता, न कर्ता सन् स्वामीति । ननु क्रियाकारकसम्बन्धव्यतिरिक्त: कोऽन्य: कर्मण: पुरुषस्य च सम्बन्ध: ? उच्यते । 'ममेदं कर्तव्यम्' 'अहमत्र स्वामी' इति स्वस्वामिभावमवगत्य पाश्चात्य: क्रियाकारकसम्बन्धोऽवगम्यते ।

18 . ક્રિયાપ્રાધાન્યવાદી — તો પછી તે 'સ્વર્ગકામ' પદનો ક્રિયા સાથે અન્વય કેવી રીતે થશે ?

ફળપ્રાધાન્યવાદી — તે પદ અધિકારીવાચક રૂપે ક્રિયા સાથે અન્વય પામશે એમ અમે કહીએ છીએ.

ક્રિયાપ્રાધાન્યવાદી—આ અધિકારી કોણ છે ?

ફળપ્રાધાન્યવાદી - કર્મનો ( = ક્રિયાનો ) સ્વામી. 'અધિકૃત' શબ્દ ઈશ્વરવાચક છે.

ક્રિયાપ્રાધાન્યવાદી કર્તા જ કર્મનો સ્વામી છે બીજો કોઈ કર્મનો સ્વામી નથી.

ફળપ્રાધાન્યવાદી—ના, એવું નથી. સ્વામી હોતાં તે કર્તા છે, કર્તા હોતાં તે સ્વામી નથી.

ક્રિયાપ્રાધાન્યવાદી - ક્રિયાકારકસંબંધ સિવાય બીજો કયો સંબંધ કર્મ અને પુરુષ વચ્ચે હોય ?

ફળપ્રાધાન્યવાદી - અમે ઉત્તર આપીએ છીએ. 'આ મારું કર્તવ્ય [ કર્મ ] છે' 'અહીં [ આ કર્મનો ] હું સ્વામી છું' એવો સ્વસ્વામીભાવરૂપ સંબંધ જાણીને પછી ઉત્તરકાલીન ક્રિયાકારકસંબંધને પુરુષ જાણે છે.

183. ननु त्वयाऽपि क्रियाकारकसम्बन्धो नापह्नूयते जातिवादिनेव व्यक्तिप्रतीति: । स तु पाश्चात्य इत्यत्र किं प्रमाणम् ? उक्तमत्र 'अनुपादेयविशेषणविशिष्टस्य पुंसो निर्देशात्' इति । कारकत्वानुगुणविशेषणयोगिनो ह्यस्य कर्तृतया योग्य: सम्बन्ध: । तद्विपर्यये त्वधिकारित्वेनेति । तस्मादधिकृतस्य कर्तृत्वं, न कर्तुरधिकार: । इत्थं च स्वर्गकामस्याधिकृतत्वं निर्वहति । 'यदि हि तत्कर्म स्वर्गार्थं स्यात्, स्वर्गो मे भोग्यो भवेत् । कथमहं स्वर्गं प्राप्नुयाम्' इत्येवं साध्यत्वेन स्वर्गमिच्छन् स्वर्गकाम इत्युच्यते । यदि न स्वर्गसाधनं तत्कर्म, तद्विरुद्धमेवेदमापतति— स्वर्गं कामयते, यागं करोतीति, अन्यदिच्छति अन्यत् करोतीति स्यात् । अत: कर्मण: काम्यमानसाधनतामप्रतिपद्यमान: स्वर्गकामस्तत्र नैवाधिक्रियते, न चानधिक्रियमाणस्तत्र सम्बध्यते । तदेवमधिकृतत्वेन स्वर्गकामस्य कर्मणि सम्बन्धात् स्वर्गयागयोश्च साध्यसाधनभावावगममन्तरेण तस्याधिकारनिर्वाहासम्भवादवश्यं क्रियाया: साधनत्वं, स्वर्गस्य च साध्यत्वमभ्युपगन्तव्यम् । अतश्च क्रियाया: फलं प्रति गुणभावान्न प्राधान्यम्, अप्राधान्याच्च न वाक्यार्थत्वम् । तदुक्तम् 'कर्माण्यपि जैमिनि: फलार्थत्वात्' इति [जै. सू. ३.१.४] ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

183 ક્રિયાપ્રાધાન્યવાદી – જેમ જાતિવાદી વ્યક્તિની પ્રતીતિનો પ્રતિષેધ નથી કરતા તેમ તમે પણ ક્રિયાકારકસંબંધનો પ્રતિષેધ નથી કરતા. પરંતુ ક્રિયાકારકસંબંધ ઉત્તરકાલીન છે એમ માનવામાં શું પ્રમાણ છે ?

ફળપ્રાધાન્યવાદી – અમે અહીં કહ્યું છે કે યાગકર્મના સાધન તરીકે અનુપાદેય (=ગ્રહણ કરવા યોગ્ય ન હોય એવા) વિશેષણથી વિશિષ્ટ પુરુષનો નિર્દેશ હોવાથી. [ યાગકર્મના સાધન તરીકે જેને ગ્રહણ કરવું યોગ્ય હોય તેનાથી વિશિષ્ટ કર્તા હોય છે. પરંતુ યાગકર્મના સાધન તરીકે જેને ગ્રહણ કરવું યોગ્ય ન હોય તેનાથી વિશિષ્ટ અધિકારી હોય છે. પ્રથમનું ઉદાહરણ 'लोहितोष्णीषाः प्रचरन्ति' છે જ્યારે બીજાનું ઉદાહરણ 'यावज्जीवं जुहुयात्' છે. લોહિતોષ્ણીષોને યાગના સાધન તરીકે ગ્રહણ કરવા યોગ્ય છે, તેથી તેમનાથી વિશિષ્ટ પુરુષો કર્તા કહેવાય, અધિકારી ન કહેવાય. એથી ઊલટું જીવનને પુરુષપ્રયત્નથી યાગના સાધન તરીકે ગ્રહણ કરવું શક્ય નથી, તે તો સ્વતઃ સિદ્ધ છે, તેથી અહીં તેનાથી વિશિષ્ટ પુરુષ અધિકારી કહેવાય. યાગના સાધન તરીકે સ્વર્ગને ગ્રહણ કરવું યોગ્ય નથી, એટલે સ્વર્ગની ઇચ્છાને પણ યાગના સાધન તરીકે ગ્રહવી યોગ્ય નથી, પરિણામે સ્વર્ગકામનાથી વિશિષ્ટ પુરુષ અધિકારી છે ] કારકત્વને અનુકૂળ વિશેષણ ધરાવનાર પુરુષનો કર્તૃતા સાથે યોગ્ય સંબંધ હોય છે. એનાથી ઊલટું હોય ત્યારે પુરુષનો અધિકારિતા સાથે યોગ્ય સંબંધ હોય છે. [ વિશેષણ સાથે સંબંધ હોતાં વિશેષણથી વિશિષ્ટ પુરુષ કર્તા બને છે. હવે વિશેષણ ઉપાદેય હોય તો જ તે વિશેષણનો પુરુષ સાથે સંબંધ થાય; લોહિત ઉષ્ણીષો ઉપાદેય હોવાથી લોહિત ઉષ્ણીષોનો પુરુષો સાથે સંબંધ થાય છે. લોહિત ઉષ્ણીષોથી વિશિષ્ટ પુરુષો બને છે. હવે જો વિશેષણમાં ઉપાદેયત્વ જ ન હોય તો વિશેષણવિશેષ્યત્વ સંબંધ જ ન થાય, પરિણામે વિશેષણથી વિશિષ્ટ કર્તાનો પણ અભાવ પ્રાપ્ત થાય. તેથી, જે વિશેષણ અનુપાદેય છે તે વિશેષણ કારકત્વને અનુકૂળ નથી. ] તેથી, કર્મમાં જે અધિકૃત હોય છે તેનામાં કર્મનું કર્તૃત્વ પણ હોય છે, પરંતુ કર્મનો જે કર્તા હોય છે તેનો કર્મમાં અધિકાર હોય છે જ એવું નથી. આ પ્રમાણે સ્વર્ગ-કામ પુરુષનું અધિકૃતત્વ ( = અધિકારીપણું ) સિદ્ધ થાય છે. 'જો તે કર્મ સ્વર્ગ માટે હોય તો સ્વર્ગ મારું ભોગ્ય બને; હું કેવી રીતે સ્વર્ગ પામું ?' –– આમ સાધ્ય તરીકે સ્વર્ગને ઇચ્છતો પુરુષ સ્વર્ગકામ કહેવાય છે. જો તે કર્મ સ્વર્ગનું સાધન ન હોય તો આ વિરોધ આવી પડે છે––ઇચ્છા કરે છે સ્વર્ગની અને કરે છે યાગ; અન્યને ઇચ્છે છે અને અન્યને કરે છે એમ થાય. તેથી કામ્યમાન ( સ્વર્ગ )ના સાધન તરીકે યાગકર્મનો સ્વીકાર ન કરનાર સ્વર્ગકામ પુરુષ યાગકર્મનો અધિકારી નથી અને જે અધિકારી ન હોય તેને તે કર્મમાં સંબંધ ન થાય. આમ સ્વર્ગકામ પુરુષનો અધિકૃત તરીકે ( = અધિકારી તરીકે ) યાગકર્મ સાથે સંબંધ હોઈ અને સ્વર્ગ અને યાગકર્મની વચ્ચેના સાધ્યસાધનભાવના જ્ઞાન વિના તેનો અધિકારી તરીકે નિર્વાહ સંભવતો ન હોઈ, ક્રિયા ( = યાગકર્મ ) અવશ્યપણે સાધન છે અને સ્વર્ગ સાધ્ય છે એમ સ્વીકારવું જોઈએ. તેથી ફળને અનુલક્ષી ક્રિયા ગૌણ હોઈ, તેનું પ્રાધાન્ય નથી, અને અપ્રાધાન્યને કારણે ક્રિયા વાક્યાર્થ નથી એટલે જ કહ્યું છે કે 'કર્મો પણ ફળ માટે હોવાથી તે ( કર્મો ) પણ ગૌણ છે એમ જૈમિનિ આચાર્ય માને છે.' ( જૈમિનિસૂત્ર ૩.૧.૪ )

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

184. का चेयं क्रिया वाक्यार्थ इत्युच्यते ? य एष यागादिर्भावार्थो धातुवाच्य उत प्रत्ययार्थः कश्चित् तदतिरिक्त इति ? तत्र भावार्थस्य काम्यमानसाधनत्वादप्राधान्यमुक्तमेव । प्रत्ययार्थोऽपि काम्यमानभावार्थगतसाध्यसाधनभावापरित्यागेनैव प्रतीयमानो वाक्यार्थतामेति, नान्यथेति । स चायं परेषामपि पक्षः । तस्मान्न क्रियामात्रपर्यवसायी वाक्यार्थ इति सिद्धम् ।

184. જેને વાક્યાર્થ કહેવામાં આવે છે તે આ કઈ ક્રિયા છે ? — શું તે ધાતુવાચ્ય યાગ વગેરે ભાવાર્થ છે કે પછી ભાવાર્થથી જુદો કોઈ પ્રત્યયાર્થ (= આર્થી ભાવના અને શાબ્દી ભાવના) ? તેમાં ભાવાર્થ (= યાગ) કામ્યમાનનું (= સ્વર્ગનું) સાધન હોઈ ભાવાર્થનું અપ્રાધાન્ય જણાવાયું છે. [તેથી તે વાક્યાર્થ નથી.] પ્રત્યયાર્થ પણ, કામ્યમાન(સ્વર્ગ)–ભાવાર્થ (યાગ) વચ્ચેના સાધ્યસાધનભાવનો ત્યાગ કર્યા વિના જ પ્રતીત થતો, વાક્યાર્થ બને છે, અન્યથા વાક્યાર્થ બનતો નથી; અને બીજાઓનો પણ આ પક્ષ છે. તેથી વાક્યાર્થ ક્રિયામાત્રપર્યવસાયી નથી એ પુરવાર થયું.

185. किमिदानीम् ? फलस्यैव वाक्यार्थत्वं प्रचक्ष्महे । तद्धि प्रधानं साध्यम् । एतदर्थो ह्यखिलः श्रमः । एतदपि नास्ति । क्रियायाः तावद् वाक्यार्थत्वं कथमुत्सृष्टम् ? अप्राधान्यादिति चेत्, फलेऽपि समानम् । फलमपि पुरुषार्थत्वादप्रधानम् । न हि 'स्वर्गः स्वतन्त्र एव सत्तां लभताम्' इति यतते पुरुषः, किन्तु स्वोपभोग्यतयैव सर्वमभिलषतीति । अतस्तस्यापि तदर्थत्वान्न प्राधान्यम् । आह च 'फलं च पुरुषार्थत्वात्' इति [जै.सू. ३.१.५] ।

185. ક્રિયાપ્રાધાન્યવાદી — તો હવે શું [કહેવા માગો છો] ?

ફળપ્રાધાન્યવાદી – ફળ જ વાક્યાર્થ છે એમ અમે કહીએ છીએ, કારણ કે તે પ્રધાન સાધ્ય છે. આ બધો શ્રમ એના ખાતર જ છે.

ક્રિયાપ્રાધાન્યવાદી — ફળ પણ વાક્યાર્થ નથી. ક્રિયાનું વાક્યાર્થપણું કેમ છોડી દીધું ?

ફળપ્રાધાન્યવાદી — કારણ કે તે અપ્રધાન હતી.

ક્રિયાપ્રાધાન્યવાદી — ફળની બાબતમાં પણ તેમ જ છે. ફળ પણ પુરુષને માટે હોઈ અપ્રધાન છે. 'સ્વર્ગ સ્વતંત્ર સત્તા પામો' એમ વિચારી પુરુષ પ્રયત્ન કરતો નથી, પરંતુ પોતાના ઉપભોગના વિષય તરીકે જ સૌ સ્વર્ગને ઇચ્છે છે. એટલે આમ સ્વર્ગ પણ પુરુષ માટે હોઈ પ્રધાન નથી. અને કહ્યું પણ છે કે 'અને ફળ [પણ ગૌણ ગણાય છે] કારણ કે ફળ પુરુષને માટે હોય છે.' [જૈમિનિસૂત્ર ૩.૧.૫]

186. हन्त ! तर्हि पुरुष एव वाक्यार्थो भवतु । स ह्यनन्यनिष्ठः, स्वतन्त्रत्वात् । उच्यते । पुरुषोऽप्यौदुम्बरीसंमानादिषु विनियुज्यते एव । यजमानसंमिता औदुम्बरी भवतीति तस्यापि तदर्थत्वम् । उक्तं च 'पुरुषश्च कर्मार्थत्वात्' इति [जै.सू. ३.१.६] ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

186. [ કોઈ કહે છે ]— અરે એમ હોય તો પુરુષ જ વાક્યાર્થ બનો, કારણ કે તે સ્વતંત્ર હોઈ બીજા કોઈ પર આધાર રાખતો નથી.

ક્રિયાપ્રાધાન્યવાદી– આનો ઉત્તર આપીએ છીએ. પુરુષનો પણ ઔદુમ્બરીસંમાન વગેરેમાં ઉપયોગ કરાય છે જ. 'યજમાનની ઊંચાઈના માપની ઉદુંબરના લાકડાની લાકડી હોય છે' એ વાક્ય દર્શાવે છે કે પુરુષ પણ ગૌણ છે કારણ કે તે કર્મ માટે છે. અને કહ્યું પણ છે કે 'અને પુરુષ પણ ગૌણ છે કારણ કે તે કર્મ માટે છે' [જૈમિનિસૂત્ર ૩.૧.૬]

187. यद्येवं संकटे पतिताः स्मः । न विद्मः किं विदध्महे । क्रिया हि फलार्था, फलं च पुरुषार्थम्, पुरुषश्च क्रियार्थ इति परिवर्तमाने चक्रे कस्य प्राधान्यं शिष्मः, कस्य वाक्यार्थत्वम् ?

187 ક્રિયાપ્રાધાન્યવાદી, ફળપ્રાધાન્યવાદી અને પુરુષપ્રાધાન્યવાદી—જો એમ હોય તો આપણે સંકટમાં પડયા. આપણે નથી જાણતા કે આપણે શું કહીએ, કારણ કે ક્રિયા ફળ માટે છે, ફળ પુરુષ માટે છે અને પુરુષ ક્રિયા માટે છે— આમ ફરતા ચક્રમાં કોનું પ્રાધાન્ય આપણે જણાવીએ. કોને વાક્યાથ કહીએ ?

188. उच्यते । पुरुषस्तावन्न वाक्यार्थः । आख्यातवाच्यत्वे एव तस्य विवदन्ते, का कथा वाक्यार्थत्वस्य ? ननु 'कर्तरि लकारः' इति स्मरणात् कथं नाख्यातवाच्यः कर्ता ? कोऽयं लकारो नाम ? स हि 'वर्तमाने लट्' इति विधाय 'कर्तरि शप्' 'युष्मदि मध्यमः' 'अस्मद्युत्तमः' 'शेषे प्रथमः' 'तिप्तस्झि' इति 'बहुषु बहुवचनम्' 'द्व्येकयोर्द्विवचनैकवचने' इति वाक्यान्तरैः विभज्य विवृतः । तदेतानि कारकसंख्याविभक्तिविधायीनि सूत्राण्येकवाक्यतया व्याख्येयानि, एकार्थविषयत्वात् । एको हि 'पचति' इत्यादिशब्दस्तैर्व्याक्रियते । तदेवमेष वाक्यार्थो भवति—कर्तुरेकत्वे एकवचनं तिप्, कर्तुर्द्वित्वे द्विवचनं तस्, कर्तुर्बहुत्वे बहुवचनं झि इति । सेयं कर्तृसंख्याऽऽख्यातवाच्या भवति, न कर्तेति कुतस्तस्य वाक्यार्थत्वम् ? अलं चानया शास्त्रान्तरगर्भया द्राघीयस्या कथया । पुरुषस्तावन्न वाक्यार्थः ।

188. [કોઈ કહે છે]— આનો ઉત્તર આપીએ છીએ. પુરુષ તો વાક્યાર્થ નથી. વાક્યગત આખ્યાતનો વાચ્યાર્થ પુરુષ છે કે નહિ એ બાબત જ વિદ્વાનોમાં મતભેદ છે, તો પુરુષના વાક્યાર્થ હોવાની તો વાત જ શી કરવી ?

કર્તાને આખ્યાતવાચ્ય માનનાર— 'લકાર કર્તાના અર્થમાં છે' એવી વ્યાકરણસ્મૃતિ હોઈ, કર્તા આખ્યાતવાચ્ય કેમ નહિ ?

કર્તાને આખ્યાતવાચ્ય ન માનનાર— આ લકાર એ શું છે ?



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કર્તાને આખ્યાતવાચ્ય માનનાર– 'વર્તમાનકાળના અર્થમાં લટ્‌'નુ' વિધાન કરી, 'કર્તાના અર્થમાં શપ્', 'યુષ્મદ્‌ના અર્થમાં મધ્યમપુરુષ', 'અસ્મદ્‌ના અર્થમાં ઉત્તમપુરુષ', 'બાકી બધામાં પ્રથમપુરુષ,' 'કર્તાના એકત્વમાં તિપ્‌પ્રત્યય, દ્વિત્વમાં તસ્‌પ્રત્યય અને બહુત્વમાં ઝિપ્રત્યય લાગે છે', 'બહુમાં બહુવચન'. 'બેમાં દ્વિવચન અને એકમાં એકવચન'— આમ આ બીજાં વાકયો વડે પૃથક્કરણ કરી લકારને ( = આખ્યાતસામાન્યને ) સમજાવ્યો છે.

કર્તાને આખ્યાતવાચ્ય ન માનનાર— કારક, સંખ્યા, વિભક્તિને જણાવતાં આ સૂત્રો એકવાકયતા દ્વારા સમજાવવા જોઈએ, કારણ કે તેમનો વિષય એક જ અર્થ છે. 'पचति' ( = 'રાંધે છે' ) વગેરે એક એક આખ્યાતશબ્દ તે સૂત્રો વડે સમજાવાય છે. એટલે આ પ્રમાણે વાકયાર્થ થશે –'જ્યારે કર્તાનું એકત્વ હોય ત્યારે એકવચનનો પ્રત્યય तिप् લાગે છે. જ્યારે કર્તાનું દ્વિત્વ હોય ત્યારે દ્વિવચનનો પ્રત્યય तस् લાગે છે. જ્યારે કર્તાનું બહુત્વ હોય ત્યારે બહુવચનનો પ્રત્યય झि લાગે છે.' આ કર્તૃસંખ્યા આખ્યાતવાચ્ય બને છે, કર્તા આખ્યાતવાચ્ય નથી, એટલે કર્તા વાકયાર્થ કયાંથી હોય ? [ સંખ્યા આદિથી રહિત કેવળ કર્તા ક્રિયા દ્વારા આક્ષિપ્ત થાય છે, જ્યારે તેની સંખ્યા વગેરે ક્રિયાથી આક્ષિપ્ત ન હોઈ આખ્યાતવાચ્ય છે.]

નૈયાયિક— શાસ્ત્રાન્તરગત આ લાંબી ચર્ચા રહેવા દઈએ. નિષ્કર્ષ એ કે પુરુષ વાકયાર્થ નથી.

189. फलमपि न वाक्यार्थः, सिद्धासिद्धविकल्पानुपपत्तेः । सिद्धस्य तावत् फलस्याभिधानमेव नास्ति, साध्यमानत्वेन निर्देशात् ।

साध्यमानत्वपक्षे तु साक्षात्तत्सिद्ध्यवेदनात् ।
व्यापार एष तन्निष्ठस्तर्हि वाक्यार्थ उच्यताम् ॥
अत एव हि वाक्यार्थं भावनां प्रतिजानते ।
यथोचितफलाढ्यां च त्रयसम्बन्धबन्धुराम् ॥

189. ભાવનાવાકયાર્થવાદી— ફળ પણ વાકયાર્થ નથી, કારણ કે સિદ્ધ ફળ વાક્યાર્થ છે કે અસિદ્ધ ફળ એવા બે વિકલ્પો ઘટતા નથી. સિદ્ધ ફળને તો 'ફળ' નામ જ હોતું નથી, કારણ કે સાધ્યમાન રૂપે ફળનો નિર્દેશ છે. ફળ અસિદ્ધ અર્થાત્ સાધ્યમાન છે એ પક્ષમાં સાક્ષાત્ અર્થાત્ વ્યાપાર વિના ફળની સિદ્ધિ થતી જણાતી નથી અને વ્યાપાર જ ફળને કરવામાં લાગેલો હોય છે, એટલે વ્યાપારને જ વાકયાર્થ કહો. તેથી જે યથોચિત ફળ સાથે અત્યંતપણે જોડાયેલી, [સાધ્ય–સાધન–ઈતિકર્તવ્યતા એ] ત્રણ સાથેના સંબંધથી સારી દેખાતી ભાવના વાકયાર્થ છે એમ તેઓ દૃઢતાથી કહે છે.

190. केयं भावना नाम ? भाव्यनिष्ठो भावकव्यापारो भावना । भाव्यं हि स्वर्गादि फलं, साध्यमानत्वात् , साध्यत्वं चास्य भवनक्रियाकर्तृत्वात् । भवनक्रियायां च कर्तृत्वमुत्पत्तिधर्मकस्य वस्तुनो दृष्टम् , न नित्यं भूतस्य, नापि नित्यमभूतस्य । यथाऽऽह—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

नित्यं न भवनं यस्य यस्य वा नित्यभूतता ।
न तस्य क्रियमाणत्वं खपुष्पाकाशयोरिव ॥ [तन्त्रवा. २.१.१]

स्वर्गादिश्च काम्यरूपोऽर्थः खतत्पुष्पाभ्यां विलक्षण इति भाव्यो भवति । तन्निष्ठस्तदुत्पादकश्च पुरुषव्यापारो यः, स भावना । सा ण्यन्तेन भवतिनोच्यते । प्रकृत्यर्थस्य भवतेः कर्ता यः स्वर्गादिः स एव ण्यन्तस्य तस्य कर्मतां प्रतिपद्यते । कर्ता त्वस्य प्रयोजकः पुरुषः । णेश्चार्थः प्रयोजकव्यापारः । पुरुषो हि भवन्तं स्वर्गादिमर्थं स्वव्यापारेण भावयति सम्पादयति । स तत्संपादको व्यापारो भावनेत्युच्यते ।

190 શંકાકાર— આ ભાવના એ શું છે ?

ભાવનાવાક્યાર્થવાદી— ભાવ્યનિષ્ઠ, ભાવકનો વ્યાપાર ભાવના છે. સ્વર્ગ આદિ ફળ ભાવ્ય છે, કારણ કે તે સાધ્યમાન છે. તેનું સાધ્યપણું ભવનક્રિયાના (='થવું' એ ક્રિયાના) કર્તૃત્વને કારણે છે. ભવનક્રિયાનું કર્તૃત્વ ઉત્પત્તિધર્મવાળી વસ્તુમાં દેખ્યું છે, હમેશાં ભૂત (=અસ્તિત્વ ધરાવતી) વસ્તુમાં કે હમેશાં અભૂત (=અસ્તિત્વ ન ધરાવતી વસ્તુમાં દેખ્યું નથી, જેમ કે કહેવામાં આવ્યું છે કે આકાશકુસુમની જેમ જે કદી અસ્તિત્વમાં આવતો નથી કે આકાશની જેમ જે સદા અસ્તિત્વમાં જ છે તેનું ક્રિયમાણત્વ (=સાધ્યમાનત્વ) છે નહિ સ્વર્ગ વગેરે કામ્ય અર્થ આકાશકુસુમ અને આકાશથી વિલક્ષણ છે એટલે તે ભાવ્ય (=સાધ્ય) બને છે. ભાવ્યનિષ્ઠ અને ભાવ્યોત્પાદક એવો પુરુષનો જે વ્યાપાર તે ભાવના. ણ્યન્ત 'ભવતિ' શબ્દ ભાવનાનો વાચક છે. પ્રકૃત્યર્થ 'ભવતિ'નો કર્તા જે સ્વર્ગ વગેરે છે તે જ ણ્યન્ત 'ભવતિ'નું કર્મ બને છે અને તેનો કર્તા તો પ્રયોજક પુરુષ છે. 'ણિ'નો અર્થ છે પ્રયોજકનો વ્યાપાર, કારણ કે થતા ( = ભવન્તં ) સ્વર્ગ વગેરે અર્થને પુરુષ પોતાના વ્યાપારથી કરે છે ( = ભાવયતિ – સંપાદયતિ ). તે સ્વર્ગ આદિ અર્થને કરનારો પુરુષનો વ્યાપાર ભાવના છે એમ કહેવાય છે.

191. ननु व्यापारः क्रियैव, तदतिरिक्तस्य व्यापारस्यासम्भवात् । क्रियावाक्यार्थपक्षश्च प्रतिक्षिप्तः । उच्यते । न क्रियामात्रं भावना, अपि तु परिदृश्यमानपूर्वापरीभूतयज्यादिभावस्वरूपातिरिक्तः पुरुषव्यापारः प्रत्ययात् प्रतीयमानो भावना । यथाऽऽह—

न सा केनचिदुत्पाद्या जनिका सा न कस्यचित् ।
केवलं जननी ह्येषा जन्यस्य जनकस्य च ॥ इति

क्रियाकारकादिविलक्षणैव सा शब्दात् प्रतीयते इत्यर्थः ।

191. શંકાકાર-વ્યાપાર ક્રિયા જ છે, કારણ કે ક્રિયાથી જુદો વ્યાપાર સંભવતો નથી, અને ક્રિયા વાક્યાર્થ છે એ પક્ષનો તો તમે પ્રતિષેધ કર્યો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાવનાવાકયાર્થવાદી – આનો ઉત્તર અમે આપીએ છીએ. કેવળ ક્રિયા એ ભાવના (= પુરુષવ્યાપાર ) નથી, પરંતુ પૂર્વોત્તર ક્રમમાં થતી દેખાતી સાધ્યરૂપ યજ્યા આદિના ભાવ-સ્વરૂપથી ( = કેવળ ક્રિયાના સ્વરૂપથી ) જુદો પ્રત્યય દ્વારા [ –પ્રકૃતિ દ્વારા નહિ– ] જણાતો પુરુષવ્યાપાર ભાવના છે. [ કેવળ ક્રિયા એ ધાત્વર્થ છે અને પ્રકૃતિ દ્વારા જણાય છે. પુરુષ-વ્યાપાર લકારાર્થ છે અને પ્રત્યય દ્વારા જણાય છે. ]

ભાવના ( = પુરુષવ્યાપાર ) કોઈથી ઉત્પાદ્ય નથી. [ અર્થાત્ જેમ ભાવાર્થ ( =ધાત્વર્થ= પ્રકૃત્યર્થ=કર્મ=ક્રિયા ) કારકો વડે ઉત્પાદ્ય છે તેમ ભાવના કોઈ વડે ઉત્પાદ્ય નથી. ] ભાવના કોઈની ઉત્પાદક પણ નથી. [ અર્થાત્ જેમ કારકો ધાત્વર્થના ઉત્પાદક છે તેમ ભાવના કોઈની ઉત્પાદક પણ નથી. ] પરંતુ જન્ય અને જનક બંનેની તે કેવળ જનની છે. [ અર્થાત્ જેના કારણે ફળ જન્ય કહેવાય છે અને ભાવાર્થ જનક કહેવાય છે તે આ ભાવના છે, એટલે આ અર્થમાં તે જન્ય અને જનક બંનેની કેવળ જનની – પ્રાણપ્રદાત્રી છે જન્યની જન્યતા અને જનકની જનકતા તેના ઉપર આધાર રાખે છે. અથવા, ભાવાર્થ ( = કર્મ )નું ઉત્પાદ્યત્વ અને કારકોનું ઉત્પાદકત્વ બંને પુરુષવ્યાપાર ( = ભાવના ) ઉપર આધાર રાખે છે, એટલે પુરુષવ્યાપારરૂપ ભાવનાને જન્ય અને જનક બંનેની કેવળ જનની કહી છે. ] આમ ક્રિયા ( = ભાવાર્થ=ધાત્વર્થ=પ્રકૃત્યર્થ ) અને કારકથી વિલક્ષણ એવી આ ભાવના શબ્દ દ્વારા જ્ઞાત થાય છે એવો અર્થ છે.

192. ननु च यजेतेत्यत्र प्रकृत्यर्थो यागादिक्रिया, प्रत्ययार्थस्तु प्रेरणारूपो विधिः कर्तृसंख्यादिश्च । न तु धात्वभिधीयमानव्यापारव्यतिरिक्तो भावनाख्यः पुरुषव्यापारः प्रत्ययात् प्रतीयते । न हि भावनावाचिनीं काञ्चिद् विभक्तिं स्मरति पाणिनिः, लिङादिमिव विध्यादौ । तस्मान्न भावना वाक्यार्थः ।

192. શંકાકાર – 'યજેત' ( = 'યજ્ઞ કરે' ) એમાં પ્રકૃત્યર્થ ( = ધાત્વર્થ = ભાવાર્થ ) યાગક્રિયા છે, પરંતુ પ્રત્યયાર્થ પ્રેરણારૂપ વિધિ અને કર્તાની સંખ્યા વગેરે છે. ધાતુથી અભિહિત થતા વ્યાપારથી જુદો ભાવના નામનો પુરુષનો વ્યાપાર પ્રત્યયમાંથી જ્ઞાત થતો નથી. જેમ પાણિનિ વ્યાકરણસ્મૃતિમાં લિઙ્ વગેરેને વિધિ વગેરેના વાચક જણાવે છે તેમ તે ત્યાં ભાવનાની વાચક કોઈ વિભક્તિને જણાવતા નથી. તેથી ભાવના વાકયાર્થ નથી.

193. उच्यते । भावनाऽपि प्रतीयते एवाख्याताद् यदि नैपुण्येन शाब्दी प्रमितिरवमृश्यते ।

आस्तां विधिपदं तावद्वर्तमानोपदेशिनः ।
शब्दाद् यजत इत्यादेर्भावना न न गम्यते ॥

'पचति' 'गच्छति' इति अतो यथा पाकादिर्धात्वर्थः प्रतीयते, तथा सर्वानुगतः कर्तृव्यापारोऽपि, पाकाद्युपजननापायेऽपि व्यापारप्रतीतेरनपायात् । यथा हि 'औपगवः'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'कापटवः' 'औपमन्यवः' इत्युपगुप्रभृतीनामुद्धारे च निक्षेपे च प्रत्ययार्थोऽनुवर्तते तद्धितान्तेषु, तथाऽऽख्यातेष्वपि सोऽनुवर्तमानो दृश्यते । अपि च 'पचति' इत्याख्यातपदस्य यदार्थो व्याचिख्यासितो भवति, तदा 'पाकं करोति' इति वाक्यं व्याख्यातारः प्रयुञ्जते । 'पचति' इति कोऽर्थः ? 'पाकं करोति' इति पाकशब्देन द्वितायान्तेन साध्यं धात्वर्थं व्याचक्षते । कर्तृव्यापारात्मकं प्रत्ययार्थं करोतीति पदेन । किञ्च 'किं करोति देवदत्तः' इति पृष्टाः सन्तो द्वये वक्तारो भवन्ति 'करोति पाकम्' इति 'पचति' इति वा । तदिदमुभयरूपमप्युत्तरमेकार्थम् , अन्यथा न तेन प्रष्टा प्रत्याय्येत । तस्मात् पाकं करोतीति पदद्वयस्य योऽर्थः स एवार्थ एकस्य पचतीति पदस्य । अत्रापि पचत्यर्थादन्यः करोत्यर्थः प्रतीयते एव । योऽसावन्यः करोत्यर्थः, स भावना ।

193. ભાવનાવાક્યાર્થવાદી – આનો ઉત્તર અમે આપીએ છીએ. જો શાબ્દ પ્રમિતિ (= જ્ઞાન) ઉપર બરાબર વિચાર કરશો તો જણાશે કે ભાવના (= પુરુષવ્યાપાર) પણ આખ્યાતમાંથી જ્ઞાત થાય છે. હમણા વિધિપદને રહેવા દો. વર્તમાનને જણાવનાર 'यजते' (= 'યજ્ઞ કરે છે') વગેરે શબ્દમાંથી ભાવનાનું જ્ઞાન નથી થતું એમ નહિ. 'पचति' 'गच्छति' એ શબ્દોમાંથી પાક વગેરે ધાત્વર્થ (= ભાવાર્થ = પ્રકૃત્યર્થ = ક્રિયા = કર્મ)નું જ્ઞાન થાય છે; તથા સર્વ આખ્યાતોમાં (અર્થાત્ દશે લકારમાં) સાધારણ એવા આખ્યાતત્વરૂપ કર્તૃવ્યાપારનું (= કૃતિનું = પ્રવૃત્તિનું) પણ જ્ઞાન થાય છે કારણ કે પાક આદિમાંથી ક્રમશઃ એક એક લઈ લેવામાં આવે અને એને સ્થાને બીજો ઉમેરવામાં આવે તો પણ વ્યાપારની પ્રતીતિ દૂર થતી નથી. જેમ તદ્ધિતાન્ત 'ઔપગવઃ' 'કાપટવઃ' 'ઔપમન્યવઃ' વગેરે શબ્દોમાંથી ઉપગુ' વગેરેમાંથી એક એક લઈ લઈએ અને એને સ્થાને બીજો ઉમેરીએ તો પણ તદ્ધિતાન્ત શબ્દોમાં પ્રત્યયાર્થ તો બધામાં એનો એ જ રહે છે જ તેમ બધા આખ્યાતોમાં પણ કર્તૃવ્યાપારરૂપ ભાવના અનુગત દેખાય છે વળી, જ્યારે 'पचति' (= 'પકવે છે') એ આખ્યાતપદનો અર્થ સમજાવવામાં આવે છે ત્યારે સમજાવનાર 'पाकं करोति' (= 'પાકને કરે છે') એ વાક્યનો પ્રયોગ કરે છે. 'पचति' એ આખ્યાતપદનો શો અર્થ છે ? 'पाकं करोति' એ અર્થ છે. અહીં સાધ્યરૂપ ધાત્વર્થને દ્વિતીયાન્ત 'પાક' શબ્દ વડે સ્પષ્ટપણે જણાવવામાં આવેલ છે. કર્તૃવ્યાપારાત્મક પ્રત્યયાર્થને 'करोति (= 'કરે છે'), એ પદથી સ્પષ્ટપણે જણાવવામાં આવેલ છે. ઉપરાંત, 'किं करोति देवदत्तः' (= 'દેવદત્ત શું કરે છે') એમ પૂછવામાં આવતાં ઉત્તર આપનારા બે ઉત્તરો આપે છે - 'करोति पाकम्' કે 'पचति'. તેથી, જુદા જુદા બે રૂપો ધરાવતા આ બે ઉત્તરોનો અર્થ તો એક જ છે, અન્યથા તે ઉત્તર પ્રશ્ન કરનારને સમજાત નહિ તેથી 'पाकं करोति' એ બે પદોનો જે અર્થ છે તે જ અર્થ એક 'पचति' પદનો છે. અહીં પણ 'पचति'ના અર્થથી करोति'નો અર્થ જુદો જણાય છે જ. 'पचति'ના અર્થથી જુદો 'करोति'નો આ જે અર્થ છે તે ભાવના છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

194. आह न कर्तृसंख्यादिव्यतिरेकेण प्रत्ययात् धात्वर्थातिरिक्तं व्यापारं प्रतिपद्यन्ते । प्रतिपद्येरन् चेत् करोतीत्यतोऽपि शब्दात् प्रतिपद्येरन् । न च करोतीत्यत्र प्रकृतिप्रत्ययवाच्ये क्रिये विभज्य दर्शयितुं शक्येते ।

194. શંકાકાર– કહે છે કે પ્રત્યય દ્વારા કર્તાની સંખ્યા વગેરેથી અલગ એવો તેમ જ ધાત્વર્થથી જુદો પુરુષવ્યાપાર જણાવાતો નથી. [અર્થાત્ પ્રત્યય વ્યાપાર જણાવે છે પરંતુ તે વ્યાપાર કર્તાની સંખ્યા વગેરેથી અત્યંત વિખૂટો પડેલો હોતો નથી. વળી, વ્યાપાર ધાત્વર્થથી અત્યંત જુદો પડેલો પણ હોતો નથી.] જો કર્તાની સંખ્યા વગેરેથી અલગ પડેલો અને ધાત્વર્થથી તદ્દન જુદો એવો વ્યાપાર પ્રત્યયથી જણાવાતો હોત તો 'करोति' એ શબ્દથી પણ જણાવાત. અહીં 'करोति' એ શબ્દમાં પ્રકૃતિવાચ્ય અને પ્રત્યયવાચ્ય એવી બે ક્રિયાઓ જુદી પાડી દર્શાવી શકાતી નથી.

195. उच्यते । नेदं साधु बुध्यसे ।

यश्च पाकम् करोतीति व्यवहारो विभागतः ।
स एव समुदायेन प्रोक्तः पचतिना यथा ॥
तथा कार्यं करोतीति प्रतीतिर्नास्ति लौकिकी ।
प्रत्ययार्थः करोत्यर्थे पचत्यादौ तु वर्तते ।
कर्तृसंख्याप्रतीतौ च न विवादोऽस्ति कस्यचित् ।
तावता निह्नवः कार्यो न तु व्यापारसंविदः ॥

यजतीत्यादिशब्देभ्यश्च यथा यागादिकर्मविशिष्टेभ्यः तत्प्रतीतिरिष्यते, न तथा सर्वेभ्यः ।

195. ભાવનાવાક્યાર્થવાદી– આનો ઉત્તર અમે આપીએ છીએ. આને તમે બરાબર સમજતા નથી. 'पाकं करोति' એ પ્રમાણે વિભાગ કરી જે કહેવામાં આવ્યું છે તે જ પ્રકૃતિ અને પ્રત્યયના સમુદાયરૂપ 'पचति' વડે કહેવામાં આવ્યું છે. વળી, 'कार्यं करोति' (= કાર્યને કરે છે') એવી લૌકિક પ્રતીતિ થતી નથી. 'पचति' વગેરેમાં તો પ્રત્યયનો 'करोति' અર્થ હોય છે. [અર્થાત્ 'पचति' વગેરેમાં પ્રત્યયભાગથી પ્રતિપાદ્ય જે પુરુષવ્યાપાર (=ભાવના) છે તે જ પુરુષવ્યાપાર 'करोति'માં પ્રકૃતિ અને પ્રત્યય બંનેથી પ્રતિપાદ્ય છે.] કર્તાની સંખ્યાની પ્રતીતિ બાબતે કોઈને વિવાદ નથી. [અર્થાત્ તે તો પ્રત્યય વડે પ્રતિપાદ્ય છે એમ સૌ સ્વીકારે છે.] પરંતુ તેટલાથી પુરુષવ્યાપારના જ્ઞાનનો પ્રતિષેધ ન કરવો જોઈએ

જેમ યાગ આદિ કર્મવિશેષોથી વિશિષ્ટ 'यजति' વગેરે શબ્દોમાંથી પુરુષવ્યાપારની પ્રતીતિ ઇચ્છવામાં આવે છે, તેમ બધા શબ્દોમાંથી તેની પ્રતીતિ ઇચ્છવામાં આવતી નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

196. के पुनस्ते विशिष्टाः शब्दा ये भावनामभिदधति ? उच्यते—

भावार्थाः कर्मशब्दाः ये तेभ्यो गम्येत भावना ।
यजेतेत्येवमादिभ्यः स एवार्थो विधीयते ॥

196. શંકાકાર— તે વિશિષ્ટ શબ્દો કયા છે જે ભાવનાનું અભિધાન કરે છે ? ભાવનાવાક્યાર્થવાદી- આનો ઉત્તર અમે આપીએ છીએ જે શબ્દોનો અર્થ ભાવ (= પુરુષવ્યાપારરૂપ ક્રિયા = ભાવયતિક્રિયા ) છે તેમ જ જે શબ્દો સાથે સાથે કર્મશબ્દો (= કર્મવિશેષવાચક શબ્દો ) પણ છે તે શબ્દોમાંથી આપણને ભાવના જણાય. 'यजेत' (= 'યાગ કરે') વગેરે ભાવાર્થ કર્મશબ્દો તે જ અર્થનું (= ભાવનાનું ) વિધાન કરે છે. [ यजति અને यजेत બંને ભાવાર્થ કર્મશબ્દો છે તેમ છતાં यजति ભાવનાનું પ્રતિપાદન કરે છે જ્યારે यजेत ભાવનાનું વિધાન કરે છે].

197. भवन्ति केचिद्भावार्थाः, न कर्मशब्दाः, यथा भावो भवनं भूतिरिति । भवन्ति च केचित् कर्मशब्दाः, न भावार्थाः, यथा श्येनैकत्रिकादयः कर्मनामधेयतया प्राक् समर्थिताः । ये तु भावार्थाः कर्मशब्दाः यजते ददाति जुहोति इत्येवमादयस्तेभ्यो भावनाख्या क्रिया गम्यते । तैरेव लिङादिविभक्त्यन्तैः सोऽर्थोऽभिधीयते यजेत दद्या-ज्जुहुयादिति । तदुक्तं 'यज्याद्यर्थश्चातोऽवगम्यते भावयेदिति च' इति [शा.भा.२.१.१] । करोतिशब्दादपि केवलात् कर्तृव्यापारो न चासावगम्यते, स च यागादिकर्मणाऽननु-रक्तो न प्रयोगयोग्यतां प्रतिपद्यते इति विशिष्टेभ्य एव यजत्यादिशब्देभ्यो भावनाख्यो ऽनुष्ठेयः पुरुषव्यापारः प्रतीयते इति सिद्धम् ।

197. કેટલાક શબ્દોનો અર્થ ભાવ ( = પુરુષવ્યાપારરૂપ ક્રિયા = ભાવયતિક્રિયા) છે પરંતુ તેઓ કર્મશબ્દો (= કર્મવિશેષવાચક શબ્દો) નથી, જેમ કે ભાવ, ભવન અને ભૂતિ. કેટલાક શબ્દો કર્મશબ્દો (= કર્મવિશેષવાચક શબ્દો) છે પરંતુ તેઓનો અર્થ ભાવ (=પુરુષ-વ્યાપારરૂપ ક્રિયા = ભાવયતિ ક્રિયા) નથી જેમ કે જેમને યાગકર્મનાં નામોરૂપે અમે પુરવાર કરેલાં છે તે શ્યેન, એકત્રિક વગેરે. પરંતુ જે શબ્દોનો અર્થ ભાવ (= પુરુષવ્યાપારરૂપ ક્રિયા= ભાવયતિ ક્રિયા) છે અને સાથે સાથે જે કર્મશબ્દો પણ છે તે ભાવાર્થ કર્મશબ્દો यजते (= યજ્ઞ કરે છે), ददाति (= દાન કરે છે), जुहोति (= હોમ કરે છે) વગેરે વડે ભાવના નામની ક્રિયા જણાય છે પરંતુ લિઙ્ આદિ વિભક્ત્યન્ત તે જ ભાવાર્થ કર્મશબ્દો यजेत (= યજ્ઞ કરે) दद्यात् (= દાન કરે) जुहुयात् (= હોમ કરે) વડે જ તે ભાવના નામની ક્રિયા અભિહિત થાય છે. તેથી, કહ્યું છે કે 'તેમાંથી યજ્યા વગેરે અર્થ ( અર્થાત્ કર્મવિશેષરૂપ અર્થ) અને भावयेत्' (= 'કરે' એ અર્થ (અર્થાત્ પુરુષવ્યાપારરૂપ ક્રિયા = ભાવના) બંને અર્થ જ્ઞાત થાય છે.' [શાબર ભા. ૨.૧.૧]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કેવળ करोति (= 'કરે છે') શબ્દથી પણ કર્તૃવ્યાપાર ( =પુરુષવ્યાપાર =ભાવના) જ્ઞાત થતો નથી, કારણ કે યાગ આદિ કર્મવિશેષથી અનનુરક્ત (= વિશિષ્ટ નહિ એવો) તે 'કરોતિ' શબ્દ પ્રયોજાવાની યોગ્યતા પામતો નથી. એટલે, યાગ આદિ કર્મોથી વિશિષ્ટ એવા यजति વગેરે શબ્દો વડે જ ભાવના નામનો અનુષ્ઠેય પુરુષવ્યાપાર જ્ઞાત થાય છે એ પુરવાર થયું.

198. क्रियाविशेष एवायं व्यापारो ज्ञातुरान्तरः ।
स्पन्दात्मकबहिर्भूतक्रियाक्षणविलक्षणः ॥

इत्येवं केचित् ।

198 આ પુરુષવ્યાપાર (= ભાવના) જ્ઞાતાની વિશેષ પ્રકારની આંતરિક ક્રિયારૂપ છે, તેથી તે જ્ઞાતાની સ્પંદાત્મક બાહ્ય ક્રિયાથી વિલક્ષણ છે એમ કેટલાક કહે છે.

199. पुरुषस्य प्रयत्नो वा भावनेत्यभिधीयते ।
औदासीन्यदशापायं पुमान् येन प्रपद्यते ॥
स यत्नो यागहोमादिक्रियानिर्वृत्तिकारणम् ।
तस्य तद्व्यतिरिक्तत्वं प्रायः सर्वोऽनुमन्यते ॥
स चायमात्मधर्मोऽपि न विभुत्वादिसन्निभः ।
साध्यरूपाभिसम्बन्धात् धत्ते विषयतां विधेः ॥
इत्यपरे ।

199. અથવા જેના લીધે પુરુષની ઔદાસીન્ય અવસ્થા દૂર થાય છે તે પુરુષપ્રયત્ન ભાવના કહેવાય છે. આ પુરુષપ્રયત્ન યાગ, હોમ વગેરે ક્રિયાઓને પાર પાડવાનું કારણ છે. તેથી પ્રાયઃ સૌ પુરુષપ્રયત્નરૂપ ક્રિયાને યાગ, હોમ વગેરે રૂપ ક્રિયાથી જુદી ગણે છે. આ પુરુષપ્રયત્ન આત્માનો ધર્મ હોવા છતાં પણ તે આત્માના વિભુત્વ વગેરે ધર્મો જેવો નથી. તે સાધ્યસ્વરૂપ હોઈ વિધિનો વિષય બને છે. આવું બીજાઓ માને છે. [ લિઙ્નો પ્રેરણારૂપ વ્યાપાર વિધિ કહેવાય છે. આ પ્રેરણા પુરુષવ્યાપારની જનની છે. પ્રેરણાથી પ્રેરાઈ પુરુષ યાગ આદિ કર્મમાં પ્રવૃત્ત થાય છે. આ કારણે પુરુષવ્યાપારને [=ભાવનાને] સાધ્યસ્વરૂપ અને વિધિનો વિષય કહ્યો છે].

200. अन्ये धात्वर्थसामान्यं भावनामभ्युपागमन् ।
यागदानाद्यनुस्यूतं रूपं गोत्वादिजातिवत् ॥

यथा हि शाबलेयादिष्वनुगतं गोरूपमवभासते, व्यावृत्तं च शाबलेयादिरूपम्, एवमिहापि यागादिकर्मणामनुगतं च व्यापाररूपं प्रतिभासते परस्परविभक्तं च

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

यागादिरूपम् । यत् तदनुगतं व्यापाररूपं सा भावना । यथा च शाबलेयाद्यननुरक्तं पृथक्त्वेन गोत्वं दर्शयितुमशक्यम्, एवमिहापि शुद्धं यज्याद्यननुरक्तं व्यापाररूपं दर्शयितुमशक्यम्, तदुपरक्तत्वेन तस्य सर्वदाऽवगमात् । न चैतावता तस्य नास्तित्वं सुखदुःखाद्यवस्थानुगतस्येवात्मनः । तथा च किं करोतीत्यनवगतविशेषव्यापारसामान्यप्रश्ने सति, पचति पठति इति तद्विशेषोत्तरवचनमनुगुणं भवतीति । तच्च सामान्यरूपमपि न गोत्वादिवत् क्रियात्ववद्वा सिद्धतयाऽवभासते, येन विधेरविषयः स्यात् । अपि च यजेत दद्याज्जुहुयादिति सर्वत्र पूर्वापरीभूतस्वभावं तद्व्यापारसामान्यमवगम्यते । तेन विधेश्च विषयतां प्रतिपद्यते । तदिदं सकलधात्वर्थसाधारणं साध्यमानावस्थं व्यापारसामान्यं भावनेत्युच्यते ।

अस्मिंश्च पक्षे धातुवाच्यत्वमपि भावनाया वक्तुं शक्यते । पाकादिशब्देभ्यो धातौ सत्यपि तदप्रतीतेर्न धातुवाच्यत्वं भावनाया इति चेत्, भवत्यादौ सत्यपि तर्हि प्रत्यये तदप्रतीतेः प्रत्ययवाच्यत्वमपि न स्यात् । तदलमनेन निर्धारणप्रयत्नेन । सर्वथा धातोर्वा प्रत्ययाद्वा भावनाऽवगम्यते इति सिद्धम् ।

200. બીજા કેટલાક ધાત્વર્થોમાં રહેલા સામાન્યને ભાવના તરીકે સ્વીકારી યાગ, દાન વગેરેમાં રહેલા, ગોત્વ વગેરે જાતિ જેવા અનુસ્યૂત રૂપને ભાવના કહે છે જેમ શાબલેય વગેરે ગોવ્યક્તિઓમાં રહેલું સામાન્ય ગોરૂપ અને અન્ય ગોવ્યક્તિઓમાં ન હોય એવું શાબલેય આદિ વિશેષરૂપ દેખાય છે, તેમ અહીં પણ યાગ આદિ કર્મોમાં સમાનપણે રહેલું સામાન્યરૂપ પુરુષવ્યાપાર અને તે કર્મોનું પરસ્પર જુદું વિશેષરૂપ યાગ વગેરે દેખાય છે. યાગ આદિ કર્મોમાં સમાનપણે રહેલું સામાન્ય રૂપ પુરુષવ્યાપાર એ ભાવના છે.

જેમ શાબલેય આદિ વિશેષરૂપથી અનનુરક્ત ગોત્વ સામાન્યને સાવ અલગરૂપે દેખાડવું અશક્ય છે કારણ કે શાબલેય આદિ વિશેષ રૂપથી ઉપરક્તરૂપે (=વિશિષ્ટરૂપે) જ તેનું સદા જ્ઞાન થાય છે, પણ એટલા માત્રથી ગોત્વનું અસ્તિત્વ નથી એમ નહિ, અને જેમ સુખ, દુઃખ વગેરે અવસ્થાઓમાં અનુગત એવા આત્માનું જ્ઞાન તે તે અવસ્થાથી અવિશિષ્ટ રૂપે કેવળ રૂપે થતું ન હોવા છતાં તે અવસ્થાઓથી જુદા આત્માનું અસ્તિત્વ છે, તેમ યાગ આદિ વિશેષરૂપોમાં અનુગત એવા પુરુષવ્યાપાર રૂપ સામાન્ય રૂપનું જ્ઞાન યાગ આદિ વિશેષરૂપોથી અનનુરક્ત ( = અવિશિષ્ટ, કેવળ ) રૂપે થતું ન હોવા છતાં તે યાગ આદિ વિશેષરૂપોથી જુદા પુરુષવ્યાપાર રૂપ સામાન્ય રૂપનું અસ્તિત્વ છે જ. વળી, 'किं करोति' (='તે શું કરે છે') એવો, વિશેષવ્યાપારનું જેમાં જ્ઞાન નથી એવો, સામાન્ય પ્રશ્ન પૂછવામાં આવતાં 'पचति' (=રાંધે છે') 'पठति' ( = 'વાંચે છે' ) એ વિશેષવ્યાપારને જણાવતો ઉત્તર સામાન્ય પ્રશ્નને અનુકૂળ છે. અને તે પુરુષવ્યાપાર સામાન્ય રૂપ હોવા છતાં ગોત્વ આદિની જેમ કે ક્રિયાત્વ આદિની જેમ સિદ્ધરૂપે જ્ઞાત થતો નથી કે જેથી તે વિધિનો વિષય ન બને. વળી, 'यजेत' 'दद्यात्' 'जुहुयात्' એમ કહેતાં સર્વત્ર પૂર્વાપર ક્રમિક અવસ્થાઓ ધરાવવાના સ્વભાવવાળું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(અર્થાત્ સાધ્યરૂપ) તે પુરુષવ્યાપાર નામનું સામાન્ય જ્ઞાત થાય છે. તેથી તે વિધિનો વિષય બને છે. નિષ્કર્ષ એ કે બધા ધાત્વર્થોમાં સમાનપણે રહેલું, સાધ્યમાન અવસ્થાવાળું વ્યાપાર-સામાન્ય ભાવના છે એમ કહેવાય છે.

આ પક્ષમાં ભાવના ધાતુવાચ્ય છે એમ પણ કહેવું શક્ય છે. 'પાક' આદિ શબ્દોમાં ધાતુ હોવા છતાં 'પાક' આદિ શબ્દોમાંથી ભાવનાની (=વ્યાપારસામાન્યની = પુરુષવ્યાપારની) પ્રતીતિ થતી ન હોઈ, ભાવના ધાતુવાચ્ય નથી એમ જો કહેશો તો અમે કહીશું કે 'ભવતિ' (= 'થાય છે') વગેરે શબ્દોમાં પ્રત્યય હોવા છતાં 'भवति' આદિ શબ્દોમાંથી ભાવનાની (= વ્યાપારસામાન્યની = પુરુષવ્યાપારની) પ્રતીતિ થતી ન હોઈ, ભાવના પ્રત્યયવાચ્ય પણ ન બને. [ 'भवति' શબ્દમાં રહેલો પ્રત્યય, જે થાય છે ( भवति ) તેનો અર્થાત્ યાગ આદિનો વ્યાપાર જણાવે છે, જે યાગને કરે છે ( भावयति ) તેનો અર્થાત્ પુરુષનો વ્યાપાર જણાવતો નથી. ]

ભાવના ધાતુવાચ્ય છે કે પ્રત્યયવાચ્ય તેનો નિશ્ચય કરવાનો આ પ્રયત્ન રહેવા દઈએ. સર્વથા ધાતુ દ્વારા કે પ્રત્યય દ્વારા ભાવના જ્ઞાત થાય છે એ પુરવાર થયું.

201. सा धातोः प्रत्ययाद्वाऽपि भावनाऽवगता सती ।
अपेक्षतेंऽशत्रितयं किं केन कथमित्यदः ॥

'भावयेत्' इत्यवगते नूनमपेक्षात्रयं भवति—किं भावयेत् ? केन भावयेत् ? कथं भावयेत् ? इति । तत्र किमित्यपेक्षा स्वर्गकामपदेन पूर्यते—किं भावयेत् ? स्वर्गमिति ।

201. ધાતુ દ્વારા કે પ્રત્યય દ્વારા જ્ઞાત થયેલી ભાવના ( =પુરુષવ્યાપાર = પ્રવૃત્તિ=કૃતિ ) ત્રણ અંશોની અપેક્ષા રાખે છે—સાધ્ય ( શું કરવું ), સાધન ( શેનાથી કરવું ) અને કથંભાવ ( કઈ રીતે કરવું ). 'કરે' એ જ્ઞાત થતાં ખરેખર ત્રણ અપેક્ષા થાય છે—'શું કરે ? શેનાથી કરે ? કેવી રીતે ? શું કરે ? એ અપેક્ષા 'સ્વર્ગકામ' ( = સ્વર્ગેચ્છુક ) એ પદથી પૂરી થાય છે. 'શું કરે ?' 'સ્વર્ગ'.

202. ननु स्वर्गकाम इति पुरुषनिर्देशोऽयं, न फलनिर्देशः । सत्यम्, स्वर्गपरस्त्वयं निर्देशः । उक्तं हि 'निरतिशयप्रीतिवचनः स्वर्गशब्दः' । प्रीतिश्च नान्यार्थेत्यप्युक्तम् । साध्यत्वेन च स्वर्गः काम्यते इति स एव हि किमित्यंशे निपतति 'स्वर्गं भावयेत्' इति । 'स्वर्गं कामयते' इति च व्युत्पत्तौ विस्पष्टमेव तस्य साध्यत्वम् । बहुव्रीहावपि तस्यैव साध्यत्वं विधिवृत्तपर्यालोचनयाऽवधार्यते । एवं 'स्वर्गं भावयेत्' इत्यवगते 'केन भावयेत्' इत्यपेक्षायां 'यागेन' इति सम्बध्यते ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

202. શંકાકાર–'સ્વર્ગકામ' પદ તો પુરુષનો નિર્દેશ કરે છે, ફળનો નિર્દેશ કરતું નથી [ યાગ કોણ કરે ? એનો ઉત્તર 'સ્વર્ગકામ' પદ આપે છે; શું કરે ? એનો ઉત્તર આ પદ આપતું નથી. ]

ભાવનાવાકયાર્થવાદી – સાચું, પરંતુ આ પુરુષનિર્દેશ સ્વર્ગપરક છે. કહેવામાં આવ્યું છે કે સ્વર્ગ' શબ્દ નિરતિશય સુખનો વાચક છે. સુખ બીજા કોઈના માટે નથી એ પણ કહેવામાં આવ્યું છે. સાધ્ય તરીકે સ્વર્ગની કામના પુરુષ કરે છે એટલે સ્વર્ગ જ સાધ્યાંશમાં પડે છે – 'સ્વર્ગને કરે' એમ સ્વર્ગની કામના કરે છે' એ વ્યુત્પત્તિમાં સ્વર્ગનું સાધ્યપણું સ્પષ્ટ જ છે. બહુવ્રીહિસમાસમાં પણ સ્વર્ગનું સાધ્યપણું સ્પષ્ટ છે. સ્વર્ગનું જ સાધ્યપણું છે એ વિધિના વ્યાપારની પર્યાલોચના દ્વારા નિશ્ચિત થાય છે.

આમ 'સ્વર્ગને કરે' એ જ્ઞાત થતાં 'શેનાથી કરે ?' એ અપેક્ષા જાગતાં 'યાગ વડે' એમ સંબંધ થાય છે.

203. ननु 'यागेन' इति न श्रूयते, किन्तु 'यजेत' इति । तच्चाख्यातपदं प्रकृतिप्रत्ययात्मकसमुदायरूपम् । तत्र लिङः प्रत्ययस्य भावना वाच्येत्युक्तम् । 'यज्' इति तु धातुमात्रमवशिष्टम् । तस्य कृदन्तस्य तृतीयान्तस्य यागेनेति योऽर्थः स कथमेकाकिना तेन प्रत्याय्येत ?

203. શંકાકાર – 'यागेन' ( = 'યાગ વડે' ) એમ તો કહેવામાં આવ્યું નથી. પરંતુ 'यजेत ( = 'યજ્ઞ કરે' ) એમ કહેવામાં આવ્યું છે અને તે આખ્યાતપદ 'यजेत' પ્રકૃતિ અને પ્રત્યયના સમુદાયરૂપ છે. ત્યાં ( = 'यजेत'માં ) લિઙ પ્રત્યયની વાચ્ય ભાવના છે એમ કહેવામાં આવ્યું છે. હવે બાકી રહે છે ધાતુમાત્ર 'यज्' પેલા તૃતીયાન્ત કૃદંત 'यागेन'નો જે અર્થ છે તે ( કોઈ પણ પ્રત્યય કે વિભક્તિ વિનાના ) એકાકી એવા પેલા 'यज्' ધાતુમાત્ર વડે કેવી રીતે જ્ઞાત થાય ?

204. उच्यते । भावना चेत् प्रत्ययार्थ इति सोढमायुष्मता, यागेनेत्यभिसम्बन्धः सोढव्य एव । यो हि तस्यां यथा सम्बन्द्धुं योग्यः तमसौ तथा प्रतीक्षते, नान्यथेति । करणाकाङ्क्षापरिपूरणेन सम्बन्धयोग्यो यजिरिति तथैवैष भावनयाऽभिसम्बध्यते ।

अप्रातिपदिकत्वाद्धि तृतीया तत्र मा स्म भूत् ।
शब्दसामर्थ्यलभ्या तु नूनं करणता यजेः ॥

204. ભાવનાવાકયાર્થવાદી–આનો ઉત્તર અમે આપીએ છીએ. પ્રત્યયનો અર્થ ભાવના છે એ વાતને જો આપે સહન કરી તો 'यागेन ( = યાગ વડે )' એવા ભાવના સાથેના [ યાગના સાધનરૂપ ] સંબંધને આપે સહન કરવો જોઈએ, કારણ કે ભાવનામાં જે રીતે સંબંધ પામવાને યોગ્ય જે છે તે રીતે તેની એ પ્રતીક્ષા ( = આકાંક્ષા ) કરે છે, અન્ય રીતે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરતી નથી; આમ સાધનની આકાંક્ષા પૂર્ણ કરવા દ્વારા 'યજ્' ભાવનામાં સંબંધ પામવાને યોગ્ય છે એટલે એ રીતે જ એ 'યજ્' ધાતુ ભાવના સાથે જોડાય છે. 'યજ્' ધાતુ પ્રાતિપદિક ન હોઈ ત્યાં તૃતીયા વિભક્તિ ભલે ન હો, પરંતુ 'યજ્' ધાતુની કરણતા (=સાધનતા) ખરેખર શબ્દસામર્થ્યથી લભ્ય છે.

205. कस्य पुनः शब्दस्य सामर्थ्यमेतत् ? भावनावाचिन इति ब्रूमः । तृतीययैव करणत्वमभिधानीयमिति नेयं राजाज्ञा । ततस्तदवगतेस्तथाऽभ्युपगम्यते । एवमिहापि 'स्वर्गकामो यजेत' इति तथाऽवगतिर्भवन्ती किमिति न मृष्यते ।

आख्यातात् साध्यता या च धात्वर्थस्यावगम्यते ।
द्वितीया श्रूयते तत्र किं वा तदभिधायिनी ।।

205. શંકાકાર – કયા શબ્દના સામર્થ્યથી ?

ભાવનાવાક્યાર્થવાદી — ભાવનાવાચક શબ્દના સામર્થ્યથી લભ્ય છે એમ અમે કહીએ છીએ તૃતીયા વિભક્તિ વડે જ કરણતાનું અભિધાન કરવું જોઈએ એવી આ રાજાજ્ઞા નથી.

શંકાકાર – તૃતીયાન્ત પદથી કરણતાનું જ્ઞાન થતું હોવાથી તૃતીયાન્ત પદથી કરણતા લભ્ય છે એવું માનવામાં આવ્યું છે.

ભાવનાવાક્યાર્થવાદી – એ પ્રમાણે અહીં પણ 'स्वर्गकामः यजेत' એ વાક્યગત 'યજ્' ધાતુમાંથી કરણતાનું જ્ઞાન થતું હોવાથી 'યજ્' ધાતુમાત્રમાંથી ભાવનાવાચકશબ્દના સામર્થ્ય દ્વારા કરણતા લભ્ય છે એવું કેમ માનતા નથી ?

'पचति' એ આખ્યાતમાંથી ધાત્વર્થ (પાક) ની સાધ્યતા જ્ઞાત થાય છે; શું ત્યાં સાધ્યતાવાચક દ્વિતીયા વિભક્તિ કહેવાયેલી છે ?

206. नन्वेवं तर्हि धात्वर्थस्य साध्यताऽवगतेः किमित्यंशे यजिना पतितव्यम् । किं भावयेत् ? यागमिति । केनेत्यपेक्षिते वाक्यान्तरसमर्पितं व्रीहिभिरित्यादि सम्बध्यताम्, न पुनर्यजिः साध्यरूपां व्यापाराभिधायिप्रत्ययोपसर्जनीभूतकर्मतामतिप्रत्यासन्नामनारुह्य दूरवर्तिनीं करणतामधिरोढुमर्हति ।

206. શંકાકાર – જો એમ છે, તો એ પ્રમાણે ધાત્વર્થની સાધ્યતાનું જ્ઞાન થતું હોઈ, સાધ્યાંશમાં યાગે પડવું જોઈએ. 'શેને કરે ?' 'યાગને'. 'શેના વડે ?' એ અપેક્ષા થતાં બીજા વાક્યે[1] આપેલ 'વ્રીહિ વડે' વગેરેને એની સાથે જોડો પરંતુ પુરુષવ્યાપારરૂપ ભાવનાના વાચક પ્રત્યયને ગૌણ થઈ રહેલી સાધ્યરૂપ કર્મતા, જે અત્યંત સમીપ છે, તેને છોડીને યાગ દૂર રહેલી કરણતાને ધારણ કરવા લાયક નથી.

---

૧. 'व्रीहिभिर्यजेत' = વ્રીહિ વડે યાગ કરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

207. उच्यते । स्यादेतदेवं यदि हि 'स्वर्गकामः' इति न श्रूयेत । तस्मिंस्तु श्रुते नैवं भवितुमर्हति । कुतः ?

स्वर्गे साध्यत्वसम्बन्धादलब्ध्वा साध्यताऽन्वयम् ।
यजिस्तदानुगुण्येन करणांशेऽवतिष्ठति ॥

स्वर्गस्य हि काम्यमानत्वात्, प्रीत्यात्मकत्वेन चानन्यार्थत्वात्, साध्यतायां योग्यत्वात्, किमित्यंशोपनिपाते सिद्धे तत्रालब्धनिवेशो यजिस्तदपेक्षितां करणतामेव योग्यत्वाद-वलम्बते ।

सामानाधिकरण्यं च ज्योतिष्टोमादिभिः पदैः ।
एवं सत्युपपद्येत करणत्वानुवादिभिः ॥

कर्मनामधेयत्वं च ज्योतिष्टोमादीनां शब्दानामुक्तम् ।

207. ભાવનાવાક્યાર્થવાદી – આનો ઉત્તર અમે આપીએ છીએ જો 'સ્વર્ગકામ' પદ વાક્યમાં ન કહેવાયું હોય તો આમ બને. પરંતુ 'સ્વર્ગકામ' પદ વાક્યમાં કહેવાયેલું હોઈ આમ બનવું યોગ્ય નથી.

શંકાકાર – શાથી ?

ભાવનાવાક્યાર્થવાદી– [પ્રત્યયાર્થ ભાવના અર્થાત્ પુરુષવ્યાપાર સાથે] સાધ્યત્વનો સંબંધ સ્વર્ગમાં હોવાને કારણે, સાધ્યત્વનો અન્વયસંબંધ [પ્રત્યયાર્થ ભાવના સાથે] ન પામીને યજિ (=યાગ) સ્વર્ગને અનુગુણરૂપે (=અનુકૂળ સહાયકરૂપે) કરણાંશમાં સ્થિર થાય છે. સ્વર્ગ કામ્યમાન હોવાને કારણે તેમ જ સુખાત્મક હોવાને કારણે બીજા કોઈ માટે ન હોઈ સાધ્યતાની યોગ્યતા ધરાવે છે અને સાધ્યતાની યોગ્યતા ધરાવતું હોઈ સાધ્યાંશમાં પડે છે એ સિદ્ધ થતાં સાધ્યતામાં પ્રવેશ ન પામતો યાગ સ્વર્ગને અપેક્ષિત કરણતાને જ યોગ્યતાને કારણે ગ્રહે છે. આવું હોતાં કરણત્વાનુવાદી જ્યોતિષ્ટોમ વગેરે પદો સાથે યાગનું સામાનાધિકરણ્ય ઘટે છે. [ज्योतिष्टोमेन स्वर्गकामो यजेत = **ज्योतिष्टोमेन यागेन** स्वर्गं भावयेत् । જ્યોતિષ્ટોમ વડે સ્વર્ગકામ યજે = **જ્યોતિષ્ટોમ યાગ વડે** તે સ્વર્ગને કરે.] જ્યોતિષ્ટોમ વગેરે શબ્દો યાગ આદિ કર્મોનાં નામો છે એ અમે જણાવી ગયા છીએ.

208. ननु साध्यत्वपक्षसाक्षितामपि कर्मनामधेयानि भजन्ते, 'अग्निहोत्रं जुहोति' इति । नैष दोषः । साध्य एव भवन् भावार्थः साधनतामवलम्बते । तत्रापि हि स्वर्गभावनायामग्निहोत्राख्यो होमः करणमेव, अन्यथा स्वर्गकामपदानन्वयप्रसङ्गा-दित्युक्तम् । नामधेयपदं तु किञ्चित् कर्मतामनुवदति अग्निहोत्रमित्यादि, किञ्चित् करणतां ज्योतिष्टोमेनेति । तस्मात् यजेः करणत्वेनैवान्वय इति सिद्धम् । यत्तु प्रत्यासन्नत्वात्

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

साध्यांशोपनिपातितेत्युच्यते तदयुक्तम्, योग्यत्वाविरोधिनी प्रत्यासत्तिः सम्बन्धकारणं, न तद्विपरीता । योग्यत्वं च स्वर्गस्यैव साध्यतायां, यजेश्च करणतायामित्युक्तम् ।

208. શંકાકાર– ધાત્વર્થ સાધ્ય છે એ પક્ષના પણ યાગ આદિ કર્મોનાં નામો સમર્થક છે; ઉદાહરણાર્થ 'अग्निहोत्रं जुहोति', અહીં અગ્નિહોત્ર એ હોમનું નામ છે, તેથી अग्निहोत्रं जुहोति = अग्निहोत्रं होमं भावयति (= करोति) થાય. પરિણામે ધાત્વર્થ હોમ અહીં સાધ્ય છે.
ભાવનાવાક્યાર્થવાદી– આ દોષ નથી આવતો. ધાત્વર્થ સાધ્ય બનીને જ સાધનતાને ગ્રહે છે, પામે છે. ત્યાં સ્વર્ગભાવનામાં (= સ્વર્ગ માટેના પુરુષવ્યાપારમાં પણ અગ્નિહોત્ર નામનો હોમ સાધન જ છે, કારણ કે અન્યથા અગ્નિહોત્રનો 'સ્વર્ગકામ' પદ સાથે અન્વય ન બેસવાની આપત્તિ આવે એમ કહેવામાં આવ્યું છે. કોઈક નામધેય પદ કર્મતાનો અનુવાદ કરે છે, જેમ કે 'अग्निहोत्रं' વગેરે અને કોઈક નામધેય પદ કરણતાનો અનુવાદ કરે છે, જેમ કે 'ज्योतिष्टोमेन'. તેથી ધાત્વર્થ યાગનો કરણતારૂપે સ્વર્ગ સાથે અન્વયસંબંધ છે એ સિદ્ધ થાય છે. ધાત્વર્થ યાગ સાધ્યાંશમાં પડે છે કારણ કે તે [કરણાંશ કરતાં] નજીક છે એમ જે કહેવામાં આવ્યું છે તે અયોગ્ય છે કારણ કે યોગ્યતાનું અવિરોધી નજીકપણું અન્વયસંબંધમાં કારણ છે અને નહિ કે યોગ્યતાનું વિરોધી નજીકપણું. સ્વર્ગની જ સાધ્યપણામાં યોગ્યતા છે, જ્યારે યાગની કરણતામાં યોગ્યતા છે એમ કહેવામાં આવ્યું છે.

209. एवं 'यागेन भावयेत्' इत्यवगते कथमित्यपेक्षायामितिकर्तव्यता तद्वाक्यपठिता वाक्यान्तरनिवेशिता वा सम्बध्यते । तद्वाक्योपात्ता तावद्यथा 'एतस्यैव रेवतीषु वारवन्तीयमग्निष्टोम साम कृत्वा पशुकामो ह्येतेन यजेत' इति[तां.ब्रा.१७.१.७] वाक्यान्तरोपात्ता 'व्रीहीनवहन्ति' 'तण्डुलान् पिनष्टि' 'समिधो यजति' 'तनूनपातं यजति' इति ।

इतिकर्तव्यता हीष्टा दृष्टादृष्टप्रयोजना ।
प्रायः सर्वत्र भावार्थे कथमंशोपपादिनी ॥
दृष्टोपकारद्वारेण सम्बद्धा प्रेषणादिका ।
इतिकर्तव्यता ज्ञेया सन्निपत्योपकारिणी ॥
भावार्थमनुगृह्णाति या त्वदृष्टेन वर्त्मना ।
समिदाद्यात्मिकामाहुस्तामारादुपकारिणीम् ॥

209. આમ 'યાગ વડે કરે' એમ જ્ઞાત થતાં 'કેવી રીતે ?' એ અપેક્ષા જાગતાં તે વાક્યમાં કે અન્ય વાક્યમાં જણાવેલી ઇતિકર્તવ્યતા ( = કરવાની રીત )નો તેની ( =ભાવનાની ) સાથે અન્વયસંબંધ જોડવામાં આવે છે. તે જ વાક્યમાંથી પ્રાપ્ત થતી ઇતિકર્તવ્યતાનું ઉદાહરણ છે एतस्यैव रेवतीषु वारवन्तीयम् अग्निष्टोमसाम कृत्वा पशुकामो ह्येतेन यजेत (અર્થાત્

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'રેવતી' પદવાળા મંત્રોમાં વારવન્તીય અગ્નિષ્ટોમ સામ ગાઈને પશુની કામનાવાળો અગ્નિષ્ટોમ યાગ કરે.) [ અહીં 'રેવતી' પદવાળા મંત્રોમાં વારવન્તીય અગ્નિષ્ટોમ સામ ગાઈને' એ ઇતિકર્તવ્યતા એ જ વાક્યમાંથી પ્રાપ્ત થાય છે. ] અન્ય વાક્યોમાંથી પ્રાપ્ત થતી ઇતિકર્તવ્યતાનું ઉદાહરણ — 'व्रीहीनवहन्ति' ( = 'વ્રીહિને ખૂડે છે' ), 'तण्डुलान् पिनष्टि' ( ='તંડુલને ખાંડે છે' ), समिधो यजति ( = સમિધૂને = વસંતઋતુને પ્રયાજ ( fore-offering) આપે છે ), बर्हिर्यजति ( = બર્હિને = શરદઋતુને પ્રયાજ આપે છે), 'तनूनपात यजति' ( =તનૂનપાતને = ગ્રીષ્મને પ્રયાજ આપે છે). આ બધાં વાક્યો દર્શપૂર્ણમાસયાગના પ્રકરણમાં આવતાં હોઈ, દર્શપૂર્ણમાસયાગો કેવી રીતે કરવા તે, તે વાક્યોમાંથી જ્ઞાત થાય છે. દૃષ્ટ કે અદૃષ્ટ પ્રયોજન ધરાવતી ઇતિકર્તવ્યતા ઇચ્છવામાં આવી છે. ભાવાર્થમાં ( = ધાત્વર્થમાં ) પ્રાયઃ સર્વત્ર તે કથંભાવ અંશને સમજાવે છે. દૃષ્ટ ઉપકાર દ્વારા ભાવાર્થ ( = ધાત્વર્થ ) સાથે સંબદ્ધ પ્રેષણા આદિરૂપ ઇતિકર્તવ્યતાને સન્નિપત્યોપકારિણી જાણવી. પરંતુ જે અદૃષ્ટ રીતે ભાવાર્થને ઉપકાર કરે છે તે समिद् આદિરૂપ ઇતિકર્તવ્યતાને આરાદુપકારિણી કહેવામાં આવે છે

210. एवमंशत्रयाश्लेषलब्धानुष्ठानयोग्यताम् ।
भावनामीदृशीं प्राप्य वृत्तिर्विधिनिषेधयोः ॥

'दर्शपूर्णमासाभ्यां यजेत स्वर्गकामः' 'ज्योतिष्टोमेन स्वर्गकामो यजेत' इत्यत्रानन्तरोक्तनीत्यैष वाक्यार्थो जातः—दर्शपूर्णमासेन यागेन स्वर्गं भावयेत्, अनयाऽग्न्याधानादिकयेतिकर्तव्यतयेति ।

210. આમ સાધ્ય, સાધન અને કથંભાવ આ ત્રણ અંશો સાથેના સંબંધને કારણે અનુષ્ઠાનની યોગ્યતાને પામેલી આવી ભાવનાને પામીને વિધિ અને નિષેધ પોતાનું કાર્ય કરે છે. [ 'स्वर्गकामो यजेत' ( = સ્વર્ગેચ્છુક યાગ કરે ) નો અર્થ છે 'स यागेन स्वर्गं भावयेत्' ( = 'તે યાગ વડે સ્વર્ગને કરે'. અહીં किं भावयेत् केन भावयेत् અને कथं भावयेत्—શેને કરે ?, શેનાથી કરે ? અને કેવી રીતે કરે ? એ ત્રણ પ્રશ્નો ઉદ્ભવે છે. શેને કરે ? સ્વર્ગને કરે. સ્વર્ગને શેનાથી કરે ? સ્વર્ગને યાગથી કરે. ત્યાર પછી 'સ્વર્ગને કેવી રીતે કરે ?' એમ નથી પૂછવાનું. પરંતુ 'યાગને કેવી રીતે કરે ?' એમ પૂછવાનું છે. આ વસ્તુ અહીં સ્પષ્ટ થાય છે કારણ કે અહીં જણાવાયું છે કે ઇતિકર્તવ્યતા ભાવાર્થને ( = ધાત્વર્થને, યાગને, સાધનને ) ઉપકારક છે, સ્વર્ગને ( સાધ્યને ) નહિ. ] 'दर्शपूर्णमासाभ्यां यजेत स्वर्गकामः' 'ज्योतिष्टोमेन स्वर्गकामो यजेत'—અહીં ઉપર તરત જ જણાવેલી રીત પ્રમાણે [ પ્રથમ વાક્યનો ] આ વાક્યાર્થ થયો કે 'દર્શપૂર્ણમાસ યાગ વડે સ્વર્ગ કરે અને અગ્ન્યાધાન વગેરે રૂપ ઇતિકર્તવ્યતા દ્વારા [ દર્શપૂર્ણમાસ યાગ ] કરે.

211. किमर्थं पुनर्विधिराश्रीयते ? वर्तमानोपदेशिष्वप्याख्यातेषु भावना प्रतीयते इति दर्शितवान् भवान् । अतः किं विधिना ? तस्य ह्याश्रयणं स्वर्गयागयोः साध्यसाधनभावबोधनाय प्रवृत्तिनिवृत्तिसिद्धये वा ? साध्यसाधनसम्बन्धस्तावदाकाङ्क्षा-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सन्निधि-योग्यतापर्यालोचनया वर्तमानोपदेशिनोऽप्याख्यातादू भावनावगमे सति भवत्येवान्तरेणापि विधिम् । प्रवृत्तिरपि पुरुषेच्छानिबन्धना । स्वर्गस्य साध्यत्वे यागस्य च साधनत्वेऽवधारिते यः स्वर्गमिच्छेत् स तत्सिद्धये प्रवर्तेत एव । यस्तु नेच्छेत् तस्य विधिरपि किं कुर्यात् ? न ह्यप्रवर्तमानस्य पुंसो विधिर्गले पाशं निदधाति रज्ज्वा वा बाहू बध्नाति । निषेधाधिकारेऽपि सुरापानब्राह्मणहननादेः प्रत्यवायसाधनत्वावधारणात् तत्परिजिहीर्षया पुरुषो निवर्तते, न विधितः । यस्तु प्रत्यवायान्न बिभेति, स विधावपि श्रुते न निवर्तेत एवेति । तस्मात् प्रवृत्तिनिवृत्त्योर्न कारणं विधिरिति तदर्थमपि विधिपदाश्रयणमसांप्रतम् ।

कश्चायं विधिर्नामेत्येतदपि न विद्मः ।

211. શંકાકાર- શા માટે વિધિનો આશરો લો છો ? વર્તમાનનો ઉપદેશ આપનાર આખ્યાતોમાં પણ ભાવના (પુરુષવ્યાપાર પ્રતીત થાય છે એમ આપે દર્શાવ્યું છે, તો પછી વિધિનું શું પ્રયોજન ? શું સ્વર્ગ અને યાગ વચ્ચેના સાધ્યસાધનભાવ સંબંધને જણાવવા માટે કે પ્રવૃત્તિ અને નિવૃત્તિની સિદ્ધિ માટે તેનો આશરો આપ લો છો ? આકાંક્ષા, યોગ્યતા અને સન્નિધિની પર્યાલોચના દ્વારા વર્તમાનોપદેશી આખ્યાતમાંથી પણ ભાવનાનું જ્ઞાન થતાં વિધિ વિના જ સાધ્યસાધનભાવ સંબંધનું જ્ઞાન થાય છે જ. પ્રવૃત્તિ પણ પુરુષની ઇચ્છા ઉપર આધાર રાખનારી છે, અર્થાત્ પ્રવૃત્તિનું કારણ પુરુષેચ્છા છે. સ્વર્ગ સાધ્ય છે અને યાગ તેનું સાધન છે એવું ચોક્કસ જ્ઞાન હોતાં, જે સ્વર્ગને ઇચ્છતો હોય તે તેની સિદ્ધિ માટે પ્રવૃત્તિ કરે જ. જે સ્વર્ગને ઇચ્છતો ન હોય તેને વિધિ પણ શું કરવાનો હતો ? પ્રવૃત્તિ ન કરતા પુરુષના ગળામાં વિધિ પાશ નાખતો નથી કે તેના બે હાથ રાંઢવાથી બાંધતો નથી. નિષેધનો જ્યાં ફરજ તરીકે આદેશ આપવામાં આવે છે ત્યાં પણ સુરાપાન, બ્રાહ્મણહનન વગેરે પ્રત્યવાયનાં (= વિઘ્નનાં) કારણો છે એવો નિશ્ચય થવાથી તેમના ત્યાગની ઇચ્છાને કારણે પુરુષ તે બધામાંથી નિવૃત્ત થાય છે, વિધિને કારણે નિવૃત્ત થતો નથી. પરંતુ જે પુરુષ પ્રત્યવાયથી બીતો નથી તે વિધિને સાંભળવા છતાં તે બધામાંથી નિવૃત્ત થતો જ નથી. તેથી પ્રવૃત્તિ અને નિવૃત્તિનું કારણ વિધિ નથી, એટલે પ્રવૃત્તિ નિવૃત્તિ માટે વિધિનો આશરો લેવાનું અયોગ્ય છે. આ વિધિ શું છે એ પણ અમે તો જાણતા નથી.

212. ननु चाहुः —

विधेर्लक्षणमेतावदप्रवृत्तप्रवर्त्तनम् ।
अतिप्रसङ्गदोषेण नाज्ञातज्ञापनं विधिः ॥

212. ભાવનાવાક્યાર્થવાદી – વિદ્વાનોએ કહ્યું છે કે જે પ્રવૃત્તિ ન કરતો હોય તેને પ્રવૃત્તિ કરવા પ્રેરવો એટલું જ વિધિનું લક્ષણ છે. પરંતુ અજ્ઞાતને જણાવવું (= પ્રગટ કરવું) એ વિધિનું લક્ષણ નથી, કારણ કે તેને વિધિનું લક્ષણ માનતાં અતિપ્રસંગદોષ આવે છે. [અજ્ઞાતને જણાવવું એને જો વિધિનું લક્ષણ માનવામાં આવે તો 'તમને ગામ દાનમાં મળશે' એવું સામુદ્રિકવિદ્યાનું વ્યાખ્યાન પણ વિધિ બની જાય.]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

213. बाढं श्रुतोऽयं श्लोकः । किन्तु कोऽसावप्रवृत्तप्रवर्तक इति न जानीमः । प्रवर्तकस्वरूपे हिं संशेरते प्रवादुका इति । किं लिङादिः शब्द एव प्रवर्तकः, तद्व्यापारो वा, तदर्थो वा नियोगः, फलं वा स्वर्गादि, श्रेयःसाधनत्वं वा, रागादिर्वा ? प्रवर्तकस्वरूपाऽनवधारणाद् विधेरप्यनवधारणमिति ।

213. શંકાકાર – હા, અમે આ શ્લોક સાંભળ્યો છે. પરંતુ પ્રવૃત્તિ ન કરતા પુરુષને પ્રવૃત્તિ કરવા પ્રેરનાર ( = પ્રવર્તક ) આ કોણ છે એ અમે જાણતા નથી. પ્રવર્તકના સ્વરૂપ પરત્વે ચિંતકોને શંકાઓ છે. શું લિઙ્ શબ્દ જ પ્રવર્તક છે કે તે શબ્દનો વ્યાપાર પ્રવર્તક છે કે તે શબ્દનો અર્થ નિયોગ પ્રવર્તક છે ? કે પછી સ્વર્ગ વગેરે ફળ પ્રવર્તક છે ? કે શ્રેયસનું સાધનપણું ( = કારણપણું ) પ્રવર્તક છે ? કે રાગ વગેરે પ્રવર્તક છે ? પ્રવર્તકના સ્વરૂપના નિર્ણયના અભાવમાં વિધિનો (અર્થાત્ વિધિ શું છે તેનો) નિર્ણય થતો નથી.

214. यत्तावदुक्तं किं विध्याश्रयणेनेति, तत्रोच्यते—

यदयं साधनत्वेन यजेरभिहितोऽन्वयः ।
स्वर्गस्य च फलत्वेन स एव महिमा विधेः ॥

विधिवचनमन्तरेण हि 'स्वर्गकामो यजेत' इति पुरुषलक्षणार्थः स्वर्गकामशब्दः शुक्लो होतेतिवत् स्यात् । ततश्चैकपदोपादानलक्षणप्रत्यासत्तिसंबन्धनिसर्गघटितपूर्वापरीभूतस्वभावधात्वर्थसाध्यताऽतिक्रमेण दूरात् स्वर्गस्य साध्यत्वमन्यत्रोपसर्जनीभूतस्य कथं कल्पयितु शक्यते ? तस्मादेष विशिष्टः साध्यसाधनसम्बन्धो विधिप्रसादलभ्य एव भवति, नान्यथेति विधिराश्रयणीयः ।

214. ભાવનાવાક્યાર્થવાદી તમે જે પૂછ્યું કે વિધિનો આશરો લેવાનું પ્રયોજન શું, તેના ઉત્તરમાં અમે કહીએ છીએ કે યાગનો સાધન તરીકે અને સ્વર્ગનો ફળ તરીકે જે અન્વય અભિહિત થયો છે તે અન્વય જ વિધિનો મહિમા છે, [ અર્થાત્ તે અન્વય વિધિના મહિમાને લીધે છે. ] વિધિવચન વિના, 'स्वर्गकामो यजेत' એમાં 'સ્વર્ગકામ' શબ્દ પુરુષના લક્ષણરૂપ અર્થનો વાચક બને – જેમ 'शुक्लो होता' ( = હોતા શુક્લ હોય છે' ) એમાં 'શુક્લ' શબ્દ હોતાના લક્ષણરૂપ અર્થનો વાચક છે તેમ [ જેમ ઋત્વિજોમાં હોતાનો ધર્મ શુક્લગુણ છે તેમ સ્વર્ગની કામના પુરુષનો ધર્મ છે. ] નિસર્ગઘટિત પૂર્વાપર ક્રમિક અવસ્થાઓ રૂપ સ્વભાવવાળા ધાત્વર્થ (= ભાવાર્થ, યાગ ની [ 'यजेत' એ ] એક જ પદમાં મૂકાવારૂપ સામીપ્યસંબંધથી પ્રાપ્ત સાધ્યતાનું ઉલ્લંઘન કરી દૂર રહેલા સ્વર્ગની જે સ્વર્ગ અન્યત્ર ( = કામનામાં ) ઉપસર્જનીભૂત ( = અંગભૂત ) છે તેની, સાધ્યતા કલ્પવી, વિધિ વિના કેવી રીતે શક્ય છે ? નિષ્કર્ષ એ કે આ વિશિષ્ટ સાધ્યસાધનભાવ સબંધ વિધિની કૃપાથી જ લભ્ય બને છે, અન્યથા લભ્ય બનતો નથી, એટલે વિધિનો આશરો લેવો જોઈએ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

215. कथं पुनर्विधिरयममुं साध्यसाधनभावं बोधयति ? इत्थं बोधयति – स हि सप्रत्ययप्रवर्तकस्वभावः । न चापुरुषार्थरूपे व्यापारे पुरुषः प्रयत्नशतप्रेर्यमाणोऽपि सप्रत्ययः प्रवर्तते । प्रवर्तमानेऽपि पुंसि प्रवर्तकत्वाख्यनिजस्वरूपसंकोचमाशङ्कमानो विधिः पुरुषार्थस्वभावं स्वर्गं साध्यतया व्यवस्थापयति, यागं चास्य साधनतया इति । एवं ह्यवबोधयतोऽस्य प्रवर्तकत्वं निर्वहति ।

215. શંકાકાર – પરંતુ વિધિ આ સાધ્યસાધનભાવરૂપ સંબંધનો બોધ કેવી રીતે કરાવે છે ?

ભાવનાવાક્યાર્થવાદી – તે આવી રીતે બોધ કરાવે છે – વિધિનો સ્વભાવ જ્ઞાનવાળા પુરુષના પ્રવર્તક બનવાનો છે. અપુરુષાર્થરૂપ વ્યાપારમાં જ્ઞાનવાળા પુરુષને સેંકડો પ્રયત્ન કરી પ્રેરવામાં આવે તો પણ તે તેમાં પ્રવૃત્ત થતો નથી. [ વિધિની પ્રેરણાથી ] જ્યારે પુરુષ પ્રવર્તતો હોય ત્યારે પ્રવર્તકત્વ નામના પોતાના સ્વરૂપના સંકોચની આશંકા ધરાવતો વિધિ પુરુષાર્થસ્વભાવ સ્વર્ગને સાધ્યરૂપે અને યાગને સાધનરૂપે ચોક્કસપણે સ્થાપે છે. આ રીતે પુરુષને સાધ્યસાધનભાવનો બોધ કરાવીને વિધિ પોતાના પ્રવર્તકત્વનો નિર્વાહ કરે છે.

216. यत्तु दर्शितेऽपि स्वर्गादौ फले न प्रवर्तते चेत् पुरुषः किं विधिः कुर्यादिति, तदप्ययुक्तम् । न हि वाय्वादिवत् पुरुषस्य प्रवर्तको विधिः । वाय्वादिः खलु सप्रत्ययमपि तदितरमपि प्रवर्तयति । विधिस्तु सप्रत्ययस्यैव प्रवर्तकः । सप्रत्ययस्य चैतावत् प्रवर्तनं यत् प्रवर्तितोऽहमिति ज्ञानजननम् । न च फलमदर्शयता विधिना सप्रत्ययस्येदृशं ज्ञानं जनयितुं शक्यम् । फले तु दर्शिते सति तदस्य ज्ञानं जनितमेव । अनेन जनितं चेत् ज्ञानं प्रमाणवृत्तेन प्रवर्तित एवासौ विधिना पुरुषः । आलस्यादिनाऽनर्थित्वेन वा बहिःप्रवृत्तिपर्यन्ततया चेन्न प्रवर्तेत, मा प्रवर्तिष्ट । विधिना तु स्वकर्तव्यं कृतं, 'प्रवर्तितः अहम्' इति ज्ञानजननात् । अन्यो हि प्रवर्तनावगमः, अन्यश्च बाह्यो व्यापारः ।

216. 'સ્વર્ગ વગેરે ફળને દેખાડવામાં આવ્યું હોવા છતાં પુરુષ જો [ તેને માટે ] પ્રવૃત્તિ ન કરે, તો વિધિ શું કરે ?' એમ જે તમે કહ્યું તે યોગ્ય નથી, કારણ કે જેમ વાયુ વગેરે પ્રવર્તક છે તેમ વિધિ પુરુષનો પ્રવર્તક નથી. વાયુ વગેરે જ્ઞાનવાળાને અને જડને પણ પ્રવૃત્તિ કરવા પ્રેરે છે, પરંતુ વિધિ તો જ્ઞાનવાળાને જ પ્રવૃત્તિ કરવા પ્રેરે છે. જ્ઞાનવાળાને કરવામાં આવતી પ્રવૃત્તિ કરવાની પ્રેરણા તેનામાં 'મને પ્રવૃત્તિ કરવા પ્રેરણા કરાયેલી છે' એવા જ્ઞાનને ઉત્પન્ન કરવામાં જ પર્યવસાન પામે છે ફળને ન દેખાડતા વિધિ વડે જ્ઞાનવાળામાં આવું જ્ઞાન ઉત્પન્ન કરવું શક્ય નથી. તેને ફળ દેખાડવામાં આવતાં તરત જ તેનામાં આવું જ્ઞાન ઉત્પન્ન થઈ જાય છે. જો પ્રમાણરૂપ વિધિએ આ જ્ઞાન ઉત્પન્ન કર્યું તો તેણે આ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પુરુષને પ્રવૃત્તિ કરવા પ્રેરણા આપી જ (પ્રવૃત્ત કર્યો જ). આળસ કે અનર્થિત્વને કારણે બાહ્ય પ્રવૃત્તિ પર્યન્ત તે પુરુષ પ્રવૃત્તિ ન કરે તો ભલે ન કરો, વિધિએ તો પોતાનું કાર્ય કર્યું છે કારણ કે તેણે તો 'મને પ્રવૃત્તિ કરવા પ્રેરવામાં આવ્યો છે' એ જ્ઞાન તેનામાં ઉત્પન્ન કર્યું છે પ્રવૃત્તિ કરવા માટે જે પ્રેરણા કરવામાં આવે છે તે પ્રેરણારૂપ વ્યાપારનું (= પ્રવર્તનાનું) જ્ઞાન એ જુદી વસ્તુ છે અને બાહ્ય પ્રવૃત્તિ એ જુદી વસ્તુ છે.

217. एवं विधिवशादेव साध्यसाधनभावधीः ।
सा हि प्रथमनिर्वृत्तप्रेरणाज्ञानपूर्विका ॥

'यजेत' इति प्रेरणा प्रतीयमाना साध्यसाधनसम्बन्धमनवबोधयति विधौ न निर्वहतीति तत्कृतस्तदवबोध उच्यते । निषेधे 'न हन्यात्' इति निषेध्यमानस्य भावार्थस्यानर्थतामनवबोधयन् विधिर्न रागतः प्रवर्तमानं पुमांसं निरोद्धुमुत्सहते इति विधेयवन्निषेध्येऽपि तस्यैव व्यापार इत्यवश्याश्रयणीयो विधिः ।

217. આમ વિધિથી જ સાધ્યસાધનભાવનું જ્ઞાન થાય છે [અને] આ સાધ્યસાધનભાવના જ્ઞાન પહેલાં પ્રથમ પ્રેરણાનું જ્ઞાન ઉત્પન્ન થઈ ગયું હોય છે. 'यजेत' (='યજ્ઞ કરે') એમાંથી જણાતી પ્રેરણા, જ્યાં સુધી વિધિ સાધ્યસાધનસંબંધનું જ્ઞાન ન કરાવે ત્યાં સુધી નિર્વાહ પામતી નથી. એટલે પ્રેરણાના નિર્વાહ માટે સાધ્યસાધનસંબંધનું જ્ઞાન જરૂરી છે એમ કહેવામાં આવ્યું છે. 'न हन्यात्' (=હણવું ન જોઈએ) એ નિષેધમાં જેનો નિષેધ કરવામાં આવી રહ્યો છે તે ભાવાર્થ (=હનન)ની અનર્થતાને જણાવ્યા વિના વિધિ રાગથી તેમાં પ્રવૃત્તિ કરતા પુરુષને અટકાવવા ઉત્સાહિત થતો નથી. આમ વિધેય (=ભાવાર્થ યાગ)ની જેમ નિષેધ્ય (=ભાવાર્થ હનન)માં વિધિનો જ વ્યાપાર છે, એટલે વિધિનો આશરો અવશ્ય લેવો જોઈએ.

218. यश्चैष पर्यनुयोगः किमर्थं विधिराश्रित इति, स खलु सरलमतिकृत इव लक्ष्यते । न हि वयमद्यकृतं विधिमाश्रयेम जहीमो वा । प्रतिपत्तारो हि वयं वेदस्य, न कर्तारः । तत्र च सविधिकानि 'यजेत स्वर्गकामः' इति प्रभृतीनि वाक्यानि श्रूयन्ते । तेषां मीमांस्यमानोऽर्थ ईदृगवतिष्ठते—— स्वर्गः साध्यः, यागः साधनमिति । स चायं विधिसामर्थ्यलभ्य इति युक्तं विधेराश्रयणम् ।

218. 'શા માટે વિધિનો આશરો લો છો?' એવો આ જે પ્રશ્ન છે તે તો બુદ્ધિ વિનાનાએ જાણે પૂછ્યો હોય એમ લાગે છે. અમે અત્યારે કરવામાં આવેલી વિધિનો આશરો લેતા નથી કે તેને ત્યજતા નથી. અમે તો વેદના જ્ઞાતા છીએ, કર્તા નથી; અને ત્યાં 'यजेत स्वर्गकामः' વગેરે વિધિસહિતના વાક્યો અમે સાંભળીએ છીએ. તે વાક્યોના અર્થની મીમાંસા કરતાં આ પ્રમાણે સ્થિર થાય છે – સ્વર્ગ સાધ્ય છે અને યાગ સાધન છે; અને આ વિધિના સામર્થ્યથી લભ્ય છે. એટલે વિધિનો આશરો લેવો યોગ્ય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

219. यत्तु प्रवर्तकस्वरूपानिश्चयाद्विधेरनिश्चय इति तत्राप्युच्यते—फलं तावन्न प्रवर्तकं, सिद्धासिद्धविकल्पानुपपत्तेः । सिद्धस्य फलस्याप्रवर्तकत्वं सिद्धत्वादेव । न हि यद्यस्यास्ति, स तदर्थं यतते । नाप्यसिद्धस्य खरविषाणप्रख्यस्य फलस्य प्रवर्तकत्वं युक्तम्, अदृष्टत्वात् ।

अथ कामनाविषयीकृतं फलं प्रवर्तकमिष्यते, सेयं कामनैव प्रवर्तिकोक्ता भवति, न फलम् । तस्माद् रागादिः प्रवर्तक इत्याहुः । एतदपि न पेशलम्, उपजातप्रवृद्धतररागस्यापि काम्यमानोपायपरिच्छेदमन्तरेण प्रवृत्त्यनुपपत्तेः । न हि स्वर्गकामः सांग्रहिणीमनुतिष्ठति । तद्वरं श्रेयस्साधनत्वं प्रवर्तकम् । लोकेऽपि चैवमेव व्यवहारो दृश्यते । हरीतक्यादीनामारोग्यसाधनतां वैद्याचार्यचोदनातोऽवगत्य तदुपयोगादावातुरो जनः प्रवर्तते, तृप्तिसाधनतामोदनस्य मन्यमानः तद्भक्षणाय बुभुक्षितः प्रवर्तते इति श्रेयःसाधनत्वमेव प्रवर्तकम् । एतदपि न चतुरस्रम् । श्रेयःसाधनत्वं ह्यनवगतमवगतं वा प्रवर्तकं भवेत् ? नानवगतम्, अव्युत्पन्नस्य प्रवृत्तेरदर्शनात् । यो हि हरीतकीनामारोग्यहेतुतां न कुतश्चिदधिगतवान्, नासौ तदर्थ्यपि तामुपयुङ्क्ते । तस्मात् तद्बोधहेतुः प्रवर्तकः । स च दृष्टे विषयेऽन्वयव्यतिरेकादेरपि सम्भवति । किन्तु अदृष्टे तु विषये श्रेयःसाधनाधिगमः शब्दैकनिबन्धन इति तदधिगमोपायः शब्द एव प्रवर्तकः । अत एव शब्दोऽपि न स्वरूपमात्रेण प्रवर्तकः, वाय्वादितुल्यत्वप्रसङ्गात् । यदि पवन इव, पिशाच इव, कुनृप इव शब्दः प्रवर्तको भवेत्, अनवगतशब्दार्थसम्बधोऽपि श्रवणपरवशः प्रवर्तेत, न चैवमस्ति । तस्मादर्थप्रतीतिमुपजनयतः शब्दस्य प्रवर्तकत्वम् ।

219. પ્રવર્તકના સ્વરૂપનો નિશ્ચય થતો ન હોવાથી વિધિ એ શું એનો નિશ્ચય પણ થતો નથી એમ જે તમે કહ્યું તેનો ઉત્તર અમે આપીએ છીએ. ફળ પ્રવર્તક નથી કારણ કે સિદ્ધ ફળ પ્રવર્તક છે કે અસિદ્ધ ફળ પ્રવર્તક છે ? એ બે વિકલ્પોમાંથી એક પણ વિકલ્પ ઘટતો નથી સિદ્ધ ફળનું પ્રવર્તકત્વ ઘટતું નથી કારણ કે તે સિદ્ધ છે. જે વસ્તુ માણસ પાસે હોય તે વસ્તુને માટે માણસ પ્રયત્ન કરતો નથી. ગધેડાના શિંગડા જેવા અસિદ્ધ ફળનું પણ પ્રવર્તકત્વ યોગ્ય નથી, કારણ કે તેવું અસિદ્ધ ફળ કોઈએ દીઠું નથી. જો કહો કે કામનાનો વિષય બનેલું ફળ પ્રવર્તક છે એમ ઇચ્છવામાં આવ્યું છે, તો આ કામના જ પ્રવર્તક બને, ફળ નહિ. તેથી રાગ વગેરે પ્રવર્તક છે એમ કહેવામાં આવ્યું છે. રાગ વગેરે પ્રવર્તક છે એ મત પણ યોગ્ય નથી, કારણ કે જેનામાં રાગ ઘણો બધો વધી ગયો છે એવી વ્યક્તિ પણ પોતે જે વસ્તુને ઇચ્છતી હોય તે વસ્તુને મેળવવાના ઉપાયોને જાણ્યા વિના તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વસ્તુને માટે પ્રવૃત્તિ કરે એ ઘટતું નથી, સ્વર્ગની ઇચ્છા કરતી વ્યક્તિ સાંગ્રહણીયાગ કરતી નથી. તેથી રાગ કરતાં શ્રેયઃસાધનતાને પ્રવર્તક માનવી એ વધુ સારું છે. લોકમાં પણ આવો જ વ્યવહાર દેખાય છે. વૈદ્યાચાર્યના ઉપદેશથી હરડે વગેરેની આરોગ્યસાધનતા જાણીને તેમનો ઉપયોગ કરવામાં રોગી માણસ (અર્થાત્ આરોગ્યને ઇચ્છતો માણસ) પ્રવૃત્ત થાય છે. એટલે શ્રેયઃસાધનતા જ પ્રવર્તક છે. આ મત પણ બરાબર નથી. જ્ઞાત શ્રેયઃસાધનતા પ્રવર્તક છે કે અજ્ઞાત શ્રેયસાધનતા ? અજ્ઞાત શ્રેયઃસાધનતા પ્રવર્તક બનતી નથી, કારણ કે શ્રેયઃસાધનતાને ન જાણતી વ્યક્તિ પ્રવૃત્તિ કરતી દેખાતી નથી. હરડે આરોગ્યનું સાધન છે એ કોઈકની પાસેથી જે જાણી લેતો નથી તે આરોગ્યને ઇચ્છતો હોવા છતાં હરડેનો ઉપયોગ કરતો નથી. તેથી શ્રેયઃસાધનતાના જ્ઞાનનો જે ઉપાય છે તે પ્રવર્તક છે. [કામનાના] દૃષ્ટ વિષયની બાબતમાં, તેની સાધનતાના જ્ઞાનનો ઉપાય અન્વય-વ્યતિરેક વગેરે પણ સંભવે છે; પરંતુ [કામનાના] અદૃષ્ટ વિષયની બાબતમાં, તેની સાધનતાનું જ્ઞાન એકલા શબ્દ દ્વારા જ થાય છે, એટલે શ્રેયઃસાધનતાના જ્ઞાનનો ઉપાય શબ્દ જ પ્રવર્તક છે. તેથી જ શબ્દ પણ પોતાના સ્વરૂપમાત્રથી પ્રવર્તક નથી. જો તે પોતાના સ્વરૂપમાત્રથી પ્રવર્તક હોય તો વાયુ વગેરે પ્રવર્તક તુલ્ય તે બની જવાની આપત્તિ આવે. જો પવનની જેમ, પિશાચની જેમ, કુનૃપની જેમ શબ્દ સ્વરૂપમાત્રથી પ્રવર્તક હોય તો શબ્દાર્થસંબંધ ન જાણનારો પણ શબ્દ સાંભળતાં પરવશ બની પ્રવૃત્તિ કરવા માંડે, પરંતુ એવું થતું નથી. તેથી અર્થની પ્રતીતિ જન્માવીને જ શબ્દ પ્રવર્તક બને છે.

220. न च नाम वर्तमानोपदेशकाख्यातात् पदार्थप्रतीतौ सत्यां सप्रत्ययो प्रवर्तमानः कश्चिद् दृश्यते इति लिङादिरेव शब्दः प्रवर्तनाभिधानद्वारेण प्रवर्तको भवितुमर्हति । शब्दस्य च ज्ञापकत्वात् चक्षुरादिकारकवैलक्षण्ये सत्यपि प्रतीतिजन्मनि करणत्वमपरिहार्यम् । करणं च कारकं, कारकं च न निर्व्यापारं स्वकार्यनिर्वृत्तिक्षममिति व्यापारस्तस्यावश्यम्भावी । लिङादेः शब्दस्य न प्रतीतिजन्ममात्रो व्यापारः, किन्तु पुरुषप्रवृत्तावपि, तथावगमात् । लिङा अर्थावगमे सति प्रवृत्तिर्दृश्यते इति तत्रापि लिङ्व्यापारः प्रभवति । स चायं लिङादिव्यापारः शब्दभावनानामधेयो विधिरित्युच्यते । स एव च प्रवर्तकः ।

220. વર્તમાનનો ઉપદેશ કરનાર આખ્યાતમાંથી પદ અને તેના અર્થની પ્રતીતિ થતાં જ્ઞાનવાળો કોઈ પણ પુરુષ પ્રવૃત્તિ કરતો દેખાતો નથી, એટલે લિઙ્ આદિ શબ્દ જ પ્રવર્તના (=પ્રેરણા)નું અભિધાન કરીને તે દ્વારા પ્રવર્તક બનવા લાયક છે. શબ્દ જ્ઞાપક હોવાથી, તે ચક્ષુ વગેરે કારકોથી વિલક્ષણ છે છતાં પણ અર્થની પ્રતીતિની ઉત્પત્તિમાં શબ્દનું કરણત્વ અપરિહાર્ય છે. કરણ પોતે કારક છે અને કારક વ્યાપાર કર્યા વિના પોતાનું કાર્ય પાર પાડવા સમર્થ નથી એટલે તે કરણનો (=શબ્દનો) વ્યાપાર અવશ્ય થવાનો જ. અને લિઙ્ આદિ શબ્દનો વ્યાપાર અર્થની પ્રતીતિ ઉત્પન્ન કરવામાં જ નથી પરંતુ પુરુષની પ્રવૃત્તિમાં પણ છે, કારણ કે તેવું જણાય છે. લિઙ્ દ્વારા અર્થનું જ્ઞાન થતાં પ્રવૃત્તિ દેખાય છે એટલે ત્યાં પ્રવૃત્તિમાં પણ લિઙ્નો વ્યાપાર જણાય છે. આ લિઙ્ આદિ શબ્દનો વ્યાપાર, જેનું નામ શબ્દભાવના છે, તેને વિધિ કહેવામાં આવે છે. તે જ પ્રવર્તક છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

221. इह हि लिङादियुक्तेषु वाक्येषु द्वे भावने प्रतीयेते—शब्दभावना अर्थभावना चेति ।

तत्रार्थभावना तावद्धात्वर्थातिरिक्तप्रयोजकव्यापारात्मिका दर्शितैव । यो भवनक्रियाकर्तृविषयः प्रयोजकव्यापारः पुरुषस्थः, यत्र भवनक्रियायाः कर्ता स्वर्गादिः कर्मतामापद्यते, सोऽर्थभावनाशब्देनोच्यते व्याख्यातश्चासौ ।

यस्तु शब्दगतः प्रयोजकव्यापारः, यत्र पुरुषप्रवृत्तिः साध्यतां प्रतिपद्यते, सा शब्दभावना । तथा ह्युक्तम् 'अभिधाभावनामाहुरन्यामेव लिङादयः' [तन्त्रवा० २.१.१]इति ।

लिङन्तशब्दश्रवणे हि यथा यज्याद्यवच्छिन्नं स्वव्यापारं पुरुषोऽधिगच्छति तथा 'तदनुष्ठाने प्रेरितोऽहम्' इत्यपि प्रतिपद्यते । तेनानुष्ठेयार्थप्रतिपादने इव प्रेरणायामपि शब्दस्य सामर्थ्याद् भावनाद्वयप्रतिपादकं लिङादियुक्तं वाक्यमिष्यते ।

ततः पुरुषव्यापारश्चार्थभावना शब्दव्यापारश्च शब्दभावनाऽवगम्यते । शब्दव्यापारात्मकत्वाच्च शब्दभावना शब्देनाभिधीयते, अनवगता च सती न कार्याङ्गमिति शब्देन साऽभिधीयतेऽपि । तदुक्तम् "अभिधत्ते करोति च" इति ।

221. અહીં લિઙ્ આદિ યુક્ત વાક્યોમાં બે ભાવના દેખાય છે – શબ્દભાવના અને અર્થભાવના. તેમાં, ધાત્વર્થ ( = ભાવાર્થ, યાગકર્મ )થી અતિરિક્ત એવો [ ઉત્પાદ્ય સ્વર્ગના ] પ્રયોજકનો ( =ઉત્પાદકનો વ્યાપાર ( = પ્રવૃત્તિ = કૃતિ એ જેનું સ્વરૂપ છે તે અર્થભાવનાને તો અમે દર્શાવી – સમજાવી – ગયા જ છીએ. ભવનક્રિયાનો કર્તા ( =સ્વર્ગ વગેરે જેનો વિષય ( = કર્મ ) છે એવો પ્રયોજકનો (=સ્વર્ગના ઉત્પાદકનો જે વ્યાપાર પુરુષગત છે તે, અર્થાત્ જે વ્યાપારમાં ભવનક્રિયાનો સ્વર્ગ વગેરે કર્તા કર્મ બને છે તે વ્યાપાર અર્થભાવના શબ્દથી ઓળખાય છે. તેની સમજૂતી અમે આપી ગયા છીએ. [ 'स्वर्गकामः यजेत' આ વાક્યમાં જે यजेत છે તેમાં ધાત્વર્થ યાગકર્મ છે. આખ્યાતત્વ સામાન્યથી અર્થાત્ લકારથી જે પ્રાપ્ત છે તે છે પુરુષપ્રવૃત્તિ. આમ અહીં જે કરોત્યર્થ છે તે પુરુષપ્રવૃત્તિ છે. 'स्वर्गकामः यजेत' ( = 'સ્વર્ગેચ્છુક યજે' નો ખરો અર્થ છે 'यागेन स्वर्गं भावयेत्' ( = 'યાગ વડે સ્વર્ગને કરે' ) અહીં ભવનક્રિયા ( = થવાની ક્રિયા—becoming ) સ્વર્ગમાં થાય છે, અર્થાત્ ભવનક્રિયાનો કર્તા સ્વર્ગ છે ( स्वर्गः भवति, સ્વર્ગ થાય છે.) પરંતુ પુરુષપ્રવૃત્તિ ( = 'करोति–કરે છે' ) જે પુરુષમાં છે તેનું તો સ્વર્ગ કર્મ છે. અર્થાત્ સ્વર્ગ તો પુરુષપ્રવૃત્તિનું કર્મ છે એટલે જ કહ્યું છે કે ભવનક્રિયાનો કર્તા જેનો વિષય છે તે પુરુષવ્યાપાર ( = પુરુષપ્રવૃત્તિ ), અર્થાત્ ભવનક્રિયાનો સ્વર્ગ વગેરે કર્તા જેનું કર્મ બને છે તે પુરુષવ્યાપાર, આર્થીભાવના છે. ] પરંતુ જે પ્રયોજકવ્યાપાર ( = ઉત્પાદકવ્યાપાર ) [ પુરુષગત નથી પણ ] શબ્દગત છે અને સાથે સાથે જે પ્રયોજકવ્યાપારમાં પુરુષપ્રવૃત્તિ કર્મ બને છે તે પ્રયોજકવ્યાપાર શબ્દભાવના છે. એટલે જ કહેવામાં આવ્યું છે કે લિઙ્ આદિ શબ્દો બીજી ભાવનાને જણાવે છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જેનું નામ છે અભિધાભાવના ( = શાબ્દીભાવના ). લિડ઼ન્ત શબ્દને ( = યજેત શબ્દને ) સાંભળતાં જેમ યાગ આદિ સાધનથી વિશિષ્ટ એવા પોતાના વ્યાપારને પુરુષ જાણે છે તેમ 'યાગરૂપ સાધનના અનુષ્ઠાનમાં મને પ્રેરવામાં આવ્યો છે' એ પણ તે જાણે છે. તેથી જેમ અનુષ્ઠેય અર્થના પ્રતિપાદનમાં શબ્દનું સામર્થ્ય છે તેમ પ્રેરણામાં પણ શબ્દનું સામર્થ્ય છે. પરિણામે લિડ઼ આદિ યુક્ત વાક્ય એ ભાવનાઓનું પ્રતિપાદક છે એમ સ્વીકારવામાં આવ્યું છે. તે વાક્યમાંથી પુરુષવ્યાપારરૂપ અર્થભાવના અને શબ્દવ્યાપારરૂપ શબ્દભાવના જ્ઞાત થાય છે. શબ્દવ્યાપારરૂપ હોઈ, શબ્દભાવના શબ્દ વડે અભિહિત થાય છે. શબ્દભાવના અજ્ઞાત હોય તો તે કાર્યાંગ બનતી નથી, એટલે શબ્દ વડે તેનું અભિધાન ઇચ્છવામાં આવ્યું છે. એટલા માટે કહ્યું છે કે 'શબ્દ શબ્દભાવનાને ( = પ્રેરણાને, જે શબ્દવ્યાપારરૂપ છે ) અભિહિત કરે છે અને ઉત્પન્ન પણ કરે છે'.

222. ननु शब्दभावनाऽपि भावनाऽऽत्मकत्वादर्थभावनावदंशत्रयमपेक्षत एवेति तदस्या दर्शयितव्यम् । उच्यते । भाव्यांशे तावदस्याः पुरुषप्रवृत्तिरुपनिपततीति उक्तमेव । पुरुषप्रेरणात्मको हि विधिः शब्दभावनेति तत्साध्या पुरुषप्रवृत्तिरेव तत्र भाव्यतां प्रतिपद्यते । करणांशे तु तस्या नियोज्यविषयसमर्पकपदव्यापारो निविशते । यथा हि यज्यादिना स्वर्गादिर्भाव्यः सम्पद्यते इत्यर्थभावनायामसौ तत्करणतामवलम्बते, एवमिहापि नियोज्यपुरुषप्रवृत्तिविषयाद्यवगमात् संपद्यते इति तदभिधायकशब्दव्यापारस्तत्र करणतां प्रतिपद्यते । इतिकर्तव्यतांशे तु अर्थवादपदव्यापारोऽस्या अवतिष्ठते । केवलं विधिपदश्रवणे हि सति न तथा प्रवर्तयितुमुत्सहन्ते श्रोतारो यथा अर्थवादजनितबहुप्रकारकर्मप्राशस्त्यज्ञानपरितोषितहृदयाः सन्त इत्यर्थवादाः प्रवृत्त्यतिशयहेतवः । तेन तद्व्यापार इतिकर्तव्यतांशमस्याः पूरयतीति । एवं नियोज्यव्यापारो भाव्यः, विषयादिसमर्पकपदव्यापारः करणम्, अर्थवादपदव्यापार इतिकर्तव्यतेति सेयं त्र्यंशा शब्दभावना । सैव च विधिः ।

222. શંકાકાર—શબ્દભાવના પણ ભાવનાત્મક હોઈ, અર્થભાવનાની જેમ ત્રણ અંશોની અપેક્ષા રાખે જ, એટલે એના ત્રણ અંશો દર્શાવવા જોઈએ.

ભાવનાવાક્યાર્થવાદી — અમે જણાવીએ છીએ. તેના ભાવ્યાંશમાં ( = સાધ્યાંશમાં ) પુરુષપ્રવૃત્તિ પડે છે એ તો અમે જણાવી દીધું છે જ. પુરુષપ્રેરણાત્મક વિધિ શબ્દભાવના છે, એટલે શબ્દભાવના વડે સાધ્ય પુરુષપ્રવૃત્તિ જ શબ્દભાવનામાં ભાવ્યતા ( = સાધ્યતા ) પામે છે. શબ્દભાવનાના કરણાંશમાં ( = સાધનાંશમાં ) પડે છે નિયોજ્ય પુરુષની પ્રવૃત્તિના વિષયનું ( = આજ્ઞાનું ) પ્રતિપાદન કરતા પદનો ( = લિડ઼ આદિનો ) વ્યાપાર. જેમ યાગ વગેરે વડે સ્વર્ગ આદિ સાધ્યનું સંપાદન કરવામાં આવે છે એટલે અર્થભાવનામાં એ યાગ વગેરે સ્વર્ગ આદિનું સાધનપણું ( = કરણતા ) પામે છે, તેમ અહીં પુરુષપ્રવૃત્તિના વિષય (=આજ્ઞા)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વગેરેના જ્ઞાન દ્વારા નિયોજ્ય પુરુષની પ્રવૃત્તિનું સંપાદન કરવામાં આવે છે એટલે તે વિષય (= આજ્ઞા) વગેરેનું અભિધાન કરનાર શબ્દનો (લિઙ્ આદિનો) વ્યાપાર સાધનપણું (= કરણતા) પામે છે. શબ્દભાવનાના કથંભાવાંશમાં (= ઇતિકર્તવ્યતાંશમાં) અર્થવાદપદનો વ્યાપાર સ્થિર થઈ રહેલ છે. કેવળ વિધિપદનું શ્રવણ થતાં શ્રોતા પ્રવૃત્તિ કરવા એટલો ઉત્સાહિત થતો નથી જેટલો કર્મની અનેક પ્રકારે અર્થવાદે કરેલ પ્રશસ્તિના, અર્થવાદે જન્માવેલા જ્ઞાનથી બરાબર સંપૃક્ત થયેલા મનવાળો શ્રોતા પ્રવૃત્તિ કરવા ઉત્સાહિત થાય છે. તેથી અર્થવાદપદનો વ્યાપાર શબ્દભાવનાના ઇતિકર્તવ્યાંશને પૂરે છે. આમ નિયોજ્ય પુરુષનો વ્યાપાર (= પ્રવૃત્તિ, કૃતિ) એ સાધ્ય છે, વિષય (= આજ્ઞા) વગેરેનું પ્રતિપાદન કરનાર પદનો વ્યાપાર (લિઙ્ આદિ પદનો વ્યાપાર) સાધન છે, અને અર્થવાદપદનો વ્યાપાર ઇતિકર્તવ્યતા છે, એટલે આ શબ્દભાવના પણ ત્રણ અંશોવાળી છે. અને આ શબ્દભાવના તે જ વિધિ છે.

[લૌકિક વાક્ય લઈ આ વિષય સમજીએ. શેઠ નોકરને પાણી લાવવા આજ્ઞા કરે છે– 'जलम् आनय' (='પાણી લાવ'). એ સાંભળી નોકરને જ્ઞાન થાય છે કે શેઠ મને પાણી લાવવા પ્રેરે છે. અર્થાત્ શેઠગત પ્રેરણા નામના વ્યાપારનું જ્ઞાન નોકરને થાય છે. આવું જ્ઞાન નોકરને થવાથી તે પાણી લાવવા માટે પ્રવૃત્તિ કરે છે અન્વય-વ્યતિરેકને આધારે નિશ્ચય થાય છે કે પ્રેરણાજ્ઞાન પ્રવૃત્તિનું કારણ છે. પ્રસ્તુત ઉદાહરણમાં, જલપદનું, અમ્‌વિભક્તિનું (દ્વિતીયા વિભક્તિનું) કે આપૂર્વક ની (આ+ની) ધાતુનું શ્રવણ કરવાથી આ પ્રેરણાજ્ઞાન ઉત્પન્ન થતું નથી પરંતુ લિઙ્ (=વિધ્યર્થ), લોટ્ (આજ્ઞાર્થ) વગેરેનું શ્રવણ કરવાથી જ ઉત્પન્ન થાય છે એમ માનવું જોઈએ. કારણ કે 'जलं आनयति' (='પાણી લાવે છે') એ વાક્યમાં જલપદ, અમ્‌વિભક્તિ આ+ની ધાતુ હોવા છતાં તેઓનું શ્રવણ કરવાથી પ્રેરણાજ્ઞાન ઉત્પન્ન થતું નથી જ્યારે 'जलम् आनय' જેવાં લિઙ્ લોટ્ આદિ ધરાવતા વાક્યો સાંભળવાથી પ્રેરણાજ્ઞાન ઉત્પન્ન થાય છે નિષ્કર્ષ એ કે લિઙ્, લોટ્‌ના જ્ઞાનની સાથે પ્રેરણાજ્ઞાનનો અન્વય–વ્યતિરેક હોઈ લિઙ્ લોટ્ દ્વારા પ્રેરણા વાચ્ય છે એટલે કે લિઙ્, લોટ્‌ની પ્રેરણામાં શક્તિ છે એમ નિશ્ચિત થાય છે.

ઉપરાંત, લિઙ્ આખ્યાત સામાન્ય તરીકે (લકાર તરીકે) પ્રવૃત્તિનો પણ વાચક છે. 'आनय' એ સાંભળવાથી સાંભળનાર નોકરને 'આનયનરૂપ ફળનું કારણ પ્રવૃત્તિ છે અને પ્રવૃત્તિરૂપ ફળનું કારણ પ્રેરણારૂપ વ્યાપાર છે' એવું જ્ઞાન થાય છે તેમાં, આ+ની ધાતુથી તો આનયન જ જણાય છે એટલે બાકી રહેલા અર્થ પ્રવૃત્તિવ્યાપાર તથા પ્રેરણાવ્યાપારને જણાવનાર પ્રત્યયાંશ જ હોય. લિઙ્ તરીકે પ્રત્યયાંશથી વાચ્ય જે ઉક્ત પ્રેરણા નામનો વ્યાપાર તે જ વિધિ કહેવાય છે જ્યારે આખ્યાત સામાન્ય તરીકે (=લકાર તરીકે પ્રત્યયાંશથી વાચ્ય પ્રવૃત્તિ નામનો વ્યાપાર કૃતિ કહેવાય છે પ્રવૃત્તિ (=કૃતિ) પ્રેરણાનુ ફળ છે. પ્રસ્તુત ઉદાહરણમાં બે પુરુષો છે–શેઠ અને નોકર. શેઠમાં પ્રેરણારૂપ વ્યાપાર છે અને નોકરમાં પ્રવૃત્તિરૂપ વ્યાપાર છે. પ્રેરણારૂપ વ્યાપારનું ફળ પ્રવૃત્તિરૂપ વ્યાપાર છે અને પ્રવૃત્તિરૂપ વ્યાપારનું ફળ આનયન છે. પ્રેરણાવ્યાપાર જેનામાં હોય તેને પ્રવર્તક કહેવામાં આવે છે. પ્રવૃત્તિ રૂપ વ્યાપાર જેનામાં હોય તેને પ્રયોજ્ય કહેવામાં આવે છે. પ્રેરણાવ્યાપારને પ્રવર્તનાવ્યાપાર પણ કહેવામાં આવે છે. 'जलम् आनय' અહીં લાવનાર નોકર લાવવા માટે પ્યાલો, ટ્રે વગેરેનો સાધન તરીકે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપયોગ કરે છે જ્યારે લાવવા પ્રેરનાર શેઠ નોકરમાં જલાનયન માટે પ્રવૃત્તિ ઉત્પન્ન કરવા સાધન તરીકે લિઙ્ આદિના જ્ઞાનનો ઉપયોગ કરે છે, મતલબ કે લિઙ્ આદિ શબ્દઘટિત વાક્ય સંભળાવી લિઙ્‌નું જ્ઞાન કરાવી નોકરમાં (પ્રેષ્ય પુરુષમાં પ્રવૃત્તિને પેદા કરે છે. પાણી લાવનાર નોકર ફ્રીજ પાસે જવું, તેને ઉઘાડવું, તેમાંથી ઠંડા પાણીનો બાટલો લેવો, પ્યાલામાં ઠંડુ પાણી રેડવું વગેરે રીતને અપનાવે છે જ્યારે પ્રેરણા કરનાર શેઠ 'પાણી લાવવું જરૂરી છે' એવું પ્રાશસ્ત્યજ્ઞાન નોકરને થાય એવી રીત અપનાવે છે.

ઉત્પદ્યમાન ફળની ઉત્પત્તિનો જનક એવો ઉત્પાદકનો વ્યાપાર ભાવના કહેવાય છે. આથી, ઉત્પદ્યમાન પ્રવૃત્તિની ઉત્પત્તિનો જનક એવો ઉત્પાદકનો (અહીં ઉત્પાદક પ્રવર્તક= પ્રવર્તયિતા છે) પ્રેરણા નામનો વ્યાપાર ભાવના કહેવાય. તે જ રીતે ઉત્પદ્યમાન આનયનરૂપ ફળની ઉત્પત્તિનો જનક એવો ઉત્પાદકનો ( અહીં ઉત્પાદક નિયોજ્ય પુરુષ છે ) પ્રવૃત્તિરૂપ વ્યાપાર પણ ભાવના કહેવાય. આમ પ્રેરણાવ્યાપાર અને પ્રવૃત્તિવ્યાપાર બંને ભાવના કહેવાય.

હવે આ જ પ્રમાણે 'ज्योतिष्टोमेन स्वर्गकामो यजेत' વગેરે વૈદિક વાક્યો લો. અહીં 'यजेत'માં यज् ધાતુ ઉપરનો જે त પ્રત્યય છે તે લિઙ્ તરીકે પ્રેરણાનો વાચક છે તથા તે જ त પ્રત્યય લકાર ( = આખ્યાત સામાન્ય ) તરીકે પ્રેરણાજન્ય પ્રવૃત્તિનો વાચક છે. પરંતુ લોકમાં અને વેદમાં ફરક આટલો જ છે કે લોકમાં 'जलम् आनय' જેવા લૌકિક વાક્યોનો પ્રયોક્તા પુરુષ હોવાથી પ્રેરણાવ્યાપાર પ્રવર્તક પુરુષમાં હોય છે, 'जलम् आनय' એ વાક્યનો પ્રયોક્તા પુરુષ ( = શેઠ ) જ પ્રવર્તક છે; લોકમાં પ્રેરણારૂપ વ્યાપાર વાક્યપ્રયોક્તા પુરુષમાં છે, જ્યારે વેદમાં 'ज्योतिष्टोमेन स्वर्गकामो यजेत' જેવાં વૈદિક વાક્યોનો પ્રયોક્તા પુરુષ ન હોવાથી, અર્થાત્ વેદ અનાદિ હોઈ અપૌરુષેય હોવાથી, લિઙ્ આદિ શબ્દમાં જ પ્રેરણારૂપ વ્યાપારને તાદાત્મ્યસંબંધથી અભિધારૂપે મીમાંસકો સ્વીકારે છે. આથી આ પ્રેરણારૂપ વ્યાપારને તેઓ શાબ્દી ભાવના તરીકે ઓળખે છે. આખ્યાત સામાન્ય તરીકે લિઙ્‌થી વાચ્ય પુરુષપ્રવૃત્તિ, જે શબ્દભાવનાજન્ય ( = પ્રેરણાખ્ય વ્યાપારજન્ય છે, તેને તેઓ આર્થીભાવના કહે છે, કારણ કે તે અર્થ( = પ્રયોજન ને લઈ થનારી હોય છે. પ્રયોજનની ઇચ્છાથી પેદા થએલો ક્રિયાવિષયક એક પ્રકારનો જે વ્યાપાર તે આર્થી ભાવના કહેવાય. 'स्वर्गकामो यजेत'માં પ્રયોજન સ્વર્ગરૂપ ફળ છે. તે સ્વર્ગની ઇચ્છાથી ( = રાગથી ) પેદા થયેલો સ્વર્ગરૂપ ફળનું સાધન એવી યાગાદિક્રિયા જેનું કર્મ ( = વિષય ) છે એવો પુરુષપ્રવૃત્તિરૂપ વ્યાપાર તે આર્થીભાવના. જો કે શાબ્દી ભાવનાને ( = પ્રેરણાવ્યાપારને ) પણ પ્રવૃત્તિરૂપ પ્રયોજન ( = ફળ ) છે છતાં જે સુખરૂપ હોય તે જ મુખ્ય ફળ ગણાય, નહીં કે તેનાં સાધનો પણ; એ દૃષ્ટિએ સુખરૂપ સ્વર્ગાદિ ફળની જનક પ્રવૃત્તિને જ તેઓ 'અર્થભાવના' શબ્દથી ઓળખે છે. અથવા, પુરુષ વગેરે અર્થમાં રહેતી હોવાથી પ્રવૃત્તિ આર્થીભાવના તરીકે ઓળખાય છે.

ભાવના સાધ્ય, સાધન અને ઇતિકર્તવ્યતા એ ત્રણ અંશોથી યુક્ત હોય છે આથી, 'ज्योतिष्टोमेन स्वर्गकामो यजेत' એ ઠેકાણે શબ્દભાવના નીચે પ્રમાણે ત્રણ અંશોથી યુક્ત છે. પુરુષપ્રવૃત્તિરૂપ અર્થભાવના સાધ્ય તરીકે, લિઙ્ આદિનું જ્ઞાન સાધન તરીકે અને અર્થવાદથી જન્ય પ્રાશસ્ત્યજ્ઞાન ઇતિકર્તવ્યતા તરીકે શબ્દભાવના સાથે અન્વિત થાય છે. તે જ રીતે આ જ વાક્યમાં અર્થભાવના પણ ત્રણ અંશોથી યુક્ત છે. સ્વર્ગ સાધ્ય તરીકે, યાગ સાધન તરીકે અને પ્રયાજ વગેરે અંગસમૂહ ઇતિકર્તવ્યતા તરીકે અર્થભાવના સાથે અન્વિત થાય છે. ]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

223. न च विधेर्वाक्यार्थानन्वयलक्षणो दोष आशङ्कनीयः, एकप्रत्ययोपादानलक्षणया प्रत्यासत्त्या तदन्वितत्वावगमात्, आहुश्च —

विधिभावनयोस्त्वेकप्रत्ययग्राह्यताकृतः ।

धात्वर्थात् प्रथमं तावत् सम्बन्धोऽध्यवसीयते ।। इति [श्लो०वा०वाक्या०७९]

विधिर्भावनायां पुरुषं नियुङ्क्ते । यथाऽऽह—

स्वव्यापारे हि पुरुषः कर्तृत्वेन नियुज्यते इति । [तन्त्रवा० २.१.१ ]

223. વિધિનો (= પ્રેરણાવ્યાપારનો શબ્દભાવનાનો) વાક્યાર્થ (આર્થીભાવના) સાથે અન્વયસંબંધ ઘટતો નથી એવો દોષ કલ્પવો જોઈએ નહિ, કારણ કે એક પ્રત્યય દ્વારા તેમનું ગ્રહણ થવારૂપ પ્રત્યાસત્તિને (= સામીપ્યને) લીધે વિધિનું ભાવના[1] સાથે અન્વિત હોવાપણું જણાય છે. કહેવામાં પણ આવ્યું છે કે વિધિ અને ભાવના બંને એક પ્રત્યય વડે ગ્રાહ્ય હોવાને લીધે, ધાત્વર્થનો ભાવના સાથે અન્વય થાય તે પહેલાં વિધિનો ભાવના સાથે અન્વયસંબંધ નિશ્ચિત થાય છે વિધિ (= લિઙ્ = પ્રેરણાવ્યાપાર) ભાવનામાં (= પ્રવૃત્તિમાં = કૃતિમાં) પુરુષને નિયુક્ત કરે છે, જોડે છે, પ્રેરે છે; જેમકે, કહ્યું છે કે 'પોતાના વ્યાપારમાં કર્તા તરીકે પુરુષ વિધિ વડે નિયુક્ત કરાય છે, જોડાય છે, પ્રેરાય છે.'

224. तयोः कथमन्वयः स्यात् ? ।

ननु च त्वयैवोक्तं धात्वर्थात् पूर्वतरं तावद् भावनाया विधेश्च सम्बन्धोऽवगम्यते । एकपदोपादानेऽपि धात्वर्थस्तावत् प्रकृत्यंशाभिधेयः । विधिभावने तु द्वे अपि प्रत्ययांशेनाभिधीयेते इति । अतश्च स्वच्छैव भावना विधिना स्पृश्यते, न विषयानुरक्ता । स्वच्छा च न प्रयोगयोग्या भवति । या च फलकरणेतिकर्तव्यतांशपरिपूर्तिप्रस्थिता प्रयोगयोग्या, न तां विधिः स्पृष्टवान् । अविधिस्पृष्टेषु च धात्वर्थकारकादिषु किमिति सचेताः पुरुषः प्रवर्तेतेति ? ।

**224.** શંકાકાર—તેમનો (= વિધિ અને ભાવનાનો) અન્વય કેવી રીતે થાય ? તમે જ કહ્યું છે કે ધાત્વર્થનો ભાવના સાથે સંબંધ થાય તે પહેલાં ભાવનાનો અને વિધિનો સંબંધ જ્ઞાત થાય છે. એક પદમાં હોવા છતાં ધાત્વર્થ તો પ્રકૃત્યંશથી અભિહિત થાય છે, પરંતુ વિધિ અને ભાવના બંને પ્રત્યયાંશથી અભિહિત થાય છે. [ધાત્વર્થ કરતાં વિધિ ભાવનાની વધુ સમીપ હોઈ વિધિનો ભાવના સાથે વહેલો સંબંધ થાય છે, પછી જ ધાત્વર્થનો ભાવના સાથે સંબંધ થાય છે.] તેથી, તદ્દન સ્વચ્છ (= ધાત્વર્થથી ન રંગાયેલી) ભાવના

1 જ્યારે વિધિ અને ભાવના એ બે શબ્દો પ્રયુક્ત થયા હોય ત્યારે ભાવનાથી આર્થીભાવના સમજવી, કારણ કે વિધિ શબ્દ શાબ્દીભાવના માટે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિધિ વડે સ્પર્શાય છે, વિષય( યાગ ધાત્વર્થ )થી રંગાયેલી ભાવના વિધિ વડે સ્પર્શાતી નથી. ધાત્વર્થ ( વિષય—યાગ )થી ન રંગાયેલી સ્વચ્છ ભાવના ( = પુરુષપ્રવૃત્તિ=કૃતિ ) પ્રયોગને યોગ્ય નથી. [ વિષય વિનાની પ્રવૃત્તિ થવી શક્ય જ નથી. ] ફળ ( = સ્વર્ગ ), કરણ =યાગ) અને ઇતિકર્તવ્યતા ( = પ્રયાજ આદિ ) આ ત્રણ અંશોથી પરિપૂર્ણ બનેલી ભાવના ( = પુરુષપ્રવૃત્તિ ) પ્રયોગને યોગ્ય છે, પણ તેમને તો વિધિ સ્પર્શ્યો નથી. વિધિ જેને સ્પર્શ્યો નથી એવા ધાત્વર્થ અને કારકો હોય ત્યારે શું સચેતન પુરુષ પ્રવૃત્તિ કરે ? [ન જ કરે.]

225. उच्यते । यद्यपि विधिरनधिगतधात्वर्थानुरागतया स्वच्छामेव भावनामेकाभिधानत्वात् प्रथममाक्रामति, तथापि तादृशि तस्यां सप्रत्ययप्रवर्तनात्मकनिजस्वरूपनिर्वहणमलभमानो न तावत्येव विरमति, किन्तु परिणीतबालकन्यको वर इव तावद्विलम्बमानः प्रसारितहस्त आस्ते यावत् सर्वाङ्गसुन्दरी प्रयोगयोग्या भावना भवति । आह च—

यद्यप्यंशैरसंस्पृष्टां विधिः स्पृशति भावनाम् ।
तथाप्यशक्तितो नासौ तन्मात्रे पर्यवस्यति ॥
अनुष्ठेये हि विषये विधिः पुंसां प्रवर्तकः ।
अंशत्रयेण चापूर्णां नानुतिष्ठति भावनाम् ॥
तस्मात् प्रक्रान्तरूपोऽपि विधिस्तावत् प्रतीक्षते ।
यावद्योग्यत्वमापन्ना भावनाऽन्यानपेक्षिणी ॥ इति ।

[श्लो॰ वा॰ वाक्या॰ २७४-२७६ ]

225. ભાવનાવાક્યાર્થવાદી—આનો ઉત્તર અમે આપીએ છીએ. ભાવના અને વિધિ બન્નેનું અભિધાન એકથી અર્થાત્ એક પ્રત્યયથી થતું હોવાને કારણે ધાત્વર્થનો (=પ્રવૃત્તિના વિષયનો, યાગનો ) અનુરાગ પ્રાપ્ત ન કર્યો હોવાથી સ્વચ્છ જ રહેલી ભાવના પાસે સૌપ્રથમ વિધિ જાય છે, તેમ છતાં સચેતન પુરુષને પ્રવૃત્તિમાં પ્રેરવા રૂપ પોતાના સ્વરૂપનું નિર્વહણ તેવી ( = સ્વચ્છ ) ભાવનામાં ન પામતો તે વિધિ તેટલા માત્રથી અટકી જતો નથી, પરંતુ બાળકન્યાને પરણેલા વરની જેમ ત્યાં સુધી હાથ પહોળા કરી ઊભો રહે છે જ્યાં સુધી ભાવના પ્રયોગને માટે યોગ્ય એવી સર્વાંગસુંદરી ન બને. અને કહ્યું પણ છે કે જો કે ત્રણ અંશોથી અસંસ્પૃષ્ટ એવી ભાવનાને વિધિ સ્પર્શ કરે છે, તેમ છતાં સ્પર્શમાત્રમાં જ અશક્તિને કારણે અટકી જતો નથી. અનુષ્ઠેય વિષયમાં ( = યાગમાં ) જ પુરુષને પ્રવૃત્તિ કરવા વિધિ પ્રેરે છે છતાં જ્યાં સુધી ભાવના ( = પ્રવૃત્તિ ) અંશત્રયથી પૂર્ણ ન બને ત્યાં સુધી ભાવનાને ( = પ્રવૃત્તિને ) વિધિ પ્રયોગ માટે ફરજ પાડતો નથી તેથી, સ્વચ્છ ભાવનાને સ્પર્શવા રૂપ પ્રક્રમ કરનારો વિધિ ત્યાં સુધી પ્રતીક્ષા કરે છે જ્યાં સુધી ભાવના બીજા કોઈની અપેક્ષા ન રાખનારી અને પ્રયોગને યોગ્ય બને [ શ્લોક વા૦ વાક્યા૦ ૨૭૪-૨૭૬ ].

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

226. सा हि वाक्यान्तरोपात्तमप्यपेक्षते, प्रकरणान्तराधीतमपि वाञ्छति, प्रकृतिवद्भावलभ्यमपि याचते, अर्थसामर्थ्यगम्यमपि स्पृहयति इत्येवंविध एष शब्दप्रमाणमहिमेति । स चायं व्युत्पादनक्रम ईदृशो व्याख्यातृभिरुपदिश्यते—इत्थमस्यान्वयः, इत्थमस्येति वाक्यार्थः पुनर्भावनात्माऽवगम्यमानः एकयैव बुद्ध्याऽनेकजातिगुणद्रव्यक्रियाद्यङ्गकलापकल्माषिततनुरवगम्यते । तादृश्येकैवेयं वाक्याद्वाक्यार्थबुद्धिः ।

आह च—

भावनैव हि वाक्यार्थः सर्वत्राख्यातवत्तया ।
अनेकगुणजात्यादिकारकार्थानुरञ्जिता ॥

एकयैव च बुद्ध्याऽऽसौ गृह्यते चित्ररूपया ।
पदार्थाहितसंस्कारचित्रपिण्डप्रसूतया ॥" इति [श्लो.वा.वाक्या.३३०-३३१]

226. તે ભાવના વાક્યાન્તરથી ઉપાત્ત ( = પ્રાપ્ત )ની અપેક્ષા રાખે છે, અન્ય પ્રકરણમાં અધીત( = જ્ઞાત )ને પણ વાંછે છે, પ્રકૃતિની જેમ ભાવલભ્યની પણ યાચના કરે છે અને અર્થસામર્થ્યથી ગમ્યની પણ સ્પૃહા કરે છે આવો છે આ શબ્દપ્રમાણનો મહિમા.

વ્યાખ્યાતાઓ આ વ્યુત્પાદનક્રમને આવો જણાવે છે—આ પ્રમાણે આનો અન્વય છે, આ પ્રમાણે આનો અન્વય છે એ રીતે જ્ઞાત થતો ભાવનાસ્વરૂપ વાક્યાર્થ જાતિ, દ્રવ્ય, ગુણ, ક્રિયા વગેરે અંગોથી રંજિત-મિશ્રિત એવો એ એક જ બુદ્ધિથી જ્ઞાત થાય છે વાક્યમાંથી જન્મતી આ વાક્યાર્થબુદ્ધિ પણ તેવી એક જ છે અને કહ્યું પણ છે કે જે ભાવના સર્વત્ર આખ્યાતવત્તાને કારણે ગુણ જાતિ આદિ અનેક કારકાર્થોથી અનુરંજિત છે તે ભાવના જ વાક્યાર્થ છે. પદોના અર્થોએ પાડેલા સંસ્કારોથી ઘટિત ચિત્રપિંડમાંથી જન્મેલી ચિત્રરૂપ એક જ બુદ્ધિ વડે ભાવના (જે વાક્યાર્થ છે તે) ગૃહીત થાય છે. [શ્લોકવા વાક્યા. ૩૩૦-૩૩૧]

227. एक एवायमतिदीर्घः क्रमविकस्वरः सकलाङ्गपरिपूरितभावनातत्त्वविषयः प्रतिभासः । यथा हि स्थाल्यधिश्रयणात् प्रभृति आ निराकाङ्क्षौदननिष्पत्तेरेकैवेयं पाकक्रिया सलिलावसेकतण्डुलावपनदर्वीविघट्टनास्रावणाद्यनेकक्षणसमुदायस्वभावा, तथा प्रथमपदज्ञानात् प्रभृति आ निराकाङ्क्षवाक्यार्थपरिच्छेदादेकैवेयं शाब्दी प्रमितिः ।

आह च—

पदात् प्रभृति या चैषा प्रज्ञा ज्ञातुर्विजृम्भते ।
पुष्पिता सा पदार्थेषु वाक्यार्थेषु फलिष्यति ॥ [तन्त्रवा० १.३.९]

इति कृतमतिविस्तरेण ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

227. ક્રમે ક્રમે વિકસનારો, સકલ અંગોથી પરિપૂરિત ભાવનાતત્ત્વને વિષય કરનારો અને અતિદીર્ઘ એવો આ એક જ પ્રતિભાસ છે. જેમ તપેલી ચૂલે ચડાવવાથી માંડી છેવટે બીજી કોઈ ક્રિયાની અપેક્ષા ન રાખનારી ચડેલા ભાતની નિષ્પત્તિ સુધીની એક જ આ પાકક્રિયા છે- જે અનેક નાની નાની ક્રિયાઓ જેવી કે તપેલીમાં આંધણુ મૂકવું, ચોખા ઓરવા, ચમચાથી હલાવવું, ઓસાવવું વગેરેના સમુદાયરૂપ સ્વભાવવાળી છે- તેમ પ્રથમ પદના જ્ઞાનથી માંડી આકાંક્ષા રહિત વાક્યાર્થજ્ઞાન થાય ત્યાં સુધીની આ એક જ શાબ્દી પ્રમિતિ છે અને કહ્યું- પણ છે કે પદથી માંડી જ્ઞાતાની આ જે પ્રજ્ઞા વિકસે છે તે પદાર્થોમાં પુષ્પિત થઈ વાક્યાર્થોમાં ફળે છે. વધુ વિસ્તાર રહેવા દઈએ

228. सोऽयं वाक्यार्थः भावनानामधेयः

कर्तृव्यापारः स्वर्गयागादिरर्थः ।

यस्तु व्यापारः प्रैषरूपो लिङादे-

र्वाच्यः कार्यो वा तं विधिं सङ्गिरन्ते ॥

228. આ વાક્યાર્થ ભાવના નામનો છે, જે કર્તાનો સ્વર્ગ, યાગ વગેરે વિષયક વ્યાપાર છે. પરંતુ લિઙ્ આદિ શબ્દથી વાચ્ય અને જન્ય એવો જે પ્રૈષરૂપ ( = પ્રેરણારૂપ ) વ્યાપાર છે તેને વિધિ ( = શબ્દભાવના ) કહેવામાં આવે છે.

229. तदेतदननुमन्यमाना अन्ये प्रचक्षते—योऽसौ शब्दभावनाख्यः शब्दव्यापारः शब्दस्य कार्योऽभिधेयश्च, तमभिदधतः कुर्वतो वा शब्दस्य व्यापारान्तरमस्ति न वा ? यदि तावन्नास्ति, तदेष व्यापारान्तरनिरपेक्षस्वव्यापारमिवार्थमपि वदतु, विश्राम्यतु व्यापारकल्पना । अस्ति चेदस्य तदभिधाने व्यापारान्तरं, तदाऽनवस्थाप्रतीकारः कश्चिदन्वेष्यः, न चासौ दूरादपि लभ्यते । भूतपरिस्पन्दव्यतिरिक्तव्यापारनिरासश्च प्रमाणसामान्यलक्षणे विस्तरेण कृत इत्यसौ मार्ग इहाप्यनुसरणीयः ।

229. આને ન સ્વીકારનાર બીજાઓ કહે છે[1] શબ્દભાવના નામનો આ જે શબ્દ વ્યાપાર શબ્દનું કાર્ય (effect) પણ છે અને અભિધેય પણ છે, તે શબ્દવ્યાપારને પેદા કરતા કે અભિહિત કરતા શબ્દનો બીજો કોઈ વ્યાપાર છે કે નહિ ? જો કહો કે નથી તો જેમ શબ્દ વ્યાપારાન્તરની અપેક્ષા રાખ્યા વિના સ્વવ્યાપારનું અભિધાન કરે છે તેમ અર્થનું પણ સ્વવ્યાપારની અપેક્ષા રાખ્યા વિના અભિધાન કરો, વ્યાપારની કલ્પનાથી અટકો. અને જો સ્વવ્યાપારનું અભિધાન કરવા વ્યાપારાન્તરની અપેક્ષા શબ્દ રાખતો હોય તો અનવસ્થા-

૧. આ વિધિવાક્યાર્થવાદીઓ છે. વિધિ = શબ્દનો પ્રેરણા નામનો વ્યાપાર = શબ્દભાવના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દોષ આવી પડે એટલે તે અનવસ્થાદોષનો પ્રતીકાર કરવાનો કોઈ ઉપાય શોધવો જોઈએ. આવો ઉપાય [નજીક તો શું] દૂર દૂર પણ ઉપલબ્ધ નથી. પ્રાણીના પરિસ્પંદથી અતિરિક્ત વ્યાપારનો નિરાસ અમે પ્રમાણુસામાન્યલક્ષણપ્રસંગે વિસ્તારથી કર્યો છે, એટલે એ નિરાસ કરવાની રીતનું અનુસરણ અહીં પણ કરવું જોઈએ.

230. यश्चासौ व्यापारः क्रियते चाभिधीयते च, स किं पूर्वमभिधीयते ततः क्रियते, पूर्वं वा क्रियते पश्चादभिधीयते, युगपदेव वाऽस्य करणाभिधाने इति ? न तावत् पूर्वमभिधीयते ततः क्रियते, अनुत्पन्नस्याभिधानानुपपत्तेः । न ह्यजाते पुत्रे नामधेयकरणम् । अर्थासंस्पर्शी च तथा सति शब्दः स्यात् । तत एव न युगपदुभयम्, अनुत्पन्नत्वानपायात् प्रयत्नगौरवप्रसङ्गाच्च । नापि कृत्वाऽभिधानं, विरम्य व्यापारासंवेदनात् ।

230. આ જે શબ્દવ્યાપારને પેદા કરવામાં આવે છે અને અભિહિત કરવામાં આવે છે તે શબ્દવ્યાપારને શું પહેલાં અભિહિત કરવામાં આવે છે અને પછી પેદા કરવામાં આવે છે કે પહેલાં પેદા કરવામાં આવે છે અને પછી અભિહિત કરવામાં આવે છે, કે અભિધાન અને ઉત્પત્તિ સાથે કરવામાં આવે છે? પહેલાં તેનું અભિધાન કરવામાં આવે છે અને પછી તેની ઉત્પત્તિ કરવામાં આવે છે એ પક્ષ યોગ્ય નથી કારણ કે અનુત્પન્નનું અભિધાન ઘટતું નથી. ન જન્મેલા પુત્રનું નામ પાડવામાં આવતું નથી. અનુત્પન્નનું અભિધાન માનતાં શબ્દ અર્થાસંસ્પર્શી બની જાય. તેથી જ અભિધાન અને ઉત્પત્તિ બંને સાથે કરાય છે એ પક્ષ બરાબર નથી, કારણ કે અનુત્પન્નના અભિધાનનો દોષ તો આ પક્ષમાં પણ રહે છે, ઉપરાંત પ્રયત્નગૌરવનો દોષ પણ આ પક્ષમાં આવે છે. ઉત્પત્તિ કરીને પછી અભિધાન કરે છે એ પક્ષ પણ યોગ્ય નથી કારણ કે શબ્દ સ્વવ્યાપારની ઉત્પત્તિ કરીને પછી તેનું અભિધાન કરતો હોય એવો અનુભવ આપણને નથી.

231. अपि चायं तपस्वी लिङादिः प्रत्ययः सत्यपि गोवृन्दारकत्वे कथममुमतिबृहन्तं भारं वहति ? कर्तारं च तत्संख्यां चाख्यास्यति, अर्थभावनामभिधास्यते, शब्दभावनां च करिष्यति, तां च वदिष्यतीति दुर्वहोऽयं भारः । कश्चायं शब्दभावनानामधेयस्य विधेर्वाक्यार्थे भावनायामन्वय इति वक्तव्यम् ।

231 વળી, આ બિચારો લિઙ્ આદિ પ્રત્યય શબ્દશ્રેષ્ઠ (શ્લેષથી વૃષભશ્રેષ્ઠ) હોવા છતાં કેવી રીતે ઘણો મોટો ભાર વહે ? કર્તાને અને તેની સંખ્યાને જણાવે, અર્થભાવનાનું અભિધાન કરે અને શબ્દભાવનાને ઉત્પન્ન કરે તેમ જ અભિહિત કરે ? આ ભાર તો વહન કરવો મુશ્કેલ છે. જેનું નામ શબ્દભાવના છે એ વિધિનો વાક્યાર્થરૂપ ભાવના સાથે અન્વયસંબંધ કયો છે એ જણાવવું જોઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

232. ननूक्त एवैकप्रत्ययाभिधेयत्वलक्षणः सम्बन्ध इति । न ब्रूम आभिधानिकः सम्बन्धो नोक्त इति, किन्तु पुरुषव्यापारात्मिकाया अर्थभावनायाः प्रधानत्वेन वाक्यार्थत्वात् तदपेक्ष्यमाणफलकरणेतिकर्तव्यतांशपूरणेन स्वर्गकामादिपदान्तराभिधेयोऽर्थः समन्वेति गुणत्वेन । शब्दव्यापारस्तु तदपेक्षितमन्यतममपि नांशं पूरयितुमलमिति तत्र न गुणतामवलम्बते, न च द्वयोः प्रधानयोर्घटः पट इतिवद्वा पचति पठतीतिवद्वा सम्बन्ध उपलभ्यते ।

232. ભાવનાવાક્યાર્થવાદી– એકપ્રત્યયાભિધેયત્વરૂપ અન્વયસંબંધ છે એમ અમે જણાવ્યું છે જ.

વિધિવાક્યાર્થવાદી– અમે એમ નથી કહેતા કે તમે આવો આભિધાનિક સંબંધ કહ્યો નથી. પરંતુ પુરુષપ્રવૃત્તિરૂપ અર્થભાવના પ્રધાન હોઈ વાક્યાર્થ છે અને વાક્યાર્થ હોવાને કારણે તે જેની અપેક્ષા કરે છે તે ફલાંશ, કરણાંશ અને ઇતિકર્તવ્યતાંશનું પૂરણ કરી સ્વર્ગકામ વગેરે બીજા પદોનો અભિધેય અર્થ તેની સાથે ગુણરૂપે (=અંગરૂપે) બરાબર અન્વય પામે છે. શબ્દવ્યાપર (=વિધિ=શબ્દભાવના) તો અર્થભાવના જેમની અપેક્ષા રાખે છે તે આ ત્રણ અંશોમાંના એક પણ અંશને પૂરવા સમર્થ નથી એટલે તે અર્થભાવનાનો અંગ બનતો નથી અને બે પ્રધાન વચ્ચે તો સબંધ ઉપલબ્ધ થતો નથી, જેમ કે, 'घटः पटः' (=ઘટ છે, પટ છે), 'पचति पठति' (=તે રાંધે છે, તે વાંચે છે) એમાં ઘટ અને પટ કે પચતિ અને પઠતિ વચ્ચે કોઈ સંબંધ નથી કારણ કે તે બંને પ્રધાન છે

233. अथार्थभावना शब्दभावनाख्यस्य विधेर्विषयसमर्पणेन गुणतामवलम्बते, विधिः तर्हि वाक्यार्थः, न भावना, तस्या अप्राधान्यात् । अतो भावनाद्वयं प्रत्ययार्थ इति न हृदयङ्गममेतत् । एकाभिधानाभिधेयत्वं च न भावनयोरन्योन्यसमन्वये कारणम्, अक्षाः पादा माषा इत्यादावदर्शनात् । किञ्च कस्यानुरोधेन द्वे भावने प्रत्ययवाच्ये इष्येते । उच्यते । लिङ्गादिशब्दश्रवणे सति कार्ये च प्रेरणायां च बुद्धिरुत्पद्यते इति ।

233. અર્થભાવના (=પુરુષપ્રવૃત્તિરૂપ વ્યાપાર) શબ્દભાવના નામની વિધિના (=પ્રેરણારૂપ વ્યાપારના) વિષયનું પ્રતિપાદન કરીને શબ્દભાવનાનું અંગ બને છે. તેથી વિધિ વાક્યાર્થ છે, ભાવના વાક્યાર્થ નથી; કારણ કે ભાવના ગૌણ છે. માટે, બંને ભાવના પ્રત્યયાર્થ છે એ વાત હૃદયને રુચે એવી નથી. એકબીજાના અન્વયસંબંધમાં કારણભૂત એકપ્રત્યયાભિધેયત્વ નથી. [અર્થાત્ એકપ્રત્યયાભિધેયત્વ બંને ભાવનાના અન્વયનું કારણ નથી.] ઉદાહરણાર્થ, અક્ષ, પાદ અને માષ આમાંનો પ્રત્યેક શબ્દ અનેક અર્થોનો વાચક છે, પણ તેથી તે અર્થો વચ્ચે અન્વય દેખાતો નથી. અક્ષનો અર્થ પાસાં પણ છે અને ઇન્દ્રિય પણ છે આમ તે બે અર્થો એકપદાભિધેય છે છતાં તેમની વચ્ચે અન્વય નથી. વળી, કોના અનુરોધથી બે ભાવનાને પ્રત્યયવાચ્ય ઇચ્છવામાં આવી છે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાવનાવાક્યાર્થવાદી— આનો ઉત્તર અમે આપીએ છીએ. લિઙ્ આદિ શબ્દ સાંભળતાં કાર્યનું (=પ્રવૃત્તિનું) અને પ્રેરણાનું જ્ઞાન ઉત્પન્ન થાય છે

234. यद्येवमेक एव तादृशोऽसौ लिङर्थो भवतु । तदेकत्वाच्च न परस्परसमन्वयः चिन्तयिष्यते । न च प्रत्ययेऽप्यतिभार आरोपयिष्यते ।

नन्वेकस्यापि लिङर्थस्य यदि शब्दः कार्यत्वं प्रेरणां च ब्रवीति ततस्तदवस्थ एवातिभारः । कश्चासावेकः कार्यात्मा प्रेरणात्मा च तस्यार्थः ? ।

234. નિયોગવાક્યાર્થવાદી — જો એમ હોય તો તેવો આ એક જ લિઙર્થ હો. [ભાવના અને વિધિ એમ બે લિઙર્થ ન હો.] તે લિઙર્થ એક હોઈ પરસ્પર અન્વયનો વિચાર કરવાનો રહેશે નહિ અને પ્રત્યય ઉપર અતિભારનો આરોપ કરવાનો પણ નહિ રહે

શંકાકાર એક જ લિઙર્થના કાર્યત્વાંશ (=પ્રવૃત્ત્યંશ) અને પ્રેરણાંશને શબ્દ (=લિઙ પ્રત્યય) જણાવતો હોય તો અતિભાર તો એમનો એમ રહ્યો તે લિઙ્ પ્રત્યયનો, કાર્યસ્વભાવ અને પ્રેરણાસ્વભાવ ધરાવતો એવો આ એક અર્થ કયો છે ?

235. उच्यते । यो लिङादिप्रत्ययादवगम्यते, यमभिवदतो न तस्यातिभारः, यत्र न तद्व्यतिरेकेण प्रमाणान्तरं क्रमते, स नियोगो नाम वाक्यार्थः । तथा हि— वृद्धव्यवहारतः शब्दानामर्थे व्युत्पत्तिरित्यत्र तावदविवाद एव । व्यवहारे च वाक्यार्थे वाक्यस्य व्युत्पत्तिः, वाक्येन सर्वत्र व्यवहारात् । तत्र यजेतेत्यादितिङन्तपदयुक्तेषु वाक्येषु पदान्तराणामर्थः तावदास्ताम् , आख्यातार्थेऽह्यवगते तदानुगुण्येनासौ स्थास्यति । आख्यातस्य च यजेतेत्येवमादेरर्थः परीक्ष्यमाणः प्रेरणात्मक एवावतिष्ठते, यतः पदान्तरसन्निधाने सत्यपि न प्रेरणाबुद्धिरुपजायते, आख्यातपदश्रवणे सति सा जायते, तस्मात् तस्यैव प्रेरणात्मकोऽर्थः । तत्रापि तु जुहोत्यादिधात्वन्तरोपजननापायपर्यालोचनया धातोस्तत्प्रतीतौ व्यभिचारात् प्रत्ययस्य चाव्यभिचारात् तस्यैव सोऽर्थ इति गम्यते ।

235 નિયોગવાક્યાર્થવાદી— આનો ઉત્તર અમે આપીએ છીએ. જે લિઙ્ આદિ પ્રત્યયથી જ્ઞાત થાય છે, જેને જણાવતાં પ્રત્યયને અતિભાર લાગતો નથી, જ્યાં તેનાથી (=લિઙ્ આદિ પ્રત્યયથી) જુદું બીજું પ્રમાણ ચાલતું નથી તે નિયોગ નામનો વાક્યાર્થ છે. તે આ પ્રમાણે વૃદ્ધોના વ્યવહાર દ્વારા શબ્દોના અર્થોનું જ્ઞાન થાય છે એ તો નિર્વિવાદ જ છે વૃદ્ધવ્યવહારમાં વાક્ય વાક્યાર્થનું જ્ઞાન કરાવે છે, કારણ કે સર્વત્ર વાક્ય વડે જ વૃદ્ધવ્યવહાર ચાલે છે. ત્યાં 'यजेत' વગેરે તિઙન્ત પદોથી યુક્ત વાક્યોમાં બીજા પદોનો અર્થ ભલે હો, પરંતુ આખ્યાતનો અર્થ જ્ઞાત થતાં તેને અનુકૂળપણે તે બીજા પદોનો અર્થ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્થિર થશે. આખ્યાતના અર્થની પરીક્ષા કરાતાં તે અર્થ પ્રેરણાત્મક જ સ્થિર થાય છે, કારણ કે બીજાં પદોનું સન્નિધાન હોવા છતાં પ્રેરણાની બુદ્ધિ ઉત્પન્ન થતી નથી જ્યારે આખ્યાતપદને સાંભળતાં જ પ્રેરણાની બુદ્ધિ જન્મે છે તેથી આખ્યાતનો જ અર્થ પ્રેરણાત્મક છે. પરંતુ ત્યાં પણ जुहोति વગેરે બીજા ધાતુઓના અન્વય અને વ્યતિરેકની પર્યાલોચના દ્વારા, ધાતુમાંથી પ્રેરણાનું જ્ઞાન માનવામાં વ્યભિચારદોષ આવતો હોઈ અને પ્રત્યયમાંથી પ્રેરણાનું જ્ઞાન માનવામાં વ્યભિચારદોષ ન આવતો હોઈ પ્રત્યયનો જ અર્થ પ્રેરણા છે એમ સમજાય છે. [લિઙ્, લોટ્ પ્રત્યયમાંથી જ પ્રેરણાનું જ્ઞાન થાય છે, બીજા પ્રત્યયોમાંથી નહિ અને કોઈ પણ ધાતુમાંથી તો નહિ જ.]

236. कः पुनरसावर्थः ? यस्मिन् सति 'नियुक्तोऽहमत्र' इति प्रतिपद्यते पुरुषः, सोऽसावर्थः । स एव विधिरित्युच्यते, विधौ हि लिङादिप्रत्ययं स्मरति पाणिनिः, न धात्वर्थे यागादौ, न कर्तृव्यापारे भावनायाम् । विधिश्च नाम प्रेरणात्मक एव । अत एव वर्तमानोपदेशिकाख्यातजनितप्रतीतिविलक्षणेयं प्रतीतिः । यजेतेति अत्र हि प्रैषप्रैष्ययोः सम्बन्धोऽवगम्यते । अन्य एवायं क्रियाकर्तृसम्बन्धात् प्रैषप्रैष्यसम्बन्धः ।

236. શંકાકાર— આ [પ્રેરણારૂપ] અર્થ શું છે ?

નિયોગવાક્યાર્થવાદી— જેના હોતાં 'હું અહીં (=આ કાર્યમાં) નિયુક્ત થયો છું' એવું પુરુષને જ્ઞાન થાય, તે આ [પ્રેરણારૂપ] અર્થ છે. તે જ વિધિ કહેવાય છે, કારણ કે પાણિનિ-વ્યાકરણસ્મૃતિમાં વિધિમાં (=વિધિ અર્થમાં) લિઙાદિ પ્રત્યય છે, ધાત્વર્થ યાગાદિમાં લિઙાદિ-પ્રત્યય નથી, કે કર્તાના વ્યાપારરૂપ ભાવનામાં પણ નથી. વિધિ પ્રેરણાત્મક જ છે. તેથી જ વર્તમાનનો ઉપદેશ કરનાર આખ્યાતમાંથી ઉત્પન્ન થયેલી પ્રતીતિથી આ પ્રતીતિ વિલક્ષણ છે, કારણ કે 'यजेत' એમ સાંભળતાં પ્રૈષ–પ્રૈષ્ય ( = પ્રેરણા–પ્રેર્ય )નો સંબંધ જ્ઞાત થાય છે. ક્રિયા–કર્તૃસંબંધથી જુદો જ આ પ્રૈષ–પ્રૈષ્ય સંબંધ છે.

237. ननु 'यजेत' इति किमन्यश्चात्र क्रियाकर्तृसम्बन्धो नावगम्यते ? न ब्रूमः नावगम्यते इति किन्तु प्रैषप्रैष्यलक्षणोऽपि सम्बन्धः प्रथममवगम्यते । प्रेषितो हि क्रियां कर्तुमुद्यच्छतीति ।

237. શંકાકાર— 'यजेत' એમ સાંભળતાં બીજો ક્રિયાકર્તૃસંબંધ પણ શું જ્ઞાત નથી થતો ?

નિયોગવાક્યાર્થવાદી– અમે એમ નથી કહેતા કે તે જ્ઞાત થતો નથી પરંતુ એમ કહીએ છીએ કે પ્રૈષ–પ્રૈષ્યસંબંધ પ્રથમ જ્ઞાત થાય છે, કારણ કે પ્રેષિત (=પ્રેરિત) વ્યક્તિ ક્રિયા કરવા તત્પર થાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

238. ननु क्रियासम्बन्धितयैवासौ प्रेष्यते 'यजतां भवान्' इति । सत्यम्, क्रियासम्बन्धितयैव प्रेष्यते । प्रेष्यते तु सः । प्रेष्यते चेदयमन्यस्तर्हि सम्बन्धः क्रियाकर्तृसम्बन्धात् तु । उभयसम्बन्धितामस्य राजगवीक्षीरवदवगमिष्यामः । यथा गौ राज्ञा च सम्बध्यते क्षीरेण च, या राजसम्बन्धिनी सा क्षीरसम्बन्धिनी, या क्षीरसम्बन्धिनी सा राजसम्बन्धिनीति, एवमिहापि पुरुषः प्रैषेण च सम्भन्त्स्यते क्रियया च, यः प्रेष्यते स करोति, अथ यः करोति प्रेष्यते स इति ।

238. શંકાકાર – ક્રિયાના સંબંધી તરીકે જ એને પ્રેરવામાં આવે છે– 'આપ યજો' (= 'यजतां भवान्')

નિયોગવાક્યાર્થવાદી— સાચું, ક્રિયાના સંબંધી તરીકે જ એને પ્રેરવામાં આવે છે. પરંતુ એને પ્રેરવામાં તો આવે જ છે. જો એને પ્રેરવામાં આવતો હોય તો ક્રિયાકર્તૃસંબંધથી જુદો આ બીજો સબંધ હોવો જોઈએ રાજગવીક્ષીરની જેમ એ ઉભયનો (=પ્રૈષ અને ક્રિયા બન્નેનો) સંબંધી છે એમ આપણે જાણીશું. જેમ ગાય રાજા સાથે પણ સંબંધ ધરાવે છે અને ક્ષીર સાથે પણ સંબંધ ધરાવે છે – જે રાજસંબંધિની છે તે ક્ષીરસંબંધિની છે, જે ક્ષીરસંબંધિની છે તે રાજસંબંધિની છે, તેમ અહીં પણ પુરુષ પ્રૈષ (પ્રેરણા) સાથે સંબંધમાં આવશે અને ક્રિયા સાથે પણ - જેને પ્રેરવામાં આવે છે તે કરે છે, જે કરે છે તેને પ્રેરવામાં આવે છે.

239. ननु नेदमुभयं भवति । प्रैषोऽपि क्रियैव । प्रवर्तनं हि कुर्वन् प्रवर्तयतीत्युच्यते । सोऽयं क्रियासम्बन्ध एव भवति । न ततोऽन्यः प्रैषप्रैष्यसम्बन्ध इति । स्यादेतदेवं यदि वाय्वादिवत् प्रवर्तने कर्ता लिङादिः स्यात् । 'प्रेरितोऽहमत्र' इति तु ज्ञानजनकत्वं विधेः प्रवर्तकत्वम् । स एष प्रवर्तनं ज्ञापयति न करोतीत्यन्य एवायं क्रियाकर्तृसम्बन्धात् प्रैषप्रैष्यसम्बन्धः ।

239. શંકાકાર– આ બે નથી. [અર્થાત્ પ્રૈષ અને ક્રિયા બે જુદાં નથી]. પ્રૈષ પણ ક્રિયા જ છે, કારણ કે પ્રવર્તનને (=પ્રેરણાને) કરતો 'પ્રવર્તયતિ' (='બીજાને પ્રવૃત્તિ કરાવે છે') એમ કહેવાય છે. આ ક્રિયા કર્તૃસંબંધ જ બને છે. એનાથી જુદો પ્રૈષપ્રૈષ્યસંબંધ નથી.

નિયોગવાક્યાર્થવાદી—જો વાયુ વગેરેની જેમ લિઙાદિ પ્રવર્તનનો કર્તા હોત તો આમ થાત. 'હું અહીં પ્રેરિત છું' એવું જ્ઞાન પેદા કરવું એ વિધિનું પ્રવર્તકત્વ છે. લિઙાદિ પ્રવર્તનને જણાવે છે, પ્રવર્તનને કરતો નથી એટલે ક્રિયા–કર્તૃસંબંધથી જુદો જ પ્રૈષ-પ્રૈષ્ય-સંબંધ છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

240. ननु ज्ञानमपि क्रियैव । तत्करणे च पुनरपि स एवायं क्रियाकर्तृसम्बन्धः । मैवम्, कारकज्ञापकयोर्भेदस्य सुप्रसिद्धत्वात् । इह च योऽयं यागपुरुषयोः क्रियाकर्तृसम्बन्धः, ततोऽन्यं प्रैषप्रैष्यसम्बन्धमुपदर्शयितुं प्रवृत्ताः स्मः । स ततो विलक्षणः प्रदर्शित एव । वैलक्षण्येऽपि तस्य यथाकथञ्चित् नाम क्रियमाणं न वारयामः ।

240. શંકાકાર– જ્ઞાન પણ ક્રિયા જ છે. તેને કરવામાં ફરી પણ આ પેલો જ ક્રિયા–કર્તૃસંબંધ છે.

નિયોગવાક્યાર્થવાદી–ના, એવું નથી, કારણ કે કારક–જ્ઞાપકનો ભેદ તો સુપ્રસિદ્ધ છે, અને અહીં યાગ અને પુરુષ વચ્ચે જે ક્રિયા કર્તૃસંબંધ છે તેનાથી જુદા પ્રૈષ–પ્રૈષ્યસંબંધને દર્શાવવા અમે પ્રવૃત્ત થયા હતા. તે પ્રૈષ–પ્રૈષ્યસંબંધને ક્રિયા-કર્તૃસંબંધથી વિલક્ષણ અમે દર્શાવી જ દીધો તે પ્રૈષ-પ્રૈષ્યસંબંધ ક્રિયા–કર્તૃસંબંધથી વિલક્ષણ હોવા છતાં તેને કોઈ પણ નામ આપતાં તમને અમે રોકતા નથી.

241. भवत्वयमन्यः प्रैषप्रैष्यसम्बन्धः, स तु प्रथममवगम्यते इत्येष कुतो निश्चयः ? उक्तमत्र 'प्रेषितोऽहम्' इति हि विदित्वा क्रियायां प्रवर्तते । 'आचार्यचोदितः करोमि' इति हि दृश्यते । यजेतेति श्रुते नियुक्तोऽहमिति प्रथममवगच्छति, ततो यजते । तेनायमाद्यः सम्बन्धः, पाश्चात्यस्तु क्रियाकर्तृसम्बन्धः । तद्योऽयं लिङर्थः प्रथममवगम्यते प्रैषो नाम, सा प्रेरणा, स नियोगः, स वाक्यार्थः ।

241. શંકાકાર પ્રૈષ પ્રૈષ્યસંબંધ ભલે ક્રિયાકર્તૃસંબંધથી જુદો હો પરંતુ તે પહેલો જ્ઞાત થાય છે એવો નિશ્ચય તમે ક્યાંથી કર્યો ?

નિયોગવાક્યાર્થવાદી– અહીં અમે કહીએ છીએ કે 'મને પ્રેરવામાં આવેલ છે' એમ જાણીને તે ક્રિયામાં પ્રવૃત્ત થાય છે. 'આચાર્યથી પ્રેરાયેલો હું કરું છું" એમ કહેતો તે સંભળાય છે. 'યજે' એમ સાંભળતાં 'હું નિયુક્ત થયો છું" એમ એ પ્રથમ જાણે છે અને પછી યાગક્રિયા કરે છે. તેથી આ પ્રૈષ-પ્રૈષ્યસંબંધ આદ્ય છે, ક્રિયા-કર્તૃસંબંધ પછીનો છે. તેથી આ જે લિઙર્થ પ્રથમ જ્ઞાત થાય છે, જેનું નામ પ્રૈષ છે, તે પ્રેરણા છે, તે નિયોગ છે, તે વાક્યાર્થ છે.

242. ननु विधाविव निमन्त्रणादिषु लिङ्लोटावपि स्मर्येते एव । सत्यम्, ते तु प्रेरणाया एव औपाधिका अवान्तरभेदाः । समहीनज्यायोविषयप्रयोगोपाधिनिबन्धन एष प्रेषणाध्येषणादिभेदव्यवहारः । प्रेरणा तु सर्वानुस्यूताऽवगम्यते । तदुक्तम् "प्रवर्तकत्वं तु शब्दार्थः, सर्वत्रापरित्यागात्" इति । स चायं लिङादीनामर्थः प्रैषो णिजर्थविलक्षणः प्रतीयते ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

242. શંકાકાર– વિધિની જેમ નિમંત્રણ વગેરેમાં પણ લિઙ્[1] અને લોટ્[2] વપરાય છે, એમ વ્યાકરણસ્મૃતિ કહે છે જ.

નિયોગવાકયાર્થવાદી– તે સાચું છે, પરંતુ તે નિમંત્રણ વગેરે પ્રેરણાના જ ઉપાધિને કારણે થયેલા અવાન્તર ભેદો છે. સમ, હીન અને જ્યાયસ્ (મોટી) વ્યક્તિ વિષયક પ્રયોગો રૂપ ઉપાધિઓને કારણે આ પ્રેષણા, અધ્યેષણા વગેરે ભેદોનો વ્યવહાર થાય છે, પરંતુ પ્રેરણા તો બધામાં અનુસ્યૂત રહેલી જણાય છે. તેથી કહ્યું છે કે 'પ્રવર્તકત્વ એ શબ્દાર્થ છે, કારણ કે ક્યાંય તે છોડી દેવાયું નથી'. [આ પ્રેરણા જેનું નામ પ્રવર્તના પણ છે તે નિકૃષ્ટ ઉત્કૃષ્ટ અને બરાબરીના એમ ત્રણ પ્રકારના માણસોને ઉદ્દેશીને દેઈ પ્રેષણા, અધ્યેષણા અને અનુજ્ઞા એમ ત્રણ ભેદવાળી છે. प्रेषणाऽध्येषणाऽनुज्ञा त्रिविधा स्यात् प्रवर्तना । अधःकक्षं चोर्ध्वकक्षं समकक्षं नरं प्रति ।।] લિઙ્ આદિનો આ પ્રૈષ અર્થ એ ણિજ્‌ના[3] અર્થથી વિલક્ષણ જણાય છે.

243. ननु प्रयोजकव्यापारे णिज् विधीयते । प्रयोजकव्यापारश्च प्रैषः । प्रैषे च लोडादयो विधीयन्ते इति णिजर्थ एव लोडर्थः । तथा च 'कुरु कुरु' इति यो ब्रूते, स कारयतीत्युच्यते । न, प्रतीतिभेदात् । अन्या हि 'करोतु' 'कुर्यात्' इति प्रतीतिः, अन्या च 'कारयति' इति प्रतीतिः । प्रयोजकव्यापारो हि णिजर्थः, ज्ञापकव्यापारस्तु लिङर्थः । प्रवृत्तक्रियाविषयश्च प्रयोजकव्यापारो णिजर्थः, इह तु तद्विपरीतः । तत्र हि कार्यं पश्यतः प्रवर्तनम्, इह तु प्रवर्तितस्य कार्यदर्शनमिति महान् भेदः ।

243. શંકાકાર – પ્રયોજકના વ્યાપારના અર્થમાં ણિજ્‌નું વિધાન કરવામાં આવે છે અને પ્રયોજકનો વ્યાપાર એ જ પ્રૈષ છે. વળી પ્રૈષના અર્થમાં લોટ્ વગેરેનું વિધાન કરવામાં આવે છે, એટલે ણિજ્‌નો અર્થ જ લોટ્‌નો અર્થ છે. ઉપરાંત, 'કર કર(=कुरु कुरु)' એમ જે બોલે છે તે 'કરાવે છે (=कारयति)' એમ કહેવાય છે.

નિયોગવાકયાર્થવાદી– ના, (બંને એક નથી), કારણ કે બંનેની પ્રતીતિ ભિન્ન છે. 'આપ કરો ( =करोतु), 'તે કરે (कुर्यात्)' એ પ્રતીતિ જુદી છે અને 'તે કરાવે છે(कारयति)' એ પ્રતીતિ જુદી છે. પ્રયોજકનો વ્યાપાર એ ણિજ્‌નો અર્થ છે, જ્યારે જ્ઞાપકનો વ્યાપાર એ લિઙ્ (-લોટ્) નો અર્થ છે. પ્રયોજકનો વ્યાપાર પ્રવૃત્તક્રિયાવિષયક છે અને તે જ ણિજ્‌નો અર્થ છે. (અર્થાત્ જે વ્યક્તિ કર્મમાં પ્રવૃત્ત થયેલ છે કે કર્મ કરવાનું વિચારી રહેલ છે તેને જ્યાં કર્મમાં યોજવામાં આવે છે ત્યાં ણિજ્‌નો પ્રયોગ કરવામાં આવે છે.) પરંતુ અહીં તો તેનાથી ઊલટું છે. ( અર્થાત્ જે કર્મમાં પ્રવૃત્ત થયેલ નથી કે કર્મ કરવાનું વિચારતો નથી તેને જ્યાં કર્મમાં યોજવામાં આવે છે ત્યાં લિઙ્‌નો પ્રયોગ કરવામાં આવે છે. જ્યાં અભૂતપૂર્વ ક્રિયાસંબંધ જણાવવામાં આવે છે અને અકારકનો કર્તૃતાસંબંધ જણાવવામાં આવે છે ત્યાં લિઙ્‌નો પ્રયોગ થાય છે.) ત્યાં (=ણિજ્‌ની બાબતમાં) કાર્યને દેખીને પ્રવર્તન (=પ્રેરણા) કરાય છે, જ્યારે અહીં (=લિઙ્‌ની બાબતમાં) પ્રવર્તન કર્યા પછી કાર્યનું દર્શન થાય છે, એ એ બંને વચ્ચે મોટો ભેદ છે.

---

૧. લિઙ્ વિધ્યર્થ છે. ૨. લોટ્ આજ્ઞાર્થ છે. ૩. ણિજ્ પ્રેરક છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

244. तत्र यथा कुर्वन्तं कारयति, तथैवेहापि प्रैषः प्रवर्तमानं प्रेरयति, नाप्रवर्तमानं स्थावरमिति । न हि वनस्पतिरुच्यते यजस्वेति । न, स्थावरादेरयोग्यत्वात् । ब्राह्मणादिस्तुः यः प्रेर्यते असावप्रवृत्तक्रिय एव, न हि यजमान एव यजेतेति चोद्यते, किन्तु अप्रवृत्तक्रिय एवेति सर्वथा णिजर्थाद् विलक्षणो लिङर्थः ।

244. શંકાકાર– જેમ ત્યાં (ણિજ્‌ની બાબતમાં) તે કરતાને કરાવે છે, તેમ જ અહીં (લોટ્‌ની બાબતમાં) પણ પ્રૈષ પ્રવર્તમાનને પ્રેરે છે, અપ્રવર્તમાન સ્થાવરને પ્રેરતો નથી, કારણ કે 'તું યજ્ઞ કર' એમ વનસ્પતિને કોઈ કહેતું નથી.

નિયોગવાક્યાર્થવાદી– ના, સ્થાવર વગેરે પ્રેરવાને યોગ્ય નથી. પરંતુ જે બ્રાહ્મણ વગેરેને પ્રેરવામાં આવે છે તે કર્મમાં પ્રવૃત્ત હોતા નથી જ, કારણ કે યાગકર્મમાં પ્રવૃત્ત થયેલાને 'યજ્ઞ કરે' એમ કહી પ્રેરવામાં આવતો નથી પરંતુ યાગકર્મમાં પ્રવૃત્ત ન થયેલાને જ 'યજ્ઞ કરે' એમ કહી પ્રેરવામાં આવે છે. એટલે ણિજ્‌ના અર્થથી લિઙ્‌નો અર્થ સર્વથા વિલક્ષણ છે.

245. आह भवत्वयं विलक्षणोऽर्थः । स तु प्रमाणान्तरावगम्यश्चेत्, तदुपदर्श्यताम् । अयम् असौ एवंरूप इति प्रमाणान्तरानवगम्यश्चेत्, कथं शब्दैकगोचरे तत्र सम्बन्धव्युत्पत्तिः ? उच्यते । शब्दैकगोचरस्तु नियोगो, व्युत्पत्तिश्च तत्र सूपपादैव । यो हि यजेत दद्याज्जुहुयादिति लिङादिभ्यो विधिः प्रतीयते, कथमसौ लिङादीनामगम्य इष्येत ? व्युत्पत्तिश्चास्य व्यवहारादवकल्पते । 'गच्छ' 'अधीष्व' इति शृण्वन्वृद्धः चेष्टमानो दृश्यते । चेष्टा च स्वात्मनि प्रवर्तनाऽवगमपूर्विका दृष्टा । प्रत्यक्षदृष्टे चाम्रादौ सुखसाधनतया अन्वयव्यतिरेकाभ्यामवगते, तदनुस्मरणात् प्रवर्तमानः कस्मिंश्चिदात्माकूते समुपजाते सति भौतिकं व्यापारमारभते । स चात्मधर्म आत्मेव स्वसंवेद्यः । अहंप्रत्ययगम्यो ह्यात्मा, नासौ परस्मै दर्शयितुं शक्यते । न च दर्शयितुं न शक्यते एतावता नानुभूयते इति शक्यते वक्तुम् । परोऽपि ह्येनमहम्प्रत्ययेनानुभवत्येव । तथाऽयमपि भौतिकव्यापारहेतुरात्माकूतविशेषो न प्रमाणान्तरवेद्यो भवति, न च न वेद्यते, तत्संवेदने सति चेष्टाया दृष्टत्वात् । तस्मात् परमपि 'गच्छ' 'अधीष्व' इति शब्दश्रवणे सति चेष्टापन्नं दृष्ट्वा तस्यापि तादृक्प्रेरणाऽवगमोऽनुमीयते । स च शब्दान्तरश्रवणे सत्यप्यदृश्यमानो लिङादिश्रवणे च सति दृश्यमानस्तदर्थ एवेत्यन्वयव्यतिरेकाभ्यामवगम्यते इतीयतीयं व्युत्पत्तिः ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

245 શંકાકાર—ભલે લિઙ્‌નો અર્થ ણિજ્‌ના અર્થથી વિલક્ષણ રહ્યો, પરંતુ તે લિઙ્‌ર્થ લિઙ્‌ શબ્દથી જુદા બીજા પ્રમાણથી- ( = શબ્દથી ) જ્ઞાત થતો હોય તો તે દર્શાવો. 'આ લિઙ્‌ર્થ આવા સ્વરૂપવાળો છે' એમ બીજા પ્રમાણથી ( = શબ્દથી ) જ્ઞાત થતો ન હોય તો લિઙ્‌ શબ્દનો જ જે વિષય છે એવા લિઙ્‌ર્થની બાબતમાં સંબંધનું ( લિઙ્‌ શબ્દ અને લિઙ્‌ર્થ વચ્ચેના સંબંધનું ) જ્ઞાન કેવી રીતે થશે ?

નિયોગવાક્યાર્થવાદી—આનો ઉત્તર અમે આપીએ છીએ. [ લિઙ્‌ર્થ ] નિયોગ લિઙ્‌-શબ્દનો જ વિષય છે, [ બીજા કોઈ પ્રમાણનો કે શબ્દનો વિષય નથી, ] અને ત્યાં ( = નિયોગમાં ) સંબંધનું (=લિઙ્‌-લિઙ્‌ર્થ સંબંધનું ) જ્ઞાન સહેલાઈથી ઘટે છે. 'યજે' 'દાન કરે' 'હોમ કરે' એમ લિઙ્‌ વગેરે દ્વારા વિધિની પ્રતીતિ થાય છે, તો પછી લિઙ્‌ વગેરેનો તે વિષય નથી એમ કેમ સ્વીકરાય ? એનું ( = લિઙ્‌ અને લિઙ્‌ર્થ નિયોગના સંબંધનું ) જ્ઞાન તો વડીલોના વ્યવહાર દ્વારા ઘટે છે. 'જા' 'અધ્યયન કર' એમ સાંભળીને વડીલને શરીરની અમુક ચેષ્ટાઓ કરતો તે દેખે છે અને પોતાની જાતમાં ચેષ્ટા પ્રવર્તનાના ( = પ્રેરણાના ) જ્ઞાનપૂર્વક થતી તેણે દેખી છે. વળી, પ્રત્યક્ષથી દેખેલી કેરી વગેરેમાં સુખસાધનતાનો સંબંધ અન્વય-વ્યતિરેક દ્વારા જ્ઞાત થઈ ગયો હોય ત્યારે તેનું ( = તે સંબંધનું ) અનુસ્મરણ થવાને લીધે પ્રવર્તમાન માણસ 'આ કેરી મારા વડે ગ્રહાવાને યોગ્ય છે' એ જાતનો આકૂત (=પ્રેરણા-જ્ઞાન ) પ્રથમ પોતાના આત્મામાં જાગતાં ભૌતિક વ્યાપાર આરંભે છે તે ( આકૂત = પ્રેરણા-જ્ઞાન ) આત્માનો ધર્મ હોઈ આત્માની જેમ સ્વસંવેદ્ય છે. આત્મા અહંપ્રત્યય દ્વારા ગમ્ય છે; બીજાને આત્મા દેખાડવો શક્ય નથી. દેખાડવો શક્ય નથી એટલા માત્રથી અનુભવાતો નથી એમ ન કહી શકાય. બીજો પણ આત્માને અહંપ્રત્યય દ્વારા અનુભવે છે જ. તેવી જ રીતે ભૌતિક વ્યાપારના હેતુભૂત આત્માનો આકૂતવિશેષ ( = પ્રેરણાજ્ઞાન ) સ્વસંવેદનથી અન્ય બીજા કોઈ પણ પ્રમાણથી વેદ્ય નથી, પરંતુ પ્રમાણાન્તરવેદ્ય ન હોવાથી તે અનુભવાતો નથી એમ નહિ, કારણ કે તેનું સંવેદન થતાં ચેષ્ટા થતી દેખાય છે. તેથી, 'જા' 'અધ્યયન કર' એવા શબ્દોને સાંભળીને ચેષ્ટા કરતા પુરુષને જોઈને તે પુરુષને પણ તેવું પ્રેરણાજ્ઞાન થયું છે એવું આપણે અનુમાન કરીએ છીએ. તે પ્રેરણાનું જ્ઞાન બીજા શબ્દોને સાંભળવા છતાં ઉત્પન્ન થતું દેખાતું નથી અને લિઙ્‌ આદિ શબ્દોને સાંભળતાં જ ઉત્પન્ન થતું દેખાય છે, એટલે લિઙ્‌ આદિ શબ્દોનો એ ( = પ્રેરણા ) જ અર્થ છે એવું અન્વય-વ્યતિરેક ઉપરથી જ્ઞાત થાય છે. આટલી છે લિઙ્‌ અને લિઙ્‌ર્થના સંબંધના જ્ઞાનની પ્રક્રિયા

246. तदेतदात्मप्रत्यक्षम् । लिङादिशब्दश्रवणे सति प्रेरणावगतिः भवति । प्रथमश्रुताच्च लिङादेरसौ न भवति । न च प्रमाणान्तरेण सोऽर्थो दर्शयितुं शक्यते । कुर्यादित्यस्यार्थः कुर्यादित्यनेनैव प्रतिपाद्यते, न प्रमाणान्तरेणेत्येवं व्युत्पत्तौ सम्भवन्त्यामपि यैरगृहीतसम्बन्ध एव लिङादिः स्वरूपसामर्थ्येनैव प्रेरक इष्यते, तेऽत्यन्तमीरव इत्युपेक्षणीयाः ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

246. તેથી તે પ્રેરણાજ્ઞાન આત્મપ્રત્યક્ષ છે. લિઙ્ વગેરેનું શ્રવણ થતાં પ્રેરણાનું જ્ઞાન થાય છે. પરંતુ પહેલી જ વાર લિઙ્ આદિનું શ્રવણ થતાં પ્રેરણાનું જ્ઞાન થતું નથી. [અર્થાત્ લિઙ્ અને લિઙર્થ પ્રેરણાના સંબંધનું ગ્રહણ જરૂરી છે. પછી જ્યારે જ્યારે લિઙ્નું શ્રવણ થાય ત્યારે લિઙર્થ પ્રેરણાનું જ્ઞાન અચૂક થાય છે.] પ્રમાણાન્તરથી (અર્થાત્ લિઙ્ આદિ શબ્દથી અન્ય બીજા શબ્દથી – ણિજ્ આદિ શબ્દથી) તે અર્થ (=પ્રેરણા) દેખાડવો શક્ય નથી, 'કરે'નો અર્થ (=નિયોગ) 'કરે' શબ્દથી જ જણાવાય છે. બીજી કોઈ રીતે કે બીજા કોઈ પ્રમાણથી (=શબ્દથી) જણાવાતો નથી. એટલે આમ [લિઙ્શબ્દ અને લિઙર્થ નિયોગના સંબંધનું] જ્ઞાન સંભવતું હોવા છતાં પણ જેઓ લિઙ્ આદિ શબ્દ અગૃહીતસંબંધવાળો જ છે અને પરિણામે સ્વરૂપસામર્થ્યથી જ પ્રેરક છે એવું સ્વીકારે છે તેઓ અત્યંત ભીરુ હોઈ ઉપેક્ષાને પાત્ર છે.

247. ननु यदि लिङादिव्यतिरेकेण नान्यतो नियोगोऽवगम्यते, कथमसौ नियोगशब्दात् प्रतीयते ? कथं वा नियोगशब्दस्य नाम्नोऽप्यर्थः प्रमाणान्तरागोचरः स्यात् ? अयि साधो ! न नियोगो निपूर्वेण युजिना घञन्तेन बोधयितुं शक्यते । व्यवहारमात्रमेतत् स्वरूपमाख्यातुमाश्रीयते, यथा तु यजेतेत्येवमादिभ्यः शब्देभ्यः सोऽवगम्यते तथा नान्यत इत्यत एव न प्रमाणान्तरगोचरो धर्म इत्याहुः । लिङर्थो हि नियोगो वाक्यार्थः । स एव धर्मः । स च न प्रमाणान्तरगम्य इति ।

247. શંકાકાર– લિઙ્ આદિ શબ્દ સિવાય બીજા કોઈ શબ્દથી નિયોગનું જ્ઞાન થતું ન હોય તો પછી 'નિયોગ' શબ્દથી તેનું (=નિયોગનું)જ્ઞાન કેમ થાય છે? અને 'નિયોગ' શબ્દરૂપ નામનો પણ અર્થ બીજા કોઈ શબ્દનો વિષય કેમ બને છે?

નિયોગવાક્યાર્થવાદી અરે ઓ ભલાભાઈ ! 'નિ' ઉપસર્ગ અને ઘઞ્ અન્તવાળા યુજ્ વડે નિયોગનું જ્ઞાન કરાવવું શક્ય નથી. એ તો વ્યવહાર માત્ર છે, જેનો આશરો તે શબ્દનું સ્વરૂપ જણાવવા લેવામાં આવે છે. [અર્થાત્ 'નિ' ઉપસર્ગ અને 'ઘઞ્' અન્તવાળો યુજ્ એ તો વ્યવહારમાત્ર છે– વ્યુત્પત્તિ etymology છે– જેનો આશરો શબ્દનું સ્વરૂપ જણાવવા લેવામાં આવે છે.] પરંતુ જેમ 'યજે' વગેરે શબ્દો વડે નિયોગ જ્ઞાત થાય છે તેમ બીજા કોઈ શબ્દથી (= ણિજ્ વગેરે શબ્દથી) જ્ઞાત થતો નથી. એટલે જ કહ્યું છે કે ધર્મ બીજા કોઈ શબ્દનો (=લિઙ્ આદિથી અન્ય બીજા કોઈ શબ્દનો) વિષય નથી. લિઙ્નો અર્થ નિયોગ વાક્યાર્થ છે. તે (=નિયોગ) જ ધર્મ છે. તે ધર્મ (=નિયોગ) લિઙ્ આદિ શબ્દથી અન્ય શબ્દ વડે જ્ઞાત થતો નથી.

248. ननु लिङर्थः प्रेरणात्मकोऽयं व्याख्यातः, कार्यात्मा चायमनुष्ठेयो धर्मः, स एव च वाक्यार्थो युक्तः, कार्येऽर्थे वेदस्य प्रामाण्यमिति हि मीमांसकाः । तस्मात् पुनरपि भाट्टपक्षवद् द्वयमापतति—प्रेरकश्च विधिः, कार्यरूपश्चानुष्ठेयोऽर्थ इति । सुखैधितो निरनुसन्धान इवायुष्मानेवं व्यवहरति । न ह्यन्यः प्रेरकोऽन्यश्चानुष्ठेय इत्युक्तम् । नियोग एव प्रेरको नियोग एव चानुष्ठेयः ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

248. શંકાકાર— આ પ્રેરણાત્મક લિઙર્થ તમે સમજાવ્યો, અને કાર્યાત્મક [લિઙર્થ] એ અનુષ્ઠેય ધર્મ છે, અને તે [કાર્યાત્મક લિઙર્થ] જ વાક્યાર્થ તરીકે યોગ્ય છે કારણ કે કાર્ય અર્થમાં વેદનું પ્રામાણ્ય છે એમ મીમાંસકો માને છે. તેથી ફરીથી પણ ભાટ્ટપક્ષની જેમ બે આવી પડે છે— પ્રેરક વિધિ અને કાર્યરૂપ અનુષ્ઠેય અર્થ.

નિયોગવાક્યાર્થવાદી— [ગુરૂપાસના આદિ કર્યા વિના] સુખેથી ઋદ્ધિ પ્રાપ્ત કરનારા અવિચારકની જેમ આપ આમ કહો છો; પ્રેરક અન્ય છે અને અનુષ્ઠેય અન્ય છે એવું કહેવામાં આવ્યું નથી. નિયોગ જ પ્રેરક છે અને નિયોગ જ અનુષ્ઠેય છે.

249. कथमस्य द्वैरूप्यं शब्दो वदतीति चेत्, नैवम्, प्रेरकत्वमेव शब्दार्थः, आर्थं तु कार्यत्वम्, यतो विधिरनुष्ठेयतयाऽवगम्यते 'आचार्याज्ञां करोमि' 'राजाज्ञां करोमि' इति । किमर्थं तर्हि विषयानुष्ठानमिति चेत्, न ह्याज्ञा घटादिवत् स्वरूपेण कर्तुं शक्याऽपि तु विषयद्वारकं तत्सम्पादनम् । 'कमण्डलुं बिभृहि' इत्याचार्येणाज्ञप्तः कमण्डलुं भृत्वाऽऽचार्याज्ञां कृतां मन्यते । 'कटकं गच्छ' इति राज्ञाऽऽज्ञप्तः कटकं गत्वा राजाज्ञां कृतां मन्यते । सोऽयं नियोग एवानुष्ठेयः ।

249. શંકાકાર— નિયોગના પ્રેરણાત્મક અને કાર્યાત્મક બે રૂપોને એક શબ્દ કેવી રીતે જણાવે ?

નિયોગવાક્યાર્થવાદી– ના, એવું નથી. પ્રેરકત્વ જ શબ્દાર્થ છે, કાર્યત્વ તો આર્થ છે, કારણ કે વિધિ અનુષ્ઠેયરૂપે જ જ્ઞાત થાય છે, જેમ કે 'હું રાજાજ્ઞાને કરું છું' (અર્થાત્ હું રાજાજ્ઞાનું અનુષ્ઠાન–પાલન કરું છું), 'હું આચાર્યની આજ્ઞાને કરું છું.'

શંકાકાર— તો પછી વિષયાનુષ્ઠાનનું પ્રયોજન શું ?

નિયોગવાક્યાર્થવાદી– જેમ ઘટ આદિને સ્વરૂપથી કરવા શક્ય છે, તેમ આજ્ઞાને સ્વરૂપથી કરવી શક્ય નથી. આજ્ઞાને તો વિષય દ્વારા જ કરવી શક્ય છે. 'કમંડળ ધારણ કર' એ પ્રમાણે આચાર્યની આજ્ઞા પામેલો માણસ કમંડળને ધારણ કરીને 'પોતે આચાર્યની આજ્ઞાને પાર પાડી' એમ માને છે. 'કટકનગર જા' એ પ્રમાણે રાજાની આજ્ઞાને પામેલો માણસ કટકનગર જઈને 'પોતે રાજાની આજ્ઞાને પાર પાડી' એમ માને છે. આમ આ નિયોગ જ અનુષ્ઠેય છે.

250. ननु 'राजाज्ञया करोमि' इत्यपि व्यपदेशो दृश्यते । स चाननुष्ठेयामेवाज्ञां दर्शयति । नैवम्, तत्राप्याज्ञैवानुष्ठेया । प्रेषणाभिप्रायेण तृतीयानिर्देश इत्येवं केचित् ।

250. શંકાકાર- 'રાજાજ્ઞાથી કરું છું' એવો પણ પ્રયોગ દેખાય છે અને આ પ્રયોગ આજ્ઞા અનનુષ્ઠેય જ છે એવું દર્શાવે છે.

નિયોગવાક્યાર્થવાદી– ના, એવું નથી. ત્યાં પણ આજ્ઞા જ અનુષ્ઠેય છે, પ્રેરણાના અભિપ્રાયથી તૃતીયા વિભક્તિનો પ્રયોગ થયો છે એમ કેટલાક માને છે. [રાજાજ્ઞાથી પ્રેરાયેલો હું કરું છું' એવી વિવક્ષા હોય ત્યારે તૃતીયાવિભક્તિનો પ્રયોગ થાય છે; કરણ (=અનુષ્ઠાન) તો રાજાજ્ઞાનું જ છે, કારણ કે તાત્પર્યતઃ પુરુષની પ્રવૃત્તિ રાજાજ્ઞામાં થાય છે.]

251. अन्ये तु शाब्दं कार्यत्वं नियोगस्य, प्रेरकत्वं त्वर्थादित्याचक्षते । अनुष्ठेयता हि तस्य निजं रूपम् । स्वसिद्धये स तु नियोज्यं नियुञ्जानः प्रेरक इत्युच्यते । तदिदं कार्यत्वमपरित्यक्तप्रेरकभावमस्यावगम्यते, प्रेरकत्वं चापरित्यक्तकार्यभावमिति अन्यतरदत्र शाब्दं रूपम्, अन्यतरच्चार्थं रूपमिति न भाट्टैरिवास्माभिः प्रत्यये गुरुर्भार आरोपितः ।

251. બીજા કેટલાક કહે છે કે—નિયોગનું કાર્યત્વ શાબ્દ છે– શબ્દમાંથી સાક્ષાત્ પ્રાપ્ત થાય છે, પરંતુ નિયોગનું પ્રેરકત્વ અર્થાત્ પ્રાપ્ત થાય છે. કાર્યત્વ (=અનુષ્ઠેયત્વ) જ નિયોગનું પોતાનું સ્વરૂપ છે. પરંતુ પોતાની સિદ્ધિને માટે નિયોજ્ય પુરુષને નિયોજતો [કાર્યાત્મા] નિયોગ પ્રેરક કહેવાય છે. તેથી, જેની સાથે પ્રેરકભાવ જોડાયેલો જ છે એવું એનું કાર્યત્વ અને જેની સાથે કાર્યભાવ જોડાયેલો જ છે એવું એનું પ્રેરકત્વ જ્ઞાત થાય છે. અહીં શાબ્દરૂપ જુદું છે અને આર્થ રૂપ જુદું છે. એટલે ભાટ્ટોની જેમ અમે પ્રત્યય ઉપર ગુરુ ભાર લાદતા નથી

252. स चायं नियोगः प्रतीयमानः 'यजेत स्वर्गकामः' इत्यनुबन्धद्वयावच्छिन्नः प्रतीयते । यज्यादिनाऽस्य विषयानुबन्धो धातुनोच्यते, 'स्वर्गकामः' इत्यधिकारानुबन्धः पदान्तरेणार्प्यते । तत्र च स्वर्गकामस्यैवमधिकारो निर्वहति । यदि भावार्थस्य स्वर्गं प्रति साधनत्वमवगम्यते, एवं तर्हि स्वर्गकामेनैवासौ कृतो भवतीति स्वर्गकामपदान्वये प्राक्तन एव मार्गोऽनुमन्तव्यः । न पुनः स्वर्गादिफलप्रदर्शनपूर्वकं विधेः प्रवर्तकत्वम्, अस्वातन्त्र्यप्रसङ्गात् । न हीदृशं शास्त्रस्य दैन्यं यत् फलं विना पुंसः प्रवर्तयितुं न शक्नोति । अन्यथा 'यावज्जीवं यजेत' इत्यादावप्रवर्तकं शास्त्रं स्यात् ।

252. નિયોગ જ્યારે પ્રતીત થતો હોય છે ત્યારે 'स्वर्गकामः यजेत' (='સ્વર્ગકામ યજે') એમ બે અનુબંધોથી વિશિષ્ટ તે પ્રતીત થાય છે. યજ્ આદિ ધાતુ વડે એનો વિષયાનુબંધ જણાવાય છે. 'સ્વર્ગકામ' એ બીજા પદથી અધિકારાનુબંધ જણાવાય છે ત્યાં સ્વર્ગકામનો જ અધિકાર નિર્વાહ પામે છે જો ભાવાર્થ (=ધાત્વાર્થ, યાગ)નું સ્વર્ગને અનુલક્ષી સાધનપણું જ્ઞાત થાય છે તો એ રીતે સ્વર્ગકામ પુરુષ વડે જ એ સ્વર્ગ કૃત બને છે-અર્થાત્ સ્વર્ગકામ પુરુષ એ સ્વર્ગનો અધિકારી કર્તા છે, એટલે 'સ્વર્ગકામ' પદના અન્વયની બાબતમાં પહેલાં જણાવેલો માર્ગ જ સ્વીકારવો જોઈએ. વળી, સ્વર્ગ આદિ ફળને દર્શાવીને પછી વિધિ પ્રવર્તક બનતો નથી, કારણ કે એમાં વિધિ અસ્વતંત્ર (=ફળપરતંત્ર) બની જવાની આપત્તિ આવે છે. શાસ્ત્રનું આવું દૈન્ય નથી કે ફળ વિના તે પુરુષને પ્રવૃત્તિ કરવા પ્રેરવા શક્તિમાન ન બને. અન્યથા 'यावज्जीवं यजेत' (='જીવનપર્યન્ત યજે') વગેરે સ્થળે શાસ્ત્ર અપ્રવર્તક બની જાય, [કારણ કે અહીં ફળનો નિર્દેશ નથી.]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

253. किं यावज्जीवमित्यादयश्चोदनाः फलशून्या एव ? ओमित्युच्यते । न हि विधिः फलमाकाङ्क्षति अपि तु नियोज्यं विषयं च—कस्य नियोगः ? कुत्र नियोग ? इति । ते एते उभे अपि आकाङ्क्षे परिपूर्णे । तत्र जीवतो नियोगः, यागे च नियोग इति । अतः परं फलकल्पनं पुरुषबुद्धिप्रभवं भवति, न शास्त्रीयम् । कामाधिकारे तु नियोज्यतैवान्यथा स्वर्गकामस्य नोपपद्यते इति स्वर्गस्य साध्यत्वमभ्युपगतं, न पुनर्विधेः फलार्थत्वात् । अत एव न तत्र वैधी प्रवृत्तिः, लिप्सयैव प्रवृत्तत्वात् । आह च 'तस्य लिप्सार्थलक्षणा' इति[जै०सू० ४.१.२] । साध्यसाधनभावप्रतिपादनपर्यवसितो हि तत्र विधिव्यापारः, न प्रयोगपर्यवसित इति । अत एव श्येनादेरधर्मत्वम् । तत्र ह्यभिचरन्निति शत्रा शत्रु वैदिकेनोपायेन जिघांसुरधिकारी दर्शितः तस्य । न तत्र शास्त्रं प्रवर्तकम् । जानात्येवासौ 'मयैतत्कर्तव्यम्' उपायं तु न वेदेत्येवम् । उपायमात्रमस्योपदिश्यते । श्येनं कुर्विति न विधिः प्रभवति, जिघांसाया एव तत्र प्रवर्तकत्वात् । अतः श्येनादेरधर्मत्वात् तद्व्युदासार्थमर्थपदोपादानम्, 'चोदनालक्षणोऽर्थो धर्मः' [ जै० सू० १.१.२ ] इति ।

**253.** શંકાકાર– શું 'यावज्जीवं यजेत' વગેરે આજ્ઞાઓ ફળશૂન્ય જ છે ?

**નિયોગવાક્યાર્થવાદી**– 'હા એમ અમે કહીએ છીએ. વિધિ ફળની આકાંક્ષા રાખતો નથી, પરંતુ નિયોજ્ય પુરુષની અને વિષયની આકાંક્ષા રાખે છે, જેમ કે 'કયા પુરુષનો નિયોગ છે ?' 'કયા વિષયમાં નિયોગ છે ? આ બંને આકાંક્ષાઓ અહીં (='यावज्जीवं यजेत'માં) પરિપૂર્ણ થાય છે. જીવતા પુરુષનો નિયોગ છે અને યાગવિષયમાં નિયોગ છે. આનાથી આગળ ફળની કલ્પના એ તો પુરુષની બુદ્ધિની નીપજ છે. ફળકલ્પના શાસ્ત્રીય નથી. કામાધિકારમાં તો સ્વર્ગકામ પુરુષની નિયોજ્યતા જ અન્યથા (અર્થાત્ ફળ વિના) ઘટતી નથી એટલે સ્વર્ગને સાધ્ય (=ફળ) તરીકે સ્વીકાર્યું છે— અને નહિ કે વિધિને ફળની અપેક્ષા છે માટે. તેથી જ ત્યાં વૈધી પ્રવૃત્તિ નથી, કારણ કે સ્વર્ગ આદિની ઇચ્છાથી જ તે પ્રવૃત્ત થયો છે અને કહ્યું પણ છે કે 'સ્વર્ગ આદિની ઇચ્છા શાસ્ત્રની પ્રેરણા વિના સ્વાભાવિક થાય છે' (જૈમિનિસૂત્ર ૪ ૧.૨). ત્યાં વિધિનો વ્યાપાર સાધ્યસાધનસબંધના પ્રતિપાદનમાં જ સમાપ્ત થાય છે તેથી આગળ વધી પ્રયોગમાં (=પ્રવૃત્તિમાં) સમાપ્ત થતો નથી. એટલે જ શ્યેનયાગ વગેરે અધર્મ છે. [અર્થાત્ વિધિનો વ્યાપાર જો પ્રવૃત્તિમાં પર્યવસાન પામતો હોત તો શ્યેનયાગવિષયક પ્રવૃત્તિ પણ ધર્મ બની જાત.] ત્યાં 'अभिचरन्' એ શતૃપ્રત્યયાન્ત પદ દ્વારા તે, શત્રુને વૈદિક ઉપાય વડે મારવાનો ઇચ્છુક દર્શાવાયો છે. તેમાં શાસ્ત્ર પ્રવર્તક–પ્રેરણા આપનારું નથી. તે પુરુષ જાણે જ છે કે 'મારું આ કર્તવ્ય છે' પરંતુ તેનો ઉપાય તે જાણતો નથી. શાસ્ત્ર તો માત્ર ઉપાયને દર્શાવે છે— શ્યેનયાગને દર્શાવે છે. શત્રુવધવિષયક પ્રવૃત્તિની પ્રવર્તનામાં (પ્રેરણામાં) અર્થાત્ 'કર' એ અર્થમાં (=લિઙ્-લોટ્ અર્થમાં) વિધિ કામ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરતો નથી, કારણ કે જિઘાંસા (=હણવાની ઇચ્છા) જ તે પ્રવૃત્તિની પ્રેરક (=પ્રવર્તક—ઉત્પાદક) છે. તેથી, શ્યેનયાગ વગેરે અધર્મ (=અનર્થ) હોઈ તેમની વ્યાવૃત્તિ કરવા માટે સૂત્રમાં 'અર્થ' પદ મૂકવામાં આવ્યું છે– चोदनालक्षणोऽर्थः धर्मः [=વૈદિક પ્રવર્તક વાક્ય (ચોદના) જ જેનો જ્ઞાપક હેતુ (=લક્ષણ) છે એવો જે અર્થ તેનું નામ ધર્મ. અહીં ધર્મનાં બે વિશેષણો આપ્યાં છે. એક તો તે વેદનાં વિધિવાક્યો વડે જ જ્ઞાત થાય છે. બીજું તે અર્થ છે (=સુખનું કે શ્રેયનું સાધન છે), અનર્થ નથી].

254. कामाधिकारेषु हीतिकर्तव्यतांशे शास्त्रीया प्रवृत्तिः, यथोक्तं 'क्रत्वर्थौ हि शास्त्रादवगम्यते' [शा० भा० ४.१.२]इति । भावार्थमात्रस्य हि करणत्वमवगतम्, इतिकर्तव्यतांशस्तु न करणत्वावगतिवेलायामुपनिपतित इति तत्र लिप्साया अभावाच्छास्त्रमेव प्रवर्तकम् । अतएवाग्नीषोमीयहिंसाया नाधर्मत्वम् ।

254. કામાધિકારોમાં આવતા ઇતિકર્તવ્યાંશમાં જે પ્રવૃત્તિ થાય છે તે શાસ્ત્રીય (= વૈધી) છે, જેમ કે કહ્યું છે કે 'યજ્ઞ (ક્રતુ)ના ઉપકારક અંગ શાસ્ત્રથી [ક્રત્વર્થરૂપે] જ્ઞાત થાય છે.' ભાવાર્થમાત્રનું (=કેવળ ધાત્વર્થનું–યાગનું) કરણત્વ તો પહેલેથી જ્ઞાત થયેલું છે. પરંતુ જ્યારે કરણત્વનું જ્ઞાન થયું ત્યારે ઇતિકર્તવ્યતાંશ આવી પડયો ન હતો (=જ્ઞાત થયો ન હતો), એટલે લિપ્સાના અભાવે શાસ્ત્ર જ ઇતિકર્તવ્યતાંશમાં પ્રવર્તક છે. [ફળનું સાધન કરણ હોઈ, તે કરણવિષયક પ્રવૃત્તિ ફલેચ્છાને કારણે થાય છે, ફલેચ્છા તે પ્રવૃત્તિની પ્રવર્તક છે, વિધિ તેનો પ્રવર્તક નથી. ઇતિકર્તવ્યતાંશ કરણનો ઉપકાર કરતો હોઈ તે ઇતિકર્તવ્યતાંશ પણ ફળનું પરંપરાથી સાધન ગણાય, પરિણામે ઇતિકર્તવ્યતાંશમાં પણ ફલેચ્છાને કારણે પ્રવૃત્તિ કેમ ન થાય? આના ઉત્તરમાં કેટલાક જણાવે છે કે કરણ ફલસિદ્ધિને વચ્ચે લાવીને નિયોગને સાધે છે એટલે કરણનો ફળ સાથે સંબંધ છે, ઇતિકર્તવ્યતાનો ફળ સાથે સંબંધ નથી. બીજા કેટલાક જણાવે છે કે પ્રયોગકાળે (પ્રવૃત્તિકાળે) કરણ ઇતિકર્તવ્યતાની અપેક્ષા કરે છે. પ્રતિપત્તિકાળે તે તેની અપેક્ષા કરતું નથી. અધિકારાવસ્થામાં પ્રતિપત્તિકાળે તો ફલસિદ્ધિ માટેની કરણની જ ઉપાયતાનું જ્ઞાન થાય છે. પ્રયોજાતો શુદ્ધ અનુપકૃત યાગ (કરણ) ફળની (સ્વર્ગની) સિદ્ધિ માટે સમર્થ નથી, એટલે પ્રયોગકાળે પ્રવૃત્ત થયેલા યાગને (કરણને) ઇતિકર્તવ્યતાની અપેક્ષા છે– પહેલેથી નથી. નિષ્કર્ષ એ કે ફલેચ્છાથી જેમ કરણમાં પ્રવૃત્તિ થાય છે તેમ ઇતિકર્તવ્યાંશમાં ફલેચ્છાથી પ્રવૃત્તિ થતી નથી. કામાધિકારોમાં ફળના સાધન (=કરણ) વિષયક પ્રવૃત્તિ ફલેચ્છાથી થાય છે, વિધિ તો ફળનું સાધન માત્ર દર્શાવે છે— સાધ્યસાધનસંબંધનું પ્રતિપાદન કરે છે. પરંતુ સાધનવિષયક પ્રવૃત્તિ કેવી રીતે કરવી તેમાં વિધિ પ્રવર્તક છે—લિપ્સા પ્રવર્તક નથી. અર્થાત્ મુખ્ય સાધનના અંગો વિષયક જે પ્રવૃત્તિ થાય છે તે પ્રવૃત્તિનો પ્રવર્તક વિધિ છે. 'સ્વર્ગકામ યજે' અહીં ફળ સ્વર્ગ છે. યાગ એ સ્વર્ગનું મુખ્ય સાધન (કરણ) છે. પુરુષને યાગવિષયક પ્રવૃત્તિ કરવા પ્રેરનાર સ્વર્ગેચ્છા છે, વિધિ નથી. વિધિ તો સ્વર્ગ અને યાગ વચ્ચેના સાધ્ય-સાધનસંબંધનું જ માત્ર પ્રતિપાદન કરે છે. પરંતુ યાગના ઉપકારક અંગોમાં પુરુષની જે પ્રવૃત્તિ થાય છે તેનો પ્રવર્તક તો વિધિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ છે, લિપ્સા નહિ.] તેથી જ [અગ્નિષ્ટોમયાગની - જ્યોતિષ્ટોમયાગની - ઇતિકર્તવ્યતાભૂત] અગ્નિષોમીય હિંસા અધર્મ નથી. [અગ્નિષ્ટોમયાગની ઇતિકર્તવ્યતામાં અગ્નિષોમીય પશુને મારી તેના માંસપિંડને અગ્નિ–સોમ માટે હોમવાનું અને તે પશુના અંગોના ભાગોથી મિશ્રિત પુરોડાશો બનાવી અગ્નિ-સોમ માટે હોમવાનું આવે છે. અગ્નિષોમીય પશુ બોકડો છે.]

255. 'न हिंस्यात् सर्वा भूतानि' इति निषेधः सामान्यशास्त्रम् । सामान्यशास्त्रं च विशेषशास्त्रक्रोडीकृतविषयपरिहारेण प्रवर्तते इति अग्नीषोमीयहिंसायाः शास्त्रीयत्वात् न निषेधविधिरनर्थतां बोधयेदिति ।

255. [શંકાકાર— અગ્નિષોમીય હિંસા અધર્મ થાય કારણ કે 'કોઈ પણ પ્રાણીની હિંસા ન કરો' એવો વેદનો આદેશ છે.]

નિયોગવાક્યાર્થવાદી— 'કોઈ પણ પ્રાણીની હિંસા ન કરો' એ નિષેધ તો સામાન્યશાસ્ત્ર છે. વિશેષશાસ્ત્રના વિષયને છોડીને સામાન્યશાસ્ત્ર પ્રવર્તે છે. અગ્નિષોમીય હિંસા એ વિશેષશાસ્ત્રનો વિષય હોઈ, સામાન્યશાસ્ત્રમાં કરવામાં આવેલ નિષેધવિધિ અગ્નિષોમીય હિંસાની અનર્થતાનો બોધક નથી.

256. ननु श्येनेऽपि शास्त्रीया प्रवृत्तिः । प्रवर्तकत्वं हि विधेः स्वरूपं प्रमाणान्तरविलक्षणम् । नान्वयव्यतिरेकवत् साध्यसाधनप्रतीतिमात्रपर्यन्तो हि विधिव्यापारो भवितुमर्हति इति सर्वत्र विधेः प्रयोक्तृत्वानपायात् । एवमेव चेयं प्रवृत्तिः श्येनेन यजेतेति । उच्यते । प्रवर्तितोऽहमिति ज्ञानजननं विधेः प्रेरकत्वम् । तत् सत्यं सर्वत्र तुल्यं करणे श्येने इतिकर्तव्यतायामग्नाषोमीये च । बाह्ये तु प्रवृत्तिलक्षणे भौतिके व्यापारे यत्र लिप्सादि प्रवर्तकान्तरमस्ति, तत्र भवन्त्यपि विधेः प्रयोक्तृशक्तिरुदास्ते, पशुपुरोडाशप्रयाजवत् । तत्रोदासीने विधौ निषेधशास्त्रमवतरति 'न हिंस्यात्' इति । यदि तु सर्वत्र प्रयोक्तृशक्तिरनुदासीना भवेत् तदा ज्योतिष्टोमान्न विशिष्येत श्येनः, शास्त्रीयायां प्रवृत्तावग्नीषोमीय इव निषेधशास्त्रस्यानवकाशात् ।

256. શંકાકાર— શ્યેનયાગમાં થતી પ્રવૃત્તિ પણ શાસ્ત્રીય છે, કારણ કે પ્રવર્તકત્વ એ વિધિનું સ્વરૂપ છે જે પ્રમાણાન્તરના (=અન્ય શબ્દના) સ્વરૂપથી વિલક્ષણ છે. અન્વય–વ્યતિરેકની જેમ વિધિનો વ્યાપાર સાધ્ય–સાધનની પ્રતીતિમાત્ર સુધી જ હોવો ઘટતો નથી, કારણ કે વિધિનું પ્રવર્તકત્વ સર્વત્ર હાજર હોય છે જ. આમ જ આ [શ્યેનયાગમાં થતી] પ્રવૃત્તિ '**श्येनेन यजेत**' (='શ્યેનયાગ કરે') એ વિધિથી જ ઉત્પન્ન થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિયોગવાક્યાર્થવાદી— આનો ઉત્તર આપીએ છીએ. 'મને પ્રવૃત્તિ કરવા પ્રેરવામાં આવ્યો છે' એ જ્ઞાનની ઉત્પત્તિ જ વિધિનું પ્રેરકત્વ છે. તે સાચે જ સર્વત્ર તુલ્ય છે— [શત્રુઘાતના] શ્યેનયાગરૂપ કરણમાં અને [અગ્નિષ્ટોમની] ઇતિકર્તવ્યતામાં પડતા અગ્નિષોમીયમાં. પરંતુ બાહ્ય પ્રવૃત્તિલક્ષણ ભૌતિક વ્યાપારમાં, જ્યાં લિપ્સા વગેરે અન્ય પ્રવર્તક છે ત્યાં વિધિમાં પ્રયોક્તૃશક્તિ હોવા છતાં તે શક્તિ ત્યાં ઉદાસીન બની જાય છે, પશુપુરોડાશપ્રયાજ એ એનું ઉદાહરણ છે. વિધિ ત્યાં ઉદાસીન થતાં 'હિંસા ન કરવી' એ નિષેધશાસ્ત્ર ત્યાં ઊતરે છે જો સર્વત્ર જ વિધિની પ્રયોક્તૃશક્તિ અનુદાસીન બને તો જ્યોતિષ્ટોમથી (=અગ્નિષ્ટોમથી શ્યેન-યાગનો કંઈ વિશેષ ન રહે, કારણ કે શાસ્ત્રીય પ્રવૃત્તિમાં અગ્નિષોમીયની જેમ શ્યેનયાગમાં પણ નિષેધશાસ્ત્રને કંઈ અવકાશ ન રહે.

257. ज्योतिष्टोमेऽनुल्लङ्घितनिषेधोऽधिकारी, स्वर्गस्यानिषिद्धत्वात् । श्येने तु हिंसायाः प्रतिषिद्धत्वाद् उत्क्रान्तनिषेधोऽधिकारीति चेत् , मैवम् , अधिकारिदशायामपि भवन्मते विधेः प्रयोक्तृत्वानपायात् न निषेधशास्त्रमवकाशं लभते इति श्येनेऽपि नावधीरितनिषेधोऽधिकारी स्यात् ।

257. શંકાકાર– જ્યોતિષ્ટોમમાં, જેણે નિષેધનું ઉલ્લંઘન નથી કર્યું તે અધિકારી છે, કારણ કે સ્વર્ગ નિષિદ્ધ નથી. પરંતુ શ્યેનયાગમાં તો, હિંસા પ્રતિષિદ્ધ હોઈ, નિષેધનું ઉલ્લંઘન કરનારો અધિકારી છે.

નિયોગવાક્યાર્થવાદી- ના, એવું નથી. અધિકારીદશામાં પણ આપના મતે વિધિનું પ્રયોક્તૃત્વ ચાલ્યું જતું નથી એટલે નિષેધશાસ્ત્રને અવકાશ મળતો નથી, પરિણામે શ્યેનયાગમાં પણ નિષેધનો જેણે અનાદર કર્યો છે તે અધિકારી બને નહિ.

258. ननु न विधिः फले प्रयोज्यं प्रेरयति फलं कुर्विति, कर्मणि त्वेनं प्रवर्तयति यजस्वेति । तेनाधिकारिदशायामप्रतिहतो निषेधशास्त्रावकाशः । आयुष्मन् ! अस्मत्पक्षमाश्रितोऽसि । फले चेन्न प्रवर्तयति विधिः पुरुषं, फलार्थित्वादेवैनमुपाये प्रवर्तमानं तत्रापि न प्रेरयेत्, उपायानभिज्ञस्य तूपायमेव दर्शयेत्, यावदप्राप्तं हि विधेः विषयः । तदुक्तम्—जानात्येवासौ मयैतत्कर्तव्यमुपायं तु न वेदेति । प्रतीतिरपीयमीदृशी 'अभिचरन् यजेत' इति । यदि त्वं शास्त्रीयेनोपायोन वैरिणं हन्तुमुद्यतः, श्येनेन जहि, श्येनस्तवोपाय इत्यर्थः । तदलमतिप्रसङ्गेन । कामाधिकारेषु तावन्न फलाकाङ्क्षो विधिः, फलं त्वधिकारे हेतुरिति स्थितम् ।

प्रतिषेधाधिकारेऽपि प्रत्यवायो न कल्पते ।
निषेध्यविषयादेव लब्धत्वादधिकारिणः ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तत्रासौ कल्प्यमानोऽपि नरकादिफलोदयः ।
अवैधत्वं प्रपद्येत न ह्याकाङ्क्षेदृशी विधेः ॥
विधेरपेक्षे द्वे एव नियोज्यविषयौ प्रति ।
तत्पूरणेन तृप्तस्तु न वाञ्छति ततोऽधिकम् ॥
नियोज्यस्तावदेतावान्क्रुद्धोऽरिहननोद्यतः ।
विषयस्तन्निवृत्तिश्च नियोगो यत्र गम्यते ॥

258. શંકાકાર– વિધિ પ્રયોજ્ય પુરુષને ફળમાં 'ફળ કર' એમ પ્રેરતો નથી. પરંતુ વિધિ તેને કર્મમાં 'યજ્ઞ કર' એમ પ્રેરે છે. તેથી અધિકારીદશામાં નિષેધશાસ્ત્રનો અવકાશ અપ્રતિહત છે.

નિયોગવાક્યાર્થવાદી— હે આયુષ્મન્ ! તેં અમારા પક્ષનો આશરો લીધો છે. જો વિધિ પુરુષને ફળમાં પ્રેરતો ન હોય તો, ફળની ઇચ્છાથી જ ફળના ઉપાયમાં પ્રવૃત્તિ કરતા પુરુષને વિધિ ઉપાયમાં પણ પ્રેરે નહિ, વિધિ તો ઉપાય ન જાણનારને ઉપાય જ દર્શાવે, કારણ કે જે અપ્રાપ્ત છે તે વિધિનો વિષય છે. એટલે જ કહ્યું છે કે 'પુરુષ જાણે છે કે આ મારે કરવાનું છે, પરંતુ તે ઉપાય જાણતો નથી'. 'श्येनेन अभिचरन् यजेत' ( = શત્રુને મારવા તત્પર થનારો શ્યેનયાગ કરે' એની આ પ્રતીતિ પણ આવી છે. 'જો તું શાસ્ત્રીય ઉપાયથી વૈરીને હણવા ઉદ્યત થયો હોય તો શ્યેનયાગથી હણ, શ્યેનયાગ તારો ઉપાય છે' એવો એનો અર્થ છે. વધુ વિસ્તાર કરવાનું પ્રયોજન નથી. કામાધિકારોમાં વિધિને ફળની આકાંક્ષા નથી [કારણ કે નિયોજ્ય પુરુષ અને વિષય (યાગ) એ બેને જણાવનાર એ પહોથી જ તે નિરાકાંક્ષ બની જાય છે.] ફળ તો અધિકારનું કારણ છે એમ સ્થિર થયું છે પ્રતિષેધાધિકારમાં પણ પ્રત્યવાય (=અનર્થ) ઘટતો નથી. [અર્થાત્ વિધિને તેની કોઈ અપેક્ષા નથી.] [ 'न हन्यात् सर्वा भूतानि'–'કોઈ પણ પ્રાણીની હત્યા ન કરો' આ પ્રતિષેધવાક્ય છે.] તેમાં નિષેધ્ય વિષય હનન છે, તેમાંથી જ અધિકારીની- હનનપ્રવૃત્ત (અરિહનનપ્રવૃત્ત) પુરુષની પ્રાપ્તિ થતી હોઈ, પ્રતિષેધાધિકારમાં પણ પ્રત્યવાય અનર્થ ઘટતો નથી. પ્રતિષેધાધિકારમાં નરક વગેરે ફળની ઉત્પત્તિ કલ્પવામાં આવે તો પણ તે ફલોત્પત્તિ અવૈધપણું પામે છે, કારણ કે વિધિની આવી આકાંક્ષા નથી. અર્થાત્ વિધિને ફળની આકાંક્ષા નથી. વિધિને નિયોજ્ય પુરુષની અને વિષયની એ બેની જ આકાંક્ષા છે. તે આકાંક્ષા પુરાવાથી તૃપ્ત બનેલો-વિધિ એથી અધિક કંઈ વાંછતો નથી (અર્થાત્ તે ફળની આકાંક્ષા રાખતો નથી). પ્રતિષેધાધિકારમાં નિયોજ્ય પુરુષ આટલો જ છે- ક્રુદ્ધ અને અરિહનનોદ્યત અને વિષય છે હનનનિવૃત્તિ જેને અનુલક્ષી નિયોગ (આજ્ઞા) જ્ઞાત થાય છે.

259. नन्वेतावन्न विबुध्यामहे निषेधविधेः को विषय इति । 'भावार्थाः कर्मशब्दास्तेभ्यः क्रिया प्रतीयते' इति [ जै०सू० २.१.१ ] स्थिते भावार्थस्तावत् पूर्वापरीभूतत्वाभावान्न विधेर्विषयः । नञर्थोऽपि न विधेर्विषयः, अनन्वितामिधानाच्च ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

न हि नञोऽनन्तरं लिङ्विभक्तिः श्रूयते, अपि तु हन्तेः । हननमपि न विधेर्विषयः, तस्य धर्मत्वप्रसङ्गात्, नञ्प्रयोगस्य वैयर्थ्यप्रसक्तेः, हनने च पुरुषस्य स्वतः प्रवृत्तेः । नञ्विशिष्टोऽपि न हन्त्यर्थोऽस्य विषयः, तयोर्विशेषणविशेष्यभावाभावात् ।

युक्तं दध्ना जुहोतीति होमे दध्यनुरक्तता ।
हन्तेः स्वरूपनाशात्तु न नञर्थानुरक्तता ॥

पुरुषप्रयत्नोऽपि न केवलो विधेर्विषयः, स्वतः सिद्धत्वात् । नापि नञर्थानुरक्तः, हन्तिवत् तत्रापि नञर्थस्य विशेषणत्वानुपपत्तेः ।

259. શંકાકાર— આટલું અમને સમજાતું નથી કે નિષેધવિધિનો વિષય કયો છે ? જે ભાવાર્થ (=ધાત્વર્થ) કર્મશબ્દો છે તે કર્મશબ્દોથી ક્રિયા જણાય છે, આવું સ્થિર થઈ ગયું હોઈ ભાવાર્થ વિધિનો વિષય નથી, કારણ કે તેમાં (વિધિના વિષયમાં) પૂર્વાપરીભૂતત્વ– [જે યાગાદિ ક્રિયાનું લક્ષણ છે તે]- નથી. ઉપરાંત, નઞર્થ વિધિનો વિષય નથી, કારણ કે તે પ્રત્યયાર્થ સાથે અન્વિત થયા વિના જ પોતાના અર્થનું અભિધાન કરે છે. નઞ્ પછી તરત જ લિઙ્વિભક્તિ સંભળાતી નથી, પરંતુ હન્ ધાતુ પછી તરત જ લિઙ્વિભક્તિ સંભળાય છે; [આમ નઞ્નો લિઙ્વિભક્તિ સાથે અન્વય નથી.] હનન પણ વિધિનો વિષય નથી કારણ કે તેમ માનતાં (અર્થાત્ હનનને વિધિનો વિષય માનતાં) હનન ધર્મ બની જવાની આપત્તિ આવે; વળી, નઞ્ના વૈયર્થ્યની પણ આપત્તિ આવે; અને હનનમાં તો પુરુષ સ્વતઃ પ્રવૃત્તિ કરે છે [એટલે હનનવિષયક વિધિની કોઈ આવશ્યકતા નથી.] નઞ્વિશિષ્ટ હન્ધાત્વર્થ પણ વિધિનો વિષય નથી કારણ કે તેમની વચ્ચે વિશેષણવિશેષ્યભાવ જ નથી. [તેમની વચ્ચે વિશેષણ-વિશેષ્યભાવ કેમ નથી તે સમજાવીએ છીએ–] 'દહીં વડે હોમ કરે છે' અહીં હોમ દહીંથી અનુરક્ત (=વિશિષ્ટ) છે, પરંતુ હન્ધાત્વર્થ નઞર્થથી અનુરક્ત નથી કારણ કે [નઞર્થ સાથે હન્ધાત્વર્થનો સંબંધ થતાં જ] હન્ધાત્વર્થના સ્વરૂપનો નાશ થઈ ગયો છે. કેવળ પુરુષ-પ્રયત્ન પણ વિધિનો વિષય નથી, કારણ કે તે સ્વતઃ સિદ્ધ છે. [અર્થાત્ કેવળ પુરુષપ્રયત્ન પોતાની ઉત્પત્તિ માટે બીજા કશા ઉપર આધાર રાખતો નથી.] નઞર્થથી અનુરક્ત પુરુષ-પ્રયત્ન પણ વિધિનો વિષય નથી, કારણ કે નઞર્થ જેમ હન્ધાત્વર્થનું વિશેષણ ઘટી શકતું નથી તેમ પુરુષપ્રયત્નનું પણ ઘટી શકતું નથી.

260. अथायमब्राह्मणादिन्यायेन हन्तौ पर्युदस्ते भावार्थान्तरे नियोगः कल्प्यते । न हन्यादिति कोऽर्थः ? अन्यत्किमपि कुर्यादिति । तर्हि किं तद्भावान्तरमिति न विचारयितुं शक्यते । यत्किञ्चिदिति चेन्न, तस्य स्वतः सिद्धत्वेन विध्यनर्हत्वात् । अवश्यं जीवन् पुमान् किञ्चित् करोति पठति गच्छति भुङ्क्ते च ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

260. [કોઈ કહે કે] અબ્રાહ્મણ વગેરેની જેમ નઞ્‌થી હન્‌ધાત્વર્થ પર્યુદસ્ત થતાં અન્ય ભાવાર્થમાં (=ધાત્વર્થમાં) નિયોગની (=આજ્ઞાની) કલ્પના કરાય છે. 'न हन्यात्—ન હણે' એનો શો અર્થ ? 'બીજું કંઈ પણ કરે' એ અર્થ જો એમ હોય તો તે અન્ય ભાવાર્થ (=ધાત્વર્થ) કયો છે એ વિચારવું શક્ય નથી. જો કહો કે કોઈ પણ ભાવાર્થ, તો તે બરાબર નથી, કારણ કે તે તો સ્વતઃ સિદ્ધ હોઈ વિધિનો વિષય બનવાને યોગ્ય નથી. જીવતો પુરુષ અવશ્ય કંઈ ને કંઈ કરે જ છે– પઠન કરે છે, ગમન કરે છે, ભોજન કરે છે.

261. अथ विषयांशं परिहृत्य प्रमाणांशे नञ् निविशते, स हि प्रवर्तमानं पुमांसं रुणद्धि, यद्धन्यात्तन्नेति । तदप्यनुपपन्नम्, अन्विताभिधानेन विधिविभक्तेर्हन्तिनावरुद्धत्वात् । प्रेरणशक्तिस्वभावो विधिः स्थितः । यस्तु निषेधात्मा नञ् पार्श्वे स्थितः तत्र न विधिः संक्रामति । संक्रान्तावपि नञश्च विधेश्च सम्बन्धे सति विधेः स्वरूपनाशोऽवगम्यते । स्वभावो ह्येष नञो यदयं येन येन सम्बध्यते तस्य तस्याभावं बोधयतीति । अतो विधिसम्बन्धे नञ इष्यमाणे एतावान् वाक्यार्थोऽवतिष्ठते हननविधिर्नास्तीति । ततश्च हननस्य विधित्वं च स्यात् ।

261. [કોઈ કહે છે કે] વિષયાંશને (=ધાત્વર્થ ભાગને) છોડી પ્રમાણાંશ (=લિઙ્) સાથે નઞ્ જોડાય છે, તે પ્રવર્તમાન પુરુષને અટકાવે છે, જેને હણે તેને ન હણે એમ. પરંતુ આ પક્ષ પણ ઘટતો નથી, કારણ કે [પ્રકૃતિ સાથે] અન્વિત થઈ વિધિવિભક્તિ (=લિઙ્) પોતાના અર્થનું અભિધાન કરતી હોવાથી હન્ (=પ્રકૃતિ=ધાતુ) વડે વિધિવિભક્તિ (=લિઙ્) અવરુદ્ધ થઈ જાય છે. પ્રેરણાશક્તિરૂપ સ્વભાવવાળો વિધિ સ્થિર થયો છે. જે નિષેધાત્મા નઞ્ બાજુમાં રહેલ છે ત્યાં વિધિ (=લિઙ્) સંક્રમણ કરતો નથી. ત્યાં વિધિ સંક્રમણ કરે તો પણ નઞ્‌નો અને વિધિનો સંબંધ થતાં વિધિના સ્વરૂપનો નાશ જ્ઞાત થાય, કારણ કે નઞ્‌નો એવો સ્વભાવ છે કે તે જેની સાથે જોડાય તેના અભાવનું જ્ઞાન તે કરાવે. નઞ્‌ને વિધિ સાથે સંબંધ ધરાવતો ઇચ્છવામાં આવતાં આટલો જ વાક્યાર્થ સ્થિર થાય – 'હનનવિધિ નથી' અને પરિણામે હનનનું વિધિપણું થાય.

262. अत्रोच्यते दध्ना जुहोतीति होमस्य वचनान्तरचोदितत्वाद् विधिविभक्तिशक्तिरुपपदं संक्रामतीति यथावर्णितम्, एवमिहापि हनने स्वतः प्रवृत्तत्वेन विधिवैफल्यात् नञश्च श्रूयमाणस्यानर्थक्यप्रसङ्गाद् विधायिका शक्तिः नञर्थमेव स्पृशति इति किं नेष्यते ?

262. નિયોગવાક્યાર્થવાદી — ઉત્તર આપીએ છીએ 'દહીં વડે હોમ કરે છે' એ વાક્યમાં, હોમવિષયક વિધિ બીજા વાક્યથી ('अग्निहोत्रं जुहोति' એ વાક્યથી) થઈ ગયેલી હોઈ, વિધિવિભક્તિની (=લિઙ્‌ની શક્તિ ઉપપદમાં (='હોમ'પદ પહેલાં આવેલા 'દહીં' પદમાં) સંક્રાન્ત થાય છે એમ જે વર્ણવ્યું છે તેવી જ રીતે અહીં પણ હનનમાં પુરુષની સ્વતઃ પ્રવૃત્તિ થતી હોઈ હનનવિષયક વિધિનું વૈયર્થ્ય થતું હોવાથી શ્રૂયમાણ નઞ્‌ના આનર્થક્યની આપત્તિ આવે એટલે વિધાયિકા શક્તિ ( = પ્રેરણાશક્તિ ) નઞર્થને સ્પર્શે છે એમ કેમ નથી માનતા ? ( 'दध्ना जुहोति' = दध्ना होमं करोति. અહીં 'दध्ना' પદ 'होमं'ની પૂર્વે આવેલું છે એટલે તેને ઉપપદ કહ્યું છે).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

263. ननूक्तमत्र 'भावार्थाः कर्मशब्दाः' इति । तत्र दध्यनुरक्तो होम एव विधीयते इति फलतो दधि विहितं भवति, न प्रमाणतः । इह तु नञस्तदुपमर्दस्वभावत्वात् न केनचित् संसर्गो दध्यादेरिव कल्पते । मैवम्, निवृत्तिमेव कुर्वन् नञ् विशेषणीभवति । सेयं नञुपहिते हन्तौ श्रुते हननिवृत्तिर्गम्यते । यथा सिद्धरूपदध्यनुप्रवेशेऽपि न होमस्य साध्यमानावस्था विवर्तते, तथा नञनुविद्धहन्त्यर्थावगतौ न पूर्वापरीभावबुद्धिर्निवर्तते । न ह्यब्राह्मणवत् 'न हन्यात्' इति सिद्धरूपबुद्धिः । सोऽयं हननिवृत्तिरूपः पूर्वापरीभूतोऽर्थो विधिविषयो भविष्यति । अथवा विभक्त्यर्थेन नञ् सम्भन्त्स्यति । शुद्धस्य लिङादेरर्थः प्रवर्तकः, नञुपहितस्य तस्यार्थो निवर्तक इति शब्दशक्तिरेवैषा अपर्यनुयोज्येति । यत्तु साक्षत् नञोऽनन्तरं विधिविभक्तिर्नोत्पद्यते, तत् तस्याधातुत्वाद्धातोः परे तिङादयः प्रत्यया भवन्ति, नान्यस्मादिति । योग्यतया तु नञर्थेन सम्बन्धः । न च तत्रायमर्थोऽवतिष्ठते हननविधिर्नास्तीति, किन्तु नञुपहितो विधिरौदासीन्ये पुरुषं नियुङ्क्ते । तदवच्छेदकश्च हन्तिः, अन्यथा सर्वक्रियौदासीन्यं प्रतीयेतेत्यलमतिविमर्देन । निषेधविधेरपि सिद्धोऽनुबन्धद्वययोगः ।

एवं नियोगव्यापारे समाप्ते फलकल्पना ।
नृबुद्धिप्रभवैव स्यादतः नापेक्षता भवेत् ॥

263 શંકાકાર— આ સંદર્ભમાં કહ્યું છે કે કર્મશબ્દોનો અર્થ ભાવ છે, ક્રિયા છે. ત્યાં દહીંથી અનુરક્ત હોમ વિહિત થાય છે. એટલે **ફલતઃ દહીં** વિહિત થાય છે એમ કહેવાય. **પ્રમાણતઃ** (=લિઙ્થી) દહીં વિહિત થતું નથી. પરંતુ અહીં નઞ્નો સ્વભાવ જ ઉપમર્દન કરવાનો હોઈ, નઞ્નો કોઈની પણ સાથે સંસર્ગ ઘટતો નથી—જેમ દહીં વગેરેનો સંસર્ગ બીજાની સાથે ઘટે છે તેમ.

નિયોગવાક્યાર્થવાદી—એવું નથી. નિવૃત્તિને જ કરતો નઞ્ વિશેષણ બને છે. નઞ્ની સામીપ્યમાં જ હન્ની શ્રુતિ થતાં આ પેલી હનનનિવૃત્તિ જ્ઞાત થાય છે. જેમ સિદ્ધરૂપ દહીંનો અનુપ્રવેશ થવા છતાં હોમની સાધ્યમાન અવસ્થા નિવૃત્ત થતી નથી, તેમ નઞ્થી અનુવિદ્ધ હન્ધાત્વર્થનું જ્ઞાન થવા છતાં હન્ધાત્વર્થના પૂર્વાપરીભાવની બુદ્ધિ નિવૃત્ત થતી નથી જેમ 'અબ્રાહ્મણ' સાંભળી સિદ્ધરૂપની બુદ્ધિ થાય છે તેમ 'न हन्यात्–ન હણે' સાંભળી સિદ્ધરૂપની બુદ્ધિ થતી નથી. આ હનનનિવૃત્તિરૂપ પૂર્વાપરીભૂત અર્થ વિધિનો વિષય બને છે. અથવા વિધિવિભક્ત્યર્થ સાથે (લિઙર્થ સાથે) નઞ્ સંબંધમાં આવે છે. શુદ્ધ લિઙ્ આદિનો અર્થ પ્રવર્તક છે, નઞ્થી ઉપહિત લિઙ્ આદિનો અર્થ નિવર્તક છે, આવી શબ્દની અપર્યનુયોજ્ય શક્તિ જ છે. નઞ્ પછી તરત જ સાક્ષાત્ વિધિવિભક્તિ (લિઙ્ આદિ) આવતી નથી એનું કારણ તો એ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે કે નગ્-્ ધાતુ નથી અને ધાતુને જ અંતે તિઙ્ આદિ જેમાં લિઙ્‌નો સમાવેશ છે) લાગે છે, બીજાને લાગતા નથી. યોગ્યતાને કારણે વિધિવિભક્તિનો નગ્-ર્થ સાથે સંબંધ છે અને ત્યાં આવો અર્થ થતો નથી કે 'હનનવિધિ નથી', પરંતુ નગ્-થી ઉપહિત વિધિ પુરુષને ઔદાસીન્યમાં પ્રેરે છે. તે ઔદાસીન્યનો અવચ્છેદક હન્ધાત્વર્થ છે, અન્યથા સર્વક્રિયાવિષયક ઔદાસીન્ય પ્રતીત થાય. વધુ ખંડન કરવાથી સર્યું. નિષેધવિધિના પણ બે અનુબંધો પુરવાર થયા— એક નિયોજ્યાનુબંધ અને બીજો વિષયાનુબંધ.

આ પ્રમાણે નિયોગવ્યાપાર સમાપ્ત થતાં માણસની બુદ્ધિ ફળની કલ્પના કરે છે. આમ ફળકલ્પના મનુષ્યબુદ્ધિજન્ય જ બને એથી નિયોગવ્યાપાર ફળસાપેક્ષ બને નહિ.

264. कथं नरो निवर्तेत प्रत्यवायभयाद्विना ।
मा निवर्तिष्ट विधिना तावदुक्तं निवर्तनम् ॥
प्रवृद्धतररागान्धः प्रत्यवायेऽपि कल्पिते ।
न निवर्तेत इत्येवं किं विधेरप्रमाणता ॥
फलं भवतु मा वा भूत् पुरुषोऽपि प्रवर्तताम् ।
मा प्रवर्तिष्ट वा स्वे तु नास्त्यर्थे खण्डना विधेः ॥

प्रवर्तनावगमजनने हि विधिव्यापार इति असकृदुक्तम् । तत्र तस्य न किञ्चिद् वैफल्यम् ।

264. શંકાકાર— પ્રત્યવાય (અનર્થ)ના ભય વિના પુરુષ નિવૃત્ત કેમ થાય ?

નિયોગવાક્યાર્થવાદી— ભલે તે નિવૃત્ત ન થાઓ. વિધિ તો કેવળ નિવૃત્તિ માટેની પ્રેરણાને જ જણાવે છે. પ્રત્યવાયની કલ્પના કરવામાં આવે તો પણ અત્યંત વધેલા રાગથી અંધ બનેલો માણસ [વિધિ છતાં] નિવૃત્ત થતો નથી, એટલે શું આમ વિધિ અપ્રમાણ છે? [નથી જ.] ફળ થાઓ કે ન થાઓ, પુરુષ પણ પ્રવૃત્ત થાઓ કે ન થાઓ, પરંતુ પોતાના અર્થમાં વિધિ તૂટી પડતો નથી. પ્રેરણાના જ્ઞાનને ઉત્પન્ન કરવામાં વિધિનો વ્યાપાર છે એમ અમે વારંવાર જણાવ્યું છે. તેમાં વિધિની જરા પણ નિષ્ફળતા નથી.

265. ननु विधेः फलापेक्षता नास्ति चेत्, किं तर्हि अश्रूयमाणफलेषु विश्वजिदादिषु स्वर्गादिफलं कल्प्यते ? उच्यते । अनभिज्ञो देवानांप्रियः । न तत्र विधेः फलापेक्षा । न च तत्र फलं कल्प्यते । किन्तु अश्रूयमाणत्वादधिकारानुबन्धस्य, निरधिकारस्य च विधेर्विधित्वानिर्वाहादधिकारानुबन्धः कल्प्यते । तत्र सर्वान् प्रति अविशिष्टत्वात् स्वर्गकामः चोदनाशेषभावेन नियोज्यः कल्प्यते । न चेयं पौरुषी कल्पना, श्रुत्येकदेशः स इति हि तद्विदः । तदियमधिकारानुबन्धकल्पना, न फलकल्पना इति सोऽयमनुबन्धद्वयावच्छिन्नो नियोगो वाक्यार्थः ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

265. શંકાકાર— જો વિધિને ફળની અપેક્ષા ન હોય તો જેમનું ફળ જણાવાયું નથી તે વિશ્વજિત્ આદિ યાગોમાં સ્વર્ગ આદિ ફળની કલ્પના કેમ કરો છો ?

નિયોગવાક્યાર્થવાદી— આનો ઉત્તર અમે આપીએ છીએ. આપ જાણતા નથી. ત્યાં વિધિને ફળની અપેક્ષા નથી અને બીજી વાત એ કે ત્યાં ફળની કલ્પના કરવામાં આવતી નથી. પરંતુ અધિકારાનુબંધ (=પ્રયોજ્યાનુબંધ) ત્યાં જણાવાયો ન હોવાથી અને અધિકાર (નિયોજ્ય પુરુષ) વિનાની વિધિનું વિધિપણું નિર્વાહ પામતું ન હોવાથી અધિકારાનુબંધની (=નિયોજ્યાનુબંધની) કલ્પના કરવામાં આવે છે. ત્યાં સ્વર્ગકામ પુરુષને વિધિના અંગરૂપે નિયોજ્ય તરીકે કલ્પવામાં આવે છે કારણ કે તે બધાં કર્મો પ્રત્યે સાધારણ છે. આ અધિકારાનુબંધની કલ્પના પુરુષબુદ્ધિજન્ય નથી પરંતુ શ્રુતિનો જ એક ભાગ છે એમ વેદવિદો કહે છે. તેથી આ અધિકારાનુબંધની કલ્પના છે, ફળની કલ્પના નથી, એટલે આ બે અનુબંધોથી (નિયોજ્યાનુબંધ અને વિષયાનુબંધથી) વિશિષ્ટ એવો નિયોગ વાક્યાર્થ છે.

266. वाक्यार्थत्वं चास्य प्रधानत्वात् । अन्यो हि यज्यादिरर्थोऽवगम्यमानस्तदनुप्रवेशेन प्रतीयते इति गुणो भवति । नियोगस्तु स्वमहिमाक्षिप्तदृष्टोपकारानेकक्रियाकारककलापोपबृंहितस्वरूपः प्रतीयते इति प्राधान्यमवलम्बते । कार्यं चेत् प्रधानमुच्यते नियोग एव कार्यम् । फलं चेत् प्रधानमुच्यते तदपि न सिद्धम्, अपि तु साध्यं, साध्यत्वं चास्य नियोगाधीनमिति नियोग एव प्रधानम् । पुरुषस्तु नियोज्यमानत्वादप्रधानमिति । एवं नियोग एव प्रधानत्वाद्वाक्यार्थः ।

266. નિયોગ વાક્યાર્થ છે કારણ કે નિયોગ પ્રધાન છે. બીજો યાગ વગેરે અર્થ જ્યારે જ્ઞાત થાય છે ત્યારે નિયોગને અનુકૂળ બનીને (અર્થાત્ નિયોગનો વિષય બનીને) જ્ઞાત થાય છે. એટલે તે ગૌણ છે. પરંતુ નિયોગ તો પોતાના મહિમાથી આક્ષિપ્ત દૃષ્ટ ઉપકારવાળી અનેક ક્રિયાઓ અને દૃષ્ટ ઉપકારવાળા અનેક કારકોથી પુષ્ટ થયેલા સ્વરૂપવાળો જ્ઞાત થાય છે, એટલે તે પ્રધાન છે. જો કાર્યને પ્રધાન કહેતા હો તો નિયોગ જ કાર્ય છે. જો ફળને પ્રધાન કહેતા હો તો ફળ પણ સિદ્ધ નથી પણ સાધ્ય છે અને ફળનું સાધ્યપણું નિયોગને અધીન છે, એટલે નિયોગ જ પ્રધાન છે. પુરુષ તો નિયુજ્યમાન હોઈ અપ્રધાન છે. આમ નિયોગ જ વાક્યાર્થ છે, કારણ કે તે પ્રધાન છે.

267. स च प्रतीतिभेदपर्यालोचनया चतुरवस्थ उच्यते—उत्पत्तिविधिः, विनियोगविधिः, प्रयोगविधिः, अधिकारविधिरिति । उत्पत्तिविधिः 'अग्निहोत्रं जुहोति' इति, अग्निहोत्राख्यकर्मस्वरूपोत्पादव्यतिरेकेणार्थान्तरानवगमात् ।

विनियोगविधिः 'दध्ना जुहोति' इति, उत्पत्तिविधितः प्रतिपन्ने भावेऽर्थे तत्र दध्यादिगुणविनियोगाऽवगमात् ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अधिकारविधिः 'अग्निहोत्रं जुहुयात् स्वर्गकामः' इति, निर्ज्ञाते कर्मणि तत्राधिकृतस्य पुंसस्ततोऽवगमात् ।

प्रयोगविधिस्तु यः क्रमपर्यन्तं प्रयोगे पदार्थानवगमयति । अयं चाधिकारविधेरेव व्यापारविशेष इति तदेवास्योदाहरणम् 'अग्निहोत्रं जुहुयात् स्वर्गकामः' इति ।

क्वचिदेकस्मिन्नेव वाक्ये रूपचतुष्टयं विधेरवगम्यते, न तत्र पृथगुदाहरणम् अपेक्ष्यते, यथा 'एतस्यैव रेवतीषु वारवन्तीयमग्निष्टोम साम कृत्वा पशुकामो ह्येतेन यजेत' इति ।

267. [નિયોગ એક જ છે પણ] પ્રતીતિઓના ભેદોની પર્યાલોચના દ્વારા તે ચાર અવસ્થાઓવાળો કહેવાય છે—ઉત્પત્તિવિધિ, વિનિયોગવિધિ, પ્રયોગવિધિ અને અધિકારવિધિ

[ઉત્પત્તિનો અર્થ છે સાધનસ્વરૂપ. તેનો બોધક વિધિ ઉત્પત્તિવિધિ કહેવાય છે. उत्पत्तिर्नाम साधनस्वरूपम्, तद्बोधको विधिरुत्पत्तिविधिः ।] ઉત્પત્તિવિધિનું ઉદાહરણ છે—'अग्निहोत्रं जुहोति' (='અગ્નિહોત્ર હોમ કરે છે') કારણ કે અહીં અગ્નિહોત્રહોમ નામના કર્મના સ્વરૂપરૂપ ઉત્પાદ સિવાય બીજા અર્થોનું જ્ઞાન થતું નથી. [આ ઉત્પત્તિવિધિમાં કર્મનો કરણ તરીકે અન્વય થાય છે. એટલે ઉપર્યુક્ત વાક્યનો 'अग्निहोत्रहोमेन इष्टं भावयेत्' (= 'અગ્નિહોત્રહોમથી ઇષ્ટ-સ્વર્ગ-કરવું') એમ અર્થ થશે. આ ઉત્પત્તિવિધિનું બીજું ઉદાહરણ છે—'सोमेन यजेत'. ઉત્પત્તિવિધિ ફક્ત દ્રવ્યદેવતારૂપ કર્મસ્વરૂપનો બોધક હોવાથી તેને ઉત્પત્તિવિધિ નામ અપાયું છે.]

'दध्ना जुहोति' (='દહીં વડે હોમ કરે છે') એ વિનિયોગવિધિ છે, કારણ કે ઉત્પત્તિવિધિ દ્વારા કર્મનું (=ધાત્વર્થનું) સ્વરૂપ જ્ઞાત થતાં ત્યાં (=તે કર્મમાં) દહીં વગેરે અંગોનો (=ગુણોનો) વિનિયોગ જ્ઞાત થાય છે. [અંગનો પ્રધાનની સાથે (=ઉત્પત્તિવિધિથી વિહિત પ્રધાન કર્મની સાથે) જે સંબંધ, તેને જણાવનાર વિધિ વિનિયોગવિધિ કહેવાય છે. અર્થાત્ જે વિધિથી અંગ અને અંગીનો અંગાંગીભાવરૂપ સંબંધ જ્ઞાત થાય તે વિનિયોગવિધિ. વિનિયોગ એટલે અંગ તરીકે અન્વયસંબંધ, આમાં અંગી ઉદ્દેશ્ય હોય છે અને અંગ વિધેય હોય છે, જેમ કે 'दध्ना जुहोति' = 'दध्ना होमं भावयेत्'. તૃતીયાવિભક્તિથી પ્રતિપન્ન છે અંગભાવ જેનો તેવા દહીંનો હોમની સાથે સંબંધ આ વિધિથી વિહિત છે. આ ગુણવિધિ યા વિનિયોગવિધિમાં ધાત્વર્થનો સાધ્ય તરીકે અન્વય હોય છે. ઉત્પત્તિવિધિમાં અને અધિકારવિધિમાં ધાત્વર્થનો સાધન તરીકે અન્વય હોય છે.]

'अग्निहोत्रं जुहुयात् स्वर्गकामः' (='સ્વર્ગકામ પુરુષ અગ્નિહોત્રહોમ કરે') એ અધિકારવિધિ છે, કારણ કે કર્મનું જ્ઞાન થતાં તે કર્મમાં અધિકૃત પુરુષનું જ્ઞાન તેમાંથી થાય છે.

પ્રયોગમાં (=કર્મપ્રયોગમાં) કર્મના અંત સુધીના ક્રમમાં પદાર્થોનો અવગમ કરાવનાર પ્રયોગવિધિ છે. આ પ્રયોગવિધિ અધિકારવિધિનો જ એક વિશેષ વ્યાપાર છે, એટલે તેનું ઉદાહરણ પણ તે જ છે– 'अग्निहोत्रं जुहुयात् स्वर्गकामः' ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કોઈક વાર એક જ વાક્યમાં વિધિનાં આ ચારે રૂપો જણાય છે, ત્યાં જુદાં જુદાં ઉદાહરણની અપેક્ષા નથી, જેમકે 'एतस्यैव रेवतीषु वारवन्तीयमग्निष्टोम साम कृत्वा पशुकामो ह्येतेन यजेत' (=અગ્નિષ્ટુત્ યજ્ઞમાં વારવન્તીય નામની અગ્નિની સ્તુતિઓ રેવતી નામથી ઓળખાતી ઋચાઓમાં દાખલ કરવી; ઉકત યજ્ઞને ગૌણ કર્મથી પૂરો કરવો, જે ઉપરના મંત્રપાઠથી શરૂ થયો હતો; જે પશુકામ હોય તેણે આ યજ્ઞ કરવો.)

268. अन्यान्यपि नियोगस्य रूपाणि व्यापारभेदादवगम्यन्ते । स हि भावार्थसिद्ध्यर्थं तत्समर्थमर्थमाक्षिपतीति तत्प्रयोजक उच्यते, यथा माणवकस्थस्याध्ययनस्याचार्यकरणविधिः ।

क्वचिदन्याक्षिप्ते वस्तुनि लब्धे सति तत्राप्रयोजको विधिर्भवति, यथा क्रयनियुक्तैकहायन्या लाभे सति न पादपांसुग्रहणार्थमन्यामेकहायनीमाक्षिपति विधिरिति, प्रकरणपरिपठितपदार्थपटलपरिग्रहाच्च ग्राहक इति विधिरुच्यते ।

268. વ્યાપારભેદને આધારે નિયોગનાં અન્ય રૂપો પણ જણાય છે. ભાવાર્થ (=ધાત્વર્થ)ની સિદ્ધિ માટે તે ભાવાર્થની સિદ્ધિ કરવા સમર્થ હોય એવા અર્થનો આક્ષેપ નિયોગ કરે છે, એટલે તેનો તે પ્રયોજક કહેવાય છે જેમકે ['આઠ વર્ષના બ્રાહ્મણને આચાર્ય પાસે લઈ જવાય' એવી] આચાર્યવિધિ બટુકસ્થ અધ્યયનનો આક્ષેપ કરે છે. [બટુક પાસે સાદડી બનાવડાવવા માટે બટુકને આચાર્ય પાસે લઈ જવાતો નથી પરંતુ બટુકને ભણાવવા માટે આચાર્ય પાસે લઈ જવાય છે, એટલે આમ અધ્યાપનવિધિનું જ્ઞાન થયું. આચાર્યકરણવિધિ અધ્યાપનની સિદ્ધિ દ્વારા પોતાની સિદ્ધિ દેખી અધ્યાપનનો આક્ષેપ કરે છે અને અધ્યાપનનો આક્ષેપ કરતો તે જેના વિના અધ્યાપન સિદ્ધ ન થાય તેનો (અધ્યયનનો) પણ આક્ષેપ કરે છે અર્થાત્ તે અવિનિયુકત બટુકાધ્યયનનો પણ આક્ષેપ કરે છે.]

ક્યારેક અન્ય વિધિ વડે આક્ષિપ્ત વસ્તુ લબ્ધ બને ત્યારે પ્રસ્તુત વિધિ તે વસ્તુનો આક્ષેપ ન કરતો હોઈ અપ્રયોજક વિધિ બને છે. ઉદાહરણાર્થ, જ્યોતિષ્ટોમ યાગમાં 'अरुणयैकहायन्या सोमं क्रीणाति' (='અરુણરંગી એકહાયની ગાય વડે સોમને ખરીદે છે') એ વિધિથી સોમની ખરીદીમાં નિયુકત એકહાયની ગાયનો લાભ બીજી વિધિ 'षट्पदानि अनुनिष्क्रामति सप्तमं पदमभिगृह्णाति । अथ यर्हि हविर्धाने प्रवर्तयेयुस्तर्हि तेनाक्षमुपाञ्ज्यात्' ને થતાં ગાયના પગની રેતી લેવા માટે બીજી એકહાયની ગાયનો આક્ષેપ આ બીજી વિધિ કરતી નથી, પરંતુ પ્રકરણમાં પઠિત પદાર્થનું (એકહાયની ગાયનું) ગ્રહણમાત્ર કરે છે, તેથી આ બીજી વિધિને ગ્રાહકવિધિ કહેવાય છે. [ગાયના સાતમા પગલા વખતે તેના પગે લાગેલી ધૂળ ગ્રહણ કરી તે ધૂળથી હવિર્ધાનના ગાડાના અક્ષનું સંમાર્જન કરે એવું આ બીજી વિધિમાં વિહિત થયું છે.]

269. क्वचित् प्रकरणपरिपठितस्यापि तेनागृहीतस्य द्वादशोपसदादेः प्रकरणादुत्कर्षदर्शनादत एव नियोगगर्भो विनियोग इत्याचक्षते ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

क्वचिद्विनियोजकश्रुत्यादिप्रमाणविरहेऽपि पश्वेकत्वाद्युपादानं शेषीकुर्वन्नुपादायक इत्युच्यते । पशुना यजेतेति विभक्त्या प्रातिपदिकार्थो विनियुक्तः, तत्स्थमेकत्वम् उक्तमेव, न विनियुक्तम्, 'एकेन' इत्यश्रवणात् । पशुरुपादीयमानो न सङ्ख्यारहित उपादातुं शक्यते श्रुतसङ्ख्यापरित्यागकारणाभावाच्चैकत्वविशिष्टः पशुरुपादीयते इत्युपादानशेषीकृतमेकत्वम् ।

वैकृतस्तु सौर्यादिविधिः प्राकृतमितिकर्तव्यताजातमाकर्षन् चोदक इत्युच्यते ।

269. કોઈક વાર પ્રકરણપઠિતનું પણ વિધિ અગ્રહણ કરે છે, કારણ કે અગૃહીત દ્વાદશોપસદ વગેરેનો અન્ય પ્રકરણમાં સંબંધ (=ઉત્કર્ષ) દેખાય છે, [આ પ્રકરણમાં દેખાતો નથી ] એટલે જ નિયોગને જેની અપેક્ષા છે તે વિનિયોગ છે એમ કહેવાય છે ['સાહ્ન જ્યોતિષ્ટોમને ત્રણ જ ઉપસદ્ હોય છે' એ વાકયથી 'સ્વર્ગકામ પુરુષ જ્યોતિષ્ટોમ યાગ કરે' એ વિધિ નિરાકાંક્ષ બની ગઈ છે, એટલે 'અહીનને બાર ઉપસદ્ હોય છે' એ વાકયની તેને અપેક્ષા નથી, જો અપેક્ષા હોત તો 'અહીન' શબ્દને એવી રીતે સમજાવત કે તે શબ્દ જ્યોતિષ્ટોમનો વાચક બને અને એ રીતે વાક્યસમન્વય થાય પરંતુ અપેક્ષા ન હોવાથી 'અહીન'શબ્દનો જે રૂઢ અર્થ અહર્ગણસાધ્ય ક્રતુ છે તે સ્વીકારવામાં આવ્યો છે અને તેથી તે ક્રતુના પ્રકરણમાં 'અહીનને બાર ઉપસદ્ હોય છે' એ વાકયનો ઉત્કર્ષ (=અન્યત્ર સંબંધ) સમજાય છે એટલે જ્યોતિષ્ટોમના પ્રકરણમાં પઠિત હોવા છતાં 'જ્યોતિષ્ટોમ યાગ કરે' એ વિધિ તેને છોડી દે છે. દીક્ષાદિવસથી લઈ સોમાભિષવના દિવસ પહેલાં કરવા યોગ્ય જે હોમ કહ્યા છે તે 'ઉપસદ્ હોમ' કહેવાય છે. એક દિવસમાં સાધ્ય હોવાથી જ્યોતિષ્ટોમનું 'સાહ્ન' એવું યૌગિક નામ છે. ઉત્કર્ષનો અર્થ છે 'અન્યત્ર સંબંધ હોવો તે', જુઓ મીમાંસાસૂત્ર ૩.૩.૨૫]

કોઈકવાર વિનિયોજક શ્રુતિ વગેરે પ્રમાણોના અભાવમાં પણ પશુના એકત્વ વગેરેને ઉપાદીયમાન પશુ વગેરેના અંગ બનાવી ગ્રહણ કરતો વિધિ ઉપાદાયક કહેવાય છે. 'पशुना यजेत' (='પશુથી યજે') એમાં તૃતીયા વિભકિત વડે પ્રાતિપદિકાર્થ પશુ વિનિયુકત છે, પરંતુ વિભકિતગત એકત્વ કેવળ ઉકત જ છે, વિનિયુકત નથી. કારણ કે 'एकेन' (=એક (પશુ) વડે) એમ વાકયમાં સ્પષ્ટ કહ્યું નથી. જ્યારે પશુનું ગ્રહણ કરવામાં આવે છે ત્યારે તે પશુ સંખ્યા-રહિત તો ગ્રહણ કરવું શકય નથી અને વિભકિતમાં રહેલા એકવચનનો ત્યાગ કરવાનું કોઈ કારણ નથી, એટલે એકત્વવિશિષ્ટ પશુનું ગ્રહણ કરવામાં આવે છે આમ અહીં પશુગ્રહણના અંગભૂત એકત્વ છે.

સૌર્ય આદિ વિકૃતિરૂપ (=ગૌણ) યાગોનો વિધિ પ્રકૃતિરૂપ (=મૂળ, મુખ્ય) યાગની સઘળી ઇતિકર્તવ્યતાને ખેંચી લાવતો ચોદક કહેવાય છે.

270. तदिदमेकस्यैव भगवतो लिङर्थस्य प्रयोक्तृशक्तिखचितात्मनः प्रचुरव्यापारवैचित्र्यमुपदर्शितमित्यलमनया महामतिमानसविलासवत्या मीमांसार्थकथया । सोऽयमीदृशो नियोगो वाक्यार्थः ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तस्य द्वादशलक्षण्यां तत्तद्रूपं प्रकाशितम् ।
तन्नेह लिख्यतेऽस्माभिर्ग्रन्थगौरवभीरुभिः ॥
दिङ्मात्रं त्वेतदाख्यायि नियोगस्य यथागमम् ।
अमुष्मिन्नपि वाक्यार्थे विवदन्ते मनीषिणः ॥

270. પ્રયોક્તૃશક્તિ (=પ્રેરણાશક્તિ)થી સંપૃક્ત સ્વરૂપવાળા, એક જ ભગવાન લિઙર્થના વ્યાપારની ઘણી વિવિધતા જણાવી. એટલે હવે અત્યંત બુદ્ધિમાનના માનસમાં વિલાસ કરનારી એવી મીમાંસાશાસ્ત્રના વિષયની ચર્ચાને રહેવા દઈએ. આવો આ નિયોગ વાક્યાર્થ છે. જેને દ્વાદશલક્ષણીના નામથી ઓળખવામાં આવે છે તે બાર અધ્યાયવાળા મીમાંસાસૂત્ર નામના ગ્રંથમાં નિયોગના તે તે રૂપનું નિરૂપણ કરવામાં આવ્યું છે. તે નિરૂપણને અમે ગ્રંથ ઘણો મોટો થઈ જવાના ભયે લખતા નથી. પરંતુ આગમને અનુસરીને અમે તો નિયોગનું દિઙ્માત્ર વ્યાખ્યાન (=સમજૂતી) આપ્યું છે. આ વાક્યાર્થની બાબતમાં પણ બુદ્ધિમાનો મતભેદ ધરાવે છે.

271. लिङादेरवगम्यमानः कार्यरूपः प्रेरणात्मा च वाक्यार्थो नियोग इत्युक्तम् । न चासवेवंरूपोऽपि परिदृश्यमानभावार्थव्यतिरिक्तोऽवगम्यते ।

क्रियैव तावत्कार्यात्मा प्रेरणात्मा फलार्थिता ।
प्रतीयते ततोऽन्यस्तु नियोगो नोभयात्मकः ॥

नन्वन्य एव क्रियाकर्तृसम्बन्धात् प्रैषप्रैष्यसम्बन्धो दर्शितः । अयुक्तोऽसौ ।

कुर्यादित्यादिशब्देभ्यः क्रियादिव्यतिरेकिणः ।
नार्थान्तरस्य संवित्तिः कस्यचित् प्रेरणात्मनः ॥

किमिदानीं करोतीति कुर्यादित्यादि च तुल्ये एते प्रतिपत्ती ?

271. શંકાકાર— લિઙ્ વગેરેમાંથી જણાતો કાર્યરૂપ અને પ્રેરણારૂપ નિયોગ વાક્યાર્થ છે એમ કહેવામાં આવ્યું છે. પરંતુ દેખાતા ભાવાર્થથી (=ધાત્વર્થથી) જુદો આવા રૂપવાળો નિયોગ જણાતો નથી. ક્રિયા જ કાર્યરૂપ છે અને ફલાર્થિતા જ પ્રેરણારૂપ છે. ક્રિયા અને ફલાર્થિતાથી જુદો ઉભયાત્મક નિયોગ દેખાતો નથી.

નિયોગવાક્યાર્થવાદી — ક્રિયા-કર્તૃસંબંધથી જુદો જ પ્રૈષ-પ્રૈષ્ય (પ્રેરક-પ્રેર્ય) સંબંધ અમે દર્શાવ્યો છે.

શંકાકાર— તે પ્રૈષ-પ્રૈષ્યસંબંધ ઉચિત નથી. 'કુર્યાત્ (=કરે)' વગેરે શબ્દોથી ક્રિયા વગેરેથી જુદા બીજા પ્રેરણારૂપ એવા કોઈ અર્થનું જ્ઞાન થતું નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિયોગવાક્યાર્થવાદી— શું અહીં 'करोति' (='કરે છે') અને 'कुर्यात्' (='કરે')થી થતી બે પ્રતીતિઓ તુલ્ય છે?

272. अभिनवमिदं शब्दज्ञत्वमायुष्मतः । न ब्रूमो न भिन्ने एते प्रतिपत्ती इति । करोतीति प्रवृत्तक्रिय उच्यते वर्तमानकालावच्छिन्नश्च, किन्त्वसौ प्रैषस्ततोऽवगम्यमानोऽपि प्रेरको न भवति, न च कार्यं इति ब्रूमः ।

ननु प्रेरकत्वेनैवावगम्यमानः कथं प्रेरको न भवेत् । एतदेवास्य प्रैषत्वं यत् प्रेरकत्वम् ।

272. શંકાકાર— આપ આયુષ્યમાનનું આ શબ્દજ્ઞપણું અભિનવ છે અમે એમ કહેતા નથી કે તે બે પ્રતીતિઓ ભિન્ન નથી. 'करोति' એમ કહેતાં ક્રિયામાં પ્રવૃત્ત થયેલો અને વર્તમાનકાલવિશિષ્ટ પુરુષ જણાવાય છે, પરંતુ પ્રૈષ (પ્રેરક–પ્રેરણા) 'करोति'થી જણાતો હોવા છતાં પ્રેરક બનતો નથી અને કાર્ય પણ બનતો નથી, એમ અમે કહીએ છીએ.

નિયોગવાક્યાર્થવાદી— પ્રેરકરૂપે જ જણાતો તે (=પ્રૈષ) પ્રેરક કેમ ન બને? જે એનું પ્રૈષત્વ છે તે જ એનું પ્રેરકત્વ છે.

273. सत्यम्, प्रेरकत्वेनैवासौ गम्यते । न त्वसौ तथा भवति । व्यवहारमात्रमेतत् 'राजाज्ञया करोमि' इति । कार्यत्वमप्यस्य प्रक्रियामात्रं 'राजाज्ञां करोमि' इति ।

आज्ञा हि नाम नैवान्या सम्पाद्यत्वेन गम्यते ।
नानुष्ठातुरियं बुद्धिराज्ञा सम्पाद्यतामिति ॥
एवं हि यस्य कस्यापि प्रवर्तेत स आज्ञया ।
न चेह बालोन्मत्तादिवचनात् फलवर्जितात् ॥
सत्यपि प्रेरणाज्ञाने प्रवर्तन्ते सचेतसः ।
भयं नाशङ्क्यते यस्मात् फलं वाऽपि समीहितम् ॥
तथाविधस्य राज्ञोऽपि नाज्ञानुष्ठीयते जनैः ।
वर्तमानोपदेशेऽपि फलं यत्रावगम्यते ॥
तत्र प्रवर्तते लोको लिङादिष्वश्रुतेष्वपि ।
भवत्यारोग्यसम्पत्तिर्भुञ्जानस्य हरीतकीम् ॥
तत्कामो भक्षयेच्चेति को विशेषः प्रवर्तने ? ।
अन्वयव्यतिरेकाभ्यां तदेवमनुमन्यते ॥
प्रेरकत्वं फलस्यैव न नियोगात्मनः पुनः ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

273. ફલપ્રવર્તકત્વવાદી— સાચું, પ્રેરકરૂપે જ તે જણાય છે, પરંતુ એ પ્રેરક બનતો નથી. [આજ્ઞાનું=નિયોગનું પ્રેરણારૂપ દર્શાવતું વાક્ય—] 'રાજાજ્ઞાથી હું કરું છું' એ તો બોલવાનો વ્યવહારમાત્ર છે. 'રાજાજ્ઞાને કરું છું' એ વાક્યથી દર્શાવાતું [નિયોગનું] કાર્યરૂપ પણ પ્રક્રિયામાત્ર છે. આજ્ઞા સંપાદ્યરૂપે જ્ઞાત થતી જ નથી આજ્ઞાનું અનુષ્ઠાન કરનારને 'આજ્ઞા પાર પડાવી જોઈએ' એવી બુદ્ધિ થતી નથી. એમ હોય તો ગમે તેની આજ્ઞાથી તે પ્રવૃત્તિ કરે. પ્રેરણાનું જ્ઞાન હોવા છતાં બાલ, ઉન્મત્ત વગેરેનાં ફલરહિત વચનોથી બુદ્ધિમાનો પ્રવૃત્તિ કરતા નથી. જે રાજા તરફથી ભયની આશંકા ન હોય કે જે રાજા પાસેથી ઇચ્છિત ફળ મળવાની સંભાવના ન હોય તેવા રાજાની પણ આજ્ઞાનું અનુષ્ઠાન લોકો કરતા નથી. એનાથી ઊલટું, વર્તમાનનો ઉપદેશ હોય છતાં જ્યાં ફળનું જ્ઞાન થતું હોય ત્યાં લોકો પ્રવૃત્તિ કરે છે – લિઙ્ આદિ શબ્દો સાંભળ્યા ન હોવા છતાં. 'હરડે ખાનારને આરોગ્યસંપત્તિ પ્રાપ્ત થાય છે' એ સાંભળી આરોગ્યસંપત્તિ ઇચ્છનાર હરડે ખાય છે. એટલે પ્રવૃત્તિ કરાવવાની બાબતમાં 'करोति' અને 'कुर्यात्' એ બેની બે પ્રતીતિઓમાં શો ભેદ છે? [કંઈ જ નહિ.] અન્વય-વ્યતિરેક દ્વારા અનુમાનથી એ જ નિશ્ચય થાય છે કે ફળ પ્રેરક છે, નિયોગ પ્રેરક નથી.

274. तत्रैतत् स्यात्—लोके भवतु फलार्थित्वात् प्रवर्तनम्, आरिराधयिषते प्रेरकाशयानुवर्तने वा तस्य पारम्पर्येण फलहेतुत्वात् । वेदे तु वक्तुरभावात् प्रेरणावगमादेव प्रवृत्तिः । उन्मत्तवाक्यादपि लिङादियुक्ताद् न प्रेरणावगमो नास्ति । भवन्नपि दोषदर्शनादुपेक्ष्यते उन्मत्त एवं प्रलपतीति । वेदे पुनर्यजेतेत्यत्र प्रेरणाऽवगमात् परित्यागकारणाभावात् तत एव प्रवर्तनम् । प्रवर्तनाऽभावेऽपि न वेदस्याप्रामाण्यम्, प्रमाणव्यापारस्य तेन निर्वर्तितत्वादित्युक्तम् ।

274. નિયોગવાક્યાર્થવાદી — ત્યાં આમ થાય, લોકમાં ભલે ફળની ઇચ્છાથી પ્રવૃત્તિ થાય, કારણ કે પ્રેરક પુરુષને આરાધવા ઇચ્છનાર તે પ્રેરક પુરુષની ઇચ્છા પ્રમાણે જ્યારે પ્રવૃત્તિ કરે છે ત્યારે પણ તેની પ્રવૃત્તિનો હેતુ પરંપરાથી ફળ છે. પરંતુ વેદમાં તો વેદના વક્તા (=કર્તા) પુરુષનો અભાવ હોઈ પ્રેરણાના જ્ઞાનથી જ પ્રવૃત્તિ થાય છે. ઉન્મત્તના લિઙ્ આદિ યુક્ત વાક્યથી પ્રેરણાનું જ્ઞાન નથી થતું એમ નહિ. પ્રેરણાનું જ્ઞાન થવા છતાં દોષ દેખાવાથી 'ઉન્મત્ત આમ પ્રલાપ કરે છે' એમ કહી તેની ઉપેક્ષા કરવામાં આવે છે. પરંતુ વેદમાં 'यजेत' એમ સાંભળી અહીં પ્રેરણાનું જ્ઞાન થવાથી અને તે પ્રેરણાના જ્ઞાનનો ત્યાગ કરવાનું કોઈ કારણ ન હોવાથી પ્રેરણાજ્ઞાનથી જ પ્રવૃત્તિ થાય છે. 'यजेत' સાંભળીને કોઈ પ્રવૃત્તિ ન કરે તો પણ તેથી વેદમાં અપ્રામાણ્ય નથી આવતું કારણ કે પ્રમાણનો વ્યાપાર તો તેણે પૂરો કર્યો છે

275. उच्यते । वेदेऽपि वक्ताऽस्ति । तदाशयवशेन तत्रापि फलार्थिनां प्रवर्तनमिति सम्भवदपीदमुत्तरं नाचक्ष्महे, कथान्तरप्रसङ्गात् । किं त्विदं ब्रूमः—प्रेषणावगमादेव प्रवृत्तिसिद्धौ स्वर्गकामपदं बादरिवदन्यथा व्याख्यायताम् । अधिकारा-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

नुबन्धाभिधाने पुरुषविशेषणमात्रमेतद्भवतु, किं स्वर्गसाध्यत्वकल्पनया । विशेषणत्वमेवान्यथा न निर्वहतीति चेत्, आयातं तर्हि फलस्य साध्यत्वम् । तच्चेत् साध्यत्वेनावगम्यते, तस्यैव सामर्थ्यसिद्धं लोकानुगुणमव्यभिचारि च प्रवर्तकत्वमुत्सृज्य न प्रेरणावगमस्य तद्वक्तुमर्हसीति ।

नियोगादथ निष्पत्तिः फलस्येत्यभिधीयते ।
फलं प्रत्यङ्गभूतत्वादवाक्यार्थत्वमापतेत् ॥

275. ફલપ્રવર્તકત્વવાદી–આનો ઉત્તર આપીએ છીએ. વેદનો પણ વક્તા (=કર્તા) છે. તેના આશયને વશ થઈને ત્યાં પણ ફળને ઇચ્છનારાઓ પ્રવૃત્તિ કરે છે એમ અમારો ઉત્તર હોવા છતાં અમે એમ કહેતા નથી કારણ કે એમ કહીએ તો ચર્ચાનો વિષય બદલી નાખવાની આપત્તિ આવે પરંતુ અમે આ તો કહીએ છીએ કે જો પ્રેરણાના જ્ઞાનથી જ પ્રવૃત્તિ સિદ્ધ થતી હોય તો 'સ્વર્ગકામ પદને બાદરિ આચાર્યની જેમ બીજી રીતે સમજાવો. તે 'સ્વર્ગકામ' પદ અધિકારાનુબંધને જણાવવામાં પુરુષનુ વિશેષણમાત્ર બનો, સ્વર્ગને સાધ્ય ગણવાની કલ્પના રહેવા દો. [નિર્વિશેષણ પુરુષ અધિકારી બનતો નથી. તેથી પહેલા જણાવેલી રીતે સ્વર્ગેચ્છા ગમે તેમ પુરુષનું વિશેષણ બનશે. આમ સ્વર્ગ ફળ ન હોવા છતાં અધિકારાનુબંધની પ્રાપ્તિ થશે. સ્વર્ગને સાધ્ય માનવું ન જોઈએ.] સ્વર્ગને સાધ્ય ગણવાનું છોડી દઈએ તો સ્વર્ગ પુરુષનું વિશેષણ ન બની શકે એમ જો તમે કહેતા હો તો ફળ સાધ્ય છે એ આવી પડે છે. ફળ જો સાધ્ય તરીકે જ્ઞાત થતું હોય તો તેનું જ સામર્થ્યથી પુરવાર થયેલું, લોકાનુસારી અને અવ્યભિચારી પ્રવર્તકપણું છોડી પ્રેરણાજ્ઞાનનું પ્રવર્તકપણું જણાવવું તમને શોભતું નથી. જો નિયોગ દ્વારા ફળની નિષ્પત્તિ થાય છે એમ તમે કહેતા હો તો આ પક્ષમાં ફળ પ્રતિ નિયોગ અંગ (=ગૌણ) બની ગયો હોઈ, નિયોગ વાક્યાર્થ નથી એવું આવી પડે.

276. ननु विध्यर्थो न भावार्थवत् फले करणं, येनास्य तदङ्गत्वं स्यात् । आक्षेपकत्वात्तु तस्य फलार्थत्वमुच्यते । प्रयोक्तृत्वं हि तस्य निजं रूपम् । यद्येवं भावार्थ एव साध्यो भवतु, विध्यर्थस्य तु किमनुष्ठेयत्वमुच्यते ? । सोऽपि भावार्थसिद्ध्या सम्पद्यते 'कृतो मया स्वामिनियोगः' इति व्यवहारादिति चेत् ।

276 નિયોગવાક્યાર્થવાદી—જેમ ભાવાર્થ ( = ધાત્વર્થ ) ફળમાં ( = ફલોત્પત્તિમાં ) કરણ છે તેમ વિધ્યર્થ ( = નિયોગ ) ફળમાં ( = ફલોત્પત્તિમાં ) કરણ નથી કે જેથી વિધ્યર્થ ફળનું અંગ બને. [ભાવાર્થ ફલોત્પત્તિ માટે કરણ છે. વિધ્યર્થ ફલોત્પત્તિ માટે કરણ નથી. તેથી ભાવાર્થ ફળનુ અંગ છે પણ વિધ્યર્થ ફળનું અંગ નથી] વિધ્યર્થ ફળનો આક્ષેપક હોઈ, વિધ્યર્થ ફળને માટે છે એમ કહેવાય છે પ્રયોક્તાપણું એ વિધ્યર્થનું પોતાનું રૂપ છે

ફલપ્રવર્તકત્વવાદી— જો એમ હોય તો ભાવાર્થ (=ધાત્વર્થ=પ્રકૃત્યર્થ) જ સાધ્ય (=અનુષ્ઠેય) બનો, વિધ્યર્થને (=નિયોગને) શા માટે અનુષ્ઠેય કહો છો ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિયોગવાક્યાર્થવાદી— કારણ કે તે વિષ્યર્થ પણ ભાવાર્થની સિદ્ધિ દ્વારા નિષ્પન્ન થાય છે, અને આપણે બોલીએ પણ છીએ કે 'મેં સ્વામીનો નિયોગ કર્યો' (મેં સ્વામીની આજ્ઞા પાર પાડી').

277. भावार्थात् तर्हि निष्पत्तिर्नियोगस्य फलस्य च ।
इत्येकत्र पदग्रामे वाक्यार्थद्वयमापतेत् ॥
किं चान्विताभिधानेन विषयत्वावधारणात् ।
नियोगस्यैव भावार्थनिष्पाद्यत्वं प्रतीयते ॥
स तु भावार्थतः सिद्धो फलाय यदि कल्प्यते ।
परार्थत्वादवाक्यार्थो भवेदित्युपवर्णितम् ॥
भावार्थस्तु द्वयं कुर्यात् युगपद्वा क्रमेण वा ।
युगपन्नास्य सामर्थ्यं समत्वं च द्वयोर्भवेत् ॥

नियोगश्च शब्दैकगोचरत्वात् मा दर्शि, फलं तु स्वर्गपश्वादि तेन सह निष्पद्यमानं किमिति न गृह्यते ? । क्रमपक्षे पूर्वं वा नियोगः, पश्चात् फलं, पूर्वं वा फलं, पश्चाद्वा नियोगः सिद्ध्येदिति ? यदि पूर्वं नियोगः, तदा नियोगस्यासंपाद्यत्वात् तद्विषयाया लिप्साया अनुपपत्तेः करणांशेऽपि वैधी प्रवृत्तिः स्यात् ।

यथा नियोगनिष्पत्तिः प्रयाजादिकृतेन तु ।
तत्र प्रवृत्तिः शास्त्रीया भावार्थेऽपि तथा भवेत् ॥

इष्यते इति चेत् ।

नन्वेवं तस्य लिप्सार्थलक्षणेत्यभ्यधायि यत् ।
श्येनादीनामधर्मत्वं वर्णितं तद्विरुध्यते ॥

अथ पूर्वं फलसिद्धिः, ततो नियोगसिद्धिः, तर्हि फलस्य तदानीं दर्शनं भवेत् सिद्धत्वात् ।

न च भावार्थवेलायां पुत्रपश्वादि दृश्यते ।
अदृश्यमानमप्येतत् सिद्धमित्यतिविस्मयः ॥

अतश्च यत् कैश्चिदुच्यते स्वर्गसिद्धिमवान्तरव्यापारीकृत्य नियोगमेव भावार्थः सम्पादयतीति, तदप्यपास्तम् , अवान्तरस्य व्यापारस्य ज्वलनादेरिव प्रधानव्यापारात् पूर्वं दर्शनप्रसङ्गादिति ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

277. ફલપ્રવર્તકત્વવાદી—તો પછી ભાવાર્થ દ્વારા જ નિયોગની અને ફળની બંનેની નિષ્પત્તિ થતાં પદસમૂહમાં એક સ્થાને બે વાક્યો આવી પડશે. [અર્થાત્ વાક્યભેદ નામનો દોષ આવી પડશે.] વળી, પ્રકૃત્યર્થ (ભાવાર્થ=ધાત્વર્થ)થી અનુરક્ત (અન્વિત) નિયોગના અભિધાન દ્વારા નિયોગના વિષયનું નિશ્ચયજ્ઞાન થતું હોઈ, નિયોગનું જ (ફળનું નહિ) ભાવાર્થનિષ્પાદ્યત્વ પ્રતીત થાય છે. ['स्वर्गकामो यजेत'માં 'यजेत'માં પ્રકૃત્યર્થ યાગ છે. આ પ્રકૃત્યર્થ યાગ નિયોગનો (=વિધ્યર્થનો=આજ્ઞાનો) વિષય છે. નિયોગ સદા પોતાના વિષયથી અનુરક્ત (અન્વિત) જ હોય છે. વિષયથી અનનુરક્ત નિયોગ સંભવતો નથી. એટલે નિયોગ જ ભાવાર્થથી (=પ્રકૃત્યર્થથી) નિષ્પાદ્ય છે, ફળ ભાવાર્થથી નિષ્પાદ્ય નથી.] હવે, ભાવાર્થ દ્વારા સિદ્ધ થયેલો નિયોગ જો ફળને માટે કલ્પવામાં આવતો હોય, તો તે પરાર્થ હોઈ વાક્યાર્થ ન બને એમ અમે જણાવ્યું છે. [માની લો કે ભાવાર્થ નિયોગ અને ફળ બંનેને કરે છે તો પ્રશ્ન ઊઠે છે કે] ભાવાર્થ તે બેને યુગપદ્ કરે છે કે ક્રમથી કરે છે ? તે બેને યુગપદ્ કરવાનું તેનું સામર્થ્ય નથી વળી, બંનેને તે યુગપદ્ કરે તો તે બંને તુલ્ય બની જાય, [પરિણામે એકવાક્યાર્થમાં તેમના ગુણપ્રધાનભાવનો અભાવ થતાં અનન્વય આવી પડે.] ઉપરાંત યુગપત્પક્ષમાં, નિયોગ કેવળ શબ્દનો જ વિષય હોઈ ભલે ન દેખાય પરંતુ નિયોગની સાથે નિષ્પન્ન થતું ફળ સ્વર્ગ, પશુ વગેરે કેમ ગૃહીત થતા નથી (અર્થાત્ દેખાતા નથી)? ક્રમપક્ષમાં પ્રશ્ન ઊઠે છે કે પહેલાં નિયોગ અને પછી ફળ નિષ્પન્ન થાય છે કે પહેલાં ફળ અને પછી નિયોગ નિષ્પન્ન થાય છે ? જો કહો કે પહેલાં નિયોગ નિષ્પન્ન થાય છે તો નિયોગની નિષ્પત્તિ પછી તે સંપાદ્ય રહે નહિ, પરિણામે નિયોગના વિષયમાં (=યાગમાં) લિપ્સા ઘટે નહિ, એટલે કરણાંશમાં (=યાગમાં) પણ વૈધી પ્રવૃત્તિ થાય. જેમ પ્રયાજ આદિ ઇતિકર્તવ્યતા દ્વારા નિયોગની નિષ્પત્તિ થાય છે ત્યાં (=પ્રયાજ આદિ ઇતિકર્તવ્યતામાં) વૈધી પ્રવૃત્તિ છે, તેમ ભાવાર્થમાં ( = ધાત્વર્થમાં) પણ વૈધી પ્રવૃત્તિ થાય. જો તમે કહો કે અમે તે ઇચ્છીએ છીએ તો 'તેની ઇચ્છા શાસ્ત્રની પ્રેરણા વગર સ્વાભાવિક થાય છે' એમ સૂત્રમાં [મી.સૂ. ૪.૧.૨માં] જે જણાવ્યું છે તે અને શ્યેન વગેરે યાગોનું અધર્મપણું જે વર્ણવવામાં આવ્યું છે તે બંનેનો તમારી આ ઇચ્છાથી વિરોધ થાય. [ ઇતિકર્તવ્યતામાં શાસ્ત્રની પ્રેરણાથી પ્રવૃત્તિ થાય છે, અર્થાત્ ઇતિકર્તવ્યતામાં–પ્રયાજ આદિમાં થતી પ્રવૃત્તિ વૈધી છે. એનાથી ઊલટું કરણાંશમાં-ધાત્વર્થમાં અર્થાત્ સ્વર્ગ આદિના કરણ યાગ આદિમાં શાસ્ત્રની પ્રેરણાથી નહિ પણ ફળની લિપ્સાથી પ્રવૃત્તિ થાય છે. જો ધાત્વર્થમાં પણ શાસ્ત્રની પ્રેરણાથી પ્રવૃત્તિ માનવામાં આવે તો શ્યેનયાગમાં થતી પ્રવૃત્તિ પણ વૈધી પ્રવૃત્તિ બની જાય અને પરિણામે શ્યેનયાગનું અધર્મત્વ ન રહે, શ્યેનયાગ ધર્મ બની જાય.] જો કહો કે પહેલાં ફળની નિષ્પત્તિ થાય છે અને પછી નિયોગની નિષ્પત્તિ થાય છે, તો તે વખતે (ભાવાર્થ વખતે = ધાત્વર્થ વખતે અર્થાત્ યાગકાળે) ફળનું દર્શન થાય, કારણ કે તે નિયોગ પહેલાં જ નિષ્પન્ન થઈ ગયું છે. પરંતુ ભાવાર્થ વખતે પુત્ર, પશુ વગેરે દેખાતાં નથી. ફળ દેખાતું ન હોવા છતાં નિષ્પન્ન થઈ ગયેલું હોય છે એ તો અતિ વિસ્મયકારક છે. એટલે કેટલાક કહે છે કે ભાવાર્થ (=ધાત્વર્થ) સ્વર્ગસિદ્ધિને અવાન્તર વ્યાપાર બનાવીને નિયોગનું જ સંપાદન કરે છે. પરંતુ આ મતનો નિરાસ અમે કરી નાખ્યો છે, કારણ કે એમ માનતાં જ્વલન આદિની જેમ અવાન્તર વ્યાપાર પ્રધાન વ્યાપારની પહેલાં દેખાવાની આપત્તિ આવે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

278. अथोच्यते स्वर्गकामस्य स्वर्गं साधयितुमुद्यच्छतो यागेन नियोगः यः सम्पाद्यः श्रूयते, स चेत् सम्पन्नः शब्दवृत्तेन फलमपि सम्पन्नमेव, आनुभाविकी तु स्वर्गसिद्धिः कालान्तरे भविष्यतीति । एतदयुक्तम्, सिद्धिद्वयानुपलम्भात् । न ह्येका शाब्दी सिद्धिरन्या चानुभाविकी नामेति । कालान्तरे चानुभाविकी सिद्धिः कुतस्त्येति चिन्त्यम् ।

कालान्तरे च भावार्थः क्षणिकत्वान्न विद्यते ।
शक्त्यादिरूपं चापूर्वं न भवद्भिरुपेयते ।।

भवन्तो ह्यपूर्वशब्देन धर्मशब्देन च नियोगमेवोपचरन्ति । न च नियोगः शक्तिवदात्मसंस्कारवद्वा कालान्तरस्थायी भवति । स हि प्रेरणात्मकः कार्यरूपो वा । नोभयथाऽपि स्थैर्यमवलम्बते ।

278. નિયોગવાક્યાર્થવાદી– સ્વર્ગની ઇચ્છાવાળા અર્થાત્ સ્વર્ગને સાધવા તત્પર માણસ માટે યાગ વડે જે નિયોગ સંપાદ્ય સંભળાય છે, તે જો સિદ્ધ થઈ ગયો હોય તો ફળ પણ શબ્દવ્યાપારથી સિદ્ધ થઇ ગયું જ હોય, કાલાન્તરે તો કેવળ આનુભાવિકી સ્વર્ગની સિદ્ધિ થશે. [ઉદાહરણાર્થ, કોઈ અમાત્યને 'રાજાએ તમને કુલપુર ગામ આપ્યું છે' એમ જ્યારે કહેવામાં આવે છે ત્યારે જ તેનું સાધ્ય સિદ્ધ થઈ ગયું છે, તે ગામ તેને ત્યારે જ મળી ચૂક્યું છે, કાલાન્તરે તો સ્વીકાર આદિ ઔપચારિક (આનુભાવિકી સિદ્ધિ થશે]

ફલપ્રવર્તકત્વવાદી – આ બરાબર નથી, કારણ કે બે સિદ્ધિની ઉપલબ્ધિ નથી. એક શાબ્દી સિદ્ધિ અને બીજી આનુભાવિકી સિદ્ધિ નથી. વિચારવું જોઈએ કે કાલાન્તરે આનુભાવિકી સિદ્ધિ ક્યાંથી હોય? ક્ષણિક હોઈ, ભાવાર્થ કાલાન્તરે અસ્તિત્વ ધરાવતો નથી અને શક્તિ વગેરે રૂપ અપૂર્વને આપ સ્વીકારતા નથી. આપ 'અપૂર્વ' શબ્દથી અને 'ધર્મ' શબ્દથી નિયોગને જ સત્કારો છો અને નિયોગ તો જેમ શક્તિ કે આત્મસંસ્કાર કાલાન્તરસ્થાયી છે તેમ કાલાન્તરસ્થાયી નથી, કારણ કે તે પ્રેરણારૂપ કે કાર્યરૂપ છે અને બંનેમાંથી કોઈ પણ રૂપે તે સ્થિરતા ધરાવતો નથી.

269. तत्रैतत् स्याद्—नियोगसिद्धिराक्षिप्तफलसिद्धिर्भवति । विषयाद्यनुबन्धावच्छिन्नो ह्यसावेवानुष्ठेयः । तत्र यथा तेन तेन कारकचक्रेण क्रियाकलापेन विना सम्पत्तिमलभमानः तत्तदाक्षिपति, तथाऽधिकारानुबन्धवन्ध्योऽपि नासौ सम्पत्तिमधिगच्छतीति तमप्याक्षिपति । यश्चायमधिकारानुबन्धाक्षेपः स एवायं फलाक्षेपः । न तु विधेः फलापेक्षितेत्युक्तम् ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

279. નિયોગવાકયાર્થવાદી—ત્યાં આમ થાય નિયોગસિદ્ધિ એ આક્ષિપ્તફલસિદ્ધિ છે. વિષય વગેરે અનુબંધોથી વિશિષ્ટ નિયોગ અનુષ્ઠેય છે. ત્યાં જેમ તે તે કારકચક્ર અને ક્રિયાકલાપ વિના સંપત્તિ ન પામતો નિયોગ તે તે કારકચક્ર અને ક્રિયાકલાપનો આક્ષેપ કરે છે, તેમ અધિકારાનુબંધરહિત પણ તે સંપત્તિ ન પામતો અધિકારનો પણ આક્ષેપ કરે છે; અને આ જે અધિકારાનુબંધનો આક્ષેપ છે તે જ આ ફલાક્ષેપ છે. વિધિ ખરેખર ફલાક્ષેપ કરતો નથી એ તો અમે કહ્યું છે [અધિકારાનુબંધના આક્ષેપથી જુદો ફલાક્ષેપ નથી અધિકારાનુબંધનો આક્ષેપ એ જ ફલાક્ષેપ છે. અર્થાત્ ખરેખર અધિકારાનુબંધનો આક્ષેપ જ વિધિ કરે છે, ફલનો આક્ષેપ વિધિ કરતો નથી.]

280. एतदयुक्तम् ।

यो हि येन विना कामं न सिद्ध्येत् स तमाक्षिपेत् ।
नियोज्यमात्राक्षेपे तु नियोगो न फलात्मकः ॥

नियोज्यश्चण्डालस्पर्शेनेव स्वर्गकामनोत्पादमात्रेण नियोज्यतां प्रतिपन्न इति कथं नियोज्याक्षेप एव फलाक्षेपः ? ।

ननु च स्वर्गकामोऽत्र नियोज्यो नान्यथा भवेत् ।
यदि स्वर्गस्य सम्पत्तिं नाधिगच्छेत् स्वकर्मणः ॥

280. ફલપ્રવર્તકત્વવાદી— આ મત બરાબર નથી. જે જેના વિના ખરેખર સિદ્ધ ન થતો હોય તે તેનો આક્ષેપ કરે. જો નિયોજ્ય પુરુષનો (=અધિકારાનુબંધનો) જ માત્ર આક્ષેપ થતો હોય તો નિયોગ ફલાત્મક નથી. જેમ [જાણતાં કે અજાણતાં] ચાંડાલનો સ્પર્શ થતાં સ્નાનનો અધિકાર (=નિયોજ્યતા) પ્રાપ્ત થાય છે તેમ સ્વર્ગની કામના ઉત્પન્ન થવા માત્રથી જ યાગનો અધિકાર (=નિયોજ્યતા) પ્રાપ્ત થાય છે. એટલે નિયોજ્યનો આક્ષેપ જ ફળનો આક્ષેપ કેવી રીતે બને ? અન્યથા અર્થાત્ જો સ્વર્ગકામ પુરુષ પોતાના કર્મથી સ્વર્ગની સંપત્તિ ન પામતો હોય તો તે સ્વર્ગકામ પુરુષ નિયોજ્ય ન બને.

281. नैतदेवम्—

नरेच्छामात्रमेवेदं न शब्दस्त्वियति क्षमः ।
नियोज्यः स्वर्गकामो हि भवेज्जीवनवानिव ॥

281. નિયોગવાકયાર્થવાદી ના, એમ નથી. આ નિયોજ્યત્વ (=અધિકારીપણું) પુરુષની ઇચ્છા ઉપર જ આધાર રાખે છે, ફળપ્રાપ્તિ ઉપર આધાર રાખતું નથી. 'સ્વર્ગકામ' શબ્દ આટલે સુધી સમર્થ નથી– અર્થાત્ તે સ્વર્ગેચ્છાને જ માત્ર જણાવે છે, સ્વર્ગોત્પત્તિને જણાવવા તે સમર્થ નથી. 'જીવનવાળો (પુરુષ) યજે' એમાં પુરુષનું વિશેષણ 'જીવનવાળો' નિયોજ્યનો આક્ષેપ કરે છે. અહીં જીવન સાધ્ય ન હોવા છતાં તે નિયોજ્યનો આક્ષેપ કરે છે. તેવી જ રીતે સ્વર્ગકામના પણ સાધ્ય ન હોવા છતાં નિયોજ્યનો આક્ષેપ કરે છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

282. ननु लोके काम्यमानस्य साध्यत्वं दृष्टं, 'हरीतकीं भक्षयेदारोग्यकामः' इति । तेन वेदेऽपि 'यजेत स्वर्गकामः' इति स्वर्गस्य साध्यत्वमवभोत्स्यामहे । साधो ! लोकेऽपि कथमेतदवगतम् आयुष्मता — नियोज्यसमर्पकपदवाच्यपर्यालोचनेन विधिवृत्तपरीक्षया वा ?

पदार्थस्तावदेतावान् एवंकामो ह्यसाविति ।
इदं तु सिद्ध्यत्येतस्मादिति तस्य न गोचरः ॥

282. ફલપ્રવર્તકત્વવાદી– લોકમાં તો જેની કામના કરવામાં આવે છે તેનું (=કામ્યમાનનું) સાધ્યપણું દેખાય છે, જેમકે 'આરોગ્યની કામનાવાળો (=આરોગ્યકામ) હરડે ખાય'. તેથી વેદમાં પણ 'સ્વર્ગની કામનાવાળો (=સ્વર્ગકામ) યજે' એમાં સ્વર્ગનું સાધ્યપણું છે એમ કહીએ છીએ

નિયોગવાક્યાર્થવાદી– હે સજ્જન ! આપ આયુષ્માને લોકમાં પણ આને (=કામ્યમાનના સાધ્યત્વને) કેવી રીતે જાણ્યું ? નિયોજ્યનું પ્રતિપાદન કરતા પદનું (દા.ત. 'આરોગ્યકામ' પદનું) વાચ્ય શું છે તેની પર્યાલોચના દ્વારા કે વિધિવ્યાપારની પરીક્ષા દ્વારા ? પદનો અર્થ તો આટલો જ છે કે 'આવી કામનાવાળો આ છે.' સાધ્યત્વની સિદ્ધિ તો એનાથી (=વિધિવ્યાપારથી) થાય છે. સાધ્યત્વ પદનો વિષય (=વાચ્ય) નથી.

283. विधेरेष स्वभावश्चेदायुष्मन् ! साधु बुध्यसे ।
भाट्टैः किमपराद्धं ते नित्येऽपि फलवादिभिः ॥
अधिकार्यनुपादेयविशेषणविशेषितः ।
जीवन् वा स्वर्गकामो वा समानः काम्यनित्ययोः ॥
विधिवीर्यप्रभावस्तु द्वयोरपि तथाविधः ।
सप्रत्ययप्रेरकतां विधिर्नोपैति निष्फलः ॥

283. ફલપ્રવર્તકત્વવાદી–– જો આ (=સાધ્યત્વને જણાવવું એ) વિધિનો સ્વભાવ હોય તો હે આયુષ્મન્ ! તમે બરાબર સમજ્યા. તો પછી નિત્યમાં (=નિત્ય કર્મોમાં) પણ [પ્રત્યવાયપરિહારરૂપ] ફળ છે એમ માનનારા ભાટ્ટોએ તમારો શો અપરાધ કર્યો ?

કામ્ય કર્મ અને નિત્ય કર્મ બંનેનો અધિકારી એ અર્થમાં સમાન છે કે તે અનુપાદેય (=અસાધ્ય=સિદ્ધ) વિશેષણથી વિશેષિત છે. નિત્ય કર્મના અધિકારીના વિશેષણ તરીકે 'જીવતો' છે અને કામ્ય કર્મના અધિકારીના વિશેષણ તરીકે 'સ્વર્ગની ઇચ્છાવાળો' છે. જીવન અને ઇચ્છા બંને સિદ્ધ છે, સાધ્ય નથી. કામ્ય કર્મ અને નિત્ય કર્મ બંનેના અધિકારીઓ ઉપર વિધિના વીર્યનો પ્રભાવ સમાન છે. ફળરહિત વિધિ જ્ઞાનવાળાની પ્રેરકતાએ પહોંચતો નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

284. ननु कामाधिकारे स्वर्गः श्रूयते, नित्याधिकारे तु असौ न श्रूयते, अश्रूयमाणः कस्यानुरोधेन कल्प्यते ? विधेरेवेति ब्रूमः । स्वर्गेण श्रुतेनापि किं करिष्यति, यद्यसौ विधिना नापेक्ष्यते, 'घृतकुल्या अस्य भवन्ति' इत्यादिवत् । अश्रुतोऽपि चासौ विधिनाऽऽकृष्यते एव । तस्मात् विधिरेवात्र प्रमाणं, न श्रवणाश्रवणे इति । काम्यवन्नित्येऽपि फलमभ्युपगन्तव्यं, न वा क्वचिदपीति ।

284. નિયોગવાક્યાર્થવાદી– કામનાધિકારમાં સ્વર્ગને જણાવવામાં આવ્યું છે, જ્યારે નિત્યાધિકારમાં તેને (=પ્રત્યવાયપરિહારને) જણાવવામાં આવ્યો નથી. જે જણાવાયું નથી તેની કલ્પના કોના અનુરોધથી કરવામાં આવે છે ?

ફળપ્રવર્તકત્વવાદી– અમે કહીએ છીએ કે વિધિના અનુરોધથી જો વિધિને તેની (=જણાવાયેલ સ્વર્ગની) અપેક્ષા ન હોય તો જણાવાયેલ હોવા છતાં સ્વર્ગથી તે શું કરશે ? 'તેને ત્યાં ઘીની નીકો વહેશે' આ જણાવાયેલ છે પરંતુ ['स्वाध्यायोऽध्येतव्यः'–'સ્વાધ્યાયનું (=વેદનું) અધ્યયન કરવું જોઈએ' આ] વિધિને [ફળ તરીકે] તેની અપેક્ષા નથી. એથી ઊલટું પ્રત્યવાયપરિહાર જણાવાયેલ ન હોવા છતાં વિધિ તેને ખેંચી લાવે છે જ [કારણ કે વિધિને ફળ તરીકે તેની અપેક્ષા છે.] તેથી, વિધિ જ ફળની (=સાધ્યની) બાબતમાં પ્રમાણ છે અને નહિ કે તે ફળ જણાવાયું છે કે નથી જણાવાયું તે. એટલે કામ્ય કર્મની જેમ નિત્ય કર્મમાં પણ ફળ સ્વીકારવું જોઈએ, અથવા ક્યાંય પણ ફળ ન સ્વીકારવું જોઈએ.

285. प्रतिषेधाधिकारेऽपि विधिवृत्तपरीक्षया ।
एवं नरकपातादिफलयोगो न दुर्भणः ॥

येन हि दुर्विषहक्लेशद्वेषकलुषितमनसा ब्राह्मणहननं सुखसाधनमिति कर्तव्यमिति गृहीतं, निरर्गलरागरसिकेन सुरापानं सुखसाधनमिति कर्तव्यमिति गृहीतं, स ततो विधिना वार्यते, यदि तदसुखसाधनमिति ज्ञाप्यते । तस्मान्नित्येषु प्रत्यवायपरिहार इव उपात्तदुरितक्षय इव वा प्रतिषिध्यमानेषु कर्मसु नरकपातः फलमित्यभ्युपगमनीयम् । इतरथा ह्यर्थानर्थविवेको न सिद्ध्यति ॥

एवं च ब्रह्महत्यादेरपि नैवास्त्यधर्मता ।
किं पुनः श्येनवज्रादेरित्यर्थग्रहणं वृथा ॥

285. પ્રતિષેધાધિકારમાં પણ વિધિના સ્વરૂપની પરીક્ષા દ્વારા જણાય છે કે નરકપાત વગેરેની પ્રાપ્તિરૂપ ફળનો સંબંધ અહીં મુશ્કેલ નથી. દુર્વિષહ ક્લેશરૂપ દ્વેષથી કલુષિત મનવાળા જે માણસે બ્રહ્મહત્યાને સુખનું સાધન માની તેને કર્તવ્ય તરીકે સ્વીકારેલ છે, અત્યંત રાગમાં રસિક જે માણસે સુરાપાનને સુખનું સાધન માની તેને કર્તવ્ય તરીકે સ્વીકારેલ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે તે માણસને વિધિ તો જ વારી શકે જો બ્રહ્મહત્યા અને સુરાપાન સુખનાં સાધન નથી એમ તે માણસને જણાવવામાં આવે. તેથી જેમ નિત્ય કર્મોની બાબતમાં પ્રત્યવાયપરિહારને કે ઉપાત્તદુરિતક્ષયને ફળ તરીકે સ્વીકારવામાં આવેલ છે તેમ જે કર્મોનો પ્રતિષેધ કરવામાં આવે છે તે કર્મોની બાબતમાં નરકપાત ફળ છે એમ સ્વીકારવું જોઈએ, અન્યથા અર્થ-અનર્થનો વિવેક સિદ્ધ નહિ થાય- ઘટશે નહિ અને બ્રહ્મહત્યા વગેરે પણ જો અધર્મ ન હોય તો પછી શ્યેનયાગ, વજ્ર વગેરે અધર્મ કેમ? પરિણામે, સૂત્રમાં મૂકવામાં આવેલું 'અર્થ' પદ નિષ્પ્રયોજન બની જાય.

286. करणांशेऽपि लिप्सातः प्रवृत्तिर्यद्युपेयते ।
इतिकर्तव्यतांशे तु शास्त्राद्यदि तदप्यसत् ॥
न हि तत्करणं शुद्धं स्वफलायोपकल्पते ।
सेतिकर्तव्यताकं हि करणं करणं विदुः ॥

अवान्तरविभाग एवैष करणेतिकर्तव्यतालक्षणः । सकलाङ्गो बृंहितस्वरूपस्तु भावार्थः काम्यमानोपायतां प्रतिपद्यते, नैकेनाप्यंशेन न्यूनः । अत एव काम्यानां कर्मणां सर्वाङ्गोपसंहारेण प्रयोगमिच्छन्ति । तस्मात् करणवदितिकर्तव्यतायामपि लिप्सात एव प्रवृत्तिः स्यात् ।

उभयत्रापि लिप्सातः सति चैवं प्रवर्तने ।
अग्नीषोमीयहिंसादेः श्येनादिवदधर्मता ॥

286. કરણાંશમાં (=ધાત્વર્થમાં=યાગમાં) પ્રવૃત્તિ લિપ્સાને લીધે થાય છે પરંતુ ઇતિકર્તવ્યતાંશમાં (=પ્રયાજ વગેરે અંગસમૂહમાં) પ્રવૃત્તિ શાસ્ત્રના લીધે થાય છે એમ જો સ્વીકારવામાં આવે તો તે પણ ખોટું છે, કારણ કે શુદ્ધ કરણ પોતાના ફળને [ઉત્પન્ન કરવા] માટે યોગ્ય નથી. ઇતિકર્તવ્યતાથી યુક્ત કરણને જ કરણ સમજવામાં આવે છે. વળી, આ કરણ છે અને આ ઇતિકર્તવ્યતા છે એવો આ વિભાગ તો અવાન્તર વિભાગ છે. બધા જ અંગોથી યુક્ત, પુષ્ટ સ્વરૂપ ધરાવતો ભાવાર્થ (=ધાત્વર્થ યાગ આદિ) કામ્યમાનનું (=સ્વર્ગ આદિનું) સાધનપણું પામે છે, એક પણ અંગથી ન્યૂન ભાવાર્થ તેનું સાધનપણું (=કરણપણું) પામતો નથી. તેથી જ તે તે કર્મના બધાં જ અંગોને બરાબર એકઠા કરીને કામ્ય કર્મોનો પ્રયોગ કરવાનું તેઓ ઇચ્છે છે. તેથી, કરણની જેમ ઇતિકર્તવ્યતામાં પણ લિપ્સાથી જ પ્રવૃત્તિ થાય. બંનેમાં આ પ્રમાણે લિપ્સાથી પ્રવૃત્તિ થતાં અગ્નિષોમીય હિંસા આદિ પણ શ્યેન વગેરેની જેમ અધર્મ બની જાય.

287. यदप्युक्तं कामाधिकारेषु काम्यमानभावार्थयोरुपायोपेयभावमात्रप्रतिपादनपर्यवसितो विधिव्यापार इति तदपि न सम्यक्, विधिपुरुषयोर्हि प्रेर्यप्रेरकलक्षणः



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

संबन्धः । तत्र यागादयो विषयत्वेन प्रतीयन्ते, नेष्यमाणोपायत्वेन । साध्यसाधनमात्रप्रतिपादनपर्यवसितव्यापारस्तु विधिर्विनियोगपर एव स्यात् । ततश्चाप्रवृत्तप्रवर्तकत्वं नाम निजं रूपं जह्यात् ।

विधेश्चतुरवस्थत्वं फलतः किल कथ्यते ।
प्रेरकत्वं च तद्रूपं सर्वावस्थानुगामि यत् ॥
कार्यात्मताऽपि विध्यर्थे प्रेरणाज्ञप्तिपूर्विका ।
प्रेर्येणैव सता पुंसा तत्कार्यमवधार्यते ॥
लिङादिश्रुतितश्चादौ प्रेरणैव प्रतीयते ।
साध्यसाधनसंबन्धबुद्धिस्तद्बुद्धिपूर्विका ॥

287. કામાધિકારોમાં કામ્યમાન (=સ્વર્ગ આદિ) અને ભાવાર્થ (=ધાત્વર્થ યાગ આદિ) એ બંને વચ્ચેના માત્ર ઉપાયોપેયભાવનું (=સાધ્યસાધનભાવનું) પ્રતિપાદન કરવામાં જ વિધિનો વ્યાપાર પર્યવસિત સમાપ્ત–થાય છે એ જે તમે કહ્યું તે પણ બરાબર નથી. વિધિ (=પ્રેરક) અને પુરુષ (=પ્રેર્ય) એ બે વચ્ચે પ્રેર્યપ્રેરકભાવરૂપ સંબંધ છે, તેમાં યાગ વગેરે વિષયરૂપે પ્રતીત થાય છે, કામ્યમાનના (=સ્વર્ગ આદિના) ઉપાય (=સાધન) તરીકે પ્રતીત થતા નથી. સાધ્યસાધનભાવમાત્રના પ્રતિપાદનમાં પર્યવસિત વ્યાપારવાળો વિધિ વિનિયોગપર જ બને, અને તેથી તો તે અપ્રવૃત્તપ્રવર્તકત્વરૂપ પોતાનું સ્વરૂપ જ ત્યજી દે.

[ વિધિની ચાર અવસ્થાઓ છે– ઉત્પત્તિવિધિ, વિનિયોગવિધિ, અધિકારવિધિ અને પ્રયોગવિધિ.] વિધિ ચાર અવસ્થાઓવાળો ફલતઃ (=સાક્ષાત્ નહિ, અર્થાત્)કહેવાયો છે. પરંતુ તેનું પ્રેરકત્વ સ્વરૂપ આ બધી અવસ્થાઓમાં અનુસ્યૂત છે. તેનું કાર્યરૂપ પણ પ્રેરણાજ્ઞાનપૂર્વક છે. અસ્તિત્વ ધરાવતા પ્રેર્ય પુરુષ વડે જ તે કાર્ય છે, એવું નિશ્ચિત થાય છે. લિઙ્ આદિ શબ્દ સાંભળતાં સૌપ્રથમ શરૂઆતમાં પ્રેરણા જ પ્રતીત થાય છે, સાધ્યસાધનજ્ઞાન તો પ્રેરણાના જ્ઞાન પછી જ થાય છે.

288. नन्वेवं काम्येषु कर्मसु विधितः प्रवृत्ताविष्यमाणायामप्रवर्तमानः प्रत्यवेयात्, विध्यतिक्रमात् । नैवम्, स्वर्गं संसिषाधयिषोस्तत्राधिकारात् । अन्यस्त्वनधिकृत एव, क्षत्रियादिरिव वैश्यस्तोमे । नासावकुर्वन् प्रत्यवायमर्हति । स्वर्गार्थी तु विधितः प्रवर्तते एव । लिप्सया तु करणांशे प्रवृत्तिरिष्यमाणा क्रत्वर्थमितिकर्तव्यतांशमपि सैव स्पृशेत् । क्रतूपकारकामो हि तत्र प्रवर्तते इत्येवं सर्वत्र विधिरुत्सीदेदेवेत्यलं प्रसङ्गेन ।

288. નિયોગવાક્યાર્થવાદી– આ પ્રમાણે કામ્ય કર્મોમાં વિધિથી પ્રવૃત્તિ ઇચ્છવામાં આવતાં, પ્રવૃત્તિ ન કરનારો પ્રત્યવાય પામે કારણ કે તેણે વિધિનું ઉલ્લંઘન કર્યું છે.

ફલપ્રવર્તકત્વવાદી– ના. એવું નથી, કારણ કે સ્વર્ગને સાધવાની ઇચ્છાવાળાનો જ પ્રવૃત્તિમાં અધિકાર છે, બીજાનો અધિકાર જ નથી– જેમ ક્ષત્રિયોને વૈશ્યસ્તોમો ઉચ્ચારવાનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અધિકાર નથી તેમ. તેથી કર્મ ન કરતો તે પ્રત્યવાયને પાત્ર બનતો નથી. પરંતુ સ્વર્ગાર્થી વિધિથી કર્મમાં પ્રવૃત્ત થાય છે જ. કરણાંશમાં (યાગમાં, ક્રતુમાં) લિપ્સાથી પ્રવૃત્તિ ઇચ્છવામાં આવે તો તે જ લિપ્સા ક્રતૂ માટેનો જે ઇતિકર્તવ્યાંશ છે તેને પણ સ્પર્શે, કારણ કે ક્રતૂને ઉપકાર કરવાની ઇચ્છાવાળો ઇતિકર્તવ્યતાંશમાં પ્રવૃત્ત થાય છે. એટલે આ પ્રમાણે સર્વત્ર વિધિનો ઉચ્છેદ જ થઈ જાય. વધારે દોષ દર્શાવવા જરૂરી નથી.

289. अपि च—

प्रमाणान्तरसम्पर्कविकले भवतः कथम् ।
नियोगात्मनि वाक्यार्थे व्युत्पत्तिर्व्यवहारतः ॥

ननूक्तमाकूतविशेषपूर्विकां चेष्टामात्मनिष्ठां दृष्ट्वा परत्रापि तथाऽनुमानमित्ययुक्तमिदम्, स्वात्मन्यपि प्रेरणावगमनिमित्ताभावात् । न हि संविदिव स्वप्रकाशा प्रेरणा । न स्वप्रकाशेति चेत् तदुत्पादे तर्हि निमित्तं मृग्यम् । न तावच्छब्दः, तदानीं व्युत्पत्त्यभावात् । स्वात्मनि प्रेरणावगमपूर्विकां हि चेष्टामुपलब्धवतः ते परत्र चेष्टादर्शनात् तदनुमानं सेत्स्यति, तन्निमित्तं लिङादिशब्द इति भोत्स्यते । स पुनर्व्युत्पत्तिकाले स्वात्मन्येव प्रेरणावगमः चिन्त्यो वर्तते । प्रमाणान्तरात्तु तदवगम इति चेत्, उत्तिष्ठ, असिद्धं शब्दैकगोचरत्वम् ।

289. વળી, લિઙ્ આદિ શબ્દથી અન્ય બીજા કોઈ પ્રમાણનો (=શબ્દનો સંપર્ક ન ધરાવતા, નિયોગરૂપ વાક્યાર્થનું જ્ઞાન વ્યવહાર દ્વારા આપનાં મતમાં કેવી રીતે સંભવે ? પોતાનામાં પ્રેરણાપૂર્વક ચેષ્ટા જોઈ બીજા પુરુષમાં પણ ચેષ્ટા ઉપરથી પ્રેરણાનું અનુમાન થાય છે એમ જે કહ્યું તે બરાબર નથી, કારણ કે પોતાનામાં પણ પ્રેરણાનું જ્ઞાન થવાના નિમિત્તનો અભાવ છે. જેમ જ્ઞાન પોતે સ્વપ્રકાશ નથી તેમ પ્રેરણા પણ સ્વપ્રકાશ નથી.

. જો પ્રેરણા સ્વપ્રકાશ ન હોય તો પ્રેરણાના જ્ઞાનની ઉત્પત્તિનું નિમિત્ત શોધવું જોઈએ. પ્રેરણાના જ્ઞાનની ઉત્પત્તિનું નિમિત્ત લિઙ્ આદિ શબ્દ નથી કારણ કે તે વખતે અર્થાત્ પહેલી વખત તમે પોતે જ્યારે લિઙ્ આદિ શબ્દ સાંભળો છો ત્યારે) આ શબ્દનો અર્થ પ્રેરણા છે એ જ્ઞાન તમને હોતું નથી, તો પછી લિઙ્ આદિ શબ્દ સાંભળી તે શબ્દના અર્થ પ્રેરણાનું જ્ઞાન તમને ક્યાંથી થાય ? પોતાનામાં પ્રેરણાજ્ઞાનપૂર્વક ચેષ્ટા છે એ જેણે જાણી લીધું છે તે બીજા પુરુષમાં ચેષ્ટા જોઈ, તે બીજા પુરુષને પ્રેરણાનું જ્ઞાન થયું છે એવું અનુમાન કરે તે ઘટે છે અને તે બીજા પુરુષને થયેલા પ્રેરણાના જ્ઞાનનું નિમિત્ત લિઙ્ શબ્દ છે એમ કહેવાશે. પરંતુ પેલા પહેલા પુરુષને લિઙ્ આદિ શબ્દ પહેલીવાર સાંભળી તે શબ્દનો અર્થ પ્રેરણા છે એવું જ્ઞાન કેવી રીતે થાય છે એ તો વિચારણીય જ રહે છે બીજા કોઈ પ્રમાણથી (=શબ્દથી) એવું જ્ઞાન થાય છે એમ જો તમે કહો તો અમારે કહેવું જોઈએ કે ઊઠો ! પ્રેરણા લિઙ્ આદિ શબ્દનો જ વિષય છે એ તમારી વાત અસિદ્ધ ઠરી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

290. या चेयं पूर्वावधारितसुखसाधनभावे कपित्थादौ स्वात्मनि प्रवृत्तिरुपलब्धा, तत्र प्रेरकत्वेन फलार्थिता निर्ज्ञाता, नान्या काचित् प्रेरणा । तदुक्तम्—

स्मरणादभिलाषेण व्यवहार: प्रवर्तते । इति [प्र० वा० भा० २. ४. १८३]

फलविषया हीच्छा तत्र स्वसंवेद्या ।

अतश्च प्रेरिकाज्ञानं शब्दादपि परस्य यत् ।
कल्प्यते कल्प्यतां तत्र प्रेरिका सैव सुन्दरी ॥

290. પૂર્વે જેમને સુખના સાધનરૂપે નિશ્ચિતપણે જાણ્યા છે તે કપિત્થ વગેરેમાં પોતાની પ્રવૃત્તિ થાય છે એ આપણે જાણીએ છીએ; ત્યાં ફળની ઇચ્છા પ્રેરકરૂપે જ્ઞાત થાય છે. બીજી કોઈ પ્રેરણા પ્રેરકરૂપે જ્ઞાત થતી નથી. તેથી કહેવામાં આવ્યું છે કે 'સ્મરણ દ્વારા અને ઇચ્છા દ્વારા વ્યવહાર ચાલે છે' ત્યાં ફલવિષયક ઇચ્છા સ્વસંવેદ્ય છે. તેથી, બીજા પુરુષને લિઙ્ આદિ શબ્દ દ્વારા પ્રેરિકા પ્રેરણાનું જ્ઞાન થાય છે એમ જે કલ્પવામાં આવ્યું છે ત્યાં પણ પ્રેરિકા તરીકે તે જ ઇચ્છાસુંદરીને કલ્પો.

291. चपेटापरिहाराय मोदकप्राप्तयेऽपि वा ।
प्रवर्तते बटुर्नासौ जुहुधीति नियोगत: ॥

कथं तर्ह्येवमाचष्टे 'आचार्यचोदितोऽहं जुहोमि' इति । अस्त्ययं व्यपदेश:, आचार्यचोदना तु न तत्र कारणम्, अपि तु हिताहितप्राप्तिपरिहारार्थित्वमेवेति । अत: फलं प्रवर्तकं युक्तम्, अनुभवसाक्षिकत्वात् ।

291. તમાચાને ટાળવા માટે કે મોદક મેળવવા માટે પણ બટુક પ્રવૃત્તિ કરે છે. 'હોમ કર' એ નિયોગથી (=આજ્ઞાથી) એ પ્રવૃત્તિ કરતો નથી. તો પછી શા માટે તે એમ કહે છે કે 'આચાર્ય દ્વારા આજ્ઞા પામેલો હું હોમ કરું છું'? આ પ્રમાણે શબ્દપ્રયોગ થાય છે પરંતુ આચાર્યની આજ્ઞા ત્યાં કારણ નથી, પણ હિતની પ્રાપ્તિની અને અહિતના પરિહારની ઇચ્છા જ ત્યાં કારણ છે. એટલે ફળ પ્રવર્તક છે એ મત યોગ્ય છે, કારણ કે તેમાં અનુભવ સાક્ષી છે.

292. येऽप्याहु: प्रयोक्त्राशयस्य प्रवर्तकत्वं, यतोऽननुविधेयस्य वचनात् न प्रवर्तमान: कश्चिद् दृश्यते । अनुविधेयस्य पुंस: किञ्चिदब्रुवतोऽपि भ्रूभङ्गादिनाऽऽशयमवगम्य प्रवर्तते इति ।

एतदप्ययुक्तम्, यत: प्रयोक्त्राशयानुमानेन स्वार्थसम्भावनया लोक: प्रवर्तते, न पुन: प्रयोक्तैव प्रीयतामिति । तत्प्रीतिरपि स्वप्रीतिहेतुत्वेनार्थ्यते, न तत्प्रीतित्वेन । बुद्धोऽपि हि नाम सकलसत्त्वहितप्रतिपन्न: परार्थं स्वप्रयोजनायैव सम्पादयति, परार्थ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सम्पादनद्वारकं तु तत् । तस्मात् स्वप्रीतिरेव प्रवर्तिका । प्रयोक्त्राशयस्य च प्रवर्तकत्वे वेदार्थप्रयोक्त्राशयानवधारणादप्रवृत्तिरेव प्राप्नोति । तस्मात् फलमेव प्रवर्तकम् ।

**292.** કેટલાક કહે છે કે, પ્રયોક્તાનો આશય (=ઇચ્છા પ્રવર્તક છે, કારણ કે જેની આરાધના કરવાથી કંઈ મળતું નથી એવા પુરુષના વચનથી કોઈ પ્રવૃત્તિ કરતો દેખાતો નથી. જેની આરાધના કરવાથી પોતાનું કાર્ય પાર પડે એવો તે પુરુષ કંઈ બોલતો પણ ન હોય તો પણ તેનાં ભ્રૂભંગ વગેરે ઉપરથી તેનો આશય (=ઇચ્છા) જાણી માણસ તેના આશયને અનુકૂળ પ્રવૃત્તિ કરે છે.

આ મત પણ યોગ્ય નથી, કારણ કે પ્રયોકતાના આશયનું ભ્રૂભંગ વગેરે ઉપરથી અનુમાન કરી પોતાનો સ્વાર્થ સાધવાની સંભાવના હોય તો જ પ્રયોકતાના આશયને અનુરૂપ પ્રવૃત્તિ માણસ કરે છે, 'પ્રયોકતાને જ સુખ થાઓ' એમ વિચારી માણસ પ્રયોકતાના આશયને અનુરૂપ પ્રવૃત્તિ કરતો નથી. પ્રયોકતાનું સુખ પોતાના સુખનો હેતુ છે માટે તેને માણસ ઇચ્છે છે, કેવળ પ્રયોકતાના સુખને ખાતર જ પ્રયોકતાના સુખને માણસ ઇચ્છતો નથી. સકલ પ્રાણીઓના હિતની જેણે પ્રતિજ્ઞા કરી છે તે બુદ્ધ પણ સ્વાર્થને ખાતર પરાર્થને સાધે છે; પરાર્થના સંપાદન દ્વારા સ્વાર્થનું સંપાદન થાય છે. તેથી પોતાનું સુખ જ પ્રવર્તક છે. પ્રયોકતાનો આશય (=ઇચ્છા) પ્રવર્તક હોય તો વેદાર્થરૂપ પ્રયોકતાના આશયનો નિશ્ચય થતો ન હોવાથી અપ્રવૃત્તિ જ પ્રાપ્ત થાય. [વેદાર્થરૂપ પ્રયોકતા નિત્ય હોય તો તેનો આશય હોય જ નહિ, પરિણામે આશયનો અનિશ્ચય પ્રાપ્ત થાય. વેદાર્થરૂપ પ્રયોકતા અનિત્ય હોય તો 'જ્યોતિષ્ટોમ આદિ કર્મ લોકો કરે' એ પ્રકારનો તેનો આશય હોય પરંતુ લોકો જ્યોતિષ્ટોમ આદિ કર્મ ન કરે તો વેદની આજ્ઞાનો ભંગ થવાથી વેદ સ્વામીની જેમ કોપે છે એવો નિશ્ચય થતો નથી.] તેથી, ફળ જ પ્રવર્તક છે.

293. यत् पुनः फलस्य प्रेरकत्वे दूषणमभ्यधायि सिद्धासिद्धविकल्पानुपपत्तेरिति तदप्ययुक्तम्, इच्छाविषयीकृतस्य प्रवर्तकत्वाभ्युपगमात् । असिद्धे कथं कामनेति चेत्, असिद्धत्वादेव । इदानीं च तदसिद्धं, नैकान्तासिद्धस्वरूपमेव खपुष्पवत् ।

सुखे दुःखनिवृत्तौ वा पुंसां भवति कामना ।
न पुनर्व्योमपुष्पादि कश्चित् कामयते नरः ॥

293. વળી, ફળ પ્રેરક છે એ મતમાં 'આ મત અયોગ્ય છે, કારણ કે સિદ્ધ ફળ કે અસિદ્ધ ફળ એ બેય વિકલ્પો ઘટતા નથી' એવું જે દૂષણ તમે જણાવ્યું તે બરાબર નથી, કારણ કે ઇચ્છાનો વિષય બનેલા ફળને પ્રવર્તક તરીકે અમે સ્વીકાર્યું છે.

નિયોગવાક્યાર્થવાદી— અસિદ્ધની ઇચ્છા કેમ થાય?

ફલપ્રવર્તકત્વવાદી— અસિદ્ધ હોવાને કારણે જ. અત્યારે તે અસિદ્ધ છે, જેમ આકાશકુસુમ એકાન્તપણે અસિદ્ધ સ્વરૂપવાળું છે તેમ તે એકાન્તપણે અસિદ્ધ સ્વરૂપવાળું નથી. સુખ પ્રાપ્ત કરવાની અને દુઃખ દૂર કરવાની પુરુષોને ઇચ્છા હોય છે, પરંતુ આકાશકુસુમને કોઈ પુરુષ ઇચ્છતો નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

294. येऽपि रागादेः प्रवर्तकत्वमभ्युपगतवन्तः तैरपि कामनाविषयीकृतं फलमेव प्रवर्तकमभ्युपगतम् । इच्छाविशेषा एव हि रागादयः ।

यदपि श्रेयस्साधकं प्रवर्तकमुच्यते तदपि न चारु, सत्यामपि श्रेयःसाधनतायामनर्थित्वेन प्रवृत्त्यभावात् ।

नन्वर्थिनोऽपि नानियतविषया प्रवृत्तिः, अपि तु निर्ज्ञातश्रेयःसाधनभावे भावार्थे । तस्मात् साधनावगमः प्रवर्तकः । सत्यम्, द्वये सत्यपीच्छैव प्रवर्तिका वक्तुं युक्ता, तस्यां सत्यामेव प्रवृत्तिदर्शनात् । प्रवृत्तिर्हि नाम प्रयत्नः । प्रयत्नश्चेच्छाकार्य इति काणादाः । विषयनियमे तु श्रेयस्साधनत्वं कारणं, न प्रवृत्त्युत्पादे ।

294. જેઓ રાગ વગેરેને પ્રવર્તક તરીકે સ્વીકારે છે તેઓએ પણ ઇચ્છાના વિષય બનેલા ફળને જ પ્રવર્તક તરીકે સ્વીકાર્યું ગણાય કારણ કે રાગ વગેરે વિશેષ પ્રકારની ઇચ્છા જ છે.

જેઓ શ્રેયસ્ સાધી આપનારને પ્રવર્તક કહે છે તેમનો મત બરાબર નથી કારણ કે શ્રેયસ્ સાધી આપનાર હોવા છતાં શ્રેયસ્‌ની ઇચ્છા જ જો ન હોય તો પ્રવૃત્તિ થતી નથી.

નિયોગવાક્યાર્થવાદી— શ્રેયસ્‌ની[-ફળની] ઇચ્છાવાળો પણ ગમે તે વિષયમાં પ્રવૃત્તિ કરતો નથી પરંતુ જેની શ્રેયસ્સાધનતા જ્ઞાત છે એવા ભાવાર્થમાં (=ધાત્વર્થ– યાગ આદિ કર્મમાં) પ્રવૃત્તિ કરે છે. તેથી શ્રેયસ્‌નું અમુક સાધન છે એવું જ્ઞાન પ્રવર્તક છે.

ફલપ્રવર્તકત્વવાદી — તમારી વાત સાચી છે. પરંતુ ઇચ્છા અને શ્રેયસ્સાધનતાજ્ઞાન બંને હોવા છતાં ઇચ્છાને જ પ્રવર્તક કહેવી યોગ્ય છે, કારણ કે તેના હોતાં જ પ્રવૃત્તિ દેખાય છે. પ્રવૃત્તિ જ પ્રયત્ન છે. પ્રયત્ન ઇચ્છાનું કાર્ય છે એમ વૈશેષિકો કહે છે. પ્રવૃત્તિના વિષયને નિયત કરવામાં શ્રેયસ્સાધનત્વજ્ઞાન કારણ છે. પ્રવૃત્તિની ઉત્પત્તિમાં તે કારણ નથી.

295. किञ्च भावनावगतं श्रेयस्साधनत्वं प्रवर्तकमिष्यते तैः तच्च न पृथगमिधातुं युक्तम्, भावनायाः त्र्यंशत्वेन तत्स्वरूपावगमसमये एतदंशयोः स्वर्गयागयोः साध्यसाधनभावावगतिसिद्धेः । न चांशद्वयावच्छिन्नस्य व्यापारस्य श्रेयस्साधनत्वं रूपं वक्तुमुचितम्, अनिष्पन्नस्य तस्य ताद्रूप्याभावात् । न ह्यनिष्पन्ने गवि तदेकदेशे सास्नादौ गोत्वरूपं सामान्यं निविशते । न चांशत्रयपूरणमन्तरेण भावनाख्यव्यापारनिष्पत्तिरिति ।

295. વળી, તેઓ ભાવના (=આર્થી ભાવના=પુરુષનો પ્રવૃત્તિરૂપ વ્યાપાર જે આખ્યાતસામાન્યનો— લકારનો વાચ્ય છે તે) દ્વારા જણાયેલ શ્રેયસ્સાધનતાને પ્રવર્તક ગણે છે. અને તેને (=શ્રેયસ્સાધનતાને) ભાવનાથી પૃથક્ જણાવવી યોગ્ય નથી, કારણ કે ત્ર્યાત્મકરૂપે ભાવનાના સ્વરૂપનું જ્ઞાન થાય છે ત્યારે એના બે અંશો સ્વર્ગ અને યાગના સાધ્યસાધનસંબંધના જ્ઞાનની સિદ્ધિ થઈ જ જાય છે. [કરણ અને ઇતિકર્તવ્યતા એ] બે અંશોથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિશિષ્ટ વ્યાપાર શ્રેયસ્સાધનત્વ સ્વરૂપ ધરાવે છે એમ કહેવું ઉચિત નથી કારણ કે [ફળની અપેક્ષાએ] અનિષ્પન્ન (=અપરિપૂર્ણ) વ્યાપારમાં શ્રેયસ્સાધનત્વનો અભાવ છે. ગાય ઉત્પન્ન ન થઈ હોય ત્યારે તેના એક દેશ સાસ્નાદિમાં ગોત્વરૂપ સામાન્ય રહેતું નથી. ત્રણેય અંશોને પરિપૂર્ણ કર્યા વિના ભાવના નામના વ્યાપારની નિષ્પત્તિ થતી નથી.

296. यत्तु लिङादेः शब्दस्य तद्व्यापारस्य वा प्रेरकत्वमुच्यते तत् प्रागेव प्रतिक्षिप्तम् ।

विधिरपि स्वमहिम्ना वा प्रेरकः स्यात् साध्यसाधनभावावबोधनेन वा ? स्वमहिम्ना प्रेरकत्वमस्य पूर्वमेव निरस्तम् । साध्यसाधनसम्बन्धावबोधनपुरस्सरे तु तस्य प्रवर्तकत्वे फलस्यैव प्रवर्तकत्वमिदमनक्षरमभिहितं भवति ।

**296.** લિઙ્ આદિ શબ્દ કે તેનો વ્યાપાર પ્રેરક છે એવું જે કહેવામાં આવ્યું છે તેનો તો પહેલાં જ નિરાસ કરી દીધો છે. વિધિ (=લિઙ્) પણ પોતાના મહિમાથી પ્રેરક બને છે કે સાધ્યસાધનસંબંધનું જ્ઞાન કરાવીને પ્રેરક બને છે ? એ પોતાના મહિમાથી પ્રેરક બને છે એ મતનો નિરાસ તો પહેલાં જ કરી દીધો છે. સાધ્યસાધનસંબંધનું જ્ઞાન કરાવી તે પ્રેરક બને છે એમ કહેતાં તો વગર કહ્યે ફળનું જ પ્રવર્તકપણું તમે જણાવી દીધું.

297. यस्त्वाह प्रेरकत्वं चेत् फलं दर्शयतो विधेः ।
प्रत्यक्षादिसमानत्वात् स्वातन्त्र्यं तस्य हीयते ॥
स वाच्यः फलशून्यत्वे सुतरामस्वतन्त्रता ।
यद्रिक्तमर्थं मूढोऽपि न कश्चिदनुतिष्ठति ॥

को हि नाम निष्फलमर्थं प्रेक्षावाननुतिष्ठेत् ? ।

**297.** કોઈક કહે છે કે જો ફળને દર્શાવતો વિધિ પ્રવર્તક છે, તો તે વિધિ પ્રત્યક્ષ વગેરે પ્રમાણ જેવો બની જાય છે, પરિણામે વિધિના સ્વાતંત્ર્યની હાનિ થાય છે. [પ્રત્યક્ષપ્રમાણ અનેકને વસ્તુ દર્શાવે છે, પરંતુ તે બધામાંથી જેને તે વસ્તુની ઇચ્છા હોય છે તે પ્રવૃત્તિ કરે છે. એ જ રીતે વિધિ અનેકને ફળ દર્શાવે છે, પરંતુ તે બધામાંથી જેને તે ફળની ઇચ્છા હોય છે તે પ્રવૃત્તિ કરે છે.] તેને (=વિધિ ફળ દર્શાવે તો તેની સ્વતંત્રતાની હાનિ થાય એમ કહેનારને) કહેવું જોઈએ કે ફળ ન હોતાં વિધિ વધુ અસ્વતંત્ર બની જાય, કારણ કે ફળરહિત ઠાલા અર્થનું મૂર્ખ માણસ પણ અનુસરણ નથી કરતો. કયો બુદ્ધિમાન માણસ ફળરહિત અર્થનું અનુષ્ઠાન કરે ?

298. ननु फलेऽपि दर्शिते केचित् तत्र न प्रवर्तन्ते एव । किं चातः ? कामं मा प्रवर्त्तिषत । न हि कारको विधिः, अपि तु ज्ञापक इत्युक्तम् । ननु फलमप्रदर्शयन्नपि ज्ञापयेत् । न ज्ञापयितुमुत्सहते, प्रेक्षावान् हि ज्ञाप्यते, न च फलं विनाऽसौ तथा ज्ञापितो भवति, इत्यलं बहुभाषितया ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

298. નિયોગવાક્યાર્થવાદી— વિધિએ ફળ દર્શાવ્યા છતાં કેટલાક તેમાં પ્રવૃત્ત થતા જ નથી.

ફળપ્રવર્તકત્વવાદી— તેથી શું ? ભલે ન પ્રવર્તો, કારણ કે વિધિ કારક નથી પણ જ્ઞાપક છે એમ અમે કહ્યું જ છે.

નિયોગવાક્યાર્થવાદી— ફળ દર્શાવ્યા વિના પણ વિધિ જ્ઞાન કરાવે.

ફળપ્રવર્તકત્વવાદી— ના, ફળને દર્શાવ્યા વિના વિધિ જ્ઞાન કરાવવા ઉત્સાહિત થતો નથી બુદ્ધિમાનને જ વિધિ જ્ઞાન કરાવે છે અને ફળ વિના બુદ્ધિમાન તથા (=તે પ્રકારે) વિધિ દ્વારા જ્ઞાન પામતો નથી. વધુ ચર્ચા કરવાનું પ્રયોજન નથી.

299. फलस्यैवेष्यमाणस्य पश्यन् प्रेरकतामतः ।
यमर्थमधिकृत्येति सूत्रं व्यधित सूत्रकृत् ॥

तस्मात् पुंसः प्रवृत्तौ प्रभवति न विधिर्नापि शब्दो लिङ्गादि-
र्व्यापारोऽप्येतदीयो न हि पटुरभिधाभावनानामधेयः ।
न श्रेयस्साधनत्वं विधिविषयगतं नापि रागादिरेवं
तेनाख्यत् काम्यमानं फलममलमतिः प्रेरकं सूत्रकारः ॥

299. ઇચ્છવામાં આવતું ફળ [અમુક કર્મમાંથી નિષ્પન્ન થાય છે એમ] દેખવામાં આવતાં જ તે ફળ [તે કર્મ કરવામાં પુરુષને] પ્રેરક બને છે. એટલે જ સૂત્રકાર ગૌતમે 'यमर्थमधिकृत्य पुरुषः प्रवर्तते तत् प्रयोजनम्'— 'જે અર્થને માટે પુરુષ પ્રવૃત્તિ કરે છે તે પ્રયોજન છે' એવું સૂત્ર રચ્યું છે. તેથી પુરુષને પ્રવૃત્તિ કરાવવામાં ન તો વિધિ સમર્થ છે કે ન તો લિઙ્ આદિ શબ્દ કે ન તો લિઙ્ આદિ શબ્દનો વ્યાપાર જેનું નામ અભિધાભાવના છે. વિધિના વિષયનું (=કર્મનું) શ્રેયસ્સાધનપણું પણ પ્રવૃત્તિ કરાવવામાં શક્તિમાન નથી, તેમ જ રાગ આદિ પણ એ જ પ્રકારે પ્રવૃત્તિ કરાવવામાં શક્તિમાન નથી. એટલે વિશુદ્ધ બુદ્ધિવાળા સૂત્રકાર ગૌતમે કામ્યમાન ફળને જ પ્રેરક કહ્યું છે.

300. आह—

परपक्षान् प्रतिक्षिप्य प्रेरकं कथितं फलम् ।
एवं परमतद्विष्टैर्वाक्यार्थः स्वयमुच्यताम् ॥

उच्यते । 'यमर्थमधिकृत्य पुरुषः प्रवर्तते तत् प्रयोजनम्'[न्या० सू० १.१.२४] इति वदता सूत्रकृता फलं प्रवर्तकमिति प्रदर्शितम् । 'प्रमाणेनार्थं खलु ज्ञाताऽर्थ-मुपलभ्य तमीप्सति जिहासति वा । तस्येप्साजिहासाप्रयुक्तस्य समीहा प्रवृत्तिरुच्यते । सामर्थ्यं पुनरस्याः फलेनाभिसम्बन्धः' [न्या० भा०] इति च ब्रुवाणो भाष्यकारोऽपि

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

फलेप्सां प्रवर्तिकां प्रादीदृशदिति तदीयां सरणिमनुसरद्भिरस्माभिरपि तथैव तत् कथितम् ।

300. શંકાકાર— પરપક્ષનો દ્વેષ કરનાર તમે નૈયાયિકોએ આ પ્રમાણે બીજાઓના પક્ષોનું ખંડન કરી ફળ પ્રેરક છે એમ કહ્યું હવે તમે પોતે જ વાક્યાર્થને જણાવો.

નૈયાયિક– અમે જણાવીએ છીએ. 'જે અર્થ માટે પુરુષ પ્રવૃત્તિ કરે છે તે પ્રયોજન છે' એમ કહેતાં સૂત્રકાર ગૌતમે ફળ પ્રવર્તક છે એમ દર્શાવી દીધું. 'આ જ્ઞાતા પ્રમાણ દ્વારા અર્થને જાણી તે અર્થને મેળવવા ઇચ્છે છે કે ત્યજવા ઇચ્છે છે અર્થને મેળવવાની કે તજવાની ઇચ્છાવાળા તે પુરુષનો પ્રયત્ન પ્રવૃત્તિ કહેવાય છે. પ્રવૃત્તિનું સામર્થ્ય (=સાફલ્ય) એ તેનો ફળ સાથે સંબંધ થવો એ છે'— આ પ્રમાણે બોલતા ભાષ્યકાર વાત્સ્યાયને પણ ફળની ઇચ્છાને પ્રવર્તક તરીકે દર્શાવેલ છે. તેમની વિચારસરણીને અનુસરતા અમે પણ તેમ જ કહ્યું છે.

301. वाक्यार्थस्तु न क्वचिदपि सूत्रकारभाष्यकाराभ्यां सूचित इति । अतः शिक्षित्वा वाक्यार्थस्वरूपं वयमाचक्ष्महे । किमिति ताभ्यामसौ न सूचितः इति चेत् पृथक्प्रस्थाना इमा विद्याः । प्रमाणविद्या चेयमान्वीक्षिकी, न वाक्यार्थविद्येति ।

301. સૂત્રકાર અને ભાષ્યકાર બંનેએ ક્યારેય વાક્યાર્થને સૂચવ્યો નથી, એટલે અભ્યાસ કરીને વાક્યાર્થનું સ્વરૂપ અમે જણાવીએ છીએ.

શંકાકાર— શા માટે તેમણે એ વાક્યાર્થને સૂચવ્યો નથી ?

નૈયાયિક— આ [ચૌદ] વિદ્યાઓનો વિષય જુદો જુદો છે. આન્વીક્ષિકી પ્રમાણવિદ્યા છે, વાક્યાર્થ વિદ્યા નથી.

302. यद्येवं पदार्थोऽपि कस्मादिह दर्शितः 'व्यक्त्याकृतिजातयस्तु पदार्थः' इति [न्यायसूत्र २. २. ६५] । स्थाने प्रश्नः । स तु शब्दानामर्थासंस्पर्शितां वदन्तं रुदन्तं च शमयितुं शब्दप्रामाण्यसिद्धये सूत्रकृता यत्नः कृतः ।

302. શંકાકાર– જો એમ હોય તો 'વ્યક્તિ, આકૃતિ અને જાતિ પદાર્થ (=પદનો અર્થ) છે' એમ કહી પદના અર્થને શા માટે અહીં (=આન્વીક્ષિકીમાં) દર્શાવ્યો છે ?

નૈયાયિક- તમારો પ્રશ્ન યોગ્ય છે. શબ્દોની અર્થાસંસ્પર્શિતાને જણાવતા અને પોકાર કરતા બૌદ્ધોને શાંત કરવા માટે અને શબ્દના પ્રામાણ્યને પુરવાર કરવા માટે સૂત્રકારે પ્રયત્ન કર્યો છે.

303. यद्येवं वाक्यार्थमपि बाह्यं वास्तवमन्तरेण शास्त्रस्य प्रमाणता न प्रतिष्ठां लभते इति तत्रापि प्रयत्नः कर्तव्य एव । सत्यम्, पदार्थप्रतिपादनयत्नेनैव तु कृतेन तत्र यत्नं कृतं मन्यते सूत्रकारः, यदयं पृथक्पदार्थेभ्यो न वाक्यार्थमुपदिशति स्म । तस्माद-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

यमस्याशयः — पदार्थ एव वाक्यार्थ इति । तत्किममुमेव पक्षमनुमोदामहे पदार्थ एव वाक्यार्थ इति । बाढं ब्रूमः । किन्तु नैकपदार्थो वाक्यार्थः, अनेकस्तु पदार्थो वाक्यार्थः ।

303. શંકાકાર — જો એમ હોય તો બાહ્ય વાસ્તવિક વાક્યાર્થ વિના પણ શાસ્ત્રની (=વેદની) પ્રમાણતા પ્રતિષ્ઠા ન પામે, એટલે વાક્યાર્થને જણાવવા માટે પણ સૂત્રકારે પ્રયત્ન કરવો જ જોઈએ.

નૈયાયિક- સાચું, પદાર્થનું પ્રતિપાદન કરવાનો યત્ન કરાતાં વાક્યાર્થનું પ્રતિપાદન કરવાનો યત્ન પણ થઈ જ ગયો છે એમ સૂત્રકાર માને છે, એ કારણે જ આ સૂત્રકારે પદાર્થોથી પૃથક્ વાક્યાર્થનો ઉપદેશ આપ્યો નથી. એટલે એમનો આશય એ છે કે પદાર્થ જ વાક્યાર્થ છે.

શંકાકાર— તો શું આપણે પદાર્થ જ વાક્યાર્થ છે એ પક્ષનું જ અનુમોદન કરીએ છીએ ?

નૈયાયિક— ચોક્કસપણે અમે હા કહીએ છીએ. પરંતુ એક પદાર્થ વાક્યાર્થ નથી, પણ અનેક પદાર્થો વાક્યાર્થ છે.

304. नन्वनेकोऽपि भवन् पदार्थ एवासौ, न च पदार्थो वाक्यार्थो भवितुमर्हति । सामान्ये हि पदं वर्तते, विशेषे वाक्यम् । अन्यच्च सामान्यम्, अन्यो विशेषः । अन्यत्राप्युक्तम् 'यदत्राधिक्यं स वाक्यार्थः' इति । तस्मादन्यः पदार्थः, अन्यश्च वाक्यार्थः ।

304. શંકાકાર— અનેક હોવા છતાં એ પદાર્થ જ છે અને પદાર્થ વાક્યાર્થ બનવાને લાયક નથી. પદ સામાન્યને જણાવે છે, વાક્ય વિશેષને જણાવે છે અને સામાન્ય જુદું છે અને વિશેષ જુદું છે. બીજે પણ કહેવામાં આવ્યું છે કે 'અહીં જે આધિક્ય છે તે વાક્યાર્થ છે.' તેથી પદાર્થ જુદો છે અને વાક્યાર્થ જુદો છે.

305. उच्यते । यदेतदुक्तमस्माभिः 'अनेकः पदार्थो वाक्यार्थो, न पुनरेकः' इति तन्न गृहीतमायुष्मता । एतदुक्तं भवति—परस्परसंसृष्टपदार्थसमुदायो वाक्यार्थ इति । संसर्ग एवाधिक इति यदत्राधिक्यमित्युच्यते । न चानाक्षिप्तविशेषत्वेन संसर्ग उपपद्यते इति विशेषो वाक्यार्थ इत्युच्यते ।

305. નૈયાયિક— અમે ઉત્તર આપીએ છીએ. અમે જે કહ્યું કે 'અનેક પદાર્થ વાક્યાર્થ છે, પણ એક પદાર્થ વાક્યાર્થ નથી' તેને આપ આયુષ્માન્ સમજ્યા નથી. એનાથી આ કહ્યું કહેવાય કે પરસ્પર સંસૃષ્ટ પદાર્થોનો સમુદાય વાક્યાર્થ છે.

સંસર્ગવાક્યાર્થવાદી— અહીં સંસર્ગસંબંધ જ અધિક છે એટલે 'જે અહીં આધિક્ય છે એ વાક્યાર્થ છે' એમ અમે કહીએ છીએ.

વિશેષવાક્યાર્થવાદી— વિશેષનો આક્ષેપ કર્યા વિના સંસર્ગસંબંધ ઘટતો નથી [કારણ કે સંસર્ગ વ્યક્તિવિશેષમાં રહે છે], એટલે વિશેષ વાક્યાર્થ છે એમ અમે કહીએ છીએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

306. संसर्गस्तु स्वरूपतो न वाक्यार्थः, अपदार्थत्वात्, 'गौः शुक्ल आनीयताम्' इति पदार्थग्रामे संसर्गवाचिनः पदस्याश्रवणात्, श्रवणेऽपि सुतरामनन्वयात् । 'गौः शुक्ल आनीयतां संसर्गः' इति कोऽस्यार्थः ? तस्मात् संसृष्टो वाक्यार्थो, न संसर्गः । तदुक्तम् 'व्यतिषक्ततोऽवगतेर्व्यतिषङ्गस्य' इति[बृहती१.१.७] । न च तन्तुभिरिव पटः, वीरणैरिव कटः तदतिरिक्तोऽवयविस्थानीयः पदार्थनिर्वर्त्यमानो वाक्यार्थ उपलभ्यते, जातिगुणक्रियावगमेऽपि अवयविबुद्धेरभावात् । न च पदार्थावयवी वाक्यार्थः । तेन पृथग् वाक्यार्थं नोपदिष्टवानाचार्यः ।

306. નૈયાયિક– પરંતુ સંસર્ગ સ્વરૂપતઃ વાકયાર્થ નથી, કારણ કે તે પદાર્થ નથી, બીજું 'શુકલ ગાય લાવ' આ પદસમૂહમાં સંસર્ગસંબંધનું વચક પદ સંભળાતું નથી અર્થાત્ એવું પદ છે નહિ, સંસર્ગસંબંધનું વાચક પદ સંભળાતું હોય તો પણ તે પદનો અત્યંત અનન્વય છે જેમ કે 'શુકલ ગાય લાવ સંસર્ગ' એનો શો અર્થ ? તેથી સંસૃષ્ટ પદાર્થો વાકયાર્થ છે, સંસર્ગ વાકયાર્થ નથી. એટલે જ કહ્યું છે કે 'સંબદ્ધ ઉપરથી સબંધનું જ્ઞાન થતું હોવાથી [સંબંધ વાકયાર્થ નથી.] [અર્થાત્ સંબદ્ધ પદાર્થો ઉપરથી સબંધનું જ્ઞાન અર્થાપત્તિથી–અન્યથાનુપપત્તિથી થાય છે, તેથી સંસર્ગસંબંધ પદાર્થ નથી કે વાકયાર્થ નથી— પદવાચ્ય નથી કે વાકયવાચ્ય નથી.] જેમ તંતુઓ વડે તંતુઓથી ભિન્ન પટ અને વીરણો વડે વીરણોથી ભિન્ન કટ ઉત્પન્ન થતો જણાય છે તેમ પદાર્થો વડે પદાર્થોથી ભિન્ન અવયવીસ્થાનીય વાકયાર્થ ઉત્પન્ન થતો જણાતો નથી કારણ કે જાતિ ગુણ, ક્રિયાનું જ્ઞાન થવા છતાં તે પદાર્થોના બનેલા અવયવીનું જ્ઞાન થતું નથી. અને પદાર્થોનો બનેલો અવયવી વાકયાર્થ નથી તેથી વાકયાર્થનો પૃથક્ ઉપદેશ (=પદાર્થના ઉપદેશથી જુદો વાકયાર્થનો ઉપદેશ) આચાર્ય ગૌતમે આપ્યો નથી.

307. ननु गुणप्रधानभावमन्तरेण न संसर्गोऽवकल्पते । न चैकस्मिन् वाक्ये बहूनि प्रधानानि भवन्ति । प्राधान्यमेव हि तथा सति न स्यात् । गुणास्तु बहवो भवन्ति । यदिदमनेकगुणोपरक्तमेकं किञ्चित् प्रधानं स वाक्यार्थ इति तद्विषयेयमेकस्वभावा बुद्धिः । सत्यम्, तथाऽपि त एव संसृष्टाः पदार्था अवभासन्ते, न तदारब्धः कश्चिदेकः । संसर्गसिद्धिकृतस्तु गुणप्रधानभावोऽभ्युपेयते । स च गुणप्रधानभावो न नियतः, येनैकमेवेदं प्रधानमिति व्यवस्थाप्येत । क्वचित् क्रिया प्रधानं, कारकः गुणः; व्रीहिभिर्यजेतेति । क्वचित् कारकः प्रधानं, क्रिया गुणः, द्रव्यस्य चिकीर्षितत्वेनावगमात्, व्रीहीन् प्रोक्षतीति ।

सिद्धतन्त्रं क्वचित् साध्यं तत्तन्त्रमितरत् क्वचित् ।
शब्दप्रयोगतात्पर्यपर्यालोचनया भवेत् ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तस्माद् गुणप्रधानभावानियमादन्योन्यसंसृष्टः पदार्थसमुदायो वाक्यार्थ इति एतावदेव श्रेयः । संसर्गावगमे च सर्ववादिनामविवादः ।

वाक्यार्थं मन्वते येऽपि नियोगं भावनां क्रियाम् ।
तैरप्यन्योन्यसंसृष्टः पदार्थग्राम इष्यते ॥

307. શંકાકાર— ગૌણપ્રધાનભાવ વિના સંસર્ગસંબંધ ઘટતો નથી. અને એક વાક્યમાં બહુ પદાર્થો પ્રધાન હોતા નથી, જો બહુ પદાર્થો પ્રધાન હોય તો પ્રાધાન્ય જ ન બને. ગૌણ પદાર્થો બહુ હોય છે. અનેક ગૌણ પદાર્થોથી ઉપરક્ત (=વિશેષિત) જે કોઈ એક પ્રધાન પદાર્થ હોય છે તે વાક્યાર્થ છે, એટલે તેને વિષય કરનારી આ બુદ્ધિ એકસ્વભાવવાળી છે.

નૈયાયિક— સાચું, તેમ છતાં તે સંસૃષ્ટ પદાર્થો જ્ઞાનમાં ભાસે છે, તે પદાર્થોથી ઉત્પન્ન થયેલો કોઈ એક અવયવીરૂપ વાક્યાર્થ જ્ઞાનમાં ભાસતો નથી. પદાર્થો વચ્ચેના સંસર્ગસંબંધની સિદ્ધિમાંથી નિષ્પન્ન થતો પદાર્થોનો ગુણપ્રધાનભાવ અમે સ્વીકારીએ છીએ. તે ગુણપ્રધાનભાવ નિયત નથી કે જેથી આ એક જ પદાર્થ પ્રધાન છે એમ સ્થાપના કરાય. કેટલીક વાર ક્રિયા પ્રધાન છે અને કારક ગૌણ છે, જેમકે 'વ્રીહિ વડે યજ્ઞ કરે', જ્યારે કેટલીક વાર કારક પ્રધાન છે અને ક્રિયા ગૌણ છે, કારણ કે ત્યાં ક્રિયા દ્રવ્યના સંસ્કારક તરીકે જ્ઞાત થાય છે, જેમકે 'વ્રીહિને તે છાંટે છે'. કેટલીક વાર ક્રિયા (=સાધ્ય) કારકને (=સિદ્ધને) અધીન હોય છે જ્યારે કેટલીક વાર કારક (=સિદ્ધ) ક્રિયાને (=સાધ્યને) અધીન હોય છે. શબ્દપ્રયોગના તાત્પર્યની પર્યાલોચના દ્વારા આનો નિર્ણય થાય. તેથી, ગુણપ્રધાનભાવ અનિયત હોઈ અન્યોન્ય સંસૃષ્ટ પદાર્થોનો સમુદાય વાક્યાર્થ છે એટલું જ માનવું સારું છે. સંસર્ગનું જ્ઞાન થાય છે એ બાબતે સર્વ વાદીઓ સંમત છે. જેઓ નિયોગને, ભાવનાને કે ક્રિયાને વાક્યાર્થ માને છે તેઓ પણ અન્યોન્ય સંસૃષ્ટ પદાર્થોના સમુદાયને તો ઇચ્છે છે.

308. ननु संसर्गवदन्यव्यवच्छेदोऽपि गम्यते, 'गौः शुक्ल आनीयताम्' इति श्रुते कृष्णाश्वादिव्यवच्छेदप्रतीतिदर्शनात् । सत्यम्, संसर्गपूर्वकस्तु व्यवच्छेदः । शुक्लगुणसंसृष्टो हि गौः कृष्णादिभ्यो व्यवच्छिद्यते । अन्यापोहस्तु न पदार्थ इत्युक्तम् । तस्मान्न भेदो वाक्यार्थः ।

308. શંકાકાર— સંસર્ગની જેમ અન્યવ્યવચ્છેદ (=ભેદ) પણ જ્ઞાત થાય છે, કારણ કે 'શુક્લ ગાય લાવ' એમ સાંભળતાં કૃષ્ણ, અશ્વ વગેરેના વ્યવચ્છેદની પ્રતીતિ થતી દેખાય છે.

નૈયાયિક– સાચું, પરંતુ વ્યવચ્છેદ પહેલાં સંસર્ગ થાય છે. શુકલ ગુણથી સંસૃષ્ટ ગાય કૃષ્ણ વગેરેથી વ્યાવૃત્ત (=વ્યવચ્છિન્ન) થાય છે. અન્યાપોહ (=અન્યવ્યાવૃત્તિ) એ પદાર્થ (=શબ્દાર્થ) નથી એ અમે કહ્યું છે. તેથી અન્યવ્યવચ્છેદ (=અન્યાપોહ=ભેદ) વાક્યાર્થ નથી.

309. ननु संसर्गोऽपि न शब्दार्थः । सत्यम्, स हि शब्दस्याभिधेयो न भवति, न तु ततो न प्रतीयते । अनभिधेयः कथं प्रतीयते इति चेत्, एतदग्रे

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

निर्णेष्यते । व्यवच्छेदे तु न सा गतिः । तस्मात् संसृष्टाः पदार्था वाक्यार्थ इति स्थितम् ।

309. શંકાકાર- સંસર્ગ પણ શબ્દાર્થ નથી.

નૈયાયિક સાચું, સંસર્ગ શબ્દનો વાચ્ય નથી બનતો પરંતુ તેની પ્રતીતિ નથી થતી એમ નહિ.

શંકાકાર- જે શબ્દવાચ્ય નથી તેની પ્રતીતિ કેવી રીતે થાય ?

નૈયાયિક- તેનો નિર્ણય આગળ ઉપર કરીશું. પરંતુ વ્યવચ્છેદની બાબતમાં જુદી પરિસ્થિતિ છે. [અર્થાત્ વ્યવચ્છેદ શબ્દનો વાચ્ય નથી એટલું જ નહિ પણ તેની પ્રતીતિ પણ થતી નથી ]તેથી, સંસૃષ્ટ પદાર્થો વાકયાર્થ છે એ સ્થિર થયું.

310. अथ वा गुणीभूतेतरपदार्थानुगृहीत एक एव प्रधानभूतः पदार्थो वाक्यार्थ इत्येकाकारप्रतीतिबलादुपेयताम् । एकस्त्वयमसावर्थ इति न निर्णेतुं शक्यते । यदि त्ववश्यमेकस्य कस्यचिदभिषेककलशो दातव्यः तत् फलस्यैव दीयताम् । न हि निष्प्रयोजनम् किञ्चिद्वाक्यमुच्चार्यते ।

क्वचित् साक्षात् पदोपात्तं क्वचित् प्रकरणागतम् ।
क्वचिदालोचनालभ्यं फलं सर्वत्र गम्यते ।।

सकलेन च कारककलापेन क्रिया निर्वर्त्यते, क्रियया च फलम् । न तु फलेनान्यत् किमपि निर्वर्त्यते इति प्रधानत्वात् फलमेव वाक्यार्थः ।

310. શંકાકાર અથવા ગૌણ બની ગયેલા બાકીના બધા પદાર્થોથી અનુગૃહીત (=ઉપકૃત) બનેલો એક જ પ્રધાનભૂત પદાર્થ વાકયાર્થ છે એમ એક આકારવાળી પ્રતીતિના બળે સ્વીકારો.

નૈયાયિક—પરંતુ એક પ્રધાનભૂત અર્થ આ છે એ નિર્ણય કરવો શકય નથી. તેમ છતાં જો કોઈ એક ઉપર અભિષેકનો કળશ ઢોળવો હોય તો તે કળશ ફળ ઉપર જ ઢોળવો જોઈએ. કોઈ પણ વાકય નિષ્પ્રયોજન બોલાતું નથી. ફળ કેટલીક વાર સાક્ષાત્ પદ દ્વારા જ્ઞાત થાય છે, કેટલીક વાર પ્રકરણ ઉપરથી ફલિત થાય છે, કેટલીક વાર વિધિસ્વરૂપની પર્યાલોચના દ્વારા જ્ઞાત થાય છે, ફળ સર્વત્ર જ્ઞાત થાય છે. સકલ કારકસમૂહ વડે ક્રિયા ઉત્પન્ન થાય છે, ક્રિયાથી ફળ ઉત્પન્ન થાય છે, પરંતુ ફળથી પછી બીજું કંઈ ઉત્પન્ન થતું નથી, એટલે પ્રધાન હોવાથી ફળ જ વાકયાર્થ છે.

311. ननु फलमपि पुरुषार्थमिति पुरुषः प्रधानं स्यात् । नैतदेवम्, फलं सुखात्मकत्वात् पुरुषाश्रितं भवति, सुखादीनामात्मगुणत्वात् । न चेतावता पुरुषः प्रधानम् । सोऽपि हि फलार्थमेव यतते । भावना तावत् फलनिष्ठ एव व्यापारः । नियोगस्यापि फलं विना न प्रवर्तकत्वमित्युक्तम् । क्रियाया अपि केवलाया वाक्यार्थत्वमपास्तम् ।

तस्मात् फलस्य साध्यत्वात् सर्वत्र तदवर्जनात् ।
क्रियादीनां च तादर्थ्यात् तस्य वाक्यार्थतेष्यते ।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

311. શંકાકાર– ફળ પણ પુરુષ માટે છે એટલે પુરુષ પ્રધાન બને.

નૈયાયિક- એમ નથી, ફળ સુખાત્મક હોઈ પુરુષરૂપ આશ્રયમાં હોય છે, કારણ કે સુખ વગેરે આત્માના ગુણો છે. એટલામાત્રથી પુરુષ પ્રધાન નથી. પુરુષ પોતે પણ ફળ માટે જ પ્રયત્ન કરે છે. ભાવના એ ફલનિષ્ઠ જ [પુરુષનો પ્રવૃત્તિરૂપ] વ્યાપાર છે. ફળ વિના નિયોગનું પણ પ્રવર્તકત્વ નથી એ અમે જણાવી ગયા છીએ. કેવળ ક્રિયાનું વાક્યાર્થ હોવાપણું અમે નિરસ્ત કર્યું છે. તેથી, ફળ સાધ્ય હોવાથી, તેનો સર્વત્ર અત્યાગ હોવાથી અને ક્રિયા વગેરે તેને માટે હોવાથી, ફળને વાક્યાર્થ તરીકે અમે ઇચ્છીએ છીએ.

312. ननु फलस्य स्वर्गादेः निसर्गतः सिद्धरूपत्वात् कारकैः सह सम्बन्धो न प्राप्नोति । सिद्धस्य च कः संबन्धः ? क्रियागर्भ इति चेत् तर्हि फलमपि कारकाण्यपि क्रियया सम्बध्यन्ते, को विशेषः ? सत्यम्, परं तु कारकाणि साधनत्वेन, फलं तु साध्यत्वेन । क्रियया हि फलं साध्यते, न फलेन क्रियेत्यतः फलस्यैव प्राधान्यमिति सिद्धम् ।

312. શંકાકાર સ્વર્ગ વગેરે ફળ સ્વાભાવિકપણે સિદ્ધરૂપ હોઈ કારકો સાથે ફળ સંબંધ પામતું નથી. સિદ્ધને કયો સંબંધ હોય ? જો કહો કે ક્રિયાગર્ભ (=ક્રિયા પર આધારિત) સંબંધ, તો ફળ પણ અને કારકો પણ ક્રિયા સાથે સંબંધ ધરાવે છે, તો પછી ફળના ક્રિયા સાથેના સંબંધ અને કારકોના ક્રિયા સાથેના સંબંધ વચ્ચે શો ફરક ?

નૈયાયિક - તમારી વાત સાચી, પરંતુ કારકો સાધનરૂપે અને ફળ સાધ્યરૂપે ક્રિયા સાથે સંબંધ ધરાવે છે. ક્રિયા વડે ફળ સાધ્ય બને છે, ફળ વડે ક્રિયા સાધ્ય બનતી નથી, એટલે ફળનું જ પ્રાધાન્ય છે એ સિદ્ધ થયું.

313. अन्योन्यसंगतिविशेषित एव यस्मा-
द्वाक्यार्थभावमुपयाति पदार्थपुञ्जः ।
एतच्च चेतसि निधाय ततो न भिन्नं
वाक्यार्थमभ्यधित कञ्चन सूत्रकारः ।।
प्राधान्ययोगादथ वा फलस्य
वाक्यार्थता तत्र सतां हि यत्नः ।
प्रयोजनं सूत्रकृता तदेव
प्रवर्तकत्वेन किलोपदिष्टम् ।।

313. અન્યોન્ય સંસર્ગ સંબંધથી વિશેષિત પદાર્થોનો સમુદાય જ વાક્યાર્થપણું પામે છે. આ વસ્તુ મનમાં ધારીને પદાર્થથી પૃથક્ કોઈ વાક્યાર્થ સૂત્રકાર ગૌતમે કહ્યો નથી. અથવા, ફળનું પ્રાધાન્ય હોવાથી ફળ વાક્યાર્થ છે, ફળને માટે જ સજ્જનો પ્રયત્ન કરે છે. ફળ એ જ પ્રયોજન છે. સૂત્રકાર ગૌતમે પ્રયોજન પ્રવર્તક છે એમ ઉપદેશ આપ્યો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

314. अपरे पुनर्लिङ्गादिशब्दश्रवणे सति समुपजायमानमात्मस्पन्दविशेषमुद्योगं नाम वाक्यार्थमाचक्षते । तत्स्वरूपं तु वयं न जानीमः, कोऽयमात्मस्पन्दो नामेति ? बुद्धिसुखदुःखेच्छाद्वेषप्रयत्नधर्माधर्मसंस्कारा हि नव आत्मनो गुणा विशेषगुणा भवन्ति, नान्ये । तत्रायमात्मस्पन्दो बुद्धिर्वा स्यात् प्रयत्नो वा इच्छाद्वेषयोरन्यतरो वा ? अन्ये तु विकल्पयितुमपि न युक्ताः । तत्र यदि बुद्धिरात्मस्पन्द उच्यते, तर्हि प्रतिभा वाक्यार्थ इत्युक्तं भवति, न नूतनं किञ्चिदुत्प्रेक्षितमेतत् । अथ प्रयत्न आत्मस्पन्दः, तर्हि भावनाया नामान्तरकरणमुद्योग इति । अथेच्छाद्वेषयोरन्यतरोऽसौ, तर्हि सुखेच्छा दुःखजिहासा वा वाक्यार्थ इत्यक्षपादपक्ष एवायं, नापूर्वं किञ्चित् । अथापि भाट्टपरिकल्पितो व्यापार आत्मस्पन्दः, सोऽपि भावनैव, नार्थान्तरम् । अथानुष्ठेयः प्रेरकः कश्चिदर्थ उद्योगः, स तर्हि नियोग एव, उपसर्गान्यत्वमिदं, न वस्तु अन्यत् ।

तस्मादश्रुतपूर्वेण कृतमुद्योगपर्वणा ।
स भारतमनुष्याणां गोचरो न तु मादृशाम् ।।

314. વળી બીજાઓ લિઙ્ આદિ સાંભળતાં ઉત્પન્ન થતો ઉદ્યોગ નામનો આત્માનો વિશેષ પ્રકારનો પરિસ્પંદ વાક્યાર્થ છે એમ કહે છે. તે આત્મપરિસ્પંદનું સ્વરૂપ અમે જાણતા નથી, આ આત્મપરિસ્પંદ શું છે ? બુદ્ધિ, સુખ, દુઃખ, ઇચ્છા, દ્વેષ, પ્રયત્ન, ધર્મ, અધર્મ અને સંસ્કાર એ નવ આત્માના ગુણો આત્માના વિશેષ ગુણો છે, બીજા કોઈ વિશેષ ગુણો આત્માના નથી. તે નવ વિશેષ ગુણોમાં શું બુદ્ધિ આ આત્મપરિસ્પંદ છે કે પ્રયત્ન આત્મપરિસ્પંદ છે કે ઇચ્છા-દ્વેષ બેમાંથી કોઈ એક આત્મપરિસ્પંદ છે ? બાકીના ગુણોની બાબતમાં તો આત્મપરિસ્પંદ હોવાનો વિકલ્પ ઊઠાવવો પણ યોગ્ય નથી. ત્યાં જો બુદ્ધિને આત્મપરિસ્પંદ કહેવામાં આવે તો પ્રતિભા વાક્યાર્થ છે એમ કહ્યું કહેવાય. આમ આ કોઈ નવા પક્ષની કલ્પના નથી. હવે જો પ્રયત્નને આત્મપરિસ્પંદ માનવામાં આવે તો ભાવનાને નવું નામ 'ઉદ્યોગ' આપવામાં આવ્યું એમ જ થશે. જો ઇચ્છા-દ્વેષમાંથી કોઈ એકને આત્મપરિસ્પંદ ગણવામાં આવે તો સુખની ઇચ્છા કે દુઃખને છોડવાની ઇચ્છા વાક્યાર્થ છે એ અક્ષપાદ ગૌતમનો પક્ષ જ આ બની જશે, કોઈ અપૂર્વ પક્ષ નહિ રહે. જો ભાટ્ટોએ માનેલો વ્યાપાર આત્મપરિસ્પંદ હોય તો તે આત્મપરિસ્પંદ પણ ભાવના જ બને, અન્ય કંઈ નહિ. જો અનુષ્ઠેય અને પ્રેરક એવો કોઈ અર્થ ઉદ્યોગ હોય તો તે નિયોગ જ હોય, ઉદ્યોગ અને નિયોગ વચ્ચે કેવળ ઉપસર્ગોનું ('ઉત્' અને 'નિ'નું) જુદાપણું છે, વસ્તુનું જુદાપણું નથી. તેથી કદી પહેલાં ન સાંભળેલી ઉદ્યોગની ચર્ચાથી સર્યું, તે ઉદ્યોગ [મિથ્યા] છાયામાં રત મનુષ્યોને ગોચર છે, મારા જેવાને ગોચર નથી.

315. अन्यैस्तु प्रतिभा वाक्यार्थ इष्यते । तत्पक्षस्तु संसर्गनिर्भासज्ञाननिराकरणेन प्रागेव प्रतिक्षिप्तः ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प्रतिभा खलु विज्ञानं तच्च शब्देन जन्यते ।
न तु शब्दस्य विषयो रूपधीरिव चक्षुषः ॥

बाह्यस्य विषयस्याभावात् सैव विषय इति चेत्, न, तस्य समर्थितत्वात् । योऽपि 'व्याघ्र आयातः' इत्युक्ते शूरकातरनराधिकरणनानाप्रकारकार्योत्पादः, स बाह्येऽर्थे व्याघ्रागमनादौ प्रतिपन्ने वासनानुसारेण भवन् न प्रतिभामात्रहेतुको भवति । तस्य हि ज्ञायमानोऽर्थः कारणं, न तज्ज्ञानमात्रम् । अर्थस्तदानीं नास्तीति चेत्, विप्रलम्भकवाक्यमिदम् असत्यार्थं भविष्यति, न त्वबाह्यविषयम् तत् । यथाऽवहिते वनितात्मनि बाह्येऽर्थे वासनानुसारेण कुणप इति कामिनीति भक्ष्यमिति प्रतिभा भवन्ति, तथा शब्दार्थेऽपि व्याघ्रागमनेऽवगते शूराणामुत्साहः कातराणां भयमित्यादि कार्यं भवति । न त्वेतावता प्रतिभा शब्दार्थो भवितुमर्हति । तस्मात् वाक्यप्रयोजनत्वेन वा यदि प्रतिभा वाक्यार्थः कथ्यते, कथ्यतां नाम, न त्वसौ शब्दस्याभिधेया । अनभिधेयाऽपि संसर्गवद्वाक्यार्थ इति चेत्, तत्राप्युक्तम् संसृष्टा अर्था वाक्यार्थः, न संसर्गः, एवमिहापि प्रतिभान्तोऽर्थाः वाक्यार्थः, न प्रतिभेति । शब्दस्य च प्रत्यक्षवत् वर्तमानार्थनिष्ठत्वाभावाद् अनागताद्यर्थाभिधायिनोऽर्थासन्निधानेन प्रतिभापरत्वम् यदुच्यते तदप्ययुक्तम्, अनागतादिविषयत्वेऽपि तस्यार्थविषयत्वं प्रसाधितमिति कृतं विस्तरेण ।

315. બીજાઓ પ્રતિભાને વાક્યાર્થ તરીકે ઇચ્છે છે. સંસર્ગસંબંધનું જ્ઞાન વાક્યાર્થ છે એવા પક્ષના નિરાકરણ દ્વારા આ પક્ષ પહેલેથી જ નિરસ્ત થઈ ગયો છે. પ્રતિભા વિજ્ઞાન છે. તે પ્રતિભારૂપ વિજ્ઞાન શબ્દથી ઉત્પન્ન થાય છે પણ શબ્દનો વિષય નથી — જેમ રૂપજ્ઞાન ચક્ષુથી ઉત્પન્ન થાય છે પણ ચક્ષુનો વિષય નથી તેમ. બાહ્ય વિષયનો અભાવ હોવાથી વિજ્ઞાન જ શબ્દનો વિષય છે એમ જો કહો તો અમે કહીશું કે ના, તે બરાબર નથી, કારણ કે બાહ્ય વિષયનું અમે સમર્થન કર્યું છે. 'વાઘ આવ્યો' એમ કહેવામાં આવતાં તે સાંભળનાર શૂર, કાયર નરોમાં જે જુદા જુદા પ્રકારનાં કાર્યો પેદા થાય છે તે કાર્યો વાઘ-આગમન આદિ બાહ્ય અર્થ જ્ઞાત થયા પછી વાસના અનુસાર પેદા થાય છે, એટલે એ કાર્યોની ઉત્પત્તિનું કારણ પ્રતિભામાત્ર (=વિજ્ઞાનમાત્ર) નથી. તે કાર્યોની ઉત્પત્તિનું કારણ તો જ્ઞાત થતો અર્થ છે અને નહિ કે તે અર્થનું જ્ઞાનમાત્ર. [જ્યારે કહેવામાં આવે છે કે 'વાઘ આવ્યો' ત્યારે] વાઘઆગમનરૂપ બાહ્ય અર્થ જો ન હોય તો છેતરનાર માણસના આ વાક્યનો અર્થ અસત્ય છે, પરંતુ તે વાક્યનો બાહ્ય વિષય નથી એમ નહિ. જેમ વનિતારૂપ બાહ્ય અર્થનું જ્ઞાન થતાં વાસના અનુસારે 'આ અસ્પૃશ્ય શરીર છે' 'આ ભોગનો વિષય છે', 'આ ભક્ષ્ય છે' એવાં જ્ઞાનો (=પ્રતિભાઓ) જન્મે છે તેમ શબ્દાર્થરૂપ વાઘઆગમન જ્ઞાત થતાં શૂરને ઉત્સાહ કાયરને ભય વગેરે કાર્યો ઉત્પન્ન થાય છે. પરંતુ એટલામાત્રથી પ્રતિભા શબ્દાર્થ (=વાક્યાર્થ) બનવા યોગ્ય નથી. તેથી, વાક્યના પ્રયોજનરૂપે જો પ્રતિભાને વાક્યાર્થ કહેતા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હો તો કહો, પરંતુ તે શબ્દની અભિધેય નથી— વાક્યની વાચ્ય નથી. અભિધેય ન હોવા છતાં સંસર્ગની જેમ તે વાક્યાર્થ છે એમ જો કહો તો જેમ ત્યાં પણ અમે કહ્યું છે કે સંસૃષ્ટ પદાર્થો વાક્યાર્થ છે, સંસર્ગ વાક્યાર્થ નથી તેમ અહીં પણ અમે કહીએ છીએ કે પ્રતિભાનો (=વાક્યાર્થજ્ઞાનનો) વિષય બનેલા અર્થો વાક્યાર્થ છે, પ્રતિભા (=વાક્યાર્થજ્ઞાન) વાક્યાર્થ નથી. જેમ પ્રત્યક્ષ વર્તમાન અર્થને વિષય કરે છે તેમ શબ્દ વર્તમાન અર્થને વિષય કરતો ન હોઈ, અનાગત વગેરે અર્થનું અભિધાન કરતા શબ્દનું અર્થના અસન્નિધાનને કારણે પ્રતિભાપરત્વ-પ્રતિભાવિષયકત્વ જે કહેવાયું છે તે પણ બરાબર નથી. શબ્દનો વિષય અનાગત વગેરે હોવા છતાં શબ્દનો વિષય અર્થ જ છે, [વિજ્ઞાન અર્થાત્ પ્રતિભા નથી], એ અમે પુરવાર કર્યું છે, એટલે વધુ વિસ્તાર કરવાની જરૂર નથી.

316. वाक्यार्थः परमार्थ एव तदयं नो कल्पनानिर्मितः
तद्वानप्युदितः पदस्य विषयस्तेनार्थसंस्पर्शिता ।
अप्रामाण्यमतश्च बाह्यविषयाभावेन यद्वर्ण्यते
तच्छब्दस्य निरस्तमित्यकलुषं प्रामाण्यमस्य स्थितम् ।।

## इति न्यायमञ्जर्यां पञ्चममाह्निकम् ।।

316. વાક્યાર્થ પરમાર્થ જ છે (=બાહ્ય અસ્તિત્વ ધરાવતો વાસ્તવિક જ છે). તેથી આ વાક્યાર્થ કલ્પનાની નીપજ નથી. પદનો વિષય તદ્વાન્ (=જાતિમત્) છે એ અમે સિદ્ધ કર્યું છે. તેથી શબ્દ બાહ્ય અર્થોને સ્પર્શે છે એ સિદ્ધ થાય છે. બાહ્ય વિષયના અભાવને કારણે શબ્દનું જે અપ્રામાણ્ય બૌદ્ધો વર્ણવે છે તેનો અમે નિરાસ કર્યો છે. આમ શબ્દનું અકલુષિત પ્રામાણ્ય સ્થિર થયું છે.

**જયંત ભટ્ટ કૃત ન્યાયમંજરીનું પાંચમું આહ્નિક સમાપ્ત**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org